BAOU
Education for all


# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - ઈતિહાસ

# HISM - 308
# HISMJ-303
# ગુજરાતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૬૦ સુધી )



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ  લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદન**


| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સહ સંપાદક**

| | |
|---|---|
| *ડૉ.મુકેશ આહિર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ* |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| *ડૉ. જગદીશ ચૌધરી* | *પ્રિન્સીપાલ, એસ.વી. કોલેજ , અમદાવાદ* |
| *ડૉ.વિશાલ જોશી* | *અધ્યક્ષ અને એસો. પ્રોફેસર ,ઈતિહાસ વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ* |
| *ડૉ. પ્રદ્યુમન ખાચર* | *અસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,મહિલા કોલેજ, જૂનાગઢ.* |

**લેખન**

| | |
|---|---|
| *ડૉ. સુરેશ પટેલ* | *અસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, શેઠ પી.ટી. આર્ટ્સ અને કોમર્સ કોલેજ , ગોધરા* |
| *ડૉ. અશોક વાઘેલા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ, સરકારી કોલેજ , થરાદ* |
| *ડૉ. મોતિભાઈ દેવું* | *આસિસ્ટન્ટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા* |
| *ડૉ. તરલીકા ગુર્જર* | *અસોસિએટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ , એસ.આર.મહેતા આર્ટ્સ કોલેજ, આશ્રમ રોડ અમદાવાદ.* |
| *ડૉ. ભાવિન પરમાર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કોલેજ ( સાંજની) ,અમદાવાદ .* |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| *પ્રિ.ઘનશ્યામ ગઢવી* | *નિવૃત્ત પ્રિન્સિપિપાલ, શ્રી સાર્વજનિક મહિલા કૉલેજ, મહેસાણા.* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**સંવર્ધિત આવૃત્તિ : 2025**

**ISBN : 978-93-5598-309-1**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. /બી.એ. ઓનર્સ-ઈતિહાસ

**HISM-308**

**HISMJ-303**

## ગુજરાતનો ઈતિહાસ

(ઈ.સ.૧૮૧૮ થી ૧૯૬૦ સુધી)


**એકમ : 1** **01**
ગુજરાતનો ઈતિહાસ જાણવા માટેની સાધન સામગ્રી

**એકમ : 2** **27**
અંગ્રેજોના ગુજરાત સાથેના પૂર્વ સંપર્કો અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન

**એકમ : 3** **44**
ગુજરાતમાં ૧૮૫૭નો સંગ્રામ

**એકમ : 4** **64**
ગુજરાતના બ્રિટિશ મુલકોનો રાજકીય ઇતિહાસ (ઈ.સ. ૧૮૫૮ થી ૧૯૪૭)

**એકમ : 5** **101**
ઈ.સ. 1818 થી 1914 દરમિયાન ગુજરાતની સમકાલીન રિયાસતો

**એકમ : 6** **139**
દેશી રાજ્યોનો ઈતિહાસ (ઈ.સ. 1914 થી 1947વડોદરા અને ગોંડલના સંદર્ભમાં)

**એકમ : 7** **167**
આઝાદી પછીનો રાજકીય ઈતિહાસ (ઈ.સ. 1947 થી 1960)

એકમ : 8 193
રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય

એકમ : 9 213
ગુજરાતમાં સ્વતંત્રતા આંદોલન ઈ.સ.1857 થી 1920

એકમ : 10 230
ગાંધીયુગીન ગુજરાતના સ્વતંત્રતા આંદોલન

એકમ : 11 244
સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય : ઈ.સ. 1948 થી 1956

એકમ : 12 257
ઈ.સ.1947 થી 1960 દરમિયાન બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાત

એકમ : 13 269
મહાગુજરાત આંદોલનની ઘટના અને નેતાઓ

એકમ : 14 283
આધુનિક ગુજરાતના ઘડવૈયા સયાજીરાવ ગાયકવાડ, મહાત્મા ગાંધી,
સરદાર વલ્લભભાઈ પટેલ, ગોંડલ નરેશ ભગવતસિંહજી

એકમ : 15 313
ઈ. સ.1818 થી 1960 દરમિયાન ગુજરાતમાં શિક્ષણ, સાહિત્ય અને ભાષાનો વિકાસ

એકમ : 16 337
ઈ.સ.1818 થી 1960 દરમ્યાન ગુજરાતમાં કલા

એકમ : 17 363
ઈ.સ.1818 થી 1960 દરમિયાન ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય

# પાઠ્યક્રમ પરિચય

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમમાં ઈતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિ પત્રકારત્વ, માનવ સભ્યતા, રાષ્ટ્રની રાજકીય ફલક ગ્રંથાલય જેવા અનેકવિધ આયામોને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવે છે. તૃતીય વર્ષ બી.એ.ના ઈતિહાસ વિષયમાં "ગુજરાતનો ઈતિહાસ" ના પ્રશ્નપત્રમાં ઈ.સ. 1818 થી 1960 સુધીના ગુજરાતમાં મુખ્ય ફલક પર બનેલી ઘટનાને સવિસ્તાર અહીં આલેખવામાં આવી છે. ગુજરાત અને અંગ્રેજોથી મહાગુજરાત આંદોલન સુધીની ઘટનાને આવરી લેતી આ પાઠ્યસામગ્રી ચોક્કસપણે વિદ્યાર્થીઓને પ્રાદેશિક ઈતિહાસ પ્રત્યે સુચિ કેળવશે.

જે તે સમયગાળાનો ઈતિહાસ સમજવો કે જાણવો હોય તેનો મુખ્ય આધાર સમકાલીન સમયને જાણવા માટેની સાધનસામગ્રી પર રહેલો હોય છે. આ પાઠ્યક્રમમાં ખતપત્રો, અભિલેખો, ગેઝેટિયર, સિક્કા, વર્તમાનપત્રો, સામયિકો અને સરકારી દફતરો વગેરે જેવી ઈતિહાસની સાધનસામગ્રી વિશેનું આલેખન કરીને ગુજરાત સાથે અંગ્રેજોનો સંપર્ક અને શાસન આ સમયની ગુજરાતની દેશી રિયાસતો, ગાંધીની જન્મભૂમીમાં ગાંધી પહેલાંના અને ગાંધીયુગીય આંદોલનના અલગ અલગ તબક્કે ગુજરાત, આઝાદીની પ્રાપ્તિ પછી રાજકીય પટલ પર ગુજરાતથી માંડી મહાગુજરાત આંદોલનની ઘટના અને નેતાઓ વિશે અભ્યાસ કરી શકાશે. આ સાથે મહાત્મા ગાંધી અને સયાજીરાવ ગાયકવાડ જેવા ગુજરાતના ઘડવૈયાઓ તથા ભવ્ય વારસાને રજૂ કરતો તત્કાલીન સમયના ગુજરાતનો સાંસ્કૃતિક અને શિક્ષણ-સાહિત્ય વિશેની વાત પાઠ્યક્રમમાં કરવામાં આવી છે. ગરવી ગુજરાતના અર્વાચીન સમયના ઈતિહાસ વિષયના આ પાઠ્યક્રમમાં આપનું સ્વાગત છે.

## એકમ : 1 ગુજરાતનો ઈતિહાસ જાણવા માટેની સાધન સામગ્રી

**:: રૂપરેખા::**


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ઈતિહાસ જાણવાની સાધન સામગ્રી**

- **1.2.1 સરકારી દફતરો, દસ્તાવેજો અને પત્રવ્યવહાર**
- **1.2.2 ગેઝેટિયર**
- **1.2.3 સમકાલીન ઈતિહાસ ગ્રંથો**
- **1.2.4 સમકાલીન સહાયક ગ્રંથો**
- **1.2.5 ખતપત્રો**
- **1.2.6 અભિલેખો**
- **1.2.7 સિક્કા**
- **1.2.8 વર્તમાનપત્રો અને સામયિકો**

- **(ક) તમારી પ્રગતિ ચકાસો**
  - **1.2.9 ઈતિહાસોપયોગી સાહિત્ય**
    - **1.2.9.1 સંસ્કૃત**
    - **1.2.9.2 ગુજરાતી**
    - **1.2.9.3 અરબી ફારસી**
- **(ખ) તમારી પ્રગતિ ચકાસો**

**1.3 સારાંશ**

**1.4 ચાવીરૂપ શબ્દો**

**1.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.6 સંદર્ભ સૂચિ**


### 1.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનના ઈતિહાસ માટેના સાધનો વિશે જાણશો.*
- *કંપની શાસનના સમયના ગુજરાતના આધારભૂત સાધનોથી અવગત થશો.*
- *ઈસ્ટ ઈન્ડિયા કંપની શાસન સમયના ગુજરાતમાંથી પ્રાપ્ત થતા ખતપત્રો, અભિલેખો અને સિક્કાઓ જેવા ઈતિહાસના સાધનોનું મહત્ત્વ સમજશો.*

- *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનના પ્રારંભ અને વિસ્તાર સમયનાં વર્તમાનપત્રો અને સામયિકો વિશે જાણશો.*
- *ઈસ્ટ ઈન્ડિયા કંપની શાસન દરમ્યાનનાં ઈતિહાસોપયોગી સાહિત્યથી માહિતગાર થશો.*

## 1.1 પ્રસ્તાવના

*પ્રાચીનકાલ અને મધ્યકાલની સરખામણીએ અર્વાચીન સમય જેને આપણે કહીએ છીએ તે બ્રિટિશકાલમાં તામ્રપત્રો, અભિલેખો વગેરે જેવી ઐતિહાસિક સાધન સામગ્રી એકંદરે ઓછી પ્રાપ્ત થાય છે. પરંતુ તેનો મતલબ એ નથી કે અર્વાચીન ઈતિહાસ માટેનાં સાધનો પ્રાપ્ત નથી. તેનું સ્વરૂપ મુદ્રણકલાના વિકાસને લઈને લિખિત સામગ્રી પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તેમાં વળી ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પગરણથી લઈને તેના વિકાસ અને વિસ્તાર સાથે આ સામગ્રી પણ વિકાસ પામતી નજરે પડે છે. જેમાં ખતપત્રો, અભિલેખો ઓછા પ્રાપ્ત છે. ત્યાં સરકારી દફતરો, દસ્તાવેજો, પત્રવ્યવહાર, ગેઝેટિયર, ઐતિહાસિક ગ્રંથો, વર્તમાનપત્રો, સામયિકો, જીવનચરિત્રો, પ્રશસ્તિ કાવ્યો વગેરે પુષ્કળ પ્રમાણમાં ગુજરાતના ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયનો ઈતિહાસ આપે છે. તેમાં સ્થાનિક ઈતિહાસ અગત્યતા ધરાવે છે. પ્રજાના પ્રશ્નો, રીતભાત, ધર્મ, સાહિત્યિક પ્રવૃત્તિની વિગતો પ્રાપ્ત થાય છે. તો સાથે સમાજના રૂઢિવાદી પક્ષ અને સુધારાવાદી વિચારસરણીવાળા પક્ષ વચ્ચેનો સંઘર્ષ પણ નજરે પડે છે. તો સાથે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન વિશે પણ જાણવા મળે છે. ખાસ કરીને આ કાલમાં સંસ્કૃત સાહિત્ય ઓછું થયું તો તેને સ્થાને પ્રાદેશિક ગુજરાતી ભાષામાં પુષ્કળ સાહિત્ય નિર્માણ પામ્યું. જે ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનનો ઈતિહાસ જાણવામાં ઉપયોગી સાબિત થયા છે. આવી આ કાલખંડની સાધન-સામગ્રી કઈ છે તે હવે આપણે જોઈશું.*

## 1.2 ઈતિહાસ જાણવાની સાધન સામગ્રી

### 1.2.1 સરકારી દફતરો, દસ્તાવેજો અને પત્રવ્યવહાર

*ઈ.સ. 1818 બાદના ગુજરાતના ઈતિહાસની સાધન-સામગ્રી વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત છે. સાથે વૈવિધ્યસભર પણ ખરી. જેમાં સરકારી દફતરો અને પત્રવ્યવહાર ખાસ અગત્યતા ધરાવે છે. હિંદના અન્ય પ્રાંતોની માફક ગુજરાતમાં પણ અંગ્રેજોએ સુદ્રઢ શાસન સ્થાપવા માટે અહીંની પ્રજાના ધર્મ, સમાજ, સંસ્કૃતિ, રાજકીય અને આર્થિક બાબતોની વિશેષ માહિતી એકત્રિત કરવાની જરૂરિયાત જણાઈ. અને તે કામ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અમલદારોએ ખૂબ ચોકસાઈથી કર્યું. જેના આધારે તેઓ ગુજરાતમાં સંગીન શાસન સ્થાપી શક્યા. અને આ પ્રવૃત્તિથી સરકારી દફતરો સમૃદ્ધ બન્યાં. એટલે ગુજરાતનો આ કાલખંડનો ઈતિહાસ સરકારી દફતરો વગર કલ્પી શકાય નહી. અત્યારે પણ એ સમયના અનેક પ્રકાશિત અને અપ્રકાશિત ગ્રંથો, દસ્તાવેજો અને પત્રવ્યવહાર સરકારી*

અભિલેખાગારોમાં સચવાયા છે. જેમાંથી રાજકીય ઉપરાંત આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને લગભગ પ્રજાજીવનને લગતા અગત્યના ઈતિહાસની આધારભૂત વિગતો મળે છે.

હવે આપણે આ સાધનો ક્યાં છે તે વિશે વિગતે જોઈએ. 1870 પછી મુંબઈ સરકારે 'Gazetteer of the Bombay Presidency' નામે ગ્રંથો પ્રકાશિત કર્યા હતા. વળી, 1861-1862ના વર્ષથી મુંબઈ સરકારે દરવર્ષે વહીવટી અહેવાલ પ્રસિદ્ધ કરવાનું શરુ કર્યું હતું. એ અહેવાલો 'General Report on the Administration of the Bombay Presidency' થી ઓળખાય છે. આ અહેવાલો માંથી એ સમયની રાજકીય, વહીવટી, શહેરી, ગ્રામ્ય, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, જેલ વહીવટ, કેળવણીની સંસ્થાઓ, વેપાર-ઉદ્યોગો વગેરે વિષે વિપુલ માહિતી મળે છે. વડોદરા અને ભાવનગર વગેરે રાજ્યો પણ પોતાના અહેવાલો પ્રકાશિત કરતા હતાં.

સરકારી ખાતાંના પત્રવ્યવહાર અને અંગ્રેજ અમલદારોના હેવાલો મુંબઈ સરકારે 'Selection from the Records of the Government of Bombay' નામે ગ્રંથસ્થ કર્યા છે. આ Selection માંથી અંગ્રેજી હકૂમત તળેના પ્રદેશો અને દેશી રજવાડાંની માહિતી ઉપરાંત રાજકીય તથા સાંસ્કૃતિક જીવને લગતી વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે.

જમીન મહેસૂલ સરકારની આવકનું મહત્ત્વનું સાધન હતું. તેથી જમીનમહેસૂલ-નીતિ, જમીનના પ્રકારો, ખેતીનાં ઓજારો, અનાજ, રોકડિયા પાક, ખેડૂતો, ખેતમજૂરો, ખાતેદારો, જમીનદારો, શરાફો, કિંમત, જીવનધોરણના ખર્ચ વગેરે જેવા વિષયોની વર્ણનાત્મક અને આંકડાકીય માહિતી આપતાં સરકારી લખkýku 'Survey and Settlerment Report' નામે સંગૃહિત થયેલ છે. આવું જ એક અન્ય સાધન છે 'Census Reports' (વસ્તી-ગણતરીના અહેવાલો). પ્રથમ વસ્તી ગણતરી ઈ.સ.1872માં થઈ હતી. પરંતુ તેના આંકડા વિશ્વસનીય નથી. ઈ.સ.1881ના વસ્તી ગણતરીના આંકડા આધારભૂત છે. સને 1881 થી દર દસ વર્ષે વસ્તી ગણતરી થઈ તેમાંથી ગુજરાતનો રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક, અને વિવિધ સંસ્થાઓ અને બદલાતા સમાજ-જીવનની ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે.

મધ્યસ્થ સરકારે હિંદ માટે વિવિધ વિષયો પરત્વે નિમેલાં પંચો અને સમિતિઓ તેવી જ રીતે મુંબઈ સરકારે નિમેલાં પંચો સમિતિઓના અહેવાલો 'Reports of the Committees and Commissions' નામે સંગૃહિત છે. જેમાંથી દુષ્કાળ, જેલ વહીવટ, વાહનવ્યવહારનાં સાધનો, સરકારી ખાતાંમાં થતો ભ્રષ્ટાચાર, કેળવણી વિષયક સંસ્થાઓ વગેરે જેવા વિષયોની વિપુલ માહિતી તેમાંથી મળે છે. ૧૮૬૦થી મુંબઈ સરકારે એક ઠરાવ કરી નીતિવિષયક મહત્ત્વનાં લખાણોનો અંગ્રેજીમાં તરજૂમો કરી ગ્રંથસ્થ કરવાનું નક્કી કર્યું. જે 'Report on the Native Newspaper' (આ રીપોર્ટમાં પ્રાદેશિક ભાષામાં પ્રકાશિત થતા દૈનિક ન્યુઝ પેપર, સામાયિકો, પાક્ષિક, માસિકનું અંગ્રેજી ભાષામાં અનુવાદ થતો)તરીકે ઓળખાય છે. જેમાં ડાંડિયો, ગુજરાતમિત્ર, અમદાવાદ સમાચાર, સત્યપ્રકાશ, સુર્યપ્રકાશ, ગુજરાતદર્પણ, સમશેર બહાદુર, વગેરે જેવાં વર્તમાનપત્રોના લેખો અને સમાચારોનો પરિચય કરાવે છે. આજ અરસામાં મુંબઈ સરકારે

*પોતાની નીતિઓની પ્રજાજીવન પર થતી અસરો જાણવા વાસ્તે* 'Moral and Material Progress Reports' *પ્રસિદ્ધ કરવાનું ચાલુ કર્યું. તેમાંથી પણ તત્કાલીન ઈતિહાસની સારી જાણકારી પ્રાપ્ત થાય છે.*

*અદાલતી સામગ્રી સને* 1800*થી ઉપલબ્ધ છે. જેમાં ગુજરાતના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર સારો પ્રકાશ નાંખે છે. મુંબઈ સરકારની વિવિધ અદાલતોમાં ચાલેલા કેસો અને તેના ચૂકાદાઓ અંગ્રેજી કાયદા-કાનૂનો અને ગુજરાતની પ્રજામાં તેના અમલીકરણની માહિતી પૂરી પાડે છે.* 'Bombay Legislative Council Debates' *માં ગુજરાતને સ્પર્શતા અનેક અગત્યના પ્રશ્નોની વિસ્તારથી માહિતી ઉપલબ્ધ છે.*

*ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ હિંદના પ્રશ્નો અંગે સચેત હોઈ હિંદના રાજકારણ અને સમાજજીવનના વિભિન્ન પાસાની માહિતી* 'British Parliamentary Papers'*માં સંકલિત થયેલ છે. તે પણ ગુજરાતના તે સમયની તત્કાલીન માહિતી માટે ખૂબ અગત્યતા ધરાવે છે. દા.ત. તેમાંથી ખંભાતના ખેડૂતોએ રાજ્ય સામે પોકારેલા બળવા, લાંચરુશ્વત, દેશી રાજ્યો અને કંપની સરકાર વચ્ચેના કોલ-કરારો વિશે વિસ્તૃત જાણકારી મળે છે.*

*દિલ્હીના રાષ્ટ્રીય અભિલેખાગાર, મુંબઈના મહારાષ્ટ્ર રાજ્ય દફતરભંડાર અને ગુજરાત રાજ્ય દફતરભંડાર, ગાંધીનગરની વિવિધ શાખાઓમાં સમાવિષ્ટ અપ્રકાશિત કાગળો, દસ્તાવેજો અને પત્રવ્યવહાર તે સમયની પ્રજાકીય પ્રવૃત્તિઓની માહિતી આપે છે. દિલ્હી અને મુંબઈનાં અભિલેખાગારમાં* 'Foreing Political Department'*માં અસંખ્ય ફાઈલો સાચવવામાં આવી છે. તેમાંથી પણ ગુજરાતમાં કંપની શાસનના સમયનો ઈતિહાસ સચવાયેલો પડ્યો છે. તે સમયના ખેડૂતોના અસંતોષ અને રાજકીય પ્રવૃત્તિઓ વર્ણવતી અસંખ્ય હસ્તપ્રતો અને લખાણો હિંદ સરકારના* 'Home Department (Political) Fortnightly Reports' *માં સચવાયેલ છે. મુંબઈ સરકારના ખૂબ ખાનગી અહેવાલો મુંબઈના સચિવાલયમાં ગેઝેટિયર્સ ઓફિસમાં અને અભીલેખાગરમાં સંગૃહિત છે. મહારાષ્ટ્ર રાજ્ય દફતરે ગુજરાતની ધાર્મિક અને સામાજિક બાબતો સાથે જોડાયેલી અનેક વિગતો 'ઈીદ્દીહૌ ક્ષ્રીક્ષ્દ્રિીહં ક્ષ્રૈક્ષ્ીજ' માં સાચવી છે. જેમાંથી વંશપરંપરાગત સામાજિક, આર્થિક અધિકારો, પેન્શનો, ઈનામી જમીનો, મંદિરની સાચવણી વાસ્તે સરકારે આપેલાં અનુદાનો વગેરે જાણવા મળે છે. આમ આ સમયમાં ગુજરાત કંપની શાસનથી જે રાજકીય અને સામાજિક પરિવર્તનમાંથી પસાર થતું હતું તે સમજવા ઉપરોક્ત ફાઈલો મહત્ત્વની છે.*

### 1.2.2 ગેઝેટિયર

*મુંબઈ ઈલાકામાં* 18 *જિલ્લા હતા અને તેમાં સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ અને અમદાવાદ એ પાંચ ગુજરાતના જિલ્લાનો સમાવેશ તેમાં હતો. બીજા નાનાં-મોટાં અનેક દેશી રાજ્યો હતાં. સને* 1867*માં મુંબઈ સરકારને ઈલાકાનું ગેઝેટિયર તૈયાર કરાવવા સૂચના અપાઈ અને આમ* 1973*માં મુંબઈ સરકારના મુખ્ય સચિવ મિ. ચેપમેને ગેઝેટિયરના સંપાદક તરીકે કામ કરી* 33 *જેટલા ગ્રંથ મુંબઈ ઈલાકાના તૈયાર કરાવ્યા.*

જેમાંથી ગ્રંથ 2 થી 8 ગુજરાતના વિવિધ પ્રદેશોને લગતા છે. જેમ કે ગ્રંથ 2- સુરત અને ભરૂચ જિલ્લા, ગ્રંથ-૩ ખેડા અને પંચમહાલ જિલ્લા, ગ્રંથ 4- અમદાવાદ જિલ્લો, ગ્રંથ 5- કચ્છ, પાલનપુર અને મહીકાંઠા, ગ્રંથ 6- રેવાકાંઠા. નારુકોટ, ખંભાત અને સુરત(એજન્સીનાં) રાજ્યો. ગ્રંથ 7- વડોદરા રાજ્ય અને ગ્રંથ 8- કાઠિયાવાડને લગતા છે. જેમાંથી તે પ્રદેશની ભૂગોળ, ભૂસ્તર, વસ્તી, ઉત્પાદન, ખેતી, મૂડી, વેપાર, ઈતિહાસ, વહીવટ, ન્યાય, મહેસૂલ, શિક્ષણ, આરોગ્ય, વહીવટી પેટા વિભાગો કે રાજ્યો તથા જોવાલાયક સ્થળો વિશે માહિતી મળે છે. આ ઉપરોક્ત ગેઝેટિયરમાંથી ગુજરાતને લગતી સમકાલીન આર્થિક, સામાજિક સ્થિતિ સાથે ઈતિહાસ પણ વિગતે આપે છે. ગુજરાતમાં અંગ્રેજી હકૂમતના પ્રારંભિક 60 થી 70 વર્ષનો સાંસ્કૃતિક ઈતિહાસ માટે તે ખૂબ ઉપયોગી છે.

શ્રી નર્મદાશંકર લાલશંકરે કાઠિયાવાડને લગતા ગ્રંથ -8 અને ગ્રંથ-2-4 નું ગુજરાતી ભાષાંતર કર્યું છે. જે 'ગુજરાત સર્વસંગ્રહ' તરીકે બહાર પડ્યું. મુંબઈ ઈલાકાના ગેઝેટિયરનો ગ્રંથ-1 સમકાલીન સઘળી સાધન સામગ્રીનો ઉપયોગ કરી પ્રકાશિત કરવામાં આવ્યો. તે ગુજરાતના ઈતિહાસને લગતો હોઈ પ્રમાણભૂત છે. ગુજરાતની વસ્તી અને વિવિધ જ્ઞાતિઓની માહિતી આપતો ગ્રંથ-9 બે ભાગમાં પ્રકાશિત છે. તેના પ્રથમ ભાગમાં હિંદુ વસ્તીની વિવિધ કોમોની માહિતી આપી છે. તો ભાગ-2 ખા. બ. ફઝાગુલ્લાહ લુત્ફુલ્લાહ ફરીદીએ મુસલમાન કોમોની અને ખરસેદજી નસરવાનજી સીરવાઈ તથા ખા.બ. બમનજી બહેરામજી પટેલે સંયુક્ત રીતે પારસી કોમોનો વસવાટ, રીતભાત વગેરેની માહિતી આવરી લઈ તૈયાર કર્યો છે. આમ આ ગ્રંથો તે સમયના ગુજરાતના સામાજિક અને ધાર્મિક ઈતિહાસ માટે અગત્યના છે. આમતો મુંબઈ ઈલાકાનું ગેઝેટિયર 'બોમ્બે ગેઝેટિયર' તરીકે ઓળખાય છે. તેના સાડા આઠ ગ્રંથ ગુજરાતના બ્રિટિશ કાલના લગભગ 80 વર્ષનો રાજકીય, વહીવટી, આર્થિક, સામાજિક અને ધાર્મિક પ્રમાણભૂત ઈતિહાસની વિપુલ માહિતી આપે છે.

વળી સ્વતંત્રતા પછી ગુજરાત રાજ્ય સરકારે પણ નવેસરથી ગેઝેટિયર બહાર પાડ્યા છે. તેમાંથી પણ તે કાલના રાજકીય અને વહીવટી ઇતિહાસની કેટલીક પ્રમાણિત માહિતી મળે છે. તેવી જ રીતે 'The Imperial Gazetteer of India' yu 'Gazetteer of the Bombay Presidency' ને કેટલી નવીન પૂરક માહિતી પૂરી પાડે છે. વડોદરા રાજ્યમાં શ્રી ગો. હા. દેસાઈ વડોદરા રાજ્યના ચાર પ્રાંતોના સર્વસંગ્રહ ગુજરાતી અને અંગ્રેજીમાં તૈયાર કર્યા. જે વડોદરા રાજ્યના 1883 થી 1914ના ઈતિહાસ માટે ઉપયોગી છે.

### 1.2.3 સમકાલીન ઇતિહાસગ્રંથો

કેટલાક અંગ્રેજ અધિકારીઓએ ગુજરાતમાં ઇતિહાસ-પુરાતત્ત્વ વિશે સંશોધનો કર્યા. ગુજરાતી તથા અંગ્રેજી શાળાઓ માટે પાઠ્યપુસ્તકોના નિર્માણની જરૂરીયાત જણાઈ. શ્રી મગનલાલ વખતચંદે તે અર્થે ઈ.સ. 1860માં 'ગુજરાત દેશનો ઇતિહાસ'

પ્રકાશિત કર્યો તે મહત્ત્વનો છે. તેમાં વડોદરા રાજ્ય અને 1857ના બળવાની માહિતી અગત્યની છે. શ્રી એદલજી ડોસાભાઈએ ઈ.સ.1850માં 'ગુજરાતનો ઈતિહાસ' પુસ્તક પ્રકાશિત કર્યું જે સામાન્ય વાચકો માટે છે. આ બંને પુસ્તકો રૂપરેખાત્મક જ છે. તેમાં ઈતિહાસની માહિતી ઓછી છે.

જૂનાગઢના દીવાન રણછોડજી અમરજીએ લખેલ 'તારીખે સોરઠ વ હાલારા' એ રાજ્યોની 1818 થી 1840 સુધીની ઘટનાઓની વિસ્તૃત માહિતી આપે છે. મિ. અલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સે સીમિત સાધનોનો ઉપયોગ કરી અંગ્રેજીમાં સળંગ તવારીખ તૈયાર કરી. જે ' રાસમાળા' નામે બે ગ્રંથોમાં કુલ ચાર વિભાગમાં વહેચાયેલ છે. તેના ત્રીજા વિભાગ- મરાઠા બ્રિટિશ કાલમાં 1818 થી પોતાના સમય સુધીનો વૃત્તાંત તેમણે આપ્યો છે. વિભાગ-4 બ્રિટિશ સત્તા નીચે રજપૂતોની જમીનનો વહીવટ જાણવા માટે ઉપયોગી છે. મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ શ્રી રણછોડભાઈ ઉદયરામ પાસે રાસમાળાનું ગુજરાતી ભાષાંતર કરાવ્યું. શ્રી કાળીદાસ દેવશંકર પંડ્યાએ 'ગુજરાત-રાજસ્થાન' નામે વિસ્તૃત ગ્રંથ સને 1884માં પ્રકાશિત કર્યો. તેમાં ગુજરાતમાં દેશી રાજ્યો વિશે વિસ્તૃત માહિતી આપેલી છે. એદલજી ડોસાભાઈએ અંગ્રેજીમાં ગુજરાતનો વિસ્તૃત ઈતિહાસ સને 1894માં પ્રગટ કર્યો. તેમાં તેમને રાસમાળા અને બોમ્બે ગેઝેટિયર વગેરેનો ઉપયોગ કર્યો છે. તેમાં 1818 થી 1893 સુધીના ગુજરાતની મહત્ત્વની રાજકીય અને સાંસ્કૃતિક ઘટનાઓ આવરી લીધી છે. શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ બોમ્બે ગેઝેટિયરના આધારે ગુજરાતીમાં તૈયાર કરેલ સંક્ષિપ્ત ઈતિહાસ તેનો ભાગ-ર 1820 થી 1897 સુધીના બ્રિટિશ રાજ્ય વહીવટ અને લોકસ્થિતિ વગેરેની માહિતી આપે છે. ઉપરાંત કચ્છ, વડોદરા, જામવંશ, અમદાવાદ, સુરત, નવસારી, ભરૂચ વગેરેના સ્થાનિક ઈતિહાસ સબંધિત કેટલાંક પ્રકાશિત થયેલ પુસ્તક પણ અગત્યનાં છે. તેમાં શ્રી મગનલાલ વખતચંદે ગુજરાત વિદ્યાસભાના ઈનામી નિબંધ તરીકે લખેલો 'અમદાવાદનો ઈતિહાસ' એ શહેરના ઈતિહાસ માટે આજે પણ ઉપયોગી છે.

શ્રી નર્મદાશંકર લાલશંકરે 1866માં 'સુરતની મુખતેસર હકીકત' માં 1800-1865 સુધીની ઐતિહાસિક ઘટનાઓ અને સામાજિક સ્થિતિ વાસ્તે મહત્ત્વનો છે. એવી જ રીતે શ્રી એદલજી બરજોરજી પટેલે સને 1890માં પ્રગટ કરેલ 'સુરતની તવારીખ' 1800 થી 1890 સુધીની મહત્ત્વની ઘટનાઓ આવરી લે છે. શ્રી ચતુર્ભુજ શિવજી મહેતાએ 1869માં 'કચ્છ વૃત્તાંત' પ્રકાશિત કર્યો. તેમાં 1917 સુધીનો કચ્છનો તત્કાલીન ઈતિહાસ આલેખ્યો છે. તેવી જ રીતે વિસ્તૃત સામગ્રીનો ઉપયોગ કરી શ્રી આત્મારામ કેશવજી દ્વિવેદીએ 'કચ્છ દેશનો ઈતિહાસ' પ્રસિદ્ધ કર્યો.

મિ. ઈલિયટે અંગ્રેજીમાં વડોદરાના રાજાઓનો ઈતિહાસ સને 1879માં 'Rulers of Baroda' પ્રગટ કર્યો. આ ગ્રંથ 'વડોદરાના રાજ્યકર્તા' નામથી ગુજરાતીમાં શ્રી ઈચ્છારામ મશરૂવાલાએ ભાષાંતર કરી 1950માં પ્રસિદ્ધ કર્યો. તેમાં આ રાજ્યનો રાજકીય ઈતિહાસ, બ્રિટિશ રેસિડન્ટ, દીવાનો, ગાયકવાડી મુલકો વગરે નો 1905 સુધીનો ઈતિહાસ આલેખ્યો છે.

*આ કાલખંડની નજીકમાં લખાયેલ 'શ્રી ઝાલાવંશ વારિધિ', મકરધ્વજવંશી મહીપમાલા, ગોંડલનો ઈતિહાસ અને મહારાજા શ્રી ભગતસિંહજી જીવનચરિત, યદુવંશપ્રકાશ અને જામનગરનો ઈતિહાસ વગેરેમાંથી પણ ઠીક-ઠીક માહિતી બ્રિટિશ કાલને લગતી મળે છે. શ્રી અમૃતલાલ ગો. શાહ બાપાવાળાએ સને* 1902 *'ભારત રાજ્ય મંડળ' નામે મોટો ગ્રંથ આપ્યો. જેમાં ગુજરાતનાં નાનાં-મોટાં દેશી રાજ્યોનો ઈતિહાસ માટે આજે પણ મહત્ત્વનો મનાય છે.*

*મિ. એડવર્ડ્ઝ અને ફ્રેઝરે અંગ્રેજીમાં* 1907*માં લખેલ* 'Ruling Princes of India' *જૂનાગઢના રાજકીય ઈતિહાસ અને ધાર્મિક તથા પુરાતત્વીય ઈતિહાસ માટે મહત્ત્વનો છે. શ્રી સોરાબજી મનચેરજી દેસાઈએ 'તવારીખે નવસારી'માં* 1908 *સુધીનો ઈતિહાસ આપ્યો અને તેમાં ડૉ. ધનજીભાઈ હો. મહેતાએ* 1939 *સુધીનો ઈતિહાસ ઉમેરી સુધારેલી આવૃત્તિ* 1939*માં પ્રકાશિત કરી. એમાં ત્યાંના પારસીઓની વિસ્તૃત માહિતી છે. શ્રી ગણપતરામ હિંમતરાય દેસાઈએ* 1914*માં 'ભરૂચ શહેરનો ઈતિહાસ' આપ્યો. તેમાંથી ભરૂચના બ્રિટિશ કાલના રાજકીય, વહીવટી, સામાજિક, આર્થિક, ધાર્મિક તથા શૈક્ષણિક ઈતિહાસની ઠીક-ઠીક માહિતી મળે છે. આમ ઉપરોક્ત સમકાલીન ઈતિહાસ ગ્રંથો આજ પણ ઈતિહાસના સાધન તરીકે ઉપયોગી છે.*

**1.2.4 સમકાલીન સહાયક ગ્રંથો**

*આવા ગ્રંથો કેટલાક લેખકોએ વ્યક્તિગત રીતે લખેલા છે. જેમાંથી આ કાલની વહીવટી, ધર્મ, સમાજ, રિવાજો, જ્ઞાતિઓ, ધંધારોજગાર, વેપાર-ઉદ્યોગ વગેરેની પૂરક માહિતી આપે છે. જેમાં વોલ્ટર હેમિલ્ટને* 1820 *લખેલા ભારતને લગતા ગ્રંથમાંથી ગુજરાતનાં સમકાલીન જિલ્લા, તાલુકા, શહેરો અને ગામડાંઓ, પ્રાકૃતિક, ભૌગોલિક, સમાજ, વેપાર અને ખનીજો વિશે માહિતી આપી છે. બિશપ રેજિનાલ્ડ હેબરે* 1825*માં કલકત્તાથી મુંબઈનો પ્રવાસ અંગ્રેજીમાં લખ્યો છે. તેમાંથી પણ ગુજરાતની ધાર્મિક-સામાજિક વિગતો મળે છે. મિસિસ પોસ્ટાન્સે* 1838*માં સુરત અને કચ્છની મુલાકાત પછી પ્રવાસ વર્ણન અંગ્રેજીમાં લખ્યું. જેમાં કચ્છનાં દેશી રાજ્યોની માહિતી છે. લેફ્ટનન્ટ કર્નલ જેમ્સ ટોડે પણ પશ્ચિમ ભારતના પ્રવાસનો વિસ્તૃત ગ્રંથ* 1839*માં પ્રસિદ્ધ કર્યો તેમાં ગુજરાતના ચંદ્રાવતી, નહેરવાલા(પાટણ), અમદાવાદ, ખેડા, ખંભાત, ઘોઘા, ભાવનગર,વલભી, પાલીતાણા, શત્રુંજય, ગારિયાધાર, ઉમરાળા, કોડીનાર, સુત્રાપાડા, સોમનાથ, ચોરવાડ, જૂનાગઢ, ઘૂમલી, દ્વારકા વગેરે અનેક તીર્થસ્થળોનું વર્ણન વિસ્તારથી કર્યું છે.*

*એચ.જી.બ્રિગ્સે* 1847-48*માં ગુજરાતનો પ્રવાસ ખેડી તેનું વર્ણન કરતો ગ્રંથ* 'The Cities of Gurjarashtra' 1849*માં પ્રસિદ્ધ કર્યો. જે ગુજરાતનાં મોટા શહેરોની નક્કર હકીકતો માટે જાણીતો છે. એડવર્ડ મૂરે* 1811*માં હિંદુ-બાળહત્યા ઉપર પુસ્તક લખ્યું તો જ્હોન કોરમેક અને વિલ્સને દૂધપીતીનો રિવાજ બંધ કરાવવા અને જેમ્સ પિગ્સે સતીપ્રથા નાબૂદ કરવાના ઉપાયો પર પુસ્તક લખ્યાં. બોરોડેલે ગુજરાતની જ્ઞાતિઓ પર પુસ્તક લખ્યું.*

*શ્રી ફરામજી બમનજીએ 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાર્તાઓ'* 1872*માં ત્રણ ભાગમાં પ્રકાશિત કરી. એવી રીતે કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ 'રત્નમાલ અને ગુજરાતનાં રાજ્યો તથા રાજવંશીઓની તવારીખોનો સંગ્રહ'*(1903) *તૈયાર કરેલો. કાઠિયાવાડના ડેપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ શ્રી ધનજીશાહ હોરમઝજી કડાકાએ* 1871*માં લખેલ 'કાઠિયાવાડ ડિરેક્ટરી' ભાગ*-1,2 *સૌરાષ્ટ્રના રાજકીય અને વહીવટી ઈતિહાસ માટે વિપુલ દસ્તાવેજી માહિતી પૂરી પાડે છે. ગુજરાત તાલુકાદારી બિલના દસ્તાવેજોનો સંગ્રહ શ્રી લીલાધરદાસ હરખચંદે તૈયાર કર્યો. તે ગુજરાતના તાલુકાદારોના હક અને વહીવટી ઈતિહાસ માટે અગત્યનો છે. શ્રી જેઠાલાલ બાવાભાઈ મહેતાએ* 1895*માં રાધનપુર ડિરેક્ટરી' અને શ્રી દામોદર રેવાદાસ શાહે* 1905*માં 'મહીકાંઠા ડિરેક્ટરી' બહાર પડેલી. તેમાં તે તે દેશી રાજ્યોનો ઈતિહાસ અને મહત્ત્વના દસ્તાવેજો સંગ્રહાયેલ છે.*

*જ્હોન હ્યુસ્ટને વિદેશી પ્રકાશન સંસ્થાના સહયોગથી* 1897*માં તૈયાર કરેલ* 'Repersentative Men of the Bombay Presidency' *ચરિત્ર ગ્રંથમાં ગુજરાતના નામાંકિત રાજાઓ, ઠાકોરો, દાનવીરો, મુત્સદ્દિઓ, અગ્રગણ્ય વ્યક્તિઓની જીવનરેખા સચિત્ર આલેખી છે. જે એ કાલના ઈતિહાસ માટે ઠીક ઠીક સહાયક છે. ઉપરાંત આ કાલમાં ગુજરાતની પારસી, ખોજા, કાળી-પરજ, લેઉઆ-કણબી, નાગર, વાણિયા, મોઢ જેવી અનેક જ્ઞાતિઓ અને કોમોને લગતા ગ્રંથો પ્રકાશિત થયા. તેમાંથી પણ ગુજરાતના બ્રિટિશકાલની કેટલીક ઉપયોગી વિગતો મળે છે.*

**1.2.5 ખતપત્રો**

*જેમ સરકારી ફરમાનો, પત્રો, કરારો વગેરે તે તે કાલખંડના રાજકીય તથા, રાજતંત્રીય ઈતિહાસ અંગે ઉપયોગી નીવડે છે તે પ્રમાણે સ્થાવર મિલકતનાં વેચાણ, ગીરો વગેરેને લગતાં ખાનગી ખતપત્ર તે તે કાલખંડના સાંસ્કૃતિક તથા કાનૂની ઈતિહાસ માટે ઉપરકારક નીવડે છે.પરંતુ મુઘલ અને મરાઠા કાલનાં ખતપત્રોની સરખામણીએ બ્રિટિશકાલનાં ખતપત્ર સંસ્થાકીય સંગ્રહાલયોમાં જૂજ સંખ્યામાં ઉપલબ્ધ છે. સ્થાવર મિલકતના માલિકો પોતાની મિલકતને લગતા નજીકના ભૂતકાળના દસ્તાવેજ પોતાની પાસે રાખી મૂકવાનું વલણ ધરાવે એ સ્વાભાવિક છે.*

*આ ગ્રંથમાલાના ગ્રંથ* 6 *અને* 7*માં ગુજરાત વિધાસભા-અમદાવાદના સંગ્રહાલયમાં સંગૃહિત થયેલાં ખતપત્રોની સમીક્ષા કરવામાં આવી હતી. એના અનુસંધાનમાં આ ગ્રંથમાં પણ એ સંગ્રહાલયમાંનાં ખતપત્રોની સમીક્ષા કરીએ તો માલૂમપડે છે કે એમાં* 96 *વર્ષના આ કાલખંડને લગતાં કુલ* 24 *ખતપત્રોનો સમાવેશ થાય છે. આમાંનાં લગભગ બધાં ખતપત્ર વડોદરાના ગાયકવાડ રાજ્યના કડી પ્રાંતના પરગણા (કે તાલુકા) વિજાપુરના કસબા વિજાપુરને લગતાં છે. અમુક ખતપત્રોમાં જણાવ્યું છે કે વડોદરાથી શ્રીમંત કૈલાસવાસી મહારાજ શ્રી ગોવિંદરામ ગાયકવાડનો હુકમ સંવત* 1856*માં કુમાવીસદાર બલવંતરાય કાસી ઉપર આવેલો કે દીવાનખાનાના દરવાજાથી દક્ષિણે જૂના કોટ સુધી જે*

પડતર જમીન છે તેમાં આબાદી કરવી. એ હુકમ પ્રમાણે એ કુમાવીસદારે એ જમીન ખરીદી એમાં પોતાના ખર્ચે કોટ-દરવાજાની જોગવાઈ કરી ત્યાં નવું પરું વસાવ્યું ને એમાંની કેટલીક જમીન અમુક ગૃહસ્થોને ઘર બાંધવા માટે વેચાતી આપી. આ વિગત ત્યાંના સ્થાનિક ઈતિહાસમાં મહત્ત્વની ગણાય. ખતપત્રના મથાળે શરૂઆતમાં ફારસી લખાણવાળી ગોળ મહોરની છાપ લગાવતા તેની જગ્યાએ સમય જતાં જરૂરી કિંમતનો श्रीमंत सरकार गायकवाड सेनासखासखेल शमशेरबहादुरवटोदन ની મહોરની છાપ લગાવવા લાગ્યા.વળી ખત નોંધવાની લાગતની તથા નકલ કરવાની લાગતની રકમ પણ ટોચે દર્શાવવા લાગ્યા. અગાઉ મિતિ (વિક્રમ) સંવતનાં વર્ષ માસ, પક્ષ અને તિથિમાં અપાતી; છેવટમાં એની પછી વાર તેમજ ઈસવીસનનાં વર્ષ, મહિનો અને તારીખ આપવાની પ્રથા પ્રચલિત થઈ. ઘણાં ખત વૈશાખ સુદ 3ની મિતિ ધરાવે છે, જ્યારે ખેડૂતનું હિસાબી વર્ષ શરૂ થતું .વિજાપુરમાં કેટલાંક કુટુંબકિલ્લે કડી જેવાં નજીકનાં સ્થળોએથી, તો બીજાં કેટલાંક દખ્ખણ જેવા દૂરના પ્રદેશમાંથી આવી વસ્યાં હતાં. કોઈ ખત વીસનગર અને ગૂંદરાસણ (તા. વિજાપુર) જેવાં નજીકનાં અન્ય સ્થળોને લગતાંય છે.

આ ખતપત્રોમાં કેટલીક જ્ઞાતિઓ અને અટકોના ઉલ્લેખ આવે છે; જેમકે દસા-દેસાવળ, વીસલનગરા-નાગર, ભટ્ટ-મેવાડા, આંજણા, કડવા કંણબી, મોદી, જોશી, ડુમરા,બારોટ, પરમાર, ચૌધરી, કડિયા, મણિયાર.

જમીનની લંબાઈ-પહોળાઈ સુતારી ગજમાં મપાતી ને એનું ક્ષેત્રફળ ચોરસ ગજમાં ગણાતું. જમીન તથા ઘરને લગતા ખતમાં એના ચારે દિશાના હદખૂંટ જણાવવામાં આવતા.મકાનના વર્ણનમાં ઓરડા, કરા, પછીત, ખડકી, પરસાળ, ચોક, માંડવી, ઓટલો,વંડો, મેડી, નવેળી, ખાળ વગેરે તેમજ આવવા-જવાનો માર્ગ, નેવાનું પાણી જવાનો માર્ગ,બારી- બારણાં મૂકવાનો હક, વગેરે વિગત આપવામાં આવતી. છેવટમાં ખેતરની જમીનનું માપ વીઘામાં આપી એનો આકાર (વિઘોટી) તથા સર્વે-નંબર આપવાની પ્રથા પણ પ્રચલિત થઈ.

ખતપત્રો પરથી એ સમયે જમીન તથા ઘરના વેચાણમાં કે ગીરોમાં એની જે કિંમત ગણાતી તે પરથી એના દરનો ખ્યાલ આવે છે. એક ખતપત્રમાં એક મકાનનું ભાડું વાર્ષિક રૂપિયા ચાર ગણાવ્યું છે. રકમ સક્કાઈ ચલણી રોકડા 'રૂપૈઆ' માંચૂકવાતી. રકમની સંખ્યા આંકડામાં તેમજ શબ્દોમાં દર્શાવતા, એટલું જ નહિ, પછી એની અર્ધી રકમ એ રીતે દર્શાવી એના બમણા-એ રીતેય દર્શાવતા, જેથી એની સંખ્યામાં કોઈ આગળ જતાં ઘાલમેલ કરી શકે નહિ,.

આ ખતપત્રો પરથી તે શહેર કે ગામના મહોલ્લા પોરચકલા દરવાજા વગેરેની કેટલીક વિગત મળે છે.

આ ખતપત્ર સામાન્યતઃ ગુજરાતી ભાષામાં છે એની લીટીઓ સળંગ રેખાનીચે ગુજરાતી લિપિમાં લખાઈ છે, એમાં 'ઘર વેચાથી આપું છે' જેવા પ્રયોગ તત્કાલીન લોકભાષાનું સ્વરૂપ દશવિ છે. સ્થાવર મિલકતને લગતાં ખતપત્રોમાં એ મિલકત પર નવા

*માલિકને મળતા વિવિધ હક ગણાવવામાં આવે છે તેમજ 'અભરામ-ન-દાવે' 'રાજી-રજામંદીથી', 'અત્ર મતું 'અત્ર સાખ' જેવા પારિભાષિક શબ્દ પણ પ્રયોજાય છે. ખત લખી આપનાર વ્યક્તિ કે વ્યક્તિઓની તેમજ સાક્ષીઓની સહીમાં એ વ્યક્તિઓનાં અક્ષરજ્ઞાન તથા લેખનશૈલી પ્રતિબિંબિત થાય છે. ખત લખી આપનાર વ્યક્તિ નિરક્ષર હોય તો એના કહેવાથી એના વતી કોઈ બીજું હસ્તાક્ષર કરતું.*

*આમ ખતપત્રો તે તે કાલખંડના ઈતિહાસનાં વિવિધ પાસાં વિશે કેટલીક ઉપયોગી માહિતી પૂરી પાડે છે.*

### 1.2.6 અભિલેખો

*પ્રાચીન અને મધ્યકાલની સરખામણીએ અર્વાચીન કાલના ઈતિહાસ માટે અભિલેખો અને સિક્કા ઓછું મહત્ત્વ ધરાવે છે, છતાં રાજકીય તથા સાંસ્કૃતિક ઈતિહાસના સાધન તરીકે એ ઠીક ઠીક ઉપયોગી છે.*

*ભૂમિદાનશાસન તામપત્ર પર કોતરાવી આપવાની પ્રથા લાંબા કાલથી લુપ્તપ્રાય હતી. પૂર્ત નિર્માણને લગતા શિલાલેખ સંખ્યામાં અગાઉ કરતાં ઓછા લખાતા ને જે લખાયા છે તેઓમાંના કેટલાક જ પ્રકાશિત થયા છે. એના ઘટેલા મહત્ત્વને લઈને આ કાલના અનેક શિલાલેખ હજી અપ્રકાશિત રહ્યા છે.*

*આ કાલના અભિલેખોમાં મોટી સંખ્યા પ્રતિમાલેખોની તથા પાળિયાલેખોની છે.*

*દેવાલય-નિર્માણને લગતા તકતી-લેખોમાં કેટલાક અભિલેખ શત્રુંજય પર્વત પર આવેલા છે. એમાંથી તે તે દેવાલય બંધાવનારનાં નામ, જ્ઞાતિ, કુટુંબ અને નિવાસસ્થાનની તેમજ એના નિર્માણનો સમયનિર્દેશ તથા પ્રતિષ્ઠા કરનાર સૂરિનાં નામ અને ગચ્છની માહિતી મળે છે. એમાંના એક અભિલેખમાં દેવાલય ઉપરાંત ધર્મશાળા અને ઉપાશ્રય બંધાવ્યાનું તથા 32 પ્રતિમાઓ કરાવ્યાનું નોંધ્યું છે ને એ કયા ગચ્છના કયા સૂરિના ઉપદેશથી કરવામાં આવ્યું એ પણ જણાવ્યું છે. એક બીજા અભિલેખમાં પૂર્તકાર્ય ઉપરાંત યાત્રા તથા દાનોનોય ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યાંના એક બીજા શિલાલેખમાં અમદાવાદના શેઠ વખતચંદના પૂર્વજોનો પરિચય આપી વખતચંદ શેઠે, એમની પત્ની ઓએ, પુત્રોએ તથા પૌત્રોએ વિ. સં. 1864 થી 1905 સુધીમાં આપેલાં દાનોની વિગત આપવામાં આવી છે. એક બીજા શિલાલેખમાંય વિનયસાગર-કૃત પ્રશસ્તિ કોતરી છે. એમાં શ્લોક 1-11માં અંચલગચ્છની આચાર્ય-પટ્ટાવલિ આપી છે, પછી શ્લોક 12-18માં કોઠારા(કચ્છ)નાદાનવીર કેશવજીનો તથા એમના કુટુંબ પરિવારનો પરિચય આપવામાં આવ્યો છે. મામા સાથે મુંબઈ જઈ ત્યાં વેપાર કરીએ અઢળક દ્રવ્ય કમાયા હતા. એ સંઘ કાઢી સં. 1921માં શત્રુંજય ગયા ત્યાં એમણે અનેક પ્રદેશોના સંઘોને નિમંત્ર્યા ને હજારો જિનબિંબો અંજન-શલાકા કરી બે ચૈત્ય બંધાવ્યાં તેમજ પાદલિપ્તપુર (પાલિતાણા)માં વિપુલ દ્રવ્ય ખર્ચી જૈનધર્મની પ્રભાવના કરી. એ સમયે ત્યાં ગોહિલવંશી ઠાકોર સૂરસિંહજીનું રાજ્ય પ્રવર્તતું હતું.*

શત્રુંજય પરના અનેક લેખ પ્રતિમા-પ્રતિષ્ઠાને લગતા છે. એમાં પ્રતિષ્ઠાની મિતિ, પ્રતિમા કરાવનાર વ્યક્તિ કે વ્યક્તિઓનાં નામ, જ્ઞાતિ, ગામ વગેરેની વિગત તથા એની પ્રતિષ્ઠા કરાવનાર સૂરિનાં નામ અને ગચ્છ જણાવવામાં આવે છે. આ વિગત સામાજિક તથા ધાર્મિક ઈતિહાસ માટે ઉપયોગી નીવડે છે. એમાં ક્યારેક ચતુર્વિંશતિતીર્થંકર-પટ્ટ કે પંચમરમેષ્ઠિ-પટ્ટનો ઉલ્લેખ આવે છે. ક્યારેક એ સમયના રાજાઓનો તથા તેઓના પુત્રોનો પણ નામ-નિદેશ કરતા. રાધનપુર જેવાં બીજાં અનેક સ્થળોએ પણ આવા સંખ્યાબંધ પ્રતિમાલેખ કોતરેલા છે.

અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર આવેલી હઠીસિંહની વાડીમાં ધર્મનાથનું ચૈત્ય શેઠ હઠીસિંહે બંધાવવા માંડેલું તે એમની હયાતી બાદ એમનાં પત્ની હરકુંવરે પૂરું કરાવી સં. 1903 (ઈ.સ. 1847)માં મહોત્સવપૂર્વક શાંતિસાગર સૂરિના હસ્તેપ્રતિષ્ઠા કરાવી એનો એક સંસ્કૃત શિલાલેખ તથા એક ગુજરાતી શિલાલેખ ત્યાં કોતરવેલો છે. એમાંના સંસ્કૃત લેખમાંની પ્રશસ્તિ રૂપે રચેલી, મોઢ બ્રાહ્મણવિજયરામે ઉતારેલી અને સલાટ ઈસફે કોતરેલી. ગુજરાતી લેખ ગોવર્ધનદાસે ઉતાર્યા છે તે ઈસફભાઈએ કોતર્યો છે. આમ આમાં વિભિન્ન સંપ્રદાયોના અનુયાયીઓની સહકારી પુરુષાર્થ દેખા દે છે. બંને લેખો માં અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અમલનો ઉલ્લેખ પણ છે. ભમતીમાંની દેવકુલિકાઓમાંય અનેક પ્રતિમાઓ પર અભિલેખ કોતરેલા છે,પણ એ હજી અપ્રકાશિત છે.

શિહોરમાં શ્રી પુરૂષોત્તમ સરસ્વતીએ સં. 1887માં બંધાવેલું બ્રહ્માનું મંદિર,' માધવપુર (ઘેડ)માં જેઠવા મહારાણા વિક્રમાતજીનાં માતુશ્રી રૂપાળીબાએ માધવરાવજીના મંદિરનું સં. 1896માં કરાવેલું નવનિર્માણ' અને શેખપાટ (તા. જામનગર)માં જામ વીભાએ સં. 1914માં કરાવેલો આશાપૂરી માતાના મંદિરનો જીર્ણોદ્ધાર, આવી બધી માહિતી આપણને તે તે મંદિરના શિલાલેખ દ્વારા પ્રાપ્ત થાય છે.
શંખોદ્ધાર બેટમાં શંખનારાયણના મંદિરમાં સં. 1935નો શિલાલેખ છે. તેઅગાઉ સં. 1774માં તથા સં. 1852માં એ મંદિરનાં સંસ્કરણોને લગતા શિલાલેખોનો ઉલ્લેખ કરી. મહારાવ ખેંગારજીનાં માતુશ્રી નાનીબા ઝાલીએ તાજેતરમાં જે સુધારા વધારા કરાવ્યા તેનો વૃત્તાંત નિરૂપે છે.આમ આ નાનકડો શિલાલેખ એ મંદિરના પૂર્વસંસ્કરણોઅને એને લગતા શિલાલેખો વિશે જે માહિતી આપે છે તે મહત્ત્વની ગણાય.

એવી રીતે કેટલીક વાર જળાશયોના નિર્માણ કે પુનઃ નિર્માણને લગતા શિલાલેખ એની માહિતી પૂરી પાડે છે. દા.ત. ઝાલા મહારાણા ચંદ્રસિંહજીએ રાજસીતાપુર (તા. ધ્રાંગધ્રા) પાસે ચંદ્રાસર નામે તળાવ કરાવેલું એના શિલાલેખનો ઉલ્લેખ કરી, એનો જીર્ણોદ્ધાર મહારાણા રણમલસિંહજીએ વિ. સ. 1911 (ઈ.સ. 1855)માં કરાવ્યોને શિમરોલી (જિ. જૂનાગઢ)માં નવાબ બહાદુરખાન તથા. દીવાન અમરજીના

સમયદરમ્યાન સં. 1831માં ખોડિયાર નામે જૂની વાવ ખોદાયવેલી તેને સં. 1912 (ઈ.સ. 1856)માં મુગટરામે કોડી 3,216 26 ખર્ચી ફરી બંધાવી.'2 આમ કેટલાકશિલાલેખ વર્તમાન વૃત્તાંત ઉપરાંત પૂર્વવૃત્તાંત પણ આપે છે.

કચ્છમાં પણ પૂર્ણનિર્માણને લગતા કેટલાક શિલાલેખ એને લગતી માહિતી આપેછે; જેમકે કોટેશ્વરનું મંદિર સં. 1857માં ધરતીકંપથી પડી ગયું તેને મહારાવશ્રી દેવળજીના સમયમાં ખત્રી જેઠા શિવજીએ સં. 1877માં નવું કરાવ્યું. ને સં.1878માં ખત્રી જેઠા શિવજી તથા સુંદરજીએ ત્યાં કલ્યાણેશ્વરનું મંદિર બંધાવ્યું.

બાઈ રામબાઈએ 24,000 કોરીના ખર્ચે જાડેજા વિભાજીના સમયમાં સં. 1878માં મંદિર બંધાવ્યું, રાવશ્રી દેશળજીના સમયમાં સં. 1880માં માતાના મઢમાંઆશાપૂરાનું મંદિર બંધાયું.રાણા સરતાનજીના સમયમાં સ. 1897માં ગેડીમા લક્ષ્મી નારાયણના મંદિરનું પુનનિર્માણ થયું. સં. 1911માં ગોંસાઈ હીરાગરે સેલોરાવાવ નવી બંધાવી,દેશળજીના સમયમાં સં. 1916માં રિયાણમાં શંકરનાથજી એ ધોરમનાથજીનાં મંદિરમાં સિંહાસન કરાવ્યું, પ્રાગમલજીના સમયમાં સં. 1918માંકોઠારામાં શાંતિનાથનું મંદિર બંધાયુંઅને સં. 1921માં ગેડીમાં મહાવીર મંદિરમાં શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ.

ગુજરાતમાં સ્થાપત્ય-શિલ્પને લગતા આ કાલના નાનામોટા અભિલેખ બીજા અનેક સ્થળોએ પણ આવેલા છે; જેમકે સોજિત્રા (તા. પેટલાદ), તળાજા (જિ. ભાવનગર), ઉમરેઠ (જિ. ખેડા), લીગડા (તા. આણંદ), ભદ્રેશ્વર (જિ. કચ્છ), અંજાર (જિ. કચ્છ)વગેરે.દેલવાડા (જિ. જુનાગઢ)ની સામે મસ્જિદમાંનો ફારસી શિલાલેખ એ મસ્જિદ હિ. સ. 1290 (ઈ.સ. 1873)માં બંધાવ્યાનું નોંધે છે.

ગુજરાતમાં પ્રતિમાલેખોની જેમ પાળિયાલેખ પણ મોટી સંખ્યામાં કોતરાયા છે,પરંતુ સલ્તનતકાલ અને મુઘલકાલની સરખામણીએ આ કાલ દરમ્યાન પાળિયાલેખોની સંખ્યા પ્રમાણમાં ઓછી થઈ ગઇ છે. બ્રિટિશ હકુમત નીચેના જિલ્લાઓમાં શાંતિ અને સલામતી વધી તેમજ રિયાસતોમાં પણ આંતરવિગ્રહ બંધ થઈ ગયા તેથી સંગ્રામમાં વીરગતિ પામવાના પ્રસંગ ઓછા થયા હતા.

આ કાલના પ્રકાશિત પાળીયાલેખોમાં સહુથી વધુ લેખ કચ્છમાં આવેલા છે. કચ્છના જાડેજા રાજકુલમાં હવે મહારાવ મૃત્યુ પામે એ પછી એમની યાદગીરીમાં ભુજમાં છતરડી કરાવવાની પ્રથા પ્રચલિતથઈ. સં. 1883 માં 1883માં ભારમલજી,સં. 1892માં ભોજ રાજા અને સં. 1932માં પ્રાગમલજી દેવલોક પામ્યા. તેઓની છતરડીઓ ભૂજમાં આવેલી છે ને એમાં તે તે મહારાવનાં નામ તથા મૃત્યુવર્ષ નોંધતા લેખ પણ કોતરેલા છે.મહારાજ ભોજરાજને લગતા લેખમાં એમનાં પત્ની રૂપાળીબાએ સહગમન કીધાનુંતથા છતરડી સં. 1893માં ચણાવ્યાનું પણ જણાવ્યું છે.

*કચ્છમાં આ કાલખંડ દરમ્યાન પણ કેટલાક પુરુષે સંગ્રામમાં વીરગતિ પામ્યાનું કે કેટલીક સ્ત્રીઓ સતી થયાનું જણાવતા પાળિયાલેખ મળે છે; જેમકે કોટડી મહાદેવપૂરીમાં સં. 1884માં રાજગોર સોજપાલ વગેરે શૂરધન થયાનો, કોટડીમાંસં. 1898માં રાજગોરજી રવજી રામચરણ પામ્યા તેમની પાછળ નાથીબાઈએ સાગવન લીધાનો, ભૂજમાં સં. 1902માં રૂપબાઈનો પાળિયો સ્થપાયાનો, નાની, અરલ (ધીણોધર પાસે)માં સં. 1941માં તથા સં. 1943માં પ્રતિષ્ઠા કરી પૂજા સંપૂર્ણ કાર્યોનો, અંજારમાં સં. 1940માં આશાપૂરાના પૂજારી દેવ થયાનો, નળિયામાં સં. 1897માં સોનબાઈએ સાગવન કીધાનો, અને છસરામાં સં. 1944માં ગામઝંપામાં મરેલા યોદ્ધાનો પાળિયો કરાવ્યાનો. કચ્છના સુપ્રસિદ્ધ પોલિટિકલ રેસિડન્ટ કેપ્ટન મેકમર્ડોનું મૃત્યુ વિયાણીઓને હાથે થવેલું એવી અનુશ્રુતિ છે, જ્યારે એની કબરપરના લેખમાં એ મૃત્યુ કૉલેરાથી થયાનું જણાવ્યું છે. દૂધઈ (તા. અંજાર)માં કપ્તાન રેના તુર્ક ફૂતરાનું પણ સ્મારક છે, જેના પર ઈ.સ. 1883નો લેખ છે.*
*કેટલાક ભાવિક ભક્ત પોતાના ઈષ્ટદેવને પોતાનું મસ્તક ચડાવી કમલ—પૂજા કરતા. મોડવદર (તા.અંજાર ) ના ચારણ શંકર જીવાએ સં. 1968માં ગઢ પુંઅરા'નાશંકર ઉપર એ રીતે કમલપૂજા કરેલી, એના ઓટા ઉપર સં. 1970નો લેખ છેછસરા (તા. અબડાસા)ના એક પાળિયાલેખમાં સં. 1952માં ત્યાંના એક ગાલા ગુજરીજતાં ખેતર ગોચર કર્યાનું જણાવ્યું છે.*
*કચ્છની જેમ સૌરાષ્ટ્રમાં પણ ઠેકઠેકાણે પાળિયા જોવામાં આવે છે, પરંતુ આકાલખંડના પ્રકાશિત પાળિયાઓની સંખ્યા ત્યાં પ્રમાણમાં ઓછી છે. બારોટના ચોપડાઓમાં નોંધાયેલા સૌરાષ્ટ્રના પાળિયાલેખોમાંના બે લેખોમાં સં. 1887માં બે જાડેજા હાલા દેવાતણ પામ્યાનું નોંધાયું છે. એવી રીતે ઉત્તર ગુજરાતમાં શિણોલ.(તા.મોડાસા)માં જોધપુરના કોઈ રાજપુત્ર અને એની પાછળ સતી થયેલી એની બે,પત્ની ઓને લગતા લેખવાળો પાળિયો છે. આ તો માત્ર એકાદ ઉદાહરણ છે. સમસ્ત ગુજરાતમાં સંખ્યાબંધ પાળિયા આવેલા છે, જેની ઉપરના ઘણા અભિલેખ હજી અપ્રકાશિત રહ્યા છે.*

### 1.2.7 સિક્કાઓ

*સિક્કા વેપારમાં તેમજ રોજિંદા વ્યવહારમાં નાણાકીય ચલણ તરીકે મહત્ત્વનુંસ્થાન ધરાવતા હોઈ એમાં તે તે શાસન વર્ગનું, સર્વોપરિ સત્તાનાં રાજકીય પરિવર્તનોનુંતેમજ એની સાંસ્કૃતિક અસરોનું ઠીક ઠીક પ્રતિબિંબ પડે છે. અલબત્ત, સિક્કાઓમાંઘણી વાર રૂઢિપાલનનું વલણ વર્ષો લગી લંબાતું હોઈ એમાં પરિવર્તનો કે નવાં વલણોનું પ્રતિબિંબ પડતાં વિલંબ થતો હોય છે.*

*ગુજરાતમાં સત્તાના કેન્દ્રસ્થાને અગાઉ પેશવા-ગાયકવાડ હતા ને હતે એનું સ્થાન બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ લીધું, છતાં વર્ષો સુધી અહીના સિક્કાઓ ઉપર દિલ્હીના મુધલ બાદશાહોનું નામ ચાલુ રહેલું ! આથી એ પરથી તેઓની સત્તા અહી ચાલુ રહી હોવાનું અનુમાન તારવવું અસ્થાને છે. મુઘલ બાદશાહનું નામ આપવાની પ્રથા 1858માં*

*એ બાદશાહતના અંત આવવાની સાથે બંધ થઈ, પરંતુ સિક્કાઓ ઉપર ફારસી ભાષાનો ઉપયોગ એ પછી પણ ચાલુ રહ્યો !*

*હવે મુંબઈમાં મશીનથી સિક્કા પડવા લાગ્યા અને એની ઉપર અંગ્રેજી લખાણ આવવા લાગ્યું, છતાં એમાં મુઘલ બાદશાહ શાહઆલમ રજાનું વર્ષ* 46 *દર્શાવતું! ઈ.સ.* 1825 *થી ઈ.સ.નું વર્ષ અપાવા લાગ્યું. અગ્રભાગ ઉપર કંપનીનું રાજચિહ્ન અને રોમન આંકડામાં સિક્કાનું મૂલ્ય દર્શાવાતું.* 1834*થી બ્રિટિશ હિંદમાં એકસરખી સિક્કા-પદ્ધતિ અપનાવવામાં આવી. હવે એમાં મુગલ બાદશાહને બદલે બ્રિટિશ રાજાનુંનામ અપાયું ને રાજાની આકૃતિ પણ ઉમેરાઈ, કંપનીનું નામ અંગ્રેજીમાં ને સિક્કાનું મૂલ્ય અંગ્રેજીમાં તથા ફારસીમાં અપાતું. હવે* 180 *ગ્રેનનું મુખ્ય તોલમાપ નક્કી થયું. કંપનીના સિક્કા સોનાના, ચાંદીના અને તાંબાના હતા.*

1858*માં કંપનીના શાસનનો અંત આવ્યોને બ્રિટિશ તાજનું સીધું શાસન શરૂ થયું. સિક્કાઓ પરનું કંપનીનું નામ રદ થયું ને પૃષ્ઠભાગ પર અંગ્રેજીમાં* INDIA *શબ્દ ઉમેરાયો. રાણીની છબી સાથે* VICTORIA QUEEN *લખાતું તેને બદલે* 1877*થી* VICTORIA EMPRES *લખાવા લાગ્યું. એડવર્ડ* 7 *માના સિક્કાઓ પર શહેનશાહની' આકૃતિ તાજ વિનાની હોઈ એ સિક્કા 'બોડિયા રાજાના સિક્કા' તરીકે ઓળખાતા, એના સોનાના સિક્કા પડયા નથી. તાંબાને બદલે કાંસાના અને નિકલના સિક્કા પણ પડાયા. બોડિયા રાજાની. ટાલવાળી આકૃતિ સામે પ્રજામાં વિરોધ થયેલો. જ્યોર્જ ૫ માના સિક્કાઓ પર શહેનશાહની આકૃતિ તાજવાળી અને શાહી પોશાકવાળી રખાઈ, પરંતુ એમાં ઝભ્ભા ઉપર ચીતરેલી હાથીની. સૂંઢ ભૂંડ જેવી લાગતાં મુસ્લિમોને રજ થયો ને પછી એ ભૂલ સુધારી લેવામાં આવી. આમ વિદેશી શાસકોને શાસિત પ્રજાની લોકલાગણી લક્ષમાં લેવાની ફરજ પડતી. વળી અંગ્રેજોના આ સિક્કાઓ ઉપર ફારસી લખાણ ઉત્તરોત્તર ઘટતું જતાં આખરે એનું મૂલ્ય દર્શાવવામાં એ સીમિત રહ્યું ને એ પણ વિકલ્પરૂપે, બાકીનું બધું લખાણ છેવટે અંગ્રેજીમાં અપાતું થયું. સિક્કાઓ પરશાસકોની ભાષાનો પ્રભાવ ઘણો પડતો રહ્યો છે.*

*બ્રિટિશ સિક્કાઓમાં થયેલાં આ ક્રમિક પરિવર્તનોની ઘણી અસર વહેલી મોડી સમકાલીન સ્થાનિક રાજ્યોના સિક્કાઓ ઉપર પણ પડી.*

1818*માં અહી અંગ્રેજોનું રાજ્ય શરૂ થયું ત્યારે ગુજરાતમાં વડોદરા, કચ્છ, જૂનાગઢ, નવાનગર, ભાવનગર, રાધનપુર અને ખંભાત જેવાં અનેક સ્થાનિક રાજ્ય સિક્કા પડાવતાં. સમય જતાં બ્રિટિશ સરકારે અમુક રજવાડાના સિક્કા પાડવાના હક્ક માન્ય રાખ્યા તે પૈકી અમુક રાજ્યોએ જ છેક* 1947 *સુધી પોતાની ટંકશાળો ચાલુ રાખી સિક્કા પાડવાનો પોતાનો હક્ક જારી રાખ્યો હતો.*

*વડોદરાના ગાયકવાડ રાજાએ શરૂઆતમાં બાદશાહ અકબર રાજાના નામના ફારસી લખાણ સામે નાગરીમાં પોતાનું નામ સૂચવતો એકાદ સંકેતાક્ષર ઉમેરેલો.*1858 *થી*

મુઘલ બાદશાહનું નામ લુપ્ત થયું ને એના સ્થાને ગાયકવાડનાં બે પરંપરાગત બિરૂદ ઉમેરાયાં. હવે નાગરીમાં તથા ફારસીમાં રાજાનું આખું નામ અપાતું. સિક્કા ઉપર વર્ષ હજી હિજરી સનનું અપાતું. સયાજીરાવ 3જાએ (ઈ.સ.1875- 1939.) સમય જતાં સિક્કાઓ પર પોતાનું ઉત્તરાંગ, નાગરીમાં સિક્કાનું મૂલ્ય તથા વિક્રમ સંવતનું વર્ષ આપવું શરૂ કર્યું. આ રાજ્યના કેટલાક સિક્કા અમરેલીની ટંકશાળામાંથી બહાર પડ્યાછે. ગાયડવાડી રાજ્યના સિક્કાઓ પર મુઘલ બાદશાહને બદલે ઈંગ્લૅન્ડના શહેનશાહનું નામ ક્યારેય પ્રયોજાયું નહિ.

કચ્છના ચલણમાં ચાંદીની કોરીનું એકમ પ્રચલિત હતું. ભારમલજી ૨ જા(1814-19)ની કોરી ઉપર ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાના નામનું ફારસી લખાણ અને હિ. સ. 978 (ઈ. સ. 1570નું વર્ષ અપાતું ને સાથે સાથે મહારાવનું નામ નાગરીમાં લખાતું. દેશળજી બીજાએ (1819-60) ગુજરાતના સુલતાનના નામને બદલે મુઘલ બાદશાહનું નામ મુકાવ્યું. પ્રાણમલજી બીજાએ (1860-75) ફારસી લખાણમાં મુઘલ બાદશાહને બદલે રાણી વિકટોરિયાનાં નામ ખિતાબ તથા ઈસવીસનનું વર્ષ આપવાની પ્રથા શરૂ કરી. પૃષ્ઠભાગ પર નાગરીમાં મહારાવનું નામ તથા વિક્રમ સંવતનું વર્ષ અપાતું. ખેંગારજી ત્રીજાએ (1875-1972) વિકટોરિયા માટે'રાણી'ને બદલે 'સામ્રાજ્ઞી'ની પદવી પ્રયોજી હતી. કચ્છના રાજાઓએ પોતાના સિક્કાઓમાં તે તે અંગ્રેજ શહેનશાહના નામને અગ્રિમ સ્થાન આપવાની આ પ્રથા છેક 1947 સુધી ચાલુ રહી. ઉપર જણાવેલા છેલ્લા બે રાજાઓએ તાંબા ઉપરાંત ચાંદીની તથા સોનાની કોરી પણ પડાવી હતી.કચ્છના સિક્કા ત્યાંના રાજકીય ઈતિહાસ અંગેકેટલીક પ્રમાણિત વિગતો પૂરી પાડે છે.

જૂનાગઢના નવાબોના દીવાનશાહી (નવાબો મુઘલ સત્તાના દીવાન હતા એ દંષ્ટિએ) સિક્કા પણ મુઘલ બાદશાહના નામે પડાતા, એમાં ઘણું લખાણ ફારસીમાં અનેથોડું નાગરીમાં હતું ને હિજરી સનની સાથે સાથે વિક્રમ સંવતનું વર્ષ પણ અપાતું. આગળ જતાં નાગરીમાં सोरठसरकार અને ફારસી માં रियासत जूनागढ़લખાતું. સોનામાં તથા ચાંદીમાં કોરીનું અને તાંબામાં દોકડાનું ચલણ લોકપ્રિય હતું. એમાં દોકડો છેક સુધી ચાલુ રહ્યો.

નવાનગર રાજ્યના શરૂઆતના સિક્કા ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાનું નામ તથા હિ. સ. 978નું વર્ષ ધરાવતા. એમાં નાગરીમાં श्रीजाम ઉમેરાતું જામ વિભાજીએ (1852-95) નાગરીમાં જામનું નામ, સિક્કાનું મૂલ્ય અને ટંકશાળાનુંનામ તથા વિક્રમ સંવતનું વર્ષ આપવાની નવી પદ્ધતિ પ્રવર્તાવી. આ સિક્કાઓમાં પણ સોનાની કોરી, ચાંદીની કોરી અને તાંબાના દોકડા મુખ્ય હતા. 1900 પછી આ રાજ્યે સિક્કા પડાવવા બંધ કર્યા.

મુઘલ બાદશાહનું નામ અને પૃષ્ઠભાગ ઉપર નાગરીમાં बहादुर બિરુદ હોય છે.

રાધનપુરના નવાબ જોરાવરખાને (1829-74) ત્રણેય ધાતુઓમાં સિક્કા પડાવેલા. એમાં અગ્રભાગ પર ફારસીમાં વિક્ટોરિયાનું નામ તેમજ બિરુદ, ટંકશાળાનું નામ અને ઈસેવીસનનું વર્ષ ને પૃષ્ઠભાગ પર ફારસીમાં નવાબનું નામ, સિક્કાનું મૂલ્ય અને હિ.સ.નું વર્ષ દર્શાવેલું હોય છે. નવાબ બિસમિલ્લાખાન (1874-95)ના ચાંદીના સિક્કા મળ્યા છે.

ખંભાતના નવાબોના સિક્કાઓ પર ફારસીમાં નવાબનું નામ તથા હિજરી વર્ષ અને ટંકશાળનું નામ હોય છે. ક્યારેક ફારસીમાં रियासते कम्बायत કે ગુજરાતીમાં 'શ્રીખંભાત બંદર' અને ગુજરાતીમાં સિક્કાનું મૂલ્ય તથા વિક્રમ સંવતનું વર્ષ હોય છે. આ સિક્કા ચાંદીના અને તાંબાના છે. તાંબાના પૈસા વિ.સં. 1968 સુધીના મળ્યા છે.

આમ આ કાલના બ્રિટિશ હિંદના તથા સ્થાનિક રાજ્યોના સિક્કા ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઈતિહાસમાં પરિવર્તનોનું વહેલુંમોડું પ્રતિબિંબ પાડે છે. એટલું જ નહિ, એની વિગતો ગુજરાતના સિક્કાશાસ્ત્રમાં વિપુલ માહિતી પૂરી પાડે તેમ છે.

### 1.2.8 વર્તમાનપત્રો અને સામયિકો

મુદ્રણકલાના પ્રચલન સાથે વર્તમાનપત્રો અને સામયિકોમાં અર્વાચીન ઈતિહાસનાં મહત્ત્વનાં સાધન બન્યાં છે. ગુજરાતમાં બ્રિટિશ શાસન સ્થપાયું ત્યારે ત્યાં 'THE BOMBAY COURIER' અને 'THE BOMBAY GAZETTE' જેવા અંગ્રેજી વર્તમાનપત્ર નીકળતાં હતા. એમાં મુખ્ય સમાચાર મુંબઈના અને થોડા સમાચાર ગુજરાત - મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના પણ આપવામાં આવતા હતા. આથી ગુજરાતના ઈતિહાસના આ કાલખંડની કેટલીક માહિતી મુંબઈનાં એ અંગ્રેજી વર્તમાનપત્રોમાંથી મળે છે. ગુજરાતી મુદ્રણકલા તથા ગુજરાતી પત્રકારત્વના આરંભિક ઈતિહાસનો કેટલોક વૃત્તાંત પણ એમાંથી જાણવા મળે. છે.

1822માં મુંબઈમાં 'શ્રી મુમબઈનાં સમાચાર (હાલનું 'મુંબઈ સમાચાર!) નામે પહેલું ગુજરાતી વર્તમાનપત્ર નીકળ્યું ત્યારથી 1850 સુધીમાં ત્યાં કુલ પાંચ ગુજરાતી વર્તમાનપત્ર બહાર પડતાં હતાં, જેમાં 'જામે જમશેદ' પણ જાણીતું છે. આ બધાં પારસી માલિકીનાં હતાં. એમાં મુખ્ય સમાચાર મુંબઈનાં વેપાર, વહીવટ, આબોહવા વગેરેના તેમજ પારસી સમાજનાં જન્મ, લગ્ન, મરણ વગેરેના સમાચાર અપાતા, ઉપરાંત ગુજરાત, કલકત્તા, યુરોપ વગેરે દેશદેશાવરના મહત્ત્વના સમાચાર પણ અપાતા. એના લખાણ પારસીશૈલીમાં લખાતાં ને એના તંત્રીઓ જુનવાણી વિચારસરણીની હિમાયત કરતા. 1850પછી 'રાસ્ત ગોફતાર' (સત્યવક્તા) અને 'સ્ત્રીબોધ' જેવાં વર્તમાનપત્ર નીકળ્યાં તેમાં સુધારક વિચારસરણીની હિમાયત કરવામાં આવી. 'રાસ્ત ગોફતાર'માં રાજકીય વિષયોની પણ ચર્ચા કરવામાં આવતી.

શ્રી કરશનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ' વૈષ્ણવ મહારાજોની જુનવાણી દષ્ટિ સામે નીડરતાથી ઝઝૂમ્યું ને અદાલતના મુકદમા કપરી કસોટીમાં પાર ઊતરી વધુ લોકપ્રિય થયું.

એની ભાષા પણ પારસી વર્તમાનપત્રોની ભાષા જેવી હતી. મુંબઈના આ ગુજરાતી વર્તમાનપત્ર પહેલેથી ટાઈપમાં છપાતાં, પરંતુ એ ગુજરાતી ટાઈપોમાં જોડાક્ષર જૂજહોવાથી ઘણા જોડાક્ષર છૂટા પડીને છાંપવા પડતા. આ સમયની ભાષાશૈલી અને વિચારસરણીના નમૂના તરીકે 'સત્યપ્રકાશ' માંથી એક વાક્ય લઈએ. : 'હમો જદુનાથજી મહારાજને પૂછીએ છ કે કહા વેદમાં, કહા પુરાણમાં, કહા શાસ્ત્રમાં અને કહી સ્મૃતિમાં લખેલું છે કે મહારાજને અથવા ધરમગુરુને પોતાની પરણેલી સ્ત્રી ભોગવેઆ પહેલાં સોંપવી ?

1851 થી 1875ની પચીસી દરમ્યાન મુંબઈમાં બીજા અનેક વર્તમાનપત્ર નીકળ્યાં હતાં તેમાંનાં ઘણાં પત્ર થોડાં થોડાં વર્ષ ચાલી બંધ પડી ગયાં હતાં. અંગ્રેજીમાં 1838માં 'The BombayTimes' અને હવે 'The Bombay GuardianThe Bombay Standard' જેવા વર્તમાનપત્ર ઉમેરાયાં હતાં. કેટલાંક ચાલુ અંગ્રેજી વર્તમાનપત્રોના સંયોજનથી 1861માં 'the time of India' શરુ થયું. જે સરકારમાં તથા અમલદારોમાં માનીતું બન્યું. આ કાલખંડના અંતે એ ઉપરાંત The Bombay Gazette અને Advocate of India ચાલુ હતાં ને the Bombay Chronicle શરુ થયું હતું. 1901 થી The Illustrated Weekly of India પણ પ્રકાશિત થતું. વિવિધ વૃત્તોના પ્રકાશનમાં તથા વિવેચનમાં આ અંગ્રેજી વર્તમાનપત્રો તથા સામયિકોએ ઘણી પ્રગતિ સાધી હોઈ ઈતિહાસના સમકાલીન સાધન તરીકે હવેએ વધુ ઉપયોગિતા ધરાવે છે.

1880માં શ્રી ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના તંત્રીપણા નીચે મુંબઈમાં 'ગુજરાતી' નામે સાપ્તાહિક નીકળ્યું ત્યારે ગુજરાતી પત્રકારત્વનો નવો તબક્કો શરૂ થયો. એમાં રાજકીય તથા સામાજિક એ બંને પ્રકારના વિષય હિંદુ વગેરે સર્વ કોમોને લક્ષમાં રાખી શુદ્ધભાષામાં ચર્ચાતા. ભાષાશુદ્ધિ માટે પોતાનું મુદ્રણાલય કાઢી બધા જોડાક્ષરોના ટાઈપ વસાવવામાં આવ્યા હતા. 1885માં કૉંગ્રેસ સ્થપાતાં 'ગુજરાતી' એને સક્રિય સાથ આપવા લાગ્યું હતું. એ સમયે અગ્રગણ્ય ગુજરાતી વર્તમાનપત્રોમાં અંગ્રેજી વિભાગ અપાતો ને એમાંનાં કેટલાંકમાં તંત્રી-નોધ અંગ્રેજીમાં અપાતી, જેથી અંગ્રેજ તથા બિન-ગુજરાતી ભારતીય અમલદારો એમાં દર્શાવેલાં વૃત્તો તથા વિચારોથી વાકેફ થાય. 'ગુજરાતી'નું પહેલું પાનું અંગ્રેજીમાં અપાતું, પછી ગુજરાતીમાં તાજા સમાચાર, અગ્રલેખ,ચાલુ વાર્તા, રમૂજી વિભાગ, વિશિષ્ટ લેખો, ચર્ચાપત્રો, વીણેલા વર્તમાન અને સામાન્ય સમાચાર આવતા. એનો વિવિધરંગી ઘાટ ઘડાયો. વળી એની ભાષા શુદ્ધ છતાં સાદી, સરળ અને સુબોધ રખાતી. 'ગુજરાતી'ના આ ઘાટની તથા એની ભાષા અને શૈલીની અસર અન્ય સાપ્તાહિક વર્તમાનપત્રો પર પડી. હવે પછીનાં વર્તમાનપત્રો તથા સામયિકોમાંથી રાજકીય, સામાજિક, સાહિત્યિક વગેરે અનેક પ્રકારની સમકાલીન માહિતી સાંપડે છે.

દરમ્યાન તળ-ગુજરાતમાં કેટલાંક વર્તમાનપત્ર તથા સામયિક નીકળ્યાં, જેમાંથીએ કાલના ગુજરાત વિશે વિશેષ માહિતી પ્રાપ્ત થાય છે. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)એ 1849માં શરૂ કરેલું 'વરતમાન'('વર્તમાન') સાપ્તાહિક અને એના પ્રતીકારરૂપે શરૂ થયેલું 'શમશેર બહાદુર'

વિરુદ્ધ હિતો વચ્ચેનો સંઘર્ષ પ્રતિબિંબિત કરે છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 1855માં પોતાને હસ્તક લીધેલું બુદ્ધિપ્રકાશ' માસિક આ સમસ્ત કાલખંડની સામાજિક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓની ઠીક ઠીક માહિતી પૂરી પાડે છે., બુદ્ધિ પ્રકાશ આજે પણ ચાલુ છે.

1851 થી 1880 ગાળા દરમ્યાન અમદાવાદમાં 'અમદાવાદ સમાચાર' અને 'અક્સા શાળાપત્ર', ખેડામાં 'ખેડા વર્તમાન', સુરતમાં 'સુરત સમાચાર', જ્ઞાનદીપક' સત્યોદય', 'વેદ્યાતિલાસ', 'ડાંડીયો', 'ગુજરાત મિત્ર', ' દેશમિત્ર' અને સ્વતંત્રતા' ભરૂચમાં 'ભરૂચ વર્તમાન' અને 'સ્વતંત્રતા', જૂનાગઢમાં 'સૌરાષ્ટ્ર દર્પણ' અને રાજકોટમાં 'કાઠીયાવાડ સમાચાર' તથા 'વિજ્ઞાન વિલાસ' જેવાં વર્તમાન વિલાસ જેવા વર્તમાનપત્ર 'કાઠિયાવાડ, આર્યમિત્ર' અને જ્ઞાનવર્ધક' જેવાં તેમજ 'અખબારે સોદાગરસતીઅમીતર' ('સત્યમિત્ર') અને 'પારસીપંચ' જેવાં નવાં વર્તમાનપત્ર-સામાયિક નીકળ્યા. 1871-72માં મુંબઈમાંથી 13, ગુજરાતમાંથી 12 અને કરાંચીમાંથી 1 મળી કુલ 26 ગુજરાતી વર્તમાન પત્ર નીકળતા હતા. આ એ પૈકી ખેડા વર્તમાન ત્યારે ત્યાની પ્રજાને દેશ વિદેશનામાં સમાચાર મેળવવા ઉપયોગી થતું. એ આપણને ખેડા જીલ્લાના એ સમયના સમાચાર જાણવા માટે પણ ઉપયોગી નીવડે છે' ડાંડીયો' એ સમયના ગુજરાતના સામાજિક રાજકીય પ્રશ્નો અંગે માહિતી પૂરી પાડે છે.

પ્રજાના હક માટે લડતું ને દેશી રાજાઓનીય જાહેર ટીકા કરતું, 'દેશીમિત્ર' ગંભીર બનાવોય રમૂજી શૈલીમાં રજૂ કરતું ને કટાક્ષ દ્વારા પ્રજાની સુધારક પ્રવૃત્તિઓને ટેકો આપતું. 'સ્વતંત્રતા' માસિકે વર્તમાનપત્રોના અધિકાર માટે ચલાવેલી ઝુંબેશ નોંધપાત્ર છે.

1881થી 1900ની વીસી દરમ્યાન તળ-ગુજરાતમાં સુદર્શન' ગુજરાત ગેઝેટ' જ્ઞાનસુધા', 'ભરૂચમિત્ર', 'ગુજરાત દર્પણ', 'કાઠિયાવાડ ટાઈમ્સ', 'મહાકાલ', બે ઘડી મોજ', ' સયાજીવિજય', જ્ઞાનસુધા', 'નવસારી પ્રકાશ' અને પ્રજાબંધુ (આજે ગુજરાત સમાચાર) જેવાં વર્તમાનપત્ર-સામયિક નીકળ્યાં હતાં. વડોદરામાં बड़ोदावत्सल નામે મરાઠી અને 'વડોદરા વત્સલ' નામે ગુજરાતી સાપ્તાહિક નીકળેલું. એ બંધ પડયા બાદ 'સયાજીવિજય' મરાઠીમાં અને ગુજરાતીમાં નીકળતું ને આગળ જતાં એ આખું ગુજરાતીમાં નીકળતું થયેલું. સુરતમાં 'ગુજરાતી દર્પણ' સુધરાઈ અને લોકલ બોર્ડના કામકાજનો વિગતવાર અહેવાલ આપતું. આગળ જતાં એ 'ગુજરાત મિત્ર'માં ભળી ગયું. અમદાવાદમાં 'હિતેચ્છુ' પ્રજાના પ્રશ્નોની છણાવટ કરવામાં મોખરે હતું, 1898માં નીકળેલા પ્રજાબંધુએ મુંબઈના ગુજરાતીની જેમ વિવિધ ક્ષેત્રોમાં પ્રજાની સંગીન સેવાસાધી.

19મી સદીના અંતભાગમાં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા 40ની હતી.એમાંનાં ઘણાં સાપ્તાહિક કે અર્ધ-સાપ્તાહિક હતાં. થોડાં વર્તમાનપત્ર દૈનિક હતાં તે મુંબઈનાં હતાં, મુંબઈનાં પારસી વર્તમાનપત્રોમાં 'સત્યમિત્ર' અને 'કયસરે હિન્દ' લોકપ્રિય હતાં. એમાં પારસી સમાજમાં પ્રવર્તતાં જુનવટ અને સુધારા વચ્ચેનો સંઘર્ષ આબેહૂબ નજરે પડે છે. તળ ગુજરાતનાં કેટલાંક વર્તમાનપત્ર પણ પારસીઓએ કાઢેલા તે સામાન્ય કક્ષાનાં હતાં, પરંતુ

*હવે ઉચ્ચ ધોરણનાં વર્તમાનપત્ર તથા સાહિત્યિક પ્રકારનાં સામયિક વિકસ્યા હતાં. અન્ય સામયિકોમાં જૈનોને લગતાં તથા વિજ્ઞાન અને વૈદ્યકને લગતા સામયિક શરૂ થયાં હતા.*

*મોઢ વહોરા વગેરે જ્ઞાતિઓ તથા કોમોને લગતાં સામયિકો પણ નીકળ્યાં. અમદાવાદમાંથી* भारत दिवाकर *નામે એક સંસ્કૃત-ગુજરાતી માસિક પણ નીકળતુ.* 1913-14*માં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા* 19*ની હતી, તેમાં 'ગુજરાતી', 'સાંજ વર્તમાન', 'જામે જમશેદ', 'મુંબઈ સમાચાર' અને 'પારસી' નો ફેલાવો સારો હતો.*

*ગુજરાતનાં વર્તમાનપત્રોમાં બધાં જ અગ્રગણ્ય વર્તમાનપત્ર ગુજરાતી ભાષાનાં છે. ઈતર ભાષાઓમાં બહાર પડ્યાં હોય તે સંખ્યામાં જૂજ અને અસરમાં નજીવાં હતાં. કેટલાક વર્તમાનપત્ર અંગ્રેજી નામ ધરાવતાં, છતાં એ ગુજરાતી ભાષામાં જ હતાં. સામયિકોમાં ઘણાં માસિક હતાં, થોડાંક દ્વિમાસિક, કોઈ સામયિક વૈદ્યક ધર્મ, સાહિત્ય શિક્ષણ, હાસ્ય, સ્ત્રી, જ્ઞાતિ ઈત્યાદિ અમુક વિષયોને લગતાં હતાં. ઘણાં સમસ્ત સમાજને રસ પડે તેવાં સામાન્ય વિષયોનાં હતાં. કોઈ હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત-અંગ્રેજી કે સંસ્કૃત-ગુજરાતીમાંય નીકળતાં.* 1914*માં મુંબઈ, ગુજરાત અને કરાંચીમાં એકંદરે લગભગ* 43 *જેટલાં ગુજરાતી સામયિક નીકળતાં હતાં.*

*આ બધા ગુજરાતી વર્તમાનપત્રો તથા સામયિકોનો તે તે સમયના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાહિત્યિક ઈતિહાસના સાધન તરીકે અભ્યાસ કરવામાં આવે તો એ પરથી એને લગતી ઠીક ઠીક માહિતી પ્રાપ્ત થાય એમ છે.*

## (ક) તમારી પ્રગતિ ચકાસો

1. *બ્રિટિશકાલીન ગુજરાતનો ઈતિહાસ જાણવાના સાધનો દફતરો, દસ્તાવેજો,પત્રવ્યવહાર વિષે ટૂંકમાં જણાવો.*

2. *કંપની શાસન સમયના ગુજરાતના ઈતિહાસ માટે ઉપયોગી ગેઝેટિયર વિશે સંક્ષિપ્તમાં જાણવો.*

3. *બ્રિટિશકાલીન ગુજરાતના સમકાલીન ઈતિહાસગ્રંથો વિષે ચાર વાક્યો લખો.*

4. *ઈસ્ટ ઈન્ડિયા કંપની શાસન સમયનાં ગુજરાતના અભિલેખો વિશે ચાર વાક્યો લખો.*

5. *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન સમયના ગુજરાતના સિક્કાઓ વિશે ટૂંકમાં જણાવો.*

6. *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન સમયનાં મુખ્ય વર્તમાનપત્રો અને સામયિકો વિશે સંક્ષિપ્તમાં જણાવો.*

**7. સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

(1) *ગુજરાતમાંથી પ્રાપ્ત ખતપત્રોની ભાષા સામાન્ય રીતે કઈ છે? ( ગુજરાતી, અરબી)*

(2) *પાદલિપ્તપુર એટલે..........? ( પાલિતાણા, પતિયાલા)*

(3) *હઠીસિંહના ચૈત્યના સંસ્કૃત-ગુજરાતી શિલાલેખમાંથી કોના શાસન વિશે જાણવા મળે છે? (ઈસ્ટ ઈન્ડિયા કંપનીના, મરાઠા)*

(4) *કોટેશ્વરનું મંદિર ક્યાં આવેલું છે? (કચ્છ, રાજકોટ)*

(5) *કંપની શાસન સમયના સૌથી વધુ પાળીયા લેખ ક્યાંથી પ્રાપ્ત થાય છે?(મોરબી,કચ્છ)*

(6) *કંપની શાસનમાં સિક્કાઓ ક્યાં પાડવામાં આવતા હતા? (દિલ્હી, મુંબઈ)*

(7) *બોડીયા રાજાના સિક્કા એટલે...............ના સિક્કા. (વિક્ટોરિયા, એડવર્ડ 7મા)*

(8) *પ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર કયું હતું? (મુંબઈ સમાચાર, મુંબઈ કુરિયર)*

(9) *કંપની શાસન દરમ્યાનનું કયું વર્તમાનપત્ર નિર્ણાયક રીતે પ્રજાના હક્કોને વાચા આપતું હતું?* (The Time of India, *દેશીમિત્ર)*

(10) *સુધારાવાદી વિચારસરણી ધરાવતું વર્તમાનપત્ર કયું હતું? (રાસ્ત ગોફતાર, મુંબઈ સમાચાર)*

### 1.2.9 ઈતિહાસ ઉપયોગી સાહિત્ય

*ઈ.સ.*1818 *થી ઈ.સ.* 1914 *દરમિયાન ગુજરાતના ઇતિહાસ-આલેખન માટેનીજે સાધન-સામગ્રી ઉપલબ્ધ છે તેમાં ઐતિહાસિક ઘટનાઓને પ્રસ્તુત કરતાં ઉપલબ્ધ સાહિત્યિક*

સાધનોમાં સંસ્કૃત સાહિત્યની કૃતિઓનું પ્રમાણ થોડુંક અને ગુજરાતી સાહિત્યની કૃતિઓનું પ્રમાણ વિશેષ છે.

**1.2.9.1 સંસ્કૃત**

આ સમયની સંસ્કૃતમાં રચાયેલી ઈતિહાસોપયોગી માહિતીવાળી ઉપલબ્ધ કૃતિઓ નહીવત છે. એમાં ગુજરાતના કવિશ્રી શંકરલાલ મહેશ્વર (ઈ.સ. 1844-1916)ની રાજવિલાસમ કૃતિ નોધપાત્ર છે આ મહાકાવ્યમાં જાડેજા રાજાઓના ચરિતનુ આલેખન કરેલું છે. કવિને શીઘ્ર કવિનું બિરુદ આપનાર મહારાજા રાવજીરાવ પ્રાયઃ મોરબીના જાડેજા વંશના રવોજી રાજા (ઈ.સ. 1845 - ઈ.સ. 1870) છે. આ પરથી કૃતિમાં જેમનું ચરિત આલેખાયું છે તે જાડેજા રાજાઓ મોરબીના હોવા જોઈએ.

**1.2.9.2 ગુજરાતી**

આ કાલના ગુજરાતી ભાષામાં રચાયેલ ઐતિહાસિક સાહિત્યમાં કવીશ્વરદલપતરામ (ઈ.સ. 1820 થી 1898)ની કૃતિઓ નોંધપાત્ર છે. એ કૃતિઓના વિષય મુખ્યત્વે લોકહિત, સામાજિક માન્યતાઓ, સમાજસુધારા અને યંત્રવિજ્ઞાનની દેશ પરપડેલી અસરોને લગતા છે. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સ્થાપક અને કવિના પરમ સ્નેહી એલેક્ઝાંડર કિન્લૉક ફોર્બ્સને મુખ્ય પાત્ર તરીકે કેદ્રમાં રાખીને રચાયેલા 'ફાર્બસ-વિલાસ (12 અંક)'માં તત્કાલીન સામાજિક માન્યતાઓ અને સાહિત્યિક પ્રવાહો વિશેનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે.

કવિ દલપતરામનું 'ફાર્બસવિરહ' કાવ્ય એ શોકપ્રશસ્તિ-કાવ્ય છે. એમાં અમદાવાદ, સુરત, મહીકાંઠા અને કાઠિયાવાડમાં અમલદાર તરીકે સેવા આપનાર મિત્ર ફોર્બ્સના મૃત્યુથી અત્યંત દુઃખી થયેલા કવિએ અહી મિત્રના ગુણોની પ્રશસ્તિ કરી છે. ફોર્બ્સ જેવા પરોપકારી અને દેશના લોકોનું હિત ચાહનાર અંગ્રેજ અમલદારોની કીર્તિઆ દેશમાં અમર રહેશે એવો કવિનો સંદેશ છે.

મનઃસુખરામ ત્રિપાઠીએ સ્વાર્થ અને કામના વિના કલ્યાણ કરનાર ફોર્બ્સનાજીવનનું ચરિત્ર ઈ.સ. 1869માં લખ્યું. 'વિજયવિનોદ' કાવ્યમાં દલપતરામે ભાવનગરના રાજા વિજયસિંહજી (ગુહિલ રાજા વજેસિંહજી ઈ.સ. 1816 થી 1852)ની સભાનો સંવાદ કલ્પ્યો છે. એમાંથી તત્કાલીન જમાનામાં રાજદરબારોમાં સાહિત્યિક પ્રવૃત્તિઓ કેવી રીતે વિકસી હતી એનો પરિચય મળે છે. એ ઉપરાંત પીલ સાહેબ, જે આ સમય દરમ્યાન કાઠિયાવાડમાં પોલિટિકલ એજન્ટ હતા, તેમનો પણ ઉલ્લેખ કરેલોછે; કાવ્યના અંતે ચારણી કવિતામાં ધોળના જાડેજા હરધોળજી 1લા (ઈ.સ. 1539થી 1550)થી માંડી દોલતસિંહજી (ઈ.સ. 1914 થી 1939) સુધીના રાજાઓની નામાવલિ ગણાવી છે.

ઈ.સ. 1868ના જાન્યુઆરીની 16મી તારીખે ઈડરના રાઠોડ રાજા જુવાન-સિંહજી (ઈ.સ. 1855-1868)ને સરકારે 'સ્ટાર ઓફ ઈન્ડેયા'નો ઈલકાબ આપ્યો.

જામનગરના ઈતિહાસમાં ઈસવીસનની 18મી-19મી સદીમાં સયાજીરાવ નામના કોઈ રાજા થયા હોવાનું જણાતું નથી. સમયે રાજાની પ્રશસ્તિરૂપે 'ઈડરના મહારાજા જુવાનસિંહ વિશે કાવ્યની રચના કવિ દલપતરામે કરી. લીબડીના ઝાલાવંશી રાણા જશવંતસિહજી (ઈ.સ. 1862-1908)એ.સં. 1930(ઈ.સ. 1873-74)માં કચ્છના જાડેજા કુળની બે કન્યાઓ સાથે લગ્ન ક્યું તે સમયે દલપતરામે 'મહારાણા જશવંતસિંહજી વિષે'' કવિત રચ્યું. સન 1884ના ડિસેમ્બરમાં ગવર્નર જનરલ રિપન સાહેબ અમદાવાદમાં આવ્યા એ વિશે પણ એમણે કવિતા રચી છે.'હિન્દુસ્તાન પર હુન્નરખાનની ચઢાઈ'કાવ્યમાંકવિએ બ્રિટિશ સંપર્કના પરિણામે અવતરી રહેલા યંત્રવિજ્ઞાનના પરિણામે આવનારી આબાદીની સાથે કારીગરીને પહોંચેલી હાનિનું પણ વર્ણન કરેલું છે.

આ ઉપરાંત દલપતરામની 'ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ' એ કૃતિ છેક 1933માં પ્રસિદ્ધ થઈ હોવા છતાં એમાંથી ઈડર રાજ્યના રાઠોડરાજાઓનો તેમજ ભાવનગરના ગોહિલ રાજાઓનો સમકાલીન વૃત્તાંત જાણવા મળે છે.

ઈ.સ. 1859માં બેટ દ્વારકામાં અંગ્રેજોએ વાઘેરોને હરાવ્યા અને ત્યાં મંદિરો લૂટ્યાં એ સમાચાર જાણી કવિ નર્મદે 'સ્વતંત્રતા' કાવ્ય રચ્યું. એમાં બ્રિટિશ અમલની ભારત પરત્વેની ફરજો વિશે નર્મદની મુખ્ય અપેક્ષાઓ અહી શબ્દબદ્ધ થયેલી છે. આ અપેક્ષાઓ બેટ દ્વારકા પરના અંગ્રેજોના હુમલાના પ્રસંગમાં ફલિતાર્થ થઈ નથી એવુંસૂચિત કરેલું છે. આ ઉપરાંત કવિ નર્મદે ઈ.સ. 1864 માં રચેલા 'હિન્દુઓની પડતી' નામના કાવ્યમાંથી રૂઢિ અને વહેમોનું જડમૂળમાંથી ખંડન જેવા સમાજસુધારણાને લગતા વિષયોની સાથે કેટલીક ઐતિહાસિક ઘટનાઓ, વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે.

આ સમય દરમ્યાન દેશી રાજાઓની પ્રશસ્તિને લગતાં બીજા ઘણાં કાવ્ય રચાયાં છે. જામનગરના રાજા વિભાજીની આજ્ઞાથી એમના ચારણ કવિ વજમાલ પરબતજી મેહુડુએ જામવંશનો ક્રમબદ્ધ ઈતિહાસ ચારણી કવિતામાં વિ. સં. 1935 સુધીનો તૈયાર કર્યો તે 'તેભા-વિલાસ' નામથી ઇ.સ. 1493માં પ્રકાશિત થયો. એમાં જામનગરના રાજવંશ વિશે વિપુલ માહિતી મળે છે. કવિ શિવલાલ ધનેસ્વરે (ઈ.સ. 1850-1899) 'કચ્છ ભૂપતિવિવાહવર્ણન' ઈ.સ. 1988 જેમાં કચ્છના જાડેજા મહારાણાખેંગારજી 3જા (ઈ.સ. 1876-1942) વિવાહપ્રસંગનો વિગતવાર ઈતિહાસ આલેખ્યો છે. કાવ્ય પ્રાસંગિક અને વ્યક્તિ પ્રશંસાનું છે. આ કવિનું 'પ્રવાસવર્ણન' કાવ્ય ઈ.સ. 1886માં રચાયું. એમાં કવિએ કચ્છના મહારાજા ખેંગારજી ત્રીજા સાથે કચ્છથી મહાબળેશ્વરનો પ્રવાસ કરેલો એનું વર્ણન આવે છે.

રાજા ખેંગારજીની સ્તુતિ કવિશ્રી જીવરામ ગોરે 'કચ્છભૂપતિકવિતા'માં કરી છે. આ ઉપરાંત ખેંગારજી ત્રીજાના રાજ્યાભિષેક સંબંધી કાવ્યો કવિશ્રી લધા બારોટ દયાશંકર, શામજી, લીલાધર, મોરારજી, જયશંકર, દલપતરામ, હાથીરામ, પુરુષોત્તમવગેરેએ રચ્યાં છે.

*શ્રી નથુરામ સુંદરજી શુક્લે (ઈ.સ.* 1861-1923) *ભાવનગરના ગૂહિલ રાજાતખ્તસિંહજી (ઈ.સ.* 1869-1896) *વિશે 'તખ્તયશત્રિવેણિકા' નામે ગ્રંથ લખ્યો. એમાં 'સંગીતતખ્તવિનોદ' 'તખ્તયશબાવની' અને 'તખ્તયશસંગીતસુમન' એ ત્રણ કૃતિઓનોસંગ્રહ મહારાજાની હયાતીમાં યોજાયેલો, પરંતુ એ પછી ટૂંક સમયમાં મહારાજાનું અવસાન થતાં એ ત્રિવેણિકાના પ્રકાશનમાં અંતે એ કવિની 'તખ્તવિરહબાવની' નામે કૃતિ ઉમેરાઈ, જે તખ્તસિંહજીના અવસાન બાદ રચાયેલું અંજલિકાવ્ય છે. વળી માધવજી પ્રાગજી દવેએ લખેલું આ રાજાનું વિસ્તૃત જીવનચરિત્ર પણ એ પ્રકાશનના આરંભમાંજોડવામાં આવ્યું છે.*

*ગિરિજાશંકર દલસુખરામ મહેતા-કૃત 'કવિતારૂપે ગુજરાતનો ઈતિહાસ' ઈ.સ.*1872*માં રચાયો, જેમાં અર્વાચીન ઈતિહાસમાં આ સમયનાં વડોદરા, ભાવનગર, જૂનાગઢ, ધ્રાંગધ્રા, પોરબંદર, નાંદોદ, વાડાશિનોર, લુણાવાડા, ગોંડળ અને લીબડીનાં દેશી રજવાડાંઓનો ઉલ્લેખ સમાવ્યો છે. કૃતિના અંતે આપેલા કોષ્ટકમાં આ કાલના ગાયકવાડી રાજ્યમાં ગણપતરાવ ખંડેરાવ મલ્હારરાવ વગેરેએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું એનો ઉલ્લેખ કરેલો છે.*

*અંગ્રેજ સરકાર દ્વારા ઈ.સ.* 1875*માં વડોદરાના પદભ્રષ્ટ કરાયેલા મલ્હારરાવ ગાયકવાડ વિશે બે સ્વતંત્ર પદ્યકૃતિઓ રચાયેલી છે. તેમાંથી એક ચિમનલાલ નરસીદાસ- કૃત 'વડોદરાના મહારાજા મલ્હારરાવનો રાસડો' (ઈ.સ.* 1857) *તથા બીજી કૃતિગોવર્ધનદાસ લક્ષ્મીદાસ-કૃત 'મલ્હારવિરહશતક' (ઈ.સ.* 1875) *છે. આ બંને કૃતિઓમાંશરૂઆતમાં ગાયકવાડના જુલમોની ટીકા થયેલી. બીજી કૃતિમાં રાજ્યભ્રષ્ટ થયેલા' મલ્હારરાવના પદચ્યુત થવાથી રૈયતના જે દુઃખોદગાર નીકળતા હતા તે પરથી કવિએ એના વિરહથી પોતાને થયેલું દુઃખ વ્યક્ત કર્યું છે.*

*ભાવનગરના ગૂહિલ વંશના રાજાઓની કારકિર્દીનું ઝીણવટભર્યું વર્ણન પ્રજ્ઞાચક્ષુ કવિશ્રી શિવદાસ નારણે 'ગોહિલ બિરદાવળી' (ઈ.સ.* 1899)*માં કર્યું છે. એમાં ભાવનગર સંસ્થાનના પ્રથમ રાજા સેજકજી (ઈ.સ* 1240-1290)*થી માંડીને ભાવસિંહજી રાજા (ઈ,સ.* 1869-1919) *સુધીના રાજાઓનાં યશસ્વી કૃત્યોનું વર્ણન કર્યું છે.*

*ઈડરના રાઠોડ વંશના રાજા કેસરીસિંહજી (ઈ.સ.* 1868 - 1901) *એ કરેલા લોકોપયોગી કાર્યો વિશેની માહિતી લીલાચંદ હેમચંદ 'ઈડર સ્તુતિ' (પ્રાયઃ ઈ.સ.* 1888) *કાવ્યમાં આપી છે.*

*લીબડીના ઝાલા રાજા દોલતસિંહજી (ઈ.સ.* 1908-1940) *રાજ્યાસને બિરાજ્યાંએ સંબંધી અને એ પછી એમણે પ્રજામાં જે હિતકારી કાર્યો કર્યા તે સંબંધી વર્ણન કવિ શ્રી શંકરદાન જેઠીભાઈ દેથાએ "શ્રી દોલત રૌપ્ય મહોત્સવ કાવ્ય કુસુમ" માં કર્યું છે. આ ઉપરાંત ઈશરદાસજી - પ્રણિત 'શ્રી હરિરસ કૃતિની પ્રસ્તાવનામાં શંકરદાન કવિએ લીબડી રાજ્યકર્તાઓની વંશાવળી આપી છે. ત્યારબાદ મહારાણા દોલાતસિંહજીના સત્કાર્યોની*

*પ્રશસ્તી કરી છે, તથા એમણે એમના પછી દિગ્વીજયસિંહજીએ કેટલા વર્ષ રાજ્ય કર્યું એની નોંધ કરી છે.*

*રાજાઓની જેમ પ્રજાના કેટલાક નામાંકિત અગ્રણીઓના જીવનચરિત્ર આ કાલ દરમ્યાન પ્રકાશિત થયા, જેમકે અરદેશર કોતવાળ, કરસનદાસ મુળજી, દુર્ગારામ, ભોળાનાથ , સારાભાઈ, મોહનલાલ ઝવેરી, રણછોડભાઈ છોટાલાલ, બહેરામજી મલબારી , ગોવર્ધનરામ, ગાંધીજી અને દાદાભાઈ નવરોજી .શ્રી મગનભાઈ પટેલે લખેલા 'મહાજન મંડળ' (*1896*)માં પણ કેટલાક મહાજનોની રૂપરેખા આલેખાઈ છે. આ જીવનચરિત્રો પ્રજાકીય જીવનની આરસીરૂપ હોઈ એમાંથી આ કાલ ના સામાજિક , સાહિત્યિક અને રાજકીય ઈતિહાસ પર ઠીક પ્રકાશ પાડે છે. એમાં કેટલીક વાર રૂઢી અને નવા વિચારો વચ્ચે ના સંઘર્ષ ની પણ ઝાંખી થાય છે.*

*આ કાલ દરમ્યાન ગુજરાતીમાં જે નિબંધ સાહિત્ય સર્જાયું તેમાં પશ્ચિમની કેળવણી તથા સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા કેટલાક પ્રગતિશીલ લેખકોએ સામાજિક અનિષ્ટો સામે ઝુંબેશ ચલાવી સામાજિક સુધારાઓની હિમાયત કરી હતી. જેમ કે 'ભૂતનિબંધ', 'જ્ઞાતિ - નિબંધ', 'પુનર્વિવાહ પ્રબંધ', 'ગુજરાતના હિન્દુઓની સ્થિતિ', 'નાતસુધારો', 'ભોજન - વ્યવહાર ત્યાં કન્યા વ્યવહાર' , 'જમણવાર વિશે નિબંધ', 'નારીશિક્ષણ', 'બાળલગ્ન', 'નાતજાત ના તડો', 'પાટીદાર - સુબોધ સંગ્રહ' , વગેરે .*

1.2.9.3 *અરબી ફારસી*

*આ કાલ દરમ્યાન અરબી - ફારસી ભાષામાં રચાયેલા ઈતિહાસયોગી માહિતી સાહિત્યિક કૃતિઓની સંખ્યા જૂજ છે. જુનાગઢ રાજ્યના ફારસીના ખ્યાતનામ કવિ રણછોડજી દીવાને (ઈ.સ.*1968-1841*)' જંગનામ એ હોલી' નામનું પુસ્તક રચ્યું છે, જેમાં હોળી જે રીતે રમાય તેનું વર્ણન કર્યું છે. હોળીના ઉત્સવમાં હાજરી આપતા ઠેરઠેર શામિયાના ઊભા હતા. વિવિધ રંગના ભભકાદાર તખ્ત પર નવાબ બિરાજતો .*

*આ જ કવિનું 'રુકાતે ગુનાગુન' (વિવિધ પત્રો) નામનું પુસ્તક પણ એ સમયે ગુજરાત કાઠિયાવાડમાં પત્રો કેવી રીતે લખાતા એની ઝાંખી કરાવે છે. આ કૃતિમાં દિવાન રણછોડજીએ ફઝલઅલી ઉપર લખેલા પત્રો અને ફઝલઅલીએ દિવાન રણછોડ પર લખેલા પત્રો ઐતિહાસિક દ્રષ્ટીએ નોંધપાત્ર છે. જુનાગઢના ઈતિહાસ ને લગતી કેટલીક હકીકત પણ એમાંથી મળી આવે છે.*

- **(ખ) તમારી પ્રગતિ ચકાસો**

1. *ઈ.સ.* 1820 *થી* 1898 *સુધીમાં ગુજરાતમાં ઈતિહાસ ઉપયોગી ગુજરાતી સાહિત્ય વિશે પાંચ વાક્યો લખો.*

2. *ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનના સમયમાં ગુજરાતના ઈતિહાસને ઉપયોગી એવી અરબી-ફારસી સાહિત્ય અંગે ટૂંકમાં જણાવો.*

**પ્રશ્નઃ3. જોડકાં જોડો**

| | |
|---|---|
| (1) *કવિશ્રી શંકરલાલ મહેશ્વર* | (A) *ફાર્બસ વિલાસ* |
| (2) *કવીશ્વર દલપતરામ* | (B) *ફોર્બ્સનું જીવનચરિત્ર* |
| (3) *કવિ નર્મદ* | (C) *કચ્છ ભૂપતિ વિવાહવર્ણન* |
| (4) *કવિ શિવલાલ ધનેશ્વર* | (D) *સ્વતંત્રતા કાવ્ય* |
| (5) *મનસુખરામ ત્રિપાઠી* | (E) *રાજ વિલાસમ* |
| (6) *શ્રી નથુરામ સુંદરજી શુક્લ* | (F) *ગૂહીલરાજા તખ્તસિંહજીનું જીવનચરિત્ર* |
| (7) *માધવજીપ્રાગજી દવે* | (G) *તખ્તયશત્રિવેણિકા* |
| (8) *ગિરજાશંકર દલસુખરામ મહેતા* | (H) *કવિતા રૂપે ગુજરાતનો ઈતિહાસ* |
| (9) *કવિશ્રી શિવદાસ નારણ* | (I) *ઈડર સ્તુતિ* |
| (10) *લીલાચંદ હેમચંદ* | (J) *ગોહિલ બિરદાવલિ* |

## 1.3 સારાંશ

*આમ, ગુજરાતમાં અંગ્રેજી હકૂમત સ્થપાઈ(1818) લઈ અને 1858 સુધીના કંપની શાસન દરમ્યાનનો ઈતિહાસ જાણવાની સાધન-સામગ્રી વિપુલ છે. તેમાં સરકારી દફતરો અને પત્રવ્યવહાર અગત્યતા ધરાવે છે. ગુજરાતમાં અંગ્રેજી શાસન નવું હતું તેથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અમલદારો અહીની પ્રજાની માહિતી ચોકસાઈથી મેળવતા અને સંગરતા હતા. વળી, સરકારી દફતરો વગર ગુજરાતનો ઈતિહાસ સમજી શકાય નહી. આ કાલની એ સાધન સામગ્રી આજે પણ સરકારી અભિલેખાગારોમાં સચવાયેલ છે. બોમ્બે ગેઝેટિયર, દેશી રાજ્યોનાં દફતરો, અમલદારોના અહેવાલોનું સમકાલીન ઈતિહાસગ્રંથો વગેરેનું મહત્ત્વ વિશેષ છે. આમ, બ્રિટિશકાલના 1818 થી 1858 સુધીના સમયના ગુજરાતના ઈતિહાસની સામગ્રી બહુમુખી અને વૈવિધ્યસભર છે.*

## 1.4 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| Gazetteer | : *સર્વસંગ્રહ* |
| *શરાફો* | : *વ્યાજે નાણા ધીરનાર* |
| *મુંબઈ ઈલાકો* | : *ગુજરાત સહિતનું મહારાષ્ટ્ર* |
| *રિયાસતો* | : *દેશી રજવાડાં* |
| *પાળિયા* | : *વીરગતી પામનાર માટે બનાવેલી પથ્થરની ખાંભી* |
| *રાસ્ત ગોફતાર* | : *સત્યવકતા* |

## 1.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

*પ્રશ્નઃ* 7. (1) *ગુજરાતી,* (2) *પાલીતાણા,*(3) *ઈસ્ટ ઈન્ડિયા કંપની,* (4) *કચ્છ,* (5) *કચ્છ,* (6) *મુંબઈ,* (7) *એડવર્ડ 7મો,* (8) *મુંબઈ સમાચાર,* (9) *દેશીમિત્ર,* (10) *રાસ્ત ગોફતાર.*

**જોડકા જોડો. જવાબો-** (1)-E (2)-A (3)-D (4)-C (5)-B (6)-G (7)-F (8)-H (9)-J (10)-I.

## 1.6 સંદર્ભ સૂચિ


1. *હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પ્રવિણચંદ્ર પરીખ(સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*8*, ભો.જે. વિદ્યાભવન,અમદાવાદ.*
2. *ઈશ્વરલાલ ઈ. દેસાઈ, સુરત સોનાની મુરત.*
3. *ગણપતરામ હિ. દેસાઈ, ભરૂચ શહેરનો ઈતિહાસ.*
4. *ગોવિંદભાઈ એચ. દેસાઈ, ગુજરાતનો અર્વાચીન ઈતિહાસ.*
5. Bombay Gazetteers, Vol. I, Part-I, History of Gujarat, Bombay.
6. Gazetteer of the Baroda State-Vol.-I, II.
7. M. S. Commissariat, History of Gujarat, Vol. III. Ahmedabad.

# એકમ : 2 અંગ્રેજોના ગુજરાત સાથેના પૂર્વ સંપર્કો અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન

:: રૂપરેખા::

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 અંગ્રેજોના ગુજરાત સાથેના સંપર્કો

2.2.1 અંગ્રેજોના ગુજરાત સાથેના સંપર્કનો પ્રારંભ

2.2.2 રાજકીય સત્તાની પ્રાપ્તિ અને વિસ્તાર

2.2.3 મરાઠાઓના આંતરકલહો અને અંગ્રેજોનું પ્રભુત્વ

2.2.4 ગુજરાતમાં અંગ્રેજોની સર્વોપરિતા

- તમારી પ્રગતિ ચકાસો

2.3 ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન

2.3.1 બ્રિટિશ શાસનનો પ્રારંભ

2.3.2 ગુજરાતના મુલ્કોનો વહીવટ

- તમારી પ્રગતિ ચકાસો

2.4 સારાંશ

2.5 ચાવીરૂપ શબ્દો

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 સંદર્ભ સૂચિ

## 2.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *ગુજરાતમાં અંગ્રેજોનું આગમન અને શરૂઆતના સંપર્કો.*
- *અંગ્રેજોનો રાજનીતિમાં પ્રવેશ અને પ્રભાવ.*
- *કંપની સરકારના વિસ્તારોમાં વૃદ્ધિ અને વિસ્તાર.*
- *અંગ્રેજોની કૂટનીતિ અને તેમાં મળેલી સફળતા.*
- *ગુજરાતમાં કંપની શાસન અને તેનો પ્રભાવ.*

## 2.1 પ્રસ્તાવના

*મુઘલકાલમાં વહીવટીતંત્ર ઉદાર અને કાર્યક્ષમ હતું. જેણે આર્થિક સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ કરી. ભારત પ્રાચીન સમયથી જ તેના મરી-મસાલા અને તેજાનાના વેપાર માટે વિદેશી પ્રજાના આકર્ષણનું કેન્દ્ર રહ્યું. આ વિદેશી પ્રજાઓએ ભારત સાથેના સંપર્કો વધારી વેપાર કરતી રહી. ફિરંગીઓ, વલંદાઓના પૂર્વના દેશો સાથે સમૃદ્ધ વેપારને જોઈ ઈંગ્લેન્ડના અંગ્રેજોએ પણ ભારત સાથે વેપાર કરવા ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાપી. મુઘલકાલમાં સુરત ભારતનું સમૃદ્ધ અને ખ્યાતનામ બંદર હતું. તેથી અંગ્રેજોએ પણ પહેલું વેપારી જહાજ સુરત બંદરે લાંગર્યું અને આમ, ગુજરાત સાથે અંગ્રેજોના સંપર્કોની શરૂઆત થઈ. તેમણે ફિરંગીઓ જેવા અવરોધોને દૂર કર્યા ને અંતે પોતાના વેપારી હક્કોના સંરક્ષણ માટે સુરક્ષિત સ્થળ અને રાજકીય સત્તા હાંસલ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. ને રાજકીય સત્તા હાંસલ કરવાની પહેલ તેમને સુરતનો કિલ્લો જીતીને કરી. ભરૂચ વિજયે અંગ્રેજોને પ્રભાવશાળી બનાવ્યા. પછી તો મરાઠાઓ અને ગાયકવાડના ખટરાગોનો યથાયોગ્ય સમયે અને સ્થળે તેમણે લાભ ઉઠાવ્યો ને છેવટે ઈ.સ.*1818 *થી અંગ્રેજો ગુજરાતમાં સર્વોપરી શક્તિ તરીકે ઉભરી આવ્યા.*

## 2.2 અંગ્રેજોના ગુજરાત સાથેના સંપર્કો

### 2.2.1 અંગ્રેજોના ગુજરાત સાથેના સંપર્કનો પ્રારંભ

*મુંબઈનો એક બંદર તરીકે વિકાસ થયો નહોતો ત્યારે ગુજરાતનું સુરત આંતરરાષ્ટ્રીય બંદર તરીકે વિખ્યાત હતું. તેને મક્કાના પ્રવેશ દ્વાર તરીકે પણ ઓળખવામાં આવતું હતું. મુઘલકાલમાં વહીવટીતંત્ર ઉદાર અને કાર્યક્ષમ હતું. તેને લઈને ગુજરાતના વીરજી વોરા, શાંતિદાસ ઝવેરી વગેરે જેવા વિખ્યાત વેપારીઓ અને મહાજનો અને મુઘલ બાદશાહો વચ્ચે સુમેળભર્યા સબંધોને લઈને ગુજરાત આર્થિક રીતે ઉન્નત બન્યું ને જાહોજલાલીથી સભર બન્યું. આ ગુજરાતની સમૃદ્ધિ જોઈને જ વલંદાઓ, ફ્રેન્ચો અને અંગ્રેજો વેપાર વાસ્તે ગુજરાતમાં સ્થાયી થયા.*

*આમ તો હિંદમાં બ્રિટિશરો સૌ પ્રથમ ગુજરાત બંદરે ઉતર્યા. રાજ્ય કરવાની શરૂઆત સૌ પ્રથમ મદ્રાસથી કરી. જ્યાં સુધી ગુજરાતની વાત છે ત્યાં હિંદ અને બ્રિટનનાં સ્વતંત્ર રાજ્યોનો પહેલો સંબંધ અમદાવાદમાં થયો હતો. ફિરંગીઓ અને વલંદાઓના ભારત ઉપરાંત પૂર્વના બીજા દેશો સાથેના ઉન્નત વેપારને જોઈ અંગ્રેજોએ પણ ઈ.સ.* 1600*માં ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાપી ને પૂર્વના દેશો સાથે વેપાર અર્થે પગરણ કર્યા. પહેલું અંગ્રેજી વેપારી જહાજ ઈ.સ.* 1608*માં સુરત બંદરે આવ્યું ત્યારથી અંગ્રેજોનો ગુજરાત સંપર્ક શરુ થયો. પરંતુ પ્રારંભમાં અંગ્રેજો માટે અનેક પડકારો હતા. તેમાં સૌથી મોટો પડકાર ફિરંગીઓ હતા. જે મુઘલ શાસકોને અંગ્રેજો વિરુદ્ધ ચડાવતા અને તેના પરિણામ સ્વરૂપે અંગ્રેજો સુરતમાં વેપારી કોઠી સ્થાપી શક્યા નહી. મુઘલ બાદશાહે પણ શરૂઆતમાં અંગ્રેજોને સુરતમાં વેપારી કોઠી સ્થાપવાની પરવાનગી આપી નહી. તેમ છતાં અંગ્રેજો પોતાના ધ્યેય પ્રત્યે મક્કમ હતા અને તેમણે સુરત પાસેના સુંવાળી બંદરથી વેપાર શરુ*

કર્યો. ઉપર જોયું તે મુજબ અંગ્રેજો માટે ફિરંગીઓ મોટી અડચણ અને અવરોધ હતા. તેથી તેમની સાથે અવારનવાર અંગ્રેજોને અથડામણો થઈ. પરતું અંગ્રેજ કેપ્ટન બ્રેસ્ટ દ્વારા ઈ.સ.1612માં સુંવાળી બંદરે જ ફિરંગીઓને હરાવ્યા. ફિરંગીઓને દીવ ભાગી જવું પડ્યું. જેનો ધાર્યો પ્રભાવ પડ્યો. અંગ્રેજોની ખ્યાતી વધી ને સુરતના મુઘલ ફોજદારે અંગ્રેજો માટે સુરતનાં દ્વાર ખોલ્યાં. 13 ઓક્ટોબર,1613માં મુઘલ બાદશાહ જહાંગીરે અંગ્રેજોને સુરતમાં કોઠી બંધાવાનો પરવાનો આપ્યો. જેના ફળસ્વરૂપે સુરતમાં અંગ્રેજોની વેપારી કોઠી સ્થપાઈ ને તેનો પ્રથમ વડો ટોમસ એલ્ડવર્થ બન્યો.

ઉપરોક્ત સુંવાળી બંદર ખાતેની ફિરંગીઓની હાર પછી અંગ્રેજોનો મુઘલો અને હિંદી વેપારીઓ પર પ્રભાવ વધ્યો. હવે તેમણે વેપારને વિસ્તારવા ખંભાત, ભરૂચ, વડોદરા તથા અમદાવાદમાં પણ શાખાઓ શરુ કરી વેપાર વધારવા લાગ્યા. ટોમસ એલ્ડવર્થ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની અમદાવાદની પેઢીનો પ્રથમ મુનીમ હતો. સર ટોમસ રોએ ઈ.સ. 1615માં જહાંગીર બાદશાહ પાસેથી ભારતના અન્ય પ્રદેશોમાં વેપારી કોઠીઓ સ્થાપવાનો પરવાનો મેળવ્યો. તેમાં ગુજરાતનો સમાવેશ થતો હતો.

પ્રારંભમાં અંગ્રેજો ગુજરાતી હિંદી વેપારીઓ સાથે સુમેળથી વેપાર કરતા રહ્યા. મુઘલ શાસકો પણ તેમને પૂરતી સગવડો આપતા રહ્યા અને આમ અંગ્રેજોનો વેપારમાં પ્રભાવ વધતો ગયો. જેના લીધે હિંદી વેપારીઓને નુકસાન થવા લાગ્યું. તેથી અંગ્રેજો પર મુઘલ સરકારે નિયંત્રણ મુકવાનું શરુ કરેલું. સુરત બંદર અંગ્રેજો માટે અનુકૂળ હતું. તેમછતાં શિવાજીના ઈ.સ.1664ના સુરત આક્રમણ પછી સુરતની મહત્તા ઓસરવા લાગી. અંગ્રેજો પોતાના હિત પ્રત્યે સજાગ હોઈ તેમણે એવું સ્થળ અને બંદરની શોધમાં હતા કે જ્યાંથી તેઓ મુક્તપણે અને સુરક્ષિત રીતે વેપારને વિકસાવી શકે. આ માટે તેમણે ઈ.સ.1668માં મુંબઈ ટાપુ ભાડાપટ્ટે રાખી મુંબઈનો બંદર તરીકે વિકાસ કર્યો ને તેને વેપારી મુખ્ય મથક પણ બનાવ્યું. સુરતની કોઠી મુંબઈની શાખા તરીકે રહી.

### 2.2.2 રાજકીય સત્તાની પ્રાપ્તિ અને વિસ્તાર

18મી સદીની શરૂઆતમાં મુઘલ સત્તા નિર્બળ થતાં ગુજરાતમાં મરાઠાઓનો પ્રભાવ વધ્યો અને તેમણે મુઘલો પાસેથી ઈ.સ. 1758માં ગુજરાત જીત્યું. અંગ્રેજો પણ તેમના વેપારી હિતોના સંરક્ષણ વાસ્તે ગુજરાતમાં રાજકીય સત્તા હાંસલ કરવા આતુર હતા અને તેની શરૂઆત સુરતથી થઈ. સુરતમાં નવાબીનું (મુઘલ ગવર્નર) શાસન હતું. નવાબ સફદરખાનના મૃત્યુ પછી અલીનવાઝખાન નવાબ બન્યો. પરંતુ સીદીઓ તથા પેશવાઓની મદદ મેળવી મિયાં સૈયદ અચ્ચને નવાબી પદ મેળવી લીધું. આ ખટપટોમાં અંગ્રેજોની કોઠી લુંટાઈ તથા શહેરના કિલ્લેદાર હબસી અહમદખાને બે અંગ્રેજોને મારી નાંખ્યા. ગુસ્સે થયેલા સુરત કોઠીના વડા સ્પેન્સરે મુંબઈથી મદદ મંગાવી. ઉપરાંત પેશવાની ફોજે પણ સહાય મોકલતાં કિલ્લો 4 માર્ચ, 1759માં જીતી લેવામાં આવ્યો. હવે સુરત શહેરના કિલ્લાનો હાકેમ અંગ્રેજ સ્પેન્સર બન્યો ને મોઘલોના નવાબ તરીકે મિયાં અચ્ચન રહ્યો. આમ સુરતમાં બેવડું શાસન સ્થાપ્યું ને તે ઈ.સ. 1800 સુધી ચાલ્યું. મુઘલ

બાદશાહે પણ અંગ્રેજોનો સુરતના કિલ્લા પરના અધિકારને મંજૂર રાખ્યો. આમ, અહીંથી ગુજરાતમાં અંગ્રેજોની રાજકીય સત્તાનો પ્રારંભ થયો.

સુરત શહેરની મહેસૂલી આવક અંગ્રેજો, નવાબ અને મરાઠાઓ એમ ત્રણ વચ્ચે વહેંચાતી. કિલ્લા અને મુઘલ કાફલાના નિભાવ વાસ્તે અંકલેશ્વર ટેમ્બા, બાલેસર તથા વરિયાવ કસબાના પ્રદેશોમાંથી મહેસૂલ વસૂલવાનો હક્ક મરાઠાઓ પાસેથી અંગ્રેજોએ મેળવી લીધો. આમ, મરાઠી પ્રદેશો પર અંગ્રેજોનો અધિકાર થયો. સુરતમાં અંગ્રેજો અને નવાબની સત્તા દૂર કરવા વલંદાઓએ સીદીઓને સાથે લઈ નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અંતે ઈ.સ. 1780 સુધીમાં વલંદાઓનું અસ્તિત્વ સુરતમાંથી નજીવું બની રહ્યું.

પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓને ભારે હારનો સામનો કરવો પડ્યો ને તેમની પ્રતિષ્ઠા ઘટી. મરાઠાઓમાં આંતરવિગ્રહ જેવી સ્થિતિ સર્જાઈ. જેની યોગ્ય તકનો અંગ્રેજોએ લાભ ઉઠાવ્યો. માધવરાવ 1લાના વખતમાં નિઝામના મરાઠી પ્રદેશો પરના આક્રમણને ખાળવા અંગ્રેજો પાસે તોપખાનાની લશ્કરી મદદ માંગી તેના બદલામાં મરાઠા રઘુનાથરાવે ગુજરાતના મરાઠા પ્રદેશ જંબુસર કંપનીને આપવા પેશકશ કરી. પરંતુ અંગ્રેજોની માંગ મુંબઈના સાલસેટ, વસઈ વગેરે જેવા ટાપુઓ પ્રાપ્ત કરવામાં રસ હોઈ આ સોદો નિષ્ફળ રહ્યો. વડોદરા રાજ્યની સત્તા માટે ગોવિંદરાવ અને ફત્તેસિંહરાવ વચ્ચે પ્રશ્ન ઊભો થયો ત્યારે ફત્તેસિંહરાવે સુરતના અંગ્રેજ કોઠીના પ્રમુખ પ્રાઈસ સાથે મંત્રણાઓ કરી લશ્કરી મદદ માંગી હતી. તેના બદલામાં અંગ્રેજોને ફત્તેસિંહરાવે સુરત પરગણાનો પેશવાઈ હિસ્સો અને પોતાની સુરતની ચોથ આપવાની તૈયારી બતાવી હતી. આમ, ઉપરોક્ત પ્રસંગો પરથી એટલું સ્પષ્ટ થાય છે કે અંગ્રેજોનો પ્રભાવ હવે મરાઠાઓએ માની લીધો હતો. મુંબઈ કંપનીના અંગ્રેજ અધિકારીઓ હવે રાજકીય હક્કો વધારવા તથા વધુ લાભો મેળવવા તકની શોધમાં હતા. આવી એક તક ઈ.સ. 1771માં અંગ્રેજોને પ્રાપ્ત થઈ. સુરતના નવાબે ભરૂચના નવાબ પાસેથી ચડેલી બાકી નીકળતી લેણી જકાત મેળવી આપવા મુંબઈના ગવર્નર વિલિયમ હોર્નબાયને લખ્યું. અને આ કામ માટે અંગ્રેજોને ભરૂચ પાસેથી જે રકમ મળે તેનો ૨/૩ ભાગ અને એ કામમાં થનાર ખર્ચનો ત્રીજો ભાગ આપવાની સંધિ કરી. ઉપરાંત કંપનીના રક્ષણ તળેના ભરૂચના વેપાર માટેની કંપનીની જકાતની આવક છ વર્ષની ચઢી હતી. તેનું પણ અંગ્રેજોને બહાનું મળી ગયું. તેથી અંગ્રેજોએ માર્ચ 1771માં ભરૂચ પર આક્રમણ કર્યું. જોકે અંગ્રેજોની અહીં હાર થઈ તેમછતાં ભરૂચના નવાબે મુંબઈ જઈ અંગ્રેજો સાથે સંધિ કરી અંગ્રેજોને ચાર લાખ રૂપિયા તથા ભરૂચમાં વેપારી કોઠી સ્થાપવા જગ્યા આપવાનું ઠરાવ્યું. આના બદલામાં ભરૂચ નવાબને બાહ્ય આક્રમણ વખતે મદદ કરવાનું અંગ્રેજોએ સ્વીકાર્યું. નવાબ સંધિ પછી સમુદ્ર માર્ગે ભરૂચ આવ્યો પણ તેનો કાફલો જમીન માર્ગે આવતો હોઈ મરાઠાઓએ તે લૂંટ્યો. સોએક માણસોને મારી નાંખ્યા. આની ફરિયાદ ભરૂચ નવાબે મુંબઈ સરકારને કરી. પરંતુ તેના પર અંગ્રેજોએ કોઈ કાર્યવાહી કરી નહીં. તેથી ભરૂચ નવાબનો અંગ્રેજો પરથી વિશ્વાસ ઉઠી ગયો. બીજી બાજુ ઉપરોક્ત કરાર પ્રમાણે જેમ્સ મોર્લે એપ્રિલ, 1772માં ખંભાત કોઠી સ્થાપવા અર્થે આવ્યો ત્યારે કંપનીએ મોકલાવેલ ભેટનો સ્વીકાર કર્યો નહીં. નવાબના આ વર્તાવને કંપનીનું અપમાન ગણવામાં આવ્યું અને મોર્લેએ અંગ્રેજોને ભરૂચ જીતી લેવા

*ભારપૂર્વક જણાવ્યું. તેથી જનરલ વેડરબર્નના નેતૃત્વમાં ભૂમિદળ અને વોટસનના નેતૃત્વમાં નૌકાદળ મોકલી 18મી નવેમ્બર,1772ના ભરૂચ જીતી લેવામાં આવ્યું. આમ ભરૂચ અંગ્રેજોના હાથમાં આવ્યું.*

**2.2.3 મરાઠાઓનો આંતરસંઘર્ષો અને અંગ્રેજોનું પ્રભુત્વ**

*પૂણેના પેશ્વાના અને રઘુનાથરાવ વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો જતો. ગુજરાતમાં અડાસ પાસે આણંદ-મોગરી નજીક રાઘોબા તથા પેશવાના સેનાપતિ હરિપંત ફડકે વચ્ચે લડાઈ થઈ. જેમાં રાઘોબાનો પરાજય થયો ને તે આશરો લેવા ખંભાત ગયો. પરંતુ ખંભાત નવાબે તેને આશ્રય આપ્યો નહીં તેથી ખંભાતમાં અંગ્રેજોના આશ્રયે રહ્યો ને તેને છૂપી રીતે સુરત પહોંચાડવામાં આવ્યો. અંગ્રેજો રાઘોબાને પોતાનો પેશવાઈ હક્ક પાછો અપાવશે તેવી ખાતરી થતાં તેણે અંગ્રેજો સાથે માર્ચ-1775માં સુરતમાં મૈત્રીકરાર કર્યા. રાઘોબાને મદદ કરવાના બદલામાં અંગ્રેજોને વસઈ, સાલસેટ, થાણા સહિતના મુંબઈના બધા ટાપુ મળે ઉપરાંત જંબુસર, ઓલપાડના પ્રદેશો અને અંકલેશ્વરનો પેશવાનો હિસ્સો મળે તે માટે પ્રવૃત્ત બન્યા. જે અંગ્રેજોનું ધ્યેય હતું.*

*ગુજરાતમાં અંગ્રેજોની વગ આમ વધી પડી. રાઘોબા સાથે કર્નલ કીટિંગની સાથે અંગ્રેજ લશ્કર જોડાયું. પરંતુ બીજી બાજુ સુરતના કારરને ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્સએ અમાન્ય કર્યો ને રાઘોબાને તેના ભાગ્ય પર છોડી દઈ અંગ્રેજ જનરલ કટિંગને પાછો બોલાવી લેવાનો હુકમ કરવામાં આવ્યો. હવે અંગ્રેજોએ પુણેના પેશવા સાથે પુરંધર સંધિ કરી. જે મુજબ અંગ્રેજોને પેશવા પાસેથી ભરૂચની મહેસૂલી આવક અને જમીન પ્રાપ્ત થઈ. પરંતુ મડાગાંઠ ત્યારે સર્જાઈ જયારે ઈંગ્લેન્ડની કોર્ટ ઓફ ડાયરેક્ટર્સે રાઘોબા સાથેના સુરત કરારને માન્ય રાખ્યા. તેમ છતાં અંગ્રેજો પ્રત્યેક કરારનું અર્થઘટન પોતાના હિતમાં કરતા રહ્યા.*

*પેશ્વાના ફ્રેન્ચો સાથેના સંપર્કો વધતાં અંગ્રેજોએ ફરી રાઘોબાનો પક્ષ લેવાનું નક્કી કર્યું. રાઘોબાએ અંગ્રેજોની આ મદદના બદલા સ્વરૂપે વલસાડ તથા અંકલેશ્વરની પેશવાની મહેસૂલ આપવા સ્વીકાર કર્યો. રાઘોબા અને અંગ્રેજોની સંયુક્ત સેનાનો પેશવાના સેનાપતિ નાના ફડનવીસ અને મહાદજી સિંધિયાએ સામનો કર્યો. અંતે વડગાંવની સંધિ 16મી જાન્યુઆરી, 1779માં તેમની વચ્ચે થઈ. જે મુજબ રાઘોબાને પેશવાને હવાલે કરવામાં આવ્યો. જેના બદલામાં પેશવા તરફથી અંગ્રેજોને ગુજરાતમાં મરાઠાઓ તરફથી પ્રાપ્ત પ્રદેશો પાછા આપવાનું નક્કી થયું.*

*ટૂંક સમયમાં જ રાઘોબા સિંધિયાની પકડમાંથી છટકી ભરૂચ પહોંચ્યો. જ્યાં અંગ્રેજ જનરલ ગોડાર્ડ તેન મળ્યો. આ અરસામાં પેશવા, નિઝામ, માયસોર અંગ્રેજો વિરુદ્ધ સંઘઠીત થઈ રહ્યા છે તેવી બાતમીએ અંગ્રેજો ફરી રાઘોબાનો પક્ષ લીધો ને પેશવા તથા ગાયકવાડ વચ્ચેના સંઘર્ષનો લાભ ઉઠાવવા ગાયકવાડ સાથે સંઘ સ્થાપવાનું નિશ્ચિત થયું. ગુજરાતમાં પેશવાના તાબાના ડભોઈને જનરલ ગોડાર્ડે 20મી જાન્યુઆરી, 1780માં જીતી લીધું. બીજી બાજુ ભરૂચમાંથી મરાઠા સરદારોને પણ અંગ્રેજોએ હાંકી કાઢી અંકલેશ્વર, હાંસોટ અને આમોદ જીતી લીધાં. કૂંઢેલા ગામે ગોડાર્ડ અને ફત્તેસિંહરાવ ગાયકવાડ વચ્ચે ૨૬ જાન્યુઆરી, 1780ના રોજ જે કરાર થયા તેનાથી ગાયકવાડ પેશવાની ધૂંસરીમાંથી મુક્ત થયો. ઉપરાંત*

*ફત્તેસિંહરાવ અંગ્રેજોને 3000 અશ્વદળ સાથે અને યુદ્ધ સમયે તે વધારી આપે તેવું નક્કી થયું. અંગ્રેજોને આ કરારથી ગાયકવાડનો સુરત અઠ્યાવીસ જિલ્લામાંનો ગાયકવાડી હિસ્સો તથા ભરૂચ, નર્મદા પરનો શિનોરના પ્રદેશો મળ્યા. ગોડાર્ડ આ કરાર પછી ફત્તેસિંહરાવને સાથે લઈ અમદાવાદ ગયો ને 15મી ફેબ્રુઆરી 1780માં પેશવાના સૂબા બાબાજી પંડિત હરાવી અમદાવાદ જીતી લીધું. અમદાવાદ ફત્તેસિંહરાવને સુપરત કરવામાં આવ્યું. વડોદરામાં બ્રિટિશ રેસિડેન્ટ નીમવામાં આવ્યો. આમ, અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે લાંબો સંઘર્ષ ચાલ્યો. 17મી મે 1782માં ગ્વાલિયર નજીક સાલબાઈની ઐતિહાસિક સંધિથી આ સંઘર્ષનો અંત આવ્યો. આ કરારથી ગાયકવાડને અમદાવાદ સહિતના જીતેલા ઘણા પેશવાના પ્રદેશો પાછા સોંપવા પડ્યા. અંગ્રેજોને જોકે આ સંધિથી ખાસ કઈ ગુમાવવું પડ્યું નહી. આ સંધિ પ્રમાણેની વ્યવસ્થા ઈ.સ. 1789 સુધી ચાલુ રહી. ફતેસિંહરાવનું 1789માં અવસાન થતાં માનાજીરાવ અને ગોવિંદરાવ વચ્ચે પેશવા દરબારમાં લાંબો સંઘર્ષ ચાલ્યો ત્યારે માનાજીરાવે અંગ્રેજોની સહાય લેવા પ્રયાસ કર્યો. પરંતુ ગવર્નર જનરલ લોર્ડ કોર્નવોલીસના માર્ગદર્શન હેઠળ મુંબઈના અંગ્રેજો આ બાબતે તટસ્થ રહ્યા હતા. 1792માં રાજા સયાજીરાવનું અવસાન થતાં ગોવિંદરાવ વડોદરાની ગાદીએ આવ્યા. અમદાવાદના પેશવાના સૂબા શેલૂકરે અમદાવાદમાંની ગાયકવાડી હવેલી પર આક્રમણ કરતાં ગોવિંદરાવ ગાયકવાડે અમદાવાદ જીતી લીધું. ઉપરાંત પેશવાએ વાર્ષિક પાંચ લાખ રૂપિયામાં અમદવાદ ચાર વર્ષ માટે ગાયકવાડને આપ્યું. વધુમાં મહી નદીની ઉત્તરના પ્રદેશોના પેશવાના મહેસૂલી હક્ક પણ ગાયકવાડને આપવામાં આવ્યા હતા.*

### 2.2.4 ગુજરાતમાં અંગ્રેજોની સર્વોપરિતા

*ઈ.સ.1800માં ગોવિંદરાવ ગાયકવાડના અવસાન સમયે વડોદરાની આર્થિક સ્થિતિ નબળી પડી તેવામાં ગાદી વારસા માટે તેમના પુત્રો આનંદરાવ અને કન્હોજીરાવ વચ્ચે લાંબો સંઘર્ષ થયો. જેમાં લવાદી તરીકે મુંબઈના અંગ્રેજ ગવર્નર જોનાથન ડંકને એલેક્ઝાન્ડર વોકરને વડોદરાના પ્રશ્નોનું નિરાકરણ કરવા લશ્કર સાથે મોકલ્યો. છેવટે આનંદરાવને ગાદી પ્રાપ્ત થઈ. રાજ્યના દીવાન તરીકે રાવજીને નીમવામાં આવ્યો. જે કાબેલ દીવાન હતો. તેણે રાજ્ય વિરુદ્ધનાં બંડ શમાવ્યાં. વોકરે કડીનો પ્રદેશ ખાલસા કરી ગાયકવાડના પ્રદેશોમાં ભેળવ્યો. કન્હોજીરાવ અને બંડખોર જગીરદારોને નમાવ્યા. આમ, વડોદરાના આનંદરાવને ઉપરોક્ત સહાયના બદલામાં ઈ.સ. 1802ના ખંભાત કરારથી અંગ્રેજોને ચોવીસ પરગણું તથા સુરતની ચોથનો ગાયકવાડનો હિસ્સો પાછો મળ્યો. ઉપરાંત કડી જીતવાના કાર્યમાં અંગ્રેજોની મદદના બદલામાં અંગ્રેજોને ચીખલી પરગણું આપવામાં આવ્યું. અંગ્રેજ લશ્કરના નિભાવ વાસ્તે ધોળકા અને નડિયાદની ઉપજ પણ અંગ્રેજોને આપવાનું નક્કી થયું. ખંભાત કરારથી જ વડોદરામાં નિયમિતપણે અંગ્રેજ રેસિડેન્ટ મેજર વોકરની નિમણૂક થઈ. વધુમાં કરારના પ્રથમ વર્ષમાં લશ્કર માટે થયેલ ખર્ચ સ્વરૂપે ધોળકા, નડિયાદ, વીજાપુર અને કડી વિસ્તાર અંગ્રેજોને મળ્યા હતા.*

*31મી ડિસેમ્બર, 1802ના અંગ્રેજો અને પેશવા બાજીરાવ બીજા વચ્ચે વસઈની સંધિ થઈ હતી. જેમાં પેશવાએ સહાયકારી યોજના સ્વીકારી તેના બદલામાં ગુજરાતમાંના મોટી ઉપજ ધરાવતા સુરત અઠ્ઠાવીસમાં આવેલા પેશવાના મહાલો પ્રાપ્ત થયા. અગાઉ ખંભાત કરારથી અંગ્રેજોને ગાયકવાડના સુરતના ચોવીસ પરગણું અને સુરતની ચોથ પ્રાપ્ત થઈ હતી. તેથી હવે સમગ્ર સુરત જિલ્લા પર અંગ્રેજોની સત્તા સ્થપાઈ. આમ પેશવા અને ગાયકવાડના લવાદી તરીકે અંગ્રેજોને ખૂબ લાભ થયો.*

*ઉપર જોઈ ગયા તેમ વડોદરા રાજ્યની આર્થિક સ્થિતિ નબળી હતી. તેનો લાભ સિંધિયા ઉઠાવવા માંગતો હતો ને અમદાવાદનો ઈજારો ગાયકવાડ પાસેથી પોતાને મળે તે માટેના પ્રયત્નો ચલાવ્યા. પરંતુ ગવર્નર જનરલ વેલેસ્લી સાથે સિંધિયાને સંઘર્ષ થતાં વેલેસ્લીની સૂચનાથી સિંધિયાના તાબાના ભરૂચનો કિલ્લો તથા પાવાગઢનો કિલ્લો અંગ્રેજો દ્વારા ઈ.સ. 1803માં જીતી લેવામાં આવ્યો. જોકે સિંધિયા સાથે અંગ્રેજ સરકારે ડિસેમ્બર, 1803ની સુરજી અંજનગાંવની સંધિ કરી દાહોદ અને પાવાગઢ સિંધિયાને પાછા સોંપવામાં આવ્યાં અને ભરૂચ અંગ્રેજોએ લીધું.*

*બીજી તરફ ઈ.સ. 1804માં પેશવા પાસેથી ગાયકવાડને અમદાવાદનો જે ચાર વર્ષનો ઈજારો મળ્યો હતો તે પૂર્ણ થતો હોઈ પુણેના રેસિડેન્ટ કર્નલ બેરી ક્લોઝે રસ લઈ ગાયકવાડને માટે અમદાવાદનો ઈજારો 10 વર્ષ માટે તાજો કરી આપ્યો. આના પછી વડોદરાના રેસિડેન્ટે ગાયકવાડ સાથે નવા કરાર કર્યા. જેમાં સહાયકારી સેનાના નિભાવ માટે ધોળકા, નડિયાદ, વજાપુર, માતર તથા મહુધા પરગણા, કડી, કમી-કઠોદરા અંગ્રેજોને મળ્યાં. ઉપરાંત ગાયકવાડના બધાં દેશી-વિદેશી રાજ્યો સાથેના રાજકીય, આર્થિક બાબતોમાં અંગ્રેજો લવાદ તરીકે સ્વીકારવામાં આવતાં વડોદરા પર અંગ્રેજો સર્વોપરી બન્યા.*

*આમ ઉપરોક્ત પેશવા અને ગાયકવાડ સાથેની સંધિઓથી અંગ્રેજોની ગુજરાતમાં સત્તા વિસ્તાર પામી ને સુરત ચોવીસ, અઠ્ઠાવીસ પરગણાં, ચીખલી પરગણું, ખેડા જિલ્લો, ધોળકા, નડિયાદ, માતર, મહુધા તથા વીજાપુર પરગણાં, કડી-ટપ્પો, જંબુસર, સિનોર, ડભોઈ, આમોદ, દહેજબારા, ઓલપાડ, હાંસોટ, અંકલેશ્વર જેવાં મહી-તાપી વચ્ચેના પરગણાં, ધંધુકા, રાણપુર, ઘોઘાના પરગણાં, નાપાડ તથા ખંભાતની ચોથ વગેરે અંગ્રેજોએ મેળવ્યાં.*

*સૌરાષ્ટ્રમાં અનેક નાનાં-મોટાં દેશી રજવાડાં હતાં. જેમાંથી પેશવા અને ગાયકવાડ પોતાની ખંડણી માટે વારંવાર ચડાઈઓ કરતા. ઉપરાંત જૂનાગઢ, ભાવનગર જેવાં મોટાં રાજ્યો પણ પાડોશી પ્રદેશોમાં હલ્લા કરતાં. આવી સ્થિતિથી સૌરાષ્ટ્રના નાના ઠાકોરોએ વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટને પોતાના રક્ષણ માટે ફરિયાદ કરી. છેવટે અંગ્રેજોએ સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યો પર પોતાની વગ વધારવાની તક ઝડપી મેજર વોકરને સૌરાષ્ટ્રમાં ઈ.સ. 1807માં મોકલવામાં આવ્યો. તેણે સૌરાષ્ટ્રમાં પ્રવર્તતી અંધાધૂંધી અને અવ્યવસ્થાનો અંત લાવવા તથા ગાયકવાડની આવક નિશ્ચિત કરવા સૌરાષ્ટ્રના દેશી રજવાડાં સાથે 'વોકર સેટલમેન્ટ'થી જાણીતા ઐતિહાસિક કરાર કર્યા. જેમાં બધાં દેશી રાજ્યો જોડાતાં એક રીતે સૌરાષ્ટ્રમાં શાંતિ સ્થપાઈ ને અંગ્રેજોનો સૌરાષ્ટ્રમાં પણ પ્રભાવ વધ્યો.*

*ગાયકવાડ સાથે અંગ્રેજોએ ઈ.સ. 1808માં પૂરક કરાર કરી ભાવનગર, નડિયાદ, મહુધા, ધોળકા, માતર વગેરે વિસ્તારના કેટલાંક ગામોની મહેસૂલી ઊપજ પ્રાપ્ત કરી. ગોવિંદરાવના પુત્ર કાન્હોજીએ વડોદરા વિરુદ્ધ બંડ આદર્યું ત્યારે અંગ્રેજોએ તેને કેદ કરી મદ્રાસમાં આજીવન નજરકેદ રાખ્યો. ઈ.સ. 1812માં જામનગરને સંધિ કરવા મજબુર કર્યું. તો ઈ.સ. 1813માં કચ્છના જમાદાર ફત્તેહમાંમદ અને હાલર વચ્ચે રેસિડેન્ટ કર્નાકે સમાધાન કરાવ્યું. આજ વર્ષમાં ખેડા કલેક્ટરે ભાવનગર પાસેથી રાણપુર, ધંધુકા અને ઘોઘા પરગણાં પ્રાપ્ત કર્યા.*

*ઈ.સ. 1813માં અંગ્રેજોએ ગંગાધર શાસ્ત્રીને ગાયકવાડના દીવાન તરીકે નીમ્યા. અમદાવાદનો ગાયકવાડનો ઈજારો સને 1814માં પૂર્ણ થતો હોઈ અંગ્રેજો અને ગાયકવાડે ગંગાધર શાસ્ત્રીને અમદાવાદના ઈજારાની મુદત વધારી આપે અને પેશવા-ગાયકવાડ વચ્ચે ખંડણી જેવાં નાણાકીય પ્રશ્નોના નિરાકરણ વાસ્તે પૂણે પેશવા પાસે મોકલવામાં આવ્યો. ત્યાં પેશવાનું અપમાન કરવા બદલ ગંગાધરશાસ્ત્રીનું ખૂન કરવામાં આવ્યું. આ કૃત્ય માટે અંગ્રેજોએ પેશવા પાસે જવાબદારને સોંપવા તથા ખૂનના બદલામાં ગાયકવાડનું સઘળું દેવું માફ કરાવ્યું.*

*ઓખામંડળના વાઘેરોને પણ અંગ્રેજોએ તાબે કર્યા. આમ અંગ્રેજો ભારતીય રાજનીતિમાં પોતાનો પગદંડો મજબૂત કરતા રહ્યા. ઈ.સ. 1817માં હિંદમાં અંગ્રેજો વિરુદ્ધ વાતાવરણ જામ્યું. પેશવાને અંગ્રેજો વિરુદ્ધ પગલાં લેવા દબાણ થવા લાગ્યું ત્યારે આ સ્થિતિ પામી જઈ અંગ્રેજોએ 13મી જૂન,1817ના રોજ પૂણેના ઐતિહાસિક કરાર કરી લઈ ગાયકવાડ પરથી પેશવાનો હક્ક નાબૂદ કર્યો તથા અમદાવાદ વર્ષે સાડા ચાર લાખના પટ્ટે કાયમ માટે ગાયકવાડને અપાવ્યો. જે આગળ જતાં પેશવાએ એ રકમ લેવાનો અધિકાર અંગ્રેજોને આપી દીધો. વળી, પેશવાએ સહાયકારી લશ્કર વાસ્તે અંગ્રેજોને સૌરાષ્ટ્રનો પોતાનો ખંડણીનો અધિકાર પણ અંગ્રેજોને આપી દીધો. વધુમાં જંબુસર, આમોદ, દહેજબારા, ડભોઈ, બહાધરપુર તથા સાવલી પણ પેશવાએ અંગ્રેજોને આપ્યાં અને આમ અમદાવાદ અને ઓલપાડ સિવાયનાં ગુજરાતના બધા પેશવાઈ પ્રદેશો અંગ્રેજોએ પ્રાપ્ત કર્યા. સાચી રીતે જોઈએ તો પૂણે કરારથી ગુજરાતમાંથી પેશવાઈ સત્તાનો અંત આવ્યો. પૂણે કરારનું બીજું મહત્ત્વ એ રહ્યું કે વડોદરા રાજ્ય પેશવાના આધિપત્યમાંથી સ્વતંત્ર થયું. સને 1818માં ગાયકવાડ સાથે અંગ્રેજોએ પૂરક કરાર કરી તેના સહાયકારી લશ્કરમાં વધારો કરી ગાયકવાડ પાસેથી અમદાવાદ અને દશક્રોઈ વિસ્તાર કંપની સરકાર માટે મેળવી લેવામાં આવ્યાં. સામે પક્ષે અંગ્રેજોએ ડભોઈ, બહાધરપુર, સાવલી તથા પેટલાદ ગાયકવાડને આપ્યાં. પેટલાદના બદલામાં ઉમરેઠ અંગ્રેજોએ લીધું. સિદ્ધપુર, ઓખામંડળ અને શંખોદ્વાર બેટ ગાયકવાડને આપવામાં આવ્યાં. તો સામે પક્ષે ગાયકવાડે કપડવંજ, ભાલેજ, કડોદ અને અન્ય પરગણાં આપી અંગ્રેજો પાસેથી વીજાપુર અને કડી પ્રાપ્ત કર્યા. સૌરાષ્ટ્રમાં મહેસૂલ વસૂલ કરવાનું કાર્ય ગાયકવાડે અંગ્રેજોને સુપ્રત કર્યું. એજ રીતે મહીકાંઠાના પ્રદેશોમાં પણ સૌરાષ્ટ્ર જેવી વ્યવસ્થા કરવામાં આવી. આમ, ઈ.સ. 1818 થી ગુજરાતમાં બ્રિટિશ કંપનીના વિસ્તારોનો વ્યાપક વિસ્તાર થયો ને અંગ્રેજો એકમાત્ર શક્તિશાળી સર્વોપરિ બન્યા.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. *અંગ્રેજોના ગુજરાત સાથેના સંપર્કોના પ્રારંભ વિશે પાંચ વાક્યો લાખો.*

2. *અંગ્રેજોએ ગુજરાતમાં રાજકીય સત્તા કેવી રીતે પ્રાપ્ત કરી તે વિશે ટૂંકમાં જણાવો.*

3. *મરાઠાઓના આંતરકલહોનો અંગ્રેજોએ કેવી રીતે લાભ ઉઠાવ્યો તેના વિશે ચાર વાક્યો લખો.*

4. *ગુજરાતમાં અંગ્રેજોની સર્વોપરિતા કેવી રીતે સ્થપાઈ તે સંક્ષિપ્તમાં જણાવો.*

**પ્રશ્ન. 2. ખાલી જગ્યા પૂરો.**

(1) *મુઘલકાળમાં ................પશ્ચિમ ભારતનું ખ્યાતનામ બંદર હતું.*

(2) *અંગ્રેજોનું પહેલું જહાજ ઈ.સ. ............માં ..............બંદરે આવ્યું હતું.*

(3) **...................***ની લડાઈમાં અંગ્રેજોએ ફિરંગીઓને હરાવ્યા હતા.*

(4) *અંગ્રેજોને સુરતમાં કોઠી સ્થાપવાનો પરવાનો મુઘલ બાદશાહ............એ આપ્યો હતો.*

(5) *સુરત શહેરના કિલ્લાનો પ્રથમ અંગ્રેજ હાકેમ............. બન્યો હતો.*

(6) *અંગ્રેજોએ ભરૂચ ઈ.સ. ............માં જીત્યું હતું.*

(7) *સાલબાઈની સંધિ ઈ.સ. ..................માં થઈ હતી.*

(8) ............... *કરારથી વડોદરામાં નિયમિત અંગ્રેજ રેસિડેન્ટની નિમણૂક થઈ.*

(9) *વસઈની સંધિથી અંગ્રેજોની સમગ્ર .............. જિલ્લામાં સત્તા સ્થપાઈ.*

(10) *વોકર સેટલમેન્ટ ઈ.સ. ............ વર્ષમાં થયા હતા. જેણે સૌરાષ્ટ્રમાં શાંતિ સ્થાપી.*

## 2.3 ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન

*એક વેપારી તરીકે હિંદ આવેલા અંગ્રેજોનો પ્રથમ સંપર્ક સત્તરમી સદીમાં સુરતથી શરુ થયો. ઈ.સ. 1818માં ગુજરાતમાં અંગ્રેજો સર્વોપરિ બન્યા. જોકે ગુજરાતમાં એકી સાથે બ્રિટિશ શાસન સ્થપાયું નહોતું. બ્રિટિશ શાસનથી અર્વાચીન યુગ શરુ થયો મનાય છે. ઈ.સ. 1818ની સ્થિતિએ ગુજરાતમાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને મળેલા મુલકો અને તેના રાજકીય સંગઠનથી નિમાયેલા પાંચ જિલ્લા સુરત, ભરૂચ, અમદાવાદ, ખેડા અને પંચમહાલમાં તેમની સત્તા હતી. ઈ.સ. 1818 થી 1858 સુધીમાં ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન કેવી રીતે આવ્યું તથા તેના મુલકો સાથેના સંબંધો કેવી રીતે વિકસ્યા તે હવે આપણે જોઈશું.*

### 2.3.1 બ્રિટિશ શાસનનો પ્રારંભ

*ઉપરોક્ત ઉલ્લેખિત પાંચ જિલ્લાઓમાં કેવા સંજોગોમાં બ્રિટિશ શાસન આવ્યું તે સંક્ષિપ્તમાં જોઈએ. સૌ પ્રથમ સુરત જિલ્લાને જોઈએ તો ઈ.સ. 1759 થી ઈ.સ. 1800 દરમ્યાન અંગ્રેજોએ સુરત શહેરનો કિલ્લો ઉપરાંત આજુબાજુના કેટલાક પ્રદેશો મેળવ્યા. મુંબઈ સરકારના ઈ.સ.1800ના ધારા પ્રમાણે બ્રિટિશ પ્રદેશોમાં બ્રિટિશ અધિકારી તરીકે કલેક્ટરને નીમવાની જોગવાઈ કરવામાં આવી. જે અન્વયે ઈ.સ. 1802માં એડવર્ડ ગલ્લે સુરતનો પહેલો કલેક્ટર અને એલેકઝાંડર રામ્સે શહેરનો ન્યાયાધીશ નીમાયો.*

*ઈ.સ. 1802માં ગાયકવાડના સુરતના પ્રદેશોમાં આવેલ કેટલાક વિસ્તારો સુરત કલેક્ટરેટની હદમાં જોડવામાં આવ્યા. આથી સુરત નજીક ચોરાસી તેમજ ચીખલીના પેટા વિભાગો પાડવામાં આવ્યા. બાકી રહેલા કેટલાક પ્રદેશો ઈ.સ. 1816 અને 1817માં અંગ્રેજોના હાથમાં આવ્યા. એજ રીતે ઈ.સ. 1839માં પારડી બંદર અને આજુબાજુના પાંચ ગામડાંનું જોડાણ કરવામાં આવ્યું.*

*સુરતમાં ઈ.સ. 1800થી ઈ.સ. 1819 સુધીમાં વાવાઝોડા, દુકાળ, રેલ, ધરતીકંપ, આગ જેવી કુદરતી આપત્તિઓને લીધે સુરત અને તેની રૈયતે ઘણું નુકસાન જોયું. આથી સુરતના કેટલાક વેપારીઓ અને વણકરો મોટી સંખ્યામાં મુંબઈ સ્થળાંતર કરી ત્યાં વસ્યા હતા. 21મી સપ્ટેમ્બર, 1822માં મોટું પૂર આવ્યું. ભારે તારાજી થઈ ત્યારે અરદેશર કોટવાલે લોકોને બચાવવા તેમના માટે ખોરાક-પાણી વગેરે પહોંચાડવા ભારે જહેમત ઉઠાવેલી. ઈ.સ.1837માં ભયંકર મોટી આગે શહેરને તારાજ કર્યું. આ આગ ત્રણ દિવસ ચાલેલી જેણે પારાવાર નુક્સાન પહોંચાડ્યું હતું. આજ પ્રમાણેના કુદરતી પ્રકોપો સુરત શહેર પર ઈ.સ. 1842 થી ઈ.સ. 1849માં તથા ઈ.સ. 1847 અને ઈ.સ. 1849માં પૂર વારંવાર ત્રાટક્યાં*

હતાં. 19મી સદીના પ્રથમ બે દશકાઓમાં શ્રીકૃષ્ણ અર્જુન ત્રવાડીએ ત્રણ લાખના ખર્ચે બાલાજીનું મંદિર બંધાવ્યું હતું. ઈ.સ. 1825માં સ્વામી સહજાનંદજીએ સુરતની મુલાકાત લઈ પ્રજાને ભક્તિથી તળબોળ કરી હતી. ઈ.સ. 1836માં સ્વામિનારાયણનું મંદિર નિર્માણ પામ્યું અને નિર્મળદાસ સુરત આવ્યા. પીરોજશાહ ધનજીશાહ સુરત અદાલતમાં ન્યાયાધીશ નિમાયા. તેઓ વાંસદા, ધરમપુર અને માંડવીમાં ગવર્નરના દેશી એજન્ટ હતા. તેમના ભાઈ અરદેશર કોટવાલ સુરતના પ્રજાપ્રિય સેવક હતા. તેમણે ઈ.સ. 1838માં સુરતમાં પ્રથમ પુસ્તકાલય શરુ કરાવ્યું હતું. અહી ઈ.સ. 1812થી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર વ્યાપક બન્યો હતો. એન્ગ્લિકન ચર્ચ બાંધવામાં આવ્યું. ઈ.સ. 1820થી ગુજરાતનું પ્રથમ છાપખાનું મિશન પ્રેસની શરૂઆત સુરતમાં થઈ. ઈ.સ. 1840થી ખાનગી અને 1942થી સરકારી અંગ્રેજીશાળાઓ શરુ થઈ. ઈ.સ. 1844માં દુર્ગારામે માનવધર્મ સભાની સ્થાપના કરી. આજ વર્ષે સુરતના બંદરે પહેલીવાર આગબોટ આવી અને સરકારે મીઠા પરની જકાત 8 થી 12 આના વધારી. જેની સામે પ્રજાએ ઉગ્ર વિરોધ કરેલો. ઈ.સ. 1848માં સરકારે બંગાળી માપનાં કાટલાં રાખવાનો નિયમ કાઢ્યો તેનો પણ હડતાળ પાડી વિરોધ કરવામાં આવેલો. જેથી આ કાયદો બંધ કરવો પડેલો. ઈ.સ. 1840 થી સુરતના વેપારમાં પુનઃ પ્રાણ પુરાયો ને 1851 થી 1858 સુધીમાં વેપારમાં ઉછાળો આવ્યો. 1858માં રેલવે નાખવાનો પ્રારંભ થયો ને 1858માં પ્રથમ એન્જિન દોડાવવામાં આવ્યું. આમ, રેલવેએ સુરતનું મહત્ત્વ વધાર્યું. ઈ.સ.1850માં એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સની પ્રેરણાથી એન્ડ્રૂસ લાઈબ્રેરી સ્થપાઈ. આ જ વર્ષમાં સુરત સમાચાર વર્તમાનપત્ર શરુ થયું. ઈ.સ. 1852માં શહેર સુધરાઈ( મ્યુનિસિપાલિટી) સ્થાપવામાં આવી. ઈ.સ. 1853થી શહેરના જાહેર માર્ગો પર રાત્રે પ્રકાશ કરવાનું શરુ કરવામાં આવ્યું.

બીજો અંગ્રેજોના શાસન તળે આવેલો જિલ્લો ભરૂચ હતું. ઈ.સ. 1772માં અંગ્રેજોએ શહેરને કબજે કર્યું. તેના વડગામને ભરૂચ સાથે જોડવામાં આવ્યું. ભરૂચના અંકલેશ્વર, હાંસોટ, જંબુસર અને આમોદ જેવા પેટા વિભાગો પણ બ્રિટિશ શાસન હેઠળ આવ્યા. ઈ.સ. 1783માં આ વિભાગ મહાદજી સિંધિયાને પાછો સોંપી દેવામાં આવ્યો હતો અને તે ઈ.સ. 1802ની વસઈ સંધિ થઈ ત્યાં લગી મરાઠા સત્તા હેઠળ રહ્યો. ઈ.સ. 1803માં ભરૂચ અને વડગામ પુનઃ કંપની શાસન હેઠળ આવ્યાં. ઈ.સ. 1830- 1843 સુધીમાં ભરૂચ સુરત જિલ્લા કલેક્ટરેટના વિસ્તાર ઉપ કલેક્ટરરેટના વિસ્તાર તરીકે મુકવામાં આવ્યું હતું.

ત્રીજો કંપની શાસનનો જિલ્લો અમદાવાદ હતું. ઈ.સ. 1802માં ધંધુકાના તાબાનાં ધોલેરા બંદર અને અન્ય નવ ગામડાં કંપની સરકારને મળ્યાં. વસઈની સંધિ દ્વારા પેશવાએ અંગ્રેજોને ધંધુકા તથા ઘોઘા આપ્યાં. ગવર્નર જનરલ લોર્ડ વેલેસ્લીની સહાયકારી યોજનાના અમલ વખતે ગાયકવાડે ધોળકાનો પેટા વિભાગ પણ અંગ્રેજોને સાંપી દીધો. આમ, ઈ.સ. 1805 સુધી ધોળકા-ધંધુકા- ઘોઘા વડોદરાના રેસિડેન્ટના તાબા હેઠળ રહ્યાં. ત્યારથી ઈ.સ. 1818 સુધી અમદાવાદના અલગ જિલ્લાની રચના કરાઈ. જે ખેડાના કલેક્ટરેટ મહી નદી પરના પૂર્વીય જિલ્લાના ભાગરૂપે હતો. ઈ.સ. 1817ની પૂણેની સંધિમાં પેશવાએ અમદાવાદ શહેર, દસક્રોઈ, વિરમગામ, પ્રાંતિજ, મોડાસા અને હરસોલનો પોતાનો ભાગ બ્રિટિશરોને આપ્યો હતો. આમ, ઈ.સ. 1818માં મહી નદીની

*ઉત્તરે આવેલા પશ્ચિમ જિલ્લાને 'અમદાવાદ' તરીકે ઓળખવામાં આવ્યો. 30મી નવેમ્બર, 1817માં બ્રિટિશરોએ અમદાવાદની સત્તા સંભાળી લીધી. અમદાવાદનો પહેલો કલેક્ટર એન્ડ્રુ ડનલોપ અને ન્યાયાધીશ ઈડમંડ ઈરોનસાઈડ હતો.*

*ચોથો બ્રિટિશ શાસન હેઠળનો જિલ્લો ખેડા હતો. તે ઈ.સ. 1802-03માં તથા ઈ.સ.1817માં આંશિક રીતે તેના શાસન હેઠળ આવ્યો. ઈ.સ. ઈ.સ. 1830ના વર્ષમાં ત્રણ વર્ષ માટે કપડવંજ અમદાવાદ જિલ્લાને હસ્તક રખાયું તથા ખેડાનો પેટા જિલ્લો બનાવાયો. ઈ.સ. 1838માં ખેડાના ઉપ કલેક્ટરને સંપૂર્ણ સ્થાન મળતાં કપડવંજને ખેડા સાથે જોડી દેવામાં આવ્યું. ઈ.સ. 1802માં બ્રિટિશરોને ગાયકવાડ પાસેથી ધોળકા, ધંધુકા, ઘોઘા, ખેડા શહેર, નડિયાદ, માતર અને મહુધાના પ્રદેશો મળ્યા તથા પેશવા પાસેથી નાપાડની આજુબાજુનાં કેટલાંક ગામડાં મળ્યાં. ઈ.સ. 1817માં વધારાના સહાયકારી સૈન્ય વાસ્તે ગાયકવાડે અડધું પેટલાદ(પછીથી પેટલાદ ગાયકવાડને પાછું આપવામાં આવેલું.) અને તેની આજુબાજુના પ્રદેશ બ્રિટિશરોને આપ્યાં. ઉત્તર ગુજરાતના વીજાપુરના બદલામાં કપડવંજ અને ભાલેજ અંગ્રેજોને આપવામાં આવ્યાં.*

*બ્રિટિશ શાસન હેઠળનો પાંચમો જિલ્લો પંચમહાલ હતો. ઈ.સ. 1851 થી 1860 દરમ્યાન આ જિલ્લો સિંધિયા માટે બ્રિટિશ હવાલા નીચે હતો. તેનું વ્યવસ્થા રેવાકાંઠાના રાજકીય એજન્ટ મારફત થતી. ઝાંસીમાંના પ્રદેશના બદલામાં તેની સોંપણી થઈ અને ઈ.સ. 1861થી એ પ્રાંતના ભાગરૂપે હતો.*

*આમ, ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો વહીવટ ઈ.સ. 1858 સુધી રહ્યો. તેનો વહીવટ કેવો હતો તેનો ઈતિહાસ અમદાવાદના નિવૃત્ત નાયબ કલેક્ટર એદલજી ડોસાભાઈએ* 'History of Gujarat' *માં આપ્યો છે જે નીચે પ્રમાણે છે.*

### 2.3.2 ગુજરાતના મુલ્કોનો વહીવટ

*ઈ.સ. 1800માં સુરત જિલ્લો પ્રાપ્ત થયો તેના વહીવટના નિયમન માટે કાયદો પસાર કરવામાં આવ્યો હતો. ઈ.સ. 1802માં સુરત જિલ્લા માટે જમીન મહેસૂલ માટે કલેક્ટર નીમાયો. ઉપરાંત ભૂધૃતિ-પટ્ટેદારી અંગે તપાસ વાસ્તે એક મહેસૂલી કમિશન પણ નીમવામાં આવેલું. આ કમિશનની ભલામણ પ્રમાણે ઈ.સ. 1911માં ભરૂચ જિલ્લામાં પણ સર્વેક્ષણ શરુ કરવામાં આવેલું. આમ, ગુજરાતમાં બીજા જિલ્લાઓ સુધી આ સર્વેક્ષણ વિસ્તારી ઈ.સ. 1853 સુધી નિયમિત મહેસૂલ-સર્વેક્ષણ તથા મહેસૂલી આંકણીની પદ્ધતિ ઊભી થઈ. જેને 'માજી જરીફ' (જૂનું સર્વેક્ષણ) નામે ઓળખવામાં આવે છે.*

*ખેડા કલેક્ટર હેઠળ આવતાં વિસ્તારમાં નદી-નાળા ઉભરાઈ જતાં અને જેથી કૃષિને નુકસાન અને જાનહાનિ પણ  થતી. તેથી ડ્રેઈનેજની વ્યવસ્થા કરીને તે મુશ્કેલીને દૂર કરવામાં આવેલી. ઈ.સ. 1814-15માં સ્ટાઈપેન્ડ  આપીને તલાટી તરીકે ઓળખાતા હિસાબનીશો નીમવામાં આવ્યા. જે પ્રજા પાસેથી સીધું મહેસૂલ ઉઘરાવતા. જે અગાઉ ખેડૂતો મારફત ઉઘરાવાતું. આમ, આ વ્યવસ્થાથી સાચી આંકડાકીય અને નાણાંકીય માહિતી મળતી થઈ.*

ઈ.સ. 1827માં જિલ્લા અને ગ્રામકક્ષાના પોલીસ નાગરિક વહીવટના બંધારણ માટે ન્યાયતંત્ર દ્વારા વિસ્તારપૂર્વક નિયમિત તૈયાર થયું અને આમ નાગરિક, મહેસૂલી અને ગુનાહિત ન્યાયતંત્ર અને બીજા વિષયો માટે પોલીસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. ઈ.સ. 1820માં સતીપ્રથા પર કાયદાથી પ્રતિબંધ મુકવામાં આવ્યો.

અમદાવાદમાં જકાત ઘટાડવામાં આવી તેથી વેપારનો ઝડપી વિકાસ થયો. અમદાવાદ જિલ્લાના પ્રથમ કલેક્ટર જે. એ. ડનલોપે શહેરની બિસ્માર દીવાલોને દૂરસ્ત કરાવવાનો પ્રશ્ન ઉઠાવ્યો. જે સંદર્ભે છેક 1831ના એપ્રિલની 22મી તારીખે સરકારી અધિકારીઓ અને શહેરના અગ્રણીઓની એક સમિતિ નીમવામાં આવી હતી. આ શહેર-કોટ-ફંડ કમિટીમાંથી જ અમદાવાદની ભાવિ મ્યુનિસિપાલિટીનાં બીજ વવાયાં હતાં. ઈ.સ. 1831ના એક નિયમનધારાથી અમદાવાદ શહેરની દૂરસ્તી માટે ફંડની જોગવાઈ કરવામાં આવી. આમ, ઈ.સ. 1831ના ઓક્ટોબરમાં જેઠા ખુશાલજી અને મૂળજી ગિરધર સાથે દીવાલની મરમત્ત માટે કરાર કરવામાં આવ્યો હતો. વળી, 1832માં મરજિયાત કોટ-ફી દાખલ કરી તેની આવકમાંથી સંપૂર્ણ કોટને દુરસ્ત કરવામાં આવ્યો. વધેલી બચત મ્યુનિસિપલ ફંડમાં જમા કરી તેમાંથી ઘણી લોકોપયોગી યોજનાઓ પૂરી કરવામાં આવી. આ ફંડ દ્વારા શહેરની પાણી, રસ્તા પરની દીવાબત્તી, સફાઈ તથા આરોગ્યની વ્યવસ્થા સાચવતાં હતાં.

ઈ.સ. 1822માં નદીમાં પૂર આવ્યું. 1846માં કોટ-ફી એક ટકાને ઘટાડી અડધો ટકો કરવામાં આવ્યો. 1847થી સરિયામ રસ્તા ઉપર દિવસમાં બે વાર પાણી છોડવાનું નક્કી કરવામાં આવ્યું. રાત્રે પ્રકાશ વાસ્તે ફાનસ મૂકવાની વ્યવસ્થા કરવામાં આવી. ઈ.સ. 1849માં રૂ 8,000/ ના ખર્ચે ભદ્રના કિલ્લા ઉપર ઘડિયાળ મૂકવામાં આવી. બાદશાહી સમયના નળ સાફ કરવામાં આવ્યા.

અમદાવાદમાં સને 1819માં ભૂકંપ આવ્યો જેમાં જુમા મસ્જિદના વિખ્યાત મિનારા પાડી ગયા. ઉપરાંત ઘણાં ઘર પડી ગયાં અને જાનહાનિ સર્જાઈ હતી. 1821માં પુનઃ ધરતી કંપ થયેલો 1824માં શહેરની પ્રથમવાર મોજણી થઈ અને 1830માં ફોજદારી કચેરી જજના તાબામાંની મેજીસ્ટ્રેટના તાબામાં આવી.

આમ, સુરત, ભરૂચ, ખેડા, નડિયાદ ને બીજા નાનાં શહેરોમાં સુધારાઈની રચના કરાઈ. સમગ્ર બ્રિટિશ પ્રાંતમાં શાળાઓ ખોલવામાં આવી. ઉપરાંત રસ્તાઓનું નિર્માણ, રેલવે, પોસ્ટ અને ટેલિગ્રાફની સુવિધા પ્રત્યે લક્ષ્ય આપવામાં આવ્યું હતું.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનની સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે ન્યાયતંત્ર ક્ષેત્રે પરંપરાગત કાયદાઓને નવા કાયદાઓને સાવચેતીપૂર્ણ રીતે દાખલ કર્યા. તેવી જ રીતે જમીનના ભોગવટા અને મહેસૂલ વિશેના વહીવટી જેવી બાબતમાં પણ પરંપરાગત રીતો સાથે કુશળતાથી નવીન પદ્ધતિઓ અને કાનૂનો લાગૂ કરવામાં આવી. આમ, શાંતિથી બ્રિટિશ સત્તા અને વહીવટી સ્થાપવામાં આવ્યો. જયારે કલેકટરને આધિન જિલ્લાઓને મુકવામાં આવ્યા ત્યારે પણ પરંપરાગત વહીવટ લાંબો વખત સુધી ચાલુ રાખવામાં આવ્યો.

ગુજરાતમાં બ્રિટિશ શાસનથી લોકોનો એક ભાગ મુસીબતમાં મુકાયો એ ખરું પરંતુ પ્રજાના મોટા તબકાને તો લાભ થયો. દેસાઈ, પટેલ અને તેવા જ અન્ય બધા વતનદારોના

અધિકાર તથા સત્તા ચાલ્યાં ગયાં. ગરાસિયા નબળા પડી દબાઈ ગયા. મહેસૂલી પરિવર્તનોએ ઘણાં દેશી સંસ્થાઓ મુશ્કેલીમાં મુકાયા. વેપારની પડતી થઈ. આ બધું થવા છતાં એકંદરે દુઃખ વેઠતી રૈયત સુખી અને નિર્ભય બની. પરંપરાગત ઠાકોર, લશ્કરી નાયકો, ગરાસિયા ને વેપાર સાથે જોડાયેલ લોકો બ્રિટિશ શાસનમાં રહ્યા નહીં. સમાન, નિષ્પક્ષ ન્યાય તથા રંજાડ કરનારાઓનો છેદ, સુવ્યવસ્થા એ બધાને કારણે બ્રિટિશ શાસન લોકો માટે સુખદાયક થઈ પડ્યું. આમ પ્રજાની સુખાકારીમાં વધારો થતાં ગુજરાતનાં ગામડાં અને તેની પ્રજા પણ બંગાળ સાથે સ્પર્ધા કરી શકે તેવાં બની રહ્યાં. બ્રિટિશરોએ સામાજિક સુધારણા ક્ષેત્રે પણ કામ કર્યું. સને 1819માં પેશવાના ગુજરાતમાંના પ્રદેશોની અંતિમ વ્યવસ્થા થઈ અને તેના બધા હક્ક બ્રિટિશ સરકારને મળ્યાં. કાઠિયાવાડની ખંડણી, ઘાસદાણા સંદર્ભે પેશવા અને ગાયકવાડના હિસ્સા અને તેની ખંડણીની વસૂલાત માટે બ્રિટિશ અમલદાર રાખવામાં આવ્યો ને તે ગાયકવાડે માન્ય કર્યું. આવી વ્યવસ્થા મહીકાંઠાના પ્રદેશોમાં પણ કરવામાં આવી. આમ, કાઠિયાવાડની રાજ્યવ્યવસ્થા બાબતે પણ સઘળો વહીવટ બ્રિટિશ સરકારના હસ્તક ગયો. એક રીતે સૌરાષ્ટ્રમાં આ વ્યવસ્થાએ શાંતિ અને વ્યવસ્થા સ્થાપી. કેપ્ટન બેલેન્ટાઈન 1818 થી દર વર્ષે ખંડણી ઉઘરાવવા કાઠિયાવાડ જતો. 1820માં કેપ્ટન બાર્નેવાલ કાઠિયાવાડનો પોલિટિકલ એજન્ટ નીમાયો. આ જ વર્ષે ગાયકવાડે બ્રિટિશ સરકારને કાઠિયાવાડના રાજાઓ પાસેથી ખંડણી ઉઘરાવવાની કામગીરીનું કબૂલાત નામું લખી આપ્યું. 1820માં ઓખામંડળના વાઘેરોનાં બંડ કર્નલ સ્ટાનર્ટને શમાવ્યાં અને તે પ્રાંતનો સઘળો વહીવટ 1822થી બ્રિટિશ સરકારે હાથમાં લીધો. જૂનાગઢ ધોરાજીના ઠાકોરના પ્રદેશોમાં હલ્લા કરી હેરાન કરતા હતા. તેમને 1824માં જૂનાગઢને વશ કરી નુકસાની ભરપાઈ માટે મોટી રકમ વસૂલી. તેવી જ રીતે ખુમાણોને પણ વશ કરવામાં આવ્યા. કચ્છના રાવની મોરબી અને ઝાલાવાડ પરની સવારીઓ બંધ કરાવી ને જેમને રાવથી નુકસાન થયેલું તેમને નુકસાની રાવ પાસેથી અપાવી. આમ, ઈ.સ. 1824-25થી કાઠિયાવાડમાં અવ્યવસ્થા કાયમી સમાપ્ત થઈ. કાઠિયાવાડમાં 1831માં એક ફોજદારી કોર્ટ ફોજદારી હકૂમત ન ધરાવતાં સંસ્થાનો માટે બ્રિટિશ સરકારે સ્થાપી હતી. પોલિટિકલ એજન્ટો સરલી ગ્રાંડ જેકબ તથા કર્નલ લાંગે આંતરિક લડાઈઓનો અંત લાવી પ્રાંતમાં શાંતિ સ્થાપી હતી.

**તમારી પ્રગતિ ચકાસો.(ખ)**

(1) કંપની શાસનની શરૂઆત સુરત જિલ્લાથી કેવી રીતે થઈ તે ટૂંકમાં વર્ણવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

(2) ભરૂચ કેવી રીતે બ્રિટિશ શાસન હેઠળ આવ્યું તેના વિશે પાંચ વાક્યો લખો.

(3) અમદાવાદમાં બ્રિટિશ શાસન વિશે સંક્ષિપ્તમાં જણાવો.

(4) ગુજરાતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટ વિશે ચાર વાક્યો લખો.

**પ્રશ્ન. 2. અ અને બ વિભાગને યોગ્ય રીતે જોડો.**

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (1) | સુરતનો પહેલો કલેક્ટર | (a) | ઈ.સ. 1820 |
| (2) | બાલાજી મંદિર. | (b) | ઈ.સ.1814-15 |
| (3) | સુરતના પ્રજાપ્રિય સેવક. | (c) | History of Gujarat. |
| (4) | સુરત મ્યુનિસિપાલિટીની સ્થાપના | (d) | અમદાવાદનો પહેલો કલેક્ટર |
| (5) | અંગ્રેજોએ ભરૂચ જીત્યું. | (e) | ઈ.સ. 1817 |
| (6) | અંગ્રેજોએ અમદાવાદની સત્તા સંભાળી | (f) | ઈ.સ. 1772 |
| (7) | એન્ડ્રુ ડનલોપ | (g) | ઈ.સ.1852 |
| (8) | એદલજી ડોસાભાઈ | (h) | અરદેશર કોટવાલ |
| (9) | ખેડા જિલ્લામાં તલાટીઓ નીમવામાં આવ્યા | (i) | શ્રીકૃષ્ણ અર્જુન ત્રવાડી |
| (10) | ગુજરાતમાં સતીપ્રથા પ્રતિબંધ કાયદા | (j) | એડવર્થ ગલ્લે |

## 2.4 સારાંશ

*આમ ઈ.સ. 1608માં વેપારી તરીકે આવેલ અંગ્રેજો ગુજરાતમાં સંપર્કો સ્થાપી ઈ.સ. 1818માં સર્વોપરી બન્યા. એટલું જ નહી પરંતુ તેમણે રાજકીય સત્તા હાંસલ કરીને નાગરિક અને મહેસૂલી કાયદાઓ સાવચેતીપૂર્વક પસાર કર્યા કે જેથી પ્રજાના ઓહાપોહ વગર શાંતિપૂર્ણ રીતે તે કામ થયું. જોકે તેમાં સમય લાગ્યો. વળી તેમણે પોતાના વેપારમાં અવરોધક અડચણોનો મક્કમતાથી સામનો કરી તેણે દૂર કરી રાજકીય સત્તા પણ હાંસલ કરી. મરાઠાઓના આંતરસંઘર્ષો તથા ગાયકવાડ પાસેથી ગુજરાતમાંના અનેક પ્રદેશો મેળવ્યા ઉપરાંત દેશી રાજ્યો પર પોતાનું પ્રભુત્વ સ્થાપ્યું. ઈ.સ. 1818થી ગુજરાતના કેટલાક પ્રદેશોમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સીધું શાસન વિસ્તાર પામ્યું. સુરત, ભરૂચ, ખેડા, અમદાવાદ અને પંચમહાલ જેવા જિલ્લાઓ જેવા વહીવટી વિભાગો પાડ્યા. ઉપરાંત સૌરાષ્ટ્રના નાનાં-મોટાં રજવાડાં અને તેમાં પ્રવર્તતી અવ્યવસ્થાને કાયમ માટે દૂર કરી શાંતિ સ્થાપી. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન તળે નિષ્પક્ષ ન્યાય અને સમાનતાના ધોરણ સ્થપાતાં એકંદરે આમ રૈયતમાં સુખાકારી આવી. આમ, બ્રિટિશરોના શાસનથી આધુનિક યુગની શરૂઆત થઈ.*

## 2.5 ચાવીરૂપ શબ્દો

**ફિરંગી** — *ફારસીમાં ફિરંગીનો મૂળ અર્થ યુરોપના લોકો થાય છે. પરંતુ ગુજરાતી તવારીખમાં એ ખાસ કરીને પોર્તુગીઝો માટે રૂઢ થયો છે.*

**ભ્રૂધુતી** — *પટ્ટેદારી- જમીન ભોગવટા માટેની પટ્ટેદારી*

**સતીપ્રથા** — *વિધવા થનાર સ્ત્રીને પતિ સાથે જીવતાં અગ્નિસ્નાન કરાવતી ઘાતકી પ્રથા*

**વેપારી કોઠી** — *પેઢી, ફેક્ટરી*

**લવાદી** — *મધ્યસ્થી*

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**ખાલી જગ્યા પૂરો.**

1. *સુરત* 2. 1608*, સુરત* 3. *સુંવાળી બંદર* 4. *જહાંગીર* 5. *સ્પેન્સર* 6. *ઈ.સ.* 1772 7. *ઈ.સ.* 1782 8. *ખંભાત કરાર* 9. *સુરત* 10. *ઈ.સ.* 1807.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)ના જવાબો**

**જોડકાં જોડો.** 1-j, 2-i, 3-h, 4-g, 5-f, 6-e,

7-d, 8-c, 9-b, 10-a.

## 2.7 સંદર્ભ સૂચિ

1. *હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પ્રવિણચંદ્ર પરીખ(સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, ભો.જે. વિદ્યાભવન,અમદાવાદ.*

2. *ઈશ્વરલાલ ઈ. દેસાઈ, સુરત સોનાની મુરત.*

3. *ગણપતરામ હિ. દેસાઈ, ભરૂચ શહેરનો ઈતિહાસ.*

4. *ગોવિંદભાઈ એચ. દેસાઈ, ગુજરાતનો અર્વાચીન ઈતિહાસ.*

5. Bombay Gazetteers, Vol. I, Part-I, History of Gujarat, Bombay.
6. Gazetteer of the Baroda State-Vol.-I, II.
7. M. S. Commissariat, History of Gujarat, Vol. III. Ahmedabad.

# એકમ : 3 ગુજરાતમાં ૧૮૫૭નો સંગ્રામ

:: રૂપરેખા::

**3.0** ઉદ્દેશો
**3.1** પ્રસ્તાવના
**3.2** ગુજરાતમાં 1857નો સંગ્રામ.
- **3.2.1**પંચમહાલ
- **3.2.2** દાહોદ
- **3.2.3** ઝાલોદ
- **3.2.4** લુણાવાડા
- **3.2.5** નાયકડાઓનો બળવો
- **3.2.6** મોડાસા
- **3.2.7** ચંડ્યનો બળવો
- **3.2.8** મુંડેટીના ઠાકોરનો બળવો
- **3.2.9** મુંડેટીના બળવાના કારણો
  - **3.2.9.1** મુંડેટી સામે કિન્નાખોરી
  - **3.2.9.2** ઉશકેરાયેલા ઠાકોર
  - **3.2.10** સૌરાષ્ટ્ર ઓખામાં વિપ્લવ
  - **3.2.11** મહિકાંઠા
  - **3.2.12** રેવાકાંઠા
  - **3.2.13** અમદાવાદ

● તમારી પ્રગતિ ચકાસો (ક)

**3.3** વિપ્લવના બનાવો.
- **3.3.1** અમદાવાદના બનાવો
- **3.3.2** પંચમહાલના બનાવો
- **3.3.3** મહિકાંઠાના બનાવો
- **3.3.4** વડોદરાના બનાવો
- **3.3.5** રેવાકાંઠા અને દક્ષિણ ગુજરાતના બનાવો.

● તમારી તમારી પ્રગતિ ચકાસો (ખ)

**3.4 સારાંશ**
**3.5 ચાવીરૂપ શબ્દો**
**3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**3.7 સ્વાધ્યાય (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**
**3.8 સંદર્ભ સૂચિ**

## 3.0 ઉદ્દેશા

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *તમે ગુજરાતમાં 1857ના સંગ્રામ વિશે સમજ કેળવશો.*
- *તમે ગુજરાતમાં 1857ના સંગ્રામનાં મહત્ત્વનાં સ્થળોથી માહિતગાર થશો.*
- *ગુજરાતમાં 1857ના સંગ્રામના નેતાઓ વિશે જાણશો.*
- *ગુજરાતમાં બ્રિટિશ શાસન સામે સ્થાનિક બળવાઓ પાછળના પરિબળો સમજશો.*

## 3.1 પ્રસ્તાવના

*ઈ.સ. 1857 ના મહાન વિપ્લવની ગુજરાત પર બહુ નહિવત અસર હતી. એવું માનવા અને મનાવવામાં આવે છે. પણ આ સમયે બ્રિટિશ શાસન માટે ગંભીર ચિંતારૂપ બની ગયેલા નાનાસાહેબ પેશ્વા, તાત્યાટોપે, રંગોબાપુજી, રાવસાહેબ જેવા મોટા ગજાના વિપ્લવકારીઓ કોઈને કોઈ રીતે ગુજરાતમાં સક્રિય હતા ત્યારે ગુજરાત આવી મહાન ઘટનાથી કઈ રીતે અલિપ્ત રહી શકે. પુરા ગુજરાતે આ બળવાની અસર ઝીલી ન હોવા છતાં ઓખામંડળ, અમદાવાદ, ડીસા, પાલનપુર, ઈડર, ખેડા, કડી, દાહોદ, ગોધરા, રેવાકાંઠા, ભરૂચ, સુરત આ વિપ્લવના મુખ્ય કેન્દ્રો હતાં. ગુજરાતમાં આ સંગ્રામનાં જવાબદાર કારણો 1857ના ભારતીય સંગ્રામ જેવાં સામાન્ય હતાં. પણ સાથે કેટલાંક વિશિષ્ટ પરિબળો પણ કામ કરી રહ્યાં હતાં. તે હવે આપણે જોઈશું.*

## 3.2 ગુજરાતમાં 1857ના સંગ્રામ માટેનાં પરિબળો

*ગુજરાતમાં 1857ના સંગ્રામનાં પ્રમુખ કારણોમાં બિન-દસ્તાવેજી જમીન જપ્ત કરવા માટે લોર્ડ ડેલહાઉસીએ જે ઈનામ-કમિશન નીમ્યું હતું તેથી તો ગુજરાતમાં મોટા ભાગના તાલુકદારો,જમીનદારોની એ પ્રકારે 1/4 ભાગની જમીન જપ્ત થાય તેમ હતી. તેથી 1857ના સંગ્રામમાં આવા ભયથી તાલુકદારો અને જમીનદારો છંછેડાયા અને તેમણે તેમાં આગળ પડતો ભાગ લીધો હતો. આવા આર્થિક રીતે પાયમાલ થયેલ ભાયાતો તથા તાલુકાદારો કોઈપણ કિંમતે વિપ્લવને સાથ આપવા તત્પર હતા.*

*વળી લશ્કરમાં ગુજરાતની કાઠી, કોળી, ભીલ, ધારાળા, નાયકડા વગેરે જેવી લડાયક કોમોની જવલ્લેજ ભરતી કરતી. તેમને સ્થાને મરાઠા, આરબ, મકરાણી, પવારી વગેરેને લશ્કરમાં સ્થાન અપાતું. આથી બેરોજગાર બનેલ ગુજરાતની લડાયક કોમોના*

લોકોએ ગુજરાતમાં વિપ્લવમાં અગ્રીમ ભાગ ભજવ્યો હતો. તો બીજી બાજુ ગુજરાતનાં લશ્કરોમાં આરબ, મકરાણી, સિંધી મુસ્લિમો મોટી સંખ્યામાં હોઈ અને તેઓ મુઘલ સમ્રાટ પ્રત્યે કૂણી લાગણીને લઈ ગુજરાતમાં વિપ્લવ શરુ થતાં તેના પ્રસારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ગુજરાતમાં વિપ્લવના પ્રસારમાં એ સમયે ફેલાયેલ એક અફવાએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. અફવા એવી હતી કે કચ્છમાંથી મીઠું રાજપૂતાનામાં જતું. તેના થેલા સિંદૂરના ખાલી થેલામાં મીઠું ભરાતું. તેથી તે મીઠું લાલ થઈ જતું. આથી એ સમયે એવી વાત ફેલાયેલી કે હિંદુઓને ધર્મભ્રષ્ટ કરવા તેના પર ગાયનું લોહી છાંટવામાં આવે છે.

ગુજરાતના લશ્કરમાં એ સમયે ગ્વાલિયરના સૈનિકો પણ હતા. વળી ગ્વાલિયરના દોલતરાવ સિંદેની વિધવા રાણી બૈઝાબાઈ સગીર પુત્ર વતી કારભાર સંભાળતાં હતાં અને તેઓ અંગ્રેજી શાસનના પ્રખર વિરોધી હતાં. તેથી તેમણે ગુજરાતમાં સૈનિકો અને અન્ય ઠાકોરોને સંગ્રામ માટે ઉશ્કેર્યા હતા.

ગુજરાતમાં ફકીરો, મૌલવીઓ, સાધુઓએ પણ બ્રિટિશ સરકાર સામે જેહાદ ઉપાડી હતી. તેમાં સરાજુદ્દીન મૌલવીને અમદાવાદની જુમ્મા મસ્જિદ અને લશ્કરમાં અંગ્રેજો વિરુદ્ધ ભાષણ કરવા બદલ સજા કરવામાં આવી હતી. ગુજરાતમાં વિપ્લવના સંદેશા મોકલવા માટે વૃક્ષની ડાંખળીઓ તથા કેટલેક ઠેકાણે કૂતરાનો ઉપયોગ થતો હતો.

એ સમયે પ્રકાશિત થતાં ભારતીય ભાષાઓના વર્તમાનપત્રોએ પણ ગુજરાતમાં વિપ્લવને ફેલાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. વળી મુંબઈ ઈલાકામાં ગવર્નરે ન્યાયની પ્રથા બદલી અને સરકારી અદાલતો સ્થાપી. જે સ્થાનિક અદાલતો કરતાં મોઘી પડવા લાગી અને ન્યાય ખોરંભે ચડવા લાગ્યો. આવા અન્ય સુધારોએ પણ ભારતીય રિવાજો અને પરંપરાઓને આડે આવતા હતા. તેથી બ્રિટિશ સત્તા સામે દિન-પ્રતિદિન લોકોમાં અસંતોષ વધતો ગયો. વળી ગુજરાતના આજુબાજુના પ્રદેશોમાં બનતા બનાવો અને ઘટનાઓએ પણ ગુજરાતમાં સૈનિકો, લોકો અને ઠાકોરોમાં વિપ્લવવાદી માનસ ઘડવામાં ભાગ ભજવ્યો. બહાદુરશાહ પહેલાના સીધા વંશજ શાહજાદા ફીરોજશાહે 20 વર્ષની યુવાન વયે રાજપૂતાનાના કેટલાક ભાગમાં વિપ્લવને ફેલાવ્યો તથા લશ્કરની મદદથી મંદસોરનો કિલ્લો અને શહેર કબજે કર્યા હતા. તેની યોજના રાજપૂતાના, મધ્યપ્રદેશ, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના અમુક પ્રદેશો કબજે કરવાની હતી. જે નિષ્ફળ નીવડી હતી.

ભરૂચમાં મે, 1857માં થયેલ મુસ્લિમ-પારસી કોમી રમખાણો ભરૂચ અને દક્ષિણ ગુજરાતના અમુક ભાગોમાં વિપ્લવને ફેલાવ્યો હતો. ભરૂચના મુસ્લિમોની પ્રેરણાથી અંકલેશ્વર, નાંદોદ, રાજપીપળા, હાંસોટ જેવા સ્થળોએ પણ સરકાર સામે બંડ થયાં હતાં. મુસ્લિમ ધર્મગુરુ શેખ સૈયદ ઈદ્રુસના પ્રભાવથી સુરતના મુસ્લિમોએ સરકાર સામે બંડ કર્યું નહોતું.

## 3.3 ગુજરાતમાં 1857નો સંગ્રામ

### 3.3.1 પંચમહાલ

*પંચમહાલ જિલ્લો આ વિપ્લવનું મુખ્ય કેન્દ્ર સમાન હતો. પંચમહાલ વિપ્લવનો મોટા પાયા પર વિકાસ થવા પાછળ ઘણા કારણો હતાં. પ્રથમ તો પંચમહાલ મધ્યભારતની નજીક આવેલું હોવાથી વિપ્લવકારીઓને આવન જાવન માટે અનુકુળ હતું. મધ્યભારતમાં મંદસોર, મહોઉં, ઈન્દોર અને ધારમાં સૈનિકોએ વિદ્રોહ કર્યા પછી પંચમહાલમાં ક્રાંતિનો પવન ફૂંકાયો હતો, બીજુ પંચમહાલમાં આ સમયે ચારેબાજુ ગાઢ જંગલો હતા. આ ભૌગોલિક પરિસ્થિતિ છાપામાર યુદ્ધ માટે વિપ્લવકારીઓને ઘણી મદદરૂપ બની હતી. ત્રીજુ આ વિપ્લવનો મુખ્ય નેતા એવો તાત્યાટોપે પંચમહાલ જીલ્લામાં સક્રિય હતો. જેણે જિલ્લાની પ્રજામાં નવસંચાર કર્યો. સ્થળની દ્રષ્ટિએ જોઈએ તો દાહોદ, ગોધરા અને ઝાલોદમાં બળવાની સવિશેષ અસર હતી.*

### 3.3.2 દાહોદ

*દાહોદ મધ્યપ્રદેશથી ગુજરાત આવવા માટે પ્રવેશદ્વાર સમું હતું. માળવામાં થયેલા વિદ્રોહ પછી તેની ત્વરિત અસર દાહોદ મારફત સમગ્ર ગુજરાત પર પડશે. તેવી ચતુર અંગ્રેજ પ્રજાને ખબર હતી. તેથી અગમચેતી વાપરી આવનાર મુશ્કેલ પરિસ્થિતિને નિવારવા દાહોદના કિલ્લાની આજુબાજુ સરકારે ખાઈઓ ખોદાવી, છતાં જુલાઈ,* 1857 *ના રોજ ઈન્દોર તથા મ્હોઉમાં થયેલા તોફાની વિદ્રોહના સમાચાર આવવાથી તેમજ ઉત્તર ભારતમાં વિપ્લવની સફળતા સાંભળી દાહોદમાં* 6 *જુલાઈ,* 1857*ના રોજ પ્રજાએ પ્રથમ બળવો પોકારેલો. દાહોદ તાલુકાના અભલોડ ગામના ઈમાનદાર ચુનીલાલ દેસાઈની નેતાગીરી નીચે* 500 *માણસોએ ભેગા મળી* 6 *જુલાઈ* 1857 *ના રોજ રાત્રે* 10 *વાગ્યે દાહોદના કિલ્લાને ઘેરી લીધો. અને કિલ્લામાંની મામલતદાર કચેરીના કર્મચારીઓને અંદર પુરી દીધા. કિલ્લામાં એ સમયે સિંધિયાના ૧૪ પોલીસ સુબેદાર હુસેનશાહ સહિત* 8 *પઠાણ પોલીસ,* 24 *કસ્બાની અને* 24 *લોકો સવાર હતાં. બળવાખોરોએ આખી રાત ગોળીબાર કર્યો હતો. તા.* 6 *જુલાઈ થી* 11 *જુલાઈ સુધી મામલતદારને કિલ્લામાં ઘેરી રાખ્યો હતો. એ પછી આખું પંચમહાલ સળગ્યું. કેપ્ટન બકલ વાવાઝોડાની જેમ દાહોદમાં ફરી વળ્યો. 'દેખો ત્યાં ઠાર' ના હુકમ સાથે દાહોદનો બળવો દબાવી દીધો.*

*દાહોદમાં જાગી ઉઠેલા બળવાને અંગ્રેજોએ શસ્ત્રબળથી દબાવી તો દીધો, છતાં દાહોદ પર* 1 *જુલાઈ થી* 22 *જુલાઈ,* 1857 *સુધી અંગ્રેજ અમલ નાબૂદ થયો હતો. અને જનતાએ* 22 *દિવસ સુધી આઝાદીનો આનંદ માણ્યો.*

### 3.3.3 ઝાલોદ

*ગોધરાની નજીવી સફળતા પછી વિપ્લવકારીઓ ઝાલોદ તરફ ગયા. ઝાલોદ તાલુકાનો લીમડી ગામ ઉપર હુમલો કર્યો. ઝાલોદના ડેપ્યુટી મામલતદારે તા. ૫ ડિસેમ્બર,* 1858 *ના રોજ દાહોદ મામલતદારને લખ્યું હતું કે આશરે* 2000 *જેટલા બળવાખોરો લીમડીમાં આવ્યા છે અને સરકારી કચેરીઓમાં નાશ કરી તમામ સંપત્તિ લૂંટી છે. એ*

*પ્રમાણેનું નુકસાન પીપલોદ તથા લીમડી પાસેના ડુંગરી ગામમાં પણ કરેલું ત્યારબાદ તાત્યાટોપેની આગેવાનીમાં બળવાખોરો ઝાલોદ પહોંચી મર્યાદિત સરકારી સૈનિકોને હાંકી કાઢ્યા. તા. 6 ડિસેમ્બર, 1857 ના રોજ ઝાલોદ કબ્જે કર્યું. બળવાખોરે સરકારી તિજોરીના રૂ 2000 લૂંટી થાણાનો નાશ કર્યો. જેલમાંથી કેદીઓને મુક્ત કર્યા અને ડે. મામલતદારની કચેરીનો સંપૂર્ણ નાશ કર્યો. બળવાખોરોનો સામનો કરવા તથા તેમને હાંકી કાઢવા સંતરામપુરના રાજા ભાવસિંહજીએ સરકાર પાસે મદદ માંગી. તેથી કેપ્ટન લેવીન,કેપ્ટન મુલરનીનું તોપો સાથેનું સૈન્ય પંચમહાલ તરફ રવાના થયું.*

### 3.3.4 લુણાવાડા

*દાહોદ, ગોધરા અને ઝાલોદની સાથે દેશીરાજ્ય લુણાવાડામાં પણ આ વિદ્રોહની અસર થઈ હતી, પણ જરા જુદી રીતે ઈ.સ.1857 નો બળવો સમાવવા માટે એક તરફ બ્રિટિશ સૈન્ય વ્યસ્ત હતું ત્યારે આ અનુકુળ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી લુણાવાડા દરબારમાં ભાયાત સૂરજમલે લુણાવાડાની ગાદી પર પોતાનો અધિકાર દર્શાવ્યો અને લુણાવાડા રાજ્યમાં પ્રવેશવાની મનાઈ હતી.*

15 *જુલાઈ,* 1857*ના રોજ તેણે લુણાવાડા પર આક્રમણ કર્યું, પાલ્લાના જમીનદાર કાનદાસે પણ સૂરજમલને સહકાર આપ્યો. લુણાવાડાના રાજાએ અંગ્રેજ લશ્કરની મદદ માંગી, મેજર એન્ડ્રુઝ અને એશબર્નર સૈનિક ટુકડીઓ લઇ ગુસી ગયા. જ્યારે સૂરજમલ મેવાડ તરફ નાસી ગયો, એને પકડવા માટે સરકારે રૂ.* 1,000 *નું ઈનામ જાહેર કર્યું હતું. મહીકાંઠે વસેલા આ નાનકડાં ગામમાં કોળીઓએ વિદ્રોહ કર્યો અને નાનકડું ગામ બ્રિટિશ અમલમાંથી મુક્ત જાહેર કરાવ્યું.*

### 3.3.5 નાયકડાઓના બળવો

*પંચમહાલ જિલ્લાના નાયકડાઓ, ઠાકોર તથા બીજા આદિવાસી પ્રજાઓ અંગ્રેજ સરકારની વિરુદ્ધ હતી કારણ કે રાજાઓ તેમની ઉપર જુલમો ગુજારતા હતા. રાજાઓની ભાગીદાર અંગ્રેજ સરકાર બનતી હતી. અને નાયકડાઓ કેટલાક વખતથી તકની રાહ જોતા હતા અને આ તક ઈ.સ.*1857*ની ક્રાંતિથી તેમને મળી ગઈ. તાત્યાટોપેના ગુજરાત આગમન પહેલાં ગાયકવાડ રાજાના નજીકના સગાઓ એટલે કે રાજવી કુટુંબના સભ્યો પેશવાની તરફદારી કરતાં હતાં. આથી ગણપતરાવની મારફતે નાયકડાઓને અંગ્રેજો સામે યુદ્ધ કરવા તૈયાર કર્યા. જેથી તાત્યાટોપેના આગમન પહેલાં પંચમહાલ અને રેવાકાંઠામાં તાત્યાના લશ્કરને કોઈ મુશ્કેલી ન પડે.* 28 *જૂન* 1857 *ના રોજ તાત્યાટોપેના લશ્કર અને અંગ્રેજ સેના વચ્ચે ગ્વાલિયરમાં યુદ્ધ થયું. આ યુદ્ધમાં તાત્યાની હાર થઈ.* 29*મી નવેમ્બર,* 1857*ના રોજ તાત્યાટોપેનું છોટાઉદેપુરમાં આગમન થયું. જ્યાંથી તે આગળ વધી વડોદરા જવા માંગતો હતો.*

*વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડનું સંપૂર્ણ ધ્યાન નાયકડાનો બળવો દબાવવામાં હતો. આમે તે દ્વારા શાંતિ સ્થાપી. અંગ્રેજ સરકાર મદદ કરવાની હતી એના ઉપરથી જાણવા મળે છે કે નાયકડાઓએ સૌથી પહેલા બળવાની શરૂઆત ઈ.સ.*1857 *ના*

*ઓક્ટોબર મહિનામાં કરી. તેમણે પ્રથમ ચાંપાનેર અને નારગોટાના વાંસના ખૂબ જ ગાઢ જંગલોમાં શરૂઆત કરી અને તે જગ્યાએ ગામનું રક્ષણ કરવા અંગ્રેજ સૈન્ય આપ્યું. તેનો પુરવઠો જેમાં સાધનસામગ્રીથી માંડી હથિયારો પણ જાંબુઘોડાથી લાવવામાં આવતા હતા. અંગ્રેજ લશ્કર અને નાયકડા વચ્ચે પહેલ થઈ. જંગલોમાંથી કિકિયારો અને વિચિત્ર અવાજો તેમજ સજ્જ નાયકડાઓએ કર્નલ વેલ્સ સામે યુદ્ધ કર્યું. આમ અંગ્રેજ અમલદારોએ નાયકડાના બે ગામો સળગાવી મૂક્યા. દરેક જુદા જુદા રસ્તાથી નાયકડાઓ ઉપર હુમલો કરી અંગ્રેજ લશ્કર અને ગાયકવાડના લશ્કરે બધી તૈયારીઓ સાથે અને સંપૂર્ણ સાધનસામગ્રી સાથે હુમલો કર્યો, પરંતુ નાયકડા તેમના કરતાં વધારે ચાલાક નીકળ્યા. અને 10 મી માર્ચ 1858 ના રોજ તેણે અંગ્રેજ સાથે સંધિ સ્વીકારી પોતાના હથિયારો મૂકી દીધા. આ પછી ભીમા નાયક પોતાના સાથી કે જે તેની સાથે આ બળવાના સૂત્રધાર હતા. ભીમાનાયક અને કેવળ નાયકને સાપુતારા જઈને સમજાવી આવ્યા. તેઓએ પણ સમાધાન કરી લીધું. અંગ્રેજોએ કુટનીતિથી નાયકડાઓનો બળવો સમાપ્ત કર્યો.*

*સામાન્ય માન્યતા એવી છે કે 1857ના સંગ્રામમાં ગુજરાતે નહીવત ભાગ ભજવ્યો હતો તેમજ વિદેશી સતા સામેના કહેવાતા બળવામાં પોતાના દેશબાંધવોને એને કોઈ ગણનાપાત્ર સહકાર આપ્યો ન હતો પરંતુ નક્કર પુરાવાઓ આ માન્યતાનું ખંડન કરે છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનની ગુજરાતમાં પ્રવેશવાના દ્વાર સમું, મોડાસા, પૂર્વકાળથી ઐતિહાસિક મહત્વ ધરાવે છે. ઈ.સ.1857 ના બળવામાં મોડાસાના મુસલમાનો, મરાઠાઓ તથા અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસન હેઠળ રહ્યું હતું. ઈ.સ.1857 માં અંગ્રેજ અત્યાચારી શાસન સામે બળવો પોકારીને ભારતે સ્વાતંત્ર્યસંગ્રામની શરૂઆત કરી હતી.*

*ઈ.સ.1857 માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં રાજકીય સત્તા પ્રાપ્ત કરી. ડેલહાઉસી સુધીના ગવર્નર જનરલોએ સામ, દંડ કે ભેદની નીતિ દ્વારા ભારતીય રાજકર્તાઓના કુસંપ, દેશદ્રોહીપણું વગેરેના લાભ લઈને ઈ.સ.1857 સુધીમાં ભારતમાં અંગ્રેજ શાસન મજબૂત અને સર્વોચ્ચ બનાવ્યું. પરંતુ જે ઈ.સ.1857 ની મહાન ઘટનાના પરિણામો ઈ.સ.1857માં બંગાળના મંગલપાંડેએ પ્રથમ શહીદ બનીને ઘટનાને લીલી ઝંડી આપી. ત્યારબાદ બિહાર, ઓરિસ્સામાં, ઉત્તરપ્રદેશ, રાજપુતાના, મધ્યપ્રદેશ, ગુજરાત અને દખ્ખણના કેટલાક મુલકોમાં ઘટનાની આગ ભભૂકી ઊઠી તે સમયે ગુજરાતમાં અંગ્રેજોને વફાદાર ગાયકવાડની સત્તા વિસ્તરેલી હતી તેમ છતાં અમદાવાદ, પંચમહાલ, સાબરકાંઠા (મહિકાંઠા), રેવાકાંઠા વગેરે જિલ્લાઓમાં ઘટનાની આગ પ્રસરી હતી.*

**3.3.6 1857 અને મોડાસા**

*સાબરકાંઠાના તાલુકાના જાગીરદારો અને દેશી રાજાઓને અંગ્રેજ શાસન સામે ભયંકર રોષ હતો. આ જિલ્લાની કોળી, ઠાકરડા, ભીલ વગેરે લડાયક પ્રજા હતી. ઈ.સ1857 ની ઘટનાઓ તે તક પૂરી પાડી. આ જિલ્લાના ઈડર અને ભીલોડા તાલુકાના ચંડ્ય અને મુડેટી ગામે ઘટનાની આગ ભભૂકી ઊઠી હતી.*

*ઈ.સ.1857 ની ઘટનાના નેતા તાત્યાટોપેએ ઘટનાની આગને સાબરકાંઠામાં સળગાવવા પ્રયત્ન કર્યા હોવાની માહિતી તા. 23 ફેબ્રુઆરી 1857 ના ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના અહેવાલને આધારે મળે છે તેમણે ઉત્તર ગુજરાતના ડીસાથી 5 કિ.મી. દૂર રહીને ગુજરાતમાં પ્રવેશવા પ્રયત્ન કર્યો હતો. તેથી ડીસા, પાલનપુર, મોડાસા વગેરે જગ્યાએ લશ્કરી ટુકડીઓ મોકલીને કડક બંદોબસ્ત કરવામાં આવ્યો હતો અને તાત્યાને રોકવા ડીસા મોકલ્યો હતો. આમ, ઈ.સ.1857માં મોડાસામાં પણ ક્રાંતિની ચિનગારી ચાંપવા ક્રાંતિકારીઓ વિચારતા હતાં. તેમને મોડાસાના ગાંધીવાદામાં રહેતા નગરશેઠને ત્યાંથી મોદીખાનું મોકલવામાં આવ્યું હતું. મોડાસાના વતની અને સાબરકાંઠાના સ્વાતંત્ર્યસંગ્રામના અગ્રણી શ્રી ભોગીલાલ ગાંધીએ ટાંકેલી લોકવાયકામાં તથ્ય હોવાની સંભાવના છે. આમ, મોડાસા ઈ.સ.1857 ની ઘટનામાં અગ્રણી તાત્યાટોપેને ઘટનાની આગ મોડાસાપ્રદેશ પ્રસરવાના કાર્ય માં મદદ કરી ને ઈ.સ.1857 ની ઘટનામાં યથાશક્તિ ફાળો નોંધાવ્યો હતો.*

### 3.3.7 ચંડ્ય નો બળવો

*ચંડ્ય, સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાનું ઇડરથી આશરે 20 કિલોમીટર દૂર આવેલું કોળીઓની મુખ્ય વસ્તી ધરાવતું ગામ છે. ઈ.સ. 1857 માં ગામનો વહીવટમુખી નાથાજી ગામેતી તથા યમાજી ગામેતી સંભાળતા હતાં. ઈ.સ. 1857 ના વિપ્લવ દરમ્યાન વડોદરાના ગાયકવાડે તકેદારી રાખવા માટે તથા શાંતિ જાળવવા માટે ઘોડેસવાર યુક્ત થાણું ચંડ્યમાં નાખ્યું. તેથી ગામેતીઓ ઉશ્કેરાયા. 16મી સપ્ટેમ્બર 1857 ના રોજ ચંડ્યમાં સરકારી કામે ગયેલા જયશંકર મહેતાએ મુખી નાથાજી ગામેતીને દલજી નામના પટાવાળા સાથે કહેવડાવ્યું કે અંગ્રેજ રાજ્ય પૂરું થયું છે.*

### 3.3.8 મુંડેટીના ઠાકોરનો બળવો

*સાબરકાંઠા જિલ્લાના મુખ્ય વિસ્તારમાં પ્રચલિત એક લોકગીતમાં ઈ.સ. 1857 માં મુંડેટીના ઠાકોર સુરજમલે કરેલા બળવાની સ્મૃતિ સંગ્રહવામાં આવી છે. સાબરકાંઠામાં ઇડરથી ઉત્તરે લગભગ 30 કિલોમીટર દૂર વસેલું ઇડર સ્ટેટની હકુમત હેઠળનું નાનું રાજ્ય મુંડેટી અરવલ્લીની ગિરિમાળાઓથી સંક્ષિત હતું. તેથી બળવો વધુ ઉગ્ર બનાવવામાં એ ગિરિમાળાઓ તેને વધુ ઉપયોગી નીવડી હતી.*

*મહિકાંઠામાં આવેલું મુંડેટી ઈડરના તાબામાં આવેલું એક નાનકડું રાજ્ય હતું. મુંડેટીનો સુરજમલ ઈડરના રાજાને નિયમિત ખંડણી ભરી શકતો ન હતો. આથી ઈ.સ.1857ના અંતે ઇડર રાજ્ય પ્રત્યે તેનું દેવું આશરે રૂ. 42,000 નું થઇ ગયું. જેથી ઈડરના રાજા જવાનસિંહજીએ ઇડર તરફથી એને અપાતી આજીવિકા બંધ કરી વળી, મહિકાંઠાના પોલિટિકલ એજન્ટ મેજર વ્હાઈટલોકને દરમિયાનગીરી કરવા વિનંતી કરી પણ સુરજમલે પોતાના સૈનિકો સાથે પાસેની ટેકરીઓમાં જતા રહીને 30મી માર્ચ 1857ના રોજ બ્રિટિશ સરકાર અને ઈડરના રાજા સામે બળવો પોકાર્યો અને મેવાડના રાણા મહિકાંઠાના મોટા ભાગના તાલુકાદારો અને લોકોના સાથે મળ્યો.આને પરિણામે અંગ્રેજ*

*સરકારે તથા રાજાની સંયુક્ત લશ્કરી ટુકડીઓએ મુંડેટીમાં લશ્કરી થાણું નાખ્યું. શેક્સપિયરની સુચનાથી વ્હાઈટલોક મુંડેટીમાંથી તુરત જ લશ્કરી થાણું હટાવી લેવા તથા પોતાની આજીવિકા ફરીથી ચાલુ કરી આપવા બાબતમાં વ્હાઈટલોકે ઈનકાર કર્યો. જેના જવાબમાં સુરજમલે ઈડરના રાજા તથા અંગ્રેજ સરકાર સામે પોતાની લડતના શ્રી ગણેશ કર્યો. તેથી વ્હાઈટલોકે અમદાવાદથી તોપદળ હિન્દી અને યુરોપિયન પાયદળ, ગુજરાતનું અનિયમિત અશ્વદળ વગેરે મળીને* 1000 *નું સૈન્ય મુંડેટી બોલાવ્યું. રાજપુતો, ભીલો વગેરે મળીને જુલાઈના અંત સુધીમાં બીજુ આશરે* 1000 *નું લશ્કર ઊભું કર્યું. આના જવાબમાં વ્હાઈટલોકની સૂચનાથી કેપ્ટન બન્યા.*

**3.3.9 મુંડેટીના બળવાના મુખ્ય કારણો**

3.3.9.1 *મુંડેટી સામે કિન્નાખોરી*

*મુંડેટીના ઠાકોર સુરજમલ પાણીદાર અને સ્વમાની હતાં. ઈ.સ.*1885 *માં હિંમતનગરનો રાજા કરણસિંહ મૃત્યુ પામ્યો ત્યારે પોલિટિકલ એજન્ટ અસ્કિન વિરુદ્ધ કરણસિંહની રાણીઓને સતી થવા દઈને સુરજમલે અંગ્રેજ સામે બહારવટું ખેલ્યું હતું. ત્યારથી મુંડેટીના ઠાકોર સુરજમલ સામે કિન્નાખોરી રાખવામાં આવતી હતી.*

*નિઃશસ્ત્રીકરણની વ્યથામાંથી વ્યાપ્ત અસંતોષ ઈ.સ* 1857 *માં ગુજરાતના કમિશનર શેક્સપિયરે ગુજરાતને નિઃશસ્ત્ર બનાવવા પોલિટિકલ એજન્ટો, ન્યાયાધીશો તથા પોલીસોની મદદથી ઝડપી પગલાં લીધા. તેથી મહિકાંઠા, પંચમહાલ, અમદાવાદ અને રેવાકાંઠા જિલ્લાએ શસ્ત્રો સોંપવા ઈનકાર કર્યા. ઈક્રાર કરનારાઓને અંગ્રેજોએ ભારે હાથે દાબી દેવા પ્રયત્ન કર્યા. તેથી ગુજરાતમાં ઠેર –ઠેર બંડ થયા.*

*ઈડરના રાજા જવાનસિંહજીએ ઠાકોરો તથા જમીનદારોની સભા બોલાવી સભામાં નિઃશસ્ત્રીકરણ સ્વીકૃતિ પત્ર ફેરવવામાં આવ્યો. પત્ર જોઈને મુંડેટીના ઠાકોર સુરજમલ રાતાપીળા થઈ ગયા. ઈ.સ.* 1857 *માં ગુજરાતમાં હથિયારો જમા કરાવવાની પ્રવૃત્તિ ચાલી તેથી મુંડેટીના ઠાકોર સુરજમલ વ્યાપ્ત થયા અને ઉશ્કેરાયા. અંગ્રેજોએ ક્રુરતાપૂર્વક હથિયારો છીનવી લેવા માંડ્યા. તેથી મુંડેટીના ઠાકોરોએ બળવો કરીને નોંધપાત્ર હીર દાખવ્યું.*

3.3.9.2 *જોધપુરથી પૈસા લાવી દેવું ભરવાની સંમતિ ન મળવાથી ઉશ્કેરાયેલા ઠાકોર :*

*મુંડેટીના ઠાકોર સુરજમલને ઈડર દરબારનું રૂ.* 41958 *આના પાઉન્ડ દેવું હતું. સુરજમલે જોધપુરના તેના સસરા પાસેથી પૈસા લાવી દેવું ભરવાની પરવાનગી માંગી પણ ઈડરના રાજાની તેમાં કાવતરાની ગંધ આવી. ઈ.સ.* 1835 *માં સુરજમલે બહારવટું ખેલ્યું. તેથી મુંડેટી પ્રત્યે કિન્નાખોરી રાખવામાં આવતી હતી. સુરજમલે ઈડર રાજ્ય સામે અસંતોષ તો હતો જ. ઈ.સ.*1857 *માં નિઃશસ્ત્રીકરણનો હુકમ થતાં તે વ્યથિત થયો હતો. ઈડરના રાજાનું દેવું ભરવા માટે બ્લેક અને ઉપરી લશ્કરી અધિકારીના નેતૃત્વ નીચે આશરે* 800 *સૈનિકોની બનેલી લશ્કરી ટુકડીઓએ મુંડેટી પર હુમલો કર્યો. ઘમાસાણ યુદ્ધ થયું.*

*પણ અંતમાં ઈડર અને અંગ્રેજ સરકારના લશ્કરનો સખત પરાજય થયો. સુરજમલે લડાઈમાં સફળતા મળ્યાં પછી ઈડર પર હુમલો કરવાની યોજના વિચારી તેને બાવળા, અમદાવાદ, ડીસા તથા ગુજરાતના અન્ય ભાગોમાંથી અંગ્રેજ લશ્કરી ટુકડીઓ મુંડેટી રવાના કરવામાં આવી. આ ટુકડીઓએ સુરજમલને ચારે બાજુથી ઘેરી લેતા તેણે અંગ્રેજ સરકાર સાથે સમાધાન કરવાનો ફરીથી પ્રયત્ન કર્યો. પરિણામે ગુજરાત પોલિટિકલ કમિશન શેક્સપિયરની પરવાનગીથી વ્હાઈટલોકે મુંડેટીનો કબજો લેવા કેપ્ટન બ્લેક, કેપ્ટન હોકેક અને રસાલાદાર હસનખાનની ટુકડીઓને મોકલી જેમનો મુંડેટીના મકરાણીઓ, કોળી તથા ભીલોએ પુરી તાકાતથી સખત સામનો કર્યો. પરંતુ અંગ્રેજ સરકારની ચડિયાતી મોટી ફોજ અને બળ સામે પરાજિત થઈ. મુંડેટીનો કબજો લેવાનું પગલું ડહાપણ ભરેલું નહિ હોવાથી એ છોડી દેવા વ્હાઈટલોકને જણાવ્યું. કેપ્ટન રેક્સ અને કેપ્ટન લીઝીરે સુરજમલને શરણે લાવવાની યોજના ઘડી કાઢી અને 7મી સપ્ટેમ્બર, 1858 ના રોજ આક્રમણ કર્યું. ભારે લડાઈને અંતે સુરજમલ ટેકરીઓમાં નાસી ગયો.*

*આમાં ગોતાનો ઠાકોર તથા સુરજમલનો ભત્રીજો ચૌહાણ હમીરસિંહ ઈડરના રાજાના શરણે ગયો. તથા ચુડાલાનો ઠાકોર રાઠોડ દુર્જનસિંહ સરકારને તાબે થયો. જ્યારે મેવાડ, માબુસા, ખાનપુર વગેરે ઠાકોરોએ સુરજમલ ઈડરના રાજા અને સરકાર સાથે સમાધાન કર્યા નહી. આ સ્થિતિમાં સુરજમલે ઈડર જઈને ત્યાના રાજા સાથે પોતાની શરણાગતિ સ્વીકારવાની શરતો નક્કી કરી. પછીથી સુરજમલ દસ દસ મહિના સુધી અંગ્રેજ ફોજોને હંફાવતો રહ્યો. આમ સુરજમલની શૌર્યગાથા ઈતિહાસમાં યાદગાર બની રહેશે. સુરજમલને જોધપુરના તેના સસરા પાસેથી નાણાં લાવીને ભરવાની પરવાનગી આપવામાં ન આવી. તેથી સુરજમલ વધારે અપમાનિત થયો હતો. વળી, મુંડેટીમાં નાખવામાં આવેલું પોલીસથાણું ઉઠાવી લેવાની તેની ઈચ્છાને પણ અવગણના કરવામાં આવી હતી. પરિણામે ગુસ્સે થયેલા ઠાકોર સુરજમલે બળવો પોકાર્યો.*

### 3.3.10 સૌરાષ્ટ્ર ઓખામાં વિપ્લવ

*સૌરાષ્ટ્રનો ઓખામંડળ પ્રદેશ વાઘેલા હસ્તક હતો. પરંતુ ઈ.સ.1820 બાદ તે ગાયકવાડના સાર્વભોમત્વ તળે આવ્યો હતો. સ્વાતંત્ર્યપ્રિય વાઘેલાને આ સુચતું નહિ એટલે તેઓ અવારનવાર તેઓ સામે બંડ કરતા હતાં. આવા વખતે કંપની સરકાર ગાયકવાડને ટેકો આપતી હતી. એટલે વાઘેરો અંગ્રેજ સરકાર પર પણ રોષે ભરાયા હતાં. આ કારણે ઈ.સ.1857 ના વિપ્લવ સમયે તક જોઈને વાઘેરોએ પોતાના નેતા જોધા માણેકના નેતૃત્વ તળે બળવો પોકાર્યો. પોતાના પ્રદેશ બેટ, ઓખા, દ્વારકા વગેરેમાંથી તેઓએ ગાયકવાડી તથા બ્રિટિશ થાણાં નાબૂદ કર્યા અને ત્યાં પોતાની સત્તા સ્થાયી દીધી. અંગ્રેજ તથા ગાયકવાડના લશ્કરો સામે તેઓ ઈ.સ.1860 ના મધ્ય ભાગ સુધી લડ્યા. આનાથી અંગ્રેજ સરકારને વાઘેરાનું બંડ દબાવતા ઘણી મુશ્કેલી પડી. ઈ.સ.1858 થી 1860 ના મધ્યભાગ સુધી દરિયાઈ તથા જમીન માર્ગે સતત સંઘર્ષો ચાલુ રહ્યા. છેવટે સરકારે અમુકને તેમની જાગીરો પાછી આપી. અમુકને બીજા પ્રદેશોમાં જમીનો આપી*

તથા કેટલાકને દેશપાર કરીને મામલો થાળે પાડ્યો. અન્ય પ્રદેશોની માફક ગુજરાતમાં પણ વિપ્લવની નેતાગીરી નિર્બળ હતી. તેમાં યોગ્ય આયોજન તથા સંગઠનની ખામી હતી. વળી વિપ્લવ છુટા- છવાયા અને મોડા થયા. તથા તેમાં એકરુપતાનો અભાવ હતો. મોટા રાજા- મહારાજાઓ અંગ્રેજને પક્ષે હતાં. તેમણે પણ ગુજરાતના વિપ્લવની નિષ્ફળતામાં મહત્વનો ભાગ ભજવ્યો. શેક્સપિયર નોંધે છે કે "ગુજરાતના ગાયકવાડે અંગ્રેજોને સાથ આપ્યો ન હોત તો અંગ્રેજ રાજ ગુજરાતમાંથી ભૂસાઈ જાત અને તેના ગંભીર પ્રત્યાઘાતો દક્ષિણ તથા અન્ય ભાગોમાં પડતી થઈ હોત."

### 3.3.11 મહિકાંઠા

ગુજરાતનો મહિકાંઠા જિલ્લો સૌથી વિશેષ બંડખોર હતો. તેમાં વધારેમાં વધારે તાલુકદારો અને જાગીરદારો હતા. તેઓને પોતાના સાર્વભોમ રાજાઓ તથા સરકાર સામે ઘેરો અસંતોષ હતો. તક મળતા જ તેઓએ કોળી, ધારાળા, ઠાકરડા, ભીલ વગેરે લોકોને ઉશ્કેર્યા. તેઓએ વિજાપુર, ખેરાળુ, પાટણ, ભીલોડા વગેરેમાં બંડો પોકાર્યા. જિલ્લાના સંડપ ગામે ત્રણ માસ સુધી સરકારી દળોનો સામનો કર્યો છેવટે સરકારે તેને સંપૂર્ણ બાળી નાખ્યું. જિલ્લાના પોલિટિકલ એજન્ટ મેજર વ્હાઈટલોકને બંડો સમાવતા ભારે મુશ્કેલી પડી. તેણે ગુજરાતના કમિશનર શેક્સપિયરના આદેશથી બંડો નાબૂદ કરવા તોફાની ગણાતા આઠેક ગામડાનો નાશ કર્યો. આણંદના યુવાન મુખા ગરબડદાસ અને તેના સાથીદારો માલાજી, બાપુજી વગેરેએ મહિકાંઠા તથા ખેડા જિલ્લામાં મહિનાઓ સુધી વિપ્લવનો વાવટો ફરકતો રાખ્યો. છેવટે સરકારે તેની તથા તેના સાથીદારોની ધરપકડ કરી. સાથીદારોને ફાંસી આપવામાં આવી. જ્યારે ગરબડદાસને આંદામાન મોકલી આપવામાં આવ્યો. જ્યાં તેનું અવસાન થયું.

### 3.3.12 રેવાકાંઠા

ભરૂચ અને તેની આસપાસના ગામોમાં પણ ઈ.સ.1857 ના વિપ્લવના તણખા ઊડ્યા હતાં. નાંદોદ – રાજપીપળાની દેશી ટુકડીઓના સિપાઈઓ તાલુકાદારો વગેરે બળવામાં સામેલ થયા. તેઓએ અંગ્રેજ તરફી રાજપીપળાના રાજાને પદભ્રષ્ટ કરી સત્તા પોતાના હસ્તક લીધી. નાંદોદના મામલતદાર તથા જમીનદાર મુરાદઅલી બળવાના મુખ્ય આગેવાનો હતાં. રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ બક્લેએ બળવાખોરો પર ઓચિંતો હલ્લો કરી. જ્યારે મુરાદઅલી નાસી ગયો ત્યાર બાદ રાજપીપળાના વિલાયતી લોકોએ બંડ પોકાર્યું. પરદેશી સૈનિકો, સીબંદી, આરબ, મકરાણી, કાબુલી, સિંધી વગેરે ગુજરાતમાં વિલાયતી તરીકે ઓળખાતા તેઓને પ્રથમથી જ બ્રિટિશ સત્તા પ્રત્યે સખત અણગમો હતો. ગુજરાતના ઘણાખરા રાજાઓ તથા તાલુકદારોએ આવા વિલાયતી પોતાની નોકરીમાં રાખ્યા હતા. તેઓ સમય જતાં ખૂબ પ્રબળ બની ગયા. અને બળવામાં આગેવાનીભર્યા ભાગ ભજવ્યો. સુંધના બળવાની આગેવાની વિલાયતી મુસ્તફાખાને લીધી. જ્યારે રાજપીપળાના બંડની નેતાગીરી એક સ્થાનિક જમીનદારે લીધી. લેફ્ટનન્ટ આલ્બન સાથેના સંઘર્ષમાં મુસ્તફાખાન માર્યો ગયો. ઘણાખરા વિલાયતીઓની ધરપકડ

*કરી તેમને ફાંસી આપવામાં આવી કે સખત શિક્ષા કરવામાં આવી. રાજપીપળા પર બક્લેએ હલ્લો કરતાં જમીનદાર અને તેના સાથીદારો નાસી ગયા. સરકારે ફરી રાજપીપળાના રાજાને ગાદીએ બેસાડ્યો.*

**3.3.13 અમદાવાદ**

*ઈન્દોર અને મ્હાવના વિપ્લવની સૌ પ્રથમ અસર અમદાવાદ પર થઈ ઈન્દોરથી વિપ્લવકારીઓની ટુકડીઓ અમદાવાદ આવી રહ્યાની અફવા સાંભળીને જૂન, 1857 માં અમદાવાદની ટુકડીએ તેના સુબેદારના નેતૃત્વ નીચે બળવો પોકાર્યો. બળવાખોરોએ પ્રથમ અમદાવાદ કબજે કરીને વડોદરા કૂચ કરવાનો નિર્ણય કર્યો. ત્યાં ગાયકવાડનો ટેકો મેળવાની અપેક્ષાએ આખું ગુજરાત બ્રિટિશ સત્તાથી મુક્ત કરવાની તેઓએ યોજના ઘડી. પરંતુ અમદાવાદના મુખ્ય લશ્કરી અધિકારી જનારક રોબર્ટ્સે ને આ આયોજનની અગાઉથી જાણ થઈ જતાં તેણે સુબેદારને શિક્ષા કરીને ટુકડીને નિઃશસ્ત્ર કરી નાંખી. દરમ્યાનમાં મધ્યપ્રદેશમાં બળવો ફેલાતા ફરી અમદાવાદના અશ્વ દળના સાત સવારોએ 9મી જુલાઈ, 1857 ના રોજ બળવો કર્યો. તેઓ અમદાવાદનું આખુય શસ્ત્રાગાર કબજે કરવા માંગતા હતા. પરંતુ અન્ય ટુકડીઓએ તેમને સાથ નહિ આપતાં તેમને નાસી જવું પડ્યું. લેફટનન્ટ પીમેન્ટ અને કેપ્ટન ટેઈલર તેમની પાછળ પડ્યા. તાજપુર નામના ગામ પાસે બંને વચ્ચે સંઘર્ષ થતા પીમેન્ટના સિપાઈઓએ બળવાખોરો સામે લડવાનો ઈનકાર કર્યો. પરંતુ ટેઈલરની કોળી ટુકડીએ બળવાખોરોને મહાત કર્યા. તે પહેલાં બંને અમલદારો ઘાયલ થયા. સાતમાંથી બે સવારો સંઘર્ષમાં મરણ પામ્યા. અને બાકીના પાંચને ફાંસી આપવામાં આવી. અમદાવાદના સિપાઈઓએ વિપ્લવનો છેલ્લો પ્રયત્ન 14મી સપ્ટેમ્બર, 1857 ના રોજ કર્યો. 21 સિપાઈઓએ અન્ય સિપાઈઓને પોતાની સાથે જોડવા લલકાર કર્યો. તેઓએ તોપચીઓને પણ પોતાની સાથે જોડવા અપીલ કરી. પરંતુ અન્ય સિપાઈઓનો તેમને સાથ ન મળતા, તેમને પણ નાસી જવું પડ્યું. કર્નલ ગ્રાઈમની ટુકડીએ તેમને પકડી પાડ્યા. તેમના પર કામ ચલાવીને 5 ને તો તોપને ગોળે ઉડાવી મૂકવામાં આવ્યા. 3 ને ગોળીએ દેવામાં આવ્યા તથા બાકીનાને સમસ્ત લશ્કરની હાજરીમાં ફાંસી આપવામાં આવી.*

*ગાયકવાડ તથા બ્રિટિશ સત્તાને ગુજરાતમાંથી ઉથલાવી નાખવાનું એક વિશેષ કાવતરું પણ અમદાવાદમાં ઘડાયું બાપુ ગાયકવાડ નામે જાણીતો થયેલો ગોવિંદારાવ નામે ગાયકવાડનો સાવકો ભાઈ અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતો હતો. તેને ઘેર ભાઉ સાહેબ પવાર, ભોંસલે રાજા, વડોદરાના નિહાલચંદ ઝવેરી તથા પાટણના વાણિયા મગનલાલે મળીને એક યોજના કરી. જે મુજબ ગુજરાતના જુદા જુદા પ્રદેશોની લશ્કરી ટુકડીઓને એકત્રિત કરીને 6 ઓકટોબર, 1857 દશેરાના દિવસે વડોદરા પર હલ્લો કરવાનું નક્કી કરવામાં આવ્યું. ગાયકવાડને તેના બ્રિટિશ તરફી વલણ માટે પદભ્રષ્ટ કરીને પછી અમદાવાદ પર આક્રમણ કરીને તે કબજે કરવાનું પણ ઠરાવવામાં આવ્યું. આ યોજનાના અમલ માટે ઉપરોક્ત નેતાઓએ જુદા –જુદા વિસ્તારોમાંથી સારી એવી*

*સંખ્યામાં શસ્ત્રોવાળા માણસો નિશ્ચિત સ્થળે એકઠા કર્યા. પરંતુ તે પહેલા ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં દિલ્હીના પતનના સમાચાર મળ્યા. એટલે બળવાખોરો થોડાં હતાશ થયા. ખંડેરાવ ગાયકવાડે આ પ્રસંગની ઉજવણી કરવા માટે તારીખ 10 મી ઓક્ટોબરે પોતાના મહેલમાં એક ભવ્ય મિજલસ ગોઠવી તેમાં વડોદરાના અંગ્રેજ રેસિડેન્ટ શેક્સપિયર તથા અન્ય અંગ્રેજ અધિકારીઓ પણ હાજર હતા. તે સમયે એક બળવાખોરે આખા કાવતરાની વિગત ખંડેરાવને આપી દીધી. તેણે તે રેસિડેન્ટને આપતા રેસિડેન્ટે તુરત ખેડા જિલ્લાના મેજીસ્ટ્રેટ આશ બર્નરને બળવાખોરોને શિક્ષા કરવા સૂચના આપી. તેણે વિપ્લવકારી પર ઓચિંતો હુમલો કરીને તેમને વિખેરી નાંખ્યા. નિહાલચંદ ઝવેરી તથા મગનલાલ પકડાઈ જતાં તેમને ફાંસી આપવામાં આવી.*

**ચિત્ર-3.1. 1857ના સંગ્રામનું એક દ્રશ્ય.**



**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. *ગુજરાતમાં* 1857*ના સંગ્રામનાં પરિબળો વિશે ટૂંકમાં જણાવો.*

2. *લુણાવાડામાં* 1857*ના વિપ્લવ વિશે ચાર વાક્યો લખો.*

3. *નાયકડાઓના બળવા વિશે ટૂંકમાં જણાવો.*

4. *મુંડેટીના બળવા માટેનાં કારણો પર પાંચ વાક્યો લખો.*

5. *ઓખામાં* 1857 *ના વિપ્લવ વિશે સંક્ષિપ્તમાં જણાવો.*

6. *મહિકાંઠા અને રેવાકાંઠામાં* 1857 *ના વિપ્લવ વિશે પાંચ વાક્યો લખો.*

**7. નીચે આપેલ ગુજરાતના વિપ્લવના સ્થળ અને વિપ્લવકારી નેતાને યોગ્ય રીતે જોડો.**

| **વિપ્લવ સ્થળ** | **વિપ્લવના નેતા** |
| --- | --- |
| (1) *પંચમહાલ* | (a) *વાઘેરોનું બંડ* |
| (2) *દાહોદ* | (b) *તાત્યાટોપે* |
| (3) *મુંડેટીનો બળવો* | (c) *મગનલાલ વાણિયા* |
| (4) *પાટણ* | (d) *ચુનીલાલ દેસાઈ* |
| (5) *ચંડ્યનો બળવો* | (e) *સૂરજમલ* |
| (6) *ઓખામંડળ* | (f) *નાથાજી ગામેતી* |
| (7) *આણંદ* | (g) *ગરબડદાસ* |
| (8) *રાજપીપળા-નાંદોદ* | (h) *મુરાદઅલી* |
| (9) *સુંધનો બળવો* | (i) *મુસ્તફાખાન* |
| (10) *રાજપીપળા* | (j) *વિલાયતી સૈનિકોનું બંડ* |

## 3.4 વિપ્લવના બનાવો

### 3.4.1 અમદાવાદના બનાવો

*ઈ.સ.1857 ના જુનમાં મધ્યભારતના બળવાખોરો ઈન્દોર – મહુના માર્ગે અમદાવાદ તરફ આગળ વધ્યા અને તેમણે ઈન્દોર, અમદાવાદ તરફ જતી ટપાલ અટકાવી હોલકર અને સિંધિયાના 16,000 સૈનિકો તેમના યુરોપિયન અફસરોને મારી નાખીને અમદાવાદ તરફ ધસી રહ્યા છે. એવી અફવા અમદાવાદમાં ફેલાઈ હતી. અમદાવાદ સાતમી રેજીમેન્ટના સુબેદારે અમદાવાદનો કબજો લઈ વડોદરા તરફ કૂચ કરવાની યોજના ઘડી હતી. વડોદરાના ગાયકવાડની સહાયથી તેઓ અંગ્રેજ શાસન દૂર કરવા ઈચ્છતા હતા પણ આ કાવતરું નિષ્ફળ બનાવાયું હતું.*

*ઈ.સ.1857 સપ્ટેમ્બરની શરૂઆતમાં ગ્રેનેડિયરની બીજા પલટણ અને સાતમી નેટીવ ઈન્ફન્ટ્રીનો બળવાનો પ્રયાસ અગાઉના વૈમનસ્યને કારણે નિષ્ફળ ગયો. ગુજરાતના ઘોડેસવારોની ટુકડીના સાત સિપાઈઓએ નવમી જુલાઈએ દારૂગોળાને ભંડાર કબજે કરવા પ્રયત્ન કર્યો હતો. પણ ગ્રેનેડિયર દળનો ટેકો ન મળતા તેઓ નિષ્ફળ ગયા અને તેમને પકડીને ફાંસી દેવામાં આવી. એ જ રીતે 14મી સપ્ટેમ્બરે ગ્રેનેડિયર દળે બળવો પોકાર્યો. સાતમા મરાઠા રજીમેન્ટનો સહકાર ન મળતા અને તોપચીઓ અલગ રહેતા તેઓ નિષ્ફળ ગયા. આથી સુબેદાર અને ગ્રેનેડીઅરો નાસી છુટ્યા કેટલાક દેશી અફસરોએ કર્નલ ગ્રીમ્સને આ બનાવની જાણ કરી. લશ્કરી મેદાન ઉપરથી 21 તોપો કબજે કરી અને હવાલો ધરાવનારને મૃત્યુ દંડની સજા કરી.ઘોઘા ઉતરેલી કર્નલ હેરીમન અને કેપ્ટન હેરાની તોપખાનાની ટુકડીને ભારે વરસાદને કારણે રસ્તામાં અટવાઈ પડી હતી.*

*બ્રિટિશ તરફી વડોદરાના મહારાજા ખંડેરાવને પદભ્રષ્ટ કરી વડોદરાનો કબજો લેવા માટે મલ્હારરાવ શાહીબાગમાં રહેલા બાપુ ગાયકવાડ, ભાઉસાહેબ પવાર અને રાજા ભોંસલેએ એક કાવતરું ઘડ્યું હતું. વિજાપુરના ન્યાલચંદઝવેરી તથા પાટણના મગનલાલ આમાં સામેલ હતાં બાપુ ગાયકવાડને અમદાવાદની ફોજને ફોડવાનું કામ સોપ્યું હતું. ભોંસલે રાજા અને ન્યાલચંદ ઝવેરી ઉમેટા, ભાદરવાના ઠાકોરો અને ખેડાના પટેલોની મદદ માંગવાનું કામ સોપાયું હતું અને તેમાં તેઓ સફળ થયા હતા.*

*મગનલાલે કડી પ્રાંતમાંથી 2,000 સૈનિકો અને 150 ઘોડેસવારો એકઠા કર્યા. બધાએ પ્રતાપપુરા પાસે મહીના કોતરોમાં એકઠા થવાનું નક્કી કર્યું. ત્યાંથી વડોદરાથી પાંચ માઈલ દૂર ચોક તળાવ પાસે પડાવ નાંખી વડોદરા જીતી લેવાની યોજના કરી. 16 મી ઓક્ટોબરે હુમલો કરવા અને વડોદરા જીતાયા બાદ અમદાવાદ વગેરે સ્થળો સર કરવા યોજના ઘડાઈ હતી.ઓક્ટોબરના પ્રથમ સપ્તાહ દરમિયાન દિલ્હીના પતનને કારણે અને ગુજરાતના સત્તાવાળાઓના સખ્ત જાપ્તાને કારણે બ્રિટિશ તંત્રના વિરોધીઓ નિરુત્સાહી બન્યા. દિલ્હી વિજયના નિમિતે વડોદરા નરેશ તરફથી ખાણાના પ્રસંગે બળવાખોરો પૈકી એક મુસ્લિમ વ્યક્તિએ આ યોજનાની વિગત વડોદરાના રેસિડેન્ટને આપી દીધી. તુરત*

*ખેડા અને રેવાકાંઠાના જિલ્લા મેજીસ્ટ્રેટો અને પોલિટિકલ એજન્ટે પગલાં લીધા. વડોદરામાંથી 25 આગેવાનોની ધરપકડ થઈ. વડોદરાની ધરપકડથી પ્રતાપપુરા ફરી બેઠું, ખાનપુર અને ભાદરવાના ઠાકોરોને ચાડી ખાધી કે વડોદરાનો કેમ્પ લૂંટવાનો હતો. ડાકોરમાં સંતલંસ કરતાં વડોદરાના ગણપતરાવ પરભુ અને વિશ્વનાથ ગોવિંદ પકડાયા. વિશ્વનાથે કાવતરાની વિગત આપી દીધી. આમ છતાં પ્રતાપપુરાની સાથે સાથે અંગાર ગામે સામનો કર્યો. ઓક્ટોબરના અંતમાં અંગ્રેજોએ હુમલો કરી પ્રતાપપુરા અને અનગડનો સંપૂર્ણ નાશ કર્યો. ગાયકવાડ સરકારની અંગત દખલગીરીને કારણે મલ્હારરાવ ને ભોંસલે રાજા સજામાંથી બચી ગયા. મગનલાલ અને તેના સાથીઓ વિજાપુર તાલુકાના પિલવાઈ ગામ તરફ નાસી ગયા.અમદાવાદના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મેજર અગરે કોળી લશ્કરી ટુકડીની સહાયથી તેમનો પીછો પકડ્યો. અને મગનલાલ અને તેના સાથીઓને પકડીને સજા કરી. બે તોપે ઉડ્યા. ત્રણ ફાંસીએ ચડ્યા ને સાત દેશનિકાલ થયા. વિજાપુરમાં 21 મી ડિસેમ્બરે ત્રણ તોપે ઊડ્યા ને ત્રણ ફાંસીએ ચઢ્યા. મહિકાંઠામાં દસ તોપે ઊડ્યા અને નવને કાળા પાણીની સજા થઈ. ખાનપુર, અંગડ અને પ્રતાપપુરાના વીરોને પણ તોપને મોઢે દીધા. ખેડાના ઠાકોર જયસિંહને જન્મટીપ મળી. આણંદના મુખી ગરબડદાસને કાળા પાણીની સજા થઈ.*

### 3.4.2 પંચમહાલના બનાવો

*પંચમહાલમાં દાહોદ, ગોધરા, લુણાવાડા, જાંબુઘોડા વગેરે સ્થળોએ મુસ્લિમ જાગીરદારો, નાયકડાઓ અને કોળીઓએ સાથે મળીને તોફાનો કર્યા. 6 જુલાઈ, 1857 ના રોજ દાહોદના ત્યાંના મુસ્લિમ જાગીરદારે કબજો લીધો અભોરના ઈમાનદાર અને આગેવાને કાનુગો તારદાનખાન અને ચુનીલાલ દેસાઈએ 500 માણસોની આગેવાની લઈ કિલ્લાને ઘેરી લીધો હતો. વડોદરાથી કુમક આવતા બળવાખોરો વિખરાઈ ગયા અને નાસી ગયેલા જાગીરદારોની જાગીર જપ્ત કરવામાં આવી. દાહોદ બળવાખોરોએ છ દિવસ સુધી કબજો રાખ્યો હતો. દાહોદના બળવાની વાત સાંભળીને ગોધરા અને દેવગઢ બારિયામાં તોફાનો થયા. દેવગઢ બારિયાના મુસ્લિમો તથા ભીલોએ સિપાઈ હમીરખાનની ઉશ્કેરણી થી વડોદરાથી દાહોદ જતાં કેપ્ટન બક્લનો રસ્તો રોક્યો હતો. કેપ્ટન બક્લે ગોધરાના બળવાને પણ દાબી દીધો હતો. દાહોદ માંથી 15 જણને કેદ પકડવામાં આવ્યા હતાં તે પૈકી એક જણને 14 વરસની સજા કરવામાં આવી હતી અને નવ જણને કાળા પાણીની સજા કરવામાં આવી હતી. બળવો કરવા માટે ગુનેગાર અને દિલ્હીના મોગલ શહેનશાહને હિંદના શહેનશાહ તરીકે જાહેર કરવા માટે દબાણ કરનાર ચાર જણને તોપને ગોળે દેવામાં આવ્યા હતા.બળવાથી ગભરાઈ દાહોદના કિલ્લા ફરતી દિવાલ અને ખાઈ ખોદવાનું નક્કી કરવામાં આવ્યું હતું.*

*ગોધરાના બળવાખોરો પૈકી બાઈજાબાના લશ્કરના માણસો પાસે તોપો પણ હતી. તેમની સાથે ભળી ગયેલા સ્થાનિક લોકોએ સરકારી તિજોરી લૂંટી અને સરકારી*

*કચેરીઓ બાળી હતી. 50 ગોલંદાજો, 125 સવારો અને 300 ઈન્ફેન્ટ્રીના માણસોના દળે શહેરનો બળવાખોરો પાસેથી કબજો લીધો હતો.*

*ખેડા જિલ્લાના ડાકોર આસપાસના વતની સૂરજમલે લુણાવાડાની ગાદી ઉપર પોતાનો દાવો કર્યો હતો. અંગ્રેજોના કટ્ટર શત્રુ ચારણ કાનદાસે તેને મદદ કરી હતી. પાલ્લા ગામે બળવાખોરોને આશ્રય આપ્યો. બ્રિટિશ સેનાએ સૂરજમલને હરાવ્યો અને તે મેવાડ તરફ નાસી ગયો. આજ રીતે પલ્લા ગામનો સંપુર્ણ નાશ કર્યો. આજ રીતે બળવાખોરો તરફ સહાનુભૂતિ ધરાવતા ખાનપુર ગામનો પણ કેપ્ટન બક્લે નાશ કર્યો હતો. ખાનપુરના વિનાશને કારણે આજુબાજુના ગામોએ અંગ્રેજોનો ગેરીલા પદ્ધતિથી નિષ્ફળ સામનો કર્યો હતો. ભાઉ સાહેબ પવારની ઉશ્કેરણીથી સંખેડાના નાયકડાઓએ રૂપા અને કેવળ નાયકની આગેવાની નીચે બળવો કરી જાંબુઘોડા પર હુમલો કર્યો. કેપ્ટન બેટ્સે તેમને મારી હટાવ્યા. પણ જાંબુઘોડાના એક થાણાંને તેઓએ લુંટ્યું. ભાઉ સાહેબનો એજન્ટ ગણપતરાવ પકડાઈ ગયો, પણ નટલોચખાન બળવાખોરો સાથે ભળી જતા તેઓએ ચાંપાનેર અને જાંબુઘોડા વચ્ચેનો પ્રદેશ કબજે કર્યો. અને ગોધરા ઉપર હુમલો કર્યો.હુસેનખાન અને ભીલોને ગેરીલા યુદ્ધ કરીને બ્રિટિશ લશ્કરને દોઢેક વરસ સુધી હંફાવ્યું. કેપ્ટન રીચાર્ડ બેનરે નાયકડાઓને સમજાવીને શાંત કર્યા. અંતે કંટાળીને રૂપો અને કેવળ નાયક સરકારને શરણે થયા.*

### 3.4.3 મહિકાંઠાના બનાવો

*મહિકાંઠાના પ્રદેશની 140 ઠકરાતો ઈનામ કમિશનની કાર્યવાહીથી અસંતુષ્ટ બની હતી. તે પ્રમાણે ખેરવાડા તથા મેવાડ નજીકના મહીકાંઠાના લોકો પણ અસંતુષ્ટ હતાં. મેજર વ્હાઈટલોકે સબુંબરના ઠાકોરનું ખાસ ધ્યાન રાખવા સૂચના આપી હતી. આણંદથી ૧૨ માઈલ દૂર આવેલા ખાનપુરના ઠાકોર જીવાભાઈએ આણંદના મુખી ગરબડદાસના સહકારથી બળવાનો ઝંડો સૌ પ્રથમ ફરકાવ્યો. તેમણે ભીલ, કોળી અને અન્ય કોમોનું 2,000 નું લશ્કર એકઠું કરી નજીકના ગામડાઓ જીતી લઈને અંગ્રેજી સત્તાનો પ્રતિકાર કર્યો. વડોદરાથી આવેલા બ્રિટિશ લશ્કરે લોકોને ત્રાસ આપી બળવાખોરોને જેર કર્યા. ઠાકોર જીવાભાઈને ફાંસી આપવામાં આવી. ત્યારબાદ અંગ્રેજ સેનાએ લોટિયા ભાગોળે પડાવ નાંખ્યો. ગરબડદાસ મુખી, મૂળજી જોશી, બાપુજી પટેલ, દાદાભાઈ પટેલ, કૃષ્ણારામ દવે તથા બીજા પટેલો અને ગુંસાઈઓએ મળીને સ્થાપેલા ગ્રામરક્ષક દળે અંગ્રેજોના ત્રાસથી લોકોને બચાવવા અચાનક છાપો મારીને ગોરા સૈનિકોના ખોરાક માટેની ગાયોને છુટી મૂકી દીધી.અને ઘોડાઓના પૂંછડાં કાપી નાખ્યા. આથી ગોરા સૈનિકો નાસી ગયા. કેટલાક દેશદ્રોહીઓની બાતમીથી ગરબડદાસના સાથીઓની ધરપકડ કરી તેમના ઉપર લશ્કરી ઢબે કામ ચલાવવામાં આવ્યું અને તેમને તોપને મોઢે દેવામાં આવ્યા. ગરબડદાસને તેમના વતન આસોજમાંથી પકડીને દેશનિકાલની સજા કરી. બે વરસ બાદ આંદામાનમાં મૃત્યુ પામ્યા. ચરોતરના ૩૬ મેવાસી*

*ગામોને અને સીપોરના મોતીચંદ બેચરદાસ અને વડોદરા કેમ્પના રાયજી મંગળજીનો તેને સાથ મળ્યો હતો.*

*ઈ.સ.*1857 *ના સંગ્રામ વખતે નડિયાદના દેસાઈ વિહારીદાસે હિંગ વેચવાવાળા કાબુલીઓ મારફત રશિયાના સાથે છુપા કાગળો પાઠવીને રાજકીય સંદેશો ચલાવ્યા હતાં પણ તેમનું પરિણામ આવ્યું નહોતું.*

### 3.4.4 વડોદરાના બનાવો

*વડોદરાના દરબારમાં નાના સાહેબપેશ્વા તરફ સહાનુભૂતિ ધરાવનાર ઘણા હતા. ગુજરાતમાં થતા બખેડાઓ પાછળ ગાયકવાડ સરકારનો છુપો હાથ હોવાનો અંગ્રેજ અધિકારીઓ શંકા સેવતા હતાં. વડોદરાના બધા મુસલમાન સરદારો બળવા તરફ સહાનુભૂતિ ધરાવતા હતા. ઈન્દોર અને ગ્વાલિયરના પગલે વડોદરા નરેશ પણ પળશે એવો સંદેહ હતો. ગાયકવાડ હિન્દુસ્તાની મુનશી, ગાયકવાડની આરબ ફોજના બલુચી, જમાદાર બેરચા અને નવાબ સર ફિરોજ બળવાખોરો સાથે ભળી જવાના કાવતરાંમા સંડોવાયા હોવાની શંકા વડોદરાના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ હોડસને વ્યક્ત કરી હતી.*

*વડોદરાથી પાછાં ફરતા દૈકર બંગાળી બાબુ અને તેના આઠ મિત્રોની સુરતમાં ધરપકડ થતા તેમની પાસેથી ત્રણ શંકાસ્પદ પત્રો મળી આવ્યા હતા. તેમાં મુનશી અને બંગાળી બાબુની મુલાકાતની વિગત હતી. રત્નાગિરીના કલેકટરને પણ એવી શંકા હતી કે વડોદરા નરેશ ભીલ અને કોળીઓની ભરતી અંગ્રેજો સામે લડવા માટે કરતાં હતા. કોલ્હાપુરનો કિસ્સો અગાઉ વર્ણવાઈ ગયો છે. આ બધા કારણોને લીધે અંગ્રેજ સરકારે કરેલી ઊંડી તપાસ બાદ ગાયકવાડની વફાદારી અંગેની શંકા નિર્મૂળ થઈ હતી.*

66 *મી નેટીવ ઈન્ફન્ટીના એક ભાગેડુ સિપાઈએ બીજાઓના સહકારથી યુરોપિયન અફસરોને મારી નાખવાનું કાવતરું ઘડ્યું હતું. રામનારાયણ નામના બીજા સિપાઈએ દેશી સૈનિકોને ઉશ્કેરીને બળવો જગાવવા કાવતરું ઘડ્યું હતું. પણ કાવતરાખોરો પકડાઈ જતાં પ્રયાસો નિષ્ફળ ગયા. ભાગેડું સિપાઈને તોપના ગોળે દેવામાં આવ્યો અને ભાદરવાના ઠાકોર વગેરેને બીજાઓ સાથે ફાંસી દેવામાં આવી.*

### 3.4.5 રેવાકાંઠા અને દક્ષિણ ગુજરાતના બનાવો

*ભરૂચના કોમી બંડને બળવામાં ખપાવી લેવામાં આવતા તેની આસપાસના વિસ્તારમાં વિગ્રહ ફેલાવો વાગરા, આમોદ, જંબુસરથી* 3 *થી* 4 *હજાર જેટલા સશસ્ત્ર મુસ્લિમો, કોળી તથા ભીલ એકત્ર થયા. તેમનો ઈરાદો ભરૂચ કબજે કરવાનો હતો. ભરૂચના મેજીસ્ટ્રેટને જાણ થતા યુરોપિયન લશ્કરને બોલાવતા બળવાખોરોને વિખરાઈ જવાની ફરજ પડી.*

*રાજપીપળા – નાંદોદમાં સૈયદ મુરાદઅલીના નેતૃત્વ નીચે બંડ થયું. રાજપીપળાના રાજાએ અંગ્રેજોની સહાય માંગતા રોજર્સ પોતાના થોડાં તોપદળ તથા અશ્વદળ સાથે નાંદોદ પહોંચતા બળવાખોરો પરાજિત થઈને નાસી ગયા. રાજપીપળામાં સિદ્દીઓએ બંડ કરતા કેપ્ટન બક્લે તેને પણ સખત હાથે દાબી દીધું.સૂંથ (સંત) ના*

*મહારાજાના વિદેશી સૈનિકોએ પોતાના ચડેલા પગાર વસૂલ કરવા જમાદાર મુસ્તુફાખાનની આગેવાની નીચે બંડ કર્યું. પોતાના પગાર વધારવા તથા રાજ્યનું ઝવેરાત ગીરવે મૂકી થોડી રકમ આપવાની તેણે રાજાને ફરજ પાડી, પરંતુ લેફ્ટનન્ટ આલબનની લશ્કરી ટુકડી સાથે થયેલ સશસ્ત્ર અથડામણમાં તે માર્યો ગયો. કેટલાક બળવાખોરોને પકડી લેવામાં આવ્યા. કેટલાક નાસી ગયા અને બળવાનો અંત આવ્યો.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. *અમદાવાદના વિપ્લવના બનાવો વિશે ટૂંકમાં જણાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
____________________________________________

2. *મહિકાંઠામાં* 1857*ના સંગ્રામમાં કેવા બનાવો બન્યા હતા? – ચાર વાક્યો લખો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
____________________________________________

3. *વડોદરામાં* 1857*ના સંગ્રામમાં ઘટેલી ઘટનાઓ વિશે સંક્ષિપ્તમાં લખો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
____________________________________________

4. *રેવાકાંઠા અને દક્ષિણ ગુજરાતમાં* 1857*ના સંગ્રામના બનાવો વિશે પાંચ વાક્યો લખો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**5. ખાલી જગ્યા પૂરો.**

(1) *વિપ્લવકારી ન્યાલચંદ ઝવેરી* ____________*ના વતની હતા.*

(2) *આણંદમાં વિપ્લવની નેતાગીરી* ________________*લીધી હતી.*

(3) *પંચમહાલના નાયકડાઓને* ________________*સમજાવી શાંત કાર્ય હતા.*

(4) *મહિકાંઠાના પ્રદેશોમાં ______________ના અસંતોષથી વિપ્લવ ફેલાયો હતો.*

(5) *નડિયાદના ________એ રશિયા સાથે છુપા કાગળો પાઠવી રાજકીય સંદેશા ચલાવ્યા હતા.*

## 3.5 સારાંશ

*આમ, ગુજરાતે પણ* 1857*ના સંગ્રામમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તે તેના પ્રાપ્ત પુરાવાઓને આધારે પ્રમાણિત થાય છે. જોકે ગુજરાતમાં સામુદાયિક આંદોલનની શરૂઆત* 1844*માં સુરતના લોકોએ કરી હતી અને તે અંગ્રેજ સરકારે મીઠા પર વધારેલ કર વિરુદ્ધ હતી. લોકોના પ્રચંડ વિરોધને કારણે સરકારને નમતું આપવું પડેલું. તેવી જ રીતે* 1848*માં નવાં તોલમાપનાં સાધનો દાખલ કરાતાં તેનો પણ વિરોધ થયો ને તે રદ કરવાં પડેલાં.* 1857*નો સંગ્રામ માટે દેશમાં જે કારણો જવાબદાર હતાં તે જ કારણો ગુજરાતમાં સંગ્રામ માટે જવાબદાર હતાં. સાથે કેટલાંક ખાસ કારણોને લઈને ગુજરાતમાં* 1857*નો સંગ્રામ ખેલાયો હતો. તેમાં માણસ અને માલ-મિલકત વગેરેની મોટી ખુવારી ગુજરાતે વેઠી હતી. આ સંગ્રામમાં ગુજરાત વિપ્લવના મુખ્ય આગેવાનો માટે આશ્રય સ્થાન પણ બન્યું હતું. આ સંગ્રામને પરિણામે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન ગુજરાતમાં પૂરું થયું અને તેને સ્થાને બ્રિટિશ તાજનું શાસન શરુ થયું.*

## 3.6 શબ્દાવલી

**મંડેટી/મુંડેટી** : *આ ગામ ઈડરથી ભીલોડા રોડ પર આવેલ છે. જે તે સમયે ઈડરના રાજાના સાર્વભૌમત્વ હેઠળ એક નાનકડું રજવાડું હતું. જે મહિકાંઠા એજન્સીમાં આવતું હતું.*

## 3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**7. જોડકા જોડો.** *જવાબો.*

| | | | | |
|---|---|---|---|---|
| (1)-b | (2)-d | (3)-e | (4)-c | (5)-f |
| (6)-a | (7)-g | (8)-h | (9)-I | (10)-j |

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)ના જવાબો**

5. *ખાલી જગ્યા પૂરો. જવાબો.*

(1) *વિજાપુર* (2) *મુખી ગરબડદાસ* (3) *કેપ્ટન રીચાર્ડ* (4)*ઈનામકમિશન* (5)*દેસાઈ વિહારીદાસ*

## 3.8 સ્વાધ્યાય. (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

1. *ગુજરાતમાં* 1857*ના સંગ્રામના પરિબળો વિગતે જણાવો.*
2. *ગુજરાતમાં* 1857*ના સંગ્રામ વિશે વિસ્તારથી વર્ણન કરો.*
3. *ગુજરાતમાં* 1857*ના કેન્દ્રો વિશે સમીક્ષાત્મક નોંધ તૈયાર કરો.*
4. *ગુજરાતમાં* 1857*ના બનાવોની વિસ્તૃત ચર્ચા કરો.*

**ટૂંકનોંધ લખો.**

(1) *નાયકડાઓનો બળવો* (2) *મુંડેટીનો બળવો* (3) 1857*માં અમદાવાદ.*

(4) 1857*માં પંચમહાલ* (5) 1857*માં રેવાકાંઠા અને દક્ષિણ ગુજરાતના બનાવો*

(6) *ગુજરાતમાં* 1857*ના સંગ્રામનાં પરિબળો*

## 3.9 સંદર્ભ સૂચિ

1. *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*8*, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.*
2. *ડૉ.આર.કે.ધારૈયા,* 1857*માં ગુજરાત.*
3. Bombay Gazetteer, Vol. II., Bombay.
4. M. S. Commissariat, History of Gujarat, Vol. III. Ahmedabad.

# એકમ : 4

# ગુજરાતના બ્રિટિશ મુલકોનો રાજકીય ઈતિહાસ (ઈ.સ.૧૮૫૮ થી ૧૯૪૭)

**:: રૂપરેખા::**

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 ગુજરાતના બ્રિટિશ મુલ્કોનો રાજકીય ઈતિહાસ.(1858 થી 1947)**

**4.2.1 1858 થી 1914**

**4.2.1.1 ગુજરાતમાં 1857 વિપ્લવ**

**4.2.1.2 1858 પછી રાજ્ય વહીવટ બ્રિટીશ મુલકો**

**4.2.1.3 શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્ય.**

**4.2.1.4 સુરતમાં આવક વિરોધી આંદોલનો, 1860**

**4.2.1.5 પંચમહાલ જીલ્લાની તબદીલી, 1861**

**4.2.1.6 સ્થાનિક સ્વરાજ્ય, 1884**

**4.2.1.7 તાજનું વહીવટીતંત્ર 1858 થી 1914**

**4.2.2 ગાંધી પ્રેરિત આંદોલનો – ઈ.સ. 1915 થી 1931**

**4.2.3 રાજકીય જાગૃતિ : બ્રિટીશ મુલકમાં (ઈ.સ. 1932 થી 1947)**

**4.2.4 બ્રિટીશ શાસન નીચેના મુલકોના વહીવટી એકમો અને અધિકારો**

**4.2.5 1947 પછીની સ્થિતિ**

**તમારી પ્રગતિ ચકાસો.(ક)**

**4.3 સારાંશ**

**4.4 ચાવીરૂપ શબ્દો.**

**4.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો)**

**4.6 સ્વાધ્યાય.(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક.**

**4.7 સંદર્ભ સૂચિ**

## 4.0 ઉદ્દેશો

*ઈ.સ.* 1759 *થી અંગ્રેજો ભારતના રાજકારણમાં પ્રવેશ કરીને અનેક પ્રદેશ પ્રાપ્ત કર્યા. અને ગુજરાતમાના બ્રિટીશ હિન્દનાં વહીવટ માટે પાંચ જીલ્લામાં વહેંચ્યા. આગળ જતા અંગ્રેજોના વહીવટ સામે ભારતમાં* 1857-58 *નો વિપ્લવ થયો. જેને પરિણામે બ્રિટીશ*

*મુલ્કોમાં લોકશાહીની જવાબદારી ધરાવતું તંત્ર વિકસતું ગયું. છતાં પ્રજાએ અંગ્રેજોની શોષણ નીતિનો વિરોધ કરીને 1947માં આઝાદી મેળવી. તે આ એકમમાં તમે જાણી શકશો.*

- *અંગ્રેજો ગુજરાતના રાજકારણમાં પ્રવેશે તે માહિતીથી વાકેફ થશો.*
- *અંગ્રેજોની નવી શિક્ષણનીતિ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા પ્રજામાં જાગૃતિ વેગ મળ્યો તે તમે જાણી શકશો.*
- 1914 *પછી ગાંધીજીનું આગમન અને આઝાદી માટેનો પુરુષાર્થ સમજી શકશો.*
- *બ્રિટીશ શાસન નીચેના મુલ્કોના ૧૯૪૭ સુધી રાજ્યતંત્ર કેવું હતું તેને જાણી શકશો.*

## 4.1 પ્રસ્તાવના

*ઈ.સ.* 1759 *થી અંગ્રેજોએ ભારતના રાજકરણમાં પ્રવેશ કરીને પ્રદેશ પ્રાપ્ત કરવા માંડ્યાને પેશવાઓ અને ગાયકવાડો વચ્ચેના ખટરાગનો લાભ લઈ તેઓએ ધીમે ધીમે ગુજરાતમાં અનેક પ્રદેશો પર પોતાની સત્તા જમાવ્યા કરી જેને પરિણામે અંગ્રેજ સરકારની ઘુસણખોર જાતિ સામે ઈ.સ.* 1857-58 *માં દેશમાં પ્રજાના અમુક વર્ગો તરફથી અંગ્રેજ કંપનીનો સત્તા સામે જે વિકલ્પ થયો તેની સાથે ગુજરાતમાં પણ કેટલીક ઘટનાઓ બની હતી સાથે સાથે અંગ્રેજોએ પોતે પ્રાપ્ત કરેલા મુલકને ગુજરાતના પાંચ જીલ્લામાં વહેચીને ત્યાં રાજકીય વહીવટી તંત્રનો વિકાસ કર્યો શરૂઆતમાં ગુજરાતની પ્રજા અંગ્રેજોના રાજકીય શાસન તથા સાંસ્કૃતિક પ્રભાવથી અંજાઈ જતી હતી તેમ છતાં ધીરે ધીરે અંગ્રેજોના શોષણનો અનુભવ થતા અવાજ ઉઠાવવાનું ચાલુ કર્યું આ સમય દરમિયાન ગાંધીજી આફ્રિકાથી આવી અહી સ્થિર થયા ને તેમને રાષ્ટ્રીય જાગૃતિનો પ્રબળ વિકાસ કરાવ્યો અને ભારતને આઝાદી અપાવી તે અંગેનું આલેખન આ વિભાગમાં કરવામાં આવ્યું છે.*

## 4.2 ગુજરાતમાં બ્રિટીશ મુલકોનો રાજકીય ઈતિહાસ (ઈ.સ. 1858 થી 1947)

### 4.2.1 : 1858 થી 1814:

*બ્રિટીશ હિંદનો પશ્ચિમી પ્રાંત મુંબઈ ઈલાકો ચાર મહેસૂલી વિભાગો અને પચ્ચીસ જિલ્લાઓમાં વહેંચાયેલો હતો. મુબઈ પ્રાંન્તનું માળખું* 1803 *થી* 1827 *વચ્ચેના સમયમાં ઘડાવ્યું હતું. જે છેવટે સુધી ચાલુ રહ્યું હતું. એમાં જે પહેલા તે મહેસૂલી વિભાગ સંગઠન પામ્યો તે ગુજરાતનો હતો. ગુજરાતના કેટલાક પ્રદેશો* 1805*માં મુબઈની અંગ્રેજ કંપની સરકારે લીધો અને* 1818*માં એનો પ્રદેશ વિસ્તાર વધારવામાં આવ્યો. આ સમયે વડોદરાનું ગાયકવાડનું રાજ્ય બ્રિટીશ રક્ષણ નીચે હતું. ગુજરાતના જિલ્લાઓની રચના બંગાળ પ્રાંતના જિલ્લાઓના ધોરણે કરવામાં આવી હતી. કાઠીયાવાડમાં અંગ્રેજ સરકારનો પ્રભાવ સ્થાપવા અને વધારવાનો* 1807*માં આરંભ થયો. કાઠીયાવાડમાં સમસ્યાઓનું નિરાકરણ લાવવા* 1820*માં પગલા લેવામાં આવ્યા. આ સંગઠન કાર્યમાં મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન* (1819-27)*નો ફાળો ઘણો મોટો હતો.*

*1827 થી 1852 સુધીમાં મુંબઈ પ્રાંતનો વિસ્તાર વધારવામાં આવ્યો. કેટલાક દેશી રાજ્યો તથા એડન (1839) સિંધ (1847) અને સિંધિયા પાસેનો પંચમહાલ પ્રદેશ 1853માં દસ વર્ષ માટે વહીવટ કરવા માટે લેવાયો હતો. આમ 1857 પહેલાં મુંબઈ પ્રાંતમાં શિક્ષણ, સિંચાઈ, આરોગ્ય, રેલ્વે વગેરે માટેના નાણાં માટે પગલાં લેવામાં આવ્યાં હતાં. જેનાથી માપણી અને મોજણી તથા જમીન મહેસૂલ નક્કી કરીને તેને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું. ખેતી ક્ષેત્રે ઈનામી કમીશન 1852માં નીમવામાં આવતાં, તેના ખેતી ક્ષેત્રમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા અને એ ક્ષેત્રે ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયેલો અને તેનું ઉગ્ર સ્વરૂપ 1857ના વિકલ્પમાં જોવા મળ્યું.*

**4.2.1.1 ગુજરાતમાં 1857-58 વિપ્લવ**

*ઈ.સ 1857માં હિંદ સિપાઈઓએ અંગ્રેજ સરકાર સામે કરેલા બળવાના પ્રત્યાઘાત ઉત્તર ભારતમાં પડ્યા. આવા કપરા સમયમાં ગુજરાત મોટે ભાગે શાંત રહ્યું હતું. 1898માં ગુજરાતમાં લોકોની શસ્ત્ર ધારણ કરવા જતાં ઘણી દમન નીતિ અને અત્યાચારનો આશ્રય લેવાયો હતો. આ સમયે ખંડેરાવ ગાયકવાડ બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારી રાખીને મદદ કરી હતી જેના બદલામાં વફાદારીના ભાગરૂપે માર્ચ 11, 1862 દત્તક લેવાની છૂટ તથા હીઝ હાયનેસ ધ મહારાજા ઓફ બડૌદા એવું સંબોધન આપીને જી.સી.આઈ.નો ખિતાબ આપીને વાળ્યો હતો.*

*1857ના સિપાઈઓના બળવાનું સીધું પરિણામ એ આવ્યું કે હિંદનો વહીવટ ઈંગ્લિશ ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ તાજે 1858માં એક ધારો પસાર કરીને લઈ લીધો હતો. એ ધારામાં હિંદનો વહીવટ સુધારવા પોતે મુખ્ય સત્તા ધારણ કરી છે એવું જાહેરનામું રાણી વિક્ટોરિયાના નામથી બહાર પાડવામાં આવ્યું હતું. હિંદના દેશી રાજાઓને સલામતી અને રક્ષણની બાંહેધરીઓ આપવામાં આવી હતી.*

**4.2.1.2 1858 પછી રાજ્ય વહીવટ:**

*ઈ.સ 1857 અને 1858 વિપ્લવ પછી સમગ્ર ભારતની સાથે ગુજરાતના પ્રદેશો પર પણ વહીવટ કરવા પર ધ્યાન આપ્યું હતું. આ સમયે ગુજરાતમાં વહીવટ બે ભાગમાં વહેંચાયેલો હતો. પહેલા ભાગમાં મોટી સંખ્યામાં દેશી રજવાડાં ઉપર હળવા સાથે મજબૂત પકડ રાખી વહીવટ કરવાનું હતું. તો બીજા ભાગમાં પોતાના સીધા વહીવટ હેઠળની પ્રજા જે ફળદ્રુપ જિલ્લાઓમાં વસતી હતી તેમની પાસેથી એમની ધર્મશ્રદ્ધાઓ કે એમના ઉદ્યોગ-ધંધાઓમાં કારણ વિના દરમિયાનગીરી કર્યા વગર પૂરતા પ્રમાણમાં મહેસૂલ વસૂલ લેવાનું કાર્ય અંગ્રેજ સરકારે કરવાનું હતું અને એ પ્રમાણે શરૂ કર્યું. સીધા વહીવટ હેઠળના બ્રિટિશ પ્રદેશ 'ખાલસા મુલક' તરીકે ઓળખાતા હતા.*

**દેશી રાજ્યો**

*મુંબઈ પ્રાંત(ઈલાકા)નાં દેશી રાજ્યો પરનો અંકુશ મુંબઈ સરકાર પોલિટિકલ એજન્ટ દ્વારા ધરાવતી. એજન્ટનાં સ્થાન અને ફરજો જુદા જુદા રાજ્ય પ્રમાણે જુદા જુદા રહેતાં. એના આધારે આરંભના અને પછીના સમયમાં થયેલા કરારો, સમજૂતીઓ, સંધિઓ વગેરે પર*

*તથા 1857 પછી અપાયેલ સનદો કે હક્કપત્રકો પર રહેતો હતો. આમ છતાં ઘણી રીતે વણલખાયેલા કે નિર્દેશ વગરના અધિકારોનો ઉપયોગ એ પોતાની વિવેકબુદ્ધિથી કરતો હતો.*

**બ્રિટિશ પ્રદેશો (ખાલસા મુલકો)**

*મુંબઈ પ્રાંતનો વહીવટ ગવર્નર-ઈન-કાઉન્સિલ મારફતે થતો હતો. કાઉન્સિલના પ્રમુખ તરીકે ગવર્નર રહેતો હતો અને ઈન્ડિયન સિવિલ સર્વિસની બે વ્યક્તિઓ એના સભ્ય તરીકે કામ કરતી હતી. આ બધાને નિમણૂક પાંચ વર્ષ માટે બ્રિટિશ તાજ તરફથી થતી. પ્રાંતના વહીવટનાં વિવિધ પ્રકારનાં ખાતાં કાઉન્સિલના સભ્યો વચ્ચે વહેંચવામાં આવતાં હતાં.*

*મુંબઈ પ્રાંતના સિંધ, ઉત્તરીય, મધ્ય અને દક્ષિણિ એવા ચાર વિભાગો હતા. દરેક વિભાગ પર એક કમિશનર નીમવામાં આવતો હતો. ઉત્તરી વિભાગમાં ગુજરાતના સીધા બ્રિટીશ વહીવટ હેઠળના અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત જિલ્લાઓનો સમાવેશ થતો હતો. આ વિભાગનું વડુ મથક અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું હતું. ગુજરાતના આ પાંચ જિલ્લા બ્રિટિશ પ્રદેશ તરીકે ઓળખાતા. દરેક જિલ્લા પર કલેકટરની નિમણૂક કરવામાં આવતી હતી. જિલ્લાના પેટા ભાગ એટલે કે તાલુકા અને મામલતદારના તાબામાં મૂકવામાં આવતો હતો. કલેક્ટરને પાંચ વર્ષમાં ચારેક મહિના પોતાના જિલ્લાઓનો પ્રવાસ કરવો પડતો હતો. એના ઉપરી અધિકારી તરીકે વિભાગીય કમિશનરો રહેતા. પોતાના વિભાગો સામાન્ય પ્રકારની દેખરેખ તથા મહેસૂલી વહીવટ પર અંકુશ રાખતા. ગામનું સ્વાતંત્ર્ય બ્રિટિશ શાસન શરૂ થતાં અગાઉ જે હતું તે બ્રિટીશ વહીવટ શરૂ થતા હણાઈ ગયું હતું.*

**4.2.1.3 સુરતમાં આવક વિરોધી આંદોલન 1860**

*બ્રિટિશ સરકારે આવક વેરો દાખલ કર્યો એના વિરોધમાં સુરતના બુરહાનપૂરી ભાગોળના 2000થી વધુ સંખ્યાના વેપારીઓએ ભેગા થઈ આવકવેરા-પત્રક નહી ભરવાની અને જ્યાં સુધી આવકવેરો પાછો ખેંચી લેવામાં નહી આવે ત્યાં સુધી દુકાનો બંધ રાખી હડતાળ પાડવાની જાહેરાત કરી હતી. ત્યારથી આવકવેરા-ધારા-વિરોધી આંદોલનનો આરંભ થયો. દુકાનો બંધ કરી રહેલા વેપારીઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમણે સુરતના મેજિસ્ટ્રેટ પાસે લઈ જવામાં આવ્યા હતા. ભેગા થયેલા ટોળા ઉપર છેવટે લાઠીમાર કરી તેમને વિખેરી નાંખવામાં આવ્યું હતું. શહેરના અન્ય ભાગોમાં પણ વિરોધ થયા હતા. આ ઘટનામાં 24 વ્યક્તિઓને ગુનેગાર ઠરાવી સખત મજૂરી સાથેની ત્રણ મહિનાની કેદની સજા કરવામાં આવી હતી.*

*ઈ.સ. 1860માં વસઈમાં પણ આવકવેરા સામે વિરોધ થયો હતો. (ડિસેમ્બર, 5, ઈ.સ. 1860)માં જેમાં 4,000 લોકોએ મામલતદારની કચેરી સામે ભેગા થઈને સરકારે*

*બજાવેલી નોટિસો અને ભરવાનો પત્રક ફેંકી દીધા હતા. આ બધાની આગેવાની ગોરધનદાસ શેઠે લીધી હતી.*

### 4.2.1.4 પંચમહાલ જિલ્લાની તબદીલી 1861

*ગ્વાલિયરના સિંધિયાના તાબામાં પંચમહાલ જિલ્લો તથા પાવાગઢ અને ચાંપાનેર શહેર હતાં. ગ્વાલિયરથી આ પ્રદેશોનો વહીવટ કરવાનું મુશ્કેલ જણાતાં સિંધિયાએ આ પ્રદેશોનો વહીવટ* 1853*માં બ્રિટિશ સરકારને દસ વર્ષ માટે સોંપ્યો હતો. દસ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં સિંધિયાએ* 1861*માં આ પ્રદેશો બ્રિટિશ સરકારને તબદિલી કરી આપ્યા હતા. અને એના બદલામાં પ્રદેશ જેટલો વિસ્તાર જે ઝાંસી પાસે આવેલો હતો તે લીધો. પ્રદેશની આવી અદલાબદલીથી પંચમહાલને ફાયદો થયો હતો.* 1861 *પછી જિલ્લામાં બધે મેટલવાળા માર્ગ બનાવવામાં આવ્યા હતા. બ્રિટિશ પદ્ધતિની મહેસૂલ અને ન્યાયવ્યવસ્થા સ્થપાઈ. શાળાઓ અને દવાખાનાં પણ શરૂ કરાયાં. મુંબઈ તથા અન્ય સ્થળો સાથે ગોધરા, દાહોદના રેલવે-માર્ગો બંધાતાં, વ્યવહાર સ્થપાયો. એ પછી રતલામ અને અન્ય સ્થળો સાથે પણ રેલવે-વ્યવહાર સ્થપાયેલ.* 1857 *પછીના સમયમાં મુંબઈ પ્રાંતમાં શિક્ષણ, રેલવે અને રૂના ઉદ્યોગમાં ભારે પ્રગતિ થઈ હતી. એમાં પણ રૂનો ઉદ્યોગ મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ બની રહ્યો હતો.*

**કાઠીયાવાડના સાત વર્ગ**

1863*માં કર્નલ કીટિંગે કાઠિયાવાડનાં દેશી રજવાડાંઓના સાત વર્ગો કરી અને તેઓને પોતાના દરજ્જા પ્રમાણે દીવાની અને ફોજદારી ન્યાય કરવાના અધિકાર આપ્યા હતા.*

**પંચમહાલમાં તોફાન : 1868**

*પંચમહાલ જિલ્લામાં જાંબુઘોડા પાસે આવેલા વાત્રકના જોરીયા નામના એક નાયકડાએ પોતે ઈશ્વર છે અને ચમત્કારો કરી શકે છે એવો દંભ કર્યો અને લોકો પર ઊંડી છાપ પાડી. આથી એમના અનુયાયીઓનું એક મોટું જૂથ એમાં દાંડિયાપુરાનો નાનો જમીનદાર રૂપસિંહ આગળ થયો. જોરિયાએ અને રૂપસિંગે વાત્રકમાં જેવી સત્તા જમાવી અને આવતા-જતા માલ પર લાગો(મહેસૂલ) લેવાનું શરૂ કર્યું. ધર્મવેરો પણ લેવા માંડ્યો. શરૂઆતમાં સ્થાનિક અધિકારીઓએ આ બાબતની અવગણના કરી હતી. આથી આ નાયકડા પ્રોત્સાહિત બન્યા હતા અને તેઓએ પોતાના* 500 *હથિયારધારી અનુયાયીઓના ટોળા સાથે બારિયા તાબાના રાજગઢને લૂંટ્યું હતું. રૂપસિંગે પંચમહાલ જઈ નાયકડાઓની ફોજ ભેગી કરી જાંબુઘોડા પર છાપો માર્યો હતો અને તેને લૂંટયું હતું. અને સરકારી દફતર બાળી નાખ્યાં હતા અને ત્યાંથી છોટાઉદેપુર તાબાના જેતપુરને લૂંટીને હાહાકાર મચાવ્યો હતો. આમ નાયકડાઓનાં તોફાન વધતાં અંગ્રેજ સરકારે અમદાવાદ, વડોદરા તથા અન્ય સ્થળોની લશ્કરી ટુકડીઓ એકત્ર કરી હતી. નાયકડાઓને વેર-વિખેર કરી નાખ્યાં. ફેબ્રુઆરી* 18 *પછી એક મહિનાની અંદર જોરિયો અને રૂપસિંગ ગલાલિયો વગેરેને કેદ કરી તેમની પર કામ ચલાવી ફાંસીની સજા કરવામાં આવી હતી. આમ*

*જોરિયાનું બંડ ધાર્મિક અંધશ્રદ્ધા પર આધારિત હતું અને અંગ્રેજ સરકારે સખ્તાઈથી દાબી દીધું અને ગુનેગારોને ભારે શિક્ષાઓ કરી હતી.*

**અમદાવાદમાં ભારે વરસાદ 1868-1875 :**

*ઈ.સ 1868માં અમદાવાદમાં પાંચ દિવસ દરમિયાન (ઓગસ્ટ 11 થી 15) 27 ઈંચ જેટલો વરસાદ પડ્યો. એની સાથે ભારે વેગવાળું વાવાઝોડું ફૂકાયું હતું. આના પરિણામે 9,500 જેટલા મકાન જેની કિંમત 9 લાખ 50 હજાર રૂપિયા આંકવામાં આવી હતી તેનો નાશ થયો. અમદાવાદ જિલ્લામાં અન્યત્ર પણ ઘણું નુકસાન થયું હતું.*

**દિલ્હી દરબાર 1877:**

*બ્રિટનની રાણી વિક્ટોરિયાએ બ્રિટનની સંસદે પસાર કરેલા 'ધ રોયલ ટાઈસ એક્ટ, 1876' અન્વયે 'હિંદની મહારાણી' (કૈસરે હિંદ)ની પદવી ધારણી કરી. (જાન્યુઆરી 1, 1877) અને એની ઉજવણી કરવા દિલ્હીમાં ગવર્નર જનરલ લોર્ડ લિટને ભવ્ય દરબાર યોજી હિંદની પ્રજાને બ્રિટીશ શાહીવાદનું દર્શન કરાવ્યું અને રાણી તરફ ભક્તિભાવ રાખવા પરોક્ષપણે અનુરોધ કર્યો હતો.*

**દુષ્કાળ 1877:**

*1877માં ચોત્રીસા (સંવત 1934) નામે ઓળખાયેલો દુષ્કાળ પડ્યો હતો. એ દુષ્કાળની અસર કાઠિયાવાડમાં ઘણી જણાઈ હતી ગુજરાતના અન્ય ભાગોમાં ખાસ દેખાઈ ન હતી.*

**4.2.1.5 સ્થાનિક સ્વરાજ્ય : 1884 :**

*બ્રિટીશ વહીવટ નીચે 1884માં અમદાવાદમાં અને એને પગલે ભરૂચ, ખેડા, નડિયાદ અને અન્ય મહત્ત્વનાં નગરોમાં સુધરાઈઓ-સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ શરુ કરવામાં આવી હતી અને તેમાં જાહેર આરોગ્ય અને અન્ય સુવિધાઓ પૂરી પડવાની જોગવાઈઓ કરવામાં આવી હતી. જાહેર બાંધકામ કરવામાં તથા અન્ય કામોની મરામત કરવા જેવા કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા તથા અન્ય બાંધકામોની મરામત કરવા માટે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા જિલ્લા લોકલ બોર્ડની રચના, જિલ્લામાં રસ્તાઓ, પાણી-પુરવઠો, આરામગૃહો અને અન્ય કામો માટે કરવામાં આવી હતી. આ બંને પ્રકારની સંસ્થાઓમાં લોકોને મતાધિકાર આપવામાં આવ્યો હતો. મતાધિકારનો અમલ થયો ત્યારે લોર્ડ રિપન ગવર્નલ જનરલ હતો.*

**ભરૂચમાં તળાવિયાઓનું બંડ 1885:**

*પંચમહાલના ભીલોને મળતા આવતા આદિવાસી જાતિના તળાવિયા લોકોને સુધારવા અને એમને ખેતીવ્યવસાયમાં જોડવા માટેના પ્રયાસ અંગ્રેજ સરકારે કર્યા હતા. ખરાબાની જમીનને વિકસાવવા નાણાંખર્ચ પણ કરવામાં આવ્યું હતું. પરંતુ તળાવિયાની મૂળભૂત પકૃતિમાં ફેર પડ્યો નહોતો. એમનામાંના એક લખા ભગત અને બીજા એક ભગતે ભેગા મળી એવી વાત ચલાવી કે માતાએ તેઓને અલગ રાજ્ય આપવા વચન*

*આપ્યું છે. એમના લોકોને તેઓ સમજાવવા માંડ્યા હતા. પરિણામે એમનું જૂથ રચાયું. આશરે 100 જેટલા તળાવિયા આ બે ભગતોની આગેવાની નીચે ચોમાસામાં ભરૂચના કલેક્ટર વિલિયમ એલનને મળવા ઊપડયા હતા. કલેક્ટર પોતાના બંગલે હાજર ન હોવાથી શહેર તરફ જવા નીકળ્યા. રસ્તામાં રેલવેનો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ડબલ્યુ બી. પ્રોસ્કોટ ટોળાને ગમેતેમ બોલતાં ટોળું વિફર્યું અને તેને મરણતોલ માર મારી ત્યાંથી ટોળાએ પોલીસ ચોકીને લૂંટી. ચોકીનાં હથિયાર છીનવી લીધાં. માર્ગમાં પોલીસ ટુકડી સાથે અથડામણ થતા તેમાં પોલીસનો એક માણસ મરાયો અને ત્રણ જણા ઘવાયા. ગોળીબારમાં પાંચ તાળાવિયા માર્યા ગયા અને એટલા જ ઘવાયા અને 40 જણને તથા લખા અને અન્ય ભગતને પકડીને તેમની પર કેસ ચલાવીને લખા અને એમના સાગરીતને ફાંસીની સજા આપવામાં આવી હતી.*

**ધોળકામાં કોમી તંગદિલી 1887 :**

*ઈ.સ. 1887 માં સરકારે 'એજ ઓફ કન્સેન્ટ બીલ' દાખલ કર્યું હતું. એના પરિણામે હિંદુઓની લાગણીઓ ઘવાઈ હતી. ગોરક્ષામંડળોની ઉપદેશાત્મક પ્રવૃત્તિઓના કારણે હિંદુ-મુસ્લિમ પ્રજાના સબંધોમાં કડવાશ ફેલાવાથી મુંબઈ અને અન્ય સ્થળોએ હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં. ગુજરાતમાં ધોળકામાં આવો બનાવ બન્યો હતો.*

**અન્ય બનાવો :**

*ઈ.સ. 1873માં સુરતમાં "પ્રાર્થના સમાજ" શરુ થયો. 1882 માં વડોદરામાં શ્રેયસાધક અધિકારીવર્ગ સ્થાપાયો. ઈ.સ. 1887માં રાણી વિક્ટોરિયાની ગાદી પર બેઠાને 50 વર્ષ પુરા થતા એની જ્યુબિલી ગુજરાતભરમાં ઉજવવામાં આવી હતી. બે દિવસ (ફેબ્રુઆરી 16-17) જાહેર તહેવારના રૂપે પાળવામાં આવ્યા હતા. બ્રિટીશ શાહીવાદ અને રાજ્યભક્તિ માટેનું દર્શન અહીના બ્રિટીશ શાસકોએ રાણીને માનપત્ર આપવા ઘણા રાજા-મહારાજાઓ ઈંગ્લેંડ મોકલ્યા હતા.*

*ઈ.સ. 1888-1889ના વર્ષમાં વરસાદ ઓછો પડવાથી અનાજ અને ઘાસની તંગી ઉભી થઈ હતી. ગુજરાતના મોટા ભાગના વિસ્તારોને આ અનાવૃષ્ટિની અસર થઈ હતી. ઈ.સ 1889ના એપ્રિલના સુરત શહેરમાં આગ લાગવાથી શહેરનો ઘણો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.*

*1891માં જુલાઈ આખરમાં ભરૂચમાં 24 કલાકમાં તેવીસ ઈંચ વરસાદ પડતાં જાનમાલનું ઘણું નુકસાન થયું હતું. 1893માં સુરતની સુધરાઈએ સૌપ્રથમ રસ્તાઓ ઉપર વીજળીના દીવા મૂક્યા હતા. 1896માં તાપ્તી રેલ્વે બંધાવા લાગી હતી. ઈ.સ. 1900માં છપ્પનીયો દુષ્કાળ પડતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.*

**4.2.1.6 શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્ય (1884)**

*ઈ.સ. 1879 પછીનાં વર્ષોમાં શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્યના ક્ષેત્રમાં ટૂંકા સમયમાં ભારે પ્રગતિ થઈ હતી. અગાઉના વર્ષોમાં અમદાવાદ, ખેડા અને નડિયાદ જેવાં શહેરોમાં અંગ્રેજી શાળાઓ શરુ કરાઈ હતી. 1855 પછી કન્યાશાળાઓ પણ સ્થાપવામાં*

આવી. શાળાઓ માટે શિક્ષકો તૈયાર કરવા સરકારે 1857માં અમદાવાદમાં 'ગુજરાત ટ્રેઈનિંગ કૉલેજ' શરુ કરી હતી. સ્ત્રી શિક્ષકોની ખોટ પૂરી પાડવા 'ફિમેલ ટ્રેઈનિંગ કૉલેજ' 1871માં અમદાવાદમાં શરુ કરવામાં આવી હતી. આવી રીતે રાજકોટ અને વડોદરામાં પણ આવી શિક્ષક તાલીમ કૉલેજો શરુ કરવામાં આવી હતી. ઈ.સ. 1879 કૉલેજ શિક્ષણ પ્રી.ઈ. (પ્રીવિયસ ઈયર) સુધી મળી રહે એ માટે કૉલેજો શરુ કરવામાં આવી હતી. એ પછીના સમયમાં કૉલેજોને જુદી પાડવાના પ્રયાસો થતાં અમદાવાદમાં 'ગુજરાત કૉલેજ' નામની સંસ્થા શરુ કરાઈ હતી. તેમાં બી.એ. પદવી સુધીના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હતી. તેની શરૂઆત (એપ્રિલ 1, 1887)માં થઈ હતી. કૉલેજોના મકાનનું ઉદ્દઘાટન મુંબઈના ગવર્નર લોર્ડ સેન્ડહર્સ્ટે (ઓગસ્ટ 23, 1897) કર્યું હતું. આ પછી ગુજરાતના અન્ય મોટા શહેરોમાં પણ આવી કૉલેજો સ્થપાઈ હતી. ગ્રેટ બ્રિટન, આયર્લેન્ડ અને અમેરિકાની ઘણી ખ્રિસ્તી 'સોસાયટી'ઓએ હિંદમાં મોકલેલા ખ્રિસ્તી મિશનરીઓની કામગીરીના પરિણામે અંગ્રેજી શિક્ષણનો વ્યાપ વધ્યો હતો. સુરત અને અમદાવાદમાં આવી મિશનરી સંચાલિત શાળાઓ શરુ થઈ હતી. દેશી રાજા-મહારાજાઓના કુંવરોને શિક્ષણ આપવા (ડીસેમ્બર 16, 1870) રાજકોટમાં 'રાજકુમાર કૉલેજ' સ્થાપવામાં આવી હતી તથા ગરાસિયાઓના પુત્રોને શિક્ષણ આપવા વઢવાણમાં ગરાસિયા સ્કૂલ સ્થાપવામાં આવી હતી અને તાલુકાદારોના દીકરાઓ માટે સાદરામાં સ્કોટ કૉલેજ સ્થાપવામાં આવી હતી.

શિક્ષણનો વ્યાપ વધતાં એના સીધા પરિણામ સ્વરૂપે સરકારી નોકરીઓમાં હિંદના લોકોને સ્થાન મળતાં ડેપ્યુટી કલેક્ટર, મેજિસ્ટ્રેટ, કોર્ટના ન્યાયાધીશ વગેરે ઊંચી જગ્યાઓ પર શિક્ષિત હિંદીઓની નિમણૂક થવા લાગી હતી. ઈંગ્લેન્ડમાં સિવિલ સર્વિસ પરીક્ષા પસાર કરનાર માટે મહેસૂલ, ન્યાયતંત્ર, શિક્ષણ, પોસ્ટ અને અન્ય વિભાગોમાં જગ્યાઓ ખુલ્લી મુકવામાં આવી હતી.

ભરૂચ જિલ્લામાં ભરૂચ, અંકલેશ્વર, જંબુસર, હાંસોટ અને આમોદમાં નગર સુધરાઈઓ સ્થપાઈ હતી. જિલ્લા બોર્ડ ને પાંચ તાલુકા બોર્ડ, સ્થાનિક બાબતોની દેખરેખ અને વ્યવસ્થા સંભાળતાં હતાં. સુરત જિલ્લામાં સુરત, રાંદેર, વલસાડ અને માંડવીમાં નગર સુધરાઈઓ હતી. જિલ્લા બોર્ડને આઠ તાલુકા બોર્ડ પણ રચાયાં હતાં.

19મી સદીના અંત સુધીમાં વહીવટી ક્ષેત્રે બ્રિટિશ સરકારે ગુજરાત પરના પોતાના પ્રદેશો પર મજબૂત પકડ જમાવી લીધી હતી. વીસમી સદીના પહેલા દસકામાં તેમ જ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં સુધીના સમયમાં અંગ્રેજ સરકારને પોતાના પ્રદેશમાં રાષ્ટ્રીય જુવાળને ખાળી રાખવા સખ્તાઈ અને દમનનીતિનો ઉપયોગ કરવો પડ્યો હતો. દુષ્કાળના સમયમાં 1895 અને 1899-1900માં તથા પ્લેગ જેવા જીવલેણ ચેપી રોગોના સમયમાં આપત્તિગ્રસ્ત પ્રદેશની પ્રજા મહેસૂલ ન ભરી શકે તેવી સ્થિતિમાં કોમી રમખાણો દ્વારા પોતાનો અસંતોષ વ્યક્ત કરતી હતી. 19મી સદીના છેલ્લા દસકામાં ઉદ્દામવાદી વિચારસરણીથી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને બનાવો બનવા લાગ્યા હતા. વીસમી સદીના

*પ્રથમ ચરણ દરમિયાન અમદાવાદ અને સુરત મુકામે મળેલ કોંગ્રેસના અધિવેશનનો પણ ભારે જાગૃતિ આણી હતી. 1915માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદ આવી અમદાવાદમાં આવ્યા બાદ એમાં દેશવ્યાપી જુવાળ આવ્યો હતો.*

### 4.2.1.7 તાજનું વહીવટીતંત્ર 1858 થી 1914

*કંપનીએ સર્જેલા જિલ્લા વહીવટી તંત્રના માળખામાં બ્રિટિશ તાજ દ્વારા સુધારા કરવામાં આવ્યા હતા. આ સમયે કાઠિયાવાડમાં 193થી વધારે નાનાં રાજ્યો હતાં. એ બધાંમાં મુંબઈ સરકારે ફોજદારી અદાલતો સ્થાપી અને એના ઉપર પોલિટિકલ એજન્ટને રાખવામાં આવ્યો હતો. ઈ.સ. 1863 સુધી ન્યાયતંત્રની દ્રષ્ટિએ કાઠિયાવાડને ચાર પ્રાંતોમાં વહેંચીને દરેક ઉપર એક આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ નીમવામાં આવ્યો હતો. તેને દીવાની અને ફોજદારી સત્તાઓ આપવામાં આવી હતી. પછીના વર્ષોમાં ચાર આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટની મદદ માટે એક એક ડેપ્યુટી આપવામાં આવ્યો હતો. તેને દરેક પ્રાંતના મુખ્યમથકે મૂકીને કેટલીક દીવાની અને ફોજદારી ન્યાયની સત્તા સોપવામાં આવી હતી. 1903માં પોલિટિકલ એજન્ટ અને એના ચાર આસિસ્ટન્ટોના હોદ્દાઓનાં નામ બદલીને 'પ્રાંતના ગવર્નર એજન્ટ' અને 'પોલિટિકલ એજન્ટો' રાખવામાં આવ્યાં હતાં.*

*ઈ.સ. 1914માં મુંબઈ સરકારમાં એક ગવર્નર અને એની કાઉન્સિલમાં ત્રણ સામાન્ય સભ્યો હતા. ગવર્નરને રાજકીય ખાતું, જાહેર સેવા ખાતું અને સામાન્ય ખાતું તેમજ ધારાકીય કાઉન્સિલને લગતી બાબતો સોંપવામાં આવી હતી. મહેસૂલ સભ્યને મહેસૂલ, નાણાંવિષયક અને રેલવે બાબતો સોંપવામાં આવી હતી. કાઉન્સિલના બીજા બે સભ્યોને શહેર અને જિલ્લાના પોલીસ, કેળવણી, વહાણવટું અને પ્રકીર્ણ ખાતાં તથા સ્થાનિક અને જાહેર આરોગ્ય વહેંચી આપવામાં આવ્યાં હતાં. કાઉન્સિલમાં આવતા પ્રશ્નોનો નિર્ણય બહુમતીથી લેવામાં આવતો હતો.*

**પોલિસ તંત્રની વ્યવસ્થા :**

1867*માં ડિસ્ટ્રીકટ પોલિસ એક્ટ અસ્તિત્વમાં આવ્યો. જે* 1890 *સુધી અમલમાં રહ્યો હતો. પોલિસ વહીવટીતંત્ર રેવન્યુ કમિશ્નરોના નિરીક્ષણ નીચે મુકવામાં આવ્યું હતું.* 1885*માં પ્રેસિડેન્સીના ડિસ્ટ્રીકટ પોલિસનું વહીવટીતંત્ર 'ધ ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલિસ' જેવા એક અધિકારીને સોંપવામાં આવ્યું હતું.*

**મહેસૂલી વહીવટીતંત્ર :**

1914*માં બોમ્બે પ્રેસિડેન્સીના મહેસૂલી વહીવટીતંત્રમાં ચાર રેવન્યુ કમિશનર,* 11 *સિનિયર અને દસ જુનિયર કલેક્ટરો,* 17 *પ્રથમ અને* 18 *દ્વિતીય મદદનીશ કલેકટર,* 61 *ડેપ્યુટી કલેક્ટર હતા. રેવન્યુ વહીવટીતંત્ર ચાર કલેકટરો, બે ડેપ્યુટી કમિશ્નરો, છ મદદનીશ કલેકટરો અને* 22 *ડેપ્યુટી કલેકટરો દ્વારા ચાલતું હતું.*

**જિલ્લાના વહીવટીતંત્રની વ્યવસ્થા :**

*દરેક જિલ્લાઓમાં આઠ થી બાર તાલુકા હતા . દરેક તાલુકામાં લગભગ 100 ગામ સરકારી હતાં. દરેક ગામમાં નિયમિત અધિકારીઓ હતા. જેઓ વારસાગત હોદ્દા ભોગવતા હતા. એમાં પટેલ, તલાટી,અને ચોકીદારનો સમાવેશ થતો હતો. ગામના મહેસૂલના હિસાબનો આધાર સર્વે-રજીસ્ટર ઉપર રહેતો. દરેક જમીન માલિકને એક પહોચ બુક આપવામાં આવતી હતી. દરેક વર્ષે ગામની જમાબંધી નક્કી કરવામાં આવતી. મદદનીશ કે ડેપ્યુટી કલેકટર પોતાના તાબાના ગામની વર્ષ માં એકવાર મુલાકાત લેતો હતો.*

*મામલતદારના તાબા નીચે તાલુકો હતો. તાલુકામાં કાર્યવાહીની જવાબદારી મામલતદારની રહેતી હતી. એના હાથ નીચેના ગામોમાંથી મહેસૂલ નિયમ પ્રમાણે ઉઘરાવાય છે, કે નહી એ મામલતદારને જોવાનું રહેતું હતુ. તેની નીચેના મેજિસ્ટ્રેટ તરીકે કાર્ય કરતો અને મદદ કરવા માટે કેટલીક સંખ્યાનાં ગામ સર્કલ-ઈન્સ્પેક્ટરોના અને મામલતદારની કચેરીના બીજા સભ્યોના હાથ નીચે મુકવામાં આવ્યાં હતાં. મામલતદારની ઉપર આસિસ્ટન્ટ કે ડેપ્યુટી કલેકટર હતો. એના તાબા નીચે સરેરાશ ત્રણ તાલુકા હતા. વર્ષના સાત મહિના આ તાલુકાઓમાં એણે પ્રવાસ કરવાનો રહેતો. આસિસ્ટંટ અને ડેપ્યુટી ક્લેકટરોની ઉપર કલેકટર અને મેજિસ્ટ્રેટ હતો. જેના હાથ નીચે સમગ્ર જિલ્લો આવતો. એ આ વિસ્તારના વર્ષના ચાર મહિના પ્રવાસ કરતો. રેવન્યુ અને મેજિસ્ટ્રેટના કાર્યનું નિયંત્રણ કરતો, એક્સાઈઝ અને બીજા કરવેરાનો અને સ્ટેમ્પ-રેવન્યુનો વહીવટ સંભાળતો. છેલ્લે રેવન્યુ વહીવટીતંત્ર ઉપરનું સામાન્ય નિરીક્ષણ ત્રણ કમિશનરો કરતા અને કાબૂ રાખતા હતા.*

**જંગલ વહીવટીતંત્રઃ**

*1860 માં મુંબઈ માં જંગલ વહીવટીતંત્રની વ્યવસ્થા થઈ. પ્રેસિડેન્સીને ચાર જંગલ સર્કલોમાં વહેચવામાં આવી. 1907 અને 1911માં એની પુનર્રચના થઈ. એમાં ત્રણ કોન્ઝર્વેટર, 24 ડેપ્યુટી કે આસિસ્ટંટ કોન્ઝર્વેટર, પ્રાંત માટે પાંચ વધારાના ડેપ્યુટી કોન્ઝર્વેટર અને 23 વધારાના આસિસ્ટંટ કોન્ઝર્વેટર રાખવામાં આવ્યા. 1888 માં જંગલોની સર્વે હાથ ધરવામાં આવ્યો. અને 1918 સુધીમાં ફોરેસ્ટ સેટલમેન્ટનું કામ પૂર્ણ થયું હતું.*

**શિક્ષણનું સંચાલન :**

*ઈ.સ.1865માં ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાનું સંચાલન બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા થતું. તે હવે જિલ્લા અને તાલુકા લોકલ બોર્ડ દ્વારા ચલાવામાં આવતું. સરકાર શાળાઓને ગ્રાન્ટ આપતી. આ માટે એક ઈન્સ્પેક્ટર, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર અને મદદનીશોનો સ્ટાફ રાખવામાં આવ્યો હતો.*

**ખેતીવાડી ખાતાની શરૂઆત :**

*ઈ.સ 1884 માં જમીનની નોંધણી અને ખેતીવાડી માટે એક ખાતુ શરૂ કરવામાં આવ્યું હતું. એ માટે સનંદી ડાયરેક્ટની નિમણૂક થઈ હતી. 1905માં ડાયરેક્ટ ઓફ એગ્રીકલ્ચર અને ડાયરેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ નીમવામાં આવ્યા હતા. અને એ સાથે ડેપ્યુટી ડાયરેક્ટર એગ્રીકલ્ચર કેમિસ્ટ અને એક ઈકોનોમિક બોટેનિસ્ટની નિમણૂક થઈ હતી. 1903માં કૉ-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી એકટ પસાર કરવામાં આવ્યો હતો. આવી સોસાયટીઓનું કાર્ય રજીસ્ટ્રારને સોંપવામાં આવ્યું હતું. એને મદદ કરવા મદદનીશ રજીસ્ટ્રારો, ઓડીટરો અને બીજા અધિકારીઓ આપવામાં આવ્યા હતા.*

**અન્ય ખાતાઓનો વહીવટ :**

*અન્ય ખાતાઓના વહીવટમાં કસ્ટમ્સ મીઠું, અફીણ,અને આબકારીના ચાર કમીશનરોને મદદ માટે જરૂરી મદદનીશો, કારકુનો અને મજૂરો આપવામાં આવ્યા હતા. મીઠાનું ખાતું અલગ કરવામાં આવ્યું; એ કસ્ટમ્સ કમિશનરના હાથ નીચે મુકવામાં આવ્યું. ખાસ સેવાઓ જેવી કે નહેર, રસ્તા અને મકાનો, ખેતીવાડી, ઉદ્યોગો, કારખાના અને સહકારી ક્રેડીટ એ બધાં માટે અલગ સ્ટાફ રાખવામાં આવ્યો હતો. એ માટે દસેક ખાતા ઉપર એક અધિકારી નીમવામાં આવ્યો હતો. આમ સમગ્ર બ્રિટિશ હિંદની નીતિના એક ભાગ તરીકે બોમ્બે પ્રેસિડેન્સી હતી. અને એનાય એક નાના ભાગ તરીકે ગુજરાત ઉપર વહીવટ ચાલતો હતો.*

## 4.2.2 ગાંધીજી પ્રેરિત આંદોલનો : (બ્રિટિશ મુલકમાં ઈ.સ.1915 થી 1931)

*ગાંધીજીનું 1915માં દેશમાં અને ગુજરાતમાં આગમન થયું એ પહેલાં રાજકીય ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું હતું. જેનો આરંભ વીસમી સદીની શરુઆતથી થયો હતો. ઈ.સ 1900થી સ્વદેશી આંદોલન શરુ થયું હતું. 1902માં અમદાવાદમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. સ્વદેશી ચળવળની સાથે સાથે બંગાળના ભાગલાના પરિણામે હિંસક અને ક્રાંતિકારી પ્રવૃતિઓ અને બોમ્બ યુગની શરુઆત થઈ હતી. સ્વદેશી ચળવળનું જોર અમદાવાદ, નડીયાદ, સુરત અને ભાવનગર જેવા શહેરોમાં વિશેષ હતું. વડોદરા રાજ્યમાંની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ નોંધપાત્ર બની હતી. કારકુન તરીકે કામ કરતા નરસિહભાઈ પટેલે 'વનસ્પતિ દવાઓ' નામની પુસ્તિકા છપાવી. તેમાં બોમ્બ બનાવાની રીતો વર્ણવી હતી. 1906 થી 1911 સુધી આ પ્રવૃતિ ગુજરાતમાં ઠીકઠીક પ્રમાણમાં ચાલી હતી. ગુજરાત બહાર જઈને જે ગુજરાતીઓએ ક્રાંતિકારી પ્રવૃતિમઓમાં ભાગ લીધો તેઓમાં શ્યામજી કૃષ્ણ વર્મા, માદામ ભીખાયજી કામા, સરદારસિંહ રાણાનો સમાવેશ થતો હતો. વડોદરાના મહારાજા સયાજીરાવ ત્રીજા ગાયકવાડ સ્વદેશપ્રેમ અને દેશભક્તિની ભાવના ધરાવતા હતા. બ્રિટીશ સરકાર સાથે સયાજીરાવે કેટલાક પ્રસંગોએ ઘર્ષણમાં આવી ટક્કર લઈ પોતાનું રાજવી તરીકેનું આંતરિક વહીવટી સ્વતંત્ર જાળવી રાખ્યું હતું.*

**ગુજરાતમાં હોમરુલ ચળવળ**

*બાલગંગાધર તિલક* 1914*માં જૂનમાં જેલમુક્ત બની રાજકારણમાં સક્રિય બની કોંગ્રેસના ઉદ્દામવાદી અને વિનીતવાદી પક્ષોને એક કરવાની પ્રવૃત્તિ કરતા હતા. વળી આ સમયે એની બેસન્ટ હિંદના ઉત્કર્ષના કાર્યમાં પહેલીથી પ્રવૃત હતાં, તે સક્રિય બન્યા હતા. કોંગ્રેસનું કાર્ય મંદ ગતિએ ચાલતું હતું. એનાથી એમને અસંતોષ હતો. તેઓ* 1914 *માં કોંગ્રેસમાં જોડાયા.* 1915 *માં રાષ્ટ્રવાદીઓની એક પરિષદ મુંબઈમાં બોલાવ્યા બાદ ચર્ચા વિચારણાના અંતે 'હોમરુલ લિગ' સ્થાપના કરી.*(16 *ફેબ્રુઆરી* 1916)

*હિંદીઓ પોતાનું રાજ્ય પોતે કરે એવું સ્વરાજ્ય સ્થાપવાની ચળવળ એટલે હોમરૂલ ચળવળ. સ્વદેશી ચળવળ પાછળ સ્વરાજ્ય સ્થાપવાનો મુખ્ય હેતુ હતો. તત્કાલ હેતુ બંગાળના ભાગલા રદ કરવાનો અને પ્રજામાં રાજકીય જાગૃતિ આણવાનો હતો. જો કે સ્વરાજ્યની વ્યાખ્યા આ સમયમાં સ્પસ્ટ ન હતી. છતાં લોકશાહી ઢબનું એક પ્રકારનું સ્વશાસન હિંદને મળે એવો આશય એની બેસન્ટે ચલાવેલી હોમરુલ ચળવળ નો હતો.*

**હોમેરૂલનું કાર્યક્ષેત્ર**

*તિલકનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા પ્રદેશોમાં હતું તો એની બેસન્ટનું દેશવ્યાપી હતું.*

**બેસન્ટની ધરપકડ અને હોમરુલ ચળવળનો ફેલાવો**

*એની બેસન્ટની ધરપકડ મદ્રાસમાં* 1917 *જુલાઈમાં કરવામાં આવી ત્યારે ગાંધીજીએ એમની મુક્તિ માટે અસહકારની ચળવળ શરુ કરવા સૂચન કર્યું હતું. દાદાભાઈ નવરોજી* (1925-1917)*એ પણ આ ચળવળને ટેકો આપ્યો હતો. જ્યારે ગાંધીજીએ સુરત, ભરૂચ, જંબુસર, આમોદ, નડિયાદ, ઉમરેઠ, ચિખોદરા, ચકલાસી, ગોધરા, દાહોદ, વગેરે સ્થળોએ સભાઓ કરી હતી. અમદાવાદમાં ગાંધીજીના પ્રમુખપદે દશ હજારની સભા એની બેસન્ટની ધરપકડના વિરોધરૂપે થઈ હતી. એની બેસન્ટનો છુટકારો થતાં સત્યાગ્રહ કરવાની હવા દેશભરમાં ફેલાઈ હતી, તે મંદ પડી ગઈ હતી. એની બેસન્ટ કોંગ્રેસ પ્રમુખ બન્યા હતા.*

**હોમરુલ ચળવળનો અંત**

*આમ* 1916 *થી* 1918-19*ના વર્ષોમાં હોમરુલ ચળવળે દેશમાં અને ગુજરાતમાં જાગૃતિ લાવવાનું અને સ્વરાજ્યની લડત માટે લોકોને તૈયાર કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું. આથી હોમરૂલ ચળવળથી સ્વરાજ્યની લડત ચલાવવા ગાંધીજી માટે સક્રિય કાર્યક્રમ આપવાનો માર્ગ સરળ બન્યો હતો. ગાંધીજીના આગમન અને ટિળકના અવસાનથી હોમરૂલ ચળવળનો અંત આવ્યો હતો.*

**ગુજરાતમાં સ્થાનિક સત્યાગ્રહો**

*સત્યાગ્રહ એ એવું એક રસાયણ હતું કે જેમાં સત્ય અને આગ્રહના મિશ્રણ દ્વારા ધર્મ અને ક્રાંતિનો સમન્વય થતો અને આવા અદભૂત સમન્વયને લીધે જીવનનો તમામ ક્ષેત્રમાં*

*પરિવર્તન લાવે તેવું ચાલકબળ બની રહ્યો. ગાંધીજીના નિવાસસ્થાન ગુજરાતમાં પ્રસંગોપાત કેટલાક સત્યાગ્રહ થયા હતા.*

**વિરમગામ સત્યાગ્રહ (1915-19)**

*ગાંધીજી 1915માં દક્ષિણ આફ્રિકાથી મુંબઈ આવ્યા ત્યાંથી ગોપાલકૃષ્ણ ગોખલેની સૂચનાથી તેઓ પૂણે ગયા. ત્યાંથી પોતાના કુટુંબીજનોને મળવા રાજકોટ અને પોરબંદર જવા રેલવે માર્ગે નીકળ્યા. માર્ગમાં વઢવાણ સ્ટેશને મોતીલાલ દરજીએ ગાંધીજીને વિરમગામની લાઈન દોરી (જકાત-તપાસણી) અને તેનાથી થતી લોકોની કનડગત જણાવી. પણ ગોઠવણ અને વિલંબ થવાની વાત કરી ગાંધીજી સૌરાષ્ટ્રમાં જ્યાં ત્યાં ફર્યા ત્યાં વિરમગામની જકાત અંગે ઘણી પડી મુશ્કેલીઓની ફરિયાદો સાંભળીને પછી ગાંધીજી મુંબઈ સરકાર સાથે વ્યવહાર પત્ર ચલાવીને ત્યાંના સેક્રેટરી અને લોર્ડ વિલિંગડનને પણ મળ્યા, તેનો વ્યવહાર પત્ર કર્યો, વાઈસરોય લોર્ડ ચેમ્સફર્ડને સાથે રૂબરૂ પ્રશ્નની ચર્ચા કરી. આથી ટૂંક સમયમાં જ વિરમગામ આગળની જકાત રદ થવાની જાહેરાત સરકારે કરી. આ જીતને ગાંધીજીએ સત્યાગ્રહના પાયારૂપ માની હતી.*

**મિલમજૂર હડતાલ** (1918)

*મહાદેવભાઈ દેસાઈએ જેને ધર્મયુદ્ધનું નામ આપ્યું. અમદાવાદના મજૂરો અને માલિકો વચ્ચે ગાંધીજીની રાહબરીની ટૂંકી મહત્ત્વની લડાઈ હતી. હિંદને પ્રથમ વિશ્વયુદ્ધમાં સામેલ કરતાં મોંઘવારીમાં વધારો થયો હતો. જેથી મજૂરોને ઓછા પગારે કામ કરવું પડ્યું હતું. 1917માં ચોમાસામાં અમદાવાદમાં પ્લેગનો રોગ ફેલાતાં ઘણા મજૂર શહેર છોડી જતા રહેલા અને વધુ મજૂરો શહેર છોડી ન જાય અને ચાલ્યા ગયેલા મજૂરોને પણ પાછા બોલાવવાના હેતુથી પગારના 70% થી 80 ટકા જેટલું પ્લેગ-બોનસ આપવામાં આવ્યું હતું. પ્લેગ પછી ચાલુ રાખવામાં આવ્યું હતું. વિશ્વયુદ્ધને કારણે મોંઘવારી વધી હતી. પરંતુ મિલમાલિકોએ એ પ્લેગ- બોનસ બંધ કરવાનું વિચાર્યું. જેથી મજૂરોમાં કચવાટ શરૂ થયો અને પ્રશ્ન વિવાદાસ્પદ બન્યો. આથી અનસૂયાબહેને ગાંધીજીને તાર કરતાં તેઓ અમદાવાદ આવ્યા અને મજૂરોની લડતનું સુકાન સંભાળી લીધું. ગાંધીજીએ સમાધાન માર્ગ પકડતાં પંચ નિમાયું. ગાંધીજી, સરદાર, શંકરલાલ બેંકર, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ જગાભાઈ, શેઠ ચંદુલાલ અને પ્રમુખ તરીકે કલેક્ટર હતા. ગાંધીજીએ 35 ટકા મોંઘવારી ભથ્થુ સૂચવ્યું. જ્યારે મજૂરો અને મજૂરાના આગેવાનો 50% ની માગણી કરી. માલિકો 20% આપવા તૈયાર થયા હતા. આથી કટોકટી સર્જાતાં મજૂરોએ કામબંધી(લોક અકાઉન્ટ)ની જાહેરાત કરી હતી. ગાંધીજીની સલાહથી હડતાલ પર ગયા હતા પરંતુ થોડા દિવસમાં આ આંદોલનમાં જુસ્સો ટકાવી રાખવા ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા પરંતુ અંતે હડતાલના 21મા દિવસે અને ઉપાસના ચોથા દિવસે તારીખ-19-3-1918)ના પ્રશ્નનો ઉકેલ આવ્યો અને પંચે 35 ટકા વધારો વાજબી જાહેર કર્યો, આમ ગાંધીજીની જીત થઈ.*

**ખેડા સત્યાગ્રહ** 1918

*ખેડા જિલ્લામાં 1917માં અતિવૃષ્ટિના કારણે પાક નાશ પામ્યો હતો અને ઉંદરોનો પણ ઉપદ્રવ વધારે થયો હતો. આથી ખેડામાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ અને આજુબાજુના ગામમાં ચાર આની કરતાં પણ ઓછો પાક થયો હતો. આથી સરદાર વલ્લભભાઈ મારફતે મુંબઈના ધારાસભાના ધારાસભ્ય વિઠ્ઠલભાઈ પટેલ તથા ગોકળદાસ કહાનદાસ મારફતે જમીન મહેસૂલ માફ કરવા પ્રયાસ કર્યા હતા. પરંતુ તે સફળ ન થતાં સરકારી નિયમ પ્રમાણે જ્યાં ચાર આની કરતાં પાક ઓછો થયો હોય ત્યાં એ વર્ષે જમીન મહેસૂલ માફ કરવાનું હતું. પરંતુ સરકારી અધિકારીઓએ તેની આકારણી ચાર આની ઉપર કરતાં આખા જિલ્લામાં ભારે અસંતોષ ફેલાયો.*

*ગાંધીજી આ સમયે ચંપારણ હોવાથી તેમણે ખેડાથી સરદાર વલ્લભભાઈ મારફતે તપાસ કરાવી ચર્ચા વિચારણાને અંતે સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો.* 1918 *પ્રજાને લડાઈ માટે તૈયાર રહેવા, જમીનો ખાલસા થાય કે કેદ થાય કે ઘરની ચીજવસ્તુઓ લઈ જવામાં આવે તો કષ્ટ સહન કરવાની વાત કરવામાં આવી. સરદાર વલ્લભભાઈએ લોકોને ગામેગામ જઈને પોતાની ટેકને વળગી રહેવા સમજાવ્યું. પ્રચારમાં અનસૂયાબેન, ઈંદુલાલ યાજ્ઞિક અને મહાદેવભાઈ દેસાઈનો પણ સમાવેશ થતો હતો. સરકારે જમીન મહેસૂલ વસૂલ માટે જપ્તીઓ શરૂ કરી. સરકારી પગલાં લેવા માંડ્યાં. જેમાં લોકોનાં ઢોરઢાંખર, વાસણ, ઘરેણાં, સામાન વગેરે જપ્ત કરાયાં. ગાંધીજીએ ખેડૂતોને પોતાના ખેતરનો જપ્ત થયેલા ડુંગળીનો પાક ઉતારવાની મોહનલાલ પંડ્યાને સલાહ આપી. મોહનલાલ એમના સાથીઓની મદદથી એ કામ કરતાં તેઓ "ડુંગળી ચોર"નું બિરુદ પામ્યા હતા.*

*ગાંધીજીએ કમિશનરને પત્ર લખીને જણાવ્યું કે નબળી સ્થિતિવાળા ખેડૂતોનું મહેસૂલ માફ થશે તો સારી ઉપસ્થિતિ વાળા ભરી દેશે. પરંતુ સરકાર ગાંધીજીને યશ આપવા માંગતી ન હતી. પરંતુ ઉત્તરસંડાના મામલતદારે પોતાના તાલુકા પૂરતું જણાવ્યું કે સારી સ્થિતિવાળા ભરી દેશે તો ખરાબ સ્થિતિ વાળાનું મહેસૂલ માફ કરી દેવામાં આવશે. જ્યારે આખા જિલ્લાના માટેનો નિર્ણય કલેક્ટર લઈ શકે એવું જણાવતાં છેવટે કલેક્ટરે એવો જ હુકમ આપ્યો. આમ લડતનો અંત આવ્યો.*

*આ લડતથી ગુજરાતના ખેડૂત વર્ગની જાગૃતિનો અને એમની રાજકારણની કેળવણીનો આરંભ થયો અને સરકાર તરફથી ખેડૂતોમાં જે ડર હતો તે જતો રહ્યો.*

**બોરસદ સત્યાગ્રહ (1923-24)**

*બોરસદ સત્યાગ્રહ* 38 *દિવસ (તા.*2-12-1923 *થી* 8-1-1924)*ના ટૂંકા સમયગાળામાં સરદાર વલ્લભભાઈના સીધા માર્ગદર્શન હેઠળ થયો હતો. ખેડા જિલ્લામાં બહારવટિયાઓનો ખૂબ જ ત્રાસ હતો. સરકાર આ ત્રાસ દૂર ન કરી શકતાં પ્રજા જ બહારવટિયાઓને મદદ કરે છે જેથી બહારવટિયાઓને જેર કરવા ખાસ પોલીસની ટુકડી રાખવામાં આવી અને તેનો ખર્ચ બોરસદ તાલુકાની પ્રજા પાસેથી મેળવવા* 2,40,074*નો*

*વેરો નાખવા ઠરાવ્યું. પુખ્ત વયનાં દરેક સ્ત્રી પુરુષ પાસેથી માથા દીઠ રૂ. 2-7-0નો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. લોકોએ આ દંડરૂપી વેરાને "હૈડિયાવેરા" એવું નામ આપ્યું હતું.*

*ગુજરાત કોંગ્રેસે મોહનલાલ પંડયા અને રવિશંકર મહારાજને તપાસ કરવા મોકલ્યા અને તપાસ કરતાં લોકોને દંડ ન ભરવા સલાહ આપતો ઠરાવ કરી લોકોને સમજાવવા તાલુકાના 104 ગામડાંઓમાં સત્યાગ્રહીઓનાં થાણાં નાખવામાં આવ્યાં. નેતાઓને પ્રવાસ કરી લોકોને અડગ રહેવા સમજાવ્યા ત્યારે સરકારે દંડની રકમ વસૂલ કરવા પોલીસનો ઉપયોગ કરવા માંડ્યો. પરંતુ પ્રજા એ દિવસે ઘરને તાળાં મારવાની અને રાત્રે બજાર ખુલ્લાં રાખવાની પદ્ધતિ અપનાવી. આવી સ્થિતિમાં સરકાર અઢી લાખમાંથી માત્ર 900 રૂપિયા વસૂલ કરી શકી હતી.*

*આમ આ આંદોલન દરમિયાન સંપૂર્ણ અહિંસા જળવાઈ હતી. તે માટે મુંબઈના ગવર્નરે તાલુકાની તપાસ કરતાં પોલીસની ટુકડીનો ખર્ચ પ્રજા પર ન રાખતાં પાછો ખેંચી લીધો અને વસૂલ થયેલો દંડ પાછો આપી દીધો. આમ આ લડતમાં પ્રજાનો વિજય થયો હતો. મહાદેવભાઈ દેસાઈએ આ સત્યાગ્રહને "ક્ષિપ્ર વિજયી" સત્યાગ્રહ તરીકે ઓળખાવ્યો હતો.*

**બારડોલી સત્યાગ્રહ (1928)**

*મુંબઈ ઈલાકામાં દર 30 વર્ષે ખેડૂતોની આર્થિક સ્થિતિની તપાસ કરી જમીન મહેસૂલની આકારણીમાં સુધારો કરવાની રીત પ્રચલિત હતી. બારડોલી તાલુકાની આકરણી છેલ્લે 1896માં થઈ હતી. બારડોલી તાલુકામાં જમીન મહેસૂલની આકરણી સુરતના બિન અનુભવી ડેપ્યુટી કલેક્ટર શ્રી જયકર જે સેટલમેન્ટ ઓફિસર હતા તેમણે કર્યું. તેના અહેવાલમાં 30 ટકા વધારો ફરમાવ્યો હતો. આખા તાલુકાનું મહેસૂલ લગભગ 29 ટકા વધારે સૂચવાયું હતું. આથી આખા તાલુકાનું , મહેસૂલ અગાઉ રૂ.5,14,762 હતું તે રૂ.6,72,273 થઈ ગયું હતું. આથી તાલુકામાં ભારે કચવાટ ફેલાયો.*

*બારડોલી તાલુકાની પ્રજાની માંગણી આખા તાલુકાની ફેર-આંકણી રદ કરવાનું કામ સરદાર વલ્લભભાઈ પટેલને સોંપવામાં આવ્યું. ઉગ્ર લડત ઉપાડવા તૈયાર કરી સરદારે લોકોને લડત દરમિયાન આવી પડનાર જોખમોનો શાંતિપૂર્વક વિચાર કરીને લડતની શરૂઆત કરી. આ લડતમાં જુગતરામ દવે, કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ, અબ્બાસ સાહેબ તૈયબજી, દરબાર સાહેબ, મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ, ચંદુભાઈ દેસાઈ, ગોરધનદાસ ચોખાવાલા, ઈમામ સાહેબ, ડૉ. સુમંત મહેતા તથા કુ. મણિબહેન પટેલ વગેરે આવ્યાં. તેની સામે સરકારે મહેસૂલ માટે જલદ પગલાં લીધાં. સરકારે ખેડૂતો પર ત્રાસ ગુજારવા પઠાણો રોક્યા હતા. સરકારનાં આવાં પગલાંઓથી મુંબઈ ધારાસભામાં ચૂંટાયેલા સભ્યો અને પટેલ, તલાટીઓએ રાજીનામાં આપ્યાં. અને લડત દરમિયાન બધી પ્રજા એક થઈ. આ લડતની અસર ગુજરાત બહાર પણ પડી.*

*આંદોલન વખતે ઘણા કાર્યકર્તાઓ જેલમાં ગયા. 12મી જૂન, 1928નો દિવસ "બારડોલી દિન" તરીકે ઉજવવામાં આવ્યો. છેલ્લે વાટાઘાટો દ્વારા નક્કી થયા પ્રમાણે*

*જૂના દરે મહેસૂલ ભરવાનું, કેદીઓને છોડી મૂકવાનું, જપ્ત કરેલી જમીન પાછી આપવાનું અને પટેલ તલાટીઓને નોકરી પર પાછા લેવાનું સરકારે સ્વીકાર્યું. આમ છ મહિનાની આકરી કસોટી પછી બારડોલીના ખેડૂતોએ વિજય મેળવ્યો હતો.*

*સરકારે બે સભ્યોનું બ્રુમફિલ્ડ અને મેક્સવેલનું બનેલું તપાસપંચ નીમ્યું. અને તેમણે ફેબ્રુઆરી 1929માં કામગીરી પૂર્ણ કરીને સમગ્ર પ્રશ્નોનો અભ્યાસ કરીને મહેસૂલમાં સવા છ ટકાથી વધુ વધારો થવો ન જોઈએ એમ જાહેર કર્યું. આમ આ સત્યાગ્રહનો અંત પ્રજાની તરફેણમાં વિજયમાં થયો. સરદાર પટેલે આ પ્રશ્નમાં પોતાની અજબ કુનેહબુદ્ધિ અને કાબેલિયતથી પોતાનામાં રહેલી તેજસ્વી નેતાગીરીના દર્શન કરાવ્યાં અને તેથી જ તેઓ "સરદાર"ના નામે ઓળખાયા. આ લડતથી ખેડૂતો એટલે કે પ્રજાને આર્થિક લાભ થયો અને પ્રજાનો આત્મવિશ્વાસ પણ વધ્યો. ગાંધીજીએ ચીંધેલા માર્ગથી બારડોલીની લડત એ લોકોની અને નેતાઓની શ્રધ્ધાને ટકાવી અને વધુ દ્રઢ કરી તથા કોંગ્રેસને પૂર્ણ સ્વરાજ પ્રાપ્ત કરવાનો ઠરાવ કરવા માટે બળ મળ્યું.*

### દારૂનિષેધ પદ્ધતિ

*બારડોલીમાં જ્યારે સત્યાગ્રહની લડત ચાલતી હતી ત્યારે સુરત જિલ્લામાં અને એની આજુબાજુના દેશી રાજ્યોને વિસ્તારમાં મદ્યપાન નિષેધની પ્રવૃત્તિ ચલાવવા માટે સરદારના પ્રમુખપદે "મદ્યનિષેધ મંડળ" સ્થપાયું હતું .દારૂના પીઠાઓના ઘણા માલિક પારસી હતા. તેના પરિણામે જિલ્લાની રાનીપરજ અને કોળી કોમમાં નવું જીવન આવ્યું હતું. સરદાર 1929ના એપ્રિલમાં ઉનાઈમાં ભરાયેલી રાનીપરજ પરિષદમાં દારૂના ધંધામાં પડેલા પારસીઓને આ ધંધામાંથી દૂર થવા અને આત્મનિરીક્ષણ કરવા સલાહ આપી હતી.*

*1929ના જાન્યુઆરી માસમાં ગુજરાતમાં સખત હિમ પડ્યું જેને ખેડૂતોને લકડીયા હિમ તરીકે ઓળખાવ્યું હતું અને સરદારે મહેસુલ બાબતમાં સરકાર પર દબાણ લાવીને માતર અને મહેમદાવાદના ખેડૂતોને રાહત અપાવી હતી.*

*રાષ્ટ્રીય ચળવળોમાં તથા ગુજરાત બહારના સ્થાનિક સત્યાગ્રહોમાં ગુજરાતનું પ્રદાન :*

### ચંપારણ સત્યાગ્રહ

*ઈ.સ. 1916માં કોંગ્રેસના લખનઉ અધિવેશનમાં ગાંધીજીએ જવાનું થતાં ચંપારણમાં ઊભી થયેલી સમસ્યાઓનો અભ્યાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ચંપારણમાં "તીન કઠિયા" કરવાની પ્રથા નાબૂદ કરવા ખેડૂતોના શોષણનો અંત લાવવા અને એમની દુર્દશાનું નિવારણ કરવા ગાંધીજીએ સત્યાગ્રહની લડત ઉપાડી. તેમાં ગાંધીજીએ આશ્રમના સાથીઓને જોડાવવા માટે મોકલ્યા. તેમણે ત્યાં ગામડાઓમાં સફાઈ કરવાની, ઘરગથ્થુ દવાઓ અને શિક્ષણ આપવા જેવી રચનાત્મક કામગીરી કરી અને કરાવી હતી. ગાંધીજીએ સ્થાનિક આગેવાનોની સહાયથી રાજકીય લડતમાં પ્રતિકારાત્મક શક્તિ વડે સફળતા પ્રાપ્ત કરી હતી. પરિણામે "તીન-કઠિયા" નો કાયદો રદ કરવામાં આવ્યો હતો.*

**રોલેટ બિલ સામે સત્યાગ્રહ ઈ.સ.** 1919

*બ્રિટનની ખિલાફત અને તુર્કસ્તાન પ્રત્યેની અવળી નીતિના કારણે બે મુસ્લિમ ભાઈઓ મહમદઅલી અને શૌકતઅલીએ વિરોધ કરતાં એમની ધરપકડ કરાઈ. બીજી બાજુ ક્રાંતિકારી ચળવળ ઉપર અંકુશ મૂકવા 'રોલેટ બિલ' ધારાસભામાં રજૂ કરાયું હોવાથી ગાંધીજીએ દેશભરમાં ફરીને લોકમત મેળવીને આ રોલેટ કાયદા સામે દેશમાં ઉપવાસ, પ્રાર્થના અને હડતાળ માટે અનુરોધ કર્યો. દેશભરમાં 1919ની છઠ્ઠી એપ્રિલના રોજ આવા સત્યાગ્રહની શરૂઆત થઈ. અહિંસાથી દેશના ઈતિહાસમાં નવા જ પ્રકરણનો આરંભ થયો. સરકારે પંજાબને પસંદ કરી ત્યાં જુલ્મ અને દમન-નીતિ અપનાવી. પરિણામે કેટલાક હિંસાત્મક બનાવો બન્યા. સરકારે ગાંધીજીની ધરપકડ કરી મુંબઈ લઈ જઈ છોડી મૂક્યા. ગાંધીજીની ધરપકડના સમાચાર સાંભળીને અમદાવાદમાં હુલ્લડ થયું. કેટલાક અંગ્રેજ અને દેશી અમલદારોનાં ખૂન થયાં. વિરમગામ અને નડિયાદમાં તોફાન થયાં. સરકારી કચેરીઓ બાળવામાં આવી. રેલવેના પાટા ઉખેડવામાં આવ્યા. સરકારે તપાસ કરાવી વિરમગામ, નડિયાદ અને અમદાવાદના લોકો પર દંડાત્મક વેરો નાંખ્યો. ગાંધીજીએ મુંબઈથી અમદાવાદ આવીને 72 કલાકના ઉપવાસ કરીને મુંબઈ જઈ રોલેટ કાયદા સામેની લડત મોકૂક રાખી હતી.*

**અસહકારની લડત 1920-22**

*ખિલાફત ચળવળના પ્રશ્નમાં બ્રિટિશ સરકારે મુસ્લિમોની માગણી અને લાગણીને ઠુકરાવતાં બધા મુસ્લિમો નિરાશ થયા હતા. ગાંધીજી અને કોંગ્રેસની ખિલાફત ચળવળમાં પૂરી સહાનુભૂતિ હતી. આથી 6 એપ્રિલ, 1919ના રોજથી આ સત્યાગ્રહની શરૂઆત થઈ હતી. 13મી એપ્રિલે જલિયાંવાલા બાગ હત્યાકાંડનો બનાવ બન્યો હતો. અસહકારનું આંદોલન પહેલી ઓગસ્ટથી શરૂ થયું હતું. ગાંધીજી અસહકાર અને સત્યાગ્રહનો નવો માર્ગ અપનાવવા માંગતા હતા. આથી કોંગ્રેસની કલકત્તાની અસાધારણ બેઠકમાં (સપ્ટેમ્બર 1920માં) અસહકારનો ઠરાવ પસાર કરાયો. કોંગ્રેસ 1920ની નાગપુરની બેઠકમાં અસહકારના ઠરાવને અનુમોદન આપ્યું. પરિણામે હિંદના ઈતિહાસમાં આધુનિક યુગનો પ્રારંભ થયો. ગાંધીજીએ તેમને મળેલા ખિતાબ-ચાંદ સરકારને પાછા સોંપ્યા. પરદેશી માલ, સરકારી શિક્ષણ સંસ્થાઓ, અદાલતો, સરકારી નોકરીઓ તેમજ ધારાસભાઓનો બહિષ્કાર કરવાનું તેમણે લોકોને જણાવ્યું. તથા દારૂબંધી, અસ્પૃશ્યતા નિવારણ અને ખાદી અપનાવવા અનુરોધ કર્યો. આથી અસહકારના આંદોલનની અસર દેશમાં વ્યાપક પણે દેખાઈ. રાષ્ટ્રીય કેળવણીના ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું. રાષ્ટ્રીય વિદ્યાલયો તથા વિદ્યાપીઠ સ્થપાયાં. આ સંસ્થાઓમાં જેમાં 'ગુજરાત વિદ્યાપીઠ' પણ એક હતી.*

*ઈ.સ. 1921માં અમદાવાદમાં કોંગ્રેસનું 36મું અધિવેશન થયું. ખુરશી, ટેબલની જગ્યાએ ગાદી-તકિયા ગોઠવાયા. ખાદી અને ગ્રામોઉદ્યોગનું પ્રદર્શન યોજાયું. અસહકારની લડત પૂરજોશમાં ચાલતી હતી. કાયદાભંગને લીધે સરકારી તંત્ર સ્થગિત થઈ*

*ગયું હતું. આ સમય દરમિયાન ઉત્તર પ્રદેશમાં ચૌરીચોરાનો હત્યાકાંડ બનતાં પ્રજા હજુ અસહકાર માટે તૈયાર નથી એમ માની 22મી ફેબ્રુઆરી આંદોલન બંધ કરવાનો ગાંધીજીએ આદેશ આપ્યો. આમ 1920માં 1922નું લોક આંદોલન બંધ થયું. વળી રાષ્ટ્રીય લડતોમાં ગુજરાતે સત્યાગ્રહ અને અસહકાર કરીને એક અનોખી ભાત પાડી હતી.*

**નાગપુર સત્યાગ્રહ** 1923

*ઈ.સ. 1922ના ઓગસ્ટમાં ઝંડા-સત્યાગ્રહનું બીજ જબલપુરમાં રોપાયું હતું. સરદારે ગુજરાત પ્રાંતિક સમિતિ પાસે ઠરાવ કરાવી નાગપુર ઝંડા સત્યાગ્રહ માટે સૈનિકો મોકલવાનું નક્કી કર્યું. સત્યાગ્રહીઓને નાગપુર જતા અટકાવવા સરકારે નાગપુર જવાની રેલવે ટિકિટ ન મળે એવા પગલાં લેવા માંડ્યા. એટલે અમદાવાદથી સુરેન્દ્રનગરની ટુકડી પગરસ્તે  નાગપુર ત્યાં જવા નીકળી. ડૉ. ઘીયાની સરદારી નીચે 48મી ટુકડી 31મીએ નાગપુર પહોંચી અને પકડાઈ ગઈ. હવે સત્યાગ્રહીઓની ટુકડીઓએ વ્યૂહ બદલ્યો. એક જ જણ એક વખતે ધ્વજ લઈ જાય. જેથી એનો સરઘસ ની વ્યાખ્યામાં સમાવેશ ન થાય, આથી સરકારે સખ્તાઈથી ખૂબ પજવણી કરવાની નીતિ અપનાવી. કોંગ્રેસ કારોબારીએ નાગપુર ઝંડા સત્યાગ્રહનું સુકાન સરદાર વલ્લભભાઈને સોંપ્યું હતું. સરદારે જુલાઈની 22મીએ નાગપુર જઈ લડતને વ્યવસ્થિત કરી. સરકાર આ લડતનું સ્વરૂપ જોઈ સમાધાન થાય એ માટે આતુર થઈ હતી. એ અંગે વિઠ્ઠલભાઈ ગવર્નર અને સરદાર વચ્ચે વાટાઘાટો ચાલી. સભા-સરઘસના મનાઈ હુકમની મુદત પૂરી થવાના આગલા દિવસે સમાધાન થયું. પણ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની રજા સિવાય સરઘસ નહી કાઢવાની જાહેરાત કરાઈ હતી. સરદારે કસોટી કરવા પત્ર લખીને સિવિલ લાઈન્સમાંથી સરઘસ કાઢ્યું અને પૂરી શાંતિથી એ પસાર થઈ ખ્રિસ્તી દેવળ સુધી ગયું. એમ છતાં પોલીસે કોઈ પગલાં ન લીધાં. આમ આ ઝંડા-સત્યાગ્રહનો વિજય થયો. સરદારે ઝંડાસત્યાગ્રહને પૂરો થયેલો જાહેર કર્યો.*

*1922ની શરૂઆતમાં સરકારે ગાંધીજીને પકડયા. એ પછી ગાંધીજીએ જેલમાંથી છૂટીને ગુજરાતને અને ગુજરાતની નેતાગીરીએ કરેલાં રચનાત્મક કાર્યોને બિરદાવ્યા તથા સરદારને 'બોરસદના રાજા' તરીકે ઓળખાવ્યા. સરદારે નાગપુર ઝંડા સત્યાગ્રહના સમયમાં બોરસદ સત્યાગ્રહ પણ સફળતાપૂર્વક ચલાવ્યો હતો.*

**દાંડીકૂચ (1930-31)**

*1929ના ડિસેમ્બરમાં લાહોર ખાતે કોંગ્રેસના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ થયો હતો. 1930ના જાન્યુઆરીની 26મી તારીખે સ્વાતંત્ર્યદિન ઉજવવાનો લોકોને અનુરોધ કરવામાં આવ્યો. આ સમયમાં ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદ કરવાની યોજના સરકારે જાહેર કરી હતી. કોંગ્રેસ એમાં ભાગ લે એ માટે ગાંધીજીએ 11 મુદ્દા રજૂ કર્યા. જેમાં દારૂનિષેધ, હૂંડિયામણ, જમીન-મહેસૂલ, મીઠાવેરો અને લશ્કરી ખર્ચા સંબંધી વાતોનો સમાવેશ થતો હતો. આવી શરતો મંજૂર થતાં કોંગ્રેસ ગોળમેજી પરિષદમાં ભાગ લઈ શકે એમ એમણે વાઈસરોયને જણાવ્યું. વાઈસરોય એ માટે કોઈ બાહેંધરી ન આપી. અમદાવાદમાં 1930ની ફેબ્રુઆરીની 14મીએ મળેલી કોંગ્રેસની કારોબારી સમિતિમાં*

સામુદાયિક સત્યાગ્રહ કરવાનો ઠરાવ કરાયો અને તેનું નેતૃત્વ સંભાળવાની ગાંધીજીને સંપૂર્ણ સત્તા આપવામાં આવી. ગાંધીજીએ વાઈસરોય લોર્ડ ઈર્વિનને પત્ર લખીને જણાવ્યું કે હું 12મી માર્ચે સત્યાગ્રહ શરૂ કરીશ. લડતનો મુદ્દો ગરીબ અને તવંગર સૌને એકસરખી રીતે લાગુ પડનારા મીઠાવેરાને બનાવ્યો હતો. 10 પાઈના મીઠા પર 200 પાઈનો વધારો સરકારે નાખ્યો હતો. કાયદાનો પોતે પ્રથમ ભંગ કરી અને પછી સમગ્ર પ્રજામાં એનો વ્યાપક ભંગ થાય એવી ગાંધીજીની યોજના હતી.

સત્યાગ્રહનો આરંભ સાબરમતી આશ્રમથી ગાંધીજી પોતાના 81 સૈનિકો સાથે નીકળીને કરે એમ નક્કી થયું. એ કૂચ ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના મહી નદીના કાંઠા પર આવેલા બાદલપુર સુધી લઈ જાય. ત્યાં અગ્નિથી દરિયાનું પાણી ઉકાળી એમાંથી મીઠું બનાવવાની યોજના વિચારી. પણ સુરતના કાર્યકર્તા કલ્યાણભાઈ મહેતાનાં સૂચન અને આગ્રહથી સત્યાગ્રહી કૂચને સુરત જિલ્લાને વીંધીને દરિયાકિનારે લઈ જવાનું વિચાર્યું. સાબરમતીથી દાંડી જવાનો માર્ગ પણ નિશ્ચિત કરાયો. 12મી માર્ચે કૂચ શરૂ થવાની હતી. નક્કી કર્યા મુજબ ગાંધીજીએ 12મી માર્ચે સાબરમતી આશ્રમથી ઐતિહાસિક કૂચ આરંભી. કૂચના માર્ગ પરના ગામોમાં સભાઓ ભરાતી. ગાંધીજી એમના ભાષણમાં લોકોને મીઠાના કાયદાનો સવિનય ભંગ સમજાવી નવી નવી રીતે સ્વરાજ્ય લડત અને સત્યાગ્રહનું મહત્ત્વ સમજાવતા રહ્યા. આમ તેઓ 5મી એપ્રિલે દાંડી પહોંચ્યા અને બીજે દિવસે સવારે દરિયાકિનારે જામેલા મીઠાની ચપટી ઉપાડી અને મીઠાનો કાયદો તોડ્યો. દેશભરમાં આવા મીઠાના સત્યાગ્રહ થયા. ગાંધીજીની પાંચમી મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ધરાસણા સત્યાગ્રહની શરૂઆત થઈ. દાંડીકૂચના પડઘા ઈંગ્લેન્ડ, અમેરિકા, જાપાન અને બીજા દેશોમાં પણ પડ્યા. 24 દિવસોમાં લગભગ 388 કિલોમીટર (241 માઈલ) જેટલી કૂચ કરવામાં આવી હતી. લોકોએ મીઠું પકવવા અને આગેવાનો એનું જાહેર લીલામ કરતા અને લોકો એ ખરીદીને કાયદાનો ખુલ્લી રીતે ભંગ કરતા. આમ દેશમાં સવિનય કાનૂનભંગની લડત ચારેતરફ વ્યાપી ગઈ હતી.

**ધરાસણા સત્યાગ્રહ**

ગાંધીજીની ધરપકડ પછી અબ્બાસ સાહેબ, નરહરિ પરીખ અને અન્ય નેતાઓએ ધરાસણાની લડત ચલાવી હતી. મીઠાના અગરો લૂંટવા તેઓ સત્યાગ્રહી સૈનિકોની ટુકડીઓ લઈ ગયા હતા. પોલીસના મારથી નરહરિ પરીખ અને સ્વયંસેવકો સારી રીતે ઘવાયા હતા. એ પછી સરોજની નાયડુએ ધરાસણા જઈને સારી લડત આપી હતી અને ત્યાં ત્રણ હજાર જેટલા સ્વયંસેવકો ગંભીર રીતે ઘવાયા હતા. બહેનોએ આ લડતમાં પોતાની શક્તિના પારખાં કરાવ્યાં હતાં.

આ સમય દરમિયાન બારડોલીના કાર્યકર્તા કુંવરજીભાઈ અને એમના સાથીઓએ બારડોલી તાલુકામાં નાકરની લડત ચલાવવાનું નક્કી કર્યું હતું. સરદારની સંમતિથી ગાંધીજી અને સરદાર જેલમાં હતા ત્યારે ખેડૂતોની સભા બોલાવી અને નાકરનો ઠરાવ પસાર કર્યો. જીવણભાઈ, મોરારજીભાઈ, ખુશાલભાઈ વગેરેની મદદથી નાકર લડતની

શરૂઆત કરી. તેમાં ખેડૂતોએ હિજરત કરી પોતાની જમીનમાં વાવણી કરી ન હતી પણ પાક તૈયાર થતાં ખેડૂતોએ મધરાતે આવીને લણણી કરીને જતા રહેતા. ખેડૂતોની આ લડત પાંચ-છ મહિના ચાલી હતી. ગાંધીજી અને સરદાર બારડોલી આવ્યા ત્યારે હિજરતીઓને માનભેર તેમના વતનમાં પાછા લાવવામાં આવ્યા હતા.

મુખ્ય નેતાઓની ગેરહાજરીમાં બારડોલીની જેમ ચરોતરના રાસ ગામના લોકોએ પણ સ્થાનિક નાનામોટા નેતાઓના પ્રોત્સાહન અને પ્રેરણાથી નાકરની લડત ચલાવી હતી અને મહેસૂલ ભર્યું ન હતું. તેના પડઘા છેક ઈંગ્લેન્ડ સુધી પાડ્યા હતા.

**વિરમગામ ધોલેરા સત્યાગ્રહ**

1930ના મીઠાના સત્યાગ્રહની લડતમાં ભાગ લેવા સૌરાષ્ટ્રના જુવાનો સજ્જ થઈ હુકમની આતુરતાપૂર્વક રાહ જોતા હતા. તેમાં મણિલાલ કોઠારીએ વીરમગામનો મોરચો અને અમૃતલાલ શેઠે ધોલેરાનો મોરચો સંભાળ્યો હતો. વિરમગામમાં સત્યાગ્રહના પરિણામે પોલીસે સત્યાગ્રહી નેતાઓ પર અત્યાચાર કર્યા હતા. જેના પ્રત્યે ગાંધીજીએ વાઈસરોયનું ધ્યાન ખેંચ્યું હતું. વિરમગામ સત્યાગ્રહ 10 મહિના (1930ની એપ્રિલ થી 1931 જાન્યુઆરી) સુધી ચાલ્યો હતો.

ધોલેરા સત્યાગ્રહમાં અમદાવાદ જિલ્લાના કાર્યકરો ઉપરાંત સૌરાષ્ટ્રના કાર્યકર્તા હતા. ધોલેરા ઉપરાંત બરવાળા, ધંધુકા, રાણપુર વગેરેના નાગરિકો પણ આ સત્યાગ્રહમાં સામેલ થયા હતા. સરકારે જપ્રી, લાઠીમાર અને જેલની સજાઓ કરી સત્યાગ્રહ કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. અંગ્રેજ અધિકારીઓ સત્યાગ્રહીઓ પર અનેક જુલમો ગુજાર્યા હતા. એક વર્ષની લડતથી બ્રિટિશ સરકાર છેલ્લે ત્રાસીને ગાંધીજી સાથે સુલેહ કરી. પરિણામે 5 માર્ચ, 1931ના 'ગાંધી-ઈર્વિન કરાર' થયા. અને આ આંદોલન શાંત થયું. ગાંધીજીએ બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી. પણ કઈ મેળવ્યા વગર તેઓ પાછા આવ્યા હતા.

**1932નો સત્યાગ્રહ**

બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજી ખાલી હાથે 28-12-31ના રોજ લંડનથી પાછા ફરી મુંબઈ ઉતર્યા ત્યારે પ્રાંતના આગેવાનોએ સરકાર વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ત્રણ વટહુકમ આ અંગે બહાર પાડ્યા હતા. 1930-31માં સત્યાગ્રહ દરમિયાન ગુજરાતમાં કરેલ અત્યાચારો અંગે તપાસ કરવાની ખાત્રી સરકારે ગાંધીજીની બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગયા એ પૂર્વ આપી હતી. પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું. 4-1-1932ના રોજ ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની સરકારે ધરપકડ કરી. કોંગ્રેસને ગેરકાયદેસર સંસ્થા તરીકે જાહેર કરી અને સભા સરઘસ પર લાઠીમાર કરવો અને ઘોડા દોડાવવા, ગોળીબાર કરવો, લોકઅપમાં માર મારવો, વાળ સળગાવવા, ગામડા ઘેરાવા અને જપ્તિ કરવા જેવા જુલમી પગલાં લીધાં. આ વખતના સિતમની બર્ટ્રૅન્ડ રસેલે નાઝી પક્ષના જુલમ સાથે સરખાવ્યો હતો.

અમદાવાદમાં કોંગ્રેસ ભવનની જાન્યુઆરીમાં સીલ મારવામાં આવ્યાં હતા. સરકારે 5-1-1932ના ગૂજરાત વિદ્યાપીઠ એનું પુસ્તકાલય અને નવજીવન પ્રેસ જપ્ત કર્યા હતા. અનેક નેતાઓની ધરપકડ કરી હતી. ખેડા જિલ્લામાં 4-1-1932ના રોજ ગાંધીજી અને સરદારની ધરપકડના વિરોધમાં પેટલાદની શાળાના વિદ્યાર્થીઓએ હડતાળ પાડી હતી. દરબાર ગોપાલદાસને બોરસદમાંથી અને રવિશંકર મહારાજને બોચાસણમાંથી પકડવામાં આવ્યા હતા. એમણે બે માસની સજા કરવામાં આવી હતી અને જેલમાંથી મુક્ત થયા પછી મહેમદાબાદની હદ ન છોડવા અને દરરોજ પોલીસમાં હાજરી પુરાવા જણાવવામાં આવ્યું હતું અને તેના ભંગ બદલ એમને નવ માસની જેલ અને 50 રૂ. દંડ કરાયો હતો. અબ્બાસ તૈયબજીને પણ ખેડા જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો. પેટલાદમાં 1932ના રોજ પ્રભાતફેરીના સરઘસ ઉપર તથા આણંદમાં પોલીસ કસ્ટડીમાં છૂટા કરાયેલા આગેવાનોના સરઘસ ઉપર લાઠીચાર્જ કરાયો હતો. આ ઉપરાંત ત્રાજ લીબાસી, ખંડેલી, ઈસણાવ, આમોદ, વડાલા, કઠાણા, પાલજ, સૂરકૂવા, બોરસદ, આંક્લાવ, પિપળાવ, સૈજપુર, સુણાવ, ગાના, વહેરા અને બોચાસણના લોકોએ નાકરની લડતમાં સાથ આપ્યો હતો. 1932ની શરૂઆતથી 7 માસ દરમિયાન ખેડા જિલ્લામાંથી 700 જેટલા દંડ ન ભરનાર કે કર ન આપનારના ઘરોમાં જપ્તી કરવામાં આવી હતી. દારૂના પરવાનાની હરાજી વખતે પિકેટિંગ કરતાં 67 માણસોની ધરપકડ કરાઈ હતી.

પંચમહાલમાં 7-1-1932ના રોજ વલ્લભદાસ મોદીની ધરપકડ કરી ગોધરા તાલુકાની હદ છોડવા અને કોંગ્રેસની પ્રવૃત્તિમાં ભાગ ન લેવા તથા પોલીસમાં હાજરી પુરાવા જણાવ્યું હતું. 14-1-1932ના રોજ દાહોદમાં પ્રભાતફેરીના સરઘસ ઉપર આડેધડ લાઠીચાર્જ થયો હતો. આમ પંચમહાલ જિલ્લામાં લડતમાં ભાગ લેવા બદલ 115 વ્યક્તિઓની ધરપકડ કરી હતી. 1932માં કલોલમાં ના કરની લડત ચાલુ થઈ હતી. સણસોલીના હિંમતલાલ ગુપ્તા, સ્ત્રી સત્યાગ્રહી ચંચળબેન મિસ્ત્રી, ગોધરાના ડોક્ટર માણેકલાલ શાહ, ગોવિંદલાલ ગોકળદાસ, ગીરધરલાલ શાહ, ગણેશ ભાગવત, અંબાલાલ સુથાર વગેરે જુદી જુદી સરકાર વિરોધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ ધરપકડ થઈ હતી. કાં તો જેલ જવું પડ્યું હતું. 1932ના રોજ ગુજરાત પ્રાંતિક સમિતિની બેઠક મળી હતી. તેમાં 530 પ્રતિનિધિ સમગ્ર ગુજરાતમાંથી આવ્યા હતા. જેમાં પંચમહાલના 35 પ્રતિનિધિઓ રતનસિંહ નવલસિંહ ઠાકોરની આગેવાની નીચે અમદાવાદમાં ગયા હતા. 27-6-1932ના રોજ પંચમહાલ જિલ્લા પરિષદ દાહોદમાં માણેકલાલ ગાંધીજીના પ્રમુખ સ્થાને ભરાઈ હતી. આ ઉપરાંત ચીમનલાલ દેસાઈની દાહોદથી ધરપકડ કરાઈ હતી. માણેકલાલ ગાંધી અગાઉ વડોદરામાં ભૂગર્ભમાં ગયા હતા. તેમની અધિવેશન વખતે 37 સત્યાગ્રહીઓ સાથે ધરપકડ કરાઈ હતી. માણેકલાલ ગાંધીને દોઢ વર્ષની સજા સાથે રૂપિયા 300નો દંડ કરાયો હતો. દાહોદમાં લાઠીચાર્જ થવાથી બાળકો સહિત 13 વ્યક્તિઓને ઈજા થઈ હતી. આ ઉપરાંત મોતીલાલ ચોકસી, ઈશ્વરલાલ ઝ. પટેલ, રુદ્રપ્રસાદ દેસાઈ, ગંગાશંકર પુરાણી, ઝીણાભાઈ, આશાભાઈ, ખોડીદાસ હ. પટેલ વગેરેની ધરપકડ કરીને સજા કરવામાં આવી હતી.

31-8-32ના રામનાથના મેળામાં અને મેડાળના મેળામાં ગેરકાયદેસર પત્રિકા વેચતા સ્વયંસેવકોને કેદ અને દંડની સજા થઈ હતી. 29-9-1932ની સત્યાગ્રહ પત્રિકામાં જણાવ્યા પ્રમાણે પંચમહાલથી 506ની ધરપકડ અને 377ને જેલની સજા કરવામાં આવી હતી. સરકારે કર અને દંડ વસૂલ કરવા ભેંસો, બળદો, ઘરવખરી વગેરે જપ્તીમાં લેતી હતી અને પાણીના મૂલે હરાજીમાં વેચી નાખતી હતી. આમ સમગ્ર ગુજરાતમાંથી અનેક નેતાઓએ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. પોતાની મિલકતો જપ્તીમાં જપ્ત કરી હતી. સરકારના દુષ્કર્મોનો ભંગ કરીને સભા-સરઘસ, પેકિંગ, બહિષ્કાર, પત્રિકાનું પ્રકાશન, રાષ્ટ્રધ્વજનું સન્માન, નાકરની લડત, પેરોલ પર હાજરી આપવાનો વિરોધ, મીઠાનું ઉત્પાદન વગેરે કાર્યક્રમ ચાલુ રાખ્યા હતા. સરકારે આ સત્યાગ્રહ 1930ના કરતાં પણ વધારે આકરાં પગલાં લીધાં હતા. બ્રિટિશ સરકાર લડતને નિર્દયતાથી દાબી દેવા માગતી હતી અને કોંગ્રેસનું અસ્તિત્વ મિટાવી દેવા માંગતી હતી. તેથી સરકારે જંગાલિયત ભર્યા પગલાં લીધાં હતાં.

## સમાજવાદી પક્ષની સ્થાપના

ઈ.સ. 1934માં કોંગ્રેસની નીતિથી અસંતુષ્ટ થઈને કોંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના આચાર્ય નરેન્દ્રદેવ, યુસુફ મહેરઅલી, અશોક મહેતા, જયપ્રકાશ નારાયણ, અચ્યુત પટવર્ધન વગેરેએ કરી હતી. ગુજરાતમાં સમાજવાદી પક્ષ 17-3-1934ના રોજ અસ્તિત્વમાં આવ્યો હતો. 22-6-34ના રોજ સમાજવાદીઓનું પ્રથમ સંમેલન મળ્યું હતું. અમદાવાદ શહેર તથા પંચમહાલ ગોધરા અને દાહોદ તાલુકામાં એમની અસર વિશેષ હતી. સમાજવાદીઓના તથા સામ્યવાદીઓએ કામદાર કિસાન યુવકો અને વિદ્યાર્થીઓ તેમની વિચારધારાથી આકર્ષાયા હતા. છતાં ગુજરાતમાં ગાંધીજીએ અને સરદારની પ્રબળ વિચારધારાથી આકર્ષાયા હતા. છતાં ગુજરાતમાં ગાંધીજી અને સરદારની પ્રબળ અસર હોવાથી તથા પ્રજા વ્યવહારુ હોવાથી સમાજવાદની વિચારસરણી વ્યાપક બની શકી ન હતી.

## હરિપુરા અધિવેશન

મુંબઈ પ્રાંતમાં કોંગ્રેસના શાસન દરમ્યાન સુરત જિલ્લાના હરીપુરા મુકામે કોંગ્રેસ પક્ષનું અધિવેશન 1938ના રોજ સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે મળ્યું હતું. પ્રમુખ સુભાષબાબુએ બ્રિટિશ હિંદમાંની સરકારની નીતિ વિદેશમાં વસતા હિંદીઓની પરિસ્થિતિ બ્રિટિશ સંસ્થાઓમાં અંગ્રેજોની ધરપકડ અને રાજકીય સુધારા, પ્રધાનમંડળની રચના, જવાબદારી અને વાઈસરોય તથા ગવર્નર તરફથી બાંહેધરીનો ભંગ, દેશી રાજ્યની પ્રજાને જવાબદાર રાજતંત્ર માટે અધિકાર અને એ અંગે કોંગ્રેસેની નીતિની સ્પષ્ટતા કરી. તેમાં કુલ 20 ઠરાવ કર્યા હતા. આ પ્રસંગે ગુજરાતના કિસાનોને એમના પ્રશ્ન પરત્વે જંગી રેલી દ્વારા અધિવેશનનું ધ્યાન ખેંચ્યું હતું. આ જ પ્રમાણે આ દિવસમાં કોંગ્રેસે દેશી રાજ્યોની પ્રજાસત્તાક સંસ્થાઓને કારોબારીની સૂચના પ્રમાણે અને એના અંકુશ નીચે કામ કરવાની છૂટ આપી હતી.

## બીજુ વિશ્વયુદ્ધ અને સત્તા ત્યાગ

*માર્ચ, 1939માં ત્રિપુરા ખાતે કોંગ્રેસ અધિવેશન સુભાષબાબુના પ્રમુખ સ્થાને મળ્યું હતું. કોંગ્રેસ પક્ષના આગેવાનો પટ્ટાભી સિતારામૈયાને પસંદ કરવાના મતના હતા. પંજાબ, બંગાળ અને મહારાષ્ટ્ર તથા સમાજવાદી કે સામ્યવાદી પ્રતિનિધિઓના સબળ ટેકાને કારણે સુભાષબાબુ ચૂંટાઇ આવ્યા હતા. આ સમય દરમિયાન 3-9-1939ના રોજ બીજુ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં કોંગ્રેસ પ્રધાનમંડળો અને લોકોને વિશ્વાસમાં લીધા વગર ભારત સરકારે પણ જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. આ પગલું પણ વિશ્વાસભંગ સમાન હતું. ત્યારબાદ વાઈસરોય એક જાહેરનામું બહાર પાડ્યું કે જો કોંગ્રેસને કે કોઇ પણ દેશપ્રેમીને સંતોષ આપી શકે એમ ન હોવાથી કોંગ્રેસ કારોબારી 30-10-39 સુધીમાં કોંગ્રેસી વડાપ્રધાનમંડળને રાજીનામું આપવા જણાવ્યું. નવેમ્બર, 1939 દરમિયાન મુંબઈના પ્રધાનમંડળે રાજીનામું આપ્યું. સવા બે વર્ષના ટૂંક સમયમાં મુંબઈ સરકારે કામદારો કિસાન મધ્યમ તથા પછાત વર્ગના ઉત્કર્ષ માટે કેટલાંક પગલાં લીધા હતા અને મુસ્લિમ લીગ વગેરેનો વિરોધ છતાં કુશળતાથી રાજ્ય વહીવટનું સંચાલન કર્યું હતું.*

## 1942ની હિંદ છોડો ચળવળ અને ગુજરાત :

*જાપાને પર્લ હર્બલ ઉપર હુમલો કરી યુદ્ધમાં ઝંપલાવતાં દક્ષિણ એશિયાના પ્રદેશો મલાયા, બ્રહ્મદેશ વગેરે જીતી લઈને ભારતના પૂર્વ સરહદે વિશાખાપત્તન અને કાકીનાડા ઉપર હુમલો કરતાં ગાંધીજીએ અંગ્રેજોને ભારત છોડી જવા માટે હરિજન પત્રોના લેખો દ્વારા જણાવ્યું. ક્રિપ્સ મિશન નિષ્ફળ થયું અને અંગ્રેજોની દાનત શુદ્ધ જણાતી ન હતી. આઠમી ઓગસ્ટની મધરાતે મળેલી કોંગ્રેસની મહાસમિતિએ અંગ્રેજોને ભારત છોડવા અને એમ ના કરે તો અહિંસક વ્યાપક આંદોલન કરવા ઠરાવ કર્યો હતો. ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે'નો મંત્ર આપી સત્યાગ્રહની બધી રીતોનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. સરકારે 9મી ઓગસ્ટે ગાંધીજી તથા બીજા આગેવાન કોંગ્રેસઓની ધરપકડ કરી. પ્રજાએ સભા, સરઘસ, હડતાલ અને અને ભાંગફોડ દ્વારા સરકારના પગલાંનો જવાબ આપ્યો.*

*સરકારે ટેંક અને મશીનગનનું પ્રદર્શન કર્યું. પોલીસ થાણા, સહકારી ચોરા, તાર-ટપાલ ઓફિસ, રેલવે ઉપર હુમલા થયા. અનેક સ્થાનોએ પાટા ઉખેડવામાં આવ્યા. બિહાર સતારા વગેરે વિસ્તારોમાં સરકારી શાસન થંભી ગયું. સમાજવાદી નેતાઓએ તથા અન્ય કોંગ્રેસી નેતાઓને ભૂગર્ભમાં રહીને આંદોલનનું સંચાલન કર્યું. પંચમહાલના કેટલાક કાર્યકરોએ ભાંગફોડના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સૌરાષ્ટ્રમાં કેટલાક વિદ્યાર્થીઓએ આ પ્રવૃતિમાં ભાગ ભજવ્યો હતો. સરકારે ગોળીબાર, લાઠીચાર્જ, ધરપકડ વગેરે દમનના પગલાં લીધા હતાં. છતાં આંદોલન શમ્યું નહિ. 1942ના અંત સુધીમાં 1,028 માણસો માર્યા ગયા હતા. 3,200 ઘાયલ થયા 60,000ની ધરપકડ થઈ અને 26 હજારને જેલ થઈ. તેમા 18,000ને અટકાયત રાખવામાં આવ્યા હતા.*

*ગુજરાતમાં અમદાવાદના મિલમજૂરોએ સાડા ત્રણ માસ સુધી હડતાલ જાળવી રાખી હતી. અન્ય કારખાના અને બજારો પણ બંધ થયાં હતાં તથા શાળા અને કોલેજો છ*

થી આઠ માસ સુધી બંધ રહી હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટીએ આ લડતના ઠરાવને બહાલી આપી અને તેથી 23-9-42ના રોજ એની બરતરફી થઈ હતી. 10મી ઓગસ્ટે લો કોલેજ સામેના મેદાનમાંથી ધ્વજવંદન બાદ બે હજાર વિદ્યાર્થીઓ અને 200 વિદ્યાર્થીનીઓએ રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢ્યું હતું. ગુજરાત કોલેજ નજીક પહોંચ્યાં ત્યારે પોલીસે અટકાવવાના અને તેને વિખેરવા લાઠીચાર્જ કર્યો. પોલીસ ઉપર પથ્થરમારો થતાં પ્રોફેસર ધીરુભાઈને લાઠીનો ફટકો પડયો. વિનોદભાઈ કિનારીવાળા ધ્વજ સાથે આગળ હતો અને ત્યારે છાતી ખુલ્લી કરી પોલીસને પડકાર ફેંકયો. પોલીસની ગોળીથી શહીદ થયો. 15-9-1942ના રોજ 'વિદ્યાર્થી દિન'ની ઉજવણી કરાઈ અને ગુજરાત કોલેજ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવાયો. ટેલીફોનના તાર પણ કપાયા હતા અને થાંભલા પણ ઉખેડી નાંખ્યા હતા. 1942ના સપ્ટેમ્બરમાં સરસપુર વિસ્તારમાં પોસ્ટ ઓફિસને આગ લગાડી હતી અને ટેલિફોનના દોરડાં કાપી નખાયાં હતાં. શાળા મહાશાળાઓ ઉપર હુમલા થયા હતા. તેઓનું કામકાજ અટકાવી દેવાયું હતું. અમદાવાદના 80 હજાર વિદ્યાર્થીઓએ અઢીસો દિવસ લાંબી હડતાલ પાડી હતી. વિદ્યાર્થીઓ અને 16 આગેવાનોની 27-3-43ના રોજ ધરપકડ કરાઈ હતી. વિદ્યાર્થીઓએ 'રાજકીય કેદી ફંડ' ઉઘરાવ્યું હતું.

મહિલાઓ સરઘસ કાઢવા ઉપરાંત શહીદોને કુટુંબની દેખરેખ રાખવાનું તથા પત્રિકા સ્થાપવાનું અને વહેચવાનું કામ કરતી હતી. પોલીસના લાઠીમારમાં 35 બહેનોને ઈજા થઈ હતી અને 26 બહેનોની ધરપકડ કરીને તેઓને કેદની સજા કરાઈ હતી. મ્યુનિસિપાલિટીની શાળાઓ તથા અન્ય શાળાઓ બંધ રહી હતી. સરકારની ધમકી સામે તેઓ ડગ્યા ન હતા. 400 ઉપરાંત શિક્ષકો છૂટા કરાયા હતા. 23 માધ્યમિક શાળા બંધ રહી હતી અને એના 14,000 વિદ્યાર્થી શાળામાં ગયા નહોતા. અગિયારસો માધ્યમિક શિક્ષકોને છૂટા કરાયા હતા. તેમ છતાં આઠ માસ શાળાઓ બંધ રહી હતી.

લડતના સમાચાર 'ઈક્લિાબ', રાજદ્રોહ', 'કોંગ્રેસ પત્રિકા', 'આઝાદ હિન્દ', 'તણખા', 'વિદ્યાર્થી પત્રિકા' વગેરે દ્વારા મળતા હતા. આ માટે જુદા જુદા સ્થળોએથી પત્રિકાઓનું પ્રકાશન થતું હતું. પત્રિકા લખવાનું કામ ઉત્સવભાઈ પરીખ, ઉમાશંકર જોશી વગેરે કરતા હતા. પત્રિકા વહેચવાનું કામ વેશપલટો કરી શાકવાળા, દૂધવાળા બનીને કરતા હતા.

ભુગર્ભમાં રહીને લડતમાં ભાગ લેનારાઓ માટે 'યુદ્ધવેરા' તરીકે રૂપિયા 21,000 એકઠા કરાયા હતા. ગાંધીજીએ 10-2-43ના રોજ 21 દિવસના ઉપવાસ કર્યા ત્યારે અમદાવાદની મિલોએ બે દિવસ કામ બંધ રાખ્યું હતું અને બીજા દિવસે શહેરમાં સંપૂર્ણ હડતાલ પડી હતી. વાનરસેના પોલીસો તથા ચોકીઓ વગેરે ઉપર પથ્થરમારો કરતી હતી. અમદાવાદના વીજળી ઘરને બોમ્બથી ઉડાવી દેવાનો પ્રયત્ન થયો હતો. સરકારી, અર્ધસરકારી કચેરીઓ અને સુધારાઈની શાળાઓને આગ લગાડવાના 58 બનાવ બન્યા હતા. મિલોમાં આગ ચંપાઈ હતી અને લાઠીમાર કરનાર પોલીસ ઉપર તેજાબ નાખવાના 26 બનાવ બન્યા હતા.

30 પોલીસો અને અધિકારીઓ દાઝ્યા હતા. 210 સ્થળોએ તાર-ટપાલનાં દોરડાં કપાયાં હતાં. 150 જેટલા યુવકો લોહીથી સહી કરી બોમ્બ પ્રવૃત્તિમાં જોડાયા હતા. બોમ્બપ્રવૃત્તિના કુલ 66 બનાવ નોંધાયા હતા. વીજળી ઘર માં કે એના બસ સ્ટેશનમાં મુકાયા હતા અમદાવાદ માંધાતા વીજળી ઘરમાં અને સબ સ્ટેશનમાં બોમ્બ મુકાયા હતા. અમદાવાદ માંથી 1057 માણસોની ધરપકડ થઈ હતી 357 હિન્દી સંરક્ષણ ધારા નીચે અટકાયતમાં રખાયા હતા. 430 ની સજા કરાઈ હતી અને રૂ 18 હજાર જેટલો દંડ કરાયો હતો. લાઠીમાર ઉપરાંત પકડાયેલાઓને રાગણી બરફની પાટ પર સુવડાવવાનો અને હાડકા ઉપર મારવાના બનાવ બન્યા હતા.

અમદાવાદમાંથી પ્રગટ થતાં હરિજનબંધુ, ગુજરાત સમાચાર, પ્રભાત, નવસૌરાષ્ટ્ર, લોકયુદ્ધ વગેરેને લડતના સમાચાર છાપવા મનાઈ કરી હતી. અમદાવાદ ઉપરાંત નડિયાદ, ડાકોર, ચકલાસી, ભાદરણ અને કરમસદમાં સરકારે ગોળીબાર કર્યો હતો. હતું ભરૂચમાં એક હથિયારધારી ટુકડી પોલીસ સ્ટેશન પર હુમલો કરીને હથિયાર ઉપાડી ગઈ હતી. પંચમહાલ જિલ્લાની એક ઓફિસ બાળી મૂકી હતી. કાલોલ તાલુકામાં અને સુરત જિલ્લામાં યુવાનોએ તોડફોડ કરી હતી. સૌરાષ્ટ્રમાં ઘોઘા ઉમરાળા વરતેજ અને ધોળા નજીક તાર કાપવાની અને પોસ્ટ લૂંટવાની પ્રવૃત્તિ થઈ હતી. વડોદરાના કેટલાક વિદ્યાર્થીઓ પત્રિકાઓ વહેંચવા ખેડા જિલ્લાના ગામોમાં ફરતા ત્યારે અડાસ સ્ટેશન પાસે આંતરીને પોલીસોએ ગોળીબાર કર્યો હતો, જેમાં ત્રણ વિદ્યાર્થી શહીદ થયા હતા.

પંચમહાલમાંથી 9મી ઓગસ્ટે માણેકલાલ ગાંધી અને મારુતિસિંહની કાલોલમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ઈંગ્લિશ હાઈસ્કુલ કાલોલની શાળાઓમાં એક માસ સુધી વિદ્યાર્થીઓને હડતાલ પાડી હતી. ભીલ સેવા મંડળના 35 વિદ્યાર્થીઓને કેદની સજા કરાઈ હતી. ઘરમાં ગેરકાયદેસર પત્રિકા રાખવા ચીમનલાલ આર્યને નવ માસની સજા કરાઈ હતી. દાહોદમાં તારીખ 2-5-43ના રોજ ધ્વજ સાથે સરઘસ કાઢવા બદલ જયંતીલાલ કડકિયાની ધરપકડ કરીને કેદની સજા કરાઈ હતી. દિવાળીના દિવસે ગોધરા સ્કૂલ બોર્ડના મકાનને આગ લગાડાઈ હતી. ભીમસિંહ, વેચાતભાઈ પરમાર બ્રિટીશ રાજ્ય સામે બહારવટે ચડ્યો હતો. 21-2-43ના રોજ બોરડિયા ગામ અને 22-2-43ના વાઘજીપરા ગામ એણે લૂંટ્યા હતાં અને પરદેશી માલને આગ લગાડી હતી. આ લૂંટમાં હાથ હોવાથી 11 શિક્ષકોની તથા ગ્રામ પંચાયતના એક મંત્રી સહિત 60 માણસોની ભીમસિંહને મદદ કરવાના આરોપસર સરકારે ધરપકડ કરી હતી. દાહોદમાંથી આઝાદ પત્રિકા બહાર પડતી હતી.

રાજ્યના અન્ય ભાગો જેવા કે ભાવનગર, વડોદરા, અમરેલી, પાટણ, ધારી, ઊંઝા, ઈસડ કાલોલ, રાજકોટ, રાણપુર, વઢવાણમ વગેરેમાં આંદોલનની પ્રવૃત્તિઓ થઈ હતી. સુભાષબાબુની આઝાદ હિંદ ફોજમાં કેટલાક ગુજરાતીઓ જોડાયા હતા અને બ્રહ્મદેશ મલાયા તથા ઈંગ્લેન્ડમાં વસતા ગુજરાતીઓએ એમની સારી મદદ કરી હતી.

1942ના અંતભાગમાં 'હિંદ છોડો'ની ચળવળ ધીમી પડતાં 194માં એનો અંત આવ્યો હતો. આ ચળવળમાં હિંસક અને અહિંસક એમ બંને પ્રકારે પ્રતિકાર કરવામાં આવ્યો

હતો. સરકારને લગભગ લશ્કર માટે કાપડ, અનાજ, દવાઓ વગેરેની ખૂબ જરૂરી હોવાથી અનાજ, ખાંડ, કેરોસીન, કાપડ વગેરેની માપબંધી દાખલ કરી હતી. આ સમયે બંગાળાના માનવસર્જિત દુષ્કાળમાં લાખો માણસો મરી ગયા હતા. આ પ્રસંગે અનાજ કાપડ અને નાણાની સહાય ગુજરાતે કરી હતી અને રાહતકેન્દ્રોના સંચાલન માટે કાર્યકરો પણ મોકલ્યા હતા.

જાપાને આ સમયે અહીં સબમરીન દ્વારા જાસૂસો મોકલ્યા હતા. બર્મામાં લડાઈના કારણે જંગલના રસ્તે ગુજરાતીઓ ભારત આવી ગુજરાત પાછા ફર્યા હતા. 1945ના ડિસેમ્બરમાં કેન્દ્રની વડી ધારાસભાની ચૂંટણી થતાં એમાં લીગને મુસ્લિમોના 86.6 % અને કોંગ્રેસને બિનમુસ્લિમોના 90 ટકા મત મળ્યા હતા. જાપાને શરણાગતિ સ્વીકારતાં સંપૂર્ણ શાંતિ થઈ હતી. આઝાદ હિન્દ ફોજના અગ્રણીઓ અફસરોના ખટલાને કારણે તથા અમદાવાદના સૈનિકોના બળવાને કારણે દેશમાં નવું વાતાવરણ સર્જાયું હતું. સરકારને સમજાઈ ગયું હતું કે ભારતને હવે બળજબરીથી કબજે રાખી શકાશે નહી. તેથી બ્રિટનની મજૂર સરકારે લઘુમતીના હકોનું રક્ષણ કરવાની જાહેરાત પછી હિંદને સ્વરાજ્ય આપવા માટે 24-3-1946ના રોજ કેબિનેટ મિશન વાટાઘાટો માટે મોકલ્યું હતું. આજ દિવસે વેવેલના સ્થાને લોર્ડ માઉન્ટબેટન વાઇસરોય તરીકે નિમાતાં વાટાઘાટોની પ્રક્રિયા ઝડપી બની અને 14-15 જૂનના દિવસો દરમિયાન દેશના ભાગલા પાડવાની યોજના કોંગ્રેસ તથા લીગે સ્વીકારી હતી. ગાંધીજી આ યોજના સ્વીકારવાની વિરુદ્ધ હતા. તેમ છતાં સાથીઓની ઈચ્છાને એમણે માન આપ્યું હતું. 1947ની 15મી ઓગસ્ટે દેશ આઝાદ થતાં 1757થી શરૂ થયેલા બ્રિટિશ શાસનનો અંત આવ્યો હતો.

### 4.2.3 રાજકીય જાગૃતિ : બ્રિટીશ મુલકમાં (ઈ.સ. 1932 થી 1947)

#### નવા રાજકીય પક્ષોની સ્થાપના સમાજવાદી પક્ષની સ્થાપના 1934

ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના 1885માં થઈ એ પછી વીસમી સદીના પૂર્વાર્ધમાં બીજા કેટલાક નવા રાજકીય પક્ષો સ્થપાયા હતા અને તેઓએ પણ હિંદના રાજકારણમાં ભાગ ભજવ્યો હતો. રશિયામાં સામ્યવાદી સફળતા અને એને મેળવેલી સિદ્ધિને કારણે કેટલાક યુવાનો સમાજવાદ અને સામ્યવાદ તરફ આકર્ષાયા હતા. આથી ઈ.સ. 1925માં ભારતમાં સામ્યવાદી પક્ષની સ્થાપના થઇ હતી. જેના પરિણામે બિહારમાં જયપ્રકાશ નારાયણે સમાજવાદી પક્ષની શાખા શરૂ કરી હતી. એનાથી પ્રેરાઈને ગુજરાતમાં 'કોંગ્રેસ સમાજવાદી પક્ષ'ની સ્થાપનાની વિચારણા માટે 17-3-34ના રોજ યુવાનો મળ્યા હતા. ત્યારબાદ 30-6-1934ના રોજ સત્યાગ્રહ આશ્રમના હરિજન છાત્રાલયમાં ગુજરાત સમાજવાદી પક્ષની સ્થાપનાનો ઠરાવ કર્યો હતો. અને જુદા જુદા સ્થળોએ અનેક પ્રશ્નોની ચર્ચા કરી તેનો નિકાલ કરવાની વાત કરવામાં આવી હતી.

#### હિંદુ મહાસભા 1923

હિંદુ મહાસભાનો જન્મ મુસ્લિમ કોમવાદી રાજકારણના પ્રત્યાઘાતરૂપે થયો હતો. એ ઉપરાંત હિંદુ ધર્મમાં ઘૂસી ગયેલા કેટલાક અનિષ્ટને દૂર કરી હિંદુ સંસ્કૃતિનું જતન

*કરવાનું પણ એનો હેતુ હતો. 1907માં પંજાબમાં હિંદુઓનાં હિતની રક્ષા માટે હિંદુ પરિષદ શરૂ થઈ હતી અને અખિલ હિંદના ધોરણે તેનું સંગઠન કરવા 1910 પછી પ્રયાસ શરૂ થયા હતા. 1915માં એનું પ્રથમ અધિવેશન શરૂ થયું હતું અને 1923માં હિન્દુ મહાસભાની સ્થાપના થઈ હતી.*

**રાષ્ટ્રીય સેવક સંઘ 1925**

*રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂણેના ડૉ હેડગેવાર વારાના બ્રાહ્મણ હતા તેઓ થોડા વખત જર્મનીમાં રહ્યા હતા અને ત્યાંના લોકોની એમના ઉપર પ્રબળ અસર પડી હતી એમના જેવા કેટલાક નેતાઓની પ્રેરણાથી હિંદુઓમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવની ભાવના જગાવવા અને હિંદુ-મુસ્લિમોમાં રમખાણોને પ્રસંગે એમનું રક્ષણ કરવા આ સંસ્થા 1925માં રચાઈ હતી.*

*સંઘ જુદી-જુદી વયના લોકોને ધ્યાનમાં રાખીને બાલશાખા, તરુણશાખા અને પ્રૌઢશાખા ચલાવે છે. કસબા અને શહેરોમાં સંઘનું કાર્ય વિસ્તરતું રહ્યું છે. ગુજરાતમાં પંચમહાલ, વડોદરા સુરત, નવસારી, ડભોઈ, છોટાઉદેપુર, વડનગર, મહેસાણા, સિદ્ધપુર, ભાવનગર, રાજકોટ, જામનગર, દ્વારકા વગેરે સ્થળોએ આર.એસ.એસની પ્રવૃત્તિ ચાલે છે.*

**રચનાત્મક પ્રવૃત્તિઓ**

*રચનાત્મક પ્રવૃત્તિની શરૂઆત ગાંધીજીના ભારત આગમન સાથે થઈ હતી એ અગાઉ સ્વદેશીની ચળવળનો જન્મ થયો હતો અને તેનાથી રાજકીય અને સામાજિક પ્રવૃત્તિ ઉપરાંત ઔદ્યોગિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો હતો. ગાંધીજીના આગમન બાદ રેંટિયાની અને ગોસેવાની શરૂઆત થઈ હતી. અસ્પૃશ્યતા નિવારણને ગાંધીજીએ પ્રાધાન્ય આપ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં ચુનીભાઈ અને જુગતરામભાઈએ હાળીપ્રથા રદ કરાવી અને આદિવાસીઓની સેવા ની શરૂઆત કરી હતી. અનેક સામાજિક કાર્યકરોએ દેશી રાજ્યોમાં કિસાન-ચળવળ સાથે ખેડૂતો, સીમાંત ખેડૂતો ને હાળીઓની સ્થિતિ સુધારવા પ્રયત્નો કર્યા હતા.*

**હરિજન પ્રવૃત્તિ**

*હરિજનોની સ્થિતિ આદિવાસીઓ કરતાં પણ બદતર હતી. 1924-25માં ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે સૌરાષ્ટ્ર-કચ્છનો પ્રવાસ કર્યો હતો. તારીખ 30-9-1932ના રોજ સવર્ણ હિંદુઓની સભા મુંબઈમાં મળી હતી અને 'અસ્પૃશ્યતાનિવારણ સંઘ'ની સ્થાપના કરી હતી. જે પાછળથી 'હરિજન સેવકસંઘ' બન્યો. મંદિર પ્રવેશ માટે તથા સાર્વજનિક કૂવા, ધર્મશાળા, સ્મશાનઘર વગેરે હરિજનો માટે ખુલ્લા મૂકવા ઝુંબેશ શરૂ થઈ હતી. એના પ્રચાર માટે 'નવજીવન સાપ્તાહિક'ને 'હરિજન બંધુ' નામ આપ્યું અને 18-12-1932 અને 30-4-1933ના દિવસ 'હરિજન દિન' તરીકે ઉજવાયા હતા. ત્યારબાદ હરિજન સપ્તાહની ઉજવણી શરૂ થઈ હતી.*

**ખાદીકામ**

*ખાદી પ્રચારનું કામ ગાંધીજીએ શંકરલાલ બેંકરને સોંપ્યું હતું 1924માં ખાદીસંગ્રહસ્થાન ઊભું કરાયું હતું. સુરત, બારડોલી, વડોદરા, અમરેલી, નડિયાદ, ભરૂચ, આણંદ, પાલનપુર, જામનગર, નવસારી, ભાવનગરમાં ખાદી ભંડારો શરૂ થયા હતા. સૌરાષ્ટ્રમાં પણ જુદે જુદે સ્થળે આવા ખાદી ભંડારો ઊભા કરાયા હતા.*

**ગ્રામોદ્યોગ**

*ખાદી સિવાય અન્ય ઉદ્યોગોના વિકાસ માટે ગ્રામ-ઉદ્યોગ સંઘની સ્થાપના 14-12-1934ના રોજ કરવામાં આવી હતી. એમાં હાથછડના ચોખા, હાથઘંટીએ દળેલો લોટ, મધમાખી ઉછેર, શેરડી અને તાડનો ગોળ, ઘાણીનું તેલ, ચર્મોદ્યોગ, હાથકાગળ બનાવવાની પ્રવૃત્તિ, અખાદ્ય તેલમાંથી સાબુ બનાવવા વગેરે પ્રવૃત્તિને સ્થાન મળ્યું હતું.*

**દારૂબંધી**

*મજૂરો તથા અન્ય લોકો દારૂની બદીને કારણે પાયમાલ થતા હતા. ભાવનગર રાજ્યએ 1919માં દારૂબંધી દાખલ કરી હતી. તાડીના ગોળ અને નીરો અંગે ગજાનંદ નાયકે દક્ષિણ ગુજરાતમાં સારું કામ કર્યું હતું. 1930માં સત્યાગ્રહ દરમિયાન દારૂ-તાડીનાં પીઠાંઓ ઉપર પિકેટિંગ કરાયું હતું. દારૂ-નિષેધપ્રવૃત્તિનું શરૂઆતમાં સુરત અને મરોલી કેન્દ્ર બન્યાં હતાં. 1937માં કોંગ્રેસ પક્ષ સત્તારૂઢ થતાં તેણે સમગ્ર મુંબઈ ઈલાકામાં દારૂબંધી દાખલ કરી હતી અને રૂ 8થી 9 કરોડની આવક જતી કરી હતી.*

**કિસાન પ્રવૃત્તિ**

*ખેડા અને બારડોલીમાં મહેસૂલમાં વધારો થતાં કોંગ્રેસે આંદોલન કરી એમાં ઘટાડો કરાવ્યો હતો. ઈન્દુલાલ યાજ્ઞિક તથા સામ્યવાદી કાર્યકરોએ દાહોદ-ઝાલોદ રાજપીપળા રાજ્યમાં, માતર તાલુકો, સોનગઢ વ્યારા, માંડવી અને માંગરોળ તાલુકાઓમાં, અમદાવાદ જિલ્લામાં, ખેડા જિલ્લામાં, રાધનપુર, લુણાવાડા, પાલનપુર, મોડાસા, ઈડર, ઐરાલ, દેવગઢબારિયા, સચીન, વિઠ્ઠલગઢ, વડોદરા વગેરે દેશી રાજ્યોમાં અડધો ભાગ લેવાની પ્રથા, ખેડૂતોનાં દેવાં, મહેસૂલવધારો, વેઠનાબૂદી તથા હાળીપ્રથા અંગે આંદોલન કર્યા હતાં. મીરાખેડી, માતર, લીમડી, ગુસર, માંડવી, સંખેડા-મેવાસનાં ગામો વગેરે સ્થળોએ કિસાન સંમેલનો યોજી એમની સ્થિતિ સુધારવા પ્રયાસ થતા હતા. 1937માં કોંગ્રેસે ગણોતધારો તથા ઋણ-રાહતધારો પસાર કરતાં ખેડૂતોની સ્થિતિ સુધરી હતી. સત્યાગ્રહ દરમિયાન જેની જમીન જપ્ત થઈ હતી તે મૂળ જમીન ખેડૂતોને પાછી અપાવી હતી.*

**કામદાર પ્રવૃત્તિ**

*મજૂર મહાજન સંઘની સ્થાપના 1918-19માં મિલકામદારોની મોંઘવારીની લડત પછી 1920માં થઈ હતી. અમદાવાદ ઉપરાંત આ સંઘની વડોદરા, કલોલ, સિધ્ધપુર, નડિયાદ, સુરત, બિલિમોરા અને ભાવનગર જેવાં શહેરોમાં શાખા શરૂ કરવામાં આવી હતી. ઈ.સ. 1947 પછી 'હિંદી રાષ્ટ્રીય મજૂર સંઘ' (ઇન્ટુક)ની સ્થાપના થઈ હતી.*

**યુવકસંઘો અને વિદ્યાર્થી-મંડળા.**

*ગાંધીજીના આગમન પૂર્વે મોતીભાઈ અમીનની પ્રેરણાથી ચરોતરના રાષ્ટ્રવાદી યુવકોએ સંગઠિત થઈને 1905માં સ્વદેશી ચળવળને આગળ વધારી હતી. જ્ઞાનક્ષેત્રે 'ચરોતર કેળવણી મંડળ' દ્વારા તેઓ પ્રગતિ સાધતા ને 1917માં ખેડા અને હોમરુલ ચળવળમાં મોખરે રહ્યા હતા. કમળાશંકર પંડ્યાની આગેવાની નીચે સમાજવાદી પક્ષે ગુજરાત યુવક મધ્યસ્થ સંઘની સ્થાપના કરી અને આઝાદીના સંગ્રામમાં ભાગ લેવા યુવકોને અનુરોધ કર્યો હતો. તારીખ 4-7-36ના રોજ અમદાવાદમાં કાઠિયાવાડ યુવકોનું સંમેલન મળ્યું હતું. તેમાં નીરુ દેસાઈએ વર્ગો અને વર્ગભેદ મિટાવી જૂની નેતાગીરી સામે લડી લેવા હાકલ કરી હતી.*

**પ્રૌઢ શિક્ષણ.**

*સામ્યવાદી પક્ષ તરફથી મિલમજૂરોમાં પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિ ચાલતી હતી. 1937માં આ પ્રવૃત્તિને વેગ મળ્યો હતો. ગાયકવાડી પ્રદેશમાં તથા બ્રિટિશ જિલ્લામાં મોતીભાઈ અમીન અને ઈન્દુલાલ યાજ્ઞિકના પ્રયાસથી પુસ્તકાલય પ્રવૃત્તિ વિકસી હતી. આમ 1932થી 1937 સુધી અનેક વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી અને એ દ્વારા પાયાનું કાર્ય થયું હતું.*

## 4.2.4 બ્રિટીશ શાસન નીચેના મુલકોના વહીવટી એકમો અને અધિકારો

*ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વખતમાં સુરતમાં અંગ્રેજોની કોઠી હતી. તેનો વહીવટ મુંબઈ પ્રેસિડેન્સી (ઈલાકા)ના વહીવટનું બંધારણ રચાયું હતું. કાઉન્સિલરો તથા પ્રેસિડેન્ટનું મંડળ પ્રેસિડેન્ટ-ઈન-કાઉન્સિલ' કહેવાતું અને કોઠી 'પ્રેસિડેન્સિ' કહેવાતી એ શબ્દો સમગ્ર હિંદમાં ખ્યાતી પામ્યા. અને એ રીતે 'બોમ્બે પ્રેસિડેન્સી' પછી અસ્તિત્વમાં આવી હતી. બ્રિટીશ ઈન્ડિયાની વેસ્ટર્ન બોમ્બે પ્રેસિડેન્સીને ચાર મહેસૂલી વિભાગમાં અને 25 જિલ્લાઓમાં વહેંચવામાં આવી હતી. એનું વડુમથક મુંબઈ હતું.*

**વહીવટી એકમો અને અધિકારો**

*ગવર્નર-ઈન-કાઉન્સિલના હાથ નીચેની પ્રેસિડેન્સિનો વહીવટ ચાર કમિશ્નરો દ્વારા ચલાવવામાં આવતો. સિંધમાં તેમજ નોર્થ (ઉત્તર), સેન્ટ્રલ (મધ્ય) અને સાઉથ (દક્ષિણ) ડિવિઝનોના વડા તરીકે કમિશ્નરો હતા. પ્રેસિડેન્સી મહેસૂલી વિભાગોમાંનો દરેક ડિસ્ટ્રીક્ટ (જીલ્લો) કલેક્ટરના તાબા નીચે હતો. જે મોટે ભાગે હિંદી દીવાની અધિકારી હતો.*

*બોમ્બે પ્રેસિડેન્સિના નોર્ધન ડિવિઝનમાં ગુજરાતના અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત જિલ્લાઓનો સમાવેશ થતો હતો. ડિવિઝનના કમિશનરનું વડુ મથક અમદાવાદ હતું. દરેક જિલ્લામાં એકથી વધારે હિંદી આસિસ્ટન્ટ કલેકટર તરીકે નિમાયા હતા. દરેક જિલ્લાના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં જિલ્લાની તિજોરી હતી.*

*કલેક્ટરના તાબા નીચે સરેરાશ 8થી 12 તાલુકા રહેતા હતા. દરેક તાલુકામાં એક મામલતદાર હતો. મામલતદાર એના તાલુકાના કાર્ય માટે જવાબદાર હતો. અનેક ગામો*

*નિયમિત હપ્તાઓ ભરે, ગામનો હિસાબ યોગ્ય રીતે રાખવામાં આવે. ગામની હદ યોગ્ય રીતે જાળવવામાં આવે અને ગામના અધિકારીઓ પોતાનું કાર્ય યોગ્ય રીતે કરે એ જોવાની એમની જવાબદારી હતી. એ સબોર્ડીનેટ મેજિસ્ટ્રેટ હતો. તાલુકાના ગામોને જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં અને દરેક ઉપર મામલતદારના હાથ નીચેનો એક 'સર્કલ ઈસ્પેક્ટર' નિરીક્ષણ માટે રાખવામાં આવેલો. ત્રણ કે ચાર તાલુકાનાં પેટાવિભાગ ઉપર આસિસ્ટન્ટ કે ડેપ્યુટી કલેકટરને નીમવામાં આવ્યો હતો. દરેક તાલુકામાં સરેરાશ 100થી 200 ગામ હતાં. દરેક ગામને એના નિયમિત અધિકારીઓ હતા. પટેલ એ ગામની મહેસૂલી અને પોલીસ બાબતનો વડો હતો. તલાટીએ કારકૂન અને હિસાબનીશ હતો. એ ઉપરાંત એક સંદેશાવાહક અને એક પગી હતા. ગામ એક રીતે સ્વતંત્ર હતું. પરંતુ દેશી રાજ્યોમાં ગામની સ્વતંત્રતા ઉપર કાપ આવ્યો હતો.*

**ધારાસભા કાયદો અને ન્યાય**

*પ્રેસિડેન્સીની લેજીસ્લેટિવ કાઉન્સિલ(ધારાસભા)માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો એડવોકેટ જનરલ અને ગવર્નર દ્વારા નીમાયેલા 20 વધારાના સભ્યો, જેઓમાંના 8 માટેની ભલામણ કરવામાં આવી હતી. લેજીસ્લેટિવ કાઉન્સિલના સભ્યોને સામાન્ય વહીવટીતંત્ર અને વાર્ષિક નાણાકીય બાબતો ઉપર ચર્ચા કરવાની સ્વતંત્રતા હતી. સમગ્ર પ્રેસિડેન્સીના ન્યાયતંત્રનો વહીવટ હાઈકોર્ટને સોંપવામાં આવ્યો હતો. હાઈકોર્ટમાં એક ચીફ જસ્ટિસ (બેરિસ્ટર) અને છ પ્યુની જજો (બિન-મુખ્ય જજો) હતા.*

*નીચલી દીવાની અદાલતોમાં દાવાની રકમ પ્રમાણે પ્રથમ કે દ્વિતીય વર્ગ હતા. ફસ્ટ ક્લાસ સબોર્ડિનેટ જજ પાસે ખાસ સત્તાઓ હતી. સ્થાનિક વકીલોમાંથી સામાન્ય રીતે સર્બોડીનેટ જજ પાસે ખાસ સત્તાઓ હતી. સ્થાનિક વકીલોમાંથી સામાન્ય રીતે સર્બોડીનેટ જજોને નિમણૂક થતી. ડિસ્ટ્રીક્ટ અને આસિસ્ટન્ટ જજોની નિમણૂક ઈન્ડિયન અથવા સ્ટેચ્યુટરી સિવિલયનો અથવા પ્રોવિન્શિયલ સર્વિસીઝના સભ્યોમાંથી કરવામાં આવતી હતી. બીજા વર્ગના સબોર્ડીનેટ જજ રૂપિયા 5000થી ઓછી રકમનો દાવો દાખલ કરી શકતા, પણ એમને અપીલની પણ સત્તા નહોતી. પ્રથમ વર્ગના પણ સબોર્ડીનેટ જજ પાસે બધા જ મૂળભૂત દીવાની દાવાઓની સત્તા હતી. ગુજરાતમાં ખાસ પ્રકારની 'સ્મોલ કોઝ કોર્ટ' અમદાવાદ, નડિયાદ, ભરૂચ અને સુરતમાં હતી. મામલતદારોને સ્થાવર મિલકતનો તાત્કાલિક કબજો લેવાના દાવાઓ અંગે નિર્ણય કરવાની સત્તા હતી, પરંતુ એમના નિર્ણય પર ફેરવિચારણા હાઈકોર્ટ કરી શકતી હતી.*

*સમગ્ર પ્રેસિડેન્સીમાં સેશન્સ જજો આસિસ્ટન્ટ સેશન્સ જજો પાસે ફોજદારી અદાલતોની કાર્યવાહી હતી. તે સેશન્સ કોર્ટોમાં અધિકારીઓના ત્રણ વર્ગ હતા. સેશન્સ જજ એ ડિસ્ટ્રિક્ટ જજ હતો. સેશન્સ જજ કોઈપણ ગુના માટે કાયદેસરની સજા કરી શકતો, પરંતુ તેને મોતની સજા માટે હાઈકોર્ટની પરવાનગી લેવી પડતી હતી.*

### નોંધણી(રજિસ્ટ્રેશન)

*સ્થાવર મિલકત ઉપરના અધિકારોની અને અમુક કિંમતની જંગમ મિલકતની નોંધણી કરાવવી ફરજિયાત હતી. આ માટે તાલુકાદારોમાં સબ રજિસ્ટ્રારો અને ડિસ્ટ્રિક્ટ માટે કલેક્ટરો આ કામ કરતા હતા. સમગ્ર ખાતા ઉપર ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનનો કાબૂ હતો.*

### લોકલ સેલ્ફ ગવર્મેન્ટ (સ્થાનિક સ્વરાજ્ય)

*લોકલ બોર્ડ અને મ્યુનિસિપાલિટીઓ દ્વારા વહીવટીતંત્રની કેટલીક શાખાઓ ઉપર સ્થાનિક કાબૂ સ્થાપવામાં આવ્યો હતો. ડિસ્ટ્રિક્ટ કે તાલુકા ઉપર લોકલ બોર્ડની અને સિટી કે નગર ઉપર મ્યુનિસિપાલિટીની સત્તા સ્થાપવામાં આવી હતી. આ માટેની સ્થાનિક કમિટીઓ સરકાર દ્વારા નિમાયેલા કે પ્રજાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી હતી. એમને કેળવણી,રસ્તાઓ,જળાશયોનાં બાંધકામો,દુષણ-નિવારણ અને સામાન્ય રીતે એમના વિસ્તારમાં સુધારણા માટે ફંડોમાંથી ખર્ચ કરવાની સત્તા આપવામાં આવતી હતી. દરેક ડિસ્ટ્રિક્ટમાં એક ડિસ્ટ્રિક્ટ બોર્ડ હતું. દરેક ડિસ્ટ્રિક્ટને બધી જમીનમહેસૂલની ઉઘરાણી ઉપર 1 રૂપિયો એક આનો (હાલ છ પૈસા) ફંડ ખાતે મળતું. જે ફંડ ભેગું થાય તેનો ત્રીજો ભાગ કેળવણી પાછળ ખર્ચવાનો હતો. ડિસ્ટ્રિક્ટ કમિટીઓમાં ડિસ્ટ્રિક્ટના મુખ્ય અધિકારીઓ અને કલેક્ટરે પસંદ કરેલા સભ્યો હતા. તાલુકા કમિટીઓ કલેક્ટર, સબડિવિઝન ઓફિસ, મામલતદાર અને કલેક્ટરે ત્રણ અથવા વધારે નિમેલા સભ્યોની બનેલી હતી.*

*તાલુકા બોર્ડમાં ચૂંટાયેલા અને નિમાયેલા સભ્યોની સંખ્યા એક સરખી રાખવામાં આવી હતી. સામાન્ય રીતે કલેક્ટર ડિસ્ટ્રિક્ટબોર્ડનો પ્રેસિડેન્ટ હતો, જ્યારે એના આસીસ્ટન્ટો એના તાબામાં તાલુકા બોર્ડના પ્રમુખ તરીકે કામ કરતા હતા.*

### પબ્લિક વર્કસ ખાતું

*આ ખાતા ઉપર બે ચીફ એન્જિનિયર હતા. જે સરકારના સેક્રેટરીઓ પણ હતા. આ અધિકારીઓને બધા જ પ્રકારનાં જાહેરકાર્ય કરવાનાં હતાં, પરંતુ કેટલાક કિસ્સાઓમાં મહત્ત્વના સિંચાઈ-કામ વધારાના એક્ઝિક્યુટીવ એન્જિનિયરોને સોંપવામાં આવતાં. આ ખાતાના કાર્યક્ષેત્રમાં રસ્તાઓ, પુલો, હોસ્પિટલો, ઓફિસો, સિંચાઈ માટેના જળાશયો, નહેરો વગેરેના બાંધકામ અને જાળવણી હતાં. એક્ઝિક્યુટીવ એન્જિનિયર એ ડિસ્ટ્રિક્ટ બોર્ડના સભ્યો પણ હતા.*

### પોલીસ અને જેલો

*ડિસ્ટ્રિક્ટ પોલીસ એ પગારદાર અંગ હતું અને એના દરજ્જા હતા. જેમાં કોન્સ્ટેબલથી શરૂઆત થતી. તાલુકા અને ડિસ્ટ્રિક્ટો ચીફ કોન્સ્ટેબલો અને ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટના તાબા નીચે હતા. એમની વચ્ચે ઈન્સ્પેક્ટરો હતા અને ડિસ્ટ્રિક્ટના પોલીસ વહીવટીતંત્ર ઉપર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટનો કાબૂ હતો, પરંતુ એને કમિશ્નરના હુકમ પ્રમાણે કામ કરવાનું*

*હતું. પ્રેસિડેન્સીનું કાર્ય એકધાર્યું ચાલે એ માટે ઈન્સ્પેક્ટર-જનરલની નિમણૂક કરવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ પોલીસ દળનો અમુક ભાગ શસ્ત્રધારી હતો અને એમને જેલો, તિજોરીઓ, કેદીઓ અને તિજોરીનું રક્ષણ કરવાનું હતું. સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે વિસ્તાર અને વસ્તી અનુસાર પોલીસની સંખ્યા નક્કી થતી.*

*ગામના પોલીસને નિયમિત પગાર આપવામાં નહોતો આવતો. એના ઉપર ગામના પટેલનો કાબૂ હતો અને જ્યારે ગુનો બને ત્યારે ડિસ્ટ્રિક્ટ પોલીસને બોલાવવાની એની ફરજ હતી. પગીઓની નિમણૂક સામાન્ય હતી. ઈન્સ્પેકટર-જનરલ ઓફ પોલીસના બે ખાસ શાખા હતી. ગુનાની તપાસ અને ગુનાની ઓળખ. રેલવે માટે ખાસ પોલીસતંત્ર ઊભું કરવામાં આવ્યું હતું. મુખ્ય રેલવે લાઈનોને ડિસ્ટ્રિક્ટ પ્રમાણે વહેંચવામાં આવી અને એ માટે ઈન્સ્પેક્ટર-જનરલના સીધા હાથ નીચે સુપરિન્ટેન્ડેન્ટ નીમવામાં આવ્યો હતો.*

*કેન્ટોમેન્ટોમાં લશ્કરી સત્તાઓએ નાની સંખ્યામાં પોલીસો રાખ્યા હતા, જે સ્થાનિક પોલીસદળને રાખ્યા હતા. જે સ્થાનિક પોલીસદળને લશ્કરી ગુનેગારોના કેસોમાં મદદ કરવાની હતી. એમના ઉપર લશ્કરી સત્તાનો અધિકાર હતો.*

*1909ના સુધારા પ્રમાણે ડિવિઝનના કમિશનરોની સત્તા ઈન્સ્પેક્ટર જનરલને સોંપવામાં આવી હતી. ઈન્સ્પેક્ટર જનરલના હાથ નીચે જેલ-વિભાગ રાખવામાં આવ્યો હતો. જે મુખત્વે ઇન્ડિયન મેડિકલ સર્વિસમાંથી આવતો હતો. અમદાવાદની સેન્ટ્રલ જેલ ઉપર પૂર્ણ સમયનો સુપરિટેન્ડેન્ટ નીમવામાં આવ્યો હતો. સ્થાનિક મેજિસ્ટ્રેટોને લોક-અપનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.*

**કેળવણી**

*કેળવણી ખાતાના વહીવટી વડા તરીકે ડાયરેક્ટર અને એના હાથ નીચે દરેક ડિસ્ટ્રિક્ટ ઉપર એક ઇન્સ્પેક્ટર અને ડેપ્યુટી ઈન્સ્પેક્ટર અને એમના મદદનીશોની નિમણૂક કરવામાં આવી હતી. આ અધિકારીઓ જે શાળાઓને રાજ્યનું અનુદાન મળતું તેઓનું નિરીક્ષણ કરતા અને લોકલબોર્ડો દ્વારા અનુદાન મેળવતી જાહેર પ્રાથમિક શાળાઓનો વહીવટ કરતા હતા.*

*બોમ્બે યુનિવર્સિટી એ સરકારી અંગ હતું. ગવર્નર ચાન્સેલર હતા. સિન્ડિકેટના કાર્યક્ષેત્રમાં યુનિવર્સિટીનો વહીવટ હતો અને સેનેટ એ યુનિવર્સિટીના ધારાધોરણ ઘડનારુ અંગ હતું. નવા યુનિવર્સિટીઝ એક્ટ મુજબ યુનિવર્સિટીની કાર્યવાહીમાં ઉચ્ચ શિક્ષણમાં માર્ગદર્શન આપવાનું અને કૉલેજો ઉપર નિરીક્ષણ કરવાનું હતું.*

*સેકન્ડરી કેળવણીમાં 7 ધોરણ હતાં, જેમાં પ્રથમ ત્રણને બાદ કરતા અંગ્રેજી એ કેળવણીનું માધ્યમ હતું. પ્રાથમિક શાળાઓ બે પ્રકારની હતી. એક પ્રકારમાં સંપૂર્ણ વર્નાક્યુલર શાળાઓમાં સાત ધોરણ સુધીનો અને બીજા પ્રકારમાં પાંચમા ધોરણનો માટેનો અભ્યાસક્રમ હતો. શિક્ષકોને તાલીમ આપવા માટે સરકાર ટ્રેનિંગ કૉલેજ નિભાવતી, જેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હતો. મેડિકલ ડિપાર્ટમેન્ટ ઉપર સર્જન-જનરલનો કાબૂ હતો. દરેક ડિસ્ટ્રિક્ટના વડા મથકમાં રહેતા સિવિલ સર્જનને તે જિલ્લાના દવા સંબંધી કાર્યની*

જવાબદારી સોંપવામાં આવી હતી, જ્યારે સેનિટેશનનું કાર્ય ડેપ્યુટી-કમિશનરોને સોંપવામાં આવ્યું હતું.

### 4.2.5 1947 પછીની સ્થિતિ

ગુજરાતના રાજકીય તારીખમાં 1947થી 1960નો સમય ઐતિહાસિક અને નિર્ણાયક બનીને આવ્યો હતો. આ વર્ષોમાં જ મુઘલ અને પછી બ્રિટિશ શાસનની ચાલી આવતી પરાધીનતામાંથી ભારતે રાજકીય સ્વાધીનતા પ્રાપ્ત કરી અને એના એક ભાગરૂપે ગુજરાતે પણ મુક્તિની ખુલ્લી હવાનો અનુભવ કર્યો હતો. પણ એની સાથે જ ગુજરાતે બીજી બે વિષમ પરિસ્થિતિઓનો સામનો કરવાનો હતો. એક સંખ્યાબંધ રજવાડાઓનું વિલીનીકરણ અને બીજો મુઘલ કે બ્રિટિશ શાસન દરમિયાન ગુજરાતનું સાંસ્કૃતિક અને પ્રશાસનિક એકમ થવા પામ્યુ ન હતું તેનું નિર્માણ કરવાનું હતું, જેથી આ પ્રજાને પોતાની અસ્મિતા વ્યક્ત કરવાની પૂરતી તક મળી રહે.

વિલિનીકરણ માટે સદભાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલની લોખંડ પ્રતિભા અસરકારક રીતે કામ લાગી હતી. જેમણે વિલીનીકરણનું ઐતિહાસિક કાર્ય કરી બતાવ્યું હતું. ગુજરાતમાં સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય, કચ્છમાં કેન્દ્રનું શાસન અને બાકીના ગુજરાતનો મુંબઈ રાજ્યમાં સમાવેશ એક પ્રમાણે વ્યવસ્થા હતી. લાંબી લડત બાદ છેવટે 1લી મે, 1960 માં ગુજરાત રાજ્યનું નિર્માણ થયું હતું.

1947ની 15મી ઓગસ્ટે ભારતને મધરાતે આઝાદી મળી ત્યારે બીજા પ્રદેશની જેમ ગુજરાત પણ માનસિક રીતે સ્વતંત્રતાનો અનુભવ કરતું થયું. આમ તો છેક સોલંકી કાળથી ગુજરાત નામ એક યા બીજી રીતે પ્રચલિત થયું. આબુની ઉત્તરે આવેલો પ્રદેશ ગુર્જર દેશ કે ગુર્જરભૂમિ 9મી સદીનું ગુર્જરત્રા કે રસ્તા અને બીજી ગુર્જર રેસન શાસન હેઠળ ગુર્જર મંડળ અને આબુની ઉત્તર ને બદલે દક્ષિણના વિસ્તારને માટે પ્રવેશાયેલું ગુર્જર લખતા એ બધા નામો ને અંતે છેવટે ગુજરાત નામનો સાંસ્કૃતિક લક્ષણો અભિવ્યક્ત કરતા પિંડ બંધાયો હતો.

## 4.3 સારાંશ

સાંસ્કારિક-સાંસ્કૃતિક નક્કર ભૂમિ ઉપર ઉભેલા ભારતમાં એક પછી એક યુરોપીય પ્રજાઓ આવી. આરંભમાં વેપાર નિમિત્તે અને પછીની અહીની રાજકીય નિર્બળતા જોઈ તેમાં ભાગ ભજવ્યો. જેથી આ બધી પ્રજાઓની પરસ્પરની હરીફાઈમાં આખરે અંગ્રેજ પ્રજા સર્વોપરી બની. અંગ્રેજ પ્રજા સર્વ પ્રવૃત્તિને વરેલી હોવાથી આર્થિક ઉપાર્જન સિવાય અંગ્રેજોએ પ્રજા કલ્યાણનું કાર્ય કર્યું ન હતું. આથી દેશનું અર્થતંત્ર ડામાડોળ થયું. ગૃહ ઉદ્યોગો નાશ પામ્યા અને પ્રજાની આર્થિક તાકાત કમજોર થતી ગઈ. અંગ્રેજોની વિચારધારાથી ભારતીય પ્રજા સંપર્કમાં આવતાં અંગ્રેજી શિક્ષણ મેળવી પ્રજામાં રાજકીય જાગૃતિ માટેની ચિનગારી ચાંપી. વૈચારિકક્રાંતિ ને સ્વતંત્ર માટેની ક્રાંતિને પ્રજા આવકારવા કટીબદ્ધ બની.

ગુજરાતમાં આવી સાંસ્કૃતિક કટોકટી હતી ત્યારે રાજકીય ક્ષેત્રે કોઈ સ્થિરતા પ્રવર્તી ન હતી. જેનો અંજામ 1818થી આવ્યો. ત્યારબાદ અંગ્રેજ રાજ્યની સ્થાપનાથી ગુજરાતની પ્રજાએ થોડીક શાંતિનો અનુભવ કર્યો. આમ 1818 થી 1947 ના લગભગ દોઢસો વર્ષ સુધીના ગાળા દરમિયાન ગુજરાતે પણ સમસ્ત ભારતમાં આવેલી રાજકીય જાગૃતિ અને એના પગલે પગલે કરવામાં આવેલી રાષ્ટ્રીય ચળવળમાં મહત્વનો ફાળો આપ્યો હતો. આમ 1947 સુધીની કામગીરીમાં ગુજરાતના સેવકો અને નેતાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જેના ભાગરૂપે ભારતને 15મી ઓગસ્ટ, 1947ની મધરાત્રિએ આઝાદી મળી હતી અને આગળ જતાં ગુજરાતી પ્રજાની લડતને પરિણામે બૃહદ મુંબઈ રાજ્યમાંથી 1960માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ હતી.

**તમારી જાતે ચકાસો (ક)**

1. 1857 પછીના ગુજરાતના રાજ્ય વહીવટ વિશે ટૂંકમાં જણાવો.

2. 1858 પછીના ગુજરાતમાં શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્ય વિશે પાંચ વાક્યો લખો.

3. ગુજરાતમાં તાજના વહીવટીતંત્ર વિશે ચાર વાક્યો લખો.

4. ગાંધી પ્રેરિત આંદોલનો વિશે સંક્ષિપ્તમાં જણાવો.

5. ગુજરાતમાં હોમરુલ ચળવળ વિશે ટૂંકમાં જણાવો.

6. *ગુજરાતમાં ક્યા ક્યા સત્યાગ્રહો થયા? તે વિશે ટૂંકમાં લખો.*

7. *ગુજરાતમાં* 1914 *થી* 1947 *સુધીના રાજતંત્ર વિશે સંક્ષિપ્તમાં લખો.*

8. **જોડકા જોડો.**

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (1) | *ખંડેરાવ ગાયકવાડ* | (1) | *ડુંગળી ચોર* |
| (2) | *મોહનલાલ પંડ્યા* | (2) | *વનસ્પતિ ચોર* |
| (3) | *નરસિંહભાઈ પટેલ* | (3) | *ગાંધીજીના રાજકીયગુરુ* |
| (4) | *એની બેસન્ટ અને તિલક* | (4) | *હીઝ હાઈનેસંઘ મહારાજા ઓફ બરોડા* |
| (5) | *ગોપાલકૃષ્ણ ગોખલે* | (5) | *હોમરુલ લીગ* |

9. *જોડકા જોડો.*

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (1) | 1860 | (1) | *સુરતમાં આવકવેરા વિરોધી આંદોલન* |
| (2) | 1861 | (2) | *તેત્રીસા નામે ઓળખાતો દુષ્કાળ* |
| (3) | 1877 | (3) | *સ્થાનિક સ્વરાજ્ય* |
| (4) | 1878 | (4) | *દિલ્હી દરબાર* |
| (5) | 1884 | (5) | *પંચમહાલ જીલ્લાની તબદીલી* |

10. **ખાલી જગ્યા પૂરો.**

(1) *ગુજરાતના સીધા વહીવટ હેઠળના જિલ્લાઓનું વડુંમથક* _______________ *હતું.*

(*સુરત, ખેડા, અમદાવાદ*)

(2) *ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટનો* _______________ *વર્ષમાં અંત આવ્યો.*
(1818,1857,1947)

(3) *બ્રિટીશ શાસન દરમિયાન ગામમાં પોલીસ કાર્ય* ______________ *નિભાવતો હતો.* (*પટેલ, ચોકીદાર, તલાટી*)

(4) *ગાંધીજીએ અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના* _______________ *ના વર્ષમાં કરી હતી.* (1915,1917,1920)

(5) *ઈ.સ.* 1933 *માં ગાંધીજીએ* ____________ *પત્ર શરુ કર્યું હતું.*

(*હરિજન, નવજીવન, યંગ ઈન્ડિયા*)

(6) *ગુજરાતી કેળવણી મંડળની સ્થાપના* ______________ *એ કરી હતી.*

(*ચુનીલાલ ઘેલાલાલ શાહ, અંબાલાલ સાકરલાલ, ગાંધીજી*)

## 4.4 **ચાવીરૂપ શબ્દો**

| | |
|---|---|
| **બ્રિટિશ મુલકો** | *ખાલસા પ્રદેશો* |
| **ગવર્નર** | *રાજ્યપાલ* |
| **કલેકટર** | *સમાહર્તા* |
| **ગવર્નર** | *જનરલ- રાષ્ટ્રપતિ* |
| **લાગો** | *મહેસુલ* |
| **સેક્રેટરી** | *સનદી નાગરિક* |
| **પ્રેસીડેન્સી** | *ઈલાકો* |
| **લેજીસ્લેટિવ કાઉન્સિલ** | *ધારાસભા* |
| **લોકલ સેલ્ફ ગવર્મેન્ટ** | *સ્થાનિક સ્વરાજ્ય* |
| **ટાઉન** | *નગર* |

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

11 *જવાબ.* (1) *અમદાવાદ,* (2) 1857, (3) *પટેલ,* (4) 1915

(5) *હરિજન* (6) *અંબાલાલ સાકરલાલ*

## **4.6 સ્વાધ્યાય.(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

*પ્રશ્નઃ ઈ.સ.*1858 *થી* 1914 *સુધીના ગુજરાતના બ્રિટિશ મુલ્કોના રાજકીય ઈતિહાસ વિશે વિસ્તારથી જણાવો.*

*પ્રશ્નઃ ગાંધી પ્રેરિત આંદોલનો વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.*

*પ્રશ્ન. ગુજરાતમાં થયેલા સત્યાગ્રહો અંગે સમીક્ષાત્મક નોંધ તૈયાર કરો.*

*પ્રશ્ન. ગુજરાત બહારના ક્યા ક્યા સત્યાગ્રહોમાં ગુજરાતે મહત્ત્વનો ફાળો આપ્યો હતો? તેની વિગતે ચર્ચા કરો.*

*પ્રશ્ન. બ્રિટીશ શાસન હેઠળના ગુજરાતના જિલ્લાઓનો 1914 થી 1947 સુધીના રાજતંત્ર વિશે વિસ્તૃત વર્ણન કરો.*

*પ્રશ્ન. ટૂંકનોંધ લખો.*(1) 1947 *પછીના ગુજરાતમાં રાજકીય ઈતિહાસ.*(2) *સ્થાનિક સ્વરાજ્ય* 1884. (3) *તાજનું વહીવટીતંત્ર* (4) *હોમરુલ આંદોલન.* (5) *ગુજરાતના સ્થાનિક સત્યાગ્રહો.* (6) *અસહકારની ચળવળ* (7) *બ્રિટિશ શાસન નીચેના જિલ્લાઓમાં રાજતંત્ર.* (8) *હિંદ છોડો ચળવળ.*

## 4.7 સંદર્ભ સૂચિ


1. *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*9*, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.*
2. *મોહનદાસ ક. ગાંધી, આત્મકથા, નવજીવન પ્રકાશન, મંદિર, ,અમદાવાદ.*
3. *નારાયણ દેસાઈ, ગુજરાતનાં સત્યાગ્રહ આંદોલનો, વડોદરા.*
4. *શાંતિલાલ દેસાઈ, રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, અમદાવાદ.*
5. *નરહરિ દ્વા. પરીખ, સરદાર વલ્લભભાઈ પટેલ,ભાગ-*1 *અને*

2, *નવજીવન,અમદાવાદ.*

6. *સીતારામૈયા પટ્ટાભી, મહાસભાનો ઈતિહાસ, અમદાવાદ.*

# એકમ : 5

# ઈ.સ. 1818 થી 1914 દરમિયાન ગુજરાતની સમકાલીન રિયાસતો

:: રૂપરેખા::

**5.0** ઉદ્દેશો .
**5.1** પ્રસ્તાવના
**5.2** વિવિધ કુલોના રાજવંશ
**5.3** રિયાસતોનું વર્ગીકરણ અને સત્તાનું નિયતીકરણ
**5.5** રેસિડેન્સી અને પોલીટીકલ એજન્સીઓ
**5.6** તળ ગુજરાતની મુખ્ય રિયાસતો
    **5.6.1** વડોદરા
    **5.6.2** રાજપીપળા
    **5.6.3** પાલનપુર
    **5.6.4** રાધનપુર
    **5.6.5** ઈડર
**5.7** કચ્છ, સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો
    **5.7.1** જાડેજાવંશની રિયાસતો
    **5.7.2** જેઠવા વંશની રિયાસત(પોરબંદર)
    **5.7.3** ઝાલાવંશની રિયાસતો
    **5.7.4** ગૂહિલવંશની રિયાસતો
    **5.7.5** બાબીવંશની રિયાસતો (જૂનાગઢ)
    **5.7.6** અન્ય નોધપાત્ર રિયાસતો
• તમારી પ્રગતિ ચકાસો. (ક)
    **5.7.8** રિયાસતોનો રાજ્યવહીવટ
    **5.7.9** દેશી રાજ્યોના સિક્કા
• તમારી પ્રગતિ ચકાસો
**5.8** સારાંશ
**5.9** ચાવીરૂપ શબ્દો
**5.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો
**5.11** સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)
**5.12** સંદર્ભ સૂચિ

## 5.0 ઉદ્દેશો

*1818થી ગુજરાતના કેટલાક ભાગોમાં ઈંગ્લેન્ડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું સીધું શાસન વિસ્તર્યું હતું. જે 1914માં ગાંધીજીનું ભારતમાં આગમન થયું ત્યાં સુધીના તબક્કા દરમ્યાન સ્થાનિક રિયાસતો પર અંગ્રેજ શાસકોનું વર્ચસ્વ વધતું ગયું હતું. તેઓને ચડતા ઉતરતા સાત વર્ગોમાં વર્ગીકૃત કરીને તેઓની સત્તાને ઘણી નિયંત્રિત કરી દેવામાં આવી હતી. તે બાબતતોથી તમે પરિચિત થશો.*

*વિવિધ કુલોના રાજ્યવંશના સામાન્ય પરિચયથી તમે માહિતગાર બનશો.*

- *અંગ્રેજ સરકારે રીયાસતોનું કરેલું વર્ગીકરણ અને સત્તાના નિયંત્રણની માહિતી મેળવી શકશો.*
- *સમગ્ર ગુજરાતમાં ફેલાયેલી જુદાજુદા વંશની રિયાસતોને તમે જાણી શકશો.*
- *ગુજરાતમાં અંગ્રેજ સરકાર રિયાસતોનો વહીવટ કેવી રીતે ચલાવતી હતી તે હકીકતની જાણકારી મેળવી શકશો.*
- *આ સમય દરમ્યાન દેશી રાજ્યોમાં સિક્કા કેવા પ્રકારના હતા તેની જાણકારી મેળવી શકશો.*

## 5.1 પ્રસ્તાવના

*બ્રિટિશ સરકાર વતી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ગુજરાતના કેટલાક પ્રદેશો પર પોતાનું સીધા શાસનની શરૂઆત કરી ત્યારે એનો પાંચ જિલ્લાઓમાં સમાવેશ થતો હતો. તેમાં સુરત, ભરૂચ, પંચમહાલ, ખેડા અને અમદાવાદનો સમાવેશ થતો હતો. ગુજરાતના બીજા વિસ્તારોમાં અગાઉથી શાસન કરતા આવેલા અનેક નાના-મોટા રાજવંશોના રાજ્યોની સત્તા પ્રવર્તતી હતી. એમાંના ઘણાં પ્રાચીન કે મધ્ય કાલથી સત્તારૂટ થયેલા હિંદુ રાજ્યવંશો હતા. કેટલાક મધ્યકાળ દરમિયાન રાજસત્તા પામેલા મુસ્લીમ રાજવંશનાં હતા. તેનો આપણે આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને એ રાજવંશોના ગુજરાતમાં કેટલાક વહીવટી અને વિકાસનું આલેખન હવે કેટલાક વિભાગોમાં કરવામાં આવ્યું છે.*

## 5.2 વિવિધ કુલોના રાજવંશ

*આ રાજવંશો રીયાસતોમાં વડોદરાનું ગાયકવાડી રાજ્ય અગ્રીમ સ્થાન ધરાવતું હતું. એક બાજુ પુણેના પેશવાઓ સાથેની ગુજરાતમાંની ભાગીદારીમાં ગાયકવાડ રાજ્યનું વર્ચસ્વ વધતું ગયું હતું. તો બીજી બાજુ એ બે ભાગીદારોની વચ્ચેના વિખવાદમાં બ્રિટીશ કંપની સરકારની દરમ્યાનગીરી વધી ગઈ હતી. આમ છતાં આંતરિક વહીવટમાં ગાયકવાડ વંશના રાજ્યો એકંદરે પ્રજાહિતના પ્રગતિશીલ વહીવટની સારી છાપ પાડતાં હતાં. સૌરાષ્ટ્રમાં જાડેજા તથા ઝાલા કુળની નાનીમોટી અનેક રિયાસતો હતી. જાડેજા કુળના રાજ્યોમાં નવાનગરનું રાજ્ય અગ્રીમ સ્થાન ધરાવતું હતું. એના રાજવંશમાંથી રાજકોટ અને ગોંડળની શાખાઓ ફંટાઈ હતી. કચ્છમાં જાડેજા વંશ એની પહેલાંથી રાજસત્તા ધરાવતો હતો. સૌરાષ્ટ્રમાં આવેલા મોરબીમાંનો જાડેજા વંશ મૂળવંશની*

*શાખારૂપે હતો. માળિયા-મિયાણા, વીરપુર તથા કોટડા સાંગાણીમાં પણ જાડેજા કુળની રિયાસતો હતી.*

## 5.3 રિયાસતોનું વર્ગીકરણ અને સત્તાનું નિયતિકરણ

*બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વડોદરાના ગાયકવાડ વતી ખંડણી ઉઘરાવી આપવાની જવાબદારી લઈને ધીમે ધીમે શાંતિ અને સલામતીના નામે ગુજરાતની નાની-મોટી બધી રિયાસતો પર પોતાનું વર્ચસ્વ જમાવ્યું, ત્યારે કાઠિયાવાડ અને તળ-ગુજરાતમાં નાની-મોટી સંખ્યાબંધ રિયાસતો હતી. વિસ્તાર, વસ્તી અને વાર્ષિક આવકની બાબતમાં રિયાસતો વચ્ચે ઘણો મોટો તફાવત રહેતો હતો. આમાંની કેટલીક રિયાસતો ઘણી વિશાળ, સમૃદ્ધ અને જોરાવર હતી. તો બીજી કેટલીક નાના-નાના તાલુકાઓની કે એકાદ ગામોની બનેલી જાગીરો જેવી હતી. આથી કંપનીએ નાની-મોટી રિયાસતો સાથેના રાજકીય સંબંધો અંગે એ રિયાસતોનું વર્ગીકરણ કરવાનું જરૂરી માન્યું, એમાં એણે ગણનાપાત્ર રિયાસતોના સાત વર્ગ પાડ્યાને નગણ્યજાગીરો માટે અલગ વ્યવસ્થા કરી હતી. એકથી સાત વર્ગો નીચે આવતી રિયાસતોના ઓછાવત્તા માન-મરતબા દીવાની તથા ફોજદારી ન્યાય આપવાની સત્તા નિયત કરવામાં આવી હતી. આ રિયાસતો પર મુંબઈ ઈલાકાના ગવર્નર નીચેના રેસિડેન્ટ તથા પોલિટિકલ એજન્ટો દ્વારા તેઓના આંતરિક વહીવટ પર ચાંપતી નજર રાખવામાં આવી હતી.*

*ગુજરાતમાં મોટી રિયાસતોમાં વડોદરાનું ગાયકવાડી રાજ્ય સૌથી વધુ સત્તાની સાથે વિસ્તાર વસ્તી અને આમદનીમાંય અગ્રિમ સ્થાન ધરાવતું હતું. આથી તેને સ્વાભાવિક રીતે પ્રથમવર્ગમાં મૂકવામાં આવ્યું હતું. વડોદરામાં કંપની સરકારનો રેસિડેન્ટ રહેતો હતો. એનો સીધો સંબંધ ક્યારેક હિંદના ગવર્નર-જનરલ સાથે રહ્યો હતો. સૌરાષ્ટ્ર ત્યારે 'કાઠીયાવાડ' નામે ઓળખાતું. એના ચાર પ્રાંત હતા. ઝાલાવાડ, હાલાર, સોરઠ, અને ગોહિલવાડ. એમાં કુલ 188 રિયાસતો હતી. કાઠીયાવાડ એજન્સીનું વડુમથક રાજકોટમાં હતું. નાના-નાના તાલુકાઓને થાણદારોના તાબામાં મૂકવામાં આવ્યા હતા.*

*કચ્છનું રાજ્ય પ્રથમ વર્ગનું ગણાતું. તળ-ગુજરાતમાં ખંભાતનું રાજ્ય પણ પ્રથમ વર્ગનું હતું. વડોદરા અને ખંભાત સિવાયની તળ-ગુજરાતની રિયાસતો પાલનપુર, મહીકાંઠા, રેવાકાંઠા, અને સુરત એજન્સીઓમાં મુકાઈ હતી. પાલનપુર એજન્સીમાં નાની મોટી 13 રિયાસતો હતી. આ એજન્સીમાં નાના જાગીરદારોનાં પાંચ થાણાં હતાં. કાંકરેજ, દિયોદર, વારાહી, વાવ અને સાંતલપુર.*

*મહીકાંઠા એજન્સીમાં સાબરકાંઠા તથા વાત્રકકાંઠાનો પણ સમાવેશ થતો હતો. એના છ વિભાગો હતા. તેમાં નાની મારવાડ, રહેવર જિલ્લો, સાબરકાંઠો, વાત્રકકાંઠો, બાવીસી જિલ્લો અને કટોસણ જિલ્લો. આ એજન્સીમાં કુલ 52 રિયાસતો હતી.*

*રેવાકાંઠા એજન્સીમાં નાની-મોટી કુલ 55 રિયાસત હતી. તેમાં કડાણા અને સંજેલી અગ્રિમ સ્થાન ધરાવતી હતી. નારુકોટ સંસ્થાન પહેલાં પંચમહાલ જિલ્લામાં હતું.*

*તેને પછી રેવાકાંઠા એજન્સી હેઠળ મુક્યું હતું. પાંડુમેવાસનો વિભાગ મહીનદીના કાંઠા પર પથરાયેલ હતો. એમાં આવેલી રિયાસતોમાં ભાદરવા અને ઉમેઠા નોંધપાત્ર હતી. એ સિવાયની રિયાસતો એજન્સી થાનેદારની દેખરેખ નીચે હતી. નર્મદાના જમણાકાંઠે આવેલા સંખેડામેવાસમાં* 26*નાની રિયાસતો હતી. સુરત એજન્સીમાં વાંસદા, ધરમપુર અને સચીન એ ત્રણેય બીજા વર્ગની રિયાસત હતી.*

## 5.5 રેસીડેન્સી અને પોલિટિકલ એજન્સીઓ

1802*માં વેલેસ્લીની 'સહાયકારી યોજના' સ્વીકારીને તથા 'વોકર સેટલમેન્ટ' તરીકે ઓળખાતો કરાર ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે* 1807*માં કરીને વડોદરાના ગાયકવાડે સમગ્ર ગુજરાત ઉપરનું સાર્વભોમત્વ ગુમાવ્યું અને સમગ્ર ગુજરાતમાંથી દેશી રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવવાનો હક એમના વતી કંપની સરકારને મળ્યો હતો.* 1805 *થી* 1817 *અને* **1818***ની જુદી જુદી સંધિથી આ પ્રક્રિયા સંપૂર્ણ બની હતી. ખડકીની લડાઈ બાદ પેશવાની સત્તાનો ગુજરાતમાંથી અંત આવતાં અંગ્રેજ કંપની ગુજરાતની સાર્વભૌમ સત્તા બની હતી. આ સર્વભૌમ સત્તાના નામે ગવર્નર જનરલ, ગવર્નર, રેસિડેન્ટ પોલિટિકલ એજન્ટ, પોલિટિકલ ખાતુ અને એના અધિકારીઓ દેશી રાજ્યો ઉપર સત્તા ભોગવતા હતા. બ્રિટિશ હિતને સર્વોપરી સ્થાન આપવાનું હોવાથી કોઈ અપીલ વગર રાજ્ય સાથે મનભેદ ઉભો થતો ત્યારે દેશી રાજ્યોને નમતું જોખવાની ફરજ પડતી હતી. પરદેશ-નીતિ, સંરક્ષણ અને આંતરરાજ્ય સંબંધો સિવાય બધી બાબતોમાં દેશી રાજ્યો સંપૂર્ણ રીતે આંતરિક સ્વાતંત્ર્ય ભોગવતાં હતાં. દેશી રજવાડાઓના શાસન કરતાં બ્રિટિશ શાસન ઘણું સારું છે અને દેશી રાજ્યોની પ્રજા અને બ્રિટિશ શાસન ગમે છે એવી ભ્રામક માન્યતાના કારણે સાચી કે ખોટી રીત-રસમો અજમાવી દેશી રાજ્યોનો મુલક ખાલસા કરવાની નીતિ* 1857*ના સંગ્રામ સુધી અપનાઈ હતી.* 1857*ના સંગ્રામ બાદ રાણી વિક્ટોરિયાના ઢંઢેરાથી દેશી રાજ્યોને અનેક છૂટ અપાઈ હતી.*

## 5.6 તળ ગુજરાતની મુખ્ય રિયાસતો

### 5.6.1 વડોદરા :

*ઈ.સ.* 1818*માં વડોદરાની ગાદી ઉપર આનંદરાવ હતા. એમના વતી ફતેસિંહરાવ કારભાર સંભાળતા હતા. તા* 23-06-18 *ના રોજ ફતેસિંહરાવનું મૃત્યુ થતાં તા* 02/10/1819*ના રોજ આનંદરાવ અપુત્ર મરી જતાં એમના ભાઈ સયાજીરાવને ગાદી મળી હતી. તેઓ સ્વતંત્ર મિજાજના અને કુશળ વહીવટદાર હતા. એમને હસ્તક્ષેપ ગમતો નહોતો અને રેસિડેન્ટની સલાહની અવગણના કરતા હોવાથી કંપની સાથે તેઓ ઘર્ષણમાં આવ્યા હતા. જેથી* 1830*માં વડોદરાના રેસીડન્ટની કોઠી ફેરવીને એ અમદાવાદમાં રાખી અને લશ્કર પણ ખસેડી દીધું.* 1832*માં મુંબઈના ગવર્નર કલેરે વડોદરાની મુલાકાત લીધી*

હતી અને 1839માં સયાજીરાવ સાથેના ઘર્ષણનો અંત આવ્યો હતો. સયાજીરાવનું 1847માં મૃત્યુ થયું હતું.

સયાજીરાવના મૃત્યુ બાદ તેમના પુત્ર ગણપતરાવ ગાદીએ આવ્યા હતા. એમણે લેઉવા પાટીદારોમાં પ્રચલિત દૂધપીતીનો રિવાજ બંધ કરાવ્યો હતો. બાળકોના વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. સતી થવાનો રિવાજ 1840માં સયાજીરાવે બંધ કરાવ્યો હતો. ગણપતરાવ અભણ હોવા છતાં અંગ્રેજ સરકારે એન્જિન તથા ટેલિગ્રાફના સાધનોના નમૂનાઓની ભેટ આપી હતી. 1856માં તેમના પ્રદેશમાં રેલવે નાખવા ગણપતરાવે છૂટ આપી હતી. તેમનું મૃત્યુ 19મી નવેમ્બર 1856ના રોજ થયું હતું.

**5.6.2 રાજપીપળા :**

આ રાજ્યનો વિસ્તાર 3930.33 ચો.કિ.મી. ને 1921માં વસ્તી 1,61,606 ને ઉપજ રૂપિયા 22,68,000 હતી. આ રાજ્યના રાજવી ગોહિલ વંશના હતા. 1819માં વડોદરાના રેસિડેન્ટે વારસાની તકરાર પતાવીને નારસિંહજીનો હક્ક સ્વીકાર્યો અને પ્રતાપસિંગ રામસિંગની રાણીનો સાચો પુત્ર નથી એમ ઠરાવ્યુ. નારસિંગજી વૃદ્ધ અને અંધ હોવાથી તેમના પુત્ર વેરીસાલજી તારીખ 15-12-1921ના રોજ ગાદીએ બેઠા હતા. વેરીસાલ સગીર હોવાથી રાજ્ય વહીવટ અંગ્રેજ સરકારે નીમેલા અધિકારી કરતા હતા. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે રાજપીપળામાં તોફાન થવાથી બ્રિટિશ લશ્કર મોકલી વિગ્રહ શમાવી દેવામાં આવ્યો હતો. 1865 સુધી રૂપિયા 20,000 લશ્કરના ખર્ચ પેટે રાજ્ય પાસેથી લેવામાં આવ્યા હતા. 1855માં વેરીસાલજીના અંધેર કારભારને લીધે મુંબઈ સરકારે રાજ્ય વહીવટ સંભાળ્યો હતો. 1860માં વેરીસાલે એમના પુત્રને ગાદી સોંપી અને તેઓ 1868માં ગુજરી ગયા હતા. વેરીસાલજીના પુત્ર ગંભીરસિંહનો વહીવટ અસંતોષકારક હોવાથી 1884-87 દરમિયાન બ્રિટિશ અમલદાર નીમીને રાજ્યનો કારભાર એને સોંપ્યો હતો.

ગંભીરસિંહ 1897માં મૃત્યુ પામતાં છ કુવરો પૈકી સૌથી મોટા પુત્ર છત્રસિંહજીને 20-5-1897ના રોજ ગાદીનસીન કરવામાં આવ્યા. 1899માં 59.5 કિ. મી. અંકલેશ્વર-રાજપીપળા રેલ્વે લાઈન રૂપિયા 14 લાખના ખર્ચે નાખવામાં આવી હતી. આ રાજાના વખતમાં વસૂલાતી, ન્યાય, કેળવણી વગેરે ખાતાં પદ્ધતિસર કામ કરતાં હતાં. 18 વર્ષ રાજ્ય કરીને છત્રસિંહ 54 વર્ષની વયે 26-09-1915માં મરણ પામ્યા. એમનું શાસન લોકપ્રિય રહ્યું હતું.

**5.6.3 પાલણપુર :**

આ રાજ્યનો વિસ્તાર 4573.71 ચોરસ કિ.મી, વસ્તી 2,22,627 અને આવક રૂપિયા 7,86,797 હતી.1818માં ફતેખાન નવાબ હતા. 1817માં પાલણપુર જીતીને અંગ્રેજોએ નવાબના કાકા સસરા શમશેર ખાનને નાસી જવા ફરજ પાડી હતી. જ્યારે અંગ્રેજ અમલદારે રાજ્યનું કરજ ઘટાડ્યું હતું. 1819માં શમશેરખાન પાલણપુર

*પાછા આવતાં રૂપિયા 25 હજારની આવક વાળી નવ ગામની જાગીર આપવામાં આવી હતી. 1834માં એમનું મૃત્યુ થયું હતું.*

*1822માં પાલણપુર રાજ્યએ ચોરી છૂપીથી આવતા અફીણને અટકાવ્યું હતું. ફતેહખાન 1854માં મરણ પામતાં એમના ચાર પુત્રો પૈકી સૌથી મોટા પુત્ર જોરાવરખાન ગાદીએ બેઠા હતા. 1852ના અફઘાન-વિગ્રહ સમયે અને 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આ નવાબે અંગ્રેજોને સારી મદદ કરી હતી. 28 ઓગસ્ટ 1877માં એ મરણ પામતાં શેરમહમદખાન ગાદીએ આવ્યા હતા. એમણે અફીણની આવક જતી કરી ને 1892માં વેઠની પ્રથા દૂર કરી હતી. તથા 1896માં જૂનું સિક્કઈ ચલણ દૂર કરીને બ્રિટિશ ચલણ દાખલ કર્યું હતું. 1904માં એમણે ચરસ અને ગાંજાના વાવેતર પર પ્રતિબંધ મુકયો હતો તથા વિઘોટી પ્રથા દાખલ કરી અને ઓછા દરે ધિરાણ કરીને ખેતીને ઉત્તેજન આપ્યું હતું. એમણે 88 નવાગામ વસાવ્યાં હતાં તથા પ્રાથમિક શિક્ષણ મફત કરીને પાલણપુરમાં હાઈસ્કૂલ શરૂ કરી હતી. અદ્યતન હોસ્પિટલ અને ન્યાયાલયની શરૂઆત કરીને નવા યુગનો પ્રારંભ કર્યો હતો. તેમનું મૃત્યુ 1918માં થયું હતું.*

**5.6.4 રાધનપુરઃ**

*આ રાજ્ય 1757માં જવાંમર્દખાને સ્થાપ્યું હતું. એનો વિસ્તાર 2978.5 ચો.કિ.મી. અને વસ્તી 1921માં 67,789 તથા આવક 8,26,633 હતી. શેરખાનના સમયમાં સિંધના ખોસા લોકોના હુમલાથી કંટાળીને તેમણે અંગ્રેજોની મદદ માગી હતી. જેથી 1819માં કર્નલ બર્કલેએ એમને મારી હટાવ્યા હતા. શેરખાન 1825માં મૃત્યુ પામતાં એમનો ત્રણ વર્ષનો પુત્ર જોરાવરખાન ગાદીએ બેઠો હતો અને 50 વર્ષ સુધી શાસન કર્યું હતું.*

*1874માં એ મૃત્યુ પામતાં બિસમિલ્લાખાન ગાદીએ આવ્યો હતો. મહેસૂલ અને ન્યાયના ખાતામાં એમણે સુધારા દાખલ કર્યા હતા અને 1857માં અંગ્રેજી શાળા અને પુસ્તકાલય ખોલ્યા હતા. 1891માં બનાસમાંથી 14.5 કી.મી. લાંબી સ્કોટ કેનાલ ખોદી ખેતીવાડીને પ્રોત્સાહન આપ્યું હતું. છપ્પનીયા દુષ્કાળમાં ઘણા મનુષ્યો અને પ્રાણીઓને હાનિ થઈ હતી. 1895માં એમણે ખેડૂતોનું મહેસૂલ માફ કર્યું હતું. રણના કાંઠે પરદેશી બાવળનું વાવેતર કરી ખારી જમીન નવસાધ્ય કરવાનો એમણે પ્રથમ અખતરો કર્યો હતો. 1895માં એ મરણ પામતાં હાજી મહંમદ શેરખાન ગાદીએ આવ્યા હતા. સગીરાવસ્થાના કારણે 1907 સુધી બ્રિટિશ અધિકારી પાસે શાસન રહ્યું હતું. નવાબ 1910માં મરણ પામતાં એમના નાના ભાઈ જલાદ્દીનખાનજી ગાદીએ આવ્યા હતા. એમણે વઢીયાર બેંક સ્થાપી સસ્તા દરે ખેડૂતોને ધિરાણની સગવડ પૂરી પાડી હતી.*

**5.6.5 ઈડર :**

*1818માં શિવસિંગનો પૌત્ર અને ભાવસિંગનો પુત્ર ગંભીરસિંહ ઈડરમાં રાજ્ય કરતો હતો. 1823માં અમરસિંગ અપુત્ર મરી જતાં ગંભીરસિંહે મોડાસા અને બાયડ ઉપર*

*અધિકાર જમાવ્યો હતો. 1833માં ઈડરની આખી જાગીર અમરસિંહજીની વિધવાએ સુંવાગે એમની પુત્રીના લગ્નની વ્યવસ્થા કરવાની શરતે લખી આપી હતી. ગંભીરસિંહને એમના કુટુંબના સાથે બનતું ન હોવાથી 1837માં મરણ સમયે એમની સાત પત્ની ઓ અને સાત રખાતો સહિત સતી થઈ હતી. મહારાજ જવાનસિંહે ઈડર અને અહમદનગર (હિંમતનગર) વચ્ચેના જૂના ઝઘડાનો 1848માં અંત આણ્યો હતો. 1905માં પ્રાથમિક શિક્ષણ મફત કરાયું હતું. ઈડરમાં અંગ્રેજી શાળા અને માધ્યમિક શિક્ષણની શરૂઆત કરાઈ હતી. ઈડર નજીકના નાના રાજ્યો પાસેથી 'ખીચડી' તરીકે ઓળખાતી ખંડણી વસૂલ કરતું હતું. હિંમતસિહજી એના વારસ હતા. એમના નામ ઉપરથી અહમદનગરનું નામ બદલી હિંમતનગર રખાયું હતું.*

## 5.7 કચ્છ સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો

*કચ્છ અને સૌરાષ્ટ્રનાં રાજ્યો ઉપર સીધો અંકુશ અને દેખરેખ સ્થાપવા માટે 1819માં કચ્છમાં બ્રિટિશ રેસિડેન્ટની નિમણૂક કરવામાં આવી હતી અને 1820માં રાજકોટમાં કાઠીયાવાડ માટેની પોલિટિકલ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી. 1840ની 1 એપ્રિલથી કચ્છના રેસીડેન્ટરને બ્રીટીશ પોલીટીકલ એજન્ટનો હોદ્દો આપવામાં આવ્યો હતો.*

### 5.7.1 જાડેજા વંશની રિયાસત :

5.7.1.1 *કચ્છ :-*

*આ રાજ્યનો વિસ્તાર રણને બાદ કરતાં 19,725 ચોરસ કિ.મી.નો હતો અને 1921માં વસ્તી 4,84,547 અને આવક રૂપિયા 23 લાખ હતી.*

*ઈ.સ.1813માં રાવભારમલજી કચ્છની ગાદીએ આવ્યા હતા. એમની ઉંમર 15 વર્ષની હોવાથી ફતેહમહમદના પુત્ર હુસેનમિયાંને વહીવટી સત્તા સોપવામાં આવી હતી. ઈ.સ. 1819માં રાવભારમલજીને વહીવટકર્તા તરીકે અયોગ્ય ગણીને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા અને એમના પુત્ર દેસળજીને કચ્છના રાવ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.*

5.7.1.2 *નવાનગર (જામનગર):*

*આ રાજ્યનું ક્ષેત્રફળ 9,819 ચો.કિ.મી હતું. 1921માં વસ્તી 3.45.353 અને વાર્ષિક આવક રૂપિયા 66.44.330 હતી.*

*ઈ.સ. 1814માં જામ સત્તાજી ગાદીના વારસ બન્યા હતા. 1820માં એમનું અવસાન થતાં સ્વર્ગસ્થ જામ જસાજીની વિધવા રાણી અછુબાએ દત્તક લીધેલા પુત્ર રણમલજી નવાનગર(જામનગર)ની ગાદીએ આવ્યા હતા. ઈ.સ 1834, 1839 અને 1846માં પડેલા દુષ્કાળો દરમિયાન ગરીબોને રોજી આપવા માટે તેમણે નવાનગરમાં 'કોઠા' અને 'લાખોટા' તરીકે ઓળખાતા મહેલ તથા તળાવ બંધાવ્યા હતા. તેમને શિકાર કરવાનો ખૂબ શોખ હતો. 1852માં જામ રણમલજીનું મૃત્યુ થતાં એમની આઠ રાણીઓમાંથી સોનીબાઈના પુત્ર વિભાજી નવાનગરના જામ બન્યા હતા.*

5.7.1.3 *ધ્રોળ :*

*ઈ.સ.* 1803*માં ઠાકોર ભૂપતસિંહજી ગાદીએ આવ્યા હતા. એમના સમયમાં નવાનગર રાજ્ય પાસેથી સરપદડનો પ્રદેશ મળ્યો હતો. ઈ.સ.* 1845*માં ભુપતસિંહના અવસાન પછી એમના મોટા પુત્ર જયસિંહજી એમના અનુગામી બન્યા હતા ઠાકોર જયસિંહજી નો જન્મ* 1824*માં થયો હતો એ પોતે વિદ્વાન હોવાથી વિદ્વાનોને આશ્રય આપતા હતા.એમણે ઈ.સ.* 1878*ના દુષ્કાળમાં પ્રજાને મદદ કરી હતી. રસ્તા, ધર્મશાળાઓ તથા બગીચા બનાવ્યા હતા.તથાધ્રોળમાં સુંદર રાજમહેલ બંધાવ્યોતેમજ એ શહેર ફરતી રક્ષણાત્મક દિવાલ બંધાવી હતી. નવાનગરના જામ વિભાજી સાથે એમને સારા સંબંધ હતા ઈ.સ.*1886*માં જયસિંહના મૃત્યુ પછી તેમના પુત્ર હરિસિંહજી ધ્રોળના ઠાકોર બન્યા હતા એમના સમયમાં શિક્ષણમાં પ્રગતિ થઈ હતી. અને ઈ.સ.* 1900, 1901, 1902, *અને* 1912 *ના દુષ્કાળોમાં ગરીબો તથા ભાયાતોને મદદ કરવામાં આવી હતી ટપાલ વ્યવસ્થાની સાથે તાર-વ્યવસ્થા વદારવામાં આવી હતી. ઈ.સ.* 1914*માં એમનું મૃત્યુ થતા એમના પુત્ર દોલતસિંહજી ગાદીએ આવ્યા હતા.*

5.7.1.4 : *રાજકોટ :*

*ઈ.સ.*1896*માં લાખોજીના મૃત્યુ પછી એમના પોત્ર રણમલજી રાજકોટના ઠાકોર બન્યા હતા ઈ.સ.* 1820*માં કંપનીએ રાજકોટમાંથી કોઠી આથવા એજન્સી સ્થાપી હતી. રાજકોટના ઠાકોરે ઈ.સ.* 1822*માં રૂપિયા* 2800*ના વાર્ષિક ભાડાથી એજન્સીને જમીન આપી હતી. રમણજીનું ઈ.સ.* 1825*માં અવસાન થતાં તેમના પુત્ર સુરાજી ગાદીના વારસ બન્યા. હતા ઈ.સ.*1844*માં એમનું અવસાન થયું હતું સુરાજીના સમયમાં રાજકોટના રાજ્યવંશમાં બાળકીની હત્યાનો પ્રસંગ બનતા અંગ્રેજોએ રાજ્યને રૂપિયા રૂ.* 12,000*ના આકરા દંડની સજા કરીને ફરી આવો પ્રસંગ નહી બને એની ખાતરી મેળવી હતી.*

*એ પછી એમના પુત્ર મહેરામણજી ચોથા રાજકોટની ગાદીએ આવ્યા. એમનું ઈ.સ.* 1862*માં મૃત્યુ થતાં એમના પુત્ર બાવાજીરાજ અનુગામી બન્યા અને એમની સગીરાવસ્થાને લીધે દાદી-નાનીબા તેમજ કેપ્ટન લોઈડની રિજન્સીકાઉન્સિલનું શાસન ઈ.સ.* 1876 *સુધી ચાલ્યું હતું રાજકોટમાં ઈ.સ.* 1870*માં રાજકુમાર કોલેજની સ્થાપના કરવામાં આવી હતી ઈ.સ.*1876*માં બાવાજીરાજને સ્વતંત્ર વહીવટની સત્તા સોપવામાં આવી હતી. તેમના અમલ દરમિયાન મહાત્મા ગાંધીનાં પિતાશ્રી કરમચંદ ઉત્તમચંદ ગાંધીઈ.સ.*1881 *સુધી રાજકોટના દિવાન રહ્યા હતા બાવાજીરાજે રાજકોટમાં મ્યુનિસિપાલિટી અને પુસ્તકાલયની તથા ઈ.સ.*1887*માં રાણી વિક્ટોરિયાના શાસનને* 50 *વર્ષ પૂરાં થતાં રાજકોટમાં જ્યુંબિલીની ઉજવણી કરવામાં આવી હતી.ઈ.સ.* 1889*માં બાવાજીરાજનું આકસ્મિત અવસાન થતા તેમના પુત્ર લાખાજીરાજ* 6 *વર્ષની વયે રાજગાદી પર બેઠા હતા. એમની સગીરા ઉંમરના કારણે પોલિટિકલ એજન્સીનીસિધી દેખરેખ નીચે કારભાર શ્રી મોતીચંદ તુલસી રાજ્યનો વહીવટ ચલાવતા હતા.ઈ.સ.* 1907*માં*

લાખાજીરાજે સ્વતંત્ર વહીવટી સત્તા મળ્યા પછી રાજ્યમાં ઉદ્યોગો અને શિક્ષણનો વિકાસ કર્યો હતો. આથી તેઓ પ્રજાવત્સલ રાજવી તરીકે ખ્યાતિ પામ્યા છે.

5.7.1.5 **ગોંડલ :**

ઈ.સ. 1814માં નાથુજીનું અવસાન થતાં તેમના બીજા ભાઈ કાનોજી ગાદીએ આવ્યા હતા. ઈ.સ. 1821માં કાનોજી નું અપુત્ર અવસાન થતા એમના ત્રીજા ભાઈ ચંદ્રસિંહજી ઠાકોર બન્યા હતા. એમના અમલ દરમિયાન જૂનાગઢના લશ્કરે ધોરાજી વિસ્તારમાં લુંટફાટ કરતા અંગ્રેજી લશ્કરની એક ટૂકડી જુનાગઢમાં મોકલીને લૂંટફાટની રકમ પાછી મેળવી હતી તેની સાથે લૂંટફાટ બદલ જૂનાગઢના નવાબોનું 6,85,000 હજાર જામશાહી  કોરીનો દંડ કર્યો હતો.ઈ.સ.1851માં ચંદ્રસિંહજીનું મૃત્યુ થતાં એમના પુત્ર સગરામજી ગોંડલની ગાદીએ આવ્યા હતા ઈ.સ. 1870માં સગરામજીનું મૃત્યુ થતાં તેમના પુત્ર ભાગવસિંહજી ગોંડલની ગાડી આવ્યા હતા. એમનીસગીરાવસ્થાને લીધે ઈ.સ.1883 સુધી ગોંડલનોવહીવટ વિવિધ વહીવટકર્તાઓની દેખરેખ નીચે ચાલ્યો હતો. ભગવતસિંહજીએ ઈ.સ.1883 તેમજ 1886માં ઈંગ્લેન્ડ અને યુરોપનો પ્રવાસ કર્યો હતો. તેઓ મુંબઈ યુનિવર્સિટીના ફેલો હતા અને ડેકકન એજ્યુકેશન સોસાયટી (પુણેને) ઉપપ્રમુખ પણ બન્યા હતા ઈ.સ.1887માં એડીનબર્ગયુનિવર્સિટીએ એમને એલ.એલ.ડીની ઉપાધિ આપી હતી. તેમણે રાજ્યમાં શાળાઓ, હોસ્પિટલો, રસ્તાઓ, અદાલતો તેમજ તાર અને ટપાલની કચેરીઓ શરૂ કરાવી હતી. ગોંડલ ધોરાજી, ઉપલેટામાં સુંદર રસ્તા તૈયાર કરાવી નગરોનું વ્યવસ્થિત આયોજન કર્યું હતું.તેમણે કન્યા કેળવણી ફરજિયાત કરી હતી. કરમુક્તિ કરીને રાજ્યની પ્રજાને એકંદરે સુખી બનાવી હતી. આ સર્વ ને લઈને તેઓ પ્રજાનો ખૂબ પ્રેમ પ્રાપ્ત કરીને તેઓ સૌરાષ્ટ્રના એકઅગ્રણ્ય રાજવી બન્યા હતા.

5.7.1.6 મોરબી

ઈ.સ.1890માં રાજા જીઓજી મોરબીની ગાદીએ આવ્યા હતા. ઈ.સ. 1819-20માં કચ્છના કોળીઓએ રાજ્યની ઉત્તર સરહદના ગામોમાં લુંટફાટ કરતા રાજકોટના પોલિટિકલ એજન્ટની મદદથી ત્યાં અંગ્રેજ લશ્કરની ટુકડી મૂકીને કચ્છનારાવ પાસેથી દંડની રકમ લઈને જેમને નુકસાન થયું હતું તેમને વહેંચી આપવામાં આવી હતી.ઈ.સ.1829માં જીઓજીનું અવસાન થતાં તેમના પુત્ર પૃથ્વીરાજજી ગાદીએ આવ્યા હતા. તેમણે કરકસરથી વહીવટ કરીને રાજ્યનું કેટલુંક દેવું ભરપાઈ કર્યું હતું.

ઈ.સ.1846માં પુથ્વીરાજજીનું મૃત્યુ થતાં તેમના પુત્ર રવાજી મોરબીના ઠાકોર બન્યા હતા. તેમણે મોરબીમાં પહેલી વખત દીવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના કરી અને જમીન-મહેસુલ, ખેતીવાડી તેમજ વેપારને લગતા સુધારા દાખલ કર્યા હતા ઈ.સ.187માં રવાજીનું અવસાન થતા એમના પુત્ર વાઘજી મોરબીના ઠાકોર બન્યા હતા તેમની સગીરાવસ્થાને લીધે ઈ.સ.1879માં ઠાકોર વાઘજીને રાજ્યની વહીવટી લગામ સોપવામાં આવી હતી.ઈ.સ.1883માં તેમણે ઈંગ્લેન્ડ તથા યુરોપનો પ્રવાસ કર્યો હતો

*અનેઈ.સ. 1887ના જૂનમાં ઈંગ્લેન્ડમાં ઉજવાયેલરાણી વિક્ટોરિયાની જ્યુબિલી સમારંભમાં ઉત્સાહપૂર્વક ભાગલેવાથી મોરબી રાજ્યને બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગના રાજ્ય તરીકે બઢતી આપવામાં આવી હતી. એમના સમયમાં મણિમંદિર,વી.સી. હાઈસ્કૂલ, ગ્રીન ટાવર, મચ્છુનો પૂલ વગેરે બાંધવામાં આવ્યા હતા.*

### 5.7.2 જેઠવા વંશ ની રિયાસત પોરબંદર :

*ઈ.સ.1812માં રાણા સુલતાનજીના પૌત્ર પૃથ્વીરાજજી ખીમોજી નામ ધારણ કરીને ગાદીએ આવ્યા હતા. તેમણે કૂછડી પાસે ખીમેશ્વરસાથે મહાદેવનું મંદિર સાથે પોતાનું નામ જોડીને સમારકામ કરાવ્યું હતું.ઈ.સ.1831માં એમના અવસાન પછી એમની રાણી રૂપાળીબાના પુત્ર ભોજરાજની ઉરફે વિક્રમાતજી 8વર્ષની ઉંમરે ગાદીના વારસ બન્યા હતા.ભોજ રાજજીની સગીરવયને લીધે ઈ.સ. 1841 સુધી એમની માતાએ કારભાર ચલાવ્યો હતો રૂપાળીબાનો રાજ્યવહીવટ લોકો માટે કલ્યાણકારી હતોઈ.સ.1863થી 1866 દરમિયાન રાણા વિક્રમાતજી એ સમગ્ર ભારતની યાત્રા કરીને એમના નામ ભોજરાજ ઉપરથી એમણે ભોજેશ્વરમહાદેવનું મંદિર બંધાવ્યું હતું. રાણા વિક્માતજીના પુત્ર માધવસિંહનું લક્ષ્મણ ખવાસ નામના વ્યક્તિ સાથે ખરાબસોબતને કારણે યુવાવસ્થામાં અકાળ અવસાન થતાં રાણા વિક્માતજી એ લક્ષ્મણનાં નાક-કાન કાપી નાખવાની સજા કરતા લક્ષ્મણે જેલમાં આત્મહત્યા કરી હતી. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટેઆને ગંભીર બાબત ગણતા. ઈ.સ.1869માં વિક્માંતજીને સજા કરવા પોરબંદર રાજ્યને પ્રથમ વર્ગમાંથી નીચે ઉતારી ત્રીજા વર્ષમાં મૂક્યું હતું. રાણાને પદભ્રષ્ટ કરી બ્રિટિશ વહીવટીતંત્ર મૂકીને રાજકોટ રહેવાની ફરજ પાડવામાં આવી હતી. ઈ.સ. 1900 વિક્માતજીનું અવસાન થતાં તેમના પૌત્ર ભાવસિંહજીને ગાદી આપવામાં આવી હતી. ભાવસિંહજીના સમયમાં ભાવનગરવાળા રાણી રામબા માટે રાજમહેલ, ભોજેશ્વરબંગલો, જુમા આદમ લેન, સુદામા મંદિર, અશ્માવતી ગાટ, અનાથાશ્રમ તેમજ ગામ બહાર વંડીઓ બાંધવામાં આવી હતી. ભોજેશ્વર પ્લોટ, સેક્રેટરિયેટ ત્રવડા જેલ, ઝવેરી બંગલો, સિમેન્ટનું કારખાનું વાઘેશ્વર મંદિર, ભાવસિંહજી હોસ્પિટલ, હાઈસ્કુલ, ભાવેશ્વર મંદિર અને આસપાસના પ્લોટ થયા હતા.*

*ભાવસિહજીનું ઈ.સ.1908 માં મૃત્યુ થતાં તેમના સગીર પુત્ર નટવરસિંહજી પોરબંદરના રાણા બન્યા હતા.એમની સગીરઅવસ્થા (ઈ.સ.1820 સુધી) દરમિયાન એકથી વધુ વહીવટદાર એક પછી એક નિમાયા હતા.*

### 5.7.3 ઝાલા વંશની રિયાસતો :

5.7.3.1 *ધ્રાંગધ્રા :*

*ઈ.સ.1804માં અમરસિંહજી ધાંગધ્રાની ગાદીએ આવી રાજસાહેબ બન્યા હતા.એમના સમયમાં જત,મિયાણા,સિધિઓ અને કચ્છના કોબીઓનો ઉપદ્રવ થયો હતો. પરંતુ તેને અંગ્રેજોની મદદથી નાશ કરવામાં આવ્યો હતો.ઈ.સ.1943માં એમનું અવસાન થતાં*

તેમના પુત્ર રણમલસિંહજી રાજગાદીના વારસદાર બન્યા હતા તેઓ સંસ્કૃત, ફારસી, ઉર્દુ, વ્રજ અને ગુજરાતી ભાષાના વિદ્વાન હોવાથી કાવ્યરચનાઓ પણ કરતા હતા.તેમણે સિંધ માં ચન્દ્રસર અને ધાંગધ્રામાં રણમલસર નામના તળાવ સીધા અને ઉમરડાના કિલ્લા તથા હળવદનો મહેલ બંધાવ્યોહતો અને ધાંગધ્રાના કિલ્લાનું સમારકામ કરાવ્યું હતું તેમણે કેટલાક આર્થિક સુધારા પણ કર્યા હતા ઈ.સ.1869માં એમનું અવસાન થતા તેમના પુત્ર માનસિંહજી ઉત્તરાધિકારી બન્યા હતા.

રાજા માનસિંહે ઈ.સ.1870માં ભારત આવેલા ડ્યુક ઓફ એડિનબરોની ઈ.સ.1876માં ભારતમાં આવેલા પ્રિન્સ ઓફ વેલ્સ સાથેની મુલાકાતની સ્મૃતિમાં તેમણે ધ્રાંગધ્રામાં હોસ્પિટલ બંધાવી હતી. ઈ.સ.1877માં અંગ્રેજોએ એમને કે.સી.એસ.નો ઈલ્કાબ આપીને એમની સલામી 11 તોપોથી વધારીને 15 તોપોની કરી હતી. ઈ.સ. 1880માં યુવરાજ જશવંતસિંહજીનું અવસાન થયું હતું. ઈ.સ.1898માં ધ્રાંગધ્રા-વઢવાણ રેલવે લાઈન ખુલ્લી મુકવામાં આવી હતી. ઈ.સ.1900માં માનસિંહજીના મૃત્યુ પછી એમના પૌત્ર અજીતસિંહજી રાજસાહેબ બન્યા હતા. તેમના કડક અમલ લઈને ગુનાઓનું પ્રમાણ ઘણું ઘટી ગયું હતું. ઈ.સ. 1911 માં શીતળાના રોગને લઈને તેમનું મૃત્યુ થતાં, એમના પુત્ર ઘનશ્યામસિંહજી ધ્રાંગધ્રાની ગાદીએ આવીને ઈ.સ.1942 સુધી રાજ્ય કર્યું હતું. ઝાલા વંશના અન્ય રાજ્યોમાં ધ્રાંગધ્રા રાજાને પોતાના વકીલ અને મુરબ્બી ગણાવવામાં આવતા હતા.

5.7.3.2 લીંબડી :

ઈ.સ. 1786માં હરિસિંહજી લીંબડીના ઠાકોર બન્યા હતા. એમણે કાઠીઓ અને જામી સામે ટક્કર લઈને લીંબડી રાજ્યનો વિસ્તાર કર્યો હતો. ઈ.સ.1825માં હરસિંહજીનું અવસાન થતાં તેમના પુત્ર ભોજરાજજી ચોથા ગાદીએ આવ્યા હતા. ઈ.સ.1837માં ભોજરાજજીનું અકાળ મૃત્યુ થતાં એમના બાળપુત્ર હરભમજીગાદીના વારસ બન્યા હતા. ઈ.સ.1856માં 18 વર્ષની યુવાન વયે હરભમજી અપુત્ર મૃત્યુ પામતાં એમના નાનાભાઈ ફતેસિંહજી ગાદીએ આવતાં તેમનું પણ ઈ.સ.1862માં યુવાવસ્થામાં અવસાન થતાં તેમના પુત્ર જશવંતસિંહજી લીંબડીના ઠાકોર બન્યા હતા.

જસવંતસિંહની સગીર અવસ્થાને લીધે શરૂઆતમાં એમની માતા હરિબાઈએ કેપ્ટન જે.એ. લોઈડે અને ત્યાર બાદ થોડા સમય માટે પ્રસિદ્ધ સુધારક શ્રી કરસનદાસજી મુળજીએ લીંબડીના વહીવટકર્તા તરીકે કામગીરી બજાવી હતી. જશવંતસિંહજીએ રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લીધા પછી તેના પ્રિન્સીપાલ મિ.મેકનાટન સાથે ઇંગ્લેન્ડ અને યુરોપની મુસાફરી કરી. ઈ.સ.1877માં એમને સ્વતંત્ર વહીવટની સત્તાઓ સોંપવામાં આવી હતી. એમના સમયમાં લીંબડી રાજ્યે શિક્ષણ, આરોગ્ય, ખેતીવાડી જેવા ક્ષેત્રોમાં પ્રગતિ સાધી હતી.ઈ.સ.1884માં મુંબઈ રાજ્યની લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય તરીકે બે વરસ માટે એમની નિમણૂક થઈ હતી. ઈ.સ.1887માં તેઓ રાણી

વિક્ટોરિયાની (જુયુબિલી)માં ભાગ લેવા ઈંગ્લેન્ડ ગયા ત્યારે તેમને કે.સી.આઈ.ઈ.નો ઈલ્કાબ આપવામાં આવ્યો હતો.

ઈ.સ.1907 માં એમનું મહાબળેશ્વર મુકામે અવસાન થતાં તેમની ઈચ્છા પ્રમાણે એમના એક દૂરના સગા દોલતસિંહજી 1908માં લીંબડીની ગાદીએ આવ્યા હતા. એ દરમિયાન વચ્ચે એક વર્ષ અંગ્રેજોનો વહીવટ રહ્યો હતો. દોલતસિંહજી જામનગર રાજ્યમાં અશ્વદળના ઉપરી હતા અને એમની શક્તિઓ વિશે અંગ્રેજ અધિકારીઓનો ઘણો સારો અભિપ્રાય હતો. દોલતસિંહજીએ પ્રજાકલ્યાણના કાર્ય કરવાની નીતિ ચાલુ રાખી. તેમાં કારભારીશ્રી ઝવેરભાઈ અમીને ઘણી મદદ કરી હતી.

5.7.3.3 વાંકાનેર :

રાજસાહેબ ચંદ્રસિંહજીના રાજ્યમાં અવારનવાર કાઠીઓ લૂંટફાટ કરતાં ત્યારે તેમણે કાઠીના ગામ સુદામડા ઉપર હુમલો કરીને એને લૂંટ્યું હતું.ઈ.સ.1839માં રાજસાહેબ ચંદ્રસિંહજીનું અવસાન થતાં તેમના પુત્ર વખતસિંહજી એમના ઉતરાધિકારી બન્યા હતા. તેઓ ધાર્મિક પ્રકૃતિના હોવાથી તેમણે સોમનાથ અને દ્વારકાની યાત્રા કરીને ત્યાં મોટી રકમ દાનમાં આપી હતી. વખતસિંહજીના મૃત્યુ પછી તેમના મોટા પુત્ર જશવંતસિંહજીના પુત્રબનેસિંહજી વાંકાનેરની ગાદીએ આવ્યા હતા.ઈ.સ.1881ના જૂનમાં રાજસાહેબ બનેસિંહજીનું 39 વર્ષની ઉંમરે અવસાન થતાં તેમના બે વર્ષના પુત્ર અમરસિંહજી ગાદીના વારસ બન્યા હતા. એમની સગીરાવસ્થા દરમિયાન કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની દેખરેખ નીચે શ્રી ગણપતરાવે વહીવટ ચલાવ્યો હતો.

શ્રી અમરસિંહજીએ રાજકોટની રાજકુમાર કોલેજમાં 9 વર્ષ સુધી અભ્યાસ કરીને ઈ.સ.1897માં રમતગમતમાં ગોલ્ડન સિલ્વર મેડલ મેળવ્યો હતો. ઈ.સ.1898માં ઈંગ્લેન્ડની મુલાકાત લીધા પછી તેમણે ઈ.સ.1899માં સંપૂર્ણ વહીવટી સત્તાઓ સોપવામાં આવી હતી. ઈ.સ.1900-1901ના છપ્પનિયા દુકાળમાં એમણે પ્રજાને સારી રાહત આપી હતી. ખેતીવાડી, શિક્ષણ, ઉદ્યોગોઅને વેપારનો તેમણે વિકાસ કર્યો હતો. પ્રજાને રક્ષણ તથા સલામતી આપ્યા હતા. એમના લાંબા સમય દરમિયાન વાંકાનેર રાજ્યે ઘણો વિકાસ કર્યો હતો.

5.7.3.4 વઢવાણ :

ઠાકોર જાલમસિંહજીની સગીર અવસ્થા દરમિયાન એમની માતા બાઈરાજબાએ વહીવટ ચલાવ્યો હતો.ઈ.સ.1827માં ઠાકોર જાલમસિંહનું યુવાન વયે અવસાન થતાં એમના બાલપુત્ર રાજસિંહજીને ગાદીએ બેસાડવામાં આવ્યા હતા. પરંતુ બાળરાજા વતી વહીવટ ચલાવવાની સત્તા માટે રાજસિંહની માતા બાજીરાજબા અને એમના પિતાની માતા બાઈરાજબા (વહુ અને સાસુ) વચ્ચે ઝઘડો થયો. તેમાં બાજીરાજબાનો વિજય થયો હતો. ઈ.સ. 1875માં ઠાકોર રાજસિંહજીનું અવસાન થતાં એમના પૌત્ર દાજીરાજજી ગાદીના વારસ બન્યા હતા. ઈ.સ.1883માં તેમણે કાઠિયાવાડના મદદનીશ એજન્ટ મી.વોર્ડન સાથે

*ઇંગ્લેન્ડ તથા યુરોપની મુલાકાત લીધી હતી. ઈ.સ.*1885*માં દાજીરાજનું અપુત્ર મૃત્યુ થતાં તેમના નાનાભાઈ કાળુભા ઉર્ફે બાલસિંહજી વઢવાણની ગાદીએ આવ્યા હતા. બાલસિંહજીએ લગભગ* 25 *વર્ષ રાજ્ય કર્યા પછી ઈ.સ.*1910*માં એમનું અપુત્ર અવસાન થતાં એમના કાકા બેચરસિંહજીના પુત્ર જશવંતસિંહ ગાદીનશીન થયા હતા.*

**5.7.4 ગુહિલ (ગોહિલ) વંશની રિયાસતો :**

5.7.4.1 *ભાવનગર :*

*આ રાજ્યનું ક્ષેત્રફળ* 7407 [ku. *કિ.મી* 1921*માં વસ્તી* 4,26,404 *અને વાર્ષિક આવકરૂ* 86,55,629*હતી. ઈ.સ.* 1816*માં ઠાકોર વજેસિંહજી ભાવનગરની ગાદીએ આવ્યા હતા.ઈ.સ.*1817*માં સૌરાષ્ટ્રમાં આવેલા વડોદરાના મદદનીશ રેસિડેન્ટ કેપ્ટન વેલેન્ટાઈન સાથે એમને જુનાગઢ રાજ્યને અપાતી જોર તલબીની રકમ નક્કી કરી હતી એમના સમયમાં ખુમાણ અને કાઠીઓ સાથેના ઝગડા ચાલુ રહ્યા હતા કડલાના હાદાખુમાણે ઈ.સ.*1721*માં ભાવનગર રાજ્યના બે ગામ ભાંગીને બહારવટુ શરૂ કર્યું હતું. જોગીદાસ ખુમાણઅને ઘેલો ખુમાણ જોવા બંને ભાઈઓને જેતપુર અને ચીતળના કાઠી દરબારો સાથ આપતા હતા. જોગીદાસ ખુમાણના બહારવટાનો અંત ઈ.સ.*1829*માં આવ્યો હતો. જોગીદાસની નેકી અને એના શીલને એની ક્ષાત્રવૃત્તિ અને એની ખાનદાનીને સૌરાષ્ટ્રના લોકકવિઓએ ભારે બિરદાવી છે. ઈ.સ.*1852*માં વજેસિંહજીનું મૃત્યુ થતાં એમના પૌત્ર અખેરાજજી ગાદીએ આવ્યા હતા. એમના સમયમાં ગૌરીશંકર ઓઝાએ ભાવનગર રાજ્યના દીવાન તરીકે સારું કામ કર્યું હતું. ઈ.સ.*1854*માં અખેરાજજીનું અપુત્ર મરણ થતાં એમના નાનાભાઈ જશવંતસિંહજી ગાદીએ આવ્યા હતા. ઈ.સ.*1869*માં જશવંતસિંહજીનું અવસાન થતા ઈ.સ.*1878 *સુધી એમના પુત્ર તખતસિંહજીની સગીરાવસ્થા દરમ્યાન ગૌરીશંકર ઓઝા અને ઈ.એચ.પર્સિવલની સંયુક્ત દેખરેખ નીચે વહીવટ ચાલ્યો હતો. એ પછી ઠાકોર તખતસિંહજીની સગીર અવસ્થા પુરી થતાં એમને સંપૂર્ણ વહીવટી સત્તાઓ સોપવામાં આવી હતી. તેમના સમયમાં ભાવનગરમાં આધુનિક સગવડો દાખલ કરવામાં આવી હતી. ઈ.સ.*1877*માં દુકાળ-રાહતના પગલા તરીકે વઢવાણ- ભાવનગર રેલવે નું કામ શરૂ કરી ને ઈ.સ* 1880*માં રેલવે ખુલ્લી મુકવામાં આવી હતી. ગૌરીશંકર ઓઝા રાજ્યની* 50 *વર્ષની સેવા કર્યા પછી સન* 1879*માં નિવૃત્ત થયા. બાદ શામળદાસ મહેતા ભાવનગર રાજ્યના દીવાન બન્યા હતા.* 1884*માં શામળદાસ કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી તથા* 1893*માં તખ્તેશ્વર મહાદેવનું આરસનું મંદિર બંધાવ્યું હતું. ઈજનેર સીમ્સના માર્ગદર્શન નીચે પીપાવાવ બંદર બનાવવામાં આવ્યું હતું.*

*ઈ.સ.*1896 *ની* 29*મી જાન્યુઆરીએ ઠાકોર તખ્તસિંહજીનું અવસાન થતાં તેમના પુત્ર ભાવસિંહજી બીજા તેમના ઉત્તરાધિકારી બન્યા હતા. એમના સમયમાં* 1896*ના પ્લેગમાં,* 1900*ના પ્લેગ તથા દુકાળમાં લોકોને સારી રાહત આપવામાં આવી હતી.* 1909*માં એમને મહારાજાનો ખિતાબ આપવામાં આવ્યો હતો તથા પ્રથમ વિશ્વયુદ્ધમાં*

*તેમણે અંગ્રેજોને કરેલી મદદના બદલામાં તેમની સલામી વધારીને* 15 *તોપોની કરવામાં આવી હતી. તેમના સમયમાં ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્રનું એક અગ્રણી રાજ્ય બન્યું હતું. ઈ.સ.*1919*ની* 17*મી જુલાઈએ ભાવસિંહજી બીજાનું અવસાન થતાં તેમના પુત્ર કૃષ્ણકુમારસિંહજી તેમના ઉત્તરાધિકારી બન્યા હતા.*

5.7.4.2 *પાલીતાણા :*

*ઈ.સ.*1820*માં પાલીતાણાના ઠાકોર ઉનડ્જીના મૃત્યુ પછી એમના પુત્ર કાંધોજી ચોથા ગાદીએ આવ્યા હતા. ભાવનગર રાજ્ય સામે બહારવટે નીકળનાર જોગીદાસ ખુમાણને એમણે મદદ કરી હતી. એમના સમયમાં ઈ.સ.*1836*માં મેનપુરના બહારવટિયા સાદૂલ ખસિયાએ એના સાગરીતો સાથે શત્રુંજય પર્વત પરના જૈન મંદિરો લૂંટતાં કાંધોજીએ પોલિટિકલ એજન્ટને જાણ કરતાં મિ.બ્લેનને તેને પકડીને* 10 *વર્ષની સખ્ત કેદની સજા કરી હતી. કાંધોજી ચોથાનું ઈ.સ.*1840*માં અવસાન થતાં એમના પુત્ર નોંઘણજી ચોથા ગાદિના વારસ થયા હતા. એમણે કરકસર કરીને હેમચંદ વખતચંદ નામના વેપારીનું દેવું ભરપાઈ કર્યું હતું.*

*ઈ.સ.* 1860*માં નોંઘણજી ચોથાનું અવસાન થતાં એમના પુત્ર પ્રતાપસિંહજી પાલીતાણાના ઠાકોર બન્યા હતા. પ્રતાપસિંહજીએ યુવરાજ અવસ્થામાં સારું કામ કર્યું હતું. તે રાજા તરીકે પોતાના વિચારો અમલમાં મુકે તે પહેલા ઈ.સ.*1860 *માં તેમનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ તેમના પુત્ર સુરસિંહજી* 17 *વર્ષની જુવાન વયે ગાદીના વારસ બનીને રાજ્યને સમૃદ્ધ બનાવવા માટે ભાગીરથ પ્રયાસો કર્યા હતા. ઈ.સ.* 1885 *માં એમનું મૃત્યુ થતાં તેમના મોટા પુત્ર માનસિંહજી પાલીતાણાના ઠાકોર બન્યા હતા. એમને રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લીધું હતું. ઈ.સ.* 1905*માં ઠાકોર માનસિંહજીનું અવસાન થતાં તેમના પુત્ર બહાદુરસિંહજી* 5 *વર્ષની ઉંમરે ગાદીએ આવ્યા હતા. એમની સગીરાવસ્થા દરમિયાન વહીવટી સમિતિની દેખરેખ નીચે રાજ્યનો વહીવટ ચાલ્યો હતો.*

### 5.7.5 બાબી વંશની રિયાસતો- જૂનાગઢ

*આ રાજ્યનું ક્ષેત્રફળ* 8,647 *ચો.કિ.મી. અને* 1921*માં વસ્તી* 4,65,493 *તથા વાર્ષિક આવક રૂ.*66,34,127*ની હતી. બ્રિટિશ સરકારને ખંડણી રૂપે રૂ.*28,394 *અને ગાયકવાડને પેશકશ રૂપે રૂ.* 37,210 *આપતું હતું. જ્યારે એને સૌરાષ્ટ્રની* 137 *રિયાસતો પાસેથી રૂ.* 92,421 *'જોરતલબી' રૂપે મળતી હતી. ઈ.સ.*1811*માં નવાબ બનેલા બહાદુરખાન* 2 *જાએ ઈ.સ.*1840 *સુધી રાજ્ય કર્યું હતું. તેમના વખતમાં જમાદાર ઉમરે બળવો કરેલો જે કંપની સરકારની મદદથી દબાવી દીધેલો. આના બદલામાં નવાબે ઘોઘા, ધોલેરા, ધંધુકા અને રાણપુર તાલુકાઓમાં જોરતલબી ઉઘરાવવાનો અધિકાર ઈ.સ.* 1817*માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીને આપ્યો હતો. તેમના સમયમાં રઘુનાથજી, સુંદરજી શિવજી અને ગોવિંદજી ઝાલાએ દીવાનનું કામ કર્યું હતું. તેમના પછી તેમના પુત્ર હમીદખાન* 2 *જા નવાબ બનેલા. તેમણે અંગ્રેજ સરકારની મદદથી માંગરોળને* 1842*માં*

*ફરી જૂનાગઢની સત્તા સ્વીકારવી હતી. તેમનું 1851માં ક્ષયરોગથી અવસાન થયું ત્યારે ગાદી તેમના નાનાભાઈ મહાબતખાન 2 જાને મળેલી. જૂનાગઢની સ્વતંત્ર સિક્કા પાડવાની સત્તાનો બ્રિટિશ સરકારે સ્વીકાર કર્યો હતો. ઈ.સ. 1873માં બહાદુરખાન હાઈસ્કૂલ સ્થપાયેલી. તેમના અવસાન પછી એમના પુત્ર બહાદુરખાન ત્રીજા ગાદીએ આવેલા. તેમણે રાજકોટની રાજકુમાર કૉલેજમાં શિક્ષણ લીધું હતું. તેમના સમયમાં 'ઈજારા પદ્ધતિ' તથા 'જમાદાર પદ્ધતિ' બંધ કરવામાં આવી હતી અને કાદુ મકરાણીને જેર કરવામાં આવ્યો હતો. તેમના અવસાન બાદ તેમના નાનાભાઈ રસૂલખાન નવાબ બન્યા હતા. તેમના સમયમાં પણ બહાઉદ્દીનભાઈ વઝીર હતા. સને 1897માં બહાઉદ્દીન કૉલેજ સ્થપાઈ હતી. 33 નવાં ગામ વસાવવામાં આવ્યા હતા. 1911માં રસૂલખાન અવસાન અવસાન પામતાં તેમના સગીર પુત્ર મહાબતખાન ત્રીજા નવાબ બનેલા. તેમના સમયમાં એચ.ડી. રેન્ડોલે વહીવટદાર તરીકે કામ કર્યું હતું.*

### 5.7.6 અન્ય નોંધપાત્ર રીયાસતો

*તળગુજરાતની તથા કચ્છ સૌરાષ્ટ્રની અને મુખ્ય રિયાસતોનો ટૂંકમાં વૃત્તાંત જોયા પછી હવે ચોથા વર્ગ સુધીની અન્ય રિયાસતોની મહત્ત્વની ઘટનાઓનું વિહંગવલોકન કરીએ.*

#### (1) લખતર

*ઝાલા કુળના ઠાકોર પૃથ્વીરાજજી(1803-35) બાદ એમના પુત્ર વજેરાજજી બીજા ગાદીએ આવ્યા અને 1846માં તેમના મૃત્યુ પછી પુત્ર કરણસિંહજી ગાદી આવ્યા ત્યારે એ ત્રણ માસના હતા. તેમણે 1907માં લખતરમાં મિડલ સ્કૂલની સ્થાપના કરી હતી.*

#### (2) ચુડા

*ઝાલા કુળના ઠાકોર હઠીસિંહજીનું 1820માં અવસાન થતાં ઉત્તરાધિકારી અભયસિંહજી બીજા (1820-29), રાયસિંહજી (1829-44) અને બહેચરસિંહજી (1844-1908)ના શાસન દરમ્યાન ખાસ દરમ્યાન નોંધપાત્ર બનાવો બન્યા નહોતા. તેમના પછી માધવસિંહજીના પુત્ર જોરાવરસિંહજી (1908-20) ગાડીએ આવ્યા હતા.*

#### (3) સાયલા

*અહી 18મી સદીમાં ઝાલા કુળની રિયાસત સ્થપાઈ હતી. અહી સ્થાપક શેખોજી-શેષાભાઈ (મૃ. 1794) બાદમાં આ વંશમાં કેશરીસિંહજીના રાજ્યકાળમાં ખેતીવાડીમાં ઘણા સુધારા થયા હતા. જેથી જમીન-મહેસૂલમાં વધારો થયેલો. કેશરીસિંહજી પછી એમના કુંવર વખતસિંહજીના સમયમાં સાયલા-જોરાવરનગર રેલવે લાઈનનું કામ શરુ થયું હતું. આમ આ રાજ્યને વર્ગ-2ની સત્તા પ્રાપ્ત થઈ હતી. અહી 19મી સદીમાં લાલજી ભગત નામે પ્રખ્યાત સંત થયા હતા ને તેમના નામે સાયલા 'ભગતનું ગામ' તરીકે પણ ખ્યાત થયું હતું.*

### (4) મુળી

*અહીં સોઢા પરમાર કુળના ઠાકોર રામોભાઈ પછી વખતસિંહજી ગાદીએ આવ્યા હતા. તેઓ અપુત્ર મૃત્યુ પામતાં ગાદી એમના ભાઈ સરતાનજીને મળી. તેમના 1894માં મ્રત્યુ સમયે પાટવી કુંવર હિંમતસિંહજી સગીર હોઈ 1902માં પુખ્ત થતાં સત્તા સાંભળી હતી. તેમના અવસાન પછી 1905માં તેમના કુંવર હરિશ્ચન્દ્રસિંહજી ગાડીએ આવ્યા. તેઓ સગીર હોઈ રાજ્યકારભાર 1918 સુધી એજન્સી મેનેજમેન્ટે સંભાળ્યો હતો.*

### (5) દાંતા

*અહીં પરમાર કુળના મહારાણાની સત્તા હતી. માનસિંહજીના મૃત્યુ પછી(1800) તેમના ભાઈ જગતસિંહજી ગાદીએ આવ્યા હતા, ભાયાતો સાથે રાણાનો સંઘર્ષ રહેતો હતો. કંપની સરકારે 1820માં દાંતામાં થાણું બેસાડ્યું. જગતસિંહજી અપુત્ર હોઈ પોતાના ભાઈ નારણસિંહના પુત્રને દત્તક લેવા ઈચ્છતા હતા. પરંતુ પછી નારણસિંહજી ગાદીએ બેઠા(1823). નારણસિંહજી 1847માં મૃત્યુ પામતાં કુંવર જાલમસિંહજી 1848માં ગાદીએ આવ્યા. તેમણે 1857ના સંગ્રામમાં અંગ્રેજ સરકારને મદદ કરેલી, તેમના 1859માં મૃત્યુ પછી તેમના સગીર પુત્ર સરદારસિંહજી ગાદીએ આવ્યા. જે છ માસમાં મૃત્યુ પામ્યા. ગદીવારસો તેમના કાકા હરિસિંહજી ગાદીએ આવ્યા.(1860) તેમણે કેટલાંક બાંધકામો કરાવેલાં. 1877માં તેમના મૃત્યુ પછી 1878માં પાટવી કુંવર જશવંતસિંહજી દાંતાની ગાદીએ આવ્યા. તેમને મહીકાંઠામાં અફીણનો બંદોબસ્ત કરવા અંગ્રેજ સરકારને મદદ કરેલી. સાદરામાં સ્કોટ કૉલેજ સ્થાપવામાં તેમણે યોગદાન આપ્યું હતું અને અંબાજીમાં ગબ્બર પર ચડવાનાં પગથિયાં પણ કરાવેલાં. 1896માં મહારાણાને બીજા વર્ગના રાજ્ય તરીકેની પદવી પાછી મળી હતી. તેમના 1908માં મૃત્યુ પછી જ્યેષ્ઠ કુંવર હમીરસિંહજી ગાદીએ આવ્યા અને તેમને પ્રથમ વિશ્વયુદ્ધ સમયે ઘણા ઉદાર ફાળા અંગ્રેજોને આપેલા.*

### (6) સૂંથ

*પરમાર કુળના રાજા કેશરીસિંહજી 1819માં અવસાન પામતાં કલ્યાણસિંહજીના રાજ્યકાળના પહેલા વર્ષે(1819) સિંધિયાના લશ્કરે સૂંથ પર આક્રમણ કરેલું. સર માલ્કનની મધ્યસ્થતામાં આ વિઘ્ન ટળેલું.* 1825*માં રેવાકાંઠા એજન્સી સ્થપાતાં સૂંથનું રાજ્ય એમાં સમાયું. કલ્યાણસિંહજીના 1835માં મૃત્યુ પછી સગીર વયના ભવાનીસિંહજી (1835-54) રાજા થયા. તેમણે 'ફતેગઢી' કિલ્લો બંધાવેલો. તેમના 1872માં અકાળ અવસાન પછી દત્તક પુત્ર પ્રતાપસિંહજી પુખ્ત થતાં 1880માં સત્તા સાંભળી. એમના પછી 1902માં દત્તક પુત્ર જોરાવરસિંહજી રાજ્યકારભાર સંભાળેલો.*

### (7) લાઠી

*14 ગામોની બિનસલામી ગૂહીલ કુળના ઠાકોર અહીં રાજ્ય કરતા હતા. સારંગજીની 22મી પેઢીએ લાખાજી થયા. તેમને કાઠીઓને વશ કર્યા હતા. તેના પછી મોટા પુત્ર દાજીરાજ/ અમરસિંહ ગાદીએ આવ્યા હતા. જે થોડા સમયમાં મૃત્યુ પામ્યા હતા. તેથી*

ગાદી તેમના નાના ભાઈ તખ્તસિંહજીને મળેલી. એમના પાટવી કુંવર ભાવસિંહજી પણ મૃત્યુ પામતાં ઉત્તરાધિકાર નાનાભાઈ સૂરસિંહજીને 1886માં મળેલો. તે સગીર હોઈ રાજ્ય વહીવટ મેનેજમેન્ટને સોંપ્યો હતો. અને 1895માં તેઓ પુખ્ત વયના થતાં કારભાર પોતાના હાથમાં લીધો હતો. ઠાકોર સૂરસિંહજી કવિ 'કલાપી' તરીકે ગુજરાતી સાહિત્યમાં ખ્યાત છે. તેઓ 26 વર્ષની વયે ઘણાં નોધપાત્ર સાહિત્યનુ સર્જન કરી સને 1900માં મૃત્યુ પામ્યા. તેમના પછી તેમના પુત્ર પ્રતાપસિંહજી સગીર વયે ગાદીએ આવ્યા ને પુખ્ત થતાં 1911માં એમણે સત્તા સંભાળી હતી.

**(8) જસદણ.**

ખાચર કાઠી કુળના વાજસુર (મૃ-1810) ના ઉત્તરા અધિકારી ચેલો ખાચર બીજાના મૃત્યુ (1852) પછી એમના કુંવર આલા ખાચર બીજા રાજા થયા. 1897 માં અંગ્રેજ સરકારે એમને સી.એસ.આઈ.નો ખિતાબ આપ્યો હતો. કાઠીયોમાં પોતાની મિલકત સહુ પુત્રોને સરખે ભાગે આપવાની પ્રથા હતી. તેને બદલે જયેષ્ઠાધિકારની પ્રથા એમના સમયથી બ્રિટીશ સરકારે ચાલુ કરેલી. આલા ખાચરનાં મૃત્યુ પછી એમના પાટવી કુંવર ઓઢા ખાચર ગાદીએ આવ્યા હતા. (1904) ને એમના મૃત્યુ પછી એમના પાટવી કુંવર વાજસૂર ખાચર ગાદીએ આવ્યા હતા.

**(9) છોટાઉદેપુર.**

ખીચી ચૌહાણ કુળના રાયસિંહજી 1819માં મૃત્યુ પામ્યા અને એમના કુંવર પુથુરાજજી બીજા ગાદીએ આવ્યા. 1822માં ગાયકવાડ સરકારે છોટાઉદેપુરનું પોતાનું આધિપત્ય બ્રિટીશ સરકારને સુપરત કર્યું ને એમની ગાદી હક્ક એમના પિતરાઈ ભાઈ ગુમાનસિંહજીને પ્રાપ્ત થયો હતો. 1858 માં તાતિયા ટોપેએ છોટાઉદેપુર લુટ્યુ. બ્રિટીશ સરકારની ટુકડીએ તાત્યાની લશ્કરી ટુકડીને વિખેરી નાખી હતી. મહારાવળ જિતસિંહજીના મૃત્યુ (1881) બાદ એમની ગાદી એમના પાટવી કુંવર મોતીસિંહજીને મળી હતી. એમના પછી એમના કુંવર ફતેસિંહજી ગાદીએ આવ્યા હતા. (1895) એમની સગીર વય દરમિયાન એજન્સીએ એડમિનિસ્ટ્રેટર નીમીને પુખ્ત વયે પહોચતા 1903માં ફતેસિંહજીને સત્તાના સુત્રો સોપ્યા હતા.

**(10) દેવગઢ બારિયા.**

દેવગઢ બારિયામાં પણ ખીચી ચૌહાણ કુળના રાજવંશની સત્તા પ્રવર્તતી હતી. મહારાવળ ગંગાદાસજી બીજા (મૃત્યુ 1819)ના કુંવર પૃથુરાજજી બીજા સગીર વયના હોય 1824થી ત્યાં એજન્સીએ નિમેલા કારભારીનો વહીવટ રહ્યો હતો. એ વર્ષ સલામશાહીની ખંડણીની રકમ પણ નક્કી કરવામાં આવી હતી. પુથુરાજજીના મૃત્યુ (1864) બાદ તેમના કુંવર માનસિંહજી ગાદીએ આવ્યા હતા. તેમની સગીર અવસ્થા દરમિયાન રાજ્ય વહીવટ બરાબર ન ચાલતાં અંગ્રેજ સરકારે 1865માં ત્યાં જપ્તી મૂકી હતી. પુખ્ત વયના થતાં

*માનસિંહજીએ સત્તા સંભાળી લીધી. (*1876**)** *એ* 1908*માં મૃત્યુ પામતાં એમની ગાદી એમના પાટવીકુંવર રણજીતસિંહને મળી હતી.*

**(**11**) લુણાવાડા**

*વિરપુર સોલંકી કુળના રાજા પ્રતાપસિંહજીની ગાદી એમના બીજા કુંવર ફતેસિંહજીએ કબ્જે કરી.* 1803*માં અંગ્રેજ સરકારની મધ્યસ્થતા મારફત સિંધિયાને ભરવાની ખંડણી નક્કી થઈ. (*1819**)** 1820*માં રાજ્ય મહીકાંઠા એજન્સીમાં મુકાયું.* 1825*માં એને રેવાકાઠા એજન્સીમાં દાખલ કરાવ્યું હતું. ફતેસિંહજીના મૃત્યુ (*1849**)** *બાદ તેમના દત્તક પુત્ર દલપતસિંહજી ગાદીએ આવ્યા. પણ સગીર અવસ્થામાં* 1851*માં અકાળ મૃત્યુ પામવાથી દલેલસિંહજી નામે ભાયાત ને દત્તક લઈ ગાદીવારસ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. તેઓ* 1867*માં અપુત્ર મૃત્યુ પામતાં રાણી મોતીકુંવરબાએ સાત વર્ષના વખતસિંહજીને દત્તક લઈને તેમને ગાદી સોંપી હતી. એમની સગીરાવસ્થા દરમિયાન બ્રિટિશ સરકારે બધો વહીવટ પોતાના હસ્તક લીધો હતો* 1880 *પુખ્ત વયના થતા તેમને સત્તા સોંપાઈ હતી.*

(12) **વાંસદ**

*સોલંકી કુળના રાજા ઉદયસિંહજી* 1829*માં મૃત્યુ પામતાં દત્તક પિતરાઈ હમીરસિંહજી સગીર હોઈ બ્રિટિશ સરકારે વહીવટ સંભાળી તેઓ પુખ્ત થતાં* 1852*માં સત્તા સોંપી હતી. તેમના અવસાન પછી* 1861*માં તેમની કુટુંબની શાખાના ગુલામસિંહ સત્તા પર આવ્યા હતા. તેનામો વહીવટ લોકપ્રિય રહેલો. તેમના* 1876*માં અવસાન બાદ પ્રતાપસિંહજીની સગીરવસ્થામાં બ્રિટિશ સરકારે વહીવટ સંભાળેલો. તેમણે પ્રજાહિતના અનેક કામો કરાવ્યાં હતાં. તેમના પછી* 1911*માં મહારાવળ ઈંદ્રસિંહજીના સમયમાં શિક્ષણ ક્ષેત્રે ખાતામાં ઘણા સુધારા કર્યા હતા.*

(13) **ધરમપુર**

*સિસોદિયા કુળના મહારાજા વિજયદેવજી(*1807-1857**)***માં રાજ્યનું દેવું વધી જતાં મુંબઈ સરકારે વચ્ચે પડી દેવું ભરપાઈ કરવાની જોગવાઈ કરી હતી. વિજયદેવજી પછી તેમના પુત્ર રામદેવજી* 3 *જા(*1857), *પછી નારણદેવજી ગાદીએ આવ્ય હતા. નારણદેવજી વહીવટ સારો અને પ્રજાહિત સાધક રહ્યો હતો. તેમના પછી મોહનદેવજી* 1890*માં ગાદીએ આવ્યા હતા. તેમને અનેક લોકોપયોગી કાર્યો ઉપરાંત ધરમપુરમાં દરબાર હોલ અને મોહનવિલાસ પેલેસ બંધાવ્યાં હતાં.*

(14) **પાટડી**

1820માં અંગ્રેજ સરકાર અને પાટડી દરબાર વચ્ચે કરારો થયા હતા અને દરબારે મીઠાના અગર પરના પોતાના બધા હક્ક છોડ્યા હતા. કડવા પાટીદાર દેસાઈ કુળના દરબાર વખતસિંહ 1829માં અવસાન પામ્યા પછી હરિસિંહજી(1829-36), કુબેરસિંહજી(1836-46), જોરાવરસિંહજી(1846-75) તથા હિંમતસિંહજી(1875-84)ની સત્તા રહી હતી. છેલ્લે સૂરજમલને ગાદીએ આવ્ય હતા. તેઓ ચોથા વર્ગના દરબાર ગણાતા.

(15) **બાંટવા, માણાવદર, સરદારગઢ**

જૂનાગઢના શેરખાન બાબીના ભાઈ દિલેરખાને માણાવદરનો અને શેરજમાનખાને ગીદડ (સરદારગઢ)- બાંટવાનો વહીવટ 1770માં અલગ કર્યો હતો. શેરખાનના પુત્ર એદલખાને બાંટવાનો વહીવટ 1812માં અલગ પડ્યો હતો. એ રીતે બાંટવામાં એક પછી એક તાલુકદારો થયા. માણાવદરમાં દિલેરખાનના વારસોએ તથા ગીદડનું નામ 1898માં 'સરદારગઢ' રાખવામાં આવેલું.

(16) **માંગરોળ**

અહીં 1748માં શેખમિયાએ પોતાની સત્તા સ્થાપી હતી. એમના વંશના શેખ બદરુદ્દીન પછી એમના પુત્ર બાવામિયા રાજગાદી પર બેઠા. સુપુત્ર બાવામિયા પછી એમના નાનાભાઈ શેખ બડામિયા ગાદીએ આવ્યા. 1846માં મકરાણીઓએ માંગરોળના રાજમહેલમાં ધાડ પાડીને લૂંટ્યો હતો. આનું વળતર અંગ્રેજ એજન્સીએ જૂનાગઢ પાસેથી અપાવ્યું હતું. કેમ કે જૂનાગઢ રાજ્યે એમને મદદ કરવાનો કરાર કરેલો હતો. 1864માં માંગરોળમાં અદાલત સ્થપાઈ.

(17) **ખંભાત**

મોમીનખાન બીજા વખત (1748-83) અહિ નવાબી સ્થિર થઈ. વસઈની સંધિથી પેશવાઓએ ખંભાતને લગતા પોતાના સઘળા હક્ક અંગ્રેજ સરકારને સોંપી દીધા હતા (1800). 1818 બ્રિટીશ સત્તા ગુજરાતમાં દ્રઢ થતાં ખેડા જિલ્લાના કલેક્ટરને ખંભાત રાજ્યનો પોલિટિકલ એજન્ટ ઠરાવવામાં આવ્યો. એ વખતે ફતેઅલીખાન તખ્તનશીન થયા હતા. ત્યારબાદ તેમના ભાઈ બંદેઅલીખાનને ગાદીનો હક્ક મળવા છતાં આ હક્ક પોતાના શાહજાદા હુસેનયાવરખાનને આપી દીધો હતો (ઈ.સ.1841). તેમણે 1853માં મીઠા પર જકાત નાખીને રાજ્યની હદમાં રહેલા મીઠાના અગર બંધ કરવામાં આવ્યા હતા. હુસેનયાવારખાન 1880માં લાબું રાજ્ય કરી મૃત્યુ પામતા તેમના વડા શાહજાદા જાફરઅલીખાન નવાબ (1880-1915) થયા હતા.

(18) **સચીન**

સચીનના નવાબ સીદી મુસલમાન હતા. જંજીરા (કોંકણ)ની જાગીર એમને 15મી સદીમાં મળી હતી. 1790માં બ્રિટીશ સરકારે એમના વંશજ બાલુમિયાંને જંજીરાના બદલામાં સચીનની જાગીર આપી હતી. ત્યારથી આ વંશની રાજધાની સચીનમાં થઈ. નવાબ

*ઈબ્રાહીમ મહમદ યાકૂતખાન (*1802-1853)*ના સમયમાં રાજ્યનું દેવું વધી જતાં અંગ્રેજ સરકારે રાજ્યનો વહીવટ પોતાના હસ્તક લીધો હતો. નવાબ અબ્દુલ કરીમખાન* (1853-1869)*ને* 1859*માં અંગ્રેજ સરકારે પાછું સોપ્યું હતું. પછી ઈબ્રાહીમ મહમદ ખાન બીજા તખનશીન થયા હતા.*

(19) **વિજયનગર**

*ઈડરના પહેલા રાઠોડ વંશના છેલા રાજા ચંદ્રસિંહ પડોશના જાગીરદાર ઠાકોરોના સતત ઉપદ્રવથી કંટાળી પોળો ચાલ્યા ગયા ત્યારે ત્યાં પ્રતિહાર કુળના એમના સસરા રાજ્ય કરતા હતા. પોળો પાસેના સરસવ ગામમાં સસરાને નિમંત્રણ આપી દગાથી મારી નાખ્યા અને પોળોની ગાદી કબજે કરી ત્યાં પોતાનો વંશ સ્થાપ્યો.* (1720) *એમના વંશજ પહાડસિંહજી પછી એમના પુત્ર નવલસિંહજી ગાદીએ આવ્યા* (1859) *એમના પછી એમના કાકાના દીકરા હમીરસિંહજી રાજા થયા* (1864) *પોળોના હવાપાણી સારા રહેતાં ન હોવાથી હમીરસિંહજીના વખતથી રાજ્યકર્તા ઘોડાદરમાં દરબારગઢ બાંધી ત્યાં રહેતા થયા. એમના મૃત્યુ બાદ પાટવી કુંવર પુથ્વીસિંહજી સગીર વયે ગાદીએ બેઠા હતા(*1889) *તેઓ પુખ્ત વયના થતાં તેમણે* 1893*માં સત્તાના સુત્રો સાંભળ્યા હતા. તેઓ* 1905*માં અપુત્ર અવસાન પામતાં તેમના નાના સાવકા ભાઈ ભૂપતસિંહજીને ગાદી મળી હતી(*1906) *ભૂપતસિંહજીના મોટાભાઈ મહોબતસિંહજીને રિયાસતની ગાદીનો વારસો પ્રાપ્ત થયો(*1913) *મહોબતસિંહજી* 1914*માં મૃત્યુ પામ્યા હતા.*

**(**20) **મોહનપુર**

*મોહનપુર(પ્રાંતિજ)ના ઠાકોર રહેવર રાજપૂત હતા. ચંદ્રાવતીના પરમાર રાવના કુળના હતા. એમના પૂર્વજ જસપાળ ચંદ્રાવતીથી હડોલ આવી* 1227*માં વસેલા. તેમની તેરમી પેઢીએ પૃથુરાજ થયા. તેમને ધોડવાડામાં રિયાસત સ્થાપી હતી. હાથરોલમાં ઠાકોર હરિસિંહે સત્તા સ્થાપી હતી. તેમના કુળમાં હિંગોળજીના કુંવર રાજસિંહજીએ મોહનપુર વસાવી ત્યાં જુદી ગાદી સ્થાપી હતી. મહીકાંઠા એજન્સીના સમયમાં રાજસિંહજી પછી દોલતસિંહ (*1850) *અને ત્યાર પછી ઉમેદસિંહજી વારસ થયા હતા.* 1882*માં હિંમતસિંહજી સગીર વયે ગાદીએ આવ્યા હતા. તેમના ગેરવહીવટને કારણે એજન્સીએ* **1905***માં વહીવટ પોતાના હાથમાં લીધો હતો.*

(21**) માલપુર**

*માલપુરના ઠાકોર ઈડરના જૂના રાઠોડ રાવના વંશના હતા. આ વંશના વાઘસિંહજીએ* 1466*માં માલપુરમાં ગાદી સ્થાપી હતી. તેમના પછી ગોવિંદસિંહજી, પુંજાજી, ઉદેકરણજી, જગતસિંહજી, જેતસિંહજી, અનોપસિંહજી અને ભીમસિંહજી ગાદીએ આવ્યા હતા(*1601-1726). *ભીમસિંહજીએ માલપુરને ફરતો કિલ્લો બંધાવ્યો હતો. તેમના પછી*

*ઈંદ્રસિંહજીએ રાજ્ય કર્યું હતું. આ રાજ્ય પર ગાયકવાડ સરકારનો ઘાસદાણાનો લાગો શરુ થયો. 1816થી ઈડરના મહારાજાનો ખીચડી વેરો લાગુ પડ્યો હતો. અહી દીપસિંહજી 1914માં મૃત્યુ પામતાં જસવંતસિંહજી ગાદીએ બેઠા હતા.*

**(22) અહમદનગર**

*અહમદનગર પહેલાં ઈડર રાજ્યનો ભાગ હતું. મહારાજા (1742-91) પોતાના બીજા પુત્ર સંગ્રામસિંહજીને સુપરત કર્યું હતું. સંગ્રામસિંહ પછી જાલમસિંહજી, પ્રતાપસિંહજી પછી કરીમસિંહ ગાદીએ આવ્યા. તે 1835માં મૃત્યુ પામ્યા હતા. તેમની સાથે તેમની રાણીઓ સતી થતાં અંગ્રેજ સરકારે આ કુપ્રથા રદ કરવાની શરતે 1836માં પૃથ્વીસિંહજીને ગાદી આપી હતી.*

**(23) માણસા**

*ચાવડા વંશના સામંતસિંહના પુત્ર અહિવતના વંશજ સૂરસિંહ રાજગાદી અંબાસણ(મહેસાણા) માંથી માણસા (તા. વિજાપુર) ખસેડી હતી. સૂરસિંહજી પછી પ્રતાપસિંહ, વચ્છરાજ, પૃથ્વીરાજ, પ્રતાપસિંહ, પર્વતસિંહ, નહારસિંહ, ફતેહસિંહ, જોરાજી, ભીમસિંહ અને રાજસિંહ સત્તા પર આવ્યા હતા. છેલ્લે તખતસિંહજીએ 1897માં પુખ્ત થતાં સત્તા હાથમાં લીધી હતી.*

**(24) ઈલોલ**

*ઝાલાઓની શાળા ગણાતા મકવાણા રાજપૂતોમાંથી ઉત્પન્ન થયો હોવાનો દાવો કરતા હરપાળના બીજા કુવાર વિજયપાળના વંશજ વિશોજી લીમ્બોદ્રના ઠાકોર સાથે સંબંધ બાંધી કોળી ગણાય હતા.એમના વંશજ વાઘાજીએ 1596માં ઈલોલમાં પોતાની રાજધાની સ્થાપી હતી.આગળ જતા ઠાકોર નહારસિંહજી પણ દીપસિંહજી,વખતસિંહજી રાજા થયા.વખતસિંહજી ની સગીર અવસ્થા દરમ્યાન એજન્સીએ મેનેજમેન્ટ નીમ્યું હતું.તેઓ પુખ્ત વયના થતા કારભાર સંભાળીને રાજ્યમાં અનેક સુધારા કર્યા હતા.*

**(25) રણાસણ**

*આ સંસ્થાના ઠાકોર રહેવર રાજપૂત હતા એમના પૂર્વજો ચક્રવર્તી જાગીરના રાવના કુટુંબી હતા.આ રીયાસતના સ્થાપક રાજસિંહજી હતા.એમને ઇડર રાજ્યની ખુબ સેવા કરી હતી.એમને રણાસણ વસાવી ત્યાં રાજધાની કરી હતી.એમના પુત્ર સુરસિંહજી એ મોડાસા અને પ્રાંતિજના તોફાની લોકોને વશ કર્યા હતા.એમના પછી સરવરસિંહજી,અદેસિંહજી અને ભારતસિંહજી ક્રમશઃવારસદાર થયા હતા.*

**(26) વરસોડા**

*વરસોડાના ઠાકોર માણસાના ચાવડા રાવળના ભાયાત હતા. આ ચાવડા પોતાને વનરાજ ચાવડાના વંશજ સામંતસિંહના પુત્ર મહીપતના વંશજ ગણાવે છે. મહિપતે મોરગઢ*

*(કચ્છ)માં ગાદી સ્થાપી હતી. એમના વંશજ પુંજાજીએ પહેલાં ધારપુર અને પછી અંબાસણમાં રાજ્ય સ્થાપ્યું હતું. એમના પુત્ર મહેસાજીએ માહેસાણા વસાવ્યું હતું. એમની ચોથી પેઢીમાં જેસિંહજી થયા હતા. એમના પુત્ર સુરજમલજીને વરસોડાની જાગીર મળી હતી. એમના પાંચમા વંશજ ગંગજી થયા. તેઓ અપુત્ર હતા અને વિ. સં.* 1565*(ઈ.સ..*1507-08*)માં વરસોડા આવીને વસ્યા હતા.*

**(27) પેથાપુર**

*કર્ણસિંહ વાઘેલાના પુત્ર જેતા અને વીરસિંહ હતા. એમણે અનુક્રમે કલોલ અને સાણંદમાં પોતાની ગાદી સ્થાપી હતી. કલોલની શાળામાંથી રૂપાલની પેટા શાખા થઈ. ત્યાંના સાવંતસિંહજીના  નાના કુંવર સોમેશ્વર, ચંદોજી અને હિમાળોજી થયા. એમને પોતાના મામા પેથુજી ગોહિલને મારી એમનું સોખડા લઈ લીધું. સતી થયેલી મામીની સૂચના અનુસાર એમણે મામા પેથાજીના નામ પરથી સોખડાનું નામ 'પેથાપુર' રાખ્યું ને રાજગાદી ત્યાં રાખી. હિમાળોજી જેતાથી દસમી પેઢીમાં થયા.*

**(28) પુનાદરા**

*અહીના રાજકર્તાઓના પૂર્વજ પહેલાં મકવાણા રાજપૂત હતા. પછીથી ઈસ્લામ સ્વીકારી મોલેસલામ થયેલા. ઝાલા હરપાળે પાટડીમાં ગાદી સ્થાપી. એમના વંશજ ધ્રાંગધ્રામાં સત્તારૂઢ થયા. એમના આઠમા કુંવર બાપુજીના વંશજ હરિસિંહજી કોળીની કન્યા સાથે લગ્ન કરી મકવાણા કોળી થયા. ત્યારબાદ એમને સુલતાન મહમૂદ બેગડાની નોકરીમાં રહી ઈસ્લામ સ્વીકારી માંડવાની જાગીર પ્રાપ્ત કરી.*

**(29) ખડાલ**

*ઝાલા કુળના હરપાળે પાટડીમાં ગાદી સ્થાપી હતી. એમના પુત્ર બાપુજીના વંશજ હરિસિંહના પુત્ર જમાલમિયાં થયા. તેમના સમયમાં માંડવા અને આંતરસૂંબાની શાખાઓ થયેલી. હજીમિયાંના નાના કુંવર વજેસિંહજીએ ખડાલ સંસ્થાનની સ્થાપના કરેલી. એમના પછી સૂરસિંહજી, રૂપસિંહજી, જગતસિંહજી, સરદારસિંહજી, હિંમતસિંહજી અને કેશરીસિંહજી ગાદીએ આવ્યા હતા.*

**(30) ઘોડાસર**

*આ રિયાસત વાત્રકકાંઠામાં આવેલી હતી. અહીના ઠાકોર બુંદેલખંડથી ગુજરાત આવેલા. આ વંશમાં માયાજીએ ભરકૂડામાં ગાદી સ્થાપી હતી. તેમના વંશજ સુંદરજીએ ઘોડાસરમાં રાજધાની સ્થાપી હતી. આ વંશમાં આગળ દાદાસાહેબ* 1 *લા ઠાકોર થયા. તેમના પુત્ર જાલમસિંહજીએ જલામપુરા વસાવ્યું હતું. તેમના સમયમાં આ રિયાસત મહીકાંઠામાંથી ખેડા જિલ્લામાં મુકાઈ હતી.*

### (31) કટોસણ

*એહીના ઠાકોર મકવાણા કોળી કુળના હતા. કચ્છના રાજા કેશર મકવાણાના પુત્ર હરપાળજીએ પાટડીમાં સત્તા સ્થાપેલી અને તેમના વંશજ ઝાલા મકવાણા કહેવાયા. હરપાળજીના મોટા કુંવરે કટોસણ પાસેના સાંથલમાં ગાડી સ્થાપી હતી.*

### (32) આંબલીયારા

*વાત્રકકાંઠામાં આવેલ આ રિયાસતમાં ચૌહાણ રાજપૂત રાજ્યકર્તા હતા. સાંભરથી આવેલા એમના પૂર્વજ કરસનદાસને મુઘલ બાદશાહ તરફથી આ તાલુકો* 1619*માં ઈનામમાં મળ્યો હતો.*

### (33) સુદાસણા

*દાંતાના પરમાર મહારાણા રાજસિંહજીના ભાઈ જસવોજીને સુદાસણાની જાગીર મળેલી. તેમના પછી કુંવર સરદારસિંહજી સત્તારૂઢ થયા. એમના પૌત્ર અમરસિંહજીએ દાંતા ઉપર કબજો કરેલો. મહોબતસિંહજીએ* **1804***માં ગાયકવાડ સૈન્યને પાછું હટાવેલું. કુંવર પૃથ્વીસિંહજી* **1900***માં ગાદીએ આવેલા.* **1919***માં આ રિયાસતને ચોથા વર્ગનો દરજ્જો મળેલો.*

### (34) થરાદ

*અહી પરમારો પછી ચૌહાણોની સત્તા હતી.* **18***મી સદીના આરંભમાં અહી પાલણપુર અને રાધનપુરની આણ પ્રવર્તેલી.* **1759***માં આ જાગીર મોરાવાડાના ખાનજીને મળી હતી. તેઓ વાઘેલા સરધરા શાખાના હતા. તેમના પછી આનંદસિંહજી* **1786***માં રાજા થયા. ઠાકોર હરભમજીએ* **1819***માં લૂંટારાઓ સામે અંગ્રેજ સરકારની લશ્કરી મદદ માગી કરાર કર્યો હતો. દૌલતસિંહજીના સમયમાં થરાદમાં એંગલોવર્નાક્યુલર સ્કૂલ અને શ્રી દોલતસિંહજી લાઈબ્રેરી સ્થાપી હતી.*

### (35) કડાણા

*ઝાલોદના પરમાર વંશના રાજા જાલમસિંહજી બીજાના કુંવર સંતે* **1255***માં સૂંથ(સંત)માં ગાદી સ્થાપેલી. એમના ભાઈ લીમા દેવજીએ સૂંથની ઉત્તરે કડાણામાં ગાદી સ્થાપી હતી. કડાણાને સૂંથ, ડુંગરપુર કે વાડાશિનોર સાથે સંઘર્ષ થતો હતો. ઠાકોર પરબતસિંહજી પછી એમના દત્તક કુંવર છત્રસાલજી સગીર હોઈ એજન્સીએ વહીવટ કરેલો. તેઓ* **1901***માં તેઓ પુખ્ત થતાં સત્તા સોંપાઈ હતી.*

### (36) ભાદરવા

*કર્ણ વાઘેલાના વંશજ જેતાએ કલોલમાં અને વરસિંહે સાણંદમાં રિયાસત સ્થાપી હતી. જેતાજીના વંશજ લૂણકરજીએ અનગઢ (વાસદ પાસે જીતી લઈ ત્યાં રાજધાની કરી હતી.*

*આગળ જતાં ત્યાંથી જાસપુર(**1483**), ત્યાંથી બહિધર(**1677**), ત્યાંથી ભાદરવા (વાસદ પાસે) રાજધાની ખસી. ભાદરવાનો પહેલા ઠાકોર ઉદયસિંહજી **1772**માં ગાદીએ આવ્યા હતા.*

### (37) સંજેલી

*અહીના ઠાકોર સોનગઢા ચૌહાણ કુળના રાજપૂત હતા અને પૃથ્વીરાજ ચૌહાણના વંશજ ગણાતા. ચિતોડથી આ કુળના છત્રસાલજીએ અહીં આવી રાજપુરમાં ગાડી સ્થાપી. આ વંશમાં સરદારસિંહજી, બહાદુરસિંહજી દેવગઢ બારિયાના રાજા સાથેની લડાઈમાં મરાયા હતા. તેમના પછી તેમનો પુત્ર જગતસિંહજીએ પોતાની ગાદી સંજેલીમાં રાખી. તેઓ 'પૂંછડિયો રાજા' તરીકે ઓળખાતા હતા.*

### (38) બજાણા

*ઝાલાવાડમાં આવેલી આ રિયાસત જત જાતિના મુસલમાન રાજાઓના તાબે હતી. એમના પૂર્વજો બલૂચિસ્તાન-મકરાણમાંથી આવીને પહેલા સિંધમાં વસેલા. ત્યાંથી કચ્છ થઈ ઝાલાવાડ આવેલા ગુજરાતના સુલતાન મહમૂદ બેગડાએ પાવાગઢ પર ચઢાઈમાં આ જત લોકોએ સારી મદદ કરેલી. તેના બદલામાં તેઓને સરદાર હેદોજીને બજાણા સાથેનાં **24** ગામ ઈનામમાં મળેલાં. આ મુલક 'નાની જતવાડ' તરીકે ઓળખાય છે.*

### (39) વીરપુર

*હાલારમાંની આ રિયાસતના રાજાઓ જાડેજા રાજપૂત હતા. નવાનગરના જાડેજા વંશના સ્થાપક જામ રાવળના પુત્ર વિભોજીના ત્રીજા કુંવર ભાણજીને નવાનગર તરફથી કેટલાંક ગામ મળેલાં તે ભારોજીએ છોડી દીધાં અને ખરેડી જઈ રહ્યા. ત્યાંના મૂળ જમીનદાર કાઠીઓને ત્યાંથી કાઢી મૂકી તેમની જમીન હસ્તગત કરી. ભારોજીની સાતમી પેઢીમાં મોકોજી ઉર્ફે બાપોજી થયા. તેમણે ખરેડીના મુસલમાન થાણદારને કાઢી મૂકી વીરપુર અને બીજાં બે ગામ જીતી વીરપુરમાં ગાદી રાખી. તેમની પાંચમી પેઢીમાં સુરાજી થયા. તે* **1851** *માં ગાદીએ આવ્યા હતા.*

### (40) માળિયા

*હાલારમાં મચ્છુકાંઠામાંની આ રીયાસતના રાજાઓ પણ જાડેજા કુળના હતા. મોરબીના જાડેજા વંશના મૂળ પુરુષ કાંયાજીના છઠ્ઠા કુંવર મોડજીએ તેની સ્થાપના કરી હતી. તેમના પછી નાથોજી, ભીમોજી અને ડોસોજી થયા.*

### (41) કોટડાસાંગાણી

*હાલારમાં આ રિયાસતના રાજાઓ પણ જાડેજા કુળના હતા. તેના સ્થાપક સાંગોજી ગોંડળની જાડેજા શાખાના હતા. તેમના નામ પરથી તાલુકો 'સાંગણી'થી ઓળખાયો.*

**(42) જેતપુર**

*તળ કાઠિયાવાડની દક્ષિણે આવેલ જેતપુર મોટું રાજ્ય હતું અને વાળા શાખાના કાઠી ભાગીદારોમાં વહેંચાઈ ગયું હતું. ઢાંકના વાળા રાજા ધાન વાળાનો કુંવર કાઠી કન્યાને પરણ્યો તેમાંથી વાળા, ખુમાણ અને ખાચર શાખાઓ થઈ. જે કુલીન ગણાયા.*

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. *રિયાસતોના વર્ગીકરણ અને સત્તાના નિયતીકરણ વિશે ટૂંકમાં જણાવો.*

2. *પોલિટીકલ એજન્સીઓ વિશે ચાર વાક્યો લખો.*

3. *કચ્છ, સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો વિશે સંક્ષિપ્તમાં જણાવો.*

4. *તળ ગુજરાતની મુખ્ય રિયાસતો વિશે પાંચ વાક્યો લખો.*

5. *બાબીવંશની રિયાસત જૂનાગઢ વિશે ટૂંકમાં જણાવો.*

**6. નીચેના વિધાનો સામે ખરુ-ખોટુ લખો.**

(1) *વડોદરાનું રાજ્ય અગ્રીમ સ્થાન ધરાવતું હતું. ( )*

(2) *જૂનાગઢની બાબી વંશની રિયાસત આગળ પડતી રિયાસત હતી. ( )*

(3) *તળ ગુજરાતની ઇડર રિયાસત ગણનાપાત્ર નહોતી. ( )*

(4) *નવાનાગરનું રાજ્ય કોઈ ખ્યાતી ધરાવતું નહોતું. ( )*

**7. ખાલી જગ્યા પૂરો.**

(1) *વોકર સેટલમેન્ટ __________ વર્ષમાં આવ્યું હતું.*

(2) *ઈ.સ. 1802માં અંગ્રેજોએ પેશવા સાથે ____________ની સંધિ કરી હતી.*

(3) *અંગ્રેજોએ ________ વર્ષથી દેશી રાજ્યોને ખાલસા કરવાની નીતિ છોડી દીધી હતી.*

### 5.7.8 રિયાસતોનો રાજ્યવહીવટ

*અંગ્રેજ સરકારે દેશી રાજ્યોનું એકથી સાત વર્ગમાં વિભાજન કરી તેમને દીવાની અને ફોજદારી સત્તાઓ નક્કી કરી આપી હતી. તે મુજબ દેશી રાજ્યો પોતાનો વહીવટ ચલાવતાં હતાં. ઉપરાંત સલામી અને બિનસલામી રાજ્યો જેવા બે વર્ગો પણ સરકારે પાડ્યા હતા. તેમાં જે રાજ્યોના વડાઓને તોપોની સલામી અપાતી તે "સલામી રાજ્યો" હતાં. જેને પહેલા અને બીજા વર્ગમાં મુકવામાં આવ્યાં હતાં. જે રાજ્યોને તોપોની સલામી અપાતી નહોતી તે રાજ્યો "બિનસલામી રાજ્યો કહેવાતાં. તેમાં ત્રીજથી સાતમા વર્ગનાં રાજ્યોનો સમાવેશ થતો હતો.*

#### 5.7.8.1 રાજાનાં સ્થાન અને સત્તાઓ

*રાજ્યનો સર્વોચ્ચ વડો રાજા હતો. જે પોતાને મહારાજા, મહારાણા, જામસાહેબ, શ્રીરાજ, નવાબ, સેનાખાસખેલ, સમશેરબહાદુર, ઠાકોર, દરબાર વગેરે ખિતાબો અને બિરુદોથી ઓળખાવતા. અંગ્રેજ અધિકારીઓ તેમને પત્રોમાં રજાઓ માટે નિશ્ચિત થયેલ શબ્દો કે બિરુદોનો પ્રયોગ કરતા. રાજ્યમાં રાજાની કચેરી અને અદાલત સૌથી ઊંચી ગણાતી. જે અનુક્રમે 'હજૂર ઓફીસ' અને 'હજૂર કોર્ટ'થી ઓળખાતી. રાજ્યમાં અધિકારીઓ નીમવા અને છૂટા કરવાની સત્તા રાજાની હતી. હુકમો અને પરિપત્રો રાજાના નામે નીકળતા, જે 'હજૂર હુકમ' કહેવાતા.*

*પહેલા અને બીજા વર્ગના રાજ્યોને દીવાની અને ફોજદારીની સંપૂર્ણ સત્તાઓ ઉપરાંત કાયદાઓ ઘડાવી સત્તા આપવામાં આવેલી હતી. દરેક રાજ્યને પોતાનું પ્રતિક, સૂત્ર અને ગીત હતું. અંગત મંત્રી રાજાને તેનાં કાર્યોમાં સહાય કરતો. આમ, આંતરિક રીતે રાજાઓ સ્વતંત્ર હતા તેમછતાં સંજોગો પ્રમાણે અંગ્રેજ સરકાર તેમાં દરમિયાનગીરી કરવાની સત્તા ધરાવતી હતી. આમ, અંગ્રેજ સરકાર પોતાને 'સર્વોપરી સત્તા' તરીકે ઓળખાવતી હતી.*

*પ્રત્યેક રાજા જન્મદિવસ, રાજ્યાભિષેક, નૂતનવર્ષ, વિશિષ્ટ મહેમાનની મુલાકાત, ઉત્સવ કે ઉજવણીના પ્રસંગે રાજદરબાર ભરાતા. જેમાં રાજ્યના અધિકારીઓ, પ્રજાના આગેવાનો હાજરી આપતા. રાજાના જન્મદિવસે અને રાજ્યાભિષેકના દિવસે રાજ્યમાં રજા રખાતી.*

*રાજાના અવસાનની ગવર્નરને જાણ એ વિસ્તારનો પોલિટિકલ એજન્ટ કરતો અને ગવર્નર તેની જાણ હિંદી સરકારને કરતો. રાજાના મૃત્યુ પછી વારસદારનો પ્રશ્ન ઉદ્દભવે તો તેનો ઉકેલ ન આવે ત્યાં લગી વહીવટદારની નિમણૂક કરવામાં આવતી. ગાદીએ આવનાર નવો રાજા સગીર હોય તો તેના વતી એની માતા, દાદી કે કાકાની રાજ્ય ચલાવવા 'રિજન્ટ' તરીકે નિમણૂક થતી. ક્યારેક બે કે ત્રણ સગાંઓની સમિતિ રચાતી જે 'રિજન્સી' નામે ઓળખાતી. વહીવટદારની નિમણૂક પોલિટિકલ એજન્ટ કે એજન્ટ ટુ ધી ગવર્નર દ્વારા થતી અને તેમના માર્ગદર્શન નીચે તેને કામ કરવાનું હતું. નવી નીતિ, કાયદાઓ કે સુધારાઓ તે ઉપરોક્ત અધિકારીઓની મંજૂરી વગર કરી શકતો નહીં. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને જાળવવી તે તેની (વહીવટદારની) મુખ્ય ફરજ હતી. રાજા પુખ્ત ઉંમરનો થતાં પ્રજાની હાજરીમાં જાહેર રાજ્યારોહણ-સમારંભ સાથે તેને વહીવટી સત્તાઓ વિધિસર સોંપવામાં આવતી.*

*રાજા પોલિટિકલ એજન્ટને મળવા જાય તે સમયનો પણ શિષ્ટાચાર નક્કી કરવામાં આવેલો હતો. રાજાના સ્વાગત માટે પ્રતિનિધિ મોકલાવો, રાજાની કક્ષા પ્રમાણે ઘોડેસવાર મોકલવા, તોપોની સલામી આપવી વગેરે નક્કી હતાં. પ્રથમ કક્ષાના રાજાને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવતું હતું. મુલાકાત ટાણે કોને ક્યાં બેસવું સુદ્ધાં નક્કી કરાયેલ હતું. તેવી જ રીતે ગવર્નર કે પોલિટિકલ એજન્ટ દેશી રાજ્યની મુલાકાતે જાય ત્યારે રાજા એના અધિકારીઓ સાથે સ્વાગત માટે રેલવે સ્ટેશને કે ગામને પાદરે આવતો. અને અંગ્રેજ અધિકારીને તોપોની સલામી અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવતાં તથા સવારી કાઢી તેમના ઉતારા સુધી લઈ જવામાં આવતા. અધિકારીને ખૂશ કરવા શિકાર જેવો કાર્યક્રમનું આયોજન પણ થતું. રાજા ગવર્નરને એની પૂર્વ મંજૂરી વગર મળી શકતો નહીં અને તે માટે પોલિટિકલ એજન્ટ મારફતે જ મળવાનું નક્કી થતું. આબુ, મહાબળેશ્વર, માથેરાન, કાશ્મીર, સીમલા, દિલ્હી અને યુરોપની મુલાકાતો માટે દેશી રાજાઓ માટે નિયમો નક્કી થયેલા હતા.*

### 5.7.8.2 દીવાન અથવા મુખ્ય કારભારી

*રાજાને વહીવટી બાબતોમાં સલાહ અને મદદ માટે 'દીવાન' કે 'મુખ્ય કારભારી' નામનો અધિકારી નીમતો. તે રાજ્યનાં બધાં ખાતાં પર દેખરેખ રાખતો. ઉપરાંત રાજ્યની નીતિ નિર્ધારિણ અને રાજા. પ્રજા અને અંગ્રેજ સરકાર વચ્ચે સમતુલા સાધી વહીવટ ચલાવતો. ક્યારેક રાજ્ય પરિવારના ઝગડા પણ પતાવતો. રાજ્યની પ્રગતિ કે પડતીનો આધાર તેના પર રહેતો હતો. ક્યારેક અંગ્રેજ સરકારમાં વકીલ, મામલતદાર કે*

*ન્યાયાધીશ તરીકે સફળ કામગીરી બજાવનારની દેશી રાજ્યમાં દીવાન તરીકે નિમણૂક કરવામાં આવતી હતી.*

### 5.7.8.3 શહેર સુધરાઈ અને ગામનો વહીવટ.

*કેટલાંક રાજ્યોએ તેમનાં મુખ્ય શહેરોમાં શહેર સુધરાઈ શરુ કરી હતી. તેમાં કેટલાક ચૂંટાયેલા અને કેટલાક નીમાયેલા સભ્યો રહેતા. દરેક કોમના આગેવાનોનો એમાં સમાવેશ થતો. એ સભ્યોમાંથી પ્રમુખની પસંદગી થતી. શહેરમાં દીવાબત્તી, રસ્તાઓ, સ્વચ્છતા, આરોગ્ય, અગ્નિશમન વગેરે પર ધ્યાન આપતી. તેના ખર્ચ માટે રાજ્ય રકમ આપતું. શહેરનાં તળાવ અને હોસ્પિટલ માટે ફંડ રાખવામાં આવતું.*

### 5.7.8.4 મુખ્ય ખાતાં

*પ્રત્યેક દેશી રાજ્યમાં નીચે પ્રમાણેનું ખાતાં રહેતાં હતાં.*

5.7.8.4.1 *લશ્કર અને પોલીસ.*

*'વોકર કરાર' બાદ રાજાઓ વચ્ચે આંતરિક લડાઈઓ સમાપ્ત થઈ હતી. હવે મોટાં લશ્કરની જરૂરિયાત રહી નહોતી. તેમછતાં પ્રથમ વર્ગનાં રાજ્યો તરફથી 'સિબંદી' રાખવામાં આવતી. રાજાનો મહેલ, દરબારગઢ, વહીવટી કચેરીઓ, તિજોરી વગેરેના રક્ષણ વાસ્તે લશ્કર કે સૈનિકો રાખતા. સિબંદીને બેડાઓ (જૂથ)માં વહેંચી નાંખવામાં આવતી. અને એ જૂથનો એક ઉપરી જમાદાર રહેતો. તોપોની સલામી વગેરે કામ માટે તોપદળમાં કેટલાક માણસો રાખવામાં આવતા. ઉપરાંત 'પલટન' નામે શિસ્તબદ્ધ દળ પણ રખાતું. જેમાંથી જેલ રક્ષકો પૂરા પડતા. તથા ગાર્ડ ઓફ ઓનર જેવા કામ તે કરતુ. બીજાવર્ગના રાજ્યમાં 'સિબંદી'ની સંખ્યોચી રહેતી. રાજદરબાર અને રાજમહેલના રક્ષણ માટે થોડાક અરબો રાખવામાં આવતા.*

*દરેક રાજ્યમાં પોલીસ ખાતામાં 'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ' નામે અમલદાર રહેતો. ક્યારેક આ હોદ્દા પર રાજાના સગાને, ભયાતને કે અંગ્રેજને રાખવામાં આવતો. રાજ્યના કદ અને વસ્તી પ્રમાણે પોલીસની સંખ્યા રખાતી. દરેક ગામમાં વર્દી સાથેનો એક પોલીસ પટેલ રહેતો. સૌરાષ્ટ્રનાં મોટાભાગનાં ગામોમાં 'પક્કા પગી'ની વ્યવસ્થા હતી. ચોરી થાય તો તે ચોરોને પકડવાની જવાબદારી ત્યાંના પગીની રહેતી. જો ચોર ન પકડી શકે તો પંચકેસ પ્રમાણેની ચોરીની રકમ પગીએ ભરવી પડતી.*

5.7.8.4.2 *જમીન મહેસૂલ*

*જમીન મહેસૂલ જમીનની જાત અને પાકના પ્રકાર પર આધારિત હતું. કેટલાંક રાજ્યોમાં મહેસૂલ અનાજના સ્વરૂપમાં લેવાતું. જે 'ભાગબટાઈ' કહેવાતું. કેટલાંક રાજ્યોમાં મહેસૂલ રોકડ રકમમાં લેવાતું જે 'વિઘોટી' કહેવાતું. ભાગબટાઈ ઉપજનો* 1/4 *ભાગ જયારે વિઘોટી એક એકર જમીન પર* 1/4 *રૂપિયા લેવાતો. દરેક મૌસમમાં પાક*

તૈયાર થતાં ગામનો બધો પાક એક જગ્યાએ ભેગો કરતો. એ જગ્યાને 'ખળી' કે 'ખાળાવાડ' તરીકે ઓળખાતો.

દરેક રાજ્યમાં મહેસૂલ-ખાતું રહેતું જે મહેસૂલ વિષયક પ્રશ્નો હલ કરતું. આ ખાતામાં 'રેવન્યુ કમિશનર' કે 'રેવન્યુ કારભારી' નામે અમલદાર નીમાતો. તેની નીચે વસુલાત અધિકારીઓ રહેતા. દુષ્કાળ સમયે ખેડૂતોને રાહત આપતી. નવાં ગામ વસવાય ત્યારે ત્રણ વર્ષનું મહેસૂલ માફ કરી ખેડૂતોને જમીન આપતી.

5.7.8.4.3 *ન્યાય, કાયદા*

ફોજદારી અને દીવાની બાબતોમાં દેશી રાજ્યોને સંપૂર્ણ સત્તા હતી અને તેના ચુકાદાને બ્રિટિશ અદાલતમાં પણ પડકારી શકતો નહીં. નવાનગર જેવા પ્રથમ વર્ગના રાજ્યમાં ફોજદારી ગુનાઓ માટે સર ન્યાયાધીશ અદાલત, ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ અદાલત, સેકન્ડ ક્લાસ મેજિસ્ટ્રેટ અદાલત, થર્ડ ક્લાસ મેજિસ્ટ્રેટની અદાલતો હતી. કેટલીક મહેસૂલી અદાલતો પણ હતી. લીબડી જેવા બીજા વર્ગના રાજ્યમાં હજૂર અદાલત, સર ન્યાયાધીશ કે જ્યુડિશિયલ કારભારીની અદાલત અને મુન્સિફ કે ન્યાયાધીશની અદાલતો હતી.

અંગ્રેજ સરકારના પ્રદેશો અને દેશી રાજ્યો તથા દેશી રાજ્યો-રાજ્યો વચ્ચેના સરહદી ઝઘડાના ઉકેલ માટે સરકારે ઈ.સ. 1873માં 'રાજસ્થાનિક કોર્ટ'ની સ્થાપના કરેલી. જેણે ઈ.સ. 1890 સુધીમાં તમામ સરહદી ઝઘડાઓનો નિકાલ કર્યો હતો. વકીલોને વકીલાત માટે રાજ્ય તરફથી ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસ એવી સનદ આપવામાં આવતી હતી.

5.7.8.4.4 *શિક્ષણ*

કાઠિયાવાડમાં પહેલાં શિક્ષણખાતું અંગ્રેજ સરકાર પાસે હતું. દેશી રાજ્યોના આગ્રહથી પછીથી તે દેશી રાજ્યોને સોંપાયું. રાજકુમાર કૉલેજમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર રાજાઓએ પોતાના રાજ્યમાં શિક્ષણને ઉત્તેજન આપ્યું હતું. રાજ્યમાં ગુજરાતી અને અંગ્રેજી શાળાઓની સંખ્યા અને તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા પ્રયાસો કર્યા. કન્યા શાળાઓ પણ શરુ કરવામાં આવેલી. ખાનગી 'ધૂળિયા શાળાઓ' પણ પ્રચલિત હતી. મોટાભાગનાં રાજ્યો મફત કે નજીવી ફી લઈ શિક્ષણ આપતાં. જેમાં વડોદરા, ભાવનગર, જૂનાગઢ, લીબડી, ગોંડલ વગેરે રાજ્યોનું આ ક્ષેત્રેનું કામ નોંધપાત્ર હતું. શિક્ષણખાતાના વડા તરીકે 'એજ્યુકેશન ઈન્સ્પેક્ટર' નામે અધિકારી રહેતો. કેટલીક વાર હાઈસ્કૂલના હેડમાસ્તરને આ હોદ્દો અપાતો. કેટલાંક રાજ્યો તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કે વિદેશ અભ્યાસ વાસ્તે શિષ્યવૃત્તિ કે આર્થિક મદદ પણ આપતાં હતાં. અને પુસ્તકાલયો, વાંચનાલયો પણ રાજ્યના ખર્ચે નિભાવવામાં આવતાં.

5.7.8.4.5 *ઔષધાલય અને આરોગ્ય*

મોટાભાગનાં રાજ્યોમાં રાજ્યના ખર્ચે આવશ્યકતા મુજબ ઔષધાલયો (દવાખાનાં) ચાવવામાં આવતાં. રાજ્યના મુખ્ય મથકે હોસ્પિટલ બનાવાતી. તેમાં અંદરના અને બહારના દર્દીઓનો વિભાગ, ઓપરેશનની વ્યવસ્થા પણ કરવામાં આવતી. રાજ્યમાં મોટાં ગામોમાં દવાખાનાં હતાં. જેમાં પ્રજાને મફત અને નજીવી ફી લઈ સારવાર અપાતી. આ ખાતામાં ઉપરી વડો 'ચીફ મેડિકલ ઓફિસર' નામે અધિકારી રહેતો. મુખ્ય મથકની હોસ્પિટલના મુખ્ય ડૉક્ટરને આ સ્થાન અપાતું.
શીતળા ટંકાવવા ખાસ અધિકારી રાખતો. પ્લેગ જેવા રોગચારા માટે રાજ્ય તકેદારી લેતું. કેટલાંક મોટાં રાજ્યોમાં પશુ દવાખાનાં પણ હતાં. પ્રજાની વસ્તીના પ્રમાણમાં રાજ્ય ઔષધ-ખાતા પાછળ ઓછુ ખર્ચ કરતું. કેટલાક ગામોમાં ખાનગી વૈદ્યો સારવાર કરતા. કેટલીક વાર મુખ્ય હોસ્પિટલના મુખ્ય ડૉક્ટરને વધુ અભ્યાસ માટે રાજ્યના ખર્ચે વિદેશ મોકલવામાં આવતા. તબીબના વિદ્યાર્થીઓને મપણ રાજ્ય આર્થિક મદદ કરતુ હતું.

5.7.8.4.6 આવક અને ખર્ચનાં સાધન

રાજ્યોની આવકનું પ્રમુખ સાધન જમીન-મહેસૂલ હતું. જકાત, કોર્ટ-ફી, ઈજારા-ફી, દંડ જપ્તી વગેરેમાંથી પણ રાજ્યને આવક થતી. ઉપરાંત નજરાણાં, લાયસન્સ-ફી, ટ્રામ-વે રેલવે, મેળાઓ નોંધપાત્ર આવક કરી આપતાં. ઔદ્યોગિક સાહસોમાં જો રાજ્યે રોકાણ કર્યું હોય તો તેમાંથી પણ આવક થતી. કેટલાંક રાજ્યોમાં કરવેરાનું પ્રમાણ વધુ હતું. રાજ્યોમાં રાજકુટુંબમાં જન્મ અને લગ્નના પ્રસંગે પ્રજા પાસેથી વિશેષ કર લેવાતો. જેમાં 'કુંવર પછેડો', વિવાહ-વધાવો', 'કન્યા ચોળી' વગેરે કરો હતા. કોઈ રાજ્યમાં ઘરવેરો, ઘી ઉપરનો ઓક્ટ્રોઈ વેરો અને લગ્ન, છૂટાછેડા ઉપર પણ કર લેવામાં આવતો. હરિજનો, મુસ્લિમો, કણબી, રબારી, મેર વગેરે જ્ઞાતિઓ પ્રમાણે કર લેવાતો. બ્રાહ્મણો કરમુક્ત હતા.

5.7.8.4.7 સિક્કાઓ,ટીકીટો તથા દસ્તાવેજી કાગળો

ભાવનગર, નવાનગર, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને વડોદરા રાજ્યોને પોતાની સિક્કા પડવાની ટંકશાળ હતી. એમાંના ઘણાં રાજ્યોમાં ચાંદીની કોરીનું ચલણ હતું. અંગ્રેજ સરકારના એક રૂપિયા બદલ ચાંદીના સાડા ત્રણથી પાંચ કોરીનું ધોરણ રાખતું. ઈ.સ. 1908 સુધીમાં અંગ્રેજોએ દેશી રાજ્યોમાંથી ઘણી ટંકશાળો બંધ કરાવી હતી. કેટલાંક રાજ્યોને પોતાની રેવન્યુ ટિકિટો, કોર્ટ-ફીની ટિકિટો અને દસ્તાવેજી કાગળો છાપવાની, ચલાવવાની છૂટ હતી. બીજા વર્ગના રાજ્યોને સિક્કા પાડવાની સત્તા નહોતી. પણ કોર્ટ-ફીની ટિકિટો અને દસ્તાવેજી કાગળો છાપવાની, ચલાવવાની છૂટ હતી.

5.7.8.4.8 સાંસ્કૃતિક અને અન્ય વિગતો

કેટલાંક રાજ્યો  તરફથી પ્રજાના આગેવાનોને વિશિષ્ટ સેવા કે સિદ્ધિ બદલ 'રાજરત્ન'નો ખિતાબ આપતા. મોટા રાજ્યોમાં એક અમીરને 'તાઝિમી સરદાર'નો ખિતાબ આપવામાં આવતો હતો. ઢસા જેવા છઠ્ઠા વર્ગના રાજ્યમાં 'ઢસાનૂર', 'દીપક',

'પુષ્પ', 'રંજન' અને 'ભૂષણ' જેવા ઇલ્કાબો અપાતા હતા. પ્રત્યેક રાજ્યને પોતાનું રાજચિહ્ન, રાજ્યસૂત્ર અને રાજ્યગીત હતું. પ્રત્યેક રાજ્ય પોતાનું દરબારી ગેઝેટ બહાર પાડતું. રાજ્યની પ્રવૃત્તિઓનો દર વર્ષે 'વાર્ષિક વહીવટી અહેવાલ' બહાર પડતો. જેમાં દરેક ખાતાની કામગીરીની વિગતો અને વિશિષ્ટ બનાવો કે ફેરફારની નોંધ અપાતી. દરેક રાજ્યને પોતાનો 'રાજકવિ' (મોટેભાગે ચારણ/ગઢવી) રહેતો. જે શુભ પ્રસંગોએ રાજાની પ્રશસ્તિ રચી દરબારમાં સંભળાવતો. તેવી રીતે રાજ્યનો પોતાનો વકીલ પણ રહેતો. જે એજન્સી કે પ્રાંતિક સરકાર સાથે કાયદા-વિષયક બાબતો પતાવવામાં સહાય કરતો. આમ, દેશી રીયાસતોની રાજ્યવ્યવસ્થા વિશિષ્ટ પ્રકારની અને વૈવિધ્યપૂર્ણ હતી.

**સમાજ સુધારણા અને સુધારકોઃ**

19મી સદીમાં હિંદુ સમાજ અનેક નાની મોટી જ્ઞાતિઓમાં વિભક્ત હતો. સમાજમાં અઢાર વર્ણ મૌજુદ હતા. કવિશ્રી દલપતરામેં પોતાના જ્ઞાતિ વિશેના નિબંધમાં તો સમકાલીન 'વિમલપ્રબંધ' નામના ગ્રંથમાં ગુજરાતની વિભિન્ન જ્ઞાતિઓની માહિતી આપી છે. અંગ્રેજ બોરડેલે 1827માં સુરતની જ્ઞાતિઓની નોંધણી કરાવેલી તે મુજબ 207 જ્ઞાતિ હતી. દરેક જ્ઞાતિમાં ચોક્કસ પ્રકારના સ્પર્શાસ્પર્શના નિયમો હતા. સમાજમાં સૂતકનું ખાસ મહત્ત્વ હતું. બ્રાહ્મણોમાં ઉપનયન સંસ્કારનું મહત્ત્વ વિશેષ હતું. જ્ઞાતિ રીવાજોની બાબતમાં 'જ્ઞાતિબહિષ્કાર' ભયંકર સજા હતી. વિદેશ-પ્રવાસ માટે પણ હિંદુ સમાજમાં પ્રતિબંધ હતો. દરિયાની મુસાફરી માટે અનેક સમાજના રોષનું ભોગ બનવું પડતું હતું. શ્રી નંદશંકર સમાજના આ નિયમને કારણે વિદેશ જઈ શકેલા નહી. તો નાગર જ્ઞાતિના શ્રી મહીપતરામ રૂપરામને ઈંગ્લેન્ડ જવા બદલ જ્ઞાતિના વિરોધનો ભોગ બનવું પડ્યું હતું.

આ સમયે સમાજમાં કન્યાવિક્રય, બાળલગ્ન, સતીપ્રથા, દૂધપીતી વગેરેના ચાલ જેવા અનેક દૂષણ સમાજમાં પ્રવર્તમાન હતા. બહુપત્ની ત્વ, વૃદ્ધલગ્ન, છૂટાછેડા અનિષ્ટો પણ સર્જાતા હતા. અસ્પૃશ્ય જ્ઞાતિઓ માટે શિક્ષણની કોઈ સુવિધા નહોતી તથા સમાજમાં આભડછેટ માટેના નિયમ સખ્ત હતા. જોકે સયાજીરાવ ગાયકવાડે આ દિશામાં સૌ પ્રથમ કામ કરી 1883માં વડોદરા રાજ્યમાં અંત્યજો માટે અલગ શાળાઓ શરુ કરેલી. તેમાં હિંદુ શિક્ષકો તૈયાર ન થતાં મુસ્લિમ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવતું હતું. આમ શ્રી સયાજીરાવ ગાયકવાડે અસ્પૃશ્યતા નિવારણના કાર્યને વેગવંતુ બનાવ્યું હતું.

ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે ક્રાંતિ લાવવાનું કાર્ય વર્તમાનપત્રોએ કર્યું હતું. સમાજસુધારકોમાં પ્રથમ હતા દુર્ગારામ મહેતા. તેમણે 1844માં 'માનવધર્મસભા'ની સ્થાપના કરી નાતજાતના ભેદભાવની નાબૂદી અને વિધવાવિવાહને ઉત્તેજન માટે કાર્ય કર્યું. તેઓ મેલીવિદ્યા અને જંતરમંતરના પ્રખર વિરોધી હતા. તેમણે પોતે વિધવા સાથે લગ્ન કરી એ કુરિવાજ પર પ્રહાર કર્યો. આ સમયે દુર્ગારામ, દાદોબા, દલપતરામ, દામોદરદાસ અને દિનમણિશંકર(પાંચ દદ્દા) જેવા સુધારકોએ સમાજસુધારણા ક્ષેત્રે

*નોંધપાત્ર કામ કર્યું. કવિ દલપતરામ વિવેકી સુધારક હતા. તેમણે અનેક કુરિવાજો પર નિબંધો લખી કુરૂઢિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો. કન્યા કેળવણી ક્ષેત્રે હઠીસિંહનાં પત્ની હરકોર શેઠાણીના નામે તેમજ શેઠ મગનભાઈ કરમચંદના નામથી* 1850*માં કન્યાશાળાઓ શરુ કરવામાં આવી હતી. આ કાળે સમાજસુધારણામાં કવિ નર્મદાશંકરનું નામ આગળ પડતું હતું.* 1869-70*માં નર્મદાગૌરી નામના વિધવા સાથે લગ્ન કર્યું તેથી તેમને જ્ઞાતિ બહાર મુકવામાં આવેલા. તેમ છતાં તનો મક્કમતાથી સામનો કર્યો.* 1866*માં 'હિંદુઓની પડતી' પુસ્તક લખી વહેમો અને કુરિવાજો સામે બંડ પોકાર્યું હતું. તેમણે સ્ત્રીઓની દુર્દશા જોઈ બાળલગ્ન સામે ઝુંબેશ ઉપાડી હતી. પોતાના વિચારોના પ્રસાર માટે 'ડાંડિયો' પાક્ષિક શરુ કરેલું અને આમ ગુજરાતના અનેક મહત્ત્વના શહેરોમાં સુધારાની ચળવળને વેગ મળ્યો. મહીપતરામ નીલકંઠે અનેક નામાંકિત સંસ્થાઓના પ્રમુખ તરીકે રહી સમાજસુધારણાને વેગ આપ્યો હતો. શ્રી કરશનદાસ મૂળજી મુંબઈમાં બુદ્ધિવર્ધક સભામાં રહી સામાજિક અને કેળવણી ક્ષેત્રે પ્રશંસનીય સેવા આપી. શૈવ સંપ્રદાય વિરુદ્ધ લખાણ છાપી 'મહારાજ લાયબલ કેસ' નામે જાણીતા કેસમાં જીત મેળવી ખ્યાતિપ્રાપ્ત કરી હતી.*

*આ ઉપરાંત ભોળાભાઈ સારાભાઈ, કેખુશરો નવરોજી, બહેરામજી મલબારી, મણીભાઈ નભુભાઈ, ગોવર્ધાનરામ ત્રિપાઠી, સયાજીરાવ ગાયકવાડ, રમણભાઈ નીલકંઠ વગેરેએ સમાજસુધારણા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી હતી.*

*આમ આ સમયે સમાજસુધારણાની ઝુંબેશને પરિણામે સમાજના સ્ત્રીઓને લગતા કુરિવાજો બાબતે જાગૃતિ આવી હતી અને કન્યા કેળવણીની શરૂઆત થઈ.* 19*મી સદીમાં કન્યા કેળવણીમાં સૌ પ્રથમ કન્યાશાળા ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ શરુ કરી. સને* 1901*માં વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાબહેન મહેતા ગુજરાતના પ્રથમ સ્ત્રી સ્નાતકો હતા. શ્રી સુલોચનાબહેને શ્રીમતી શારદાબહેનના સહકારથી* 1914*માં અમદાવાદમાં 'વનિતા વિશ્રામ'ના અંગ તરીકે 'મહિલા વિદ્યાલય' શાળા શરુ કરેલી. જેણે અમદાવાદમાં સ્ત્રી-કેળવણી ક્ષેત્રે મહત્ત્વનું કામ કર્યું. અને આમ ધીમે ધીમે સ્ત્રીઓ સામાજિક અને રાજકીય જાહેર જીવનમાં ભાગ લેતી થઈ. આમ સમાજસુધારકોના અથાગ પ્રયાસો થકી ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર ફેરફારો થયા હતા. મુસ્લિમ સમાજની રીતિઓ પર પણ હિંદુ પ્રભાવ રહ્યો. આ સમાજની સ્ત્રીઓ હિંદુઓની જેમ સતમાસો(સીમંત સંસ્કાર), મહેંદી પ્રથા, બાધા, માનતા(મન્નત), ટુચકા, રાતીજગો, માંડવો વગેરેમાં માનતી હતી. તત્કાલ મુસ્લિમ સમાજની સ્થિતિ યકીને લખેલ ઉર્દુ હસ્તપ્રત 'ફિલહુલ મુબીન' નામના પુસ્તકમાંથી મળે છે.* 19*મી સદીના ખાસ કરીને સુરતના પારસીઓ સમૃદ્ધ હતા. તેમના રહેણીકરણી, પોશાક વગેરે ગુજરાતીઓ જેવા જ હતા. ધનિક વર્ગમાં જ સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકાતી.* 1853*માં સર જમશેદજીએ સૌ પ્રથમ નવસારીમાં પારસી કન્યાશાળા શરુ કરેલી.* 1857*માં બીજી પારસી કન્યાશાળા શરુ થઈ.તેને* 1872*માં 'બાઈ*

નવાજબાઈ તાતા નવસારી જરથોસ્ત્રી છોકરીઓની નિશાળ' નામ અપાયું. એમાં લખવા, વાંચવા, ભરવા, ગૂંથવા, રાંધવા, ગાવા, સીવવા જેવી તાલીમ સાથે અંગ્રેજી કેળવણી પણ અપાતી હતી. તેમના ખાણીપીણી ગુજરાતીઓ કરતાં અલગ હતાં. કુમારને પાંચ અને કન્યાને છઠ્ઠા વર્ષે અભ્યાસ માટે મૂકવામાં આવતાં. 1865માં પારસી લગ્ન અને છૂટાછેડાનો ધારો બહાર પડ્યો તેમાં બહુપત્ની ત્વને ગેરકાનૂની ઠરાવવામાં આવ્યો. પછીથી મુંબઈ અને બીજે ઠેકાણે ભરાયેલ પારસી જાહેરસભાઓમાં કુરિવાજો દૂર કરવા નિયમો ઘડાયા હતા. આમ અનેક પારસીઓએ પારસી કોમના કલ્યાણ માટે દાન અને પૂર્તકાર્યો સાથેજ ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં ફાળો આપ્યો છે. આ કાળે ગુજરાતની કેટલીક કોમોએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. આમ ગુજરાતનો ખ્રીતી સમાજ મોટા ભાગે સ્થાનિક ગુજરાતી લોકોનો બનેલો હતો. ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, પંચમહાલ, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં ગુજરાતની આદિમ જાતિઓ નિવાસ કરતી હતી. જે અનેક જાતિઓમાં વહેંચાયેલી હતી. તે પોતાના પરંપરાગત જીવનશૈલી મુજબ અનેક વિશિષ્ટતાઓ ધરાવતી હતી.

**કલા-સ્થાપત્યઃ**

ઈ.સ. 1818થી 1914ના સાંસ્થાનિક યુગમાં આંતરિક સંરક્ષણથી ગુજરાતમાં સ્થાપત્ય ફરી વિકાસ કરવા લાગ્યું હતું. ખાસ કરીને રહેણાંક સ્થાપત્ય અને તે પણ સાંસ્થાનિક અસરવાળું(વિદેશી શૈલી) સાથે સ્થાનિક શૈલી પણ જોવા મળી. આ કાળથી ગોથિક રેનેસાં તથા નીઓ-ગોથિકવાળાં યુરોપિયન સ્થાપત્યની અસર ગુજરાતના સ્થાપત્યમાં પ્રયોજવા લાગી. આ શૈલી અલંકરણ પૂરતી માર્યાદિત રહી જેમાં દરબારગઢો, હવેલી, હવેલી મંદિરો વગેરે મુખ્ય છે. જોકે પરંપરાગત ગુજરાતી મકાનના પ્લેનને કોઈ અસર થઈ નહી. સિદ્ધપુર, કપડવંજ તથા સુરતના વહોરાઓના મકાનોમાં યુરોપિયન અસર જોવા મળે છે. લાકડાનું સ્થાપત્ય પણ ચાલુ રહ્યું. 'સૌરાષ્ટ્રનાં આ કાલના સ્થાપત્ય મોટાભાગે પથ્થરનાં નિર્માણ પામ્યાં. હળવદ, જામનગર અને રાજકોટના મહેલોમાં સુશોભન માટે લાકડું વપરાયું છે. અમદાવાદમાં મોટાં ઘર(હવેલીઓ) બંધાઈ. જેમાં શાહપુરમાં લલ્લુ બહાદુરની હવેલી, દોશીવાડાની પોળ અને ફતાશા પોળમાં હઠીસિંહ કુટુંબની હવેલી, હાજાપટેલની પોળમાં ટંકશાળની હવેલી સાંકડીશેરીમાં દિવેટિયાની હવેલી વગેરે મુખ્ય સ્થાપત્ય છે. હઠીસિંહનું મંદિર, દરિયાપુરનું સ્વામિનારાયણ મંદિર એ બે મંદિરો બંધાયા. ઉપરાંત મોટી સંખ્યામાં હિંદુ મંદિરો અને જૈન મંદિરોનું પુનઃનિર્માણ થયું.

1837ની આગની હોનારત પછી સુરતમાં સ્થાપત્યનો વિકાસ થયો. તેમાં મુંબઈ શૈલી જોવા મળે છે. જે નીઓ-ગોથિક શૈલીએ બંધાયાં છે. સુરતની ગોપીપુરા વોર્ડની ઈમારતો આ પ્રકારની છે. વડોદરામાં શાહી ઈમારતોમાં જૂના સરકારી વાડા ચાલુ રહ્યા. ઉપરાંત કેટલાક નવા સ્થાપત્યો બંધાયા. જેમાં રેનેસાં શૈલીએ 1870-75માં નઝરબાગ મહેલ બંધાયો. એના પછી 1878-90માં લક્ષ્મીવિલાસ મહેલ બાંધવામાં આવ્યો. 1880માં

*મકરપુરાનો નવો મહેલ મિ. ચિશોલ્પ દ્વારા બંધાયો. તેમણે પ્રસિદ્ધ વડોદરા કોલેજની ડિઝાઈન તૈયાર કરી હતી. 1910માં એમાં ન્યાય મંદિર અને બરોડા મ્યુઝીયમ ઉમેરાયા હતા. 1833-34માં બ્રિટિશ પ્રેસિડેન્સીનાં મકાનો બંધાયાં હતાં.*

*સૌરાષ્ટ્રના બધાજ મહેલો સાંસ્થાનિક શૈલીમાં બાંધવામાં આવ્યા હતા. જેમાં રાજકોટ, ધ્રાંગધ્રા, જામનગર, પોરબંદર, ભાવનગર, મોરબી, વઢવાણ વગેરેના મહેલો આ સમયે બંધાયા હતા. ભૂજમાં આવેલ પ્રાગમલજીનો મહેલ અને જૂનાગઢનો રાજમહેલ આ સમયના સ્થાપત્યો છે. હળવદના મહેલની કાષ્ઠ-કોતરણી સમગ્ર સૌરાષ્ટ્રમાં સુંદર છે. ધાર્મિક ઈમારતોમાં પુષ્ટિમાર્ગ અને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો ખુબ મોટા છે. આવા મોટાં મંદિરો 'હવેલી મંદિરો' કહેવાય છે. જાણીતાં હવેલી મંદિરો જામનગર, ભાવનગર, વડોદરા અને સુરતમાં તો સ્વામિનારાયણ મંદિરો વડતાલ, અમદાવાદ, ધોળકા અને વડોદરામાં બંધાયાં. જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર ખાસ કરીને આ કાળમાં કરવામાં આવ્યો. જામનગરમાં શીખોનું ગુરુદ્વારા બંધાયું. ઉપરાંત કેટલીક મસ્જિદો, વાડાઓ, અગિયારીઓ, બજારો, હવેલીઓ હિંદુ અને જૈન મંદિરો, રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ દેવળો મોટી સંખ્યામાં નિર્માણ પામ્યાં હતાં.*

*બ્રિટિશ કાલ દરમ્યાન ગુજરાતની પ્રશિષ્ટ શિલ્પકલામાં હવે પાશ્ચાત્ય અસર ભળવી શરુ થઈ હતી.ગુજરાતની કલા પર યુરોપિયન/વિક્ટોરિયન કલાની અસરોથી ગુજરાતનાં અનેક મંદિરો, મહેલો-હવેલીઓ, નાનાં-મોટાં મકાનો વગેરે સ્થાપત્યો અને શિલ્પો ઓતપ્રોત થયેલાં નજરે પડે છે. પથ્થર કે કાષ્ઠની શિલ્પકૃતિઓ પણ વિક્ટોરિયન કલાથી પ્રભાવિત જોવા મળે છે. વોટ્સન સંગ્રહાલય, રાજકોટનું સફેદ આરસનું મહારાણી વિક્ટોરિયાનું શિલ્પ યુરોપિયન કળાનો ઉત્તમ નમૂનો છે. તો અમદાવાદના હઠીસિંહનાં જૈન મંદિરમાં આ સમયની શિલ્પ-સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂના છે. ઉપરાંત ધોળકા, ધોલેરા અને અમદાવાદના સ્વામિનારાયણ મંદિરોમાંનાં શિલ્પોમાં યુરોપિયન શૈલી જોવા મળે છે.*

*કલાના વિકાસ માટે રાજકીય શાંતિ અનિવાર્ય છે. સાંસ્થાનિક સમય કલાના વિકાસ માટે યોગ્ય હોઈ ચિત્ર, નાટ્ય અને સંગીત કલાનો વિકાસ પણ થયો. કળાએ સમાજાભિમુખ સ્વરૂપ ધારણ કર્યું. અનેક કલાકારોને રાજ્યાશ્રય આપવામાં આવતો હતો. શ્યામરાવ જેવા મહારાષ્ટ્રી ચિત્રકારે રાજકોટના અગ્રણીઓની તસવીરો ચીતરી આપી હતી. સર લ્યૂક ફીલ્ડ્ઝ, ફ્રાંક બ્રૂક્સ વગેરે અંગ્રેજ ચિત્રકારોએ કાઠિયાવાડના રાજાઓની તસવીરો ચીતરી હતી. જર્મન ચિત્રકાર વાન રથે નવાબ મહોબતખાન-2નું ચિત્ર તથા જૂનાગઢના લોકજીવન પર કેટલાંક ચિત્રો બનાવ્યા હતાં. ગામડાઓમાં લોકો પોતાના ઘરની શોભા માટે દીવાલમાં રામાયણ,મહાભારત અને પુરાણોનાં કથા-પ્રસંગોનાં ચિત્રો કરાવતાં. હસ્તલિખિત જૈન અને જૈનેતર પોથીઓમાં ચિત્રો આલેખવાની પરંપરા જળવાઈ રહી હતી. મુંબઈમાં સર જમશેદજી જીજીભાઈએ આ કલાના વિકાસ માટે મોટું દાન*

આપેલું. તેથી તેમના નામે સર જે.જે.સ્કૂલ ઓફ આર્ટની સ્થાપના સને 1858માં થઈ હતી. જેણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચિત્રકલાના શિક્ષણને ઉત્તેજન આપ્યું હતું. ગુજરાતના આ કાળના મંદિરોમાં ચિત્રો પ્રાપ્ત થાય છે. પારસી, ગુજરાતી અને ઉર્દુ નાટક મંડળીઓ પોતાના ચિત્રકારો પાસે ઐતિહાસિક પૌરાણિક, ધાર્મિક અને સામાજિક દ્રશ્યોના ચિત્રો બનાવડાવતા હતા. નૃત્યકલાનો સારો વિકાસ થયો હતો. નાટ્યકલા અને ગીતસંગીત કલાનો પણ વિકાસ નોંધપાત્ર રહ્યો. હુન્નરકલામાં રંગાટી અને છાપકામ, ભરતગૂંથણ, મોતીકામ, ધાતુકામ, અકીકનો ઉદ્યોગ, જરીકસબ ઉદ્યોગ, માટીકામ, ખરાદીકામ વગેરે કલાઓ વિકસી હતી.

### 5.7.9 દેશી રાજ્યોના સિક્કા.

1857ના સંગ્રામ પહેલાં ઘણાં વર્ષો પહેલાં અંગ્રેજો સર્વસત્તાધીશ બન્યા હતા. છતાં એમના સિક્કા પડવાના હક્કની વચ્ચે આવ્યા નહી. દેશી રાજ્યોએ શરૂમાં સિક્કા ઉપર મુઘલ શહેનશાહનું નામ ચાલુ રાખ્યું, પરંતુ 1857માં બહાદુરશાહ દેશનિકાલ થતાં એનું નામ ચાલુ રાખવું નિરર્થક હતું.

1876માં અંગ્રેજોએ જાહેર કર્યું કે જે રાજ્યો પોતાની ટંકશાળ બંધ કરી અંગ્રેજી ટંકશાળમાં પોતાના સિક્કા પડાવશે તેમને એ સિક્કા વિનામૂલ્યે પાડી આપવામાં આવશે. અ પ્રથા 1893માં બંધ થતાં રાજ્યોના સિક્કાની કિંમત બજારમાં ઘટી ગઈ.

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

1. દેશી રાજ્યોના વહીવટીતંત્ર વિશે સંક્ષિપ્તમાં લખો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. દેશી રાજ્યોના સિક્કાઓ વિશે ટૂંકમાં જણાવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________

**3. જોડકાં જોડો**

| | |
|---|---|
| (1)રાજા | (a)રાજાને વહીવટમાં મદદ કરનાર |
| (2)પોલિટિકલ એજન્ટ | (b)ચોર પકડનાર |
| (3)મુખ્ય કારભારી | (c)રાજ્ય વહીવટ પર દેખરેખ રાખનાર અધિકારી |
| (4)પગી | (d)અનાજ સ્વરૂપે મહેસૂલ |
| (5)ભાગબટાઈ | (e)રાજ્યનો સર્વોચ્ચ વડો |
| (6)વિઘોટી | (f)મહેસૂલખાતાનો અધિકારી |
| (7)રેવન્યુ કમિશનર | (g)રોકડ મહેસૂલ |

## 5.8 સારાંશ

*આ એકમના અભ્યાસથી તમે જાણ્યું કે અંગ્રેજ શાસન દરમિયાન ગુજરાતમાં દેશી રિયાસતોમાં વિવિધ કુળોના રાજવંશો સત્તાઓ ભોગવતાં હતાં. ગુજરાતના જુદા જુદા વિભાગમાં જે નાની મોટી રિયાસતો હતી તેનો વિસ્તાર, વસતી અને આવક-જાવકમાં જેટલું વર્ચસ્વ ધરાવતી હતી તે મુજબ તેમને ચડતા ઉતરતા વર્ગમાં મુકવામાં આવી હતી. એજન્સીના અમલદારો તરફથી જુદા જુદા વર્ગની નાનીમોટી રિયાસતોના રાજ્યકર્તાઓને વ્યવહારમાં સંબોધન અંગેના શબ્દ પ્રયોગ નક્કી કરવામાં આવ્યા હતા. તથા રેસીડન્સી અને પોલિટીકલ એજન્સીઓ કેવી રીતે કામ કરતી હતી તે પણ જોયું. ગુજરાતની રિયાસતોને જુદા જુદા વિભાગમાં વહેંચવામાં આવી હતી. તેમાં 'સલામી' અને 'બિનસલામી' એમ પ્રકાર પાડવામાં આવ્યા હતા. આમ, દેશી રાજ્યોમાં વહીવટીતંત્ર વિશિષ્ટ અને વિવિધતાથી ભરેલું હતું.*

## 5.9 શબ્દાવલી

| | |
|---|---|
| **રૈયતવારી પ્રથા** | *પ્રજા પાસેથી સીધું મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિ* |
| **સલામી રાજ્યો** | *પહેલા અને બીજા વર્ગનાં રાજ્યો* |
| **બિનસલામી રાજ્યો** | *ત્રીજાથી સાતમા વર્ગનાં રાજ્યો* |
| **પોલિટીકલ એજન્ટ** | *અંગ્રેજ સરકારે દેશી રાજ્યના વહીવટ પર દેખરેખ રાખવા નિમેલ અધિકારી* |
| **દિવાન** | *રાજાને વહીવટી બાબતોમાં સલાહ-મદદ આપવા નિયુક્ત અધિકારી* |
| **ખબી** | *ખરું, મૌસમનો પાક તૈયાર થાય ત્યારે ગામનો બધો પાક એક જગ્યાએ એકઠો કરવી જગ્યા* |
| **બારખલી** | *જમીન માલિકો ખબી નાંખ્યા વગર ખબી જમીનનો પાક ઉપાડી લેતા તે જમીન* |
| **રેવન્યુ કારભારી** | *રાજ્યમાં મહેસૂલ ઉઘરાવવા તેમજ તેને લગતા પ્રશ્ન ઉકેલવા નિયુક્ત અધિકારી* |
| **કુંવર પછેડો** | *રાજાના કુંવરના જન્મ સમયે પ્રજા પાસેથી લેવાતો કર* |
| **વિવાહ વધાવો** | *કુંવરના લગ્ન પ્રસંગે લેવાતો કર* |
| **કન્યા ચોખી** | *કુંવરીના લગ્ન પ્રસંગે પ્રજા પાસેથી લેવાતો કર* |

## 5.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**ખરાં-ખોટાં**

(1) *સાચું* (2) *સાચું* (3) *ખોટું* (4) *ખોટું*

**ખાલી જગ્યા પૂરો**

(1) 1807 (2) *વસઈ* (3) 1857

**જોડકા**

(1)-(e) (2)-(c) (3)-(a) (4)- (b)
(5)-(d) (6)-(g) (7)-(f)

## 5.11 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

*પ્રશ્ન. ઈ.સ.* 1818*થી* 1914 *દરમિયાનની ગુજરાતની સમકાલીન રિયાસતો પર વિસ્તૃત નોંધ તૈયાર કરો.*

*પ્રશ્ન. તળ ગુજરાતની મુખ્ય રિયાસતો વિશે વિગતે સમજાવો.*

*પ્રશ્ન. કચ્છ,સૌરાષ્ટ્રની મુખ્ય રિયાસતો વિશે વિસ્તારથી વર્ણન કરો.*

*પ્રશ્ન. જેઠવા અને ઝાલાવંશની રિયાસતો વિગતે સમજાવો.*

*પ્રશ્ન. ગૂહિલવંશ અને જૂનાગઢની બાબીવંશની રિયાસતોનું વિવેચન કરો.*

*પ્રશ્ન. ગુજરાતની* 1818*થી* 1914 *દરમિયાનની અન્ય નોંધપાત્ર રિયાસતો વર્ણવો.*

*પ્રશ્ન. ગુજરાતમાં દેશી રિયાસતોના રાજ્યવહીવટ વિષે મુદ્દાસર સમજ આપો.*

**પ્રશ્ન. ટૂંકનોંધ લખો.**

(1) *ગુજરાતનાં વિવિધ કુળોના રાજવંશો.* (2) *દેશી રાજ્યોના સિક્કા.*

(3) *રિયાસતોનું વર્ગીકરણ અને સત્તાનું નિયતીકરણ.*

(4) *રેસિડેન્સી અને પોલિટિકલ એજન્સીઓ.*

## 5.12 સંદર્ભ સૂચિ


1. *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, ભો.જે.*
*વિદ્યાભવન, અમદાવાદ.*

2. *શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ, સૌરાષ્ટ્રનો ઈતિહાસ.*

3.*ભગવાનલાલ સંપતરામ, કાઠિયાવાડ એજન્સીનાં દેશી સંસ્થાનો સંબંધી કોલકરાર, દસ્તાવેજ અને સનદો.*

4. *નર્મદાશંકર લાલશંકર દવે, કાઠીયાવાડ સર્વસંગ્રહ અને ગુજરાત સર્વસંગ્રહ'.*

5. Bombay Gazetter, Vols. V,VI,VII,VIII & IX.

6. G.H.Desai and A.B. Clarke, Gazetteer of Baroda State, Vol.I

7. R. L. Handa, History of Freedom Struggle in Princely States.

**એકમ : 6**

# દેશી રાજ્યોનો ઈતિહાસ (ઈ.સ. 1914 થી 1947) વડોદરા અને ગોંડલના સંદર્ભમાં )

:: રૂપરેખા::


**6.0 ઉદ્દેશો**

**6.1 પ્રસ્તાવના**

**6.2 દેશી રાજ્યોની એજન્સીઓ**

**6.3 દેશી રાજ્યોનો ઈતિહાસ (ઈ.સ. 1914 થી 1947)**

**6.3.1 કેટલાંક અગ્રગણ્ય દેશી રાજ્યો**

**6.3.2 વડોદરા રાજ્ય (ઈ.સ. 1914 થી 1947)**

- **તમારી પ્રગતિ ચકાસો.**

**6.4 સારાંશ**

**6.5 ચાવીરૂપ શબ્દો**

**6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**6.7 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

**6.8 સંદર્ભ**


## 6.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *દેશો રાજ્યોની એજન્સીઓમાં આવેલાં પરિવર્તનોથી પરિચિત થશો.*
- *દેશી રાજ્યોનો ઈ.સ.* 1914 *થી* 1947 *સુધીના ઈતિહાસને જાણશો.*
- *વડોદરાના વિશેષ સંદર્ભમાં તેનો ઈ.સ.* 1914 *થી* 1947*ના ઈતિહાસના પ્રવાહોથી પરિચિત થશો.*
- *ગોંડળ રાજ્યના સંદર્ભમાં આઝાદી સુધીના તેના ઈતિહાસને જાણશો.*
- *ગુજરાતના વડોદરા અને ગોંડલ દેશી રાજ્યોએ કરેલા સુધારાથી અવગત થશો.*

## 6.1 પ્રસ્તાવના

*ગુજરાતના કેટલાક અગ્રગણ્ય રાજ્યોને ઈ.સ.* 1924*માં દિલ્હીના સીધા અંકુશ નીચે મુકાયા અને તેની દેખરેખ માટે "એજન્ટ ટુ ધ ગવર્નર- જનરલ" અધિકારી રહેતો. ધીમે-ધીમે દેશ આઝાદી તરફ અગ્રેસર થઈ રહ્યો હતો. ત્યારે કેટલાંક દેશી રાજ્યોમાં પ્રજાએ જવાબદાર રાજ્યતંત્ર માંગણીઓ આરંભી આઝાદી પછીના તરતના બીજા વર્ષમાં*

ગુજરાતનાં ઘણાં દેશી રાજ્યોએ જવાબદાર પ્રજાતંત્ર આપ્યાં હતાં. આઝાદી મળતાં દેશી રાજ્યોએ પોતાને હિંદી સંઘ સાથે જોડી દઈ તમામ વહીવટ સરકારને સોંપી દીધો હતો. આમ, ઈ.સ. 1914થી 1947ના સમયમાં ગુજરાતનાં દેશી રાજ્યોના ઈતિહાસમાં જે પરિવર્તનો આપ્યાં તેનો હવે આપણે વિગતે અભ્યાસ કરીશું.

## 6.2 દેશી રાજ્યોની એજન્સીઓ

એકલા સૌરાષ્ટ્રમાં જ 418 જેટલાં નાનાં મોટાં રાજ્યો અને જાગીરો હતાં. તેઓનું સાત શ્રેણીઓમાં વિભાજન કરી ગોહિલવાડ ઝાલાવાડ સોરઠ અને હાલાર એમ ચાર પ્રાંતોમાં એ વહેંચી નાખવામાં આવ્યાં હતાં. 1923માં ચાર પ્રાંતોના ચાર વિભાગોને બદલે બે વિભાગ કરવામાં આવ્યા હતા અને તેઓનાં વિભાગીય મથક રાજકોટ અને વઢવાણ ખાતે રાખવામાં આવ્યાં હતાં. રાજકોટની કોઠી-કચેરી નીચે હાલાર અને સોરઠ પ્રાંત હતા, જ્યારે વઢવાણની કોઠી-કચેરી નીચે ગોહિલવાડ અને ઝાલાવાડ પ્રાંત હતા તેઓને અનુક્રમે "વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી" અને " ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી" એવાં નામ આપવામાં આવ્યાં હતાં. ઈ.સ. 1924માં કચ્છ નવાનગર (જામનગર) મોરબી ગોંડળ ધ્રોળ રાજકોટ જૂનાગઢ પાલનપુર રાધનપુર જાફરાબદ ભાવનગર પાલીતાણા પોરબંદર ધ્રાંગધ્રા વાંકાનેર લીંબડી અને વઢવાણનાં સત્તર સલામી રાજ્ય સીધાં દિલ્હીની દેખરેખ નીચે મુકાયાં હતાં અને તેઓની દેખરેખ રાખનાર તે તે મુખ્ય અધિકારી 'એજન્ટ ટુ ધ ગવર્નર-જનરલ' તરીકેનો હોદ્દો ધરાવતો હતો. બાકીનાં રાજ્ય પોલિટિકલ એજન્સીની સત્તા નીચે હતાં. પાલનપુર એજન્સીનું નામ બદલીને બનાસકાંઠા એજન્સી એવું નવું નામ અપાયું હતું. આમ વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેટૂસ એજન્સીના વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી, ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી અને બનાસકાઠાં એજન્સી એમ ત્રણ પેટા-વિભાગ હતા. વેસ્ટ ઈન્ડિયા સ્ટેટ્સ એજન્સી નીચે કુલ 201 રાજ્યો અને તાલુકા હતાં. એ પૈકી 88 હકૂમતી અને બાકીનાં બિનહકૂમતી હતાં.

"વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેસ એજન્સી" નીચેનું કચ્છ રાજ્ય 1924 પૂર્વે કચ્છ અને મોરબી નીચેના આધોઈના પોલિટિકલ એજન્ટ નીચે હતું તે એ. જી. જી. નીચે સીધેસીધું દિલ્હીની દેખરેખ નીચે મુકાયું હતું. બાબરા ધ્રાફા લોધિકા અને લાખાપાદનાં ચાર થાણાં વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી નીચે મુકાયાં હતાં , જ્યારે વઢવાણ, થાન, દસાડા, ઝીઝુવાડા, ભોઈકા સોનગઢ, ચોક-દાઠા, પાળિયાદ અને ચોટીલાનાં થાણાં ઈસ્ટર્ન કઠિયાવાડ એજન્સી નીચે હતાં.

ઈસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી' નીચે 1931 અને 1941 માં બજાણા ચૂડા લખતર લાઠી મૂળી પાટડી સાયલા વળા તેમ વઢવાણ સિવિલ સ્ટેશન વગેરે મુકાયાં હતાં. વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સીમાં બીલખા જસદણ જેતપુર ખિરસરા કોટડા-સાંગાણી માળિયા માણાવદર થાણાદેવળી વડિયા વીરપુર અને રાજકોટ સિવિલ સ્ટેશન વગેરે મુકાયાં હતાં. બનાસકાંઠા એજન્સીમાં થરાદ વાવ વારાહી અને અન્ય થાણાં આવેલાં હતાં. પાલનપુર

અને દાંતા રાજસ્થાન એજન્સી નીચે 1931થી મુકાયાં હતાં. "સાબરકાંઠા એજન્સી" નીચે આંબલિયારા માલપુર માણસા મોહનપુર થરા વગેરે રાજ્ય હતાં.

સને 1941માં તળ-ગુજરાતમાં અન્ય રાજ્યો ગુજરાત સ્ટેટ્સ એજન્સી નીચે હતાં. આ રાજ્યો વાડાસિનોર વાંસદા બારિયા ખંભાત છોટાઉદેપુર ધરમપુર લુણાવાડા રાજપીપળા સચીન સંતરામપુર ડાંગ સંખેડા-મેવાસ વગેરે હતાં. રેવાકાંઠા અને સુરત એજન્સીની એકત્ર એજન્સી ગુજરાત સ્ટેટ્સ એજન્સી તરીકે ઓળખાતી હતી. આ રાજ્યોનો સંબંધ મુંબઈ રાજ્ય સાથે હતો, તેઓને 1-4-31થી ભારત સરકારની સીધી દેખરેખ નીચે મૂકવામાં આવ્યાં હતાં અને તેથી બડૌદા અને ગુજરાત સ્ટેટ્સ એજન્સી તરીકે એ ઓળખાતી હતી. એનો ચાર્જ વડોદરાના રેસિડેન્ટ પાસે હતો અને એનો હોદ્દો બડૌદા અને ગુજરાત સ્ટેટ્સના રેસિડેન્ટનો કરવામાં આવ્યો હતો. 1944માં એજન્સી નાબૂદ થઈ હતી.

સને 1943માં એજન્સી બંધ કરીને નાનાં રાજ્યો અને તાલુકાઓને નજીકનાં મોટાં રાજ્યો સાથે એટેચમેન્ટ યોજના નીચે જોડવાનું ભારત સરકારે નક્કી કર્યું. બીજી એજન્સી બંધ કરતાં 'વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી' અને 'બડૌદા અને ગુજરાત સ્ટેટ્સ એજન્સી' એમ બે વિભાગ રહ્યા હતા. 5-11-44ના રોજ એ પણ રદ કરવામાં આવ્યા હતા અને વડોદરાના રેસિડેન્ટને વડોદરા અને સ્ટેટ્સ ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા અને ગુજરાતનો રેસિડેન્ટ બનાવવામાં આવ્યો. આમ ગુજરાતનાં બધાં દેશી રાજ્યોના વહીવટની દેખરેખનું કામ એક જ વ્યક્તિ પાસે આવ્યું હતું, જ્યારે મોટાં રાજ્યોનો દિલ્હીના પોલિટિકલ ડિપાર્ટમેન્ટ સાથે સીધો સંબંધ હતો.

1941 માં બનાસકાઠાં અને મહીકાંઠાનું એકત્રીકરણ કરી "સાબરકાંઠા એજન્સી" નામ અપાયું હતું અને રેવાકાંઠા અને સુરત એજન્સીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

## 6.3 દેશી રાજ્યોનો ઈતિહાસ (ઈ.સ. 1914 થી 1947)

### 6.3.1 કેટલાંક અગ્રગણ્ય દેશી રાજ્યો.

ભાવસિંહજી સને 1896થી ગાદી ઉપર હતા. ઈ.સ. 1914 ના વિશ્વયુદ્ધ દરમિયાન ભાવનગર રાજ્ય બ્રિટિશ સરકારને સારી મદદ કરી હતી, આથી મહારાજાનું માન પંદર તોપનું કરવામાં આવ્યું હતું. 1914-1919 દરમિયાન મહારાજા ભાવસિંહજીએ પ્રજાહિતનાં કેટલાંક પગલાં લીધાં હતાં, જેમકે મ્યુનિસિપાલિટીની સમિતિનું વિસ્તૃતીકરણ, પ્રજાપ્રતિનિધિ સભાની રચના (1918), ખેતી સહકારી સોસાયટીઓ (1917), દારૂબંધી(1919), સ્ત્રીકેળવણીને ઉત્તેજન અને પડદાના રિવાજની નાબૂદી.

ભાવસિંહજીના પુત્ર કૃષ્ણકુમારસિંહજી સગીર વયના હોવાથી રાજ્યવહીવટ કરવા દીવાન પ્રભાશંકર પટણી વગેરેની રિજન્સી - કાઉન્સિલ નિમાઈ હતી. સ્વરાજ્ય માટેની માગણીની અસર ભાવનગર રાજ્યમાં પણ થઈ હતી અને પ્રજાપ્રતિનિધી સભાએ આ અંગે નિયુક્તિને બદલે ચૂંટણીનું તત્ત્વ દાખલ કરવા માગણી કરેલી. 1921-1922

દરમિયાન ખેડૂતોનું મંડળ રચાયું હતું. 1922-1934 દરમિયાન ખેડૂતોનું દેવું ખૂબ વધી ગયું હતું. તે દૂર કરવા "કરજ-કમિટી" નીમીને રાજાએ રૂ. 20 લાખ ચૂકવી 86 લાખનું દેવું રદ કરવા કાર્યવાહી કરી હતી. દેવચંદભાઈ પારેખ, ગુલાબરાય દેસાઈ, દોલતરાય દેસાઈ વગેરેના નેતૃત્વ નીચે ભાવનગરમાં રાષ્ટ્રિય શાળા શરૂ કરાઈ હતી. 1929માં રાજ્ય ગ્રામપંચાયતોને પ્રોત્સાહન આપી મહેસૂલ ઉઘરાવવાની અને ગ્રામ સુધારણા ફંડ વાપરવાની સત્તા આપી હતી. 1925માં ભાવનગરમાં કાઠિયાવાડ પ્રજા પરિષદનું અધિવેશન ગાંધીજીના પ્રમુખપણા નીચે થયું હતું.

કૃષ્ણકુમારસિંહજી પુખ્ત વયના થતાં 1931 માં એમને સત્તાનાં સૂત્ર સુપરત થયાં. 1943માં એમણે પંચાયત-ધારો ઘડીને ચૂંટણીનું તત્ત્વ દાખલ કરેલું. ખેતીવાડીને પ્રોત્સાહન આપવા ધોળામાં "મોડેલ ફાર્મ" શરૂ કરાયું હતું અને આંબલા સુરકા રાળધરી સલડી બોટાદ અને રંઘાળાનાં સિંચાઈ માટેનાં તળાવ બંધાયાં હતાં. ભાવનગર શહેરનું અદ્યતન વૉટર વર્કસ શરૂ કરી, જમીન નીચેની ગટરો શરૂ કરી, બોર, તળાવનું વિસ્તૃતીકરણ કરીને ભાવનગર શહેરની સુખાકારી માટે કાળજી લેવાઈ હતી. 1932-34 દરમિયાન નવું બંદર અસ્તિત્વમાં આવ્યું હતું અને ભાવનગરનો વેપાર ટોચે પહોંચ્યો હતો. નવી મિલ અને અનેક કારખાનાં અસ્તિત્વમાં આવ્યાં હતાં અને ઔદ્યોગિકીકરણની શિરૂઆત થઈ હતી.

ઈ.સ. 1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું હતું તે વખતે સિવિક ગાર્ડની પ્રવૃત્તિ નાગરિક સંરક્ષણના ભાગરૂપે રાજ્ય શરૂ કરી હતી. 1941માં રાજ્ય 55 સભ્યોવાળી ધારાસભાની નવાજેશ કરી હતી. આ પૈકી 33 સભ્ય ચૂંટાયેલા હતા. દેશ આઝાદ થતાં 15-1-1948ના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ જવાબદાર રાજ્ય તંત્ર આપ્યું હતું. બળવંતરાય મહેતા એના મુખ્ય પ્રધાન હતા. સૌરાષ્ટ્ર રાજ્યની રચના વખતે એમાં જોડાવા ભાવનગર પ્રથમથી અભિલાષા વ્યક્ત કરી જોડાયું હતું.

ભાવનગરના મહારાજા સૌરાષ્ટ્ર રાજ્યના ઉપરાજ્ય પ્રમુખ હતા અને મદ્રાસ રાજ્યના રાજ્યપાલ પણ હતા. સૌરાષ્ટ્ર રાજ્યના શાસન દરમિયાન ભૂપત અને એની બહારવટિયા ટોળીની રંજાડ વધી ગઈ હતી, પણ એમને જ કરવામાં આવ્યા હતા. પ્રજાકિય શાસન દરમિયાન પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજ્યાત કરાયું હતું. નાનાં ગામોમાં શાળાઓ ખોલાઈ હતી, રસ્તાઓ અને સિંચાઈના તળાવોનું બાંધકામ હાથ ધરાયું હતું. અને પંચાયતો અને નગરપાલિકાઓને વધારે સત્તા અપાઈ હતી. માધ્યમિક શાળાઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનો વધારો થયો હતો. 1948 થી એ રાજ્ય જિલ્લો બની ગયું.

જામનગરમાં જામ રણજિતસિંહ 1907થી રાજ્ય કરતા હતા. 1916 પછી એમણે સેક્રેટરી-પદ્ધતિ દાખલ કરી ચાર સેક્રેટરીઓને વિવિધ ખાતાં વહેંચી દીધાં હતાં. 1910માં એમણે ...7 સભ્યોની કાઉન્સિલ નીમી હતી. 1920માં મહારાજા " લીગ ઑફ નેશન્સ"માં ભારતવર્ષના પ્રતિનિધિ તરીકે નિયુક્ત થયા હતા. 1932માં "ચેમ્બર ઑફ પ્રિન્સીઝ"ના તેઓ પ્રમુખ થયા હતા. 1930-31 દરમિયાન એમણે લંડનની ગોળમેજી

*પરિષદમાં રાજાઓના પ્રતિનિધિ તરિકે ભાગ લીધો હતો. એમના શાસન દરમિયાન કેટલાંક લોક-ઉપયોગી કાર્ય થયાં હતાં, જેમ કે ભાગ-બટાઈને બદલે વિઘોટી પ્રથા, વેઠપ્રથાની નાબૂદી, ખેડૂત ઋણ- રાહત કાયદો, દુષ્કાળ-રાહત ફંડ, દુકાળ-વીમાં યોજના, માધ્યમિક શિક્ષણ, વેપાર-ઉદ્યોગ ખાતાની સ્થાપના, બેડી બંદરનો વિકાસ, ઓખા-જામનગર રેલવે લાઈન, જામનગર શહેરનો નવો ઓપ વગેરે. જામ રણજિતસિંહ પ્રખ્યાત ક્રિકેટર હતા, પણ રાજવી તરીકે ભારે કરવેરા નાખીને લોકોમાં અપ્રિય થયા હતા. 1933માં 60 વરસે અવિવાહિત જામ રણજિતસિંહનું મૃત્યુ થયું હતું.*

*જામ રણજિતસિંહજી પછી એમના ભત્રીજા દિગ્વિજયસિંહ(1933) ગાદીએ આવ્યા. 1937-44 સુધી તેઓ ચેમ્બર ઑફ પ્રિન્સીઝના ચાન્સેલર હતા. એમના વખતમાં સિંચાઈના કેટલાક તળાવ બંધાયા હતાં. સિક્કાનું સિમેન્ટનું કારખાનું, વૂલન મિલ વગેરે નવા ઉદ્યોગ 1944-47ના ગાળામાં સ્થપાયા હતા. સૌરાષ્ટ્ર રાજ્યની રચનામાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો અને તેઓ એના પ્રથમ રાજપ્રમુખ હતી. યુનોમાં 1948 અને 1949માં તેઓ ભારતના પ્રતિનિધિ તરીકે ગયા હતા.*

*કચ્છના મહારાવ ખેંગારજીએ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારને મદદ કરી હતી તેથી બ્રિટિશ સરકારે એમને 1917માં જી . સી . એસ . આઈ.નો તથા 1918 માં મહારાવનો ઈલકાબ આપ્યો હતો. 1931માં પ્રથમ ગોળમેજી પરિષદમાં રાજાઓના પ્રતિનિધિ તરીકે એમણે હાજરી આપી હતી. 1925માં સરદાર સાથે ગાંધીજીએ કચ્છની મુલાકાત લીધી હતી. મહારાજાને ખેતીવાડી વગેરેમાં રસ હતો. શિક્ષણમાં રસ લઈને એમણે ઉચ્ચ શિક્ષણ માટે રાજ્યના વતનીઓને છાત્રવૃત્તિઓ આપી હતી અને કેટલાકને પરદેશ પણ મોકલ્યા હતા. પરંપરાગત ઉદ્યોગો તથા હસ્તકલાના ઉત્તેજન અર્થે એમણે કલાશાળાની સ્થાપના કરી હતી. એમણે પડતર જમીનનું ખેડાણ થાય અને ખેતીનું ઉત્પાદન વધે તેવાં પગલાં લીધાં હતાં. એમના સમયમાં કચ્છ ટેલિગ્રાફથી દેશના અન્ય ભાગો સાથે જોડાયું હતું. મહારાવે દીર્ઘદષ્ટિ વાપરી કંડલા બંદરને વિકસાવવા બે ગોદી અને કસ્ટમ-હાઉસ ઈ. સ. 1930માં બંધાવ્યાં હતાં. 1940 સુધીમાં 700 સ્ટીમર આ બંદરે આવી હતી. 63 વર્ષ રાજ્ય કરીને તેઓ 1942માં અવસાન પામ્યા હતા.*

*1942માં વિજયરાજજી ગાદીએ આવ્યા ત્યારે તેઓ 50 વર્ષના હતા અને એમના પુત્રો પુખ્ત વયના હતા. તેઓ સારા ખેલાડી અને પ્રવાસના શોખીન હતા. એમના વખતમાં 1943 માં બેંક ઓફ ઈન્ડિયાની પ્રથમ શાખા ભૂજમાં ખોલાઈ હતી એમણે ન્યાયતંત્ર કારોબારથી અલગ પાડ્યું હતું અને હાઈકોર્ટમાં 1944-45માં સ્થાપના કરી હતી. કચ્છમાં પ્રાથમિક શિક્ષણ મફત હતું. માધ્યમિક શાળામાં ભણતા પછાત વર્ગના વિદ્યાર્થીઓને સરકાર તરફથી ફી અપાતી હતી. 1945માં ભૂજમાં મળેલી પ્રજા પરિષદ રાજ્ય પાસે જવાબદાર તંત્રની માગણી મૂકી હતી, આથી રાજાએ કેટલાક સુધારા દાખલ કર્યા હતા. પરિષદે સવિનય સત્યાગ્રહ શરૂ કર્યો હતો, પણ રાજાની માંદગીને કારણે એણે લડત પાછી ખેંચી લીધી હતી. વિજયરાજજીએ ગાંધીધામનો સારો વિકાસ કર્યો હતો.*

વિજયરાજજીના અવસાન બાદ 1948માં મદનસિંહજી ગાદીએ આવ્યા હતા. પરિષદે જવાબદાર તંત્ર માટે ફરીથી સત્યાગ્રહ કરવા ધમકી આપી હતી, પણ સરદારશ્રીની સલાહથી સત્યાગ્રહ પડતો મુકાયો હતો અને દરમિયાન રાજાએ જવાબદાર રાજ્યતંત્ર આપવાની જાહેરાત કરી હતી. એમણે કચ્છમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો. મહારાવે 4-5-48ના રોજ જોડાણખત પર સહી કરી અને 1-6-48 ના રોજ ચીફ કમિશનરે કેન્દ્ર વતી કચ્છનો વહીવટ સંભાળી લીધો હતો . આમ કચ્છનું "સી" વર્ગનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું હતું.

મોરબીમાં સર વાઘજી ઠાકોરે 1879 થી 1922 સુધી રાજ્ય કર્યું હતું. એમના કુશળ વહીવટને કારણે મોરબીને બીજાને બદલે પ્રથમ વર્ગના રાજ્યોનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આ રાજા દાન આપવા માટે જાણીતા છે. સંગીત, સાહિત્ય અને નાટ્યકલામાં તેઓ રસ ધરાવતા હતા.

વાઘજી ઠાકોરનું 11-6-1922ના રોજ અવસાન થતાં એમના પાટવી કુંવર લખધીરસિંહજી મોરબીની ગાદીએ બેઠા . તેઓ સાદા અને લોકપ્રિય રાજવી હતા. 1 1-30ના રોજ કે. સી. એસ. આઈ.નો ઈલકાબ મળ્યો ત્યારે એમણે ખેડૂતોની વિઘોટી માફ કરી હતી. એમણે સનાળા-આમરણ રોડ (1925-28) તથા મોરબી–ઘંટીલા (1904-34) અને મોરબી-નવલખી રેલવે લાઈન (1935) નાખીને વેપારને ઉત્તેજન આપ્યું હતું. મોરબી-વાંકાનેર લાઈનને મીટર- ગેજમાં ફેરવીને નવલખીનો રાજસ્થાન અને ઉત્તર ભારત સાથેનો સળંગ રેલવે-વ્યવહાર શક્ય બનાવ્યો હતો. 1927માં મર્કન્ટાઈલ બૅંક શરૂ કરી હતી. એમણે અનાથાશ્રમ ધર્મશાળાઓ વગેરે બંધાવ્યાં હતાં. હરિજનો માટે બે શાળા ખોલવામાં આવી હતી. એમણે ગોવધ બંધ કરાવ્યો હતો. મોટા ભાગનાં ગામોમાં પ્રાથમિક શાળાઓ હતી. એ ઉપરાંત દરેક ગામે ટેલિફોનની વ્યવસ્થા હતી. ઈ. સ. 1928માં ગાંધીજીએ કસ્તૂરબા, સરદાર પટેલ, મહાદેવ દેસાઈ અને મિસ સ્લેડ (મીરાંબહેન) વગેરે સાથે મોરબીની મુલાકાત લીધી હતી. 1931માં ખાદી પ્રચાર તથા અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકાયો હતો અને કેટલાક કાર્યકર્તાઓ તથા ખાદી વેચતા સ્વયંસેવકોની ધરપકડ કરાઈ હતી. તેમ સભા ભરવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો, આથી 21-6-1931ના રોજ મોરબી સત્યાગ્રહની શરૂઆત થઈ હતી. રાજ્ય બધા સત્યાગ્રહીઓને છોડી મૂકતાં સત્યાગ્રહનો અંત આવ્યો હતો. 1940માં રાજ્ય ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ શરૂ કર્યું હતું, જેમાંથી લખધીરસિંહજી ઈજનેરી કોલેજનો જન્મ થયો છે.
સૌરાષ્ટ્ર રાજ્યની રચના વખતે રાજ્યના પ્રમાણમાં સૌથી વધારે રકમ મોરબી રાજ્યએ આપી હતી.

હરિસિંહજી પછી એમના પુત્ર દોલતસિંહજી ગાદીએ આવ્યા હતા. તેઓ "ચેમ્બર ઑફ પ્રિન્સીઝ'ના અગ્રગણ્ય સભ્ય હતા. 1931ના સત્યાગ્રહની ચળવળ વખતે ધ્રોળમાં રાષ્ટ્રધ્વજનું અપમાન કરવા બદલ લોકોએ સત્યાગ્રહ કર્યો હતો. 26-5-1931ના રોજ પાંચ સ્ત્રીઓ સહિત 55 સત્યાગ્રહીઓની ટુકડીએ ધોળમાં પ્રવેશ કર્યો અને સરઘસ સભાનો કાર્યક્રમ રાખી ધ્વજ પાછો આપવા રાજ્યને વિનંતી કરી હતી ત્યારે રાજ્ય ધ્વજ ફડીને

પાછો આપ્યો અને સત્યાગ્રહનો અંત આવ્યો. આ કારણે રાજ્યમાં અને સૌરાષ્ટ્રમાં રાજકીય જાગૃત્તિ આવી હતી.

દોલતસિંહજીનું અવસાન થતાં એમના પૌત્ર ચંદ્રસિંહજી 1939માં ગાદીએ આવ્યા હતા. આઝાદી બાદ સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં આ રાજ્ય એમાં જોડાઈ ગયું હતું.

ઠાકોર લાખાજીરાજે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશ સરકારને નાણાકીય સહાય કરી હતી અને માણસોની મદદ પણ મોકલી હતી. 1918-19 અને 1924-25ના પ્લેગ અને ઈન્ફ્લુએન્ઝાના સખત રોગચાળા વખતે રસ લઈને લોકોને રાહત આપી હતી. સિવિલ સ્ટેશન તથા કાઠિયાવાડ નરેંદ્રમંડળની સ્થાપનાને કારણે એમને રાજકોટની એજન્સી સાથે મતભેદ ઊભો થયો હતો. એમણે ઈ. સ. 1921 માં કાઠિયાવાડ રાજકીય પરિષદને પ્રોત્સાહન આપ્યું હતું અને એનું પહેલું અધિવેશન રાજકોટમાં થયું હતું. ગાંધીજી રાજકોટ આવ્યા ત્યારે પોતાની જમણી બાજુએ એમને માનભર્યું સ્થાન આપ્યું હતું. એમણે સંપૂર્ણ ચૂંટાયેલા સભ્યોની પ્રજા-પ્રતિનિધિ સભાનું 29-9-1923ના રોજ ઉદ્દઘાટન કર્યું હતું. એમણે રવીન્દ્રનાથ ટાગોરનું સ્વાગત કર્યું હતું અને યુવક પરિષદ નિમિત્તે જવાહરલાલે રાજકોટની મુલાકાત 1929માં લીધી ત્યારે એમનું પણ સ્વાગત કર્યું હતું. રાજ્યમાં વધારે શાળાઓ ખોલીને એમણે પ્રજાના શિક્ષણને ઉત્તેજન આપ્યું હતું. એમણે ખેડૂતોની સ્થિતિ સુધારવા પણ પ્રયત્નો કર્યા હતા. તેઓ સૌરાષ્ટ્રમાં પ્રગતિશીલ રાજવીઓમાં અગ્રગણ્ય હતા.

લાખાજીરાજના મૃત્યુ બાદ ધર્મેન્દ્રસિંહજી ગાદીએ આવ્યા હતા. એમના શાસન દરમિયાન રાજકોટ પ્રજામંડળે એમના જુલમી પગલાંઓ અને ભારે કરવેરા સામે લડત ઉપાડી હતી અને ગાંધીજીને ઉપવાસ કરવા પડ્યા હતા.

ધર્મેન્દ્રસિંહજીના અવસાન પછી એમના નાના ભાઈ પ્રદ્યુમ્નસિંહજી ગાદીએ આવ્યા હતા. 1942માં મિલ-ઉદ્યોગની શરૂઆત થઈ હતી. સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં રાજ્ય એમાં જોડાઈ ગયું હતું.

વાંકાનેર-ઠાકોર (રાજસાહેબ) અમરસિંહજીએ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારને લશ્કર અને નાણાંની સહાય કરી હતી અને એમણે ફ્રાન્સની યુદ્ધભૂમિ ઉપર લડાઈમાં ખરેખર ભાગ લીધો હતો. એમની સેવા બદલ એમનું તોપનું માન વધારીને અગિયારનું કરવામાં આવ્યું હતું. ઈ.સ. 1918 માં 'ઈન્ડિયન પટરી વર્કસ' શરૂ કરવામાં આવ્યું હતું. પરશુરામ પોટરી વર્કસે એ ખરીદી લેતાં એની કામગીરી સુધરી હતી. કાપડ અને સૂતરનું ઉત્પાદન કરવા રાજકોટ જિલ્લાની સૌથી પ્રથમ 'અમરસિંહજી મિલ' 1933માં રાજ્યના સહકારથી શરૂ કરવામાં આવી હતી. વાંકાનેર રાજ્યનું પાવર-હાઉસ પણ હતું. 1947માં રંગ બનાવવાનું કારખાનું શરૂ કરવામાં આવ્યું હતું. વાંકાનેરમાં 1914માં વિદ્યપ્રચારક મંડળ સ્થાપવામાં આવ્યું હતું. રાજ્યના પ્રોત્સાહનને કારણે વાંકાનેર નાનું રાજ્ય હોવા છતાં બીજાં રાજ્યો કરતાં ત્યાં ઔદ્યોગિકીકરણની વહેલી

*શરૂઆત થઈ હતી. રાજ્યની પ્રજાની સુખાકારી માટે એક હોસ્પિટલ રાજ્ય શરૂ કરી હતી. ઈ. સ. 1947માં દેશ આઝાદ થતાં ભારત સંઘ સાથે રાજ્યનું જોડાણ કરાયું હતું .*

*મહાબતખાન 3 જાએ 1920 માં સત્તા સંભાળી હતી. ગાદીએ બેઠા પછી નવાબે એમના રાજ્યમાં કેટલાક સુધારા દાખલ કર્યા હતા. કારોબારને ન્યાયથી અલગ કરવામાં આવ્યો હતો. સને 173માં જૂનાગઢ અને વેરાવળમાં મ્યુનિસિપાલિટીઓની સ્થાપના કરવામાં આવી હતી. પોલીસ-પટેલ અને ગ્રામ-પંચાયતના સભ્યોની ચૂંટણીથી પસંદગી થતી હતી.*

*જૂનાગઢના લોકોનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી-સુધારણા માટે પ્રાયોગિક ખેતીવાડી-ફાર્મો શરૂ કરેલ અને શેરડી, રૂ, તેલીબિયાં, બાજરી, જુવાર અને ઘઉંનું સુધારેલ બિયારણ ખેડૂતો વાપરે એ માટે પ્રયત્નો કર્યા હતા. સૂકી ખેતી, શાકભાજી, ફળો અને તેલીબિયાં માટે ફાર્મ ઉપરાંત મરઘા-ઉછેર કેંદ્ર, ઘોડા-ઘેટાંની જાત સુધારવા વગેરે યોજીને ફળઝાડ ઉગાડવાની પ્રવૃત્તિને તથા પશુઉછેર-પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું માટેનાં સંશોધન-કેંદ્ર રાજ્યને શરૂ કર્યા હતાં. આ ઉપરાંત કેરીનું પ્રદર્શન, પશુપ્રદર્શન, હતું. 1934-35માં ખેડૂતોની દેવાદાર-સ્થિતિની તપાસ કર્યા પછી ખેડૂત-સંરક્ષણ ધારો ઘડાયો હતો.*

*સને 1918-37 દરમિયાન જૂનાગઢ રાજ્યની અંદર આવેલ રેલવે- લાઈન શરૂ કરાઈ હતી. વેરાવળના બંદરને રૂ. 59 લાખ ખર્ચીને અદ્યતન બનાવાયું હતું.*

*રાજ્યમાં એક કૉલેજ, ત્રણ હાઈસ્કૂલ, સાત મિડલસ્કૂલ અને 154 પ્રાથમિક શાળા 1944-45માં હતી. મુસ્લિમ કન્યાઓ માટે નાના-સ્કૂલ હતી. ભારત-વર્ષના સૌ કોઈ મુસ્લિમોને કૉલેજ સુધી મફત શિક્ષણ ને શિષ્યવૃત્તિ અપાતાં હતાં.*

*1924 માં નવાબે એમના મિત્ર મહમદભાઈ શેખને દીવાન તરીકે નીમ્યા હતા. 1929-30 દરમિયાન ઊનામાં હિંદુ-મુસ્લિમ તોફાન થયાં હતાં. ગુપ્તપ્રયાગના તીર્થધામમાં કબરને કારણે તોફાન થયાં હતાં. આ કારણે દીવાન મહમદભાઈને પોતાની દીવાનગીરી 1932માં છોડવી પડી હતી અને નવાબને રાજ્ય બહાર છ માસ રહેવું પડ્યું હતું. અંગ્રેજ દીવાન કેડલે સખ્ત હાથે આ તોફાન દબાવી દીધાં હતાં. આ પ્રકરણને કારણે રાજ્યનું તંત્ર ખોરવાઈ ગયું હતું. સને 1932માં વંથળી અને કેશોદમાં કોમી તોફાન થયાં હતાં. દીવાન કેડલ એપ્રિલ, 1935 સુધી જૂનાગઢમાં રહ્યો હતો. ત્યારબાદ મિ. મોન્ટીથ 1-8-1938 સુધી રહ્યો હતો. છેવટમાં શાહનવાઝ ભૂતાએ 1947 સુધી જૂનાગઢ રાજ્યનું તંત્ર સંભાળ્યું હતું.*

*1947 માં જૂનાગઢના નવાબે ભારત સાથે જોડાતાં પાકિસ્તાન સાથે જોડાવાનો 17 નિર્ણય કર્યો તેથી સમગ્ર સૌરાષ્ટ્ર અને દેશમાં ખળભળાટ મચી ગયો હતો. જૂનાગઢ રાજ્યની વસ્તીના 82 ટકા લોકો હિંદુ હતા, છતાં જૂનાગઢના નવાબે પોતે મુસ્લિમ હોવાથી પ્રજામતને અવગણીને કૃત્રિમ અને તરંગી રીતે પાકિસ્તાન સાથે રાજકીય જોડાણ કરવાનું પવૅત્ર એના મુસ્લિમ અમલદારોની સલાહ પ્રમાણે ગોઠવ્યું હતું. જૂનાગઢમાંથી લોકોની હિજરત શરૂ તો થઈ છતાં જૂનાગઢની મોટી હવેલીના ગો. શ્રી*

પુરુષોત્તમલાલજીએ અડગ થઈ ભારે પરેશાની વચ્ચે પણ જૂનાગઢ છોડ્યું નહિ, એને લીધે મોટા ભાગની હિંદુ વસ્તી હજી જૂનાગઢમાં ટકી રહી હતી. એ ખરું કે એ સમયે જૂનાગઢ શહેરમાં માથાભારે સંધીઓ અને કોમવાદી તત્ત્વોને છૂટો દોર આપવામાં આવ્યો હતો અને કાયદો તથા વ્યવસ્થા ભાંગી પડ્યાં હતાં. આ વખતે કાઠિયાવાડ રાજકીય પરિષદે સંરક્ષણ સમિતિ નીમી આર્થિક પ્રતિબંધ લાદ્યા હતા. સપ્ટેમ્બરમાં મુંબઈમાં જૂનાગઢના પ્રશ્નની ચર્ચા કરવા એક સભા મળી અને એણે જૂનાગઢનાં પ્રજાજનોની આરઝી હકૂમત સ્થાપવા નિર્ણય લીધો. આરઝી હકૂમતના સરનશીન શામળદાસ ગાંધી ઉપરાંત રતુભાઈ અદાણી, રસિકલાલ પરીખ વગેરે આરઝી હકૂમત સાથે જોડાયા હતા. રતુભાઈના નેતૃત્વ નીચે આરઝી હકૂમતના સૈનિકોએ રાજકોટનો ઉતારો અને ભેસાણ મહાલનાં અમરાપર વગેરે ગામોનો કબજો લીધો હતો. ત્યારબાદ આ સૈનિકોએ નવાગઢ કુતિયાણા વગેરે સ્થળ કબજે કર્યાં હતાં. બીજી તરફ માંગરોળ બાબરિયાવાડ અને માણાવદરની પ્રજાના રક્ષણ અર્થે ભારત સરકારે બિગેડિયર ગુરુદયાલસિંહના સેનાપતિપણા નીચે લશ્કર મોકલી ઉપર્યુક્ત પ્રદેશનો કબજો લીધો હતો.

રાજ્યની કસ્ટમ રેલવે વગેરેની આવક ઘટી જતાં નવાબને ખરી સ્થિતિનો ખ્યાલ આવ્યો અને ઑક્ટોબરના અંતમાં રાજ્યની રોકડ રકમ જરઝવેરાત બેગમો અને કુતરાઓ સાથે એ કરાંચી નાસી ગયા . પરિસ્થિતિ વધુ વણસતાં દીવાન શાહનવાઝ ભૂતાએ લોકોની ઈચ્છા જાણીને ભારતીય સંઘની શરણાગતિ સ્વીકારી અને પોતે આગલે દિવસે કેશોદથી વિમાન માર્ગે પાકિસ્તાન ચાલ્યો ગયો. ફેબ્રુઆરી, 1948માં ભારત સાથેના જોડાણ અંગે મતદાન લેવામાં જૂનાગઢ રાજ્ય ભારતસંઘ સાથે જોડાયું અને ગુજરાત કોમી દાવાનળમાંથી બચી ગયું.

થોડો વખત શામળદાસ ગાંધી વગેરેએ જૂનાગઢ રાજ્યનો વહીવટ કર્યો, પણ પાછળથી લોકોની ઈચ્છા પ્રમાણે સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં જૂનાગઢ એમાં જોડાયું હતું.

ઘનશ્યામસિંહજીને પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારને મદદ કરવા બદલે સરકારે કે. સી. આઈ.નો ઈલકાબ આપ્યો હતો અને મહારાજાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. તેમજ એમનું 13 તોપોનું બહુમાન કાયમ કરવામાં આવ્યું હતું. 1922માં એમને જી. સી. આઈ. ઈ.નો ઈલકાબ આપવામાં આવ્યો હતો. ધ્રાંગધ્રા કેમિકલ વર્ક્સ તરીકે ઓળખાતું કારખાનું ઈ. સ. 1926માં ધ્રાંગધ્રામાં શરૂ કરવામાં આવ્યું હતું. શિક્ષણના વ્યાપક ફેલાવા માટે ધ્રાંગધ્રા રાજ્ય અગાઉ પ્રાથમિક શિક્ષણ મફત કર્યું હતું. સને 1908-09 માં માધ્યમિક શિક્ષણની ફી નાબૂદ કરી મફત શિક્ષણ આપવાની જોગવાઈ પણ કરી હતી. પરંતુ ધ્રાંગધ્રા રાજ્યમાં ભારે કરવેરા હતા. વેઠની પ્રથા ગ્રામવિસ્તારમાં સામાન્ય હતી. સૌરાષ્ટ્રના કાર્યકરોની ઈચ્છા હોવા છતાં ધ્રાંગધ્રા રાજ્ય એના રાજ્યમાં કાઠિયાવાડ રાજકીય પરિષદના છઠ્ઠા અધિવેશન માટે પરવાનગી આપી ન હતી. પરિણામે ધ્રાંગધ્રા અને હળવદમાં હડતાળ પડી હતી અને રાજ્ય દમન ગુજાર્યું હતું. 1932માં ફેબ્રુઆરી સુધી સત્યાગ્રહની પ્રવૃત્તિ ચાલી હતી તેમાં લોકજાગૃતિ સિવાય અન્ય કોઈ સફળતા મળી ન હતી.

ઘનશ્યામસિંહજીના અવસાન બાદ મયૂરધ્વજસિંહજી ઉર્ફે મેઘરાજજી 3 જા ગાદીએ આવ્યા. 8-10-1947ના રોજ એકવીસ વરસની વયે ગાદીએ એમના શાસન દરમિયાન "હરપાલનગર-સિંચાઈ યોજના"નું કામ હાથ ધરાયું હતું. એમણે વહીવટમાં સુધારો કર્યો હતો અને ન્યાયતંત્રને કારોબારીથી અલગ હતું. રાજપુર ગામમાં સહકારી ખેતીનો પ્રયોગ કરાયો હતો. શહેર—પંચાયત અને ગ્રામ પંચાયતનો કાયદો ઘડીને એમણે સ્વશાસન માટેની ભૂમિકા તૈયાર કરી આપી હતી. ધારાસભાની પૂર્વભૂમિકા જેવી સ્ટેટ કાઉન્સિલની રચના પણ કરાઈ હતી. 1946માં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું હતું. બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકતો, વિધવાલગ્નની છૂટ આપતો, સ્ત્રીઓને મિલકતનો હક આપતો એ કાયદા રાજ્ય કર્યા હતા. આમ રાજાએ લોકોના કલ્યાણ માટેનાં અનેક પગલાં લીધાં હતાં. આઝાદી બાદ એમના રાજ્યને એમણે ભારત સંઘ સાથે જોડ્યું હતું અને બીજાઓને એમ કરવા અનુરોધ કર્યો હતો સૌરાષ્ટ્ર રાજ્યના એકમની રચના અંગે પણ એમણે સક્રિય ભાગ લીધો હતો.

ઠાકોર જશવંતસિંહજી છ વરસ રાજ કરીને 22-2-1918ના રોજ અવસાન. પામ્યા હતા. એમના પછી એમના પુત્ર ઠાકોર જોરાવરસિંહજી ગાદીએ આવ્યા. તેઓ પુખ્ત વયના થયા ત્યારે 16-1-1922ના રોજ રાજ્યનો કારભાર સંભાળ્યો હતો. કાઠિયાવાડ રાજકીય પરિષદનું બીજું અધિવેશન વઢવાણ કેમ્પમાં 1922ના નવેમ્બર માસમાં અબ્બાસ તૈયબજીના પ્રમુખપણા નીચે થયું હતું. ઈ. સ. 1939માં લીંબડીમાંથી હિજરત થઈ ત્યારે ઘણા લોક નવા શહેર જોરાવરનગર અને વઢવાણમાં વસવા આવ્યા હતા. વઢવાણ રેલવે-જંક્શન હોવાથી તથા એજન્સીનું મથક હોવાથી એનો વિકાસ થયો. વીરમગામ-કસ્ટમબારી ઉઠાવી લેવાથી લોકોની હાડમારીમાં રાહત થઈ હતી. વઢવાણમાં 1925માં જશવંતસિંહજીના સ્મરણરૂપે રાજ્ય હૉસ્પિટલ શરૂ કરી હતી. પ્રાથમિક શિક્ષણ મફત હતું. હવે માધ્યમિક શિક્ષણની ફી 1921-22માં માફ કરી હતી. રાજ્યમાં કપાસનો પાક સારો હતો તેથી વઢવાણમાં જીનપ્રેસ શરૂ કરાયું હતું.

સુરેન્દ્રસિંહજી 1934 થી 1942 સુધી સગીર હતા. સને 1937માં કાન્તિ કોટન મિલ વઢવાણમાં શરૂ કરાઈ હતી. આ ઉપરાંત 'તરના સાબુ' તરીકે ઓળખાતો સાબુ ગૃહઉદ્યોગ તરીકે બનાવાતો હતો. દેના બેંક સુરેન્દ્રનગરમાં 1945માં શરૂ કરાઈ હતી. રાજ્યમાં ખેડૂતો પાસેથી ભાગબટાઈ અને વિઘોટી-પદ્ધતિથી મહેસૂલ લેવાતું હતું. સુરેન્દ્રસિંહજીની સગીર અવસ્થા દરમિયાન ત્રણ સભ્યોની બનેલી રિજન્સી કાઉન્સિલે વહીવટ સંભાળ્યો હતો (1934-1942) એમના સમયમાં 'વઢવાણ કૅમ્પ' નામ બદલી એને " સુરેન્દ્રનગર " નામ આપવામાં આવ્યું હતું. આમ થતાં શહેરી વસાહત વ્યવસ્થિત થઈ અને જંકશન તરીકે એ મુખ્ય જેવું બની ગયું.

સુરેન્દ્રસિંહજીએ પુખ્ત ઉંમર થતાં 8-6-1942ના રોજ રાજ્યનો કારોબાર સંભાળ્યો હતો. રાજ્ય 1948 માં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં એમાં ભળી ગયું હતું.

દોલતસિંહજી 14-4-1908ના રોજ લીબડી રાજ્યની ગાદી ઉપર બેઠા હતા. એમણે ઈંગ્લેન્ડ સહિત યુરોપના ઘણા દેશોનો પ્રવાસ ખેડ્યો હતો. તેઓ વિદ્યારસિક હતા અને વિદ્યાના આશ્રયદાતા હતા. લીબડી રાજયમાં પ્રાથમિક શિક્ષણ મત હતું. એમના સમયમાં જશવંતસિંહજી મિડલ સ્કૂલ ધો. 11 સુધી શીખવતી હાઈસ્કૂલ થઈ હતી. હરિજનો માટે એમણે એક અત્યંજ-શાળા ખોલી હતી. એમણે શાળાવાળાં ગામોમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું હતું. આ ઉપરાંત એક મદરેસા અને સંસ્કૃત પાઠશાળા હતી. સંસ્કૃતના અધ્યયનના ઉત્તેજનાર્થે એમણે બનારસમાં છાત્રાલય ખોલ્યું હતું અને વિદ્વાન બ્રાહ્મણોને એમણે રાજ્યને ખર્ચે બનારસ ભણવા મોકલ્યા હતા. એમને ક્રિકેટની રમતમાં સારો રસ હતો. એમના સમયમાં ગાંધીજી તથા ટાગોર જેવી જાણીતી વિભૂતિઓએ લીબડીની મુલાકાત લીધી હતી. 1935માં હોસ્પિટલને અદ્યતન બનાવી હતી. પાણી-પુરવઠા માટે ભોગાવો નદીમાંથી નહેર કાઢી હતી અને રાજ્યમાં પાકી સડકો બનાવી હતી. 1934માં રંગપુર નજીક રસ્તા માટે ખોદકામ કરતાં ગુજરાતમાં સૌથી પ્રથમ હડપ્પાકાલીન અવશેષ મળ્યા હતા, જેનું માધોસ્વરૂપ વત્સ ખોદકામ હાથ ઉપર લીધું હતું. સને 1939માં જવાબદાર તંત્રીની લીબડી પ્રજામંડળે માગણી કરતાં પ્રજામંડળ સાથે રાજ્યને ઘર્ષણ થયું હતું અને પ્રજા ઉપર ઘણો જુલમ ગુજારવામાં આવ્યો હતો. પરિણામે લોકોએ હિજરત કરી હતી અને લીબડીના રૂનો બહિષ્કાર કર્યો હતો.

દોલતસિંહજીના અવસાન બાદ એમના પુત્ર દિગ્વિજયસિંહજી ગાદીએ આવ્યા, પરંતુ એમનું દસ માસમાં જ અવસાન થતાં છત્રસાલસિંહજી ગાદીએ બેઠા હતા.

એમની સગીર અવસ્થાને કારણે દીવાન અને રિજન્સી કાઉન્સિલે કેટલોક વખત વહીવટ ચલાવ્યો હતો. રાજ્યના ભારતસંઘ સાથેના જોડાણ સુધી આ વહીવટ ચાલુ રહ્યો હતો. પુખ્ત વયના થતાં નટવરસિંહજી 26-1-1920ના રોજ ગાદીનશીન થયા. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકાર તરફથી એમને " મહારાજા'નો ઈલકાબ ઈ.સ. 1918માં આપવામાં આવ્યો. એમને 13 તોપોનું માન આપવામાં આવતું હતું. આ મહારાજા ક્રિકેટ તથા સ્કાઉટિંગ અને રમતગમતના શોખીન હતા. 1925માં પોરબંદરમાં એ. સી. સી. કમ્પનીએ સિમેન્ટ ફેક્ટરી શરૂ કરી હતી. મહારાણા મિલ 1932માં શરૂ કરાઈ હતી. જગદીશ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ 1945માં 'તેલ-મિલ' તરીકે શરૂ કરાઈ હતી. એ વનસ્પતિ ઘી તથા સાબુ પણ બનાવે છે. આમ નટવરસિંહજીના શાસન દરમિયાન રાજ્યનો ઔદ્યોગિક વિકાસ થયો હતો.

1927માં કાઠિયાવાડ રાજકીય પરિષદનું ચોથું અધિવેશન ઠક્કરબાપાના પ્રમુખપણા નીચે પોરબંદરમાં થયું હતું. ગુરુકુળ સંસ્થા કન્યાશિક્ષણનું મહત્ત્વનું કાર્ય કરે છે. નાનજી કાળિદાસ એના પ્રણેતા હતા. 1947માં દેશ આઝાદ થયો ત્યારે ભારતસંઘ સાથે રાજ્ય જોડાણ કર્યું અને એ સૌરાષ્ટ્ર એકમ સાથે 1948માં જોડાયું હતું.

શેરમોહમદખાને ઈ.સ. 1877થી 1918 સુધી રાજ્ય કર્યું હતું. એમના સમયમાં એમણે ખેતીવાડીને ઉત્તેજન આપ્યું હતું અને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તેમજ કન્યાશાળા વગેરે ખોલી આધુનિક પદ્ધતિની શિક્ષણ સંસ્થાઓ શરૂ કરી હતી. પ્રથમ

વિશ્વયુદ્ધ દરમિયાન એમણે બ્રિટિશ સરકારને માણસો અને ધનની મદદ કરી હતી. 1914માં એમના સુવહીવટની કદર એમને કરીને 11ને બદલે 13 તોપોનું માન આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

સને 1918માં પાલનપુરની ગાદીએ આવનાર તાલેમહમદખાનને પિતાની હયાતી દરમિયાન છેલ્લાં સાત વરસો દરમિયાન રાજ્યવહીવટની પ્રત્યક્ષ તાલીમ લીધી હતી. ઈ.સ. 1920માં એમને કે.સી.આઈ.ઈ.નો ઇલકાબ આપવામાં આવ્યો હતો. તાલેમહમદખાનજીએ ખેતીવાડીના વિકાસ માટે ખાસ લક્ષ આપ્યું હતું. ડીસામાં ખેતીવાડીનું પ્રાયોગિક મોડેલ ફાર્મ શરૂ કર્યું હતું અને વધુ અનાજ વાવો ઝુંબેશ દ્વારા અન્નનું ઉત્પાદન વધાર્યું હતું. શેરડી મગફળી ઘઉં અને બાજરીની સુધરેલી જાતોનું બિયારણ ખેડૂતોમાં પ્રચલિત કર્યું હતું. ખેતીમાં સુધારેલાં ઓજારો તથા પિયત માટે રેંટ અને પમ્પ દ્વારા સિંચાઈ કરવા ઉત્તેજન આપ્યું હતું. ઈટાલિયન ભૂસ્તરશાસ્ત્રી ડૉ. ડેસો તથા સર સિરીલ ફૉક્સને નિમંત્રણ આપીને ખનિજ-સંશોધન માટે એમણે પ્રયત્નો કર્યા હતા, એમણે અમીરગઢ નજીક સિમેન્ટ માટે યોગ્ય સારી જાતનો ચૂનાના પથ્થરનો વિપુલ જથ્થો શોધી કાઢ્યો હતો. 1937માં મુંબઈમાં કોંગ્રેસ પક્ષના પ્રધાનમંડળની રચના થતાં લોકોની જવાબદાર તંત્રની માગણીને અનુલક્ષીને ઈ.સ. 1939માં પાલનપુર રાજ્યસભા એક્ટ પસાર કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં ઈ.સ. 1946માં નવો કાયદો કરી કારોબારી કાઉન્સિલ અને 50 સભ્યોની બનેલી ધારાસભાની નવાજેશ કરી હતી. એ 50 સભ્યો પૈકી 36 સભ્ય મુખ્ય મતાધિકાર દ્વારા ચૂંટાયેલા હતા.

એમના શાસન દરમિયાન ન્યાયતંત્રની પુનર્રચના કરાઈ હતી અને મહેસૂલખાતાની અપીલો સાંભળવા રેવન્યૂ ટ્રિબ્યુનલની રચના કરાઈ હતી. 1929-1939 દરમિયાન ન્યાયતંત્રને કારોબારીમાં ક્રમશઃ અલગ કર્યું હતું. પાલનપુરના નવાબ લોકપ્રિય રાજવી હતા અને પ્રજા સાથે એમના સંબંધ સારા હતા. કેટલાક મુસ્લિમ રાજ્યોમાં કોમી વાતાવરણ પ્રવર્તતું હતું તેવું અહીં ન હતું. 1947માં દેશ આઝાદ થયો ત્યારે એમણે તરત ભારતના સંઘરાજ્ય સાથે જોડાણની જાહેરાત કરી હતી અને 1948માં મુંબઈ રાજ્ય સાથેના વિલીનીકરણને પણ માન્ય રાખ્યું હતું.

રાધનપુર રાજ્યમાં જલાલુદ્દીનખાન 1918માં ગાદીએ આવ્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારને એમણે સારી મદદ કરી હતી . ખેડૂતોને ઓછા વ્યાજના દરે ધિરાણ મળે એ માટે એમણે વઢિયાર બૅંક ઈ. સ. 1927માં શરૂ કરી હતી.

જલાલુદ્દીન અપુત્ર હતા તેથી એમના અવસાને એમના નજીકના સગા મુર્તઝાખાન ઈ. સ. 1936માં ગાદીએ આવ્યા હતા. એમણે જલાલુદ્દીનખાનના હાથ નીચે વહીવટની પ્રત્યક્ષ તાલીમ લીધી હતી. સને 1937-1941 દરમિયાન પ્રજામાં ખેડૂતો ઉપર ભારે મહેસૂલ તથા કોમી વલણને કારણે તંગદિલી પ્રવર્તતી હતી. રાજ્ય પ્રજાની રાજકીય જાગૃતિની પ્રવૃત્તિથી વિરુદ્ધ હતું અને નવાબે પ્રજાનું દમન કર્યું હતું. 1947માં દેશ આઝાદ

*થતાં રાધનપુર રાજ્ય ભારતસંઘ સાથે જોડાયું હતું અને ઈ. સ.* 1948*માં એનું મુંબઈ રાજ્ય સાથે વિલીનીકરણ થયું હતું.*

*પાલીતાણા રાજ્યમાં બહાદુરસિંહજી પુખ્ત ઉંમરના થતાં ઈ. સ.* 1919*માં એમને રાજ્યનો વહીવટ સોંપવામાં આવ્યો હતો. તેઓ રમતગમતના શોખીન હતા. એમણે એમના, રાજ્યના ક્રિકેટના ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત હતું. તેઓ ચોખ્ખાઈ માટે આગ્રહી હતા અને પાલીતાણાની મ્યુનિસિપાલિટી આ માટે ખૂબ કાળજી પણ રાખતી હતી. એમના રાજ્યમાં હોટલ ઉપર પ્રતિબંધ હતો.* 1930*માં લોકો રાજ્યવહીવટમાં ભાગ લઈ શકે એ માટે એમણે પ્રજાપ્રતિનિધિસભા સ્થાપી હતી. રાજ્યમાં કરવેરાનું પ્રમાણ ઓછું હતું. આઝાદી બાદ પાલીતાણા રાજ્ય સૌરાષ્ટ્ર રાજ્યમાં જોડાઈ ગયું હતું.*

*લાઠીમાં સુરસિંહજી ગોહિલ કલાપીના પુત્ર પ્રતાપસિંહજી* 10-6-1900*ના રોજ ગાદીએ બેઠા હતા. એમણે* 14-10-1918 *સુધી રાજ્ય કર્યું હતું. એમના પછી પ્રહ્‌લાદસિંહજી ગાદીએ આવ્યા હતા. તેઓ સાહિત્યરસિક હતા. અને રાજહંસ ના ઉપનામથી લખતા હતા. એમના શાસન દરમિયાન લાઠી રાજ્ય સૌરાષ્ટ્ર રાજ્ય સાથે જોડાયું હતું.*

*ઈડર રાજ્યમાં મહારાજા દોલતસિંહજીએ ઈ. સ.* 1914*માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ઈજિપ્તમાં શાહી ઘોડેસવારોની ટુકડીના નાયક તરીકે ભાગ લીધો હતો. આ ઉપરાંત ધન માણસો અને સાધનોથી બ્રિટિશ સરકારને એમણે ઘણી મદદ કરી હતી. એમની ગેરહાજરીમાં રાજ્યનો વહીવટ એમની રાણીએ સંભાળ્યો હતો. યુદ્ધમાંથી પરત આવ્યા બાદ એમને " લેફ્ટનન્ટ કર્નલ"નો માનદ હોદ્દો આપવામાં આવ્યો હતો અને* 1920 *માં કે. સી. એસ. આઈ.નો ઈલકાબ આપવામાં આવ્યો હતો. એમના શાસન દરમિયાન પ્રજામાં ઘણી જાગૃતિ આવી હતી અને લોકોએ દારૂના પીઠાનું પિકેટિંગ કર્યું હતું. તેમ પરદેશી કાપડનો બહિષ્કાર પોકાર્યો હતો. લોકોમાં રાજ્યની અંગ્રેજ-તરફી નીતિ સામે અસંતોષ પ્રવર્તતો હતો. લોકો ઉપર કરવેરા પણ ઘણા હતા. સને* 1925*માં ઈડર રાજ્યમાં પ્રજામંડળની સ્થાપના થઈ હતી.*

*પિતાના અવસાને ગાદીએ આવ્યા બાદ હિંમતસિંહજીએ કેટલાક સુધારા રાજ્યમાં દાખલ કર્યા હતા. તેઓ અચ્છા ખેલાડી હતા અને લશ્કરી બાબતોમાં એમના પૂર્વજોની જેમ રસ ધરાવતા હતા. જગન્નાથ ભંડારીને દીવાન બનાવી એમણે વહીવટ સુધાર્યો હતો. એમણે ખેતીવાડી ખાતું ખોલી જમીન અને આબોહવાને અનુકૂળ નવા પાકોના વાવેતર માટે ખેડૂતોને ઉત્તેજન આપ્યું હતું. નવાં સાધનો, ખેતીની પદ્ધતિ, બિયારણ, ખેતીના પ્રયોગો માટે એક્સપેરિમેન્ટલ ફાર્મ ખોલ્યું હતું. તેમજ નવા કૂવાઓ માટે તથા જૂના કૂવાઓની દુરસ્તી માટે વગર વ્યાજે નાણાં ધીરવાની વ્યવસ્થા કરી હતી. એમણે શાળાઓમાં ખેતીનું શિક્ષણ દાખલ કર્યું હતું. અને શિક્ષકોને તાલીમ આપવા એક ખેતીવાડી શાળા શરૂ કરી હતી.*

*હિંમતસિંહજીના શાસન દરમિયાન શિક્ષણનો વિકાસ થયો હતો .* 1933-34 *દરમિયાન* 45 *નવી પ્રાથમિક શાળા ખોલવામાં આવી હતી. કન્યાઓ માટે મુખ્ય કન્યાશાળાઓમાં સીવણ ભરત ગૂંથણ રાંધણકલા ધોલાઈ વગેરે શીખવવાના વર્ગ ખોલ્યા હતા. આ ઉપરાંત રાત્રિવર્ગો તથા ફરતાં પુસ્તકાલય પણ શરૂ કર્યા હતાં. રાજ્ય* 1934*માં શિક્ષણ પાછળ રૂ.* 84000*નો ખર્ચતું હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત કર્યું હતું અને અનાથ બાળકોને હાઈસ્કૂલમાં શિક્ષણ મળે એ માટે વ્યવસ્થા કરી હતી. નિરાધાર સ્ત્રીઓ માટે હસ્તકલા ને કુટિર-ઉદ્યોગ કેંદ્ર શરૂ કર્યા હતાં અને વિધવાઓને પેન્શન આપવામાં આવતું હતું. એમણે કેટલાક કર દૂર કર્યા હતા અને જંગલ-વિકાસની યોજના હાથ ધરી હતી. જવાબદાર તંત્ર ન આપવાને કારણે તથા ભારે મહેસૂલના દરને કારણે પ્રજામાં અસંતોષ હતો.* 1933-44 *સુધી રાજ્ય સાબરકાંઠા એજન્સીની દેખરેખ નીચે હતું. ત્યારબાદ વડોદરાના રેસિડેન્ટની દેખરેખ નીચે મુકાયું હતું. ઈડર રાજ્ય* 1947*માં ભારતસંઘ સાથે જોડાણ સ્વીકાર્યું અને ત્યારબાદ મુંબઈ રાજ્યમાં એ વિલીન થઈ ગયું.*

### 6.3.2 વડોદરા રાજ્ય (ઈ.સ. 1914 થી 1947)

6.3.2.1 *સયાજીરાવ 3જા* (1875-1939)

*સયાજીરાવ ત્રીજા ઈ.સ.* 1875*માં ગાદીએ બેઠા પછી વડોદરામાં નવા યુગની શરૂઆત થઈ હતી. આ કાર્યમાં સયાજીરાવના દીવાનો સર ટી. માધવરાવ, આર.સી. દત્ત, મનુભાઈ નંદશંકર, વી. ટી. કૃષ્ણમાચારી તથા બી. એલ. મિત્રનો મહત્ત્વનો ફાળો હતો એમણે વડોદરાના મધ્યયુગી સામંતશાહી તંત્રને બ્રિટિશ ભારતવર્ષના તંત્રની બન્યું હતું. પરિણામે નકામા વેરા ભાગબટાઈ ઈજારાશાહી વગેરે રદ થયાં હતાં. એમણે હરોળમાં મૂક્યું હતું. સમગ્ર તંત્ર રાજાભિમુખ હતું તે કલ્યાણલક્ષી અને પ્રજાભિમુખ ન્યાયતંત્રને કારોબારીથી અલગ કર્યું હતું. હાઈકોર્ટ સ્થાપી, બ્રિટિશ ભારતના ન્યાય અંગેના કાયદા લાગુ પાડી જૂની પદ્ધતિ દૂર કરી હતી. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને અને મફત કરીને શિક્ષણના સાર્વત્રિકીકરણની શરૂઆત કરી હતી. માધ્યામિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધ્યું હતું. કલાભવનની સ્થાપનાથી ટેકનિકલ શિક્ષણની શરૂઆત થઈ હતી. પુસ્તકાલય પ્રવૃત્તિએ મોતીભાઈ અમીનના નેતૃત્વ નીચે વિશાળ વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું હતું. દરેક શહેરમાં નગરપાલિકા સ્થપાઈ હતી અને ગ્રામ-પંચાયતો અને પ્રાંત-પંચાયતો સ્થાપી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જવાબદારી લોકોને સોંપી હતી. દીવાન અને અમલદારોના એકહથ્થુ કારભારને બદલે ધારાસભા દ્વારા સ્વશાસનની દિશામાં વડોદરા રાજ્ય પહેલ કરી હતી. અનેક સામાજિક સુધારા પણ કરાયા હતા અને જ્ઞાતિનો ત્રાસ નિવારાયો હતો. આમ ઈ.સ.* 1914 *પૂર્વે ગાયકવાડી તંત્રને સંપૂર્ણપણે પુનઃ વ્યથિત કરીને લોકાભિમુખ બનાવાયું હતું.*

*ઈ.સ.* 1914-18*ના પ્રથમ વિશ્વયુદ્ધના ગાળા દરમિયાન વડોદરા રાજ્ય બ્રિટિશ સરકારને ઘણું સહાયભૂત થયું હતું. ઈ. સ.* 1920*માં ઓખામંડળનો કબજો વડોદરા રાજ્યને સોંપાયો હતો.*

સયાજીરાવના શાસન દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન મળ્યું હતું. ઈ.સ. 1916 માં વડોદરામાં પ્રેમાનંદ સાહિત્ય સભાની અને ડભોઈમાં દયારામ સાહિત્ય સભા'ની સ્થાપના થઈ હતી. મરાઠીભાષી પ્રજાએ મરાઠી વામય પરિષદની શરૂઆત કરી હતી. ઈ.સ. 1915માં સંસ્કૃત મહાવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું હતું, એ ઉપરાંત શ્રાવણમાસ દક્ષિણા પરીક્ષા દ્વારા સંસ્કૃત ભાષા અને આયુર્વેદને ઉત્તેજન આપવામાં આવ્યું હતું. પુરોહિત ધાર્મિક વિધિ સારી રીતે કરાવે એ માટે પુરોહિત-શાળા શરૂ કરવામાં આવી હતી. ઈ. સ. 1927માં પ્રાચ્ય વિદ્યામંદિર પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોની 1925માં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ અને સાચવણી અને પ્રકાશન તથા સંશોધન માટે શરૂ કરવામાં આવ્યું હતું. ઈ.સ . 1924-25 અને મોતીભાઈ અમીન દ્વારા પુસ્તકાલય સહાયક મંડળ અને 'પુસ્તકાલય' માસિક શરૂ કરવામાં આવ્યાં હતાં. વડોદરાની મધ્યસ્થ લાઈબ્રેરીમાં ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી વગેરે ભાષાઓનાં વિવિધ વિષયોનાં દસ લાખથી વધુ પુસ્તક હતાં. પ્રાચ્ય વિદ્યામંદિરમાં 14,000 હસ્તપ્રતો અને 10000 છપાયેલાં પુસ્તક હતાં. ભાષાંતર-શાખા દ્વારા વિવિધ વિષયોનાં ગંભીર વિષયોનાં અને બાળકોને ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ થતાં હતાં. વડોદરા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી સિક્કા, ચિત્રો, ધાતુકામ અને ચિત્રો અને શિલ્પો વગેરેનો ભવ્ય સંગ્રહ ધરાવવા લાગ્યું. પ્રો. માણેકરાવ તથા છોટુભાઈ પુરાણીએ ગુજરાતમાં વ્યાયામપ્રવૃત્તિને વેગ આપ્યો હતો. આ સમય દરમિયાન વડોદરામાં યુનિવર્સિટી સ્થાપવા માટે પ્રયત્ન થયા હતા. 193પમાં એસ. ટી. ટી. કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી. આમ સંસ્કાર ધામ વડોદરામાં અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ હતી.

સને 1917-18માં સેનિટરી બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી, જેના પ્રયાસથી રોગચાળો કાબૂમાં આવ્યો હતો. ઈ.સ. 1919માં દરેક ગામને પાંચ માઈલના વિસ્તારમાં વૈદ્યકીય સહાય મળી રહે તે રીતે ગ્રામ દવાખાનાં શરૂ કરાયાં હતાં.

ઈ.સ . 1917માં માસર-જંબુસર અને બોડેલી-છોટા ઉદેપુર રેલવે લાઈન શરૂ કરાઈ હતી. ડભોઈ-સમલાયા-ટીંબા લાઈન 1913-19 દરમિયાન નખાઈ હતી. છૂછાપરા તણખલા રેલવે લાઈન ઈ.સ. 1922માં પૂરી કરાઈ હતી. 1926માં ઓખા બંદરને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ઓખાને જામનગર-દ્વારકા રેલવે લાઇન દ્વારા જોડવામાં આવ્યું હતું. બીલીમોરા બંદરને વિક્સાવવા પ્રયત્નો થયા હતા. ઈ. સ. 1936માં વડોદરામાં એરોડ્રોમ બાંધવામાં આવ્યું હતું. ઈ. સ. 1936માં ગ્રામવિસ્તારના ઉદ્ધાર માટે ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ એક કરોડ રૂપિયાના ભંડોળથી શરૂ કરવામાં આવ્યું હતું. ઈ. સ. 1918માં ઈકોનૉમિક ડેવલપમેન્ટ બૉર્ડની સ્થાપના વિકાસના હેતુસર કરવામાં આવી હતી. પાછળથી એને 'ઇકોનોમિક કમિટી' નામ અપાયું હતું અને 1937-38 દરમિયાન એની શાખા દરેક પ્રાંતમાં ખોલવામાં આવી હતી.

1921-41 દરમિયાન વડોદરા રાજ્યમાં ઔદ્યોગિકીકરણની શરૂઆત થઈ હતી. સયાજી મિલ ઈ. સ. 1885માં રાજ્યના સહકારથી શરૂ કરાઈ હતી. 1923માં યમુના મિલ

*અને 1935માં દિનેશ વૂલન મિલ વડોદરામાં શરૂ કરાઈ હતી. સિદ્ધપુર કડી કલોલ બીલીમોરા અને નવસારીમાં થઈ સાતેક મિલ શરૂ કરાઈ હતી. આ સિવાય તેલમિલ દાળમિલ જિન-પ્રેસ અને દવા બનાવવાનાં કારખાનાં પણ શરૂ કરાયાં હતાં.*

*સયાજીરાવના શાસન નીચે વડોદરા રાજ્ય ભારતવર્ષનું અગ્રગણ્ય દેશી રાજ્ય બન્યું હતું. પણ લોકોની જવાબદાર રાજ્યતંત્રની માગણી તરફ સયાજીરાવ ઉદાસીન રહ્યા હતા. આ દેશભક્તિ અને દીર્ઘદૃષ્ટિવાળા રાજવીનું અવસાન 6-2-1999ના રોજ થયું હતું.*

6.3.2.2 *પ્રતાપસિંહરાવ* (1939-1949)

*સયાજીરાવની હયાતી દરમિયાન એમના જ્યેષ્ઠ પુત્ર ફતેહસિંહરાવ મૃત્યુ પામ્યા હતા તેથી હવે પૌત્ર પ્રતાપસિંહરાવ વડોદરાની ગાદી ઉપર 7-2-1939 ના રોજ બેઠા હતા. એમણે વડોદરા અને પુણેમાં અભ્યાસ કર્યો હતો. એમના શાસન દરમિયાન એમણે ચૂંટાયેલા સભ્યોની બહુમતીવાળી ધારાસભાની નવાજેશ કરી હતી. નવું લોકજ્ઞ પ્રધાનમંડળ 1946માં રચાયું ત્યારે પ્રજામંડળે ચૂંટણીમાં મોટા ભાગની બેઠકો કબજે કરી હતી. જીવરાજ મહેતા મુખ્ય પ્રધાન થયા હતા. પ્રતાપસિંહરાવે રૂ. 22 લાખની મહેસૂલ ઘટાડી હતી. સયાજીરાવની સ્મૃતિમાં એક કરોડનું ભંડોળ એકઠું કર્યું હતું. તેમાં રૂ. એક કરોડનું ઉમેરીને બે કરોડનું ટ્રસ્ટ એમણે કર્યું હતું. શરૂઆતમાં એમણે સારી રીતે શાસન ચલાવ્યું હતું, પણ પાછળથી સલાહકારોની દોરવણીને લીધે એમના દાદાએ કાયદા વિરુદ્ધ જઈને, રાણી શાંતાદેવી હોવા છતાં, સીતાદેવી સાથે બીજાં લગ્ન કર્યા અને લોકકલ્યાણની પ્રવૃત્તિઓ થંભી ગઈ હતી. ઈ.સ. 1944માં એમણે રાજ્યના હતાં અને રાજ્યનાં નાણાં વેડફી નાખ્યાં હતાં, આથી પ્રજામાં એમના વર્તન અંગે તીવ્ર અસંતોષ પ્રવર્તતો હતો. 1947માં સરકારી નોકરોએ અભૂતપૂર્વ 1939-1947 દરમિયાન વડોદરામાં વધારે કારખાનાં ઊઘડ્યાં હતાં. 1947 માં રાજ્યને નોકરોના પગાર-ધોરણમાં 1-1-1948થી સુધારણા કરવા ફરજ પાડી હતી ભારત દેશ આઝાદ થયો ત્યારે વડોદરામાં વધારે કારખાનાં ઊઘડ્યાં હતાં. 1947માં ભારત દેશ આઝાદ થયો ત્યારે વડોદરા રાજ્ય બંધારણસભામાં ભાગ લેવાની અને ભારત સંઘ સાથે જોડાવાની પહેલ કરી.*

*પ્રજામંડળના દબાણના કારણે પ્રતાપસિંહરાવે જવાબદાર તંત્રની માંગણી સ્વીકારી ખરી, પણ તેઓ પ્રજામાં અપ્રિય થઈ પડ્યા હતા. પરિણામે તેઓ વડોદરાને મુંબઈ રાજ્ય સાથે જોડાવા તૈયાર થયા. 1-5-49ના રોજ વડોદરાનું મુંબઈ સાથે જોડાણ થયું. પાછળથી મહારાજાએ મુંબઈ સાથેના વડોદરા રાજ્યના જોડાણને પડકાર્યું, એ ઉપરાંત રાજવીમંડળ રચી ભારત સરકાર સાથે જોડાણ વિરુદ્ધની કાર્યવાહી પણ શરૂ કરી હતી. આ કારણે પ્રતાપસિંહરાવને પદભ્રષ્ટ કરવાની ભારત સરકારને ફરજ પડી.*

*પ્રતાપસિંહરાવના શાસન દરમિયાન 30-4-1949ના રોજ "મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી" અસ્તિત્વમાં આવી. વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં એના*

ચાર પ્રાંતો પૈકી ત્રણના અલગ ત્રણ જિલ્લા બન્યા અને નવસારીને તથા પેટલાદને તેઓની નજીકના રાજ્યના જિલ્લાઓમાં જોડી દેવાયા.

6.3.2.3 **વડોદરા પ્રજામંડળ.**

અરવિંદ ઘોષ તથા " અભિનવ ભારત'ના ક્રાંતિકારીઓની વડોદરામાં ઘણી અસર હતી. બંગભંગની તથા સ્વદેશીની ચળવળને કારણે પ્રજામાં જાગૃતિ આવી હતી 'ગંગનાથ વિદ્યાલય' સ્થાપીને છૂપી પ્રવૃત્તિ કરવાની યોજના પણ હતી અને એના આગેવાનો દેશભક્ત અમલદારો તેમ કેળવણીકારો વગેરે હતા. 1910-11 દરમિયાન ગંગનાથ વિદ્યાલય બંધ કરવાની અને શ્રી પુરોહિત, ઈશ્વરભાઈ પટેલ, છોટુભાઈ પુરાણી વગેરે દેશભક્તો રાજ્યની નોકરીમાંથી છૂટા કરવાની રાજ્ય ઉપર ફરજ પાડવામાં આવી હતી, આમ છતાં લોકોમાં આવેલી જાગૃતિ રોકી શકાઈ નહિ અને લોકોની ફરિયાદો દૂર થાય અને જવાબદાર તંત્રની રાજ્યમાં સ્થાપના થાય એ હેતુથી 1916માં 'વડોદરા રાજ્ય પ્રજામંડળ'નું પ્રથમ અધિવેશન હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખપણાની નીચે નવસારીમાં થયું હતું. રાજ્યના વડોદરા નવસારી અમરેલી અને મહેસાણા પ્રાંતના સત્તર આગેવાનોએ મળીને પ્રજામંડળનું બંધારણ ઘડ્યું હતું. શરૂઆતમાં એમણે સહકારી અને સમાધાનકારી વલણ અપનાવ્યું હતું અને એ લોકોની ફરિયાદો અરજી કે અમલદારોની રૂબરૂ મુલાકાત લઈને દૂર કરવા પ્રયત્ન કરતા હતા. અને વરસમાં એક વખત મળીને ચર્ચા કરીને ઠરાવો કરી રાજ્ય પાસે 2 જૂઆત કરતા હતા. એમની માગણીના નિકાલ માટે ઉગ્ર વલણ દાખવવામાં આવ્યું ન હતું. પ્રજામંડળની બેઠકો ઈન્ડિયા નેશનલ કોંગ્રેસની માફક જુદાં જુદાં સ્થળોએ થતી હતી.

પ્રથમ અધિવેશન નવસારીમાં થયું હતું. ત્યારબાદ બીજું અધિવેશન 1918માં વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખપણા નીચે વડોદરામાં થયું હતું. ત્રીજું અધિવેશન હરિલાલ પરિખના અધ્યક્ષપણા નીચે 1922માં વડોદરામાં થયું હતું. સાતમું અધિવેશન સને 1928માં વડોદરામાં દરબાર ગોપાળદાસના અધ્યપણા નીચે થયું હતું. અને 1932માં વામનરાવ રામચંદ્રના અધ્યક્ષપણા નીચે દરમું અધિવેશન ડભોઈ મુકામે થયું હતું. 1935માં અબ્બાસ તૈયબજીના પ્રમુખપણા નીચે વડોદરામાં પ્રજામંડળનું અધિવેશન થયું હતું. 1920-21 તથા 1930-31ની સત્યાગ્રહ લડતમાં વડોદરા રાજ્યના પ્રજાજનોએ ભાગ લીધો હતો અને બોરસદ તથા બારડોલી સત્યાગ્રહોના પ્રસંગોએ બ્રિટિશ જિલ્લાના પ્રજાજનોએ ગાયકવાડી પ્રદેશમાં આશ્રય લઈને બ્રિટિશ સત્તાવાળાઓનો પ્રતીકાર કર્યો હતો, આ કારણે બ્રિટિશ સત્તાવાળાઓએ વડોદરાના અધિકારીઓ ક્રાંતિકારીઓને તથા સત્યાગ્રહીઓ એમની પ્રવૃત્તિઓમાં સહાય કરે છે એવો આક્ષેપ પણ મૂક્યો હતો અને કેટલાક અધિકારીઓ તથા નોકરોને નોકરીમાંથી છૂટા કરવા ફરજ પણ પાડી હતી. વડોદરા શહેરમાં પ્રજામંડળની પ્રવૃત્તિ મર્યાદિત રહી ત્યાં સુધી રાજ્ય પરવા કરી ન હતી, પણ 1930થી 1934ની લડત પછી પ્રજામંડળની પ્રવૃત્તિ ગામડાંઓમાં ફેલાતાં સરકારની પ્રજામંડળ ઉપર ખફા નજરની હોઈ ઘર્ષણની શરૂઆત થઈ હતી. કઠોર મુકામે 1936માં

અધિવેશન થયું ત્યારે એના નેતાઓને ગાળો દઈને અને ક્યારેક તમાચા મારીને અપમાનિત કરવામાં આવ્યા હતા. 1937ના વિસનગર અધિવેશન પછી સરકારની જોહુકમી વધી હતી. ડબકાના 1300 એકરમાં આવેલા શિકારખાનાનો ત્રાસ પણ અસહ્ય હતો. લાંચરુશવતની બદી પણ ખૂબ ફાલી હતી અને નોકરશાહી ખૂબ વકરી ગઈ હતી. આ કારણે ભાદરણ અધિવેશનના પ્રમુખ તરીકે સરદાર પટેલને પસંદ કરવામાં આવ્યા હતા. સરદાર પટેલે 28-10-38ના રોજ ભાદરણ અધિવેશનમાં ઉપર્યુક્ત બાબતોનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે ત્રીસ વરસ ઉપર ધારાસભાની સ્થાપના થઈ હતી, પણ અહીં નાલાયકાતની જ તાલીમ મળતી હતી. વડોદરા પ્રજામંડળે બાવીસ વરસ સુધી ધીરજપૂર્વક રાહ જોયા છતાં રાજ્યના પેટનું પાણી પણ હાલ્યું ન હતું અને એની જૂની રીતરસમો ચાલુ રાખીને પ્રજાપીડનની પ્રવૃત્તિ ચાલુ જ હતી. સરદારે વડોદરા રાજ્યની દારૂના છૂટા વેચાણની નીતિ મુંબઈ રાજ્યની દારૂબંધીની નીતિને કેવી રીતે બાધક હતી એ સમજાવી દારૂબંધ દાખલ કરવા અને મહેસૂલના દર ઘટાડવા જણાવ્યું હતું, પણ રાજ્યનાં સ્થાપિત હિતોને અને અમલદારશાહીને આ સૂચનો ગમ્યાં ન હતાં. સરદાર પટેલના ઉદ્દબોધનને કારણે પ્રજામંડળના નેતાઓમાં વધુ આત્મવિશ્વાસ આવ્યો હતો અને એમણે વધારે ઉગ્રતાથી કાર્ય કરવાની શરૂઆત કરી હતી. હરિપુરા કોંગ્રેસના ઠરાવને કારણે પણ પ્રજામંડળની પ્રવૃત્તિને વેગ મળ્યો હતો. અત્યાર સુધી તટસ્થ રહેવાની નીતિ કોંગ્રેસે તજી દેવાની શરૂઆત કરી હતી. માંગરોળ અને પલસાણા તાલુકાઓમાં સરદાર પટેલ પોતે ક્ય ને ખેડૂતોને જાગ્રત કર્યા અને વકરી ગયેલી નોકરશાહીમાં ફફડાટ પેસી ગયો, આથી મહેસૂલમાં રૂ.20 લાખ ઘટાડ્યા અને મતાધિકાર વિસ્તૃત કર્યો તેમ ધારાસભામાં પ્રજાનું પ્રતિનિધિત્વ વધાર્યું.

તા. 20-3-39ના રોજ વડોદરા શહેર અને જિલ્લા તરફથી સરદારને માનપત્ર અને રૂ. 25,001ની થેલી આપવાનો કાર્યક્રમ રખાયો હતો. સરદારવિરોધ પત્રિકા વહેંચીને મરાઠીભાષી પ્રજાજનોને ઉશકેરવામાં આવ્યા હતા. પરિણામે વડોદરામાં તોફાન ફાટી નીકળ્યાં હતાં, જેમાં સરદારના સરઘસ ઉપર પથ્થરમારો કરાયો હતો અને જોડા ફેંકીને અપમાન કરાયું હતું. આ પ્રસંગે ત્રણેક દિવસ તોફાન થયાં હતાં અને પ્રજામંડળ વિરોધ સરઘસમાં ભાગ લેનારાઓએ ગુજરાતી લત્તાઓમાં લોકો ઉપર હુમલા પણ કર્યા હતા.

1940માં 60 સભ્યોની ધારાસભામાં પ્રજામંડળના ઉમેદવાર સારી સંખ્યામાં ચૂંટાયા હતા. પ્રતાપસિંહરાવે મહેસૂલમાં ઘટાડો કરી, ધારાસભાના સભ્યોની સંખ્યા વધારી તથા રૂપિયા એક કરોડનું ટ્રસ્ટ દાદાની યાદમાં ઊભું કરીને શુભ શરૂઆત કરી હતી.

1942ની હિંદ છોડોની ચળવળમાં પ્રજામંડળે ભાગ લીધો હતો. વિશ્વયુદ્ધ (1939-1945) દરમિયાન પ્રજામંડળની ચળવળ મંદ પડી હતી, પણ 1946માં રાજ્યમાં ચૂંટણી થઈ હતી તેમાં પ્રજામંડળે સારી બહુમતી પ્રાપ્ત કરી હતી, પણ યુદ્ધ પૂર્ણ થયા બાદ પ્રજામંડળ સાથે પ્રતાપસિંહરાવને ઘર્ષણ થયું હતું. અંતે દરબાર ગોપાળદાસ સાથે વાટાઘાટ

*કરીને જવાબદાર તંત્ર સરદારશ્રીની સલાહ મુજબ આપવા રાજ્ય નક્કી કર્યું, પણ આમાં મતભેદ થતાં ડો. જીવરાજ મહેતાના પ્રધાનમંડળે પ્રતાપસિંહરાવને પદભ્રષ્ટ કરવા અને એમના નાણાકીય વ્યવહારોની તપાસ કરવા ઠરાવ કર્યો. છેવટે 25-8-1948ના રોજ રાજાએ સંપૂર્ણ જવાબદાર તંત્ર આપવાની જાહેરાત રાજગાદી અને સાલિયાણું બંને ખોવાં પડ્યાં. રાજ્યનું મુંબઈ રાજ્ય સાથે 1-5-1949ના કરી, પણ રાજાએ અગાઉ રજૂ કરેલું શુભેચ્છાનું વાતાવરણ કલુષિત કર્યું અને એમને રોજ જોડાણ થતાં આ પ્રકરણનો અંત આવ્યો.*

**6.3.3 ગોંડલ રાજ્ય.(ઈ.સ. 1914 થી 1947)**

*ગોંડલ રાજ્ય સૌરાષ્ટ્રમાં આવેલું જાડેજા વંશનું પ્રથમ વર્ગનું રાજ્ય હતું. તેનું ક્ષેત્રફળ* **2650** *ચો.કિ.મી. તથા* **175** *ગામો આવેલાં હતાં. વાર્ષિક આવક* **50** *લાખ અને ખર્ચ* **46** *લાખ રૂ. હતો. તે બ્રિટીશ સરકારને વાર્ષિક રૂ.* **49046** *ખંડણી તથા ગાયકવાડને* **61017** *રૂ. અને જૂનાગઢને રૂ.* **608** *જોરતલબી આપતું હતું. આપણે અહી જે કાલની ચર્ચા કરીએ છીએ તેમાં ભગવતસિંહજી અને છેલ્લા રાજા ભોજરાજજીની હવે આપણે વિગતે માહિતી જોઈશું.*

6.3.3.1 *ભગવતસિંહજી* (1869-1944)

*1869માં સંગ્રામજીના અવસાન પછી પુત્ર ભગવતસિંહજી ચાર વર્ષની ઉંમરે ગોંડલની ગાદીએ આવ્યા. તેથી 15 વર્ષ ગોંડલનો વહીવટ બ્રિટિશ વહીવટ હેઠળ રહ્યો. જેમાં સૌ પ્રથમ કેપ્ટન ગુડ્ફેલો, પછી કેપ્ટન લોઈડ, કેપ્ટન ફિલિપ, મેજર સ્કોટ, મેજર રીવ્સ વગેરેએ વહીવટદાર તરીકે કામ કર્યું. તા.24-8-1884ના તેઓ પુખ્ત થતાં રાજ્ય વહીવટ સંભાળ્યો હતો. તેમણે 1875માં રાજકોટની કૉલેજમાં દાખલ થયા ત્યારે તેમની ઉંમર નવ વર્ષની હતી. તેઓ અભ્યાસમાં તેજસ્વી હતા. તેમને 1883માં યુરોપનો પ્રવાસ કરેલો. તેમને પ્રવાસ દરમ્યાન ડાયરી લખી હતી. જે કોઈ રાજવી દ્વારા લખાયેલ ડાયરીમાં નોંધપાત્ર છે. આમ માત્ર 18 વર્ષની ઉંમરે જ ગોંડલના આ રાજવી લેખનકાર્યમાં સક્રિય રસ લેતા હતા. તેમાંથી તેમના સ્વદેશાભિમાનને જાણી શકાય છે.*

*1887માં મહારાણી વિક્ટોરિયાના શાસનના સુવર્ણ મહોત્સવ પ્રસંગે સૌરાષ્ટ્રના રાજવીઓના પ્રતિનિધિ તરીકે તેઓ ઈંગ્લેન્ડ ગયા હતા. અને રાનીનાહાથે કે.સી.આઈ.ઈ.નો ખિતાબ પામ્યા હતા. 1885માં મુંબઈ યુનિવર્સિટી ફેલો નીમ્યા હતા. 1887માં ઈંગ્લેન્ડની એડિનબરો યુનિવર્સિટીએ એલએલ.ડી.ની ડીગ્રી આપી હતી. આજ વર્ષમાં બ્રિટિશ સરકારે ગોંડલ રાજ્યને બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં મૂકી નવમાંથી અગિયાર તોપોની સલામીનું બહુમાન આપ્યું હતું. તેઓ 1895માં તેઓ ઈંગ્લેન્ડની એડિનબરો યુનિવર્સિટીની મેડીકલ કૉલેજમાં અભ્યાસ કરવા ગયા હતા. તેમણે ત્યાં 'એ હિસ્ટ્રી ઓફ આર્યન મેડીકલ સાયન્સિઝ' નિબંધ લખી એમ.ડી.(ડોક્ટર ઓફ મેડીસીન)ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. તેમણે 1895માં પૂનાની ફર્ગ્યુસન કૉલેજને રૂ. 22500નું દાન આપી*

*ગોંડલના રાજ્યના દસ વિદ્યાર્થીઓ વગર ફીએ ત્યાં અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરી હતી.*

*ભગવતસિંહજીએ જાગ્રત અને પ્રગતિશીલ વિચારસરણી ધરાવનાર રાજવી તરીકે વીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન નામના મેળવી હતી . એમણે એમના અંગત જીવનમાં મહત્ત્વાકાંક્ષા અને મોજશોખને સ્થાન આપ્યું ન હતું . લોકોને સુખી અને સંતોષી જોવાની એમની મહેચ્છા હતી. આર્થિક અને સામાજિક ક્ષેત્રે પ્રજાને આગળ લાવવા તેઓ હંમેશાં તત્પર હતા અને તેથી તેઓ ઘણા લોકપ્રિય અને લોકોના આદરને પાત્ર બન્યા હતા . તેઓ ખૂબ જ મહેનતુ તથા કરકસરિયા સ્વભાવના હતા .*

*રાજ્ય કેમ કરવું એ માટે એમણે યોગ્ય શિક્ષણ અને તાલીમ લીધાં હતાં.* 15 *વર્ષના બ્રિટિશ શાસન દરમ્યાન જાહેર રસ્તાઓ, રેલવે, હોસ્પિટલો, પુલો, શાળાઓ, પોલીસ વગેરે સુધારી રાજ્યની આવક વધારવામાં આવી હતી. મહારાજા ભગવતસિંહજીએ શાસન હાથમાં લીધું ત્યારે ગોંડલ આધુનિકરણનો પાયો નખાઈ ગયો હતો. એમણે એમના રાજ્યમાં વહીવટના ક્ષેત્રે ઘણા સુધારા દાખલ કર્યા હતા, તેઓ એમની જાતને રાજ્યના ટ્રસ્ટી તરીકે ગણતા હતા. એમનાં પત્ની નંદકુંવરબા ભણેલાં હતાં અને એમણે ઝનાના પદ્ધતિનો ત્યાગ કરીને ઓઝલ પડદો ) પ્રથાને તિલાંજલિ આપી હતી.*

*આમ ભગવતસિંહજીએ* 1884*માં રાજ્યનું સુકાન સાંભળ્યું અને* 1944 *સુધી* 60 *વર્ષ શાસન કર્યુ અને ગોંડલના આધુનિકીકરણના ઘડવૈયા તરીકે અને લોકકલ્યાણના કાર્યોથી લોકપ્રિય રાજવી તરીકે નામના મેળવી હતી. એમણે ભાગબટાઈ કે ઈજારા-પદ્ધતિને બદલે વાર્ષિક વિઘોટીની પ્રથા દાખલ કરી હતી. એમણે ગોંડળ અને મોટી પાનેલી નજીક સિંચાઈ માટેનાં તળાવ ખેતી માટે બંધાવ્યાં હતાં. રસ્તા પહોળા અને પાકા બનાવી વેપાર-વણજને ઉત્તેજન આપ્યું હતું. દરેક મોટા ગામમાં ટેલિફોનની સગવડ આપી હતી . તારટપાલસેવાનો પણ વિસ્તાર થયો હતો . એમણે રાજ્યનાં નાણાંનું બહારની સદ્ધર કમ્પનીઓમાં રોકાણ કરીને રાજ્યની આવક વધારી હતી અને તેથી રાજ્યમાં કરનું પ્રમાણ ઓછું હતું. એમણે દુષ્કાળને પ્રસંગે પોતાના રાજ્ય બહાર અન્યત્ર પણ ધન આપ્યું હતું. પુણેની કૉલેજ અને બનારસ યુનિવર્સિટીને પણ માતબર રકમનું દાન કર્યું હતું . ધોરાજી ઉપલેટા અને ગોંડળની અદ્યતન બાંધણી , વિશાળ રસ્તા અને શાળાનાં સુંદર મકાન એમની દેણગી છે . આમ છતાં તેઓ આપખુદ રાજવી હતા અને પ્રજાની રાજકીય જાગૃતિ કે ચળવળના વિરોધી હતા.*

**6.3.3.1.1 વહીવટી સુધારા**

*ભગવતસિંહજીએ વહીવટીતંત્રને પ્રજાકલ્યાણના હેતુ સહ સક્ષમ બનાવ્યું હતું. ''પ્રજા સુખે સુખી રાજા''ની નીતિ અપનાવી હતી. પ્રજાકલ્યાણ માટે તેઓ રાત-દિવસ વિચારતા રહેતા. તેઓ પોતાને રાજ્યના ટ્રસ્ટી માનતા હતા. તેમને* 60 *વર્ષના લાંબા શાસનકાળમાં પોતાના અંગત ખર્ચ(સાલિયાણું=પ્રિવી પર્સ) માટે રાજ્યની આવકના માત્ર* 2 *ટકા લીધું હતું. રાજ્યની આવકમાં પછીથી વધારો થવા છતાં વર્ષાસનમાં વધારો લીધો*

નહોતો. જે રકમ વર્ષાસનની મળતી તેમાંથી પણ કરકસરથી બચત કરી તે નાણાંનો લોકહિતમાં ઉપયોગ કરતા હતા. સાદું ભોજન અને સાદા વસ્ત્રો તેમની ખાસિયત હતી.

ઈ.સ.1884માં રાજ્યાભિષેક સમયે ભગવતસિંહએ પોતાની પ્રજાને વચનમાં કહ્યું હતું કે,

1. રાજ્યમાં ન્યાય, નીતિ અને સુવ્યવસ્થા ફેલાય.
2. જાનમાલ અને સાધનસંપત્તિ સારી રીતે રક્ષાય.
3. ખેડૂતો પોતાની મહેનતનું ફળ ભોગવે.
4. વેપારીઓ તેમના ધંધામાં નફો મેળવે.
5. રસ્તાઓ સુધરે અને વ્યવહાર સરળ થાય.
6. કેળવણીને ઉત્તેજન અપાય.
7. નિરાધાર અને દર્દીઓને રાહત મળે.

ઉપરોક્ત વચનો તેમણે પોતાના શાસનકાળના 60 વર્ષમાં સાર્થક કરી બતાવ્યા હતાં. આમ તેમના વહીવટીતંત્રનું સૂત્ર "પ્રજાનું કલ્યાણ" હતું. તેમણે ગ્રામસુધારણાને મહત્ત્વ આપી શાળા, પોલીસચોકી, કૂવા, અવેડા, ચોરા, સુશોભિત દરવાજા, જીવતાં પાદરો એ ગોંડલ રાજ્યની ગ્રામસુધારણાની લાક્ષણિકતા હતી.

રાજ્યમાં ન્યાયતંત્રનું આધુનિકીકરણ કર્યું. દીવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના કરી. ન્યાય ઝડપી મળી રહે તે માટે રાજા પોતે ખૂબ સક્રિય હતા. આમ ન્યાયતંત્રમાં પ્રજાને વિશ્વાસ બેઠો હતો. રાજ્યનો કોઈ પણ નાગરિક રાજાને હજૂર બંગલામાં, પુસ્તકાલયમાં કે દરબારમાં કોઈ પણ સમયે રાજાને મળી શકે તેવી વ્યવસ્થા હતી. તેમના પ્રશ્નો રાજવી શાંતિથી સાંભળતા. દરરોજ 12 થી 1 તેઓ જાહેર જનતાને દરબારગઢમાં મળતા. પોલીસ વ્યવસ્થા પણ દુરસ્ત હતી. 1884 પૂર્વે પોલીસતંત્ર પાછળ રૂ. 86 હજાર ખર્ચ અને તે 1935માં વધીને રૂ. બે લાખ થયો હતો. પોલીસ ચોકીની સંખ્યા 50થી વધીને 250 થઈ હતી. વહીવટીતંત્રમાં તુમારશાહી ન હતી. રાજ્યના કર્મચારીઓ માટે પગારધોરણ, નિમણૂક, બઢતી. પેન્શન, ગ્રેચ્યુઈટી વગેરેનાં નિયમો બનાવવામાં આવ્યા હતા. પ્રજાના હિત વાસ્તે થઈ શાસકે પોતાના રાજ્યકાળમાં પચાસ કર નાબૂદ કર્યા હતા. ગોંડલમાં નગરપાલિકા સ્થાપી સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓની શરૂઆત કરી હતી. તેના પ્રમુખ યુવરાજ ભોજરાજ હતા. તેમની ગેરહાજરીમાં નગરશેઠ નૂર મહમદ શેઠ પ્રમુખ રહ્યા હતા.

### 6.3.3.1.2 આર્થિક સુધારા

ગોંડલ રાજ્યની મુખ્ય આવક જમીન મહેસૂલ હતી. આમ તો ભારતનાં દેશી રાજ્યોમાં ખેડૂતો અસહ્ય મહેસૂલી વેરા નીચે દબાયેલા હતા. પરંતુ ભગવતસિંહજીએ રાજ્યમાં ખેડૂતોને આબાદ કરવાના પ્રયત્નો કર્યા હતા. તેમણે કાયમી વિઘોટી(મહેસૂલ) પ્રથા અપનાવી હતી. ઈજારા પ્રથાને બદલે વાર્ષિક રોકડ મહેસૂલ ઉઘરાવવાની પ્રથા રાખી

હતી. ખેડૂતોને જમીન માલિકી હક્ક આપ્યા હતા. દુકાળ, અતિવૃષ્ટિ અને કુદરતી હોનારતો ટાણે મહેસૂલ માફ કે ઓછુ કરવામાં આવતું હતું.

ગોંડલ રાજ્યના સંસ્થાપક ભા કુંભાજીએ ખેડૂતોને 'સોનાનાં ઝાડ' ગણી તેમને અને કોઠાથી રક્ષ્યા હતા. જ્યારે ભગવતસિંહજીએ આ 'સોનાનાં ઝાડ'ને કેળવણીથી સંસ્કારી બનાવી, હળવી અને કાયમ વિઘોટીથી 'મોતીનો ફાલ' લેતા કર્યા હતા. ખાસ તો ખેડૂતોની આવક વધવા છતાં વિઘોટીમાં વધારો કરવામાં આવ્યો નહોતો. ખેતી માટે સિંચાઈની સગવડો ઉભી કરી હતી. કૂવાઓ ખોદવા માટે ખેડૂતોને લોનો અપાતી હતી. 1893માં કૃષિ ઉદ્યોગનું પ્રદર્શન યોજ્યું હતું.

છપ્પનિયા(વિ.સં.1956,ઈ.સ.1900)ના ભયંકર દુષ્કાળમાં ખેડૂતોના મહેસૂલનો ચોથો ભાગ માફ કર્યો હતો તથા ઘાસ ઉપરનો કર દૂર કરાયો હતો. દરબારી વાડીઓ પશુઓ માટે ખુલ્લી મકવામાં આવી હતી. ગરીબો માટે રાહત કર્યો, વૃદ્ધો, અપંગો, અંધો, ગરીબો માટે ગરીબઘર ખોલવામાં આવ્યાં હતાં. 1934ના બિહારના ભૂકંપ ટાણે રાજવીએ રૂ. એક લાખ સહાય કરી હતી. ગોંડલમાં પ્રજાને પીવા અને સિંચાઈ માટે 'વેરી તળાવ' બંધાવ્યું હતું. આ તળાવના દરવાજા સ્વયંસંચાલિત હતા.

ઉદ્યોગના વિકાસ માટે અવરોધક નાનામોટા કર રાજ્યે નાબૂદ કાર્ય હતા, જકાત નાબૂદ કરવામાં આવી હતી. આમ 50થી વધૂ કર નાબૂદ કાર્ય હતા. તેથી ઈ.સ. 1932માં કવિ ન્હાનાલાલે ગોંડલ રાજ્યના એક ખેડૂત સંમેલનમાં જણાવેલું કે "બીજાં રાજ્યો કયો નવો કર નાંખવો તે વિચાર કરે છે, જ્યારે ગોંડલ નરેશ કયો કર કાઢી નાખવો તેનો વિચાર કરતા રહે છે.' આમ આ રાજવી કુનેહને કારણે ગોંડલ રાજ્યમાં જિનિંગ પ્રેસ, લોખંડનું કારખાનું, સિમેન્ટની વસ્તુઓ બનાવવાનું કારખાનું, સાબુ તથા બરફનાં કારખાનાં, છાપખાનાં, ગાલીચા ઉદ્યોગ, કલા મંદિરમાં બનતી કલાત્મક વસ્તુઓ વેગેરે ઉદ્યોગોએ આર્થિક વિકાસને વેગ આપ્યો હતો. ગોંડલ, ધોરાજી, ઉપલેટામાં વીજળીનો પ્રારંભ થતાં તેની સુંદરતામાં વધારો થયો હતો. ગોંડલમાં વીજળીના તાર ભૂગર્ભમાં નાંખવામાં આવ્યા હતા. રાજવીએ બીજા પ્રદેશોમાં આવેલી તાપ્તીવેલી, મુંબઈની ટ્રામવે, સુરત-ભુસાવળ રેલાવે વગેરેમાં મૂડીરોકાણ કરી રાજ્યની આવક વધારી મહેસૂલી કારોનું ભારણ પ્રજા પરથી ઓછુ કર્યું હતું.

### 6.3.3.1.3 સંદેશા અને વાહનવ્યવહાર

ગોંડલને ઉપલેટા-ધોરાજી અને અન્ય મહત્ત્વનાં સ્થળો સાથે પાકા રસ્તાઓથી જોડવામાં આવ્યાં હતા. ગોંડલના સ્થાની રસ્તા પણ પાકા અને પહોળા બંધાવ્યા હતા. ભગવતસિંહજીએ 480 કિ.મી.ના પાકા રસ્તાઓ બંધાવ્યા હતા. સૌરાષ્ટ્રમાં કોઈ જગ્યાએ ત્રમ નહોતી ત્યારે 1898-99માં ધોરાજીમાં ટ્રામ શરુ કરાઈ હતી. તેવી જ રીતે સૌરાષ્ટ્રમાં પ્રથમ વીજળી 1924માં ગોંડલમાં આવી હતી. ભગવતસિંહજી પુલ માટે સો વરસ અને રસ્તાઓ માટે વીસ વરસના બાંહેધરી બાંધકામ કરનાર કોન્ટ્રાકટર પાસે લખવી લેતા.

1935 સુધીમાં તેમણે 12 મોટા પુલ, 1000 નાળાઓ અને 576 કિ.મી.ના પાકા રસ્તા પાછળ રૂ. બે કરોડ વાપર્યા હતા.

સૌરાષ્ટ્રની પ્રથમ રેલવે ભાવનગર-ગોંડલ વચ્ચે શરુ થઈ હતી. તેમાં કુલ 86 લાખ ખર્ચાયા હતા. જેમાં 57 લાખ ભાવનગર રાજ્યે અને 29 લાખ ગોંડલ રાજ્યે આપ્યા હતા. 1892માં જેતલસર-રાજકોટ રેલવેમાં પણ ગોંડલ રાજ્યે 37 ટકા મૂડી રોકાણ કર્યું હતું. 1935માં ઢસાથી જામજોધપુર રેલવેમાં 105 લાખ રોકાણ કર્યું હતું. પોરબંદર અને રાજકોટનું રેલવે સ્ટેશન ગોંડલ રાજ્યની માલિકીનું હતું. 1934માં રાજ્યે રેલવે પાછળ રૂ.104 લાખ 20 હજાર ખર્ચી 408 કિ.મી.ની રેલવે નાંખી હતી. મુંબઈમાં જે ત્રમ દોડતી હતી તે ભગવતસિંહજીની માલિકીની હતી. ગોંડલના દીવાન મુંબઈ જઈ ટ્રામનો હિસાબ તપાસતા. રાજ્યમાં તાર અને ટપાલ સેવાનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. રાજ્યમાં મોટા ગામોમાં ટેલિફોનની સુવિધા અપાઈ હતી.

6.3.3.1.4 *શિક્ષણનો વિકાસ*

સૌરાષ્ટ્રમાં રાજવીઓમાં સૌથી વધુ શિક્ષણ પામેલા રાજવી ભગવતસિંહજી હતા. રાજ્યની પ્રજાના શિક્ષણના વિકાસ માટે પણ તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. મફત કન્યાકેળવણીના વિકાસમાં ગુજરાત જ નહી પરંતુ ભારતભરમાં ગોંડલ રાજ્ય પ્રથમ હતું. તેમણે પોતાના 60 વર્ષના રાજ્યકાળ દરમિયાન શિક્ષણક્ષેત્રે ઉદાર, ઉમદા તથા ઉદાત્ત નીતિ રાખી શિક્ષણનો પ્રસાર કર્યો હતો. સૌ પ્રથમ 1884માં તેમણે પોતાના રાજ્યમાં શિક્ષણ અંગે બ્રિટિશ એજન્સી પાસેથી સંપૂર્ણ સત્તા મેળવી લીધી. સૌ પ્રથમ પ્રાથમિક શિક્ષણના વિકાસ ઉપર ભાર મૂક્યો. પરિણામે તેમના લાંબા શાસનકાળને અંતે 1943-44માં ગોંડલનાં 175 ગામોમાંથી 172 ગામોમાં પ્રાથમિક શાળાઓ શરુ થઈ હતી. શાળાઓને તાલીમ પામેલા શિક્ષકો મળી રહે તે માટે ગોંડલમાં અધ્યાપન મંદિર શરુ કર્યું હતું. પ્રાથમિક શિક્ષણ પર દેખરેખ માટે શિક્ષણ-નિરીક્ષકો નીમ્યા હતા. ગોંડલ, ધોરાજી, ઉપલેટામાં બાલમંદિરો હતાં. અંગ્રેજી શાળાઓ પણ બધારવામાં આવી હતી. સંસ્કૃત પાઠશાળાઓ શરુ કરવામાં આવી હતી. રાજ્યમાં મુસ્લિમ બાળકોને ઉર્દૂ, અરેબિક ભાષા અને કુરાનનું શિક્ષણ આપવા મદ્રેસાઓની સંખ્યા વધારાઈ હતી. 1901-2માં ચિત્રકામના શિક્ષણ માટે ગોંડલમાં આર્ટ સ્કૂલ શરુ કરવામાં આવી હતી.

1895માં ભાયાતોનાં બાળકોને શિક્ષણ આપવા માટે ત્રણ લાખના ખર્ચે ગોંડલમાં 'ગરાસિયા કૉલેજ' શરુ કરવામાં આવી હતી. રાજ્ય બહાર પણ શિક્ષણને ઉત્તેજ્યું હતું. જેમાં 1895માં પૂનાની ફર્ગ્યુસન કૉલેજને રૂ.22500, ઓક્સફોર્ડ ઈન્સ્ટીટ્યુટને 50,000 અને લંડનની ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટને 4500 પાઉન્ડ દાન આપ્યું હતું. 1909માં પોતાના શાસનની રજત જયંતી નિમિત્તે મેટ્રિક પાસ બાળાને રૂ.500 અને યોગ્ય ધંધો મેળવનાર વિદ્યાર્થીને રૂ.1000નું ઈનામ જાહેર કર્યું હતું. ઉપરાંત ભારતમાંની વિવિધ કેળવણીની સંસ્થાઓને દાન આપ્યું હતું.

તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના શરુ કરી હતી. વિદ્વાન કેળવણીકારો પાસે અંગ્રેજી-ગુજરાતી વાચનમાળા તૈયાર કરાવી હતી. તેમણે ગણિત, વિજ્ઞાન,ઈતિહાસ, ભૂગોળ, ફારસી, સંસ્કૃત વગેરે વિષયોના 161 ગ્રંથો પ્રજકાષિત કરાવ્યા હતા. તેમનું અંગત સમૃદ્ધ પુસ્તકાલય પણ હતું. સૌથી વિશેષ પ્રદાનમાં તો "ભગવદ્દગોમંડળ' તરીકે ઓળખાતો ગુજરાતી ભાષાનો કોશ એ એમની ચિરંજીવ કૃતિ છે. આ શબ્દકોશ 25 વર્ષે(1928-1954) અને પાંચ લાખ રૂ. ના ખર્ચે તૈયાર થયો હતો. આં શબ્દકોશની રચનામાં રાજ્યના વિદ્યાધિકારી ચંદુલાલ બેચરદાસ પટેલનો સિંહ ફાળો હતો.

સૌરાષ્ટ્રની પ્રથમ ગર્લ્સ હાઈસ્કૂલ મોઘીબા હાઈસ્કૂલ ગોંડલમાં 1903માં સ્થપાઈ હતી. ભગવતસિંહજીનાં પત્ની મહારાણી નંદકુંવરબા પણ શિક્ષિત હતાં. સમુદ્ર પાર કરી પરદેશ જનાર ભારતીય મહારાણીઓમાં તે સૌ પ્રથમ હતાં. તેમના યુરોપના પ્રવાસનો અહેવાલ 'ગોમંડળ પરિક્રમા' નામથી પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં આવ્યું હતું. તેમણે પોતાની રાજકુંવરીઓને ઈંગ્લેન્ડમાં શિક્ષણ માટે દાખલ કરી હતી.

આમ ગોંડલ રાજ્યની શૈક્ષણિક વિકાસને પરિણામે 1881માં સાક્ષરતાનું પ્રમાણ 5 ટકા હતું તે 1931માં 31 ટકા થયું હતું. 1941માં અખિલ ભારતમાં શિક્ષિતોનું પ્રમાણ 12 ટકા હતું જ્યારે ગોંડલમાં 28 ટકા હતું. આમ આ બધું રાજ્યના વિદ્યાપ્રેમી રાજવી ભગવતસિંહજી અને તેમની ઉદાર શિક્ષણનીતિને આભારી હતું.

6.3.3.1.5 આરોગ્યક્ષેત્રે વિકાસ

ભગવતસિંહજીએ એડિનબરો યુનિવર્સિટી એમ.ડી.ની ડિગ્રી મેળવી હોઈ સ્વાભાવિક જ તેમને ચિકિત્સામાં ઊંડો રસ હોય. પ્રજાના આરોગ્ય માટે હંમેશાં કાર્યરત રહેતા હતા. 1885માં હરતીફરતી ડિસ્પેન્સરી(દવાખાનું) શરુ કરનાર તેઓ ભારતના પ્રથમ રાજવી હતા. ગોંડલમાં આયુર્વેદિક મેડિકલ ડિપ્લોમાનો અભ્યાસક્રમ શરુ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં મુખ્ય શહેરોમાં છ લાખના ખર્ચે દવાખાનાનાં મકાનો બંધાવ્યાં હતાં અને તેમાં આધુનિક સાધનોની સુવિધા પણ કરવામાં આવી હતી. ગોંડલની હોસ્પિટલમાં સારવાર અને ઓપરેશની સુવિધા પણ હતી. આમ ભારતની શ્રેષ્ઠ ત્રણ હોસ્પિટલોમાં ગોંડલની હોસ્પિટલનો સમાવેશ થતો હતો. ભગવતસિંહજીના બીજા નંબરના પુત્ર ભૂપતસિંહજી પણ ડોક્ટર હતા. તેમને રાજ્યના ચીફ મેડિકલ ઓફિસર તરીકે નીમ્યા હતા. ભગવતસિંહજીએ 1916માં જીવરામ કાળીદાસ વ્યાસને રાજવૈદ્ય નીમ્યા હતા. રાજવૈદ્યે રસશાળા ઔષધાલય સ્થાપીને ગોંડલને ગૌરવ અપાવ્યું હતું.

6.3.3.1.6 પ્રજાની નૈતિક ઉન્નતી માટે પ્રયાસો.

રાજ્યમાં દારુબંધી હતી. તેમના જ્યેષ્ઠ પુત્ર યુવરાજ અનેક સલાહો આપવા છતાં દારૂ ન છોડતા ગોંડલની હદ છોડી જવા ફરમાન કર્યું હતું. ધોરાજીમાં ગાયોની કતલ બંધ ન થાય ત્યાં સુધી ધોરાજીનું પાણી નહી પીવાનો સંકલ્પ કર્યો હતો. અફીણના વ્યસનીઓ

માટે ગોંડલમાં નોકરી માટે કોઈ જગ્યા નહોતી. દીકરીને દૂધ પીતી કરવી, બાળહત્યા વગેરે કુરિવાજો નાબૂદ કાર્ય હતા. રાજકુટુંબમાંથી ઓઝલ પ્રથા બંધ કરી હતી. 1903-04માં રાજ્યે બાલાશ્રમ અને અનાથાશ્રમ શરુ કાર્ય હતા.

6.3.3.2 ભોજરાજજી (1944-1948)

ભગવતસિંહજીના અવસાન પછી એમના આધેડ વયના પુત્ર ભોજરાજજી પચાસ વરસની ઉમરે ગાદીએ આવ્યા હતા. એમણે પિતાના હાથ નીચે ખાતાના અધિકારી તરીકે કામ કરી તાલીમ લીધી હતી. તેમણે પણ કેટલાક વહીવટી સુધારા કર્યા હતા. જેવા કે અનાજનું ભાવનિયમન, ગરીબો માટે સસ્તું અને મફત અનાજ, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, કન્યાઓને શિષ્યવૃત્તિ, ખેડૂતોનું મહેસૂલ 25 ટકા માફ વગેરે. રાજ્યારોહણ વખતે માતા-પિતાના ઋણ વાસ્તે અને લોકોપયોગી કર્યો માટે રૂ. 5 લાખ, દવાખાનાં અને પ્રસૂતિગૃહો માટે રૂ. 5 લાખ ખર્ચવાનો નિર્ણય કર્યો હતો.  1947 માં દેશ આઝાદ થયો ત્યારે ભારતસંઘ સાથે રાજ્યનું જોડાણ કર્યું હતું અને 1948 ના એપ્રિલમાં સૌરાષ્ટ્ર રાજ્યમાં પોતાનું રાજ્ય જોડવા સંમતિ આપી હતી

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. દેશી રાજ્યોની એજન્સીઓ વિશે પાંચ વાક્યો લખો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. ગુજરાતના અગ્રગણ્ય રાજ્યોના ઇતિહાસ વિશે સંક્ષિપ્તમાં જણાવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવના સુધારા વિશે ટૂંકમાં જણાવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

4. ગોંડળ રાજ્ય મહારાજા ભગવતસિંહજી કરેલા વિવિધ સુધારાઓ વિશે ચાર વાક્યો લખો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

5. જોડકાં જોડો.

| (રાજા) | (રાજ્ય) |
|---|---|
| (1) ભાવસિંહજી | (a) જામનગર |
| (2) રણજિતસિંહજી | (b) મોરબી |
| (3) ખેંગારજી | (c) ભાવનગર |
| (4) લખધીરસિંહજી | (d) રાજકોટ |
| (5) લાખાજીરાજ | (e) કચ્છ |
| (6) મહાબતખાન ત્રીજા | (f) લીંબડી |
| (7) દોલતસિંહજી | (g) જૂનાગઢ |
| (8) સયાજીરાવ ત્રીજા | (h) ગોંડળ |
| (9) ભગતસિંહજી | (i) વડોદરા |
| (10) તાલે મહમદખાન | (j) પાલનપુર |

6. ખાલી જગ્યા પૂરો.

(1) વડોદરામાં _____________એ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કરીને શિક્ષણના સાર્વત્રિકરણની શરૂઆત કરી હતી.

(2) વડોદરાના ___________રાજાના શાસન સમયે તેમણે ભારત સંઘ સાથે જોડાણની પહેલ કરી હતી.

(3) ગોંડળના __________રાજવી પોતાને રાજ્યના ટ્રસ્ટી તરીકે ગણાતા હતા.

(4) ગોંડળ રાજ્યે ___________ના સમયમાં ભારત સંઘ સાથે જોડાણ કર્યું હતું.

(5) વડોદરા પ્રજામંડળનું પ્રથમ અધિવેશન ઈ.સ. 1916માં ___________મુકામે મળ્યું હતું.

## 6.4 સારાંશ

આમ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેના આંદોલનોના કાળમાં ગુજરાતમાં દેશી રાજ્યોના દિલ્હીની દેખરેખમાં મુકાયાં. કેટલીક એજન્સીઓનામ બદલાયા તો કેટલીક એજન્સીઓ મર્જ કરી દેવામાં આવી હતી. આઝાદી પછી સૌરાષ્ટ્ર રાજ્યની રચના કરવામાં આવી

*હતી. તેમાં સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યો જોડાઈ ગયાં હતાં. વડોદરા રાજ્યમાં સયાજીરાવ ત્રીજાના શાસનકાળમાં નોંધપાત્ર પ્રગતિ થઈ. વળી દરેક શહેરોમાં નગરપાલિકા અને ગામડાંમાં પંચાયતો, પ્રાંત પંચાયતો સ્થાપી સ્થાનિક સ્વરાજ્યમાં લોકોને જવાબદારી સોંપી હતી. તેમણે સાંસ્કૃતિક પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું હતું. શિક્ષણમાં પણ નોંધપાત્ર નિર્ણયો લઈ સુંદર વ્યવસ્થા ઉભી કરી હતી. ગોંડળ રાજ્ય નાનું પણ પ્રગતિશીલ રાજ્ય હતું ને ભગતસિંહજી તેમના પ્રગતિશીલ વિચારો અને કાર્યદક્ષતા વાસ્તે નામના મેળવી હતી. વડોદરા અને ગોંડળ રાજ્યે આઝાદી પછી ભારત સંઘમાં જોડાઈ ગયાં હતાં.*

## 6.5 ચાવીરૂપ શબ્દો

**પ્રેસીડેન્સી** *ઈલાકો*

**ડિસ્પેન્સરી** *દવાખાનું*

**ઓઝલ પ્રથા** *પડદા પ્રથા*

## 6.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**જોડકાં જોડો**

| | | | | |
|---|---|---|---|---|
| 1-c, | 2-a, | 3-e, | 4-b, | 5-d, |
| 6-g, | 7-f, | 8-i, | 9-h, | 10-j. |

**ખાલી જગ્યા પૂરો**

(1) *સયાજીરાવ ત્રીજા* (2) *પ્રતાપસિંહરાવ* (3)*ભગતસિંહજી*

(4) *ભોજરાજજી* (5) *નવસારી*

## 6.7 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

*પ્રશ્ન. દેશી રાજ્યોનો ઈ.સ.* 1914 *થી* 1947 *સુધીના ઈતિહાસ પર સમીક્ષાત્મક નોંધ લખો.*

*પ્રશ્ન. વડોદરા રાજ્યનો ઈ.સ.* 1914 *થી* 1947 *સુધીના રાજકીય ઈતિહાસનું વિગતે વર્ણન કરો.*

*પ્રશ્ન. ગોંડળ રાજ્યના ઈતિહાસ(ઈ.સ.*1914-1947) *ની સવિસ્તાર ચર્ચા કરો.*

*પ્રશ્ન. વડોદરા રાજ્યના સંદર્ભમાં મહારાજા સયાજીરાવ ત્રીજાના વિવિધ સુધારાઓ વિષે જણાવો.*

*પ્રશ્ન. ગોંડલ રાજ્યના સંદર્ભમાં મહારાજા ભગવતસિંહજીએ આધુનિક ગોંડલના ઘડવૈયા હતા- આ વિધાનની યથાર્થતા તપાસો.*

**ટૂંકનોંધ લાખો.**

(1) *દેશી રાજ્યોની એજન્સીઓ.* (2) *અગ્રગણ્ય દેશી રાજ્યો* (3) *વડોદરા પ્રજામંડળ*

## 6.8 સંદર્ભ સૂચિ


1. *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.*
2. *ડૉ. એસ.વી.જાની, સૌરાષ્ટ્રનો ઈતિહાસ, દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ.*
3. *નારાયણ દેસાઈ, ગુજરાતનાં સત્યાગ્રહ આંદોલનો, વડોદરા.*
4. *શાંતિલાલ દેસાઈ, રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, અમદાવાદ.*
5. *સીતારામૈયા પટ્ટાભી, મહાસભાનો ઈતિહાસ, અમદાવાદ.*

# એકમ : 7

# આઝાદી પછીનો રાજકીય ઈતિહાસ (ઈ.સ.1947 થી 1960)

:: રૂપરેખા::

7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 આઝાદી પછીનો રાજકીય ઈતિહાસ (1947 થી 1960)

- 7.2.1 બ્રિટિશ શાસન નીચેના જિલ્લા
- 7.2.2 દેશી રાજ્યો અને તેના એકીકરણમાં સરદાર પટેલનું યોગદાન.
- 7.2.3 જૂનાગઢની સમસ્યા અને આરઝી હકૂમત
- 7.2.4 સૌરાષ્ટ્રના રાજ્યોનું એકીકરણ
- 7.2.5 કચ્છની સમસ્યા
- 7.2.6 તળ ગુજરાતની એજન્સિયો
- 7.2.7 વડોદરાનો વિલય

● તમારી પ્રગતિ ચકાસો. (ક)

7.2.8 ડાંગનો પ્રશ્ન

7.2.9 આબુનો પ્રશ્ન

- 7.2.10 હિજરતની સમસ્યા
- 7.2.11 દીવ અને દમણ
- 7.2.12 રાજકીય પ્રશાસનની સમસ્યા
- 7.2.13 પ્રાદેશિક પુનરચનાનો પ્રશ્ન
- 7.2.14 દાર કમિશન
- 7.2.15 મહા ગુજરાતની લડત
- 7.2.16 દ્વિભાષી રાજ્યની રચના
- 7.2.17 રાજકીય નેતૃત્વ
- 7.2.18 ગુજરાત રાજ્યનું માળખું
- 7.2.19 દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ગુજરાતનો વહીવટ
- 7.2.20 પ્રશાસનિક રાજધાની
- 7.2.21 સ્વાતંત્ર્યોતર ગુજરાત

• તમારી પ્રગતિ ચકાસો. (ખ)

7.3 સારાંશ

**7.4 ચાવીરૂપ શબ્દો.**

**7.5 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહિત)**

**7.6 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

**7.7 સંદર્ભ**

## 7.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *આઝાદી પછીના ગુજરાતના રાજકીય ઈતિહાસ વિશે જાણશો.*
- *બ્રિટિશ શાસન નીચેના જિલ્લાઓ તથા દેશી રાજ્યોની આઝાદી પછીની સ્થિતિથી અવગત થશો.*
- *જૂનાગઢ રાજ્યે ઊભી કરેલી સમસ્યા અને તેના નિરાકરણ માટેના ભારત સરકારના પ્રયાસો જાણશો.*
- *કચ્છ, વડોદરા, ડાંગ અને આબુના પ્રશ્ન વિશે જાણકારી મેળવશો.*
- *આઝાદી પછી રાજકીય પ્રશાસનિક સમસ્યા તથા પ્રાદેશિક પુનર્રચના, દાર કમિશનથી માહિતગાર થશો.*
- *મહાગુજરાત આંદોલન અને દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ગુજરાતના વહીવટ વિશે જાણશો.*
- *સ્વાતંત્ર્યોત્તર ગુજરાતથી પરિચિત થશો.*

## 7.1 પ્રસ્તાવના

*ગુજરાતના સંદર્ભમાં 1947થી 1960નો સમય નિર્ણાયક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આ સમયમાં ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કરી અને એના ભાગરૂપે ગુજરાતે પણ મુક્તિની અનુભૂતિ કરી. પણ બે વિષમ પરિસ્થિતિઓનો ગુજરાતે સામનો કરવો પડ્યો. એક તો અનેક દેશી રાજ્યોને ભારતમાં વિલય કરવાની અને બીજું ગુજરાતનું સાંસ્કૃતિક અને પ્રશાસનિક એકમ ઊભું કરી અહીની પ્રજાને પોતાની અસ્મિતા રજૂ કરવાની તક મળે તેમ કરવું. આ બંને કપરાં કાર્યો માટે મજબૂત નેતૃત્વની જરૂર હતી. જોકે સદ્દભાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલે નેતૃત્વ લઈ પ્રથમ પ્રશ્નનું નિરાકરણ દેશી રાજ્યોનું એકીકરણ કરી ઐતિહાસિક કાર્ય પાર પાડ્યું. કામચલાઉ વહીવટી અને રાજકીય વ્યવસ્થા ઊભી કરવામાં આવી. સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય, કચ્છમાં કેન્દ્રનું શાસન અને બાકીના ગુજરાતનો સમાવેશ મુંબઈ રાજ્યમાં કરી વ્યવસ્થા કરાઈ. ગુજરાતની પ્રજાએ પોતાની અસ્મિતા વાસ્તે ગુજરાતના એકમની માંગણી ઉઠાવી અને લાંબી લડતને અંતે છેવટે 1 મે, 1960ના રોજ ગુજરાત અલગ રાજ્ય તરીકે નિર્માણ પામ્યું. આ એકમમાં આઝાદી પછીના ગુજરાતનો રોચક ઈતિહાસ હવે આપણે વિગતે જોઈશું.*

## 7.2 આઝાદી પછીનો રાજકીય ઇતિહાસ (1947 થી 1960)

### 7.2.1 બ્રિટિશ શાસન નીચેના જિલ્લા

*ગુજરાતમાં બ્રિટિશ સરકાર શાસન નીચે પાંચ જિલ્લા અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત અને પંચમહાલ હતા. એનો કુલ વિસ્તાર દસ હજાર ચોરસ માઈલ ને કુલ વસ્તી* 40 *લાખની હતી. એનો વહીવટ મુંબઈ ઈલાકાના ગવર્નર નીચે કલેકટર્સ કરતા હતા. દેશને આઝાદી મળતાં એ ઈલાકો મુંબઈ રાજ્યમાં ફેરવાયો ને ગુજરાતમાંના આ પાંચ જિલ્લા મુંબઈ રાજ્યની અંતર્ગત ગણાયા અને એનો વહીવટ મુંબઈ રાજ્યની સરકાર કલેક્ટરો મારફતે સંભાળવા લાગી. ત્યાંના મુખ્ય શ્રી.બી.જી. ખેર હતા અને એમના મંત્રીમંડળમાં શ્રી મોરારજીભાઈ દેસાઈ, શ્રી દિનકરરાય દેસાઈ વગેરે મંત્રીઓનો સમાવેશ થતો હતો.*

61,750 *ચોરસ માઈલમાં હકૂમત ભોગવતાં અને કરોડથી વધુ માણસોની વસ્તી ધરાવતાં આ દેશી રજવાડાં સ્વતંત્રતા ટાણે ભારે દ્વિધામાં હતાં. વાસ્તવમાં તો આ બધાંને બ્રિટિશ સર્વોપરિતા અને મહેરબાની હેઠળ જ જીવવાનું રહ્યું હતું. કેમકે* 1929*માં બટલર સમિતિએ એક વાત સ્પષ્ટ કરી દીધી હતી કે જે સર્વોપરિ છે તે સત્તા તો સર્વોપરિ જ રહેવાની છે. આમ* 1947*માં રાજકીય સ્વતંત્રતાની સાથે જ ભારતની નવી નેતાગીરીના હાથમાં બ્રિટિશ શાસને આ રજવાડાંઓના વિલીનીકરણની વિકટ સમસ્યા પણ ધરી દીધી. રજવાડાંઓએ નવી પ્રજાકીય સર્વોપરિતાને માન્ય કરવાની આ સમયે જે ઉત્પાત અને ઉદ્વેગ ચાલ્યા તેણે વિશિષ્ટ પરિસ્થિતિ પેદા કરી. એકલા સૌરાષ્ટ્રમાં જેને કાઠિયાવાડ કહેવામાં આવતું હતું ત્યાં, જાફરાબાદ સાહિત* 14 *સલામી રાજ્ય હતાં,* 17 *બિનસલામી રાજ્ય હતાં અને* 191 *જુદી જુદી સત્તા ભોગવતાં જાગીરો, તાલુકાઓ જેવાં નાનાં રાજ્ય હતાં. આમાંનાં ઘણાંની પાસે જાહેરવહીવટ ચલાવવાની કોઈ વ્યવસ્થા નહોતી તેઓ પોતાની રીતરસમ પ્રમાણે ચલાવતાં, હકૂમતી સત્તા પોલિટિકલ એજન્સિના અધિકારી થાણેદારો પાસે હતી. અર્ધહકૂમતી જાગીરો અને તાલુકાઓને સાત પ્રકારના દરજ્જાઓમાં વિભાજિત કરીને મર્યાદિત સત્તા સોંપવામાં આવેલી રેવાકાંઠા-મહીકાંઠા-બનાસકાંઠાની સૌરાષ્ટ્ર બહારની એજન્સિઓની પણ સમાન સ્થિતિ હતી. આમ તો આ બધા રાજાઓ હતા પણ સાર્વભૌમત્વથી વંચિત હતા. સામાન્ય વહીવટ સ્વાભાવિક રીતે જ મુશ્કેલ હતો. સૌરાષ્ટ્રમાં તો કોઈ ટ્રેઈન દસ માઈલ સુધીનું અંતર કાપે એટલા ગાળામાં બારેક રજવાડાં આવી જતાં. આ દ્રષ્ટિએ ન્યાય, મહેસૂલ, શિક્ષણ, કાયદો અને વ્યવસ્થા જેવી બાબતો એક્સરખી ન હોય એવું બનતું.*

### 7.2.2 દેશી રાજ્યો અને તેના એકીકરણમાં સરદાર પટેલનું યોગદાન

*સન* 1947*ના સંક્રાંતિકાળમાં ગુજરાતના પનોતા પુત્ર, દેશના રાષ્ટ્રવાદી અને વાસ્તવવાદી નેતા એવા સરદાર વલ્લભભાઈ પટેલ જ દેશી રાજ્યોને એક કરી રાષ્ટ્રીય સંઘમાં પરિવર્તિત કરી શકે. એ કાલ વિકટ અને ગૂંચવાડા ભરેલી સ્થિતિથી સરદાર પટેલ પર ગૃહમંત્રી તરીકે ખૂબ કાર્યભાર હતો.*

છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને પરિસ્થિતિ પામી દેશી રાજ્યોનું રિયાસતી ખાતું ખોલ્યું અને મુસદ્દો ગવર્નર જનરલના બંધારણીય માર્ગદર્શક શ્રી વી.પી. મેનને ઘડ્યો હતો. આ ખાતાએ એક સંગઠન તરીકે કામ કરવાનું હતું. પરંતુ તેના બે પ્રધાનો રહેવાના હતા. જેમાં કોંગ્રેસના ગૃહ અને માહિતી ખાતાના પ્રધાન સરદાર પટેલ હતા. મુસ્લિમ લીગ તરફથી અબ્દુલરબ નિસ્તારનું નામ સૂચવ્યું હતું. વળી વાઈસરોયની ઈચ્છા સરદાર પટેલ આ ખાતું સંભાળે તેવી હતી. કારણ કે સરદાર પટેલ વિચારશીલ અને વાસ્તવદર્શિ હતા.

રિયાસતી ખાતાની જવાબદારીને સફળતાથી પાર પાડવા શ્રી વી.પી.મેનનની સૂઝ, અનુભવ અને સખત પરિશ્રમનો લાભ દેશને મળ્યો. 3 જુલાઈ,1947ના વી.પી.મેનને સરદાર પટેલને સૂચવેલું કે રિયાસતી ખાતું અસ્તિત્વમાં આવે કે તુરંત દેશી રાજાઓના મનની શંકાઓનું સમાધાન કરતુ તથા ભારત સરકારની નીતિ જાહેર કરતુ નિવેદન કરવું. સરદાર પટેલે તેમ કરીને જે નિવેદન રાજાઓને ઉદ્દેશીને બહાર પાડ્યું હતું, તેમાં સરદાર પટેલના રાજદ્વારી ડહાપણ અને દૂરંદેશીની ઝલક જોવા મળે છે. તેમણે નિવેદનમાં રાજાઓ પ્રત્યે જે મમતા, સદ્દભાવ અને વિશ્વાસ વ્યક્ત કર્યો તથા માતૃભૂમિના સંકટ ટાણે વફાદારી બતાવી આપવાની જે હાકલ કરી તેનાથી શંકાઓ અને ઘેરું વાતાવરણ સ્પષ્ટ અને ઉજ્જ્વળ બન્યું હતું. ઉપરાંત કોંગ્રેસ દેશી રાજ્યોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા માંગતી નથી તેની સ્પષ્ટતા સાથે એકતા અને સહકારથી રાષ્ટ્રનિર્માણની આ તક પ્રજા અને રાજા બંને ચૂકશે તો તેનાં ભયંકર અને વિનાશક પરિણામો આવવાનો ભય તેમને જણાવ્યો હતો.

આમ, સરદાર પટેલ, તેમના સચિવ વી.પી. મેનન અને લોર્ડ માઉન્ટબેટનની ત્રિપુટીએ 40 દિવસના ટૂંકા સમયમાં (5 જુલાઈ,1947 થી 15 ઓગસ્ટ,1947) ક્રાંતિ સર્જી. ભોપાળના નવાબની રમત સરદાર પટેલ જાણતા હતા તેથી ભારત સાથે સહકાર આપવા માંગતા રાજાઓને અલગ બોલાવી પોતાની નીતિ સ્પષ્ટ કરી હતી. આમ, બધા રાજાઓ સરદાર પટેલ પક્ષે થઈ ગયા. ભોપાળ નવાબે નરેન્દ્રમંડળના પ્રમુખસ્થાનેથી રાજીનામું આપ્યું અને તેમના સ્થાને પતિયાળાના યુવા-રાષ્ટ્રપ્રેમી મહારાજા નરેન્દ્રમંડળના પ્રમુખ ચૂંટાયા.

25 જુલાઈ,1947ની નરેન્દ્રમંડળ ઐતિહાસિક બેઠક મળી. તેણે રાજાઓને સલાહ આપી કે સંરક્ષણ, વિદેશનીતિ અને સંદેશાવાહન-વ્યવહાર એ ત્રણ અંગો ભારત સરકારને હસ્તક રહેવાનાં હતાં. ત્રણ વિષયો અંગે જોડાણ કરવાથી દેશી રાજ્યો ઉપર કોઈ આર્થિક જવાબદારી આવતી ન હતી કે તેમની સ્વાયત્તતા જોખમાતી નહોતી. વાઈસરોયે બધા દેશી રાજ્યોને 15 ઓગસ્ટ પહેલાં પોતાની ભૌગોલિક સ્થિતિ ધ્યાને રાખી ભારત કે પાકિસ્તાન સાથે જોડાઈ જવા આપીલ કરી હતી. આમ, 15 ઓગસ્ટ,1947 સુધીમાં કાશ્મીર, હૈદરાબાદ અને જૂનાગઢ સિવાયનાં દેશી રાજ્યોએ ભારત સાથે જોડાણ કરાર કર્યા. જૂનાગઢના પાકિસ્તાન સાથેના જોડાવાની જાહેરાત પછી સરદાર પટેલે જે તે દિવસોમાં હૈદરાબાદ અને કાશ્મીર જેવાં મોટા રાજ્યોના પ્રશ્ને તથા ભાગલા અને કોમી

રમખાણો પ્રશ્ને રોકાયેલા હોવા છતાં તેમણે જૂનાગઢ પ્રશ્ને સક્રિય ભૂમિકા ભજવી હતી. જૂનાગઢના પાકિસ્તાન સાથેના જોડાણે અનેક ગૂંચવાડા ઉભા કર્યા હતા તેથી તેમાંથી રસ્તો કાઢવા માટે સરદાર પટેલને ખૂબ બુદ્ધિ કસવી પડી હતી. આરઝી હકૂમત, ભારતીય સૈન્ય અને સ્થાનિક પ્રજાના ત્રિપાંખીયા જંગ દ્વારા જૂનાગઢ અંતે 1948ની 20મી ફેબ્રુઆરીએ જૂનાગઢમાં લોકમત લેવામાં આવ્યો હતો અને જૂનાગઢને સૌરાષ્ટ્ર રાજ્યસંઘમાં જોડવામાં આવ્યું.

દક્ષિણ ભારતમાંનું નિઝામનું હૈદરાબાદ રાજ્ય મોટું હતું અને 85 ટકા હિંદુ વસતી ધરાવતું આ રાજ્ય ચારેય બાજુથી ભારતીય સંઘના પ્રદેશોથી જોડાયેલું હતું. ભૌગોલિક સ્થિતિ જોતાં આ રાજ્યે ભારત સાથે જોડાવું જોઈએ પરંતુ રઝાકારોના પ્રભાવ હેઠળ નિઝામે સ્વતંત્ર રહેવા હિલચાલ શરુ કરેલી. ભારતીય સરકારે નિઝામને હૈદરાબાદને ભારતીય સંઘ સાથે જોડવા આમંત્રણ મોકલેવું પણ તેનો નિઝામે અસ્વીકાર કર્યો હતો. અંતે ભારત સરકાર અને નિઝામ વચ્ચેનો સંઘર્ષ અનિવાર્ય બન્યો. ભારત સરકારે હૈદરાબાદમાં કનૈયાલાલ મુનશીને પોતાના એજન્ટ નીમ્યા હતા. પરિણામે 29મી નવેમ્બર, 1947ના રોજ નિઝામને ભારતીય સરકાર સાથે સ્ટેન્ડ સ્ટીલના કરાર કરવા પડ્યા. તેમ છતાં હૈદરાબાદે આ કરારનો ભંગ કર્યો અને પાકિસ્તાનમાં પોતાનો સંપર્ક અધિકારી નીમ્યો. હૈદરાબાદ અને આજુ બાજુના પ્રદેશોમાં રઝાકારોનો ત્રાસ વધી પડ્યો ત્યારે ભારત સરકારને કડક નીતિ અપનાવવી પડી. તેમછતાં હૈદરાબાદના વલણમાં કોઈ ફેર ન પડતાં લશ્કરનો ઉપયોગ એકમાત્ર ઉપાય રહ્યો. હૈદ્રાબાદની શાન ઠેકાણે લાવવા લશ્કરી પગલાં આરંભાયા. જેને 'ઓપરેશન પોલો' નામ આપવામાં આવ્યું હતું. અંતે 18/4/1948ના રોજ હૈદરાબાદનો વહીવટ લશ્કરી અમલદાર જે.એમ.ચૌધરીએ સંભાળ્યો. નિઝામે સંયુક્ત રાષ્ટ્રસંઘમાંથી પોતાની ફરિયાદ પાછી ખેચી લીધી અને ખાસ ફરમાનથી હૈદરાબાદને હિંદી સંઘમાં જોડાયેલું જાહેર કરવામાં આવ્યું. આમ સરદાર પટેલની કુનેહથી હૈદરાબાદ પ્રશ્ન ઉકેલાયો.

હૈદરાબાદનો પ્રશ્ન ઉકેલવાની અણી પર હતો ત્યારે કાશ્મીરમાં સમસ્યા શરુ થઈ. કાશ્મીરના રાજા હિંદુ તથા 75 ટકા વસતી મુસ્લિમ હતી. માઉન્ટ બેટને રાજાને ભારત કે પાકિસ્તાન સાથે જોડાઈ જવા સલાહ આપેલી. પરંતુ તેમણે કોઈ નિર્ણય કર્યો નહોતો. એવામાં સરહદી તાયફાવાળાઓ કાશ્મીર પર હલ્લો કરવા ઉશ્કેરણી કરતાં હુમલાખોરો બારામુલ્લા પાસે આવી પહોંચ્યા. રાજાએ ભારત સરકારને મદદ માટે અરજી કરી અને તાત્કાલિક ભારત સાથે જોડાણ કરી કરાર પર સહી કરી. ભારતીય સૈન્યે હુમલાખોરોને ઉરી સુધી પાછા ધકેલ્યા. બીજી બાજુ કાશ્મીરમાં શેખ અબ્દુલ્લાની આગેવાનીમાં વચગાળાના પ્રધાનમંડળની રચના કરવામાં આવી. ભારતે 31મી ડીસેમ્બર 1947ના રોજ 'યુનોની સલામતી સમિતિ' સમક્ષ ફરિયાદ નોંધાવી. છેવટે 1951માં પુખ્તવય મતાધિકાર અને ચૂંટણીથી બંધારણ સભાની રચના કરવામાં આવી. આમ બંધારણ સભાએ મહારાજાનો હોદ્દો નાબૂદ કરી ચૂંટાયેલા સદરે રીયાસતનો હોદ્દો શરુ કર્યો અને કાશ્મીરનું ભારત સાથે જોડાણ પૂર્ણ કરવામાં આવ્યું.

સરદાર પટેલ જ્યારે જૂનાગઢ ગયા હતા ત્યારે પ્રભાસ પાટણની મુલાકાત લીધી હતી. સોમનાથ મંદિર સ્થળે એ ઐતિહાસિક મંદિરની બિસ્માર હાલત જોઈ સરદાર પટેલ દ્રવી ઉઠ્યા અને મંદિરના જીર્ણોદ્ધારનો સંકલ્પ અને ઘોષણા કરી હતી. ભારતની બિનસાંપ્રદાયિક નીતિ જોતાં સરદાર પટેલે મંદિરનો જીર્ણોદ્ધાર પ્રજાના ફાળાથી કરવાની જાહેરાત કરી વિરોધીઓના મો બંધ કર્યા હતા. 23મી જાન્યુઆરી 1949ની જામનગરની એક બેઠકમાં સરદાર પટેલની ઉપસ્થિતિમાં શ્રી સોમનાથ ટ્રસ્ટની રચનાની રૂપરેખા તૈયાર થઈ હતી. આમ, સરદાર પટેલના માર્ગદર્શન મુજબ સોમનાથના મંદિરના પુનઃનિર્માણની કામગીરી થઈ હતી.

આમ ભારતીય સ્વતંત્રતા પછીનું તરતનું કાઠિયાવાડ પણ રાષ્ટ્રીય નેતાઓ માટે વિલીનીકરણનો એક મોટો પડકાર હતું. 202 જેટલાં નાનાં-મોટાં રજવાડાંઓના વિલય માટે સરદાર વલ્લભભાઈ પટેલ અને એમના સચિવ વી.પી. મેનનને જે પ્રયત્ન કરવા પડ્યા તે આપણી રાજકીય તવારીખનું ઐતિહાસિક ભગીરથ કાર્ય છે.

દિલ્હીમાં વચગાળાની સરકાર સ્થપાઈ તે સમયથી જ હિલચાલ શરૂ થઈ ગયેલી. જામસાહેબ કાઠિયાવાડનાં નાના-મોટાં રજવાડાંઓનું એક જૂથ રચવા પ્રયત્નશીલ હતા. પણ પ્રજામંડળના નેતાઓને એ યોજના બહુ પસંદ પડી નહિ. પ્રજામંડળના નેતા શ્રી ઉછરંગરાય ઢેબરે જામ-જૂથયોજના નામે જાણીતી દરખાસ્તનો વિરોધ કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલે પણ આ યોજના પરત્વે અસંમતિ દર્શાવી હતી.

નાણાકીય વ્યવસ્થા દેશી રાજ્યનાં બંદર, જકાત, રેલવે, પોસ્ટ, ટેલિગ્રામ વગેરેનું એકીકરણ બંધારણીય ગૂંચનો ઉકેલ એવાં કામ માટે વી.પી. મેનન, કૃષ્ણમાચારી દોડેકર અને બેનીગલ નરસિંહરાવને સરદારે કાઠિયાવાડનાં જુદાં જુદાં રજવાડાંઓમાં મોકલ્યા હતા.

વિરમગામની લાઈનદોરી આયાત-નિકાસની અવ્યવસ્થા અને અસમાનતા રેલવેના પ્રશ્ન, કચ્છ અને બીજે અલગ ચલણી નાણાંનો ઉપયોગ, રજવાડાંઓનાં પોતપોતાનાં સુરક્ષાદળ વગેરે એવા ગૂંચવાડાભર્યા પ્રશ્ન હતા કે એનો ઉકેલ લાવવામાં ઘણો સમય લાગે તેમ હતું. કાઠિયાવાડમાં જેટલાં રાજકીય ટપકાં હતાં તેટલાં બીજા કોઈ પ્રદેશમાં નહોતાં. ભાવનગર, જૂનાગઢ, નાવનગર, ધ્રાંગધ્રા, પોરબંદર, મોરબી, ગોંડલ, વાંકાનેર, પાલીતાણા, ધ્રોળ, લીંબડી, રાજકોટ, વઢવાણ અને જાફરાબાદ એમ 14 સલામી રાજ્યો હતાં.

સ્વાતંત્ર અને સત્તાના હસ્તાંતર પછી બ્રિટિશ શાસને તો રજવાડાંઓમાંથી પોલિટિકલ ડિપાર્ટમેન્ટ ખસેડી લીધું હતું. તેથી હિંદી સરકારે વહીવટની જવાબદારી કાઠિયાવાડ પ્રદેશના કમિશનર તરીકે નિમાયેલા શ્રી નીલમ બૂચને સોંપી. દરમિયાન પ્રજા પણ અધીરી થઈ. મૂળીમાં લોકોએ ઓફિસો, ન્યાયાલયો અને સરકારી મકાનો કબજે કર્યા. ધ્રાંગધ્રામાં ખેડૂતોએ કૂચ કાઢી જવાબદાર રાજ્યતંત્રની પ્રજાકીય માંગને સૌ-પ્રથમ ભાવનગરના મહારાજાએ સ્વીકારી. ગાંધીજી અને સરદારને મળીને એમણે પ્રજામંડળના

વડા શ્રી બળવંતરાય મહેતાને મુખ્ય પ્રધાનની જવાબદારી સોંપી. ભાવનગરનું પ્રધાનમંડળ રચાયું. ક્રમશઃ બીજાં રજવાડાં પણ વિલય માટે તૈયાર થતાં ગયાં.

### 7.2.3 જૂનાગઢની સમસ્યા અને આરઝી હકૂમત

સરળ લાગતી આ પ્રક્રિયામાં જૂનાગઢ એક મોટા પડકાર તરીકે બહાર આવ્યું અને 14 મી ઑગસ્ટ, 1947ના દિવસે જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાની પોતાની ઈચ્છા જાહેર કરી ! એંસી ટકા હિંદુ પ્રજા ધરાવતું આ રાજ્ય પાકિસ્તાનમાં જોડાય તો અખંડિતતા પર જોખમ હતું. પ્રજાના આગેવાનો એકત્રિત થયા મુંબઈમાં જૂનાગઢવાસીઓની બેઠક થઈ. જૂનાગઢના આગેવાનોએ પણ નવાબના નિર્ણય સામે વિરોધ વ્યક્ત કર્યો.

વી.પી. મેનન માણાવદરના નવાબને મળ્યા . માણાવદર એક સો ચોરસ માઈલનો નાનો નવાબી તાલુકો હતો. ત્યાંના ખાને પણ જૂનાગઢના પગલે પગલે પાકિસ્તાન સાથે માણાવદરને જોડવાની ઈચ્છા જાહેર કરી હતી. મેનનની સલાહ ખાને માની નહિ. માંગરોળ શેખ સ્ટેન્ડ સ્ટીલના કરાર પર સહી કરી આપી.

દરમિયાન જૂનાગઢમાં બહુમતી હિંદુ પ્રજા પર ત્રાસ શરૂ થયો લોકો હિજરત કરવા લાગ્યા. જૂનાગઢ તાબાનાં 51 ગામ ધરાવતા બાબરિયાવાડના ગરાસદારોએ ખુલ્લો બળવો કરીને હિંદી સંઘમાં જોડાવાની જાહેરાત કરી અને વિલયના કરારપત્ર પર સહી કરી આપી.

13 મી ઑગસ્ટ, 1947 ના દિવસે કેપ્ટન બનેસિંહે રાજકોટના રેસિડેન્ટનો ચાર્જ સંભાળ્યો. એજન્સિના ત્રીજાથી પાંચમા વર્ગનાં તમામ રજવાડાં અને એજન્સિનાં બાર થાણાં આ રીતે હિંદી સંઘ તળે આવી ગયાં. પણ જૂનાગઢનો સવાલ એવો ને એવો હતો. એણે બાબરિયાવાડ કબજે કરવા માટે પોતાનું લશ્કર મોકલ્યું હતું. હિંદી સરકારે આ પગલાંને પોતાના પરના આક્રમણ તરીકે ગણ્યું અને એની ગંભીર નોંધ લીધી. નહેરુને સમજાવીને સરદારે હિંદી સંઘની લશ્કરી ટુકડીઓ બાબરિયાવાડના રક્ષણ માટે મોકલી આપી હતી.

આ દરમિયાન પ્રજાકીય લડતને પણ વેગ મળ્યો. 25મી ઑગસ્ટે રાજકોટમાં 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' મળી તેમાં એક " સંરક્ષણ સમિતિ" નિયુક્ત કરવામાં આવી. 25મી સપ્ટેમ્બરે મુંબઈમાં માધવબાગ ખાતે મળેલી સોરાષ્ટ્રવાસીઓની સભામાં ઢેબરભાઈ, દુર્લભજી ખેતાણી, નરેન્દ્ર નથવાણી, પુષ્પાબહેન મહેતા, જન્મભૂમિના તંત્રી અમૃતલાલ શેઠ, બળવંતરાય મહેતા ,શામળદાસ ગાંધી વગેરેએ જૂનાગઢની મુક્તિ માટે હાકલ કરી. " આરઝી હકૂમત " સ્થપાઈ અને એના સરનશીન શામળદાસ ગાંધી બન્યા. જૂનાગઢની કામચલાઉ સરકારના મુખ્ય પ્રધાન અને બીજા પ્રધાનોનું પ્રધાનમંડળ રચાયું. શામળદાસ ગાંધી અને બીજા નેતાઓ જૂનાગઢ તરફ નીકળવા રવાના થયા. મહમદઅલી ઝીણા અને મુસ્લિમ લીગના નેતાઓ જૂનાગઢ-બાંટવા વગેરે સ્થાનોએ જઈને હિંદી સંઘ વિરોધી વ્યુહરચના ગોઠવી આવ્યા હતા. રાજકોટમાં જૂનાગઢ રાજ્યની મિલકત સમાન જૂનાગઢ હાઉસનો કબજો 30મી સપ્ટેમ્બરે આરઝી હકૂમતે લીધો. યુવકોને સશસ્ત્ર તાલીમ

અપાઈ પોરબંદરની મેર તેમજ આયર બાબરિયા વગેરે લડાયક કોમો " આરઝી હકૂમત'માં જોડાઈ અને કુતિયાણા, નવાગઢ, ગાધકડા, અમરાપર વગેરે મુખ્ય ગામો તેમજ બીજાં 36 સ્થાનો પર કબજો મેળવ્યો. કુતિયાણામાં સામે થોડીક અથડામણ પણ થઈ પણ એકંદરે ઝડપથી જૂનાગઢ, માણાવદર અને સરદારગઢ, બાંટવા વગેરેમાં હિંદી સંઘમાં વિલય માટેનું વાતાવરણ ઊભું થયું. જૂનાગઢ રાજ્યનો પોલીસ કમિશનર નક્વી પાકિસ્તાનની લશ્કરી મદદ માટે કરાંચી ગયો તે પાછો જ ન ફર્યો.

હિંદી સંઘે 22મી ઓક્ટોબર અને 1લી નવેમ્બરે માણાવદર, માંગરોળ અને બાબરિયાવાડમાં બ્રિગેડિયર ગુરબક્ષસિંઘની આગેવાની હેઠળ પોલીસ ટુકડીઓ મોકલી આપી એટલે આ સ્થાનોએ સોઢાણા-વડાળાના જે સંધીઓ ત્રાસ વર્તાવી રહ્યા હતા. તે પણ કાબૂમાં આવી ગયા. તકેદારીના પગલાં તરીકે પોરબંદર, માંગરોળના સમુદ્રકિનારે યુદ્ધનૌકાઓને પણ ગોઠવી દેવામાં આવી. વાતાવરણ તંગદિલી ભર્યું હતું અને ક્યારે શું બનશે એની કલ્પનાથી હિંદુ પ્રજા ફફડતી હતી.

જૂનાગઢના નવાબ ઓક્ટોબરની 17 મીએ કરાંચી ચાલ્યા ગયા એટલે પાછળ વહીવટ માટે દીવાન શાહનવાઝખાન ભૂતો રહ્યા હતા. છેવટે એણે પણ કમિશનર બૂચને પત્ર લખીને જણાવ્યું કે રાજ્યની અંદરનાં અને બહારનાં અનિષ્ટ તત્ત્વોથી પ્રજાને બચાવી લેવા માટે નિર્દોષ લોકોને રક્તપાત તથા જાનમાલના જોખમથી ઉગારવા ભવિષ્યમાં પ્રજાની ઈચ્છા પ્રમાણે સમાધાન થાય તેવી આશાથી જૂનાગઢ રાજ્ય કાઉન્સિલ રાજ્યનો કાઉન્સિલના અંગ્રેજ સભ્ય કેપ્ટન હાર્વે જોન્સને રાજકોટ મોકલ્યો. 9મીએ ફરી વાર હવાલો હિંદી સંઘને સોંપવા તૈયાર છે. ભૂતાએ આ પત્ર સાથે 7-11-1947ના એ રાજકોટ ગયો. આ વિનંતીની જાણ લોર્ડ માઉન્ટબેટનને પણ કરવામાં આવી અને કોંગ્રેસ નેતાઓને એક પત્ર લખવામાં આવ્યો . કરાંચીથી નવાબે આપેલી સૂચના પ્રમાણે આમ કરવામાં આવ્યું. પાકિસ્તાનની સરકાર ત્યારે ચૂપચાપ ઘટનાપ્રવાહ તપાસી રહી હતી. શ્રી બૂચને પત્ર મળતાંવેત એમણે વડાપ્રધાનને દિલ્હી જાણ કરી. શ્રી વી.પી. મેનને સરદાર પટેલની સાથે મસલત કર્યા બાદ જોડાણ સ્વીકારપત્રનો મુસદ્દો તૈયાર કર્યો અને સૌરાષ્ટ્રના પ્રાદેશિક કમિશનર શ્રી નીલમ બૂચને હિંદી સરકાર વતી જૂનાગઢ રાજ્યનો વહીવટ સંભાળી લેવા સૂચના આપવામાં આવી. 9મી નવેમ્બર સાંજે પાંચ વાગ્યે જૂનાગઢ મુક્તિ જાહેર કરાઈ અને ભારતીય સૈન્ય આ પ્રદેશમાં પ્રવેશ કર્યો. એ દિવસે જ્યારે શ્રી બૂચ જૂનાગઢ પહોંચ્યા ત્યારે દીવાન શાહનવાઝખાન પણ કરાંચી ઊપડી ગયા હતા. રાજ્ય કાઉન્સિલના સેક્રેટરીએ શ્રી બૂચને રાજ્યનો વહીવટ સોંપ્યો અને પોલીસ અને સૈન્યની ટુકડીઓનાં શસ્ત્રો વગેરેનો કબજો સંભાળી લેવાયો. પાકિસ્તાન સરકારને જણાવવામાં આવ્યું કે રાજ્ય કાઉન્સિલની ઈચ્છા અને માગણી મુજબ જૂનાગઢનો વિલય હિંદી સંઘ સાથે કરવામાં આવ્યો છે. આવી જાહેરાત પછી પાકિસ્તાને મોં ખોલ્યું. પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકતઅલીખાને 15મી નવેમ્બરે હિંદી સંઘના વડાપ્રધાન જવાહરલાલ નહેરુને પત્ર લખીને જૂનાગઢ વિલયનો વિરોધ પ્રદર્શિત કર્યો. એણે એમાં જણાવ્યું હતું કે જૂનાગઢ રાજ્ય પાકિસ્તાન સાથે યોગ્ય રીતે ધોરણસર જોડાયેલું હતું. તેથી રાજ્યના દીવાન કે

નવાબને હિંદી સરકારની સાથે એ અંગે કોઈ વિચાર કે નિર્ણય લેવાનો અધિકાર રહેતો નથી. ઉપરાંત પાકિસ્તાનની મંજુરી સિવાય એ રાજ્યની હદમાં હિંદી સંઘનું લશ્કર મોકલીને એના વહીવટનો કબજો લેવામાં હિંદી સરકારે પાકિસ્તાનના પ્રદેશના સરહદી કાનૂનનો ભંગ કર્યો છે. એટલું જ નહિ પણ આંતરરાષ્ટ્રીય કાયદાનો પણ ભંગ કર્યો છે.

શ્રી નહેરુએ તેના પ્રત્યુત્તરમાં કહેલું કે, હિંદી સરકારે જૂનાગઢ પર કોઈ આક્રમણ કર્યું નથી. જૂનાગઢ રાજ્યની કાઉન્સિલ પાકિસ્તાન સરકારની પ્રેરણાથી જ કામ કરતી હતી અને કાઉન્સિલના સભ્યો સર અને કેપ્ટન હાર્વે જોન્સ વારંવાર જૂનાગઢ રાજ્ય સંબંધે પાકિસ્તાન સરકારનો સંપર્ક રાખતા હતા અને જૂનાગઢમાં શું કરવું એ અંગે તમારી સલાહ લેવા માટે લાહોર કરાંચી જતા હતા . એમણે જોયું કે જૂનાગઢનું રાજ્યતંત્ર સાવ ખોરવાઈ ગયું છે અને હિંદી સરકાર એનો કબજો ન લે તો તંત્ર પડી ભાંગે એમ છે , એની માઠી અસર સમગ્ર સૌરાષ્ટ્ર પર થાય. બીજી બાજુ આરઝી હકૂમત આવા સંજોગોમાં રાજ્યનો કબજો લેત તો સંભવ હતો કે ખૂનામરકી અને અંધાધૂંધી પ્રવર્તી હોત. આ સ્થિતિમાં દીવાન સર શાહનવાઝખાન ભૂતાની લાગણીનો હિદી સરકાર ઈંકાર કરે તો એનું પરિણામ ખતરનાક આવે, જૂનાગઢની હયાતી ભયમાં મુકાય અને રક્તપાત તેમજ અરાજકતા સર્જાય. આ પરિસ્થિતિનો ખ્યાલ દીવાને નવાબને આપ્યો હતો અને નવાબના સૂચન પ્રમાણે દીવાન વર્યા હતા હિંદી સરકારે જૂનાગઢની કામચલાઉ સરકારને માન્ય નથી કરી પણ એમાં જે વ્યક્તિઓ છે તે પ્રજાની વિશ્વાસપાત્ર છે તેથી રાજ્યની પ્રજાની વિનંતીથી કાઉન્સિલે ને પગલે પ્રજાના હિતમાં ભર્યું તેની વચ્ચે હિંદી સરકાર આવે અને પ્રજાની માગણીનો ઇનકાર કરે એ ઉચિત નહોતું. રાજકીય નિરીક્ષકોની માન્યતા એવી હતી કે જૂનાગઢના પ્રશ્ન હિંદી સંઘને ભીસમાં લઈ પાકિસ્તાન કાશ્મીર પ્રશ્નને પોતાની તરફેણમાં લઈ જવા માગતું હતું.

13મી નવેમ્બર, 1947ના દિવસે સરદાર વલ્લભભાઈ પટેલ જૂનાગઢ આવ્યા. આરઝી હકૂમતનું કાર્ય પૂરું થયું હોઈ પ્રતીકરૂપે તલવાર શામળદાસ ગાંધીએ સરદારને અર્પણ કરી. બહાઉદ્દીન કૉલેજના પટાંગણમાં જનમેદનીને સંબોધતાં રક્તપાત વિના વિજય મેળવવા માટે પ્રજાને અભિનંદન આપ્યાં. આ સભામાં પણ સરદારે પ્રજાને પ્રશ્ન કર્યો " તમે હિંદ સાથે જોડાશો કે પાકિસ્તાનની સાથે ? જવાબમાં હિંદની સાથે શબ્દો દ્વારા પ્રજાએ સંમતિ આપી ત્યારબાદ સરદારે કહ્યું કે જૂનાગઢની પ્રજાનો અભિપ્રાય પણ આપણે વિધિસર મતદાન પદ્ધતિથી લઈશું. એ જ દિવસે સરદાર વેરાવળ ગયા અને પ્રભાસ પાટણમાં સોમનાથ મહાદેવના મંદિરનો પુનરુદ્ધાર કરાવવાની ઘોષણા કરી હતી.
ફેબ્રુઆરી, 1948માં જૂનાગઢ રાજ્ય પાકિસ્તાનની સાથે જવું કે હિંદી સંઘમાં ભળવું એનો લોકમત લેવાયો. ગુપ્ત મતદાન દ્વારા લેવાયેલા આ લોકઅભિપ્રાયમાં વિશાળ બહુમતી (1,90,870 મત) ભારત સાથેના વિલયની તરફેણમાં રહી અને માત્ર 90 મત પાકિસ્તાન સાથેના વિલયને માટે પડ્યા. પ્રજાની બહુમતીએ આપી દીધેલા ચુકાદા પછી પણ પાકિસ્તાને વારંવાર આ પ્રશ્ન વ્યૂહરચનાના એક ભાગરૂપે ઉઠાવવાનો ચાલુ રાખ્યો. પાકિસ્તાન સરકારે યુનો સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત કરી. જૂનાગઢના નવાબનો હોદ્દો

ચાલુ રાખ્યો અને જે ટપાલ ટિકિટ છાપી તેમાં વિવાદાસ્પદ પ્રદેશોની નોંધમાં કાશ્મીરની સાથે જૂનાગઢ અને માણાવદરનો પણ નિર્દેશ કર્યો. પરંતુ ઈતિહાસ સંસ્કૃતિ અને ભૌગોલિક તમામ પ્રકારે સરવા સોરઠ નામે જાણીતો જૂનાગઢ વિસ્તાર ગુજરાતનો જ એક અવિચ્છિન્ન ભાગ છે એ તથ્યની અવહેલના થઈ શકી નહિ.

**7.2.4 સૌરાષ્ટ્રના રાજ્યોનું એકીકરણ.**

જૂનાગઢની સમસ્યાનો રાજકીય ઉકેલ આવવાથી વિક્ષોભનું વાતાવરણ થોડું હળવું થયું પણ હજુ વિલીનીકરણની લાંબી પ્રક્રિયા બાકી જ હતી કાઠિયાવાડના રાજકીય નેતાઓની સાથે સરદાર પટેલે ચર્ચા કરી ત્યારે એક વિકલ્પ એવો સૂચવવામાં આવ્યો હતો કે જૂનાં રજવાડાંઓની જોડાણ યોજનાને પુનર્જીવિત કરવી અને કાઠિયાવાડની ૫ ટકાથી વધુ વસ્તી ધરાવતાં રાજ્યો જેવાં કે જૂનાગઢ, ભાવનગર, નવાનગર વગેરેમાં નાનાં રજવાડાં જાગીરો અને તાલુકા ભેળવી દેવાં. બીજી દરખાસ્ત પ્રમાણે અર્ધહકૂમતવાળાં અને બિનહકૂમતવાળાં રાજ્યો જાગીરો થાણાંઓને મુંબઈ પ્રદેશ સાથે જોડી દેવાની વ્યવસ્થા કરી શકાય એમ હતું, પણ આ બંને યોજનાઓથી સમસ્યાનો આંશિક ઉકેલ જ આવે એમ હતું. એટલે કાઠિયાવાડનાં તમામ એકમોનું જોડાણ કરીને એક સંયુક્ત રાજ્ય રચવાનો નિર્ણય લેવામાં આવ્યો. સૌરાષ્ટ્રની રાજકીય ચળવળોમાં મહત્ત્વનો ભાગ ભજવનારા નેતાઓએ સરદાર પટેલ અને વી.પી. મેનન સાથે મંત્રણાઓ કરી ભાવનગર અને જામનગરના રાજવીઓએ નવા સૌરાષ્ટ્ર રાજ્યની યોજનાને સમર્થન આપ્યું સરદાર પટેલે બીજાં રજવાડાંઓને અપીલ કરી અને એકીકરણની યોજના તૈયાર કરવામાં આવી.

15મી જાન્યુઆરી, 1948ના દિવસે ભાવનગરમાં જવાબદાર સરકારનો આરંભ થયો. રાજકોટમાં સરદાર વલ્લભભાઈ પટેલની સભા થઈ તેમાં એમણે કહ્યું કે ખાબોચિયામાં રહેવામાં સાર નથી, સરોવર બનવું જોઈશે. 1948ના જાન્યુઆરીના અંત સુધીમાં તો સંપૂર્ણ યોજના તૈયાર થઈ ગઈ હતી. બધાં રજવાડાંઓ સાથે લાંબી વાટાઘાટો ચાલી અને રાજવીઓએ સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યરચનાના કરાર પર હસ્તાક્ષર કર્યા. 1948ની 15મી ફેબ્રુઆરીએ સરદાર પટેલના હસ્તે નવા સૌરાષ્ટ્ર રાજ્યનો આરંભ થયો. એ ઘટનાને જવાહરલાલ નહેરુએ સમકાલીન ઈતિહાસનું સૌથી વિશેષ નોંધપાત્ર એકીકરણ ગણાવી. સૌરાષ્ટ્રનું બંધારણ ઘડવા બંધારણસભાને ચૂંટવામાં આવી અને એ જ ગાળામાં લોકમત લઈને જૂનાગઢ, માંગરોળ, માણાવદર, બાબરિયાવાડ, બાંટવા અને સરદારગઢને સૌરાષ્ટ્રના ભાગ તરીકે સમાવિષ્ટ કરાયાં. આમ 23,276 ચોરસ માઈલમાં 4157 લાખની વસ્તી ધરાવતું સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. એના હાલાર, સોરઠ, ગોહિલવાડ, ઝાલાવાડ અને મધ્ય સૌરાષ્ટ્ર એવા પાંચ જિલ્લા કરાયા. એના પ્રથમ પંતપ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબર બન્યા હતા. 1956 બાદ સૌરાષ્ટ્રને મુંબઈ રાજ્ય સાથે ભેળવી દેવામાં આવ્યું હતું.

### 7.2.5 કચ્છની સમસ્યા

*રાજભાષા અને સંસ્કૃતિની દષ્ટિએ કચ્છ ગુજરાતનો જ ભાગ હતો. કચ્છ પ્રજામંડળના નેતાઓની સક્રિયતા પછી એનો વિલય સૌરાષ્ટ્રની સાથે કરવાની એક દરખાસ્ત આવી હતી પણ ભારત વિભાજનને લીધે કચ્છ પાકિસ્તાનની સાથે સીમાં ધરાવતું સરહદી રાજ્ય બન્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલે તો જૂનાગઢ મુક્તિ પછીની બહાઉદ્દીન કૉલેજના પ્રાંગણમાં થયેલી સભામાં લોકોને સાવધ કર્યા હતા કે પાકિસ્તાન ગમે ત્યારે કચ્છની સરહદેથી આક્રમણ કરી શકે એમ છે. (1962ના યુદ્ધમાં એ ભવિષ્યવાણી સાચી પડેલી) આવી પરિસ્થિતિમાં કચ્છને સૌરાષ્ટ્રની સાથે જોડી દેવાને બદલે કેન્દ્રના શાસન હેઠળ રાખવામાં આવ્યું. જોડાણખત પર કચ્છના મહારાવે 1948 ની 4થી મેના દિવસે સહી કરી. 1948ના જૂનની પહેલી તારીખે ચીફ કમિશનરે એનો વહીવટ સંભાળી લીધો અને 1956માં એ મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યું. આમ કચ્છનું વિલીનીકરણ થયું.*

### 7.2.6 તળ ગુજરાતની એજન્સિઓ

*તળ ગુજરાતમાં દેશી રાજ્યોની જે એજન્સિઓ હતી તેઓના વિલીનીકરણનો પ્રશ્ન એકંદરે સરળ હતો. રેવાકાંઠા, બનાસકાંઠા અને મહીકાંઠાની એજન્સિઓનો વહીવટ મુંબઈ રાજ્યને સોંપાયો. જાગીરો અને તાલુકાઓનાં જોડાણોની માગણીનો ઠરાવ મહીકાંઠા પ્રજાસંઘે 1948ના જાન્યુઆરીમાં કર્યો. ગુજરાત રાજ્યના રાજવીઓ અને રાજ્યાના રાજવીઓ અને રાજ્યોના લોકનેતાઓ સાથેની લંબાણ ચર્ચાઓના અંતે એ રાજાઓ વતી રાજપીપળાના મહારાજાએ પણ મુંબઈ રાજ્ય સાથેના જોડાણને અનુમોદન આપ્યું. જોડાણના દસ્તાવેજ પર રાજાઓની સહીઓ થયા પછી 10મી જૂન, 1948ના રોજ મુંબઈ રાજ્ય સરકારે આ રાજ્યોનો વહીવટ સંભાળી લીધો. આ જોડાણે 16,000 ચો.માઈલના અને 26 લાખ ઉપરાંતની વસ્તીવાળા વિસ્તારને આવરી લીધો. મુંબઈ રાજ્યમાં હવે બનાસકાંઠા અને સાબરકાંઠા જેવા નવા જિલ્લા થયા ને ભરૂચ અને સુરત જેવા જિલ્લા વિસ્તૃત થયા.*

*ગુજરાતનાં બીજાં કેટલાંક નાનાં-મોટાં રજવાડાંઓમાં જે લોકલડત થઈ. તે પણ વિલીનીકરણની પ્રક્રિયામાં મદદરૂપ થઈ હતી. મહીકાંઠા અને મેવાસી પ્રદેશમાં સ્વતંત્રતા પછી ઠાકોર રાજવીઓએ આપખુદશાહી ચાલુ રાખી હતી. ઈડરના રાજાએ મોહનપુર કબજે કરવા નોટિસ મોકલી હતી. કલોલ તાલુકાના ખાખરિયા ટપ્પાના તથા મહીકાંઠા, ખેડા, વડોદરા અને પંચમહાલના મેવાસી વિસ્તારોમાં ખેડૂત હિતો ભયમાં મુકાયાં. માંડવા, કેથરપુર, વાસણ, વીરપુર, વજીરિયા, ઉચાદ જેવાં નાનાં રાજ્યોના આપખુદ શાસનની સામે લોકોએ બળવો કર્યો અને નાકર લડત ચલાવી 16,000 નાગરિકોનું લડાયક દળ ઊભું થયું. સંખેડામેવાસમાં પણ લડત આરંભાઈ. સુરત જિલ્લાનું ધરમપુર અને દેવગઢ બારિયા તથા રાજપીપળામાં લોકલડત શરૂ થઈ છેવટે આ તાલુકદારી પ્રદેશ મુંબઈ રાજ્ય સાથે જોડી દેવાયા હતા.*

તળ-ગુજરાતમાં 16 હકૂમતી અને 127 અર્ધહકૂમતી રાજ્ય હતાં. આ રાજ્ય લગભગ દોઢ કરોડની મહેસૂલી આવક ધરાવતાં હતાં. કુલ 27,000 ચોરસ કિલોમીટરના અને 26,24,000 જનસંખ્યા ધરાવતા આ વિસ્તારના વિલીનીકરણનો આ તબક્કો ગુજરાતના એકીકરણનો એક નિર્ણાયક અવસર હતો.

**7.2.7 વડોદરાનો વિલય**

આમાં વડોદરાનો વિલય થોડો વધારે મુશ્કેલ રહ્યો. વડોદરાના મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડે પોતાના દીવાન સર બી.એલ. મિત્રની સલાહ પ્રમાણે વિલયની મંજૂરી આપતા ખતપત્ર પર હસ્તાક્ષર કરી આપ્યા પછી જ્યારે જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે પોતાના રાજ્યને જોડાયેલું જાહેર કર્યું ત્યારે પ્રતાપસિંહ ગાયકવાડે સરદાર પટેલને 2જી સપ્ટેમ્બર, 1947ના રોજ પત્ર લખ્યો અને એક યોજના પ્રસ્તુત કરી તે પ્રમાણે

સૌરાષ્ટ્ર સહિતનાં બધાં રાજ્યોમાં શાંતિ - સલામતી જળવાય એની જવાબદારી વડોદરા રાજ્યને સોંપવામાં આવે તો મને મંજૂર છે અમારી શરતો આટલી છે

( 1 ) મહીકાંઠા સાબરકાંઠા રેવાકાંઠા પાલનપુર તથા પશ્ચિમ હિંદનાં રાજ્યો અને ગુજરાતના રાજ્યો પર હિંદી સરકાર જે હકૂમત ભોગવે છે તે બધી વડોદરાને સોંપો.

( 2 ) કદાચ ભવિષ્ય અસાધારણ સંજોગો ઊભા થાય તો હિંદી સરકાર સૈન્યની મદદ કરે.

( 3 ) ગુજરાત અને કાઠિયાવાડ પર વડોદરાની સર્વોપરિતા સ્વીકારાય અને એવા અર્થમાં વડોદરા મહારાજા સમસ્ત ગુજરાતના મહારાજા તરીકે ગણાય.

( 4 ) વડોદરા રાજ્ય હિંદી સરકારનું કાયમી વફાદાર મિત્ર રાજ્ય રહે અને દેશવિદેશના સંબંધો તથા સુર તેમજ આંતરિક વ્યવહારમાં પોતાની ફરજ બજાવશે. એ હિંદી સરકારના એક ભાગ તરીકે અસ્તિત્વમાં રહેશે

સરદાર પટેલે આ પત્રનો કડક પ્રત્યુત્તર આપીને રાજાને ચેતવ્યા કે આ આ યોજનાનો અમલ કરવા જશો તો પસ્તાવાનો વખત આવશે દરમિયાન વડોદરામાં પ્રજામંડળના પ્રમુખ દરબાર ગોપાળદાસ દેશાઈ અને બીજા પ્રતિનિધિ એકત્ર થયા પ્રતિનિધિ - સભાનું બંધારણ ઘડાયું એપ્રિલ 1948 માં પ્રધાનમંડળની રચના વડોદરાના મહારાજાએ સરદાર સમક્ષ પ્રધાનમંડળના વર્તાવ બદલ દુઃખ સરદારના પ્રત્યુત્તર પછી મુખ્ય પ્રધાન તરીકે ડૉ. જીવરાજ મહેતા નિમાયા પણ થઈ વ્યક્ત કર્યું બીજાં નામ નક્કી કર્યા વિના જ મહારાજા યુરોપ ચાલ્યાં ગયાં, રાજ્યની તિજોરી તળિયાઝાટકે હતી .ડૉ. મહેતાએ ધારાસભા બોલાવી 58 માંથી 51 સભ્ય હાજર હતા તેમણે બે પ્રસ્તાવ પસાર કરીને મહારાજામાં જનતાનો અ - વિશ્વાસ જાહેર કર્યો અને રાજ્યની

તિજોરીમાંથી ઉચાપત થયેલા સાડા ત્રણ કરોડ રૂપિયા અંગે તપાસ કરવા હિંદ સરકારને જણાવ્યું યુરોપમાં મહારાજાને ખબર પડતાં એ ભારત પાછા ફર્યા અને સરદારને મળીને વડોદરામાં સંપૂર્ણ વહીવટ પ્રજાને સોંપી દેવાની તત્પરતા વ્યક્ત કરી , પણ મતભેદ તીવ્ર હતાં છેવટે વી. પી. મેનને મહારાજા સાથે એકથી વધુ વાર મંત્રણાઓ કરી અને આખરે 31 મી જાન્યુઆરી 1949 ના દિવસે સર પ્રતાપસિંહે એમના રાજ્યના મુંબઈ

*સાથેના જોડાણ અંગેનો નિર્ણય જાહેર કર્યો.* 21 *મી માર્ચ,* 1949 *ના જોડાણકરાર પર સહી થઈ અને* 1 *લી મે* 1949 *ના દિવસે મુંબઈ સરકારે રાજ્યનો વહીવટ સંભાળી લીધો.*

- **તમારી પ્રગતિ ચકાસો** *(ક)*

1. *સ્વાતંત્ર્યોત્તર બ્રિટિશ શાસન નીચેના જિલ્લાઓ વિશે પાંચ વાક્યો લખો.*

2. *જૂનાગઢના પ્રશ્ન અને આરઝી હકૂમત વિશે ટૂંકમાં જણાવો.*

3. *સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોના એકીકરણ વિશે ચાર વાક્યો લખો.*

4. *કચ્છની સમસ્યા શું હતી? તે વિશે સંક્ષિપ્તમાં જણાવો.*

5. *તળ-ગુજરાતની એજન્સિઓ વિશે પાંચ વાક્યો લખો.*

6. *વડોદરા રાજ્યના ભારત સંઘમાં વિલય વિશે ટૂંકમાં જણાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**ખાલી જગ્યા પૂરો.**

(1) *જામ-જૂથ યોજનાનો વિરોધ પ્રજામંડળના ___________ નેતાએ કર્યો હતો.*

(2) 14*મી ઓગસ્ટ,* 1947*ના રોજ જૂનાગઢના નવાબે ___________ સાથે જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.*

(3) *જૂનાગઢનો વહીવટ હિંદ સરકાર વતી સૌરાષ્ટ્ર પ્રદેશના કમિશનર ___________ એ સાંભળી લીધો હતો.*

(4) *ગુજરાતના ___________ રાજ્યને કેન્દ્રના શાસન હેઠળ રાખવામાં આવ્યું હતું.*

(5) *વડોદરાનો વહીવટ મુંબઈ સરકારે ___________ ના દિવસે સાંભળી લીધો હતો.*

### 7.2.8 ડાંગ નો પ્રશ્ન

*ડાંગ અને આબુ ગુજરાતને માટે માત્ર સરહદી પ્રદેશ જ નહોતા ત્યાં ગુજરાતી ભાષા અને રીતરિવાજોની પણ બોલબાલા હતી. ડાંગ - પ્રદેશમાં આઝાદી પૂર્વે* 14 *રાજાઓનું શાસન હતું* 650 *ચો.મા વિસ્તારમાં ફેલાયેલી* 50000 *ની વનવાસી - ગિરિવાસી વસ્તીનો વહીવટ આહવાના ડેપ્યુટી પોલિટિકલ એજન્ટ કરતા હતા.* 19 *મી જાન્યુઆરી* 1948 *ના દિવસે આ પ્રદેશને મુંબઈ સાથે જોડી દેવાયો ડાંગ મરાઠીભાષી હોવાનો રાજ્ય સ્તરે લેવાયેલો નિર્ણય ગુજરાતના નેતાઓને આંચકો આપી ગયો અને સંશોધનના આધારે પ્રમાણિત કરવામાં આવ્યું કે ડાંગી બોલી ગુજરાતીઓની એક ઉપબોલી છે છેવટે એને નાસિકથી અલગ જિલ્લો બનાવવામાં આવ્યો અને સ્વતંત્ર રીતે કલેક્ટરનું પ્રશાસન ગોઠવવામાં આવ્યું.*

*ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારે ડાંગનો ગુજરાતમાં સમાવેશ કરવામાં આવ્યો પણ એના નાસિક જિલ્લાના બાર સરહદી ગામ મહારાષ્ટ્રને મળ્યાં ખાનદેશના સરહદી વિસ્તારનાં* 156 *ગામ તેમ ઉમરગામ તાલુકાનો થોડો ભાગ પણ ગુજરાતને મળ્યો.*

### 7.2.9 આબુ નો પ્રશ્ન

*આ જ રીતે આબુ પણ ઘણે અંશે ગુજરાતની સાથે અનુબંધ ધરાવતો પ્રદેશ હતો વાંસવાડા ડુંગરપુર ઝાબુઆ અલીરાજપુર રાજ્યોની ગુજરાતીભાષી પ્રજા ઈચ્છતી હતી કે એમનું જોડાણ ગુજરાતની સાથે થાય આબુ દેલવાડા તહેસીલનો ભાગ મુંબઈ સાથે જોડી એને બનાસકાંઠા હેઠળ આવરી લેવાયો અને આબુ* 31 *મી ઑક્ટોબર,* 1956 *ના રોજ રાજસ્થાનના ભાગ તરીકે જાહેર કરાયું*

### 7.2.10 હિજરતની સમસ્યા

*સ્વતંત્રતાની પ્રાપ્તિના દિવસ આનંદ અને અકળામણથી છવાયેલા હતા વિલીનીકરણની કષ્ટમય પ્રક્રિયાની સાથોસાથ વિભાજને સર્જેલી એક મોટી સમસ્યા પૂર્વપશ્ચિમ પાકિસ્તાનમાંથી થયેલી હિજરતનો પડકાર પણ ઉઠાવવાનો હતો સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે પશ્ચિમ પાકિસ્તાનના સિંધી નાગરિકોએ સ્થળાંતર કર્યું એની સાથોસાથ સિંધમાં વર્ષોથી વસેલા ગુજરાતીઓની બે લાખની વરસીએ પણ પાકિસ્તાનથી ઉચાળા ભર્યા* 1,16,173 *સિંધીઓ અને બે લાખ સિંધવાસી ગુજરાતીઓ ત્યાંથી ઘરબાર અને વ્યવસાય છોડીને ગુજરાતમાં આવીને વસ્યા હતા બીજી તરફ ગુજરાતમાંથી પાકિસ્તાન ચાલ્યા ગયેલાઓમાં માણાવદર કુતિયાણા બાંટવા માંગરોળ ધોરાજી જેતપુર ઉપલેટા અમરેલીના મેમણ ખોજા વોરા વગેરે મુસ્લિમોનો સમાવેશ થતો હતો પાકિસ્તાનથી આવેલા સિંધીભાઈઓના પુનર્વસવાટ માટે કુતિયાણા બાંટવા માણાવદર વગેરે સ્થાનોને પસંદ કરવામાં આવ્યાં એ જ રીતે કચ્છમાં ગાંધીધામ આદિપુર વગેરેમાં વસાહતો ઊભી થઈ અમદાવાદમાં સરદારનગર વસ્યું. સિંધી નાગરિકોએ સિંધને વિસારીને ગુજરાતને પોતાના જન્મસ્થાન અને કર્મસ્થાન માની લીધાં એ ભારતની એકાત્મતામાંથી સર્જાયેલી સંસ્કૃતિનું જ પરિણામ હતું ગુજરાતના ઈતિહાસમાં અગાઉ પારસીઓ આવી રીતે એક થઈને ભળી ગયા હતા સિંધી તો આ દેશના જ સંતાન હતા એમણે પણ જલદીથી ભાવાત્મક અનુકૂલન સાધી લીધું.*

### 7.2.11 દીવ અને દમણ

*બ્રિટિશ હકૂમત ઉપરાંત ગુજરાત - કોંકણના સાગરકાંઠે ત્રણ સ્થાનો દીવ દમણ અને ગોવામાં પોર્ટુગીઝ શાસન ઘણાં વર્ષોથી ટકી રહ્યું હતું . સ્વતંત્રતા પછી પણ આ રાજ્યોનો પ્રશ્ન લાંબા સમય સુધી પરેશાન કરતો રહ્યો હતો આમાંનાં દીવ અને દમણ ગુજરાતની સાગરપટ્ટી પર આવેલાં છે પોર્ટુગીઝ શાસકોની દલીલ એવી હતી કે* 400 *વર્ષ પૂર્વે બ્રિટિશરો સાથેના કરાર પ્રમાણે અમારા શાસનનો અધિકાર છે પણ જ્યાં બ્રિટિશરોએ જ ભારતમાંથી ઉચાળા ભર્યા હતા ત્યાં એ કરારનું અસ્તિત્વ ક્યાંથી રહે ? દીવ અને દમણ એ બંને સંસ્થાનોમાં ગુજરાતીઓની વસ્તી મોટા પ્રમાણમાં હતી તેણે શાસનની સામે લડત માંડી. મુક્તિફોજ રચાઈ અને* 1954 *માં દાદરા નગરહવેલી પર મુક્તિસેનાએ હુમલો કર્યો દમણ પાસેના સેલવાસ તરફ જવું હોય તો ફિરંગી સેનાએ ભારતીય સામુદ્રિક સરહદ પસાર કરવી પડે ભારત સરકારે એમ કરવા દેવા સાફ ઈનકાર કર્યો ફિરંગી શાસને ભારત વિરુદ્ધ હેગ - અદાલતમાં ફરિયાદ પણ કરી. દમણ પર ઈશ્વરલાલ દેસાઈના નેતૃત્વ હેઠળ પ્રજાએ કૂચ કરી. તેના પર ફિરંગી સૈનિકોએ ગોળીઓ ચલાવી અને સેંકડોની ધરપકડ કરીને ગોવાની જેલમાં ધકેલી દીધા. ગોવા મુક્તિ આંદોલન પણ પ્રભાવશાળી રીતે ચાલ્યું, છેવટે* 1954 *થી ચાલેલી લોકલડતનું સુખદ પરિણામ* 1961 *માં ભારતીય સૈન્ય દીવ - દમણ - ગોવાનો કબજો લીધો ત્યારે જ આવ્યું . દીવ* 18 *મી ડિસેમ્બર,* 1961 *ના રોજ શરણે આવ્યું દીવ - દમણ - ગોવાને ગુજરાત કે મહારાષ્ટ્રની સાથે શાસકીય દૃષ્ટિએ*

*વિલીન કરવાને બદલે કેન્દ્રશાસિત રાખવામાં આવ્યાં છે પણ એમાંનાં દીવ અને દમણમાં ગુરાતીપણાની સ્પષ્ટ છાપ છે.*

**7.2.12 રાજકીય પ્રશાસનની સમસ્યા**

*વિલીનીકરણ પછીની સમસ્યા રાજકીય પ્રશાસનની હતી. સંસદીય લોકશાહીના આદર્શનો સ્વતંત્ર ભારતે સ્વીકાર કર્યો હતો. એટલે રાજ્ય સરકારોનું અસ્તિત્વ અનિવાર્ય હતું. ગુજરાતના એક પ્રાદેશિક એકમને આવી વિધાનસભા અને સરકાર આપી શકાઈ હોત પણ ભાષાવાર પ્રાંત રચના કરવી કે કેમ ? એ સવાલનો ગંભીરતાથી વિચાર જ નહોતો થયો. ગાંધીજીની હત્યા, વિભાજન અને કોમી રમખાણો, હિજરતો વગેરે સમસ્યાઓથી ઘેરાયેલા કેન્દ્રીય નેતૃત્વને રાજ્ય રચના વિશે વિચારણાને બહુ સમય નહોતો મળ્યો, એટલે એ ગાળા દરમિયાન સૌરાષ્ટ્રનું " અ " વર્ગનું અલગ રાજ્ય સ્થપાયું એની વિધાનસભા બનાવવામાં આવી પહેલી ચૂંટણીમાં પ્રજાએ કોંગ્રેસને સત્તા સોંપી અને ઢેબર - પ્રધાનમંડળ રચાયું. કચ્છને કેંદ્રશાસિત વિસ્તાર બનાવ્યો અને બાકીનાને ગુજરાત મુંબઈ વિધાનસભામાં પ્રતિનિધિત્વ મળ્યું*

**7.2.13 પ્રાદેશિક પુનરચનાનો પ્રશ્ન**

*સમય જતાં આવી વિષમ અને પડકારયુક્ત પરિસ્થિતિ થાળે પડી, ત્યારે સ્વતંત્ર ભારતનાં રાજ્યોની શાસકીય દૃષ્ટિએ કેવી રચના થવી જોઈએ એનો વિચાર શરૂ થયો . 1928 માં કોંગ્રેસે નિયુક્ત કરેલા મોતીલાલ નહેરુ પંચે ક્યારનું જણાવી દીધું હતું કે આજ સુધી બ્રિટિશરોએ જે રીતે પ્રાદેશિક રચનાઓ કરી છે તે કોઈ રીતે તર્કસંગત નથી , એના પર પુનર્વિચારણા કરવી જ રહી. પણ પ્રાદેશિક પુનર્રચનાનો આધાર શો હોઈ શકે ? ભૌગોલિક કે રાજકીય અનુકૂળતા કે ભાષાવાર પ્રાંતરચના ? આ એક રાજકીય અને ભાવાત્મક વિકટ પ્રશ્ન હતો 1920 માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ભાષાવાર પ્રાંત રચનાનો ઠરાવ પહેલી વાર પસાર કર્યો, ત્યારે પણ એના વિશે વિવાદ તો હતો જ. 1928માં મોતીલાલ નહેરુ સમિતિએ પ્રાદેશિક પુનર્રચનાનો અહેવાલ આપ્યો 1948 માં જ્યારે સૌરાષ્ટ્રનાં રાજ્યોનું વિલીનીકરણ થયું ત્યારે સરદાર પટેલે સંકેત આપ્યો હતો કે, સૌરાષ્ટ્ર ગુજરાત, કચ્છ મળીને એક ગુજરાત રાજ્ય થઈ શકે કનૈયાલાલ મુનશીએ સાંસ્કૃતિક ગુજરાતની કલ્પના - ઈતિહાસના આધારે - કરીને 'ગુજરાતની અસ્મિતા' શબ્દ અને ભાવ પ્રગટાવ્યા.*

**7.2.14 દાર કમિશન**

*1948 માં દાર કમિશનર નિમાયું તેની સમક્ષ એવી પણ રજૂઆત થઈ કે અત્યારે રાજકીય પરિસ્થિતિ વિભાજન અને આઝાદીના નિર્ણાયક પ્રભાવ હેઠળની છે એટલે આવતાં દસ વર્ષ સુધી ભાષાવાર પ્રાંતરચનાની વાત ઉખેળવી ન જોઈએ , કેમકે એમ કરવાથી બીજી સમસ્યાઓ ઊભી થશે.*

*દાર કમિશને ( જૂન, 1948 ) સાફ સાફ જણાવ્યું કે ભાષાવાર પ્રાંતરચના ઉચિત નહિ ગણાય. જાન્યુ , 1948 માં રચાયેલી જે.વી.પી. જવાહરલાલ - વલ્લભભાઈ*

- પટ્ટાભી સીતારમૈયા સમિતિએ પણ લગભગ આવું જ મંતવ્ય આપ્યું અને 1953 માં રચાયેલા ફજલ અલી પંચ સમક્ષ ગુજરાતપ્રાંતિક કોંગ્રેસ સમિતિએ ( 1954, જાન્યુઆરી ) એક ઠરાવ કર્યો કે ભાષાકીય પ્રાંતરચના પારાવારની રાષ્ટ્રીય એકતા સમક્ષની મુસીબતો પેદા કરશે 4 થી એપ્રિલ 1954 ના દિવસે કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યસમિતિ નવી દિલ્હીમાં મળી. ઘણાંના મનમાં ગડમથલ હતી, પણ વિરોધનો પ્રબળ સ્વર વ્યક્ત કરવાની તૈયારી નહોતી. છેવટે નક્કી એટલું થયું કે રાજ્યપુનર્રચના પંચ પાસે પ્રાદેશિક કોંગ્રેસ એકમ પોતાનું દષ્ટિબિંદુ જરૂર વ્યક્ત કરી શકશે પણ વિરોધ પક્ષો સાથે આ પ્રશ્ન એકત્ર થઈને કોઈ કાર્યક્રમ આપવાનું કે વિધાનસભામાં ઠરાવ લાવવાનું મંજૂર ના રખાયું જવાહરલાલ નહેરુએ 26 મી મે 1954 ના રોજ કોંગ્રેસ અધ્યક્ષની હેસિયતથી બધા એકમોને પત્ર લખીને જણાવ્યું કો અલગતા પેદા કરે તેવાં જોખમો પ્રત્યે સાવધ રહેવું

ગુજરાત કોંગ્રેસે આદેશને પાળી બતાવ્યો. લોકલાગણી દ્વિભાષીની વિરુદ્ધમાં હતી. પણ કોંગ્રેસે અલગ રહીને જ પંચ સમક્ષ રજૂઆત કરી આ રજૂઆત એવી હતી કે પંચે વિગતોમાં ઊતરવાને બદલે સિદ્ધાંતમાં ઊતરવું જોઈએ , અત્યારનું મુંબઈ રાજ્ય જ યોગ્ય છે અને એ ચાલુ રહે એ ઉચિત છે પણ જો વિભાજન નક્કી કરવામાં આવે તો ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્ય થવાં જોઈએ . સરહદવિસ્તારનાં કેટલાંક સ્થાન ગુજરાતમાં કેમ હોઈ શકે એની દલીલો પણ પ્રસ્તુત કરાઈ

આ આવેદનનો એક અંશ એ પણ હતો કે ગુજરાત રાજ્ય રચાય તો, એમાં આગળ મહા બૃહદ કે વિશાળ જેવા શબ્દોની જરૂરત નથી ; આવા શબ્દો અનિચ્છનીય મનોદશા પેદા કરશે

10 મી જાન્યુઆરી, 1955 ના રાજ્યપુનર્રચના પંચનો અહેવાલ જાહેર થયો તેમાં સૂચવ્યા પ્રમાણે

(1) મુંબઈ રાજ્યમાંથી કર્ણાટકનો ભાગ માત્ર કાઢી નાખીને મરાઠાવાડ, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તાર ભેળવીને મુંબઈ રાજ્યની રચના કરવી અને

(2) વિદર્ભનું અલગ રાજ્ય રચવું

આ બે મુખ્ય બાબત હતી.

ગુજરાતમાં આ અહેવાલની તીવ્ર પ્રતિક્રિયા થાય એ સ્વાભાવિક હતું રાજ્યપુનર્રચનાના આધાર શા હતા એ સમજવાની જરૂરિયાતનો ખ્યાલ રાખ્યા વિના જ આ નિર્ણય લેવાયો હોય એવું લોકોને લાગ્યું. કોંગ્રેસનું શાસન કેંદ્રમાં અને રાજ્યોમાં હજુ વિરોધી પડકારની અસર હેઠળ નહોતું. એટલે " અનુશાસન'ના નામે ચલાવી લેવાશે એવી માન્યતા કેંદ્રમાં પ્રવર્તતી હતી. એવામાં 13-14 મીએ મળેલી રાષ્ટ્રીય કારોબારીએ નહિ. તેથી જ એવો ઠરાવ કર્યો કે હમણાં કોંગ્રેસીજનો કોઈ આંદોલનાત્મક વલણ અપનાવે નહી. પણ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પ્રથમ વિરોધ નોંધાવી દીધો વડા પ્રધાને બધાંને હૈયાધારણ આપી કે આપણે સલાહસૂચનો લીધા પછી જ અહેવાલને અનુસરીશું. મહારાષ્ટ્ર કોંગ્રેસે પોતાના અવાજને સબળ બનાવવા દ્વિભાષી વિરોધી સંઘનાં પરિબળોનો સહયોગ લીધો.

*ગુજરાત કોંગ્રેસે 25 મી ઓક્ટોબર 1955 ના દિવસે મહેમદાવાદમાં સભા બોલાવી. અભિપ્રાયોમાં તીવ્રતા હતી. છેવટે એક ઠરાવ પસાર કરાયો તેમાં જણાવાયું કે મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિએ એના છેલ્લા ઠરાવમાં પોતાની બહુમતીને વધુ પ્રબળ બનાવવા માટે સૂચિત મુંબઈ રાજ્યમાં વિદર્ભને મૂકવાની માગણી કરી છે અને વધારામાં મુંબઈ શહેર સહિતનું મહારાષ્ટ્ર રાજ્ય આપોઆપ બની જાય એ માટે પાંચ વર્ષ પછી આ રાજ્યમાંથી ગુજરાતે ખસી જવાની છૂટ રાખવાનું સૂચવવામાં આવ્યું છે પંચની ભલામણને સ્વીકારવા મહારાષ્ટ્રના આગેવાનો તૈયાર હોય તો આ સમિતિ આ નાજુક પ્રશ્નના કાયમી ઉકેલ તરીકે સ્વીકારવા તૈયાર હતી અને છે , પણ મહારાષ્ટ્રના આગેવાનો આ ભલામણનો અસ્વીકાર કરતા હોય તો ગુ.પ્ર.કોં.સ એવો અભિપ્રાય ધરાવે છે કે, સૌના હિતમાં મુંબઈ રાજ્યની જગ્યાએ મહારાષ્ટ્ર - મુંબઈ - ગુજરાત એમ ત્રણ રાજ્ય રચવામાં આવે.*

*કારોબારી સમિતિએ ત્રણ રાજ્યોની માગણીને સ્પષ્ટ કરતો ઠરાવ પણ કર્યો . દરમિયાન મહારાષ્ટ્રમાં લોકવિરોધ હિંસક બન્યો. 11-12મી ફેબ્રુઆરીએ અમૃતસરમાં મળેલા કોંગ્રેસ અધિવેશને રાષ્ટ્રને હાકલ કરી કે " રાજ્યપુનર્રચનાના સવાલ પર આપણે લોકશાહી અને પ્રગતિનો નિષેધ ન થાય અને સંકુચિત પ્રાંતવાદ તરફ દોરવાઈ ન જવાય એવી અપીલ કરીએ છીએ*

*કોંગ્રેસ કારોબારી સમિતિએ લીધેલા નિર્ણયના અનુસંધાને રાજ્યપુનર્રચનાનો ખરડો તૈયાર થયો અને લોકસભામાં રજૂ થયો પહેલા વાચન દરમિયાન સર્વશ્રી એસ. કે. પાટિલ અશોક મહેતા તુલસીદાસ કીલાચંદ વગેરેએ સૂચવ્યું કે પંચે મુંબઈ રાજ્ય રચના વિશે ફેરવિચાર કરવો જોઈએ 232 સંસદસભ્યોએ એક આવેદનપત્ર તૈયાર કર્યું તેમાં જણાવાયું કે મુંબઈનું ગુજરાતી - મરાઠી ભાષાના વિસ્તારનું સંયુક્ત રાજ્ય રચવું. કોંગ્રેસની આંતરિક એકતા કસોટીએ ચડી વડાપ્રધાને આટલી મોટી સંખ્યામાં સાંસદોને કહ્યું એ વિશે વિચારવું પડે એમ હતું. લોકસભામાં આ માગણી પર મત લેવાય તો એને વ્યાપક સમર્થન મળે એમ હતું, એટલે ફરી કારોબારી મળી. પણ વિકલ્પનો રસ્તો સાંકડો હતો. ગુજરાત કોંગ્રેસે વરિષ્ઠોને જણાવી દીધું હતું કે, લોકલાગણી આપણી તરફેણમાં નથી. પણ ત્રણ રાજ્યોના નિર્ણયમાં ફેરફાર થયો અને દ્વિભાષી રચનાનો સ્વીકાર થયો . પ્રજાની એવી માન્યતા હતી કે ગુજરાતનું અલગ રાજ્ય થશે, પણ એમ થવાને બદલે દ્વિભાષી મળ્યું. 8 મી ઓગસ્ટે અમદાવાદના યુવકો ભદ્રમાં આવેલા કોંગ્રેસ ભવન સમક્ષ જઈ પહોંચ્યા અને કહ્યું કે હવે આપણે શું કરવું જોઈએ એનું માર્ગદર્શન આપો. અરાજકીય નેતૃત્વ પોતે જ જ્યાં દ્વિધાગ્રસ્ત હોય ત્યાં માર્ગદર્શન શું આપી શકે? વાતાવરણ તંગ બન્યું અને વિદ્યાર્થીઓ પર ગોળીઓ છૂટી. મહાગુજરાત આંદોલનની ભૂમિકા આઠમી ઓગસ્ટની ઘટનાઓએ બાંધી આપી હતી.*

### 7.2.15 મહાગુજરાતની લડત

1947 પછીનું લોક લાગણી પર આધારિત સૌથી વ્યાપક આંદોલન મહાગુજરાત અંગેનું હતું પણ ગુજરાત રાજ્ય માટેની મહત્ત્વાકાંક્ષા એક યા બીજી રીતે સ્વતંત્રતા પછીનાં વર્ષોમાં જુદા જુદા રૂપે વ્યક્ત થવા માંડી હતી તેને 1956 માં વેગ મળ્યો હતો.

એ પહેલાંના પ્રયાસો પર વિહંગાવલોકન કરી લઈએ તો, એપ્રિલ 1948માં કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે એક સંમેલન યોજાયું અને એમાં ગુજરાતનો આર્થિક સાંસ્કૃતિક વિકાસ રૂંધાશે એવી લાગણી વ્યક્ત થઈ હતી. થોડાંક સમય બાદ મુંબઈ રાજ્યના પંતપ્રધાન શ્રી બાબાસાહેબ ખેરે ડાંગનો પ્રવાસ કર્યો અને ડાંગની ભાષા મરાઠી હોવાનું કહ્યું. તેનો વિરોધ પંડિત ઓમકારનાથ સહિત ગુજરાતના વિભિન્ન અગ્રણીઓએ કર્યો. 1951માં સર પુરુષોત્તમદાસની આગેવાની હેઠળ 'મહાગુજરાત સીમા સમિતિ' રચવામાં આવી. વલ્લભવિદ્યાનગરમાં આ સમિતિના ઉપક્રમે મળેલા સંમેલનમાં અરવલ્લી પહાડથી આબુ પ્રદેશ, ડુંગરપુર, વાંસવાડા, પૂર્વમાં પશ્ચિમ ખાનદેશ, અને દક્ષિણે ડાંગ અને ઉમરગામ સુધીનો પ્રદેશ ગુજરાત છે ' એમ જણાવાયું હતું.

1952 માં ભાઈલાલભાઈ પટેલના પ્રયાસોથી પહેલી મહાગુજરાત પરિષદ ધારાશાસ્ત્રી હિંમતલાલ શુક્લના પ્રમુખપદે મળી. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આ પરિષદમાં ભાગ ન લીધો અને ઉત્તરપ્રદેશના તત્કાલીન રાજ્યપાલ કનૈયાલાલ મુનશીએ પણ પરિષદની સાથે અસંમતિ પ્રગટ કરતું નિવેદન કર્યું. 1952 ના આખરે મળેલી ગુજરાતી પરિષદે કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી દ્વારા રજૂ થયેલા પ્રસ્તાવને માન્ય કરીને 24 મહાગુજરાતની લોકેષણા વ્યક્ત કરી. 1953 માં ઝાબુઆ ડુંગરપુર વાંસવાડા અને ડાંગનાં પ્રજામંડળોએ પણ ગુજરાતમાં આ પ્રદેશોને મેળવવાની માગણી કરતા પ્રસ્તાવ કર્યો હતો.

સ્વતંત્રતા પછી રાજ્યોની પુનર્રચના કરતાં વધારે મહત્ત્વનો અને કસોટી તબક્કો એકત્રીકરણ અને વિલીનીકરણનો રહેલો. કાશમીર હૈદ્રાબાદ જૂનાગઢ અને બીજાં સેંકડો નાનાંમોટાં રાજ્યોના વિલયની અગ્નિકસોટીમાંથી પસાર થયા પછી સ્વતંત્ર ભારતના નાગરિકો પોતાની ભાષા વ્યવહાર અને બીજી વિશેષતાઓ પર આધારિત પ્રશાસનિક સુવિધા સાથેનાં પ્રાદેશિક એકમોની રચનાનો આગ્રહ કરી રહ્યા હતા સ્વાભાવિક પણ હતું. વિકેન્દ્રિત રાજ્યવ્યવસ્થામાં પ્રદેશોનું વર્ગીકરણ અનિવાર્ય હતું. પણ એનો માપદંડ શો રાખવો જોઈએ એ અંગે ભારે દ્વિધા પ્રવર્તતી હતી. રાષ્ટ્રીય એકતા અને પ્રજાકીય એકાત્મતાને આંચ ન આવે એવી રીતે પ્રાંત - રચના થવી જોઈએ એમ સૌ સ્વીકારતા હતા.

છેવટે સત્તાધારી પક્ષે 1952 ની રાષ્ટ્રીય ચૂંટણી દરમિયાન પોતાના ઘોષણાપત્રમાં ભાષાવારે પ્રાંતરચનાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો, અને ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી 1953 ની આખરે કમિશન નિયુક્ત કર્યું. 1956માં મોરારજીભાઈએ જે ત્રણ રાજ્યોની યોજના મૂકી હતી, તે કેંદ્રને અનુકૂળ હતી. સંસદમાં એવું વિધેયક આવ્યું અને એ પસાર થતાં સંયુક્ત સમિતિ નિયુક્ત કરાઈ. આને કારણે ગુજરાતની પ્રજાને લાગ્યું કે,

ગુજરાત રાજ્ય હાથવેંતમાં છે, પણ મહારાષ્ટ્રમાં આમચી મુંબઈ ના નારા સાથે મહારાષ્ટ્રમાં જ મુંબઈ હોઈ શકે એવા આગ્રહથી હિંસક આંદોલન શરૂ થયું ગુજરાતી નાગરિકોના વ્યવસાયો પર આપત્તિ આવી. કેન્દ્ર સરકારે ફરી પેલી યોજના પડતી મૂકવાના પ્રયત્ન શરૂ કર્યા. મુંબઈ રાજ્યની રચનાને મંજૂરી આપવાની જાહેરાતથી ગુજરાત સ્તબ્ધ થઈ ગયું.

ડૉ. શેલતના નેજા હેઠળના નેશનલ યુનિયન ઓફ સ્ટુડન્ટસ એ જ દિવસે અમદાવાદની લૉ કૉલેજમાં સભા થઈ. પગલાં સમિતિ રચવામાં આવી. એ જ દિવસે ભદ્રમાં આવેલા કૉંગ્રેસભવન પર મોરચો ગયો. સશસ્ત્ર પોલીસને જોતાં ઉગ્રમિજાજી યુવકોએ પથ્થરબાજી કરી અને પોલીસે ચેતવણી વિના ગોળીબાર શરૂ કર્યો પૂનમચંદ કૌશિક સુરેશ અબ્દુલ એમ ચાર યુવક ત્યાં જ ઢળી પડ્યા ભદ્રની બાજુમાં જ ગુજરાત કલબ' માં ધારાશાસ્ત્રીઓ મળતા હોય છે. વિદ્યાર્થીઓ ત્યાં પહોંચ્યા અને હિંમતલાલ શુક્લ કોંગ્રેસ-ભવન પર ધસી ગયા.

ગુજરાતમાં આ આંદોલન ક્રમશઃ ઉગ્ર બનતું ગયું. આઠમી ઓગસ્ટે ચાર મૃત્યુ પામ્યા એકસો જેટલા ઘવાયા. રતિલાલ ખુશાલદાસના પ્રમુખપદે નાગરિક સભા થઈ અને સભા પછી થયેલા ગોળીબારમાં એક નાગરિક મૃત્યુ પામ્યો. આ સમાચારોએ શહેરમાં પોલીસ અને પ્રજાની વચ્ચે સંઘર્ષને વ્યાપક બનાવી મૂક્યો. આગ, લૂંટફાટ, ગોળીબાર થતાં રહ્યાં.

નડિયાદ, આણંદ, મહેસાણા, વડોદરા અને રાજકોટમાં હડતાળો પડી. વકીલમંડળે અમદાવાદના ગોળીબારોની તપાસ માટે પંચ નિયુક્ત કરવા સરકાર સમક્ષ માગણી કરી અને નાગરિક તપાસપંચ વામનરાય ધોળકિયાના પ્રમુખપદે નિયુક્ત કર્યું. સર ચીનુભાઈ અમૃતલાલ હરગોવનદાસ વિદ્યાબહેન નીલકંઠ એસ .વી. દેસાઈ વગેરે અગ્રણી નાગરિકોએ પ્રજાને શાંત રહેવા અપીલ કરી. નવમી ઑગસ્ટના ગોળીબારમાં ચાર યુવક ઢળ્યાં. સ્વતંત્રતા પૂર્વેની અને સ્વતંત્ર પછીની આંદોલનની સ્થિતિ વિશે ઈંદુલાલ યાજ્ઞિકે સરખામણી કરતાં લખ્યું છે. 1919 માં ગાંધીજીની ધરપકડથી અમદાવાદમાં પહેલાં તોફાન થયા. પછી લશ્કરે ગોળીબાર કર્યો અને લોકો ગભરાઈને ઘરમાં ભરાઈ રહેતા, પણ 37 વર્ષ પછી જેમ ગોળીબાર થતા ગયા, ટિયરગેસના ટોટા ફૂટતા ગયા તેમ લોકો તારના થાંભલા દૂધની કેબિનો અને બસના છાપરાં તોડીને રસ્તામાં અંતરાય નાખતા અને પોલીસ - ગાડીઓને રોકતા ઈંટ-રોડાનો મારો ચલાવી ગેરીલા લડાઈ લડતાં થયાં.

10 મી ઓગસ્ટે અમદાવાદમાં બીજા ત્રણ મર્યા . કલોલના ગોળીબારમાં ત્રણનાં મોત થયાં 11 મીએ નડિયાદમાં દ્વિભાષી રાજ્યના એક પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલના મકાને પહોંચેલા. લોકોના તોફાન દરમિયાન થયેલા ગોળીબારથી બે જણ મર્યા. 14 મી ઑગસ્ટે પણ અમદાવાદમાં એક નાગરિકનું મૃત્યુ ગોળીથી થયું. 19 મીએ મોરારજીભાઈ દેસાઈની સભા સામે પરિષદે જનતા કરફ્યુ પાળ્યો. શ્રી દેસાઈએ એને

લોકશાહીના સિદ્ધાંતનો ઈનકાર થયાનું જણાવીને કહ્યું કે "ગુજરાતની સંસ્કારી અને લોકશાહી પ્રણાલિકાઓનું જતન કરવું હોય તો જ્યાં સુધી હું જાહેર સભા સમક્ષ બોલી ન શકું ત્યાં સુધી મારે ઉપવાસ કરવા જોઈએ " 26 યુવકોએ પ્રતિ - ઉપવાસ કર્યા છેવટે 26 મી ઑગસ્ટે સભા થઈ, પથ્થરબાજી થઈ અને સભા પૂરી થયા બાદના ગોળીબારમાં યુવકનું મૃત્યુ થયું. અમૃતલાલ હરગોવનદાસે મોરારજીભાઈને પારણાં કરાવ્યાં હતાં.

પહેલી ઓક્ટોબર 1956 ના રોજ નાગરિક તપાસપંચનો અહેવાલ બહાર આવ્યો કે પોલીસ - ગોળીબાર સાકારણ હતો અને એમની સામે ફોજદારી કામ ચલાવવું જોઈએ બીજી ઑક્ટોબરે અમદાવાદમાં પંડિત જવાહરલાલ નહેરુની સભા થઈ સમાંતર સભામાં ઇંદુલાલ યાજ્ઞિક અને બીજા નેતા બોલ્યા સાબરમતી પરના ત્રણે પુલથી લૉ કૉલેજ સુધી અફાટ માનવમેદની જામેલી હોવાથી બધો વાહનવ્યવહાર સ્થગિત થઈ ગયો હતો . પંડિત નહેરુની નાનકડી સભામાં વિદ્યાર્થીઓ અને નહેરુજીની વચ્ચે ઉગ્ર સંવાદ થયો 'આવું પહેલાં કદી થયું નહોતું એમ વડાપ્રધાને કબૂલ કર્યું હતું.

### 7.2.16 દ્વિભાષી રાજ્યની રચના

એ પહેલાં સપ્ટેમ્બર મહિનામાં મહાગુજરાત જનતા પરિષદની રચના થઈ હતી અને મહાગુજરાત માટેનું આંદોલન ચાલું હતું. 1 લી નવેમ્બર 1956 ના રોજ મુંબઈના દ્વિભાષી રાજ્યની શરૂઆત થઈ. તેમાં ઘણે અંશે મરાઠી અને ગુજરાતીભાષી પ્રદેશોનું એકીકરણ સધાયું. હવે સૌરાષ્ટ્ર અને કચ્છને પણ મુંબઈ રાજ્યમાં ભેળવી દેવાયાં. સૌરાષ્ટ્રમાં ભાવનગર, જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર, રાજકોટ અને અમરેલી જિલ્લા રચાયા ને કચ્છનો જિલ્લો અલગ કરાયો.

1957માં દેશમાં બીજી સામાન્ય ચૂંટણી થઈ. એની ઉપર જનતા પરિષદની આંદોલનની થોડી અસર પડી 1858માં જનતા પરિષદે કોંગ્રેસભવન પાસે શહીદ સ્મારક મૂકવા કોશિશ કરી. સરકારે એ સ્મારક રાતે ઉઠાવી લીધું એટલે ફરી ઉગ્ર આંદોલન થયું. મહારાષ્ટ્રમાં મુંબઈ-સહિત અલગ મહારાષ્ટ્ર રાજ્ય માટેની ઝુંબેશ વધુ જોરદાર હતી. 1959માં મુંબઈ રાજ્યના મુખ્ય મંત્રી શ્રી યશવંતરાવ ચવાણે કોંગ્રેસના મોવડીમંડળને જણાવ્યું કે, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ભાવાત્મક એકતા સ્થપાઈ નથી, પરિણામે મોવડીમંડળે આ પ્રશ્ન પર પુનર્વિચારણા શરૂ કરી, આખરે મુંબઈ રાજ્યના વિભાગીકરણની માગણીને સંમતિ અપાઈ વિભાજનની વિગતો માટે સમિતિ નિમાઈ ડાંગ અને ઉમરગામ ગુજરાતમાં મુકાયાં ને પાટનગર તથા કાધ અંગે જોગવાઈ કરવામાં આવી.

1960ના માર્ચમાં મુંબઈ રાજ્યના વિભાજનનો ખરડો કેંદ્ર સરકારે પ્રસિદ્ધ કર્યો ને એને મુંબઈ રાજ્યના વિધાનમંડળમાં તથા લોકસભામાં પસાર કરવામાં આવ્યો. એમાં જણાવ્યા મુજબ મુંબઈ રાજ્યનું દ્વિબાગીકરણ કરાયું ને 1 લી મે, 1960ના રોજ મહારાષ્ટ્ર અને ગુજરાતનાં અલગ બે રાજ્યોની રચના થઈ. ગુજરાત રાજ્યમાં ડાંગનો અલગ જિલ્લો રખાયો ને ગુજરાતના પાટનગર તરીકે ગાંધીનગરના સ્થળની પસંદગી થતાં એની આસપાસનાં ગામોનાં એક તાલુકાનો બનેલો 'ગાંધીનગર જિલ્લો' પણ રચાયો. આમ

1લી મે, 1960 ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ગાંધીનગર થતાં સુધી એનું કામચલાઉ પાટનગર અમદાવાદમાં રખાયું.

### 7.2.17 રાજકીય નેતૃત્વ

1947 થી 1960 સુધીનું ગુજરાતનું રાજકીય નેતૃત્વ મહદંશે સ્વાતંત્ર્ય ચળવળમાં તેમજ રજવાડાંઓ વિરુદ્ધનાં પ્રજામંડળમાં ભાગ લેનારા નેતાઓના હાથમાં રહ્યું. તેઓ કોંગ્રેસની વિચારધારા હેઠળ ઘડાયા હતા. રજવાડાંઓના રાજાઓ અને નવાબો તાલુકદારો અને બારખલીદારો, દીવાનો અને પોલિટિકલ એજન્ટો એવાં શાસન પ્રશાસનના સ્વાતંત્ર્ય પૂર્વનાં માળખાંઓમાંથી અલગ રીતે સંસદીય લોકસાહી - અંતર્ગત રાજનૈતિક પ્રક્રિયાનો પ્રારંભ થયો. પહેલી ચૂંટણી 1951માં થઈ. સૌરાષ્ટ્ર ત્યારે અલગ પ્રદેશ તરીકે અસ્તિત્વ ધરાવતું હતું અને બાકીનો પ્રદેશ મુંબઈ રાજ્યની અંતર્ગત હતો. કચ્છ કેંદ્રશાસિત પ્રદેશનો દરજ્જો ભોગવતું હતું. આ પરિસ્થિતિમાં કેવી રાજકીય શૈલી વિકસિત થઈ એનો અંદાજ મેળવી શકાય એમ છે.

1951 ની રાષ્ટ્રવ્યાપી ચૂંટણી સમયે સૌરાષ્ટ્રમાં પ્રજામંડળના કોગ્રેસી આગેવાનોનો અને ગિરાસદારી નાબૂદીને લીધે તેમજ રજવાડાંઓના વિલયને લીધે પ્રતિક્રિયા વ્યક્ત કરનારાં ક્ષત્રિય-પરિબળોનો સામસામો ચૂંટણી-સંઘર્ષ થયો. લોકસભા વિધાનસભામાં કોગ્રેસને બહુમતી મળી. વિરોધ પક્ષનું પણ સંસદીય લોકશાહીમાં મહત્ત્વનું સ્થાન છે. એ જ સમજ વિકસવાની બાકી હતી. આ પરંપરા ત્રણેક સામાન્ય ચૂંટણીઓ સુધી રહી. સૌરાષ્ટ્રનું પહેલું પ્રધાનમંડળ શ્રી ઉછરંગરાય નવલશંકર ઢેબરના મુખ્યમંત્રી પદે રચાયું. 1954 માં ઢેબરભાઈને કોંગ્રેસના પ્રમુખ બનાવવામાં આવ્યા, એટલે એમનું સ્થાન રસિકલાલ પરીખે લીધું. આ વર્ષોમાં આરઝી હકૂમતના સેનાની શામળદાસ ગાંધીજીએ મતભેદને લીધે રાજીનામું આપ્યું. ફી વધારાના પ્રશ્ન કેળવણી પ્રધાન બળવંતરાય મહેતાને રાજીનામું આપવું પડ્યુ. એ પહેલાં નાનાભાઈ ભટ્ટ પણ સરકારમાં રહી શક્યા નહિ. સૌરાષ્ટ્રને આ વર્ષોમાં મુખ્યત્વે ફી-વધારો બહારવટિયાઓનો ત્રાસ વગેરે પ્રશ્નોનો સામનો કરવો પડ્યો.

ગુજરાતમાંથી ચૂંટાઈ આવેલા ડૉ. જીવરાજ મહેતા, ઈંદુમતીબહેન, શેઠ બાબુભાઈ, જશભાઈ પટેલ, દિનકરરાય દેસાઈ વગેરેએ મુંબઈ વિધાનસભામાં અને પ્રધાનમંડળમાં સ્થાન મેળવ્યું હતું. પછીથી ગુજરાત રાજ્યની સ્થાપના થતાં એમાંના ઘણા નેતાઓને એમાં સ્થાન મળ્યું.

1957 ની સામાન્ય ચૂંટણીમાં પહેલી વાર વિરોધપક્ષ પ્રભાવ બતાવી શક્યો. તળ ગુજરાતના મહેસાણા-ખેડા-અમદાવાદમાં જનતા પરિષદના કેટલાક નેતાઓ વિથી બન્યા સૌરાષ્ટ્રમાં કોઈક સ્થાને પ્રજાસમાજવાદી પક્ષને એકાકી વિજય મળ્યો, પણ મુખ્યત્વે પટેલ-પાટીદાર-ક્ષત્રિયના ટેકાથી કોંગ્રેસ બહુમતી મેળવતી આવી. 1960 પછી સત્તાનું આ સમીકરણ બદલાતું થયું, અને વિરોધપક્ષનું નવેસરથી ધ્યાનપાત્ર અસ્તિત્વ દેખાયું. જનતા

*પરિષદ પ્રજાસમાજવાદી વગેરે પક્ષોના ઘણાખરા નેતાઓએ વહેલા મોડા કૉંગ્રેસમાં પ્રવેશ મેળવ્યો.*

### 7.2.18 ગુજરાત રાજ્યનું માળખું

*દરેક પ્રદેશમાં વિકસિત અને અવિકસિત વર્ગોનું અસ્તિત્વ પણ એના એકમોની સ્થિતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દ્વિભાષી રચના દરમિયાન ગુજરાતના મહીકાંઠાથી ડુંગરપુર, વાંસવાડા, પંચમહાલ, ઝાબુઆ, ભરૂચ અને સુરતના કેટલાક ભાગોમાં આદિવાસી પછાત પ્રજા વિસ્તરેલી હતી. સાતપૂડાનો પહાડ અને ભરૂચ જિલ્લાનો પછાત જાતિઓનો વસવાટ વિનાનો પ્રદેશ એ બે વિભાગો વચ્ચે મુખ્યત્વે આ પ્રજાના જુદા જુદા સમૂહોનો નિવાસ સાતપૂડાની દક્ષિણે ડાંગી, કાતકરીવારલી, દૂબળા વગેરે ઉત્તર વિભાગમાં સાડા આઠ લાખ અને એટલી જ દક્ષિણ વિભાગમાં વસ્તી ધરાવતી આ પછાત પ્રજાનો સ્તર એકસરખો ક્યારેય રહ્યો નહોતો આ ઉપરાંત કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં બીજે મેર, રબારી, ભરવાડ, આયર, કોળી, વાઘેર જેવી કોમો ખેતમજૂરો અને બીજા સામાજિક - આર્થીક વર્ગ ફેલાયેલા હતા.*

*મહાગુજરાત અને દ્વિભાષી રાજ્યરચનાનો વૈચારિક ગજગ્રાહ ચાલ્યો, ત્યારે ભાષાકીય જાગૃતિ દેખાઈ ગુજરાતી ભાષાની સીમારેખા બાંધવી મુશ્કેલ હતી પણ 'ભાષાવાર પ્રાંતરચના પરિષદ' નાં સંશોધન અને અભ્યાસ પછી એવો નિષ્કર્ષ સધાયો હતો કે, "અમીરગઢથી ઈશાન તરફ વળાંક લઈને આબુ સુધી ભાષા પહોંચે છે જ્યારે સાબરકાંઠા જિલ્લાની સરહદ ઓળંગીને ડુંગરપુર વાંસવાડાનાં સંસ્થાનોને ઝાબુઆ અને અલીરાજપુરનાં સંસ્થાનોને આવરી લઈ નંદરબાર થઈને ડાંગ,ધરમપુર,વાંસદાની સરહદો વટાવીને કાલાબા સુધી આવે છે, ત્યાંથી સંજાણ થઈને સાગરતટે ઉમરગાંવ સુધી એ આવે છે. આમાં કેટલીક ભીલ બોલીઓનો પણ સમાવેશ થાય છે. તે વ્યાકરણ અને શબ્દસમૂહની દૃષ્ટિએ ગુજરાતી સાથે ઘણી મળતી છે. વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ આ સમિતિએ* 83,090 *ચોરસ માઈલના સંભવિત ગુજરાત પ્રદેશમાં* 1,83,19,092 *વસ્તી આંકી હતી પણ એમાં ડુંગરપુર, વાંસવાડા, ઝાબુઆ, અલીરાજપુર અને ફિરંગી વિસ્તારનો સમાવેશ કરી લેવાયો હતો.*

*પ્રશાસનની દૃષ્ટિએ જે માળખું હતું તે દ્વિભાષી રાજ્યરચનાની અંતર્ગત હતું. એ પ્રમાણે બનાસકાઠાં* (10 *તાલુકા હતા જેમાં આબુરોડ અને માઉન્ટ આબુનો પણ સમાવેશ થઈ જતો હતો) સાબરકાંઠા, મહેસાણા, અમદાવાદ, ખેડા° વડોદરા, પંચમહાલ, ભરૂચ, સુરત, અમરેલી, ડાંગ, ગોહિલવાડ હાલાર, મધ્ય-સૌરાષ્ટ્ર, સોરઠ, ઝાલાવાડ, કચ્છ એમ જિલ્લાસ્તરનું આયોજન કરાયું હતું.*

### 7.2.19 દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ગુજરાતનો વહીવટ

*દ્વિભાષી દરમિયાન ગુજરાતનો રાજકીય વિકાસ એક પ્રદેશ તરીકે મુંબઈ રાજ્ય હેઠળ કેવોક થતો રહ્યો એ પ્રક્રિયા પણ પ્રજાજીવન પર અસર કરનારું પરિબળ*

*હતી. 1596 પહેલાં તો સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય હતું અને કચ્છ કેન્દ્રિય શાસન હેઠળ હતું. ‘અ’, ‘બ’, ‘ક’ વર્ગનાં રાજ્યોની રચના વ્યવસ્થાની દ્દિએ પણ બહુ પ્રભાવી નહોતી એટલે 1956માં ભાષાકીય ધોરણે રાજ્યરચના કરવામાં આવી. ભાષાના ધોરણે રાજ્યોની કરાયેલી રચનાઓ આજે પણ એક વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. એક વર્ગ એમ માને છે. કે એનાથી જે તે ભાષા બોલનારા એ પ્રદેશના લોકોની અસ્મિતાને પ્રોત્સાહન મળે છે તો એવી માન્યતા ધરાવતા રાજકીય અભ્યાસીઓ પણ છે કે, ભાષાવાર રાજ્યરચના એકતા અને એકાત્મતાને ખંડિત કરનારી મોટી રાજકીય ભૂલ હતી. જેમાંથી પાછા ફરવું મુશ્કેલ બની ગયું છે. અને રાજ્ય રાજ્ય વચ્ચેના સંઘર્ષ વધ્યા છે. આમ છતાં 1956માં જે નિર્ણય લેવાયો તે પ્રમાણે રાજ્ય - વિધાનસભા અને રાજ્ય - કાઉન્સિલ અસ્તિત્વમાં આવી. દ્વિભાષી મુંબઈમાં 397 સદસ્ય વિધાનસભામાં હતા. અને 108 સભ્ય કાઉન્સિલના હતા.*

### 7.2.20 પ્રશાસનિક રાજધાની

*ગુજરાતમાં પાટનગર તરીકે અમદાવાદ પ્રજાજીવનમાં સ્થાયી થઈ ગયું હતું. પણ પ્રશાસનિક દષ્ટિએ નવા પાટનગરની આવશ્કતા હતી. ગુજરાત રાજ્યની રચના વેળાએ એ નિર્ણય લેવાયો, અને અમદાવાદથી 25 કિલોમીટર દૂર રાજધાની માટેની વિશાળ યોજના ઘડી કાઢવામાં આવી. રાજધાનીની વસાહત શરૂ થઈ ત્યાંસુધી વિધાનસભા ધારાસભ્યોનાં નિવાસસ્થાન, સચિવાલય વગેરે અમદાવાદમાં જ રહ્યાં. અંતે ગાંધીનગર રચાયું, અને સ્વતંત્રતા પછીના ગુજરાત પ્રદેશને એક નવું પાટનગર પ્રાપ્ત થયું.*

### 7.2.21 સ્વાતંત્ર્યોતર મથામણનાં વર્ષ

*આમ ભારતીય સ્વાતંત્ર્યના પ્રારંભથી 1960 સુધીનો ગાળો ગુજરાતને માટે રાજકીય, આર્થિક, સામાજિક દષ્ટિએ નિર્ણાયક રહ્યો. લોકતંત્રની પ્રક્રિયામાંથી પસાર થતો થતાં એને લોક આંદોલન પણ કરવાં પડ્યાં. શિક્ષણ રાજનીતિ પ્રશાસન સાહિત્ય કળા ઉદ્યોગ વેપાર વાણિજ્ય એમ સર્વત્ર એક યા બીજી રીતે આ સમય દરમિયાનની પરિસ્થિતિએ એકબીજાને વ્યાપક અસર કરી. અખબારોએ વ્યવસાય અને સાર્વજનિક જીવનની સમસ્યાઓનું સંતુલન સાધીને પ્રજામતનું ઘડતર કર્યું. ઈતિહાસ - પરિષદો, કેળવણી - પરિષદો અને સાહિત્ય - પરિષદ સાહિત્યસભા વગેરેનાં સંમેલન - અધિવેશન સાંસ્કૃતિક ગુજરાતનો સંકેત આરતાં હતાં. પ્રજામાનસનું કાઠું ઘડાયું . અનાવૃષ્ટિ અને અતિવૃષ્ટિ સીમા પરના સંઘર્ષનો પ્રજાએ સામનો કર્યો. આમ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસમાં અર્વાચીન કાલની મથામણભરી તવારીખ સર્જતું પ્રકરણ સમયગાળાના આ અંશે રચી આપ્યું.*

● **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

1. *ડાંગના પ્રશ્ન વિશે સંક્ષિપ્તમાં જણાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

2. દીવ-દમણ કેવા સંજોગોમાં કેન્દ્ર શાસન હેઠળ મુકાયા? તેના પર ચાર વાક્યો લખો.

3. દાર કમિશન વિશે પાંચ વાક્યો લખો.

4. મહા-ગુજરાતના આંદોલન વિશે ટૂંકમાં જણાવો.

5. દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ગુજરાતના વહીવટ વિશે ચાર વાક્યો લખો.

**6. જોડકાં જોડો.**

| **(અ)** | **(બ)** |
|---|---|
| (1) ડાંગ અને આબુ | (a) કેન્દ્રશાષિત પ્રદેશો. |
| (2) હિજરતીઓ માટેની વસાહતો | (b) 1948 |
| (3) દીવ અને દમણ | (c) મહાગુજરાત આંદોલનના નેતા |
| (4) દાર કમિશન | (d) 1 મે, 1960 |
| (5) ઇંદુલાલ યાજ્ઞિક | (e) ગુજરાતના સરહદી પ્રદેશો |
| (6) ગુજરાત રાજ્યની સ્થાપના | (f) ગાંધીધામ, આદિપુર, સરદારનગર |
| (7) ગાંધીનગર | (g) ગુજરાતની રાજધાની |

## 7.3 સારાંશ

આમ લાંબી મંજલ કાપ્યા પછી ગુજરાતે પોતાની અસ્મિતા વ્યક્ત કરવા અલગ રાજ્યની સ્થાપના કરી. જેમાં ગુજરાતીઓ પોતાની આગવી અભિવ્યક્તિ કરી શકે.

*આઝાદીથી લઈને 1960 સુધીના ગુજરાતના સંઘર્ષમાં અનેક સમસ્યાઓને પાર કરી ગુજરાત અલગ રાજ્ય તરીકે સ્થાપિત થયું. તેનો સાંસ્કૃતિક ઈતિહાસ અર્વાચીન કાલની તવારીખોમાં તેના સંઘર્ષમાં એક આગવું મહત્ત્વ ધરાવે છે.*

## 7.4 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**ખાલી જગ્યા પૂરો.**

(1) *ઉછરંગરાય ઢેબર* (2) *પાકિસ્તાન* (3) *શ્રી નીલમ બૂચ*

(4) *કચ્છ* (5) 1 *મે*,1949

**જોડકાં જોડો**

(1)-e (2)-f (3)-a (4)-b (5)-c

(6)-d (7)-g

## 7.6 : સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

*પ્રશ્ન. ગુજરાતનો આઝાદી પછીના રાજકીય ઈતિહાસ પર સમીક્ષાત્મક નોંધ લખો.*

*પ્રશ્ન. ઈ.સ.* 1947 *થી* 1960 *સુધીના ગુજરાતના રાજકીય ઈતિહાસ પર મુદ્દાસર નોંધ લખો.*

*પ્રશ્ન. ગુજરાતના આઝાદી પછીના ઈતિહાસ વિશે સવિસ્તાર ચર્ચા કરો.*

*પ્રશ્ન. ટૂંકનોંધ લખો.*(1) *જૂનાગઢની સમસ્યા અને આરઝી હકૂમત.*(2) *સૌરાષ્ટ્રનાં રાજ્યોનું એકીકરણ.* (3) *વડોદરાનો વિલય.* (4) *તળ-ગુજરાતની એજન્સિઓ.* (5) *દાર કમિશન* (6) *મહાગુજરાતની લડત.*

## 7.7 સંદર્ભ


1. *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*9, *ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.*

2. *બળવંતરાય મહેતા, એકીકરણ, ગુજરાત એક પરિચય.*

3. *રામનારાયણ ના. પાઠક, સરદાર વલ્લભભાઈ પટેલ.*

4. *નાનુભાઈ સુરતી, રાજ્યરચનાનો ઈતિહાસ, ગુજરાત : એક પરિચય.*

6. *ઈંદુલાલ યાજ્ઞિક, આત્મકથા, ભાગ-*6.

# એકમ : 8 રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય

:: રૂપરેખા::

**8.0** ઉદ્દેશ્યો

**8.1** પ્રસ્તાવના

**8.2** રાષ્ટ્રવાદ એટલે શું?

**8.3** ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય

- **8.3.1** રાજકીય જાગૃતિમાં સાહિત્યનો ફાળો
- **8.3.2** કેળવણીનો વિકાસ
- **8.3.2** સામાજિક અને ધાર્મિક સુધારણાના પ્રયત્નો
- **8.3.4** સંતો અને ધર્મસ્થાનો તથા સંસ્થાઓનું યોગદાન
- **8.3.5** સાહિત્યકારો અને કવિઓનું યોગદાન
- **8.3.6** માનવધર્મ સભા
- **8.3.7** ગુજરાત વર્નાક્યુલર સોસાયટી
- **8.3.8** આર્યસમાજની પ્રવૃત્તિઓ
- **8.3.9** સમાચાર પત્રોનો ફાળો
- **8.3.10** આર્થિક સ્થિતિ
- **8.3.11** ગુજરાતમાં ઉદ્યોગની સ્થાપના
- **8.3.12** રાજકીય ઘટનાઓ

- તમારી પ્રગતિ ચકાસો

**8.4** સારાંશ

**8.5** ચાવીરૂપ શબ્દો

**8.6** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**8.6** સંદર્ભ સૂચિ

## 8.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના ઉદયનો અભ્યાસ કરવાનો છે. જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે.*

- *ગુજરાતમાં રાજકીય જાગૃતિના પરિબળો વિશે સમજ કેળવાશે.*
- *રાષ્ટ્રવાદ વિશે સમજ પ્રાપ્ત થશે. મહિપતરામ*

- ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના ઉદય માટેની બનેલી ઘટના વિશે જાણકારી મેળવશે.

## 8.1 પ્રસ્તાવના

ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના ઉદયમાં અનેક પરિબળોની ભૂમિકા મહત્ત્વની રહી છે. રાજકીય જાગૃતિમાં સાહિત્યનો ફાળો તથા સાહિત્યકારોનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. દુર્ગારામ મહેતા, પ્રેમચંદ રાયચંદ, મહિપતરામ રૂપરામ, નર્મદનો મહત્ત્વનો ફાળો રહેલો. કેળવણીનો વિકાસ, સામાજિક અને ધાર્મિક સુધારણા માટેના પ્રયત્નો, વિવિધ સંસ્થાઓનું યોગદાન તેમાં માનવધર્મ સભા, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, આર્યસમાજ વગેરેના કારણે વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા. સમાચાર પત્રોમાં સુરત સમાચાર, ખબર દર્પણ, અમદાવાદ સમાચાર, પ્રજા અભિલાષ, પ્રજામત, હિન્દુસ્તાન, પ્રતિનિધિ, રાજ્ય પત્રિકા વગેરે ગુજરાતના સમાચાર પત્રોનું પણ યોગદાન રહ્યું. આર્થિક સ્થિતિના કારણે લોકોમાં મુશ્કેલીઓ દિવસે ને દિવસે વધતી ગઈ હતી. ખેડૂતોને જમીન મહેસુલ પ્રશ્ન, ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના, રાજકીય ઘટનાઓ, મીઠા વિરોધી આંદોલન સુરતમાં, 1848મા નવા તોલમાપનો વિરોધ સુરત, 1857ના સંગ્રામમાં ગુજરાતની ભૂમિકા, આવકવેરા વિરોધી તોફાનો, સ્વદેશીની શરૂઆત, પરવાના સંદર્ભે આંદોલન, ગુજરાત સભાની સ્થાપના, કોંગ્રેસની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે અમદાવાદ અધિવેશન, સુરત કોંગ્રેસ અધિવેશન દ્વારા પણ લોક જાગૃતિ આવી અને ઈ.સ. 1903મા સ્વદેશી વસ્તુ સરંક્ષક મંડળીની સ્થાપના, ક્રાંતિકારી પ્રવૃત્તિઓ, વિદેશમાં ગુજરાતી ક્રાંતિકારીઓની પ્રવૃત્તિઓ વગેરેના કારણે ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય થયો જેના વિશે વિસ્તૃત ચર્ચા આ પ્રમાણે છે.

## 8.2 રાષ્ટ્રવાદ એટલે શું?

- રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવું એવો વાદ. રાષ્ટ્રપૂજા, સ્વદેશવાદ, સ્વદેશીભિમાન, પ્રજાસ્મિતા, રાષ્ટ્રીયતા, નેશનાલિઝમ
- રાષ્ટ્ર પ્રત્યે તાદાત્મ્ય અને વફાદારીની ભાવના
- નિશ્ચિત ભૂમિ પ્રદેશમાં ઠીક ઠીક લાંબા સમયથી રહેતા એક જાતિના, એક ભાષા બોલતા, એક ધર્મ પાળતા, સહિયારા જીવન મૂલ્યો, સાંસ્કૃતિક ઐતિહાસિક વારસો અને આર્થિક હિતો ધરાવતા લોકોનો સમૂહ જ્યારે અમુક પ્રકારની ભાવાત્મક એકતાની લાગણી અને પોતે એવા જ બીજા લોકોના સમૂહથીનોખા છે. એવું અનુભવે ત્યારે એ સમૂહને રાષ્ટ્ર કહેવામાં આવે છે. એવા રાષ્ટ્ર સાથેના તાદાત્મ્ય અને વફાદારીની રાષ્ટ્રવાદમાં અભિપ્રેત છે.
- રાષ્ટ્રવાદ એટલે રાષ્ટ્ર પ્રત્યે ભક્તિભાવ કે વફાદારી. રાષ્ટ્રવાદ એક મનોરથ છે જે ઘણાં લોકોને કોઈ એક રાજકીય સંગઠનમાં રહેવા પ્રેરે છે.

- *રાષ્ટ્રવાદ એક ભાવના છે તે છે પ્રજામાં એકતાની ભાવના. રાષ્ટ્રવાદની ભાવનામાં પોતાના રાષ્ટ્ર પ્રત્યે ભક્તિ અને વફાદારીનો સમાવેશ થાય છે.*

## 8.3 ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય

*ભારતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય થયો તેવી જ રીતે ગુજરાતમાં પણ અઢારમી અને ઓગણીસમી સદી દરમ્યાન સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય ઉથલપાથલો ચાલ્યા કરતી હતી. ગુજરાતમાં ધર્મ અને સંસ્કૃતિ ઉપર કેટલીક ઘટનાઓ બની તેની સમાજ જીવન ઉપર અને કેટલાક પ્રત્યાઘાત પણ પડ્યા. સમગ્ર પ્રદેશમાં ત્રાસ અને ભયનું વાતાવરણ પ્રસરી ગયું હતું. આવા સમયમાં ગુજરાતમાં પ્રજામાં અજ્ઞાન, વહેમ, અંધશ્રધ્ધા, બાળલગ્નો, વિધવા વિવાહ, દીકરીના જન્મને શાપરૂપ ગણવો, મંત્ર અને તંત્રમાં લોકોની શ્રદ્ધા વધતી ગઈ. વેપાર વાણિજ્યનો વિકાસ થંભી ગયો. જ્ઞાન પ્રાપ્તિના સાધનોનો કે વ્યવસ્થિત કેળવણીનો અભાવ પ્રવર્તતો હતો.*

*ગુજરાતમાં આ સમયગાળા દરમ્યાન મરાઠા શાસનનો પ્રભાવ હતો. અને બીજી બાજુ હિંદુ મુસ્લિમ દેશી રાજ્યોનો પ્રભાવ હતો. રાજ્યકર્તાઓના આંતરિક સંઘર્ષો રહેતા હતા. આવા સમયમાં વેપાર સાથે આવેલ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના લોકોએ આનો પુરો લાભ ઉઠાવ્યો. ઈ.સ.1802માં વસઈની સંધિથી પેશવાઈને પડતીની શરૂઆત થઈ. એનો અંત ઈ.સ.1818માં પેશવાઈના અસ્તથી આવ્યો. આ સાથે ગુજરાત પર પણ અંગ્રેજોએ વર્ચસ્વ વધવા લાગ્યું. સાથે સાથે દેશી રાજ્યોની આંતરિક પણ નિયંત્રિત સ્વતંત્રતા ચાલુ કરી. ગુજરાતમાં નવી સતાની સ્થાપનાની સાથે સાથે નવજાગૃતિનો ઉદય થવા માંડ્યો. અંગ્રેજોના સંપર્કની અસર ગુજરાતના સમાજ, ધર્મ, સાહિત્ય, રાજકારણ અને ઈતિહાસ પર પડી.*

### 8.3.1 રાજકીય જાગૃતિમાં સાહિત્યનો ફાળો

*રાજકીય જાગૃતિમાં ગુજરાતના સાહિત્યકારોની પણ મહત્ત્વની ભૂમિકા રહી હતી. તેમાં મહિપતરામ રૂપરામ, નર્મદ, કરશનદાસ મુળજી, શેઠ પ્રેમચંદ રાયચંદ, દુર્ગારામ મહેતાજી, રણજીતરામ વાવાભાઈ મહેતા વગેરેનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. દુર્ગારામ મહેતાજી એ વિધવા વિવાહનો પ્રચારનું કાર્ય કર્યું હતું. પત્ની ના અવસાન પછી એમને પોતાની વિધુરાવસ્થાની અને વિધવાઓની યાતનાઓનો ખ્યાલ આવ્યો. એ સમયે સમાજમાં 15થી 25 વર્ષની યુવતીઓ પણ વિધવા થતી. એમને ભયંકર દુઃખ, અપમાન અને વેદનાઓ સહન કરવી પડતી. આવી બાબતોને લઈ દુર્ગારામે વિધવા વિવાહનો પ્રચાર પ્રસારનું કાર્ય કર્યું. તેમણે ધર્મ પરિવર્તનને અટકાવ્યું, માનવધર્મ સભાની સ્થાપના કરી તેમણે સમાજ સુધારક તરીકે કાર્ય કરી લોક જાગૃતિનું કાર્ય કર્યું હતું. તેવી જ રીતે નર્મદાશંકર દવેનું  સમાજસુધારણાની ચળવળમાં પણ પ્રદાન વિશેષ હતું. નર્મદ કવિ,નાટ્યકાર, ગદ્યકાર, પત્રકાર, ઈતિહાસકાર અને કોશકાર પણ હતા. બધી જ પ્રવૃત્તિઓમાં એમના સુધારક તરીકેની ભૂમિકા મહત્ત્વની રહી. તેમણે મુંબઈમાં સુધારાની*

*પ્રવૃત્તિ કરીપછી બુદ્ધિ વર્ધક સભામાં, કાર્ય, જ્ઞાતિના કુરિવાજોનો વિરોધ, દાંડિયો નું પ્રકાશન ઈ.સ. 1864માં શરુ કર્યું હતું. આ સામયિક દ્વારા વહેમ, જૂઠ, દંભ, અંધશ્રદ્ધા, અનાચાર, અજ્ઞાન, પાખંડ, પાપાચાર, વગેરે ઉપર પ્રહારો કરવા માટે સામાયિક શરુ કર્યું. આવી જ રીતે મહિપતરામ રૂપરામ નીલકંઠ પણ ગુજરાતના મહાન સમાજ સુધારક હતા. તેમણે બુદ્ધિવર્ધક સભાના કાર્યક્રર તરીકે કાર્ય, તેમણે સત્યપ્રકાશનામનું સામાયિક શરુ કર્યું. 1858માં હોપ માળા રચવા માટે જે સમિતિ રચવામાં આવી તેમાં મહિપતરામની નિમણુક થઈ. તેમણે પ્રાર્થના સમાજની ગુજરાતમાં સ્થાપના અને પ્રવૃત્તિઓ દ્વારા લોક જાગૃતિનું કાર્ય કર્યું. ગુજરાતના સાહિત્ય દ્વારા રાષ્ટ્રપ્રેમની ભાવનાને જગાડવામાં તથા લોકો સુધી વિચારોને સાહિત્યના માધ્યમથી સરળતાથી પહોચી શકે. લોકોના પ્રશ્નોને પણ સાહિત્યમાં વાચા આપવામાં આવી. તત્કાલીન સમાજમાં રહેલી વિવિધ કુરિવાજો અને અંધશ્રદ્ધાઓને દૂર કરવામાં સાહિત્યની ભૂમિકા મહત્ત્વની રહી છે. સમાજને સાચી દિશા આપી તથા લોકો ગુલામીમાં જીવી રહ્યા હતા તેનામાંથી બહાર કેવી રીતે આવવું વગેરે બાબતો પર સાહિત્યકારોએ પોતાની કલમ દ્વારા તથા વિવિધ સંસ્થાઓની સ્થાપના કરીને લોકોમાં જાગૃતિ લાવવા માટેનું કાર્ય કર્યું. ગુજરાતના રાજકીય જાગૃતિ લાવવામાં સાહિત્યકારોની પણ મહત્ત્વની ભૂમિકા રહી હતી.*

### 8.2.2 કેળવણીનો વિકાસ

*ગુજરાતમાં રાજકીય જાગૃતિ લાવવામાં કેળવણીનું મોટું યોગદાન રહ્યું છે. કેળવણીનો પ્રચાર પ્રસાર અને વિકાસમાં દી.બા.અંબાલાલ સાકરલાલે ગુજરાતી ભાષા દ્વારા કેળવણીનો બહોળો પ્રચાર કરવાનો ભગીરથ પ્રયત્ન કરીને 1913માં ગુજરાતમાં શિક્ષિત સમાજની સહાયથી 'ગુજરાત કેળવણી મંડળ'ની સ્થાપના કરી. જેના લીધે શિક્ષણના પ્રચાર પ્રસારમાં ગુજરાતમાં વેગ આવ્યો. ગુજરાતમાં વિવિધ સંસ્કૃત પાઠશાળાઓ શરુ થઈ. 1885માં મુંબઈ રાજ્યમાં કેળવણી માટે મિશનરીઓએ 'ગરીબોની કેળવણી માટેની સંસ્થા 'બોમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટી' તથા બોર્ડ ઓફ એજ્યુકેશન' જેવી સંસ્થાઓ શિક્ષણ માટે શરુ કરવામાં આવી. માધ્યમિક શિક્ષણ શરુ કરવામાં આવ્યું. સરકારી હાઈસ્કૂલ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં શરુ કરવામાં આવી. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરુ કરવામાં આવી તેમાં વડોદરામાં 1879મા કૉલેજ શરુ કરવામાં આવી. સૌરાષ્ટ્રમા શામળદાસ કૉલેજ 1885 મા શરુ કરી. જૂનાગઢમાં બહાઉદ્દીન કૉલેજ શરુ થઈ. તથા કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 1813મા ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાની સતા હેઠળના પ્રદેશોમાં કેળવણી માટે ખર્ચ કરવાની જોગવાઈ કરી. વિવિધ શિક્ષણ સંસ્થાઓના કારણે સમાજમાં શિક્ષણની પ્રવૃત્તિ વધવાથી લોકોના વિચારોમાં પણ પરિવર્તન આવ્યું. રાજકીય જાગૃતિમા પણ કેળવણીનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે.*

### 8.2.3 સામાજિક અને ધાર્મિક સુધારણાના પ્રયત્નો

સહજાનંદ સ્વામીના ધર્મ પ્રચારના કાર્યથી પ્રજામાં પરિવર્તન થવા માંડ્યું. ઓગણીસમી સદીમાં સહજાનંદ સ્વામીએ ગુજરાતની પ્રજા જીવનમાં ક્રાંતિ પ્રગટાવી હતી. સહજાનંદ સ્વામીએ પોતાના ચમત્કારિક જીવનમાંથી પ્રજામાં શ્રદ્ધા, શૂરવીરતા, ત્યાગ, ભક્તિ, એકતા અને આધ્યાત્મિકતાના પુર વહાવ્યા હતા. લોકોને સદાચાર ને સત્યના નિર્મલ માર્ગે દોર્યા. કોળી, કાઠી, ગરાસિયા, મોચી, કાછીયા, કણબી વગેરે કોમોને નિરુપદ્રવી, ધર્મનિષ્ઠ અને સાચા માનવી બનાવી પ્રામાણિક અને પરિશ્રમી જીવન તરફ વાળી એક મહાન પરિવર્તન લાવ્યું. સહજાનંદ સ્વામીએ ચારિત્ર્ય શુદ્ધિ પર વિશેષ ભાર મુક્યો હતો. તેથી સૌ પ્રથમ એમણે સંપ્રદાયની સત્સંગ સભામાં સ્ત્રી પુરુષોની સભાઓ અલગ પાડી. એનું એક પરિણામ એ આવ્યું કે સ્ત્રી અનુયાયીઓ કે સાધ્વીઓએ પોતાની આધ્યાત્મિક જરૂરિયાત સંતોષવા માટે સ્વતંત્ર રીતે શાસ્ત્રોનો અભ્યાસ શરુ કર્યો. એ રીતે સ્ત્રી શિક્ષણના કાર્યમાં તેમજ એમની આધ્યાત્મિક ઉન્નતિની દિશામાં વેગ મળ્યો. સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના સાધુઓને ગુજરાતમાં જુદે જુદે સ્થળે લોકોમાં સદાચારનો ફેલાવો કરવા મોકલ્યા. સ્વામી સહજાનંદએ લોકોને સંસ્કારી બનાવી એમને વ્યસનો અને ચોરી લૂંટફાટ જેવી પ્રવૃત્તિથી મુક્ત કરવાની આદરેલી ઝુંબેશથી બ્રિટિશસતાના અધિકારીઓ પણ ખૂબ પ્રભાવિત થયા હતા.

### 8.2.4 સંતો અને ધર્મસ્થાનો તથા સંસ્થાઓનું યોગદાન

ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં વિવિધ સંતો, ધર્મસ્થળો તથા સંસ્થાઓનું પણ અગત્યનું સ્થાન રહ્યું છે. તેમાં વિવિધ ધર્મ સંપ્રદાયોની શરૂઆત અને તેના દ્વારા લોક જાગૃતિનું કાર્ય થયેલું. વિવિધ હિંદુ ધર્મ સંપ્રદાયોમાં જોઈએ તો રામાનંદી પંથ આ પંથે દયા, દાન અને સદ્દગુણી જીવન પર વિશેષ ભાર મુક્યો હતો. રામસ્નેહી પંથ, પુષ્ટિમાર્ગ જે સંપ્રદાયના સ્થાપક વલ્લભાચાર્ય હતા. સ્વામિનારાયણ સંપ્રદાય જે સહજાનંદ સ્વામી દ્વારા સ્થપાયેલા સ્વામિનારાયણ સંપ્રદાય હતો. હિંદુ સમાજમાં ફેલાયેલા કેટલાય અનિષ્ટોને સહજાનંદ સ્વામીએ દૂર કરવા પ્રયાસ કર્યો હતો. વ્યસનોમાથી મુક્તિ મેળવવવા પર ખાસ ભાર મૂક્યો હતો. આ સંપ્રદાયને ધર્મ સુધારણાનાં આંદોલનમાં ખૂબ અગત્યનો ફાળો રહ્યો છે. કબીર સંપ્રદાય જેનો વિકાસ રામાનંદી સંપ્રદાયની શાખા રૂપે થયો હતો. આ ઉપરાંત સ્માર્ત સંપ્રદાય, બ્રીજ પંથી અથવા બીજમાં, પ્રણામી સંપ્રદાય, દેવ શાક્ત પંથ, માધવગર પંથ, પીરાણા પંથ, રવિ પંથ, સંતરામ પંથ, ઉદાસી પંથ, દાદુપંથ વગેરે ધાર્મિક પંથો અને સંસ્થાઓ દ્વારા રાજકીય જાગૃતિ લાવવા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. માનવધર્મ સભા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, પ્રાથના સમાજ વગેરે ધાર્મિક સંસ્થાઓનું પણ ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને ધર્મ સુધારણામાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

### 8.2.5 સાહિત્યકારો અને કવિઓનું યોગદાન

*ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં સાહિત્યની સાથે સાથે કવિઓ અને સાહિત્યકારોનું પણ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેમાં મધ્યકાલીન પરંપરાના સાહિત્યકારો અને કવિઓમાં રણછોડજી દીવાન, દયારામ પ્રભુરામ ભટ્ટ, પ્રેમાનંદ, છોટમ કવિ, વ્રજલાલ કાલીદાસ શાસ્ત્રી, સેવકરામ રૂપરામ વગેરેનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. દલપતરામ, નવલરામ પંડ્યા, ગોવર્ધનરામ, નરસિંહરાવ, મહિપતરામ નીલકંઠ વગેરેનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. તેમણે સાહિત્ય દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનું જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું હતું. સમાજમાં પ્રવર્તતા વિવિધ વિષયોને આવરી લઈ સરળ રીતે લોકો સુધી માહિતીનું આદાન પ્રદાન કરવામાં મદદરૂપ રહ્યાં હતાં. સમાજના કેટલાંક અંધશ્રદ્ધા અને કુરિવાજોને લઈને સમાજ સુધારણા માટે પણ કવિ દલપતરામ જેવા લોકોએ 'ભૂતનિબંધ' વિલાયતમાં જવા વિશે નિબંધ, જ્ઞાતિ નિબંધ, બાળલગ્ન જેવા અનિષ્ટ સમજાવતો બાળવિવાહ નિબંધ, પુનઃવિવાહ નિબંધ વગેરે સાહિત્યની રચના લોકોને જાગૃત કરવાનું કાર્ય કર્યું છે. ડોસાભાઈ ફરામજી, નગીનદાસ પુરુષોત્તમ સંઘવી, ગણપતરામ રાજારામ ભટ્ટ, નાગેશ્વર જયેષ્ઠરામ જોષી, છગનલાલ ઠાકોરદાસ મોદી, કેશવલાલ મોતીલાલ પરીખ વગેરે સાહિત્યકારોમાં લખાણો દ્વારા સામાજિક અને રાજકીય જાગૃતતા લાવવાનું કાર્ય થયું હતું. શ્રીયત અરદેશર ફરામજી ખબરદાર, રા.બ.કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, નરસિહરાવ ભોલાનાથ, દી.બ.કૃષ્ણલાલ ઝવેરી, કવિ દલપતરામ ડાહ્યાભાઈ, કવિ નર્મદાશંકર, શ્રી રમણભાઈ નીલકંઠ, શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વગેરે લેખકો અને કવિઓના યોગદાનથી પણ ગુજરાતમાં રાજકીય જાગૃતિ તથા રાષ્ટ્રવાદના વિકાસમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે.*

### 8.2.6 માનવધર્મ સભાઃ

*દુર્ગારામ મહેતાએ માનવધર્મ સભાના ઉપક્રમે ઈશ્વર, જીવ, આત્મા, એકેશ્વરવાદ, આત્મકલ્યાણ, મૂર્તિપૂજા, મૃત્યુ પછીની દિશા, ગુરુ, શ્રદ્ધા વગેરે બાબતોએ ચર્ચા કરી. માનવધર્મ સભાની સ્થાપના 1844ના 22મી જૂને સ્થાપના કરી. તેમાં હજારો દેવી દેવીઓ નહિ એક જ ઈશ્વર, હજારો પંથો નહિ મનુષ્ય માત્ર એક જ જાતિ, મનુષ્ય માત્રનો ધર્મ એક માનવ ધર્મ, ઉત્તમ અધમનો આધાર ગુણ ઉપરથી કુળ ઉપરથી નહિ, વિવેકને અનુસરીને કર્મ કરવા, સદમાર્ગની શિક્ષા સર્વને કરવી. સભાનું કાર્ય સાચા માનવ ધર્મનો ફેલાવો કરવો, ન્યાત જાતના ભેદભાવનાબૂદ કરવા, વિધવા વિવાહને ઉત્તેજન આપવું, કેટલીક માન્યતાઓ અને રૂઢિઓ કેવળ વહેમ છે. એવી લોકોને ખાતરી કરાવવાનું કાર્ય આ લોકોએ સભાઓ ભરીને ઉપાડ્યું હતું. શ્રી મનુસિંહાચાર્ય એ 1848થી 1898 અને શ્રીમન્ન નથ્થુરામ શર્માએ 1858 થી 1930 દરમ્યાન ગુજરાતમાં ધર્મ પ્રસ્થાનનું કાર્ય કર્યું હતું. માનવ ધર્મ સભાની વિવિધ પ્રવૃત્તિઓને કારણે પણ રાજકીય જાગૃતિ લાવવામાં મહત્ત્વનું યોગદાન રહ્યું.*

### 8.2.7 ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

*ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ડિસેમ્બર 1848માં અમદાવાદના આસિસ્ટન્ટ જજ એલેકઝાંડર કિન્લોક ફાર્બસના પ્રયાસથી અમદાવાદમાં કરવામાં આવી હતી. વર્નાક્યુલર સોસાયટી દ્વારા વિવિધ પ્રવૃત્તિઓથી ગુજરાતમાં ઘણાં બધા પરિવર્તનો આવી શક્યા. તેમાં ખાસ કરીને ગુજરાતી ભાષા સાહિત્યનો વિકાસ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો, કેળવણીની વૃદ્ધિ કરવી, વર્તમાનપત્રનું પ્રકાશન કરવું, પુસ્તકાલય સ્થાપવું, હસ્તપ્રતોનો સંગ્રહ કરવો, શાળાઓની સ્થાપના કરવી. જેવા કાર્યો થયા. 'વરતમાન'નામના સાપ્તાહિક પ્રકાશનના પ્રારંભથી 1849માં એજ વર્ષે 'નેટિવ લાયબ્રેરી'ની સ્થાપના થઈ. ઈ.સ. 1850માં કન્યાશાળાની સ્થાપના કરવામાં આવી. 'બુદ્ધિપ્રકાશ'નામનું પાક્ષિક જે પછીથી માસિક બન્યું, એટલે કે ગુજરાતમાં રાજકીય જાગૃતિ લાવવામાં વર્નાક્યુલર સોસાયટીનું અમૂલ્ય યોગદાન રહેલું છે.*

### 8.2.8 આર્યસમાજની પ્રવૃત્તિઓ

*ગુજરાતમાં વિવિધ સંસ્થાઓએ સમાજ સુધારણા અને ધર્મ સુધારણા માટે કાર્ય કર્યું. તેમાં આર્યસમાજની પણ ગુજરાતમાં કરેલ વિવિધ પ્રવૃત્તિઓથી લોકોમાં જાગૃતિ આવી. આર્યસમાજની સ્થાપના 1857ના એપ્રિલની 10મી એ મુંબઈમાં થઈ હતી. દયાનંદ સરસ્વતીએ કરી હતી. તેઓ ગુજરાતના મૂળ ટંકારાના વતની હતા. તેમણે ગુજરાતમાં ધર્મસુધારણા નું કાર્ય તથા સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું. સુરત, વડોદરા અને સૌરાષ્ટ્રના પોરબંદર, જામનગરમાં તેની કેળવણીની સંસ્થાઓ સ્થાપી આર્યસમાજની શાળાઓ ગુજરાતના મહત્ત્વના શહેરોમાં આવેલી. આર્યસમાજ દ્વારા ગુજરાતમાં થયેલી પ્રવૃત્તિઓ દ્વારા જાગૃતિ લાવવામાં ફાળો રહેલો છે. ગુજરાતમાં વિવિધ સંસ્થાઓ દ્વારા લોકજાગૃતિ લાવવામાં મદદરૂપ બની સંસ્થાઓની પ્રવૃત્તિઓ દ્વારા રાજકીય જાગૃતિ આવી.*

### 8.2.9 સમાચારપત્રોનો ફાળો

*રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં સમચારપત્રોનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેમાં ખાસ કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એ 'વરતમાન પત્ર'નામનું એક અઠવાડિક પત્ર આરંભ્યું હતું. ગુજરાતમાં તે પહેલું સાપ્તાહિક હતું. 1850માં સુરતમાં 'સુરત સમાચાર' કાઢ્યું. 'ખબર દર્પણ', 'અમદાવાદ સમાચાર'-1860માં પ્રસિદ્ધ થયું. 'સમશેર બહાદુર' જે મુંબઈથી અમદાવાદમાં આવ્યું. 'પ્રજા અભિલાષ' 1963માં આવ્યું. શ્રી પીતાંબરદાસ ત્રિભુવનદાસે કેળવણી ખાતાનીનોકરી છોડીને 'હિતેચ્છુ પત્ર' કાઢ્યું હતું. અને તેમાં તેજ લખાણો આવતા. લોકોમાં તે પ્રિય થવાથી તે લાંબો સમય સુધી ચાલ્યું. ત્યાર પછી 'પ્રજામત', 'હિન્દુસ્તાન', 'પ્રતિનિધિ', 'રાજપત્રિકા', 'સમાચાર દર્પણ'નો ફાળો પણ રહ્યો. 'મુંબઈ સમાચાર' એક અઠવાડિક તરીકે પ્રગટ થવા માંડ્યું હતું. 'ખબર દર્પણ', 'સ્વતંત્રતા', અમદાવાદ સમાચાર, 'સત્યપ્રકાશ', 'સ્ત્રીબોધ', 'સ્વદેશ વત્સલ',*

*'મહાકાલ', 'પ્રાતઃકાલ', 'પરહેજગાર', 'જામેજમશેદ' જેવા સમાચારપત્રો દ્વારા રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં ખૂબ ઉપયોગીનીવડ્યા. 1851માં દેશના નવા વિચારો અને સુધારાઓની હિલચાલ શરુ થઈ તેનો પ્રચાર કરવા દેશના દાદાભાઈ નવરોજીએ શેઠ ખુરશેદજી કામાજીની આર્થિક સહાય દ્વારા 'રાસ્ત ગોફતાર' અઠવાડિક શરુ કર્યું હતું. રાસ્ત ગોફતારમાં કરશનદાસ મુળજી સમાજસુધારણાના અનેનીતિબોધના વિષયો પર લેખો લખી મોકલતા. આમ, જુદા જુદા સમાચારપત્રોમાં આવતા લખાણો અને વિચારો દ્વારા લોકો સુધી માહિતી પહોંચાડવાનું કાર્ય સરળ બનતું. ગુજરાતમાં વિવિધ સમાચાર પત્રોની શરૂઆત થઈ. જેના કારણે જનતાના પ્રશ્નોને રજૂઆત કરવાની તક મળે વિચારોના આદાન પ્રદાન માટે સમાચાર પત્રો એક ઉત્તમ માધ્યમ બની રહ્યું. વિવિધ સમાચારપત્રોએ સમાજની સમસ્યાઓ તથા લોકોને પડતી મુશ્કેલીઓ વિશે ઉલ્લેખ કરી વહીવટ તંત્ર સુધી લોકોના પ્રશ્નો લઈ જઈ તેના ઉકેલ માટેના પણ પ્રયત્નો થયા. લોકોમાં પણ રાજકીય જાગૃતિ લાવવામાં મદદરૂપ બન્યા હતા.*

**8.2.10 આર્થિક સ્થિતિ**

*આર્થિક સ્થિતિ પણ ગુજરાતમાં રાજકીય જાગૃતિ માટે મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે. તેમાં ગુજરાતમાં મરાઠાઓના અમલ દરમ્યાન આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ ગઈ હતી. મરાઠાઓની કેટલીક આર્થિકનીતિઓ જેવી કે કલમબંધી ઈજારા પદ્ધતિ અને મુલકગિરિએ ગુજરાતના અર્થતંત્રને વેરવિખેર કરીનાખ્યું હતું. અંગ્રેજોના આગમન પછી ગૃહઉદ્યોગ લગભગનાશ પામ્યા હતા. આવી પરિસ્થિતિમાં ગુજરાતમાં 1812-13માં દુષ્કાળ અને 1819માં ધરતીકંપ થયો. જ્યારે 1837માં સુરતમાં ભયાનક આગ લાગી હતી. 1896માં મુંબઈમાં મરકીનો ઉત્પાત મચ્યો હતો. તેની અસર ગુજરાત સુધી થઈ હતી. 1900માં છપ્પનીયો દુષ્કાળ પડ્યો. આવી ઘટનાઓના કારણે ગુજરાતની આર્થિક પરિસ્થિતિ ખરાબ થઈ હતી. દુકાળ કમિશનોએ દુકાળના સમયે ખેડૂતોને જમીન મહેસુલ ભરવા સરકારે ફરજના પાડવી એમ વારંવાર જણાવેલું તેમ છતાં મુંબઈ સરકારે તેની ઉલટીનીતિ અપનાવી. જેના કારણે ગુજરાતની સમગ્ર પ્રજા અકળાઈ ઉઠી. ગુજરાતમાં જમીન મહેસુલની વસુલાત વેળાએ થયેલા અત્યાચારોની વિગતો એકત્રિત કરીને પ્રજા સમક્ષ લાવવાનું કાર્ય ગોપાલદાસ કહાનદાસ પારેખે તો ધારાસભામાં જમીન મહેસુલ કાનુનમાં સુધારો રજુ થવાનો હતો. તેનો વિરોધ કર્યો હતો. સર ફિરોજશાહ મહેતાએ પ્રજાકીય સભ્યો અને સર ફિરોજશાહની માંગણી એટલી હતી કે પ્રસ્તુત ખરડાને જાહેર ચર્ચા માટે મુકવો પણ સરકારે માગણી સ્વીકારી નહિ અને સભ્યોએ સભા ત્યાગ કર્યો. જે ધારાસભાના ઈતિહાસમાં આ બનાવ પ્રથમ વાર હતો. તેની ગુજરાતની રાજકીય જાગૃતિને બળ મળ્યું. ગુજરાતમાં આર્થિક બાબતોમાં ખેડૂતોને સતત મુશ્કેલીઓ વેઠવી પડી તેમાં મહેસુલ ખેડૂતો પાસેથી ઉઘરાવવું. જ્યારે દુકાળ જેવી પરિસ્થિતિ હોય ત્યારે પણ આ પ્રવૃત્તિ વધારે કડકાઈથી અમલ કરતા. એટલે કે આર્થિક બાબતોમાં લોકોનું શોષણ થતું.*

*જે વેદના લોકોના દિલમાં હતી. જે સમય આવતા લોકો જાગૃત બનતા ગયા તેમ તેમ લોકોમાં રાજકીય જાગૃતિ આવતી ગઈ અને રાષ્ટ્રવાદને વધુને વધુ પ્રોત્સાહન મળતું ગયું.*

### 8.2.11 ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના

*ગુજરાતમાં 1857થી 1885ના સમયગાળા દરમ્યાન મિલ ઉદ્યોગનો પાયો નંખાયો હતો. અમદાવાદમાં મિલ ઉદ્યોગની શરૂઆત કરનાર રણછોડલાલ છોટાલાલ હતા. તેમણે 1860માં સુતરાઉ કાપડની મિલ સ્થાપી હતી. સુરતમાં જાફરઅલી મિલ, એક કાંતણ મિલ, ચાર જિન, એક લોખંડનું કારખાનું અને એક કાગળની મિલ સુરતમાં હતી. ખેતીપ્રધાન રૂના વાવેતરવાળો ગુજરાત વિસ્તાર આ કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ચમક્યો અને પ્રદેશ આર્થિક રીતે સમૃદ્ધ થયો.*

### 8.2.12 રાજકીય ઘટનાઓ

*ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં કેટલીક રાજકીય ઘટનાઓ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કંપની સરકારે કેપ્ટન આઉટરામને ગુજરાતના પ્રવાસે મોકલેલો અને 14મી સપ્ટેમબર 1835ના અહેવાલ રજુ કર્યો. આઉટરામનને કરેલ પ્રવાસ દરમ્યાન કંપની સરકારના વહીવટની અસર ઓછી થવા માંડીને તે સ્થળ વડોદરા હતું. અને કંપની સરકારનું પ્રભુત્વ પણ ઘટવા લાગ્યું હતું. તેના પછી ગુજરાતમાં વિવિધ ઘટનાઓ બની જેવી કે 1844માં મીઠા વિરોધી આંદોલન સુરતમાં, નવા તોલમાપનો વિરોધ 1848મા, 1857ના સંગ્રામમાં ગુજરાતની ભૂમિકા, આવક વેરા વિરોધી તોફાનો, પરવાના સદર્ભમાં આંદોલન, રાષ્ટ્રીય કોંગ્રેસની પ્રારંભિક પ્રવૃત્તિઓ વગેરે રાજકીય ઘટનાનું ગુજરાતની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. જે આ પ્રમાણે છે.*

#### 8.2.12.1 મીઠા વિરોધી આંદોલન, સુરત -1844

*ઈસ્ટ ઇન્ડિયા કંપની સરકારે વિવિધ વસ્તુઓ પર જે કરનાખ્યા તેની અસર અલગ પ્રકારે થયેલી જોવા મળે છે. તેમાં ખાસ કરીને કંપની સરકારે જ્યારે 1844માં મુંબઈ વિસ્તારમાં મીઠાના ભાવ બમણો કરીનાખ્યો. અને એનો અમલ 1 સપ્ટેમ્બરથી થવાનો હતો. તે સમય દરમ્યાન સુરતના લોકોએ દર-વધારા બાબતે ઓગષ્ટના છેલ્લા દિવસો દરમ્યાન મીઠા વિરોધી શાંત અને અહીસક પ્રતિકાર કર્યો. આ દેખાવ કરવામાં 30 હજાર જેટલા લોકો એકઠા થયા હતા. બજારો સંપૂર્ણ બંધ રાખ્યા હતા. મીઠાના ભાવની અસર ગરીબ, અમીર, હિંદુ-મુસ્લિમ વગેરે તમામને અસંતોષ થયો. આવા સમયે સરકારે લશ્કરનો ઉપયોગ કર્યો. પરંતુ લોકોએ ત્રણ દિવસ સુધી મચક ન આપી. પ્રજાની ઈચ્છા સામે સરકારને નમતું જોખવું પડ્યું. આ બાબતે સ્થાનિક મેજીસ્ટ્રેટે સમય સૂચકતા મુજબ કામચલાઉ વેરો રદ કરવાના નિર્ણયને પ્રજાએ આવકાર્યો. પરંતુ સરકારે વેરા નિર્ણય ચાલુ રાખવા એજન્ટને હુકમ કર્યો. અંતે 14 મી સપ્ટેમ્બર 1844ના જાહેરનામું બહાર પાડીને સરકારે મીઠાવેરો ઘટાડ્યો. ગુજરાત માટે આ ઘટના પ્રથમ હતી. ઈસ્ટ ઇન્ડિયા કંપની*

*સરકાર સામે પ્રથમ રાજકીય વિજય કે પહેલી લોકક્રાંતિ કહી શકાય. જ્યા આગળ ઈસ્ટ ઇન્ડિયા કંપની સરકારે સુરતમાં પ્રથમ કોઠી સ્થાપી હતી. ત્યાં જ પ્રથમ પરાજય કંપની સરકારનો થયો. આવા મીઠા વિરોધી આંદોલનના કારણે પણ લોકોમાં નવી ચેતના જાગી. લોકો જાગૃત બન્યા. અને લોકો એકત્રિત થઈ સરકાર સામે લડવાનું શરુ કર્યું.*

**8.2.12.2 નવા તોલમાપનો વિરોધ , સુરત – 1848**

*ગુજરાતમાં 1844ના મીઠા વિરોધી આંદોલનની સફળતા મળી જેના કારણે લોકોમાં રાષ્ટ્રીય અસ્મિતાને મૂળમાંથી પ્રોત્સાહિત કરી. અને ટૂંકા સમયગાળા દરમ્યાન સુરતની પ્રજાએ ફરીથી પ્રતિકાર કરવાની શરૂઆત કરી. સુરતમાં સરકારે બંગાળી તોલમાપ દાખલ કરવાનો હુકમ કર્યો. પરંતુ સુરતની પ્રજાએ નવા વજનના અમલનો વિરોધ કર્યો. એપ્રિલ 1848માં લોકોએ દિવસો સુધી હડતાલ ચાલુ રાખી બજારો બંધ કર્યા. મહાજનોએ વેચાણબંધનો આદેશ આપ્યો. સરકારીનોકરોએ કશું જ ન વેચવા મહાજને ઠરાવ કર્યો. આના કારણે પ્રજાને અનાજ અને રોજ બરોજની ચીજ વસ્તુઓ માટેની મુશ્કેલીઓ વેઠવી પડી. તો તેની સામે મેજિસ્ટ્રેટ પડોશી જિલ્લાઓ માંથી અનાજ લાવી ગરીબોને વેચવા લાગ્યા. તો બીજી તરફ મહાજને પણ ગરીબોને મફત અનાજ વેચવાનું શરુ કર્યું. આ આંદોલન માટે 50 હજારનો જન ફાળો એકત્રિત કર્યો. 5 મી એપ્રિલના રોજ એક પ્રતિનિધિ મંડલ મેજીસ્ટ્રેટને મળ્યું. ત્યારે હજારોની સંખ્યામાં લોકો પણ આવ્યા હતા. અને મેજિસ્ટ્રેટની સાથે ચર્ચા થઈ, વિનંતી સાંભળી અને પ્રતિભાવ યોગ્ય મળતા દુકાનો ખુલ્લી અને સરકારે દરખાસ્ત પડતી મૂકી. સુરતની પ્રજાએ સરકારની સામે બીજી ઘટના હતી. જેના કારણે સરકારને નમવું પડ્યું. અને લોકોમાં દિવસે દિવસે જાગૃતિ વધવા લાગી.*

**8.2.12.3 1857નો સંગ્રામ અને ગુજરાત**

*ગુજરાતમાં રાજકીય જાગૃતિ માટેની સુરતની બે ઘટનાઓ પછી ગુજરાતમાં 1857ની દેશ વ્યાપી જે ઘટના બની તેની અસર પણ થઈ. 1857ના સંગ્રામમાં ગુજરાતની પણ મહત્ત્વની ભૂમિકા રહી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામની લડતનું જે સ્વરૂપ ગુજરાતમાં ઘડાયું એ જાણે કે આખા દેશની લડતનું સ્વરૂપ રહ્યું. અમદાવાદ અને વડોદરા એવા બે કેન્દ્રો હતા કે જ્યાંથી ગુજરાતમાં મોટાપાયે બળવાનું વાતાવરણ ઉભું કરી શકાય અને તેના મુખ્ય સૂત્રધાર હતા. ગોવિંદરાવ (બાપુ ગાયકવાડ) તેમની સાથે પાટણના મગનલાલ વાણિયા અને વડોદરાના નિહાલચંદ ઝવેરી હતા. અમદાવાદમાં 7મી રેજિમેન્ટ દ્વારા બળવો કરી અમદાવાદ જીતી લેવાની યોજના હતી. પરંતુ જનરલ રોબર્ટ્સસનને તેની ખબર પડતા બળવો નિષ્ફળ થયો. વડોદરા મહારાજા ખંડેરાવને પદભ્રષ્ટ કરી વડોદરા લેવાની યોજના હતી. પરંતુ બળવાખોરોની આ માહિતીની જાણ ખંડેરાવને થતાં આ બળવો દબાવી દેવામાં આવ્યો. નિહાલચંદ ઝવેરીને ફાંસી આપવામાં આવી. મહીકાંઠામા બળવાની શરૂઆત ચાંડપથી થઈ. અંગ્રેજોએ ગાયકવાડ લશ્કરની સાથે રહી ચાંડપનો બળવો નિષ્ફળ બનાવતા અને ચાંડપને તારાજ કરતા ખેરાલુ, વડનગર, વિસનગર, વિજાપુર,*

*મોહનપુરમા તોફાનો થયા. પંચમહાલ અને ખેડા જિલ્લામાં પણ બળવાઓ થયા. પંચમહાલના સંખેડાનાનાયકડાઓએ રૂપાનાયક અને કેવળનાયકની રાહબરીનીચે બળવો થયો. પરંતુ અંગ્રેજોની સમજાવટથી તેનો અંત આવ્યો. રાજપીપળાનાંદોદમા સૈયદ મુરાદ અલીએ બંડ કર્યું હતું. સુંથના મહારાજાના વિદેશી સૈનિકોએ પણ બંડ કરેલ પરંતુ આ બંડોને દાબી દેવામાં આવેલ અને આગેવાનોને કડક સજા પણ થયેલ. ઓખામા વાઘેરોએ પણ બંડ કરેલ પરંતુ તેમને લાંબા સમયના અંતે મનાવી લેવામાં આવેલ. આમ આ બળવાના કારણે ગુજરાતના ઘણાં બધા ભાગોમાં રાજકીય* અમલ *જાગૃતતા ફેલાયેલ તેમજ ગુજરાતના ઘણાં ગામડાઓ તારાજ થયેલા અને નિશસ્ત્રીકરણની યોજનાનો અમલ બળજબરીથી થયેલો. આમ, સામાન્ય પ્રજામાં પણ આ બળવાના કારણે રાજકીય જાગૃતિ આવેલી.*

**8.2.12.4 આવકવેરા વિરોધી તોફાનો 1860**

*આવકવેરા વિરોધી તોફાનો સુરતમાં થયા હતા.* 29 *નવેમ્બર* 1860*માં તોફાનો થયા. તેના પહેલા* 14 *મી નવેમ્બર* 1860*માં પુણેમાં પણ આવકવેરા વિરોધી તોફાન થયા હતા. સુરતમાં બુરહાનપુર ભાગોળે લોકો એકત્રિત થયા હતા. તેમાં નક્કી કરવામાં આવ્યું હતું. કે આવકવેરા અંગે ફેર વિચારણા ન થાય ત્યાં સુધી આવકવેરા પત્રો નહિ ભરવા અને દુકાનો બંધ રાખવા નિર્ણય કર્યો. તેની સામે સરકારે ઘોડે સવાર અને પાયદળ દ્વારા તોફાનોને દાબી દેવા પ્રયત્નો કર્યા. જે જે દુકાનો બંધ કરનારની ધરપકડ કરવામાં આવી. કેટલાકને દંડ કર્યો. કેટલાકને સખત કેદની સજા થઈ. આ પ્રસંગના કારણે સુરતની પ્રજાના નિર્ભીક વલણની પ્રતીતિ અનુભવાઈ. આ ઘટના પણ રાજકીય જાગૃતિ માટેનું પરિબળ બન્યું.*

**8.2.12.5 સ્વદેશીની શરૂઆત**

*ગુજરાતમાં કાપડ અને અન્ય ઉદ્યોગોને સ્થાનિક કક્ષાએ ઉતેજન આપવાના તથા ચીજ વસ્તુની મુલ્ય રેખાને સ્થિર રાખવાના આશયથી અમદાવાદમાં* 1876*માં સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળની સ્થાપના કરી. તેમાં અંબાલાલ સાકરલાલ, રણછોડલાલ છોટાલાલ, હરગોવિંદ કાંટાવાળા, પ્રેમાભાઈ હીમાભાઈ વગેરે આ પ્રવૃત્તિઓમાં અંગ્રેસર રહ્યા હતા. સ્વદેશી ઉદ્યોગોની શરૂઆત થવાના કારણે પણ લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિ આવી.*

**8.2.12.6 પરવાના સંદર્ભમાં આંદોલનઃ**

*ગુજરાતમાં રાજકીય જાગૃતિના સુરત અને અમદાવાદની મહત્ત્વની ભૂમિકા રહી હતી. તમાં* 1878*માં સુરતની પ્રજાએ પરવાના કરના સદર્ભમાં પોતાના શાંત પ્રતિકારનો પરચો બતાવ્યો હતો. દેશમાં કુદરતી આફતોને પહોંચી વળવા થતા ખર્ચને નિવારવા માટે મુંબઈ સરકારે પરવાના કરનાખ્યો હતો. પરવાના કરના વિરોધમાં લડાઈ સુરતમાં* 1878*થી થઈ હતી. તેમાં સુરતના નરોતમદાસ નરસિંહદાસ અને દ્વારકાદાસ અને લલ્લુભાઈની સહીથી જાહેરખબર અખબારોમાં પ્રસિદ્ધ થઈ હતી.* 1 *એપ્રિલ* 1878*ના રોજ*

*સંપૂર્ણ બજાર બંધ રાખીને સતત પાંચ દિવસ સુધી બજારો બંધ રહી હતી. આ લડતમાંથી પણ લોક જુવાળ ઉભો થયો હતો.*

**8.2.12.7 ગુજરાત સભાની સ્થાપના**

*ગુજરાત સભાની સ્થાપના 1884માં અમદાવાદમાં થઈ હતી. આ સભાએ ગુજરાતની પ્રજાની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદની ભાવનાના ઘોતક ઉદાહરણ રૂપ તથા ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ સંસ્થાનું મુખ્ય કામ પ્રજાની મુશ્કેલીઓ અને અન્યાયોને અરજીઓ અને પ્રતિનિધિઓ દ્વારા સરકાર સમક્ષ રજુ કરવાનું કામ હતું. તેના દ્વારા પણ રાજકીય જાગૃતિનું કાર્ય થયું.*

**8.2.12.8 કોંગ્રેસની પ્રારંભિક પ્રવૃત્તિઓ**

*અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભાનું ઈ.સ. 1885માં સૌ પ્રથમ અધિવેશન મુંબઈમાં મળ્યું. એટલે કે મુંબઈ એ ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિનું પ્રેરણા કેન્દ્ર તથા પ્રારંભ કેદ્ર બની ગયું હતું. કોંગ્રેસ અધિવેશનોમા ગુજરાતીઓમાં દાદાભાઈ નવરોજી, બહુદીન તૈયબજી, સર દિનશા વારછા, સર ફિરોજશાહ મહેતા, અંબાલાલ સાકરલાલ દેસાઈ, ત્રિભોવનદાસ માળવી વગેરે ગુજરાતી અગ્રણીઓ અધિવેશનમાં ભાગ લઈ ભાષણો રજુ કરતા, ઠરાવો રજુ કરતા અને લેખો લખતા અને પ્રજાની જાગૃતિના પ્રયત્ન કરતા. કોંગ્રેસની વિવિધ પ્રવૃત્તિઓ દેશમાં રાષ્ટ્રવાદના ઉદયમાં અને વિકાસમાં મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ તેની પ્રવૃત્તિઓ તથા કોંગ્રેસના મહત્ત્વના બે અધિવેશનો ગુજરાતમાં યોજાયા તેના કારણે ગુજરાતના અગ્રણીઓએ પણ ગુજરાતના પ્રશ્નોની રજૂઆત કરી. સુરત અધિવેશન અને અમદાવાદ અધિવેશનના કારણે પણ લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો થયા.*

**8.2.12.8.1 અમદાવાદ કોંગ્રેસ અધિવેશન 1902**

*કોંગ્રેસનું 1902માં અમદાવાદમાં જે અધિવેશન મળ્યું તે ગુજરાતમાં પહેલું અને કોંગ્રેસનું 18મુ અધિવેશન હતું. તેના પ્રમુખ સ્થાને સુરેન્દ્રનાથ બેનરજી હતા. આ અધિવેશનમાં જે ઠરાવ થયા તેમાં ખાસ કરીને સરકારીનોકરીઓ જાહેરનોકરીઓમાં હિન્દીકરણનો, દેશમાં ઉત્પાદિત કાપડ ઉપરનો એક્સાઈઝ વેરો રદ કરવાનો, જનતાને કેળવણીનો વિશેષ લાભ મળે વગેરે મુદાઓને આવરી ઠરાવો કર્યા. તેની અસરના કારણે રાજકીય જાગૃતિને બળ મળ્યું.*

**8.2.12.8.2 સુરત કોંગ્રેસ અધિવેશન - 1907**

*ગુજરાતમાં બીજું અધિવેશન અને રાષ્ટ્રીય મહાસભાનું ત્રેવીસમું અધિવેશન સુરતમાં ડૉ.રાસબિહારી ઘોષના અધ્યક્ષ સ્થાને મળ્યું હતું. આ અધિવેશનની વિશેષતા એ હતી કે જે મહાસભાના પ્રતિનિધિઓ 'જહાલ' અને 'મવાલ' એમ બે પક્ષોમાં વિભાજીત થયું. સ્વદેશીની ચળવળની સાથે જ સરકારનો સામનો શશસ્ત્ર ક્રાંતિથી કરવાનો આશય જહાલ પક્ષનો હતો. જહાલ વર્ગનું નેતૃત્વ તિલકના હાથમાં હતું. સુરત અધિવેશનમાં*

*કોંગ્રેસના ભાગલા પડ્યા પછી દેશમાં વિનીત વર્ગની સાથે ક્રાંતિકારી વર્ગ જોડાયો. એટલે કે લશ્કરમાંના હિન્દીઓમાં ક્રાંતિની ભાવનાનો સંચાર થયો.*

**8.2.12.9 1903માં સ્વદેશી વસ્તુ સરંક્ષક મંડળી**

*ગુજરાતમાં 1903માં સ્વદેશી વાસ્તુ સરંક્ષક મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. આ મંડળીની સ્થાપના કરવાનો ઉદેશ્ય બજારભાવ સ્થિર કરવાનો અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન કરવાનો હતો. તેના કારણે સ્વદેશી પ્રવૃત્તિ દ્વારા પ્રજાકીય જાગૃતિ અને લોકોની કાર્યશીલતા જોવા મળી.*

**8.2.12.10 ક્રાંતિકારી પ્રવૃત્તિઓ**

*ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પણ મહત્ત્વની છે. તેમાં દેશી વનસ્પતિની દવાઓ જેવી છેતરામણનામોવાળી પુસ્તિકાઓ નવસારીથી પ્રગટ થઈ. જેમાં બોમ્બ બનાવવાની પ્રક્રિયા હતી. આ પ્રવૃત્તિઓમાં મોહનલાલ કામેશ્વર પંડ્યા, નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ, બેચરદાસ પંડિત, પુંજાભાઈ વકીલ વગેરે  આ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા. ઘણાબધા ગુજરાતી વીરોએ બોમ્બ પ્રવૃત્તિમાં ગુપ્ત ફાળો આપ્યો હતો. તેવી રીતે લોર્ડ મિન્ટો ઉપર 13મી નવેમબર 1909ના અમદાવાદમાં બોમ્બ ફેકાયો હતો. તેમાં અમદાવાદમાં મહેમાનગતિ માણી રહેલા લોર્ડ અને લેડી મિન્ટોની શહેર સવારી ઉપર બે વાર બોમ્બ ફેકવામાં આવ્યો. બંને વખત બચી ગયા હતા. આ બનાવ એ પણ ગુજરાતની રાજકીય જાગૃતિના તથા ક્રાંતિકારી પ્રવૃત્તિમાં મહત્ત્વનું કહી શકાય.*

**8.2.12.11 વિદેશમાં ગુજરાતી કાંતિકારીઓઃ**

*ગુજરાતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ થઈ તે મુજબ વિદેશમાં રહીને ગુજરાતીઓ એ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી હતી. તેમાં શ્યામજી કૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણા, માદામ કામા એ પ્રવૃત્તિઓ કરી હતી. તેમાં શ્યામજી કૃષ્ણ વર્માએ 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' દ્વારા તથા 'માદામ કામામે 'વંદે માતરમ' સામયિક દ્વારા ભારતની આઝાદી માટે વિદેશોમાં રાજકીય પ્રચાર કર્યો હતો. શ્યામજી કૃષ્ણ વર્માએ 'ઇન્ડિયા હાઉસ'નામની સંસ્થા લંડનમાં સ્થાપી હતી. સરદારસિંહ રાણાએ પેરીસ અને લંડનમાં રહીને પ્રવૃત્તિઓ કરી હતી. આ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પણ ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં મહત્ત્વના કાર્યો રહ્યા હતા. આમ ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના વિકાસમાં વિવિધ પરિબળોએ મહત્ત્વનું સ્થાન ધરાવ્યું હતું.*

- **તમારી પ્રગતિ ચકાસો**

1. *રાજકીય જાગૃતિમાં સાહિત્યના ફાળાની ચર્ચા કરો.*

2. ગુજરાતમાં રાજકીય જાગૃતિમાં સામાજિક અને ધાર્મિક સુધારણાના પ્રયત્નોની ચર્ચા કરો.

3. ગુજરાતમાં વર્નાક્યુલર સોસાયટીની પ્રવૃત્તિઓની ચર્ચા કરો.

4. ગુજરાતમાં રાજકીય જાગૃતિમાં સમાચાર પત્રોની ભૂમિકા સ્પષ્ટ કરો.

5. રાષ્ટ્રવાદના ઉદયમાં રાષ્ટ્રીય કોંગ્રેસની પ્રારંભિક પ્રવૃત્તિઓની ચર્ચા કરો.

6. સુરત અધિવેશન વિશેનોંધ લખો.

7. સુરતના 1844ના મીઠા વિરોધી આંદોલન વિશે ચર્ચા કરો.

8. ગુજરાત સભા અને માનવધર્મ સભા વિશે વિસ્તૃત ચર્ચા કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

9. ગુજરાતના ક્રાંતિકારોએ વિદેશમાં કરેલ પ્રવૃત્તિઓ વિશેનોંધ લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

10. 1857ના સંગ્રામમાં ગુજરાતની ભૂમિકા વિશે ચર્ચા કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

1. 'દાંડિયો'નું પ્રકાશન કયા વર્ષે શરુ થયું. ?

1. ઈ.સ. 1864 2. ઈ.સ. 1863

3. ઈ.સ. 1865 4. ઈ.સ.1866

2. મહિપતરામ રૂપરામ નીલકંઠ દ્વારા કયું સામયિક શરુ કરવામાં આવ્યું હતું. ?

1. દાંડિયો 2.સ્ત્રીબોધ

3. સત્યપ્રકાશ 4. બુદ્ધિપ્રકાશ

3. હોપમાળા રચવા માટે સમિતિની રચના ક્યારે કરવામાં આવી હતી. ?

1. ઈ.સ.1855 2.ઈ.સ.1856

3. ઈ.સ.1857 4.ઈ.સ.1858

4. 'સત્યપ્રકાશ'નામનું સામયિક કોણે શરુ કર્યું હતું. ?

1. મહિપતરામ રૂપરામ 2.નર્મદ

3.દુર્ગારામ 4. શેઠ પ્રેમચંદ રાયચંદ

5. 'દાંડિયો'ની શરૂઆત કોણે કરી હતી ?

1. મહિપતરામ 2. દુર્ગારામ

3. નર્મદ 4. શેઠ પ્રેમચંદ રાયચંદ

6. 'ગુજરાત કેળવણી મંડળ'ની સ્થાપના કયારે કરવામાં આવી હતી.?

1. ઈ.સ. 1913 2. ઈ.સ.1908

3. ઈ.સ.1910 4. ઈ.સ. 1906

7. અંબાલાલ સાકરલાલે ગુજરાતી ભાષા દ્વારા કેળવણીનો પ્રચાર કરવા કઈ સંસ્થાની સ્થાપના કરી હતી.?

1. માનવધર્મ સભા 2. વર્નાક્યુલર સોસાયટી

3. બૌદ્ધિક સભા 4. ગુજરાત કેળવણી મંડળ

8. દુર્ગારામ મહેતાએ કઈ સંસ્થાના ઉપક્રમે ઈશ્વર, જીવ, આત્મા, એકેશ્વરવાદ, આત્મકલ્યાણ વગેરે બાબતોની ચર્ચા કરી હતી.

1. બૌદ્ધિક સભા 2. માનવધર્મ સભા

3. ગુજરાત કેળવણી મંડળ 4. આર્યસમાજ

9. 'માનવ ધર્મ સભા'ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી. ?

1. ઈ.સ. 1844 2. ઈ.સ. 1846

3. ઈ.સ. 1848 4. ઈ.સ.1850

10. 22 મી જુન 1844માં કઈ સભાની સ્થાપના કરવામાં આવી હતી. ?

1. બૌદ્ધિક સભા 2. માનવધર્મ સભા

3. વર્નાક્યુલર સોસાયટી 4. ગુજરાત કેળવણી મંડળ

11. 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી. ?

1. ઈ.સ 1848 2. ઈ.સ.1849

3. ઈ.સ. 1852 4. ઈ.સ. 1855

12. એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસના પ્રયાસથી અમદાવાદમાં કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આઈ હતી. ?

1. માનવધર્મ સભા 2. ગુજરાત કેળવણી મંડળ

3. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી 4. આર્યસમાજ

13. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ક્યાં સ્થળે કરવામાં આવી હતી. ?

1. સુરત 2. અમદાવાદ

3. વડોદરા 4. ભરુચ

14. આર્યસમાજની સ્થાપના કયારેથી હતી. ?

1. ઈ.સ. 1875 2. ઈ.સ. 1880

3. ઈ.સ. 1885 4. ઈ.સ. 1890

15. 'વરતમાન પત્ર'નામનું અઠવાડીક કોના દ્વારા પ્રકાશિત થતું હતું. ?

1. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી 2. માનવધર્મ સભા

3. બૌદ્ધિક સભા 4. ગુજરાત કેળવણી મંડળ

16. 'સુરત સમાચાર'ની શરૂઆત કયારે થઈ હતી. ?

1. ઈ.સ.1848 2. ઈ.સ. 1850

3. ઈ.સ. 1852 4. ઈ.સ. 1854

17. 'અમદાવાદ સમાચાર'ની શરૂઆત ક્યારે થઈ હતી.?

1. ઈ.સ. 1860 2. ઈ.સ. 1868

3. ઈ.સ. 1870

18. શ્રી પીતાંબરદાસ ત્રિભોવનદાસે કયું પત્ર શરુ કર્યું હતું. ?

1. અમદાવાદ સંચાર 2. હિતેચ્છુ પત્ર

3. સુરત સમાચાર 4. ખબર દર્પણ

19. દાદાભાઈ નવરોજીએ કયું અઠવાડિક શરુ કર્યું હતું. ?

1. રાસ્ત ગોફતાર 2. ખબર દર્પણ

3. સ્ત્રીબોધ 4. સત્યપ્રકાશ

20. સુરતમાં ભયંકર આગની ઘટના ક્યાં વર્ષે બની હતી. ?

1. ઈ.સ. 1837 2. ઈ.સ. 1840

3. ઈ.સ. 1842 4. ઈ.સ. 1845

21. અમદાવાદમાં મિલ ઉદ્યોગની સૌ પ્રથમ શરૂઆત કરનાર કોણ હતું. ?

1. રણછોડલાલ છોટાલાલ 2. મહિપતરામ રૂપરામ

3. દુર્ગારામ મહેતા 4. નર્મદ

22. રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં કાપડ મિલની સ્થાપના કયારે કરી હતી.?

1. ઈ.સ. 1860 2. ઈ.સ. 1875

3. ઈ.સ. 1865 4. ઈ.સ. 1885

23. સુરતમાં મીઠા વિરોધી આંદોઅલન કયારે થયું હતું. ?

1. ઈ.સ. 1840 2. ઈ.સ. 1844

3. ઈ.સ. 1848 4. ઈ.સ. 1852

24. મીઠા વિરોધી આંદોલન ઈ.સ. 1844ની શરૂઆત ક્યાં સ્થળે થઈ હતી. ?

1. સુરત 2. અમદાવાદ

3. ભરુચ 4. વડોદરા

25. નવા તોલમાપનો વિરોધ સુરતમાં ક્યારે થયો હતો. ?

1. ઈ.સ. 1844 2. ઈ.સ. 1848

3. ઈ.સ. 1850 4. ઈ.સ. 1852

26. આવકવેરા વિરોધી તોફાનો ક્યારે થયા હતા. ?

1. ઈ.સ. 1860 2. ઈ.સ. 1865

3. ઈ.સ. 1870 4. ઈ.સ. 1875

27. સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળની સ્થાપના કયારે થઈ હતી. ?

1. ઈ.સ. 1860 2. ઈ.સ 1865

3. ઈ.સ. 1876 4. ઈ.સ. 1880

28. ઈ.સ. 1876માં સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળની સ્થાપના ક્યાં આગળ કરવામાં આવી હતી. ?

1. અમદાવાદ 2. સુરત

3. વડોદરા 4. ભરુચ

29. પરવાના સંદર્ભમાં આંદોલન ક્યારે થયું હતું. ?

1. ઈ.સ. 1860 2. ઈ.સ. 1865

3. ઈ.સ. 1878 4. ઈ.સ. 1888

30. ગુજરાત સભાની સ્થાપના ક્યારે થઈ હતી. ?

1. ઈ.સ. 1884 2. ઈ.સ. 1885

3. ઈ.સ. 1888 4. ઈ.સ. 1889

31. કોંગ્રેસનું અમદાવાદમાં અધિવેશન ક્યારે મળ્યું હતું. ?

1. ઈ.સ. 1902 2. ઈ.સ. 1903

3. ઈ.સ. 1904 4. ઈ.સ. 1905

32. સુરતમાં કોંગ્રેસ અધિવેશન ક્યારે મળ્યું હતું. ?

1. ઈ.સ. 1907 2. ઈ.સ. 1908

3. ઈ.સ. 1909 4. ઈ.સ. 1910

33. સ્વદેશી વસ્તુ સરંક્ષક મંડળની સ્થાપના ક્યારે થઈ હતી. ?

1. ઈ.સ. 1901 2. ઈ.સ. 1902

3. ઈ.સ. 1903 4. ઈ.સ. 1904

34. શ્યામજીકૃષ્ણ વર્માએ કયું સામાયિક શરુ કર્યું હતું.?

1. ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ 2. બુદ્ધિ પ્રકાશ

3. સ્ત્રીબોધ 4. દાંડિયો

35. માદામ કામાએ કયું સામાયિક શરુ કર્યું હતું.?

1. વંદે માતરમ 2. ઈન્ડીયન સોશિયોલોજિસ્ટ

3. સ્ત્રીબોધ 4. દાંડિયો

36. પેરીસ અને લંડનમાં રહીને ક્યાં ગુજરાતીએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી હતી. ?

1. સરદારસિંહ રાણા 2. મદનલાલ ઢીંગરા

3. મોહનલાલ પંડ્યા 4. માદામ કામા

## 8.4 સારાંશ

આમ, ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના ઉદયમા ઉપરોક્ત જોયા તે મુજબ અનેક પરિબળો અને ઘટનાઓના કારણે જાગૃતિ આવી. ગુજરાતમાં રાજકીય જાગૃતિમાં સાહિત્યની રચના, સાહિત્યકારોના વિવિધ પ્રયત્નો, સમાજસુધારણા માટેની

*વિવિધ લોકો અને સંસ્થાઓના પ્રયત્નો થકી લોકોમાં રાષ્ટ્રીય ચેતના લાવવામાં મદદરૂપ થયા.વર્તમાન પત્રો અને સામયિકોની ભૂમિકા પણ મહત્ત્વની રહી. જેની અસર લોકો પર થઈ. વિવિધ લખાણો, સમાજને સ્પર્શતા વિવિધ મુદ્દાઓની ચર્ચા દ્વારા લોકોના વિચારોમાં પરિવર્તન લાવી શક્યા. આર્થિક પરિસ્થિતિમાં અંગ્રેજ સરકારે વિવિધ પ્રકારે મહેસુલ ઉઘરાવી આર્થિક શોષણ કરતા. તેના કારણે પ્રજા ત્રાસી ગઈ હતી. કોંગ્રેસે પ્રારંભિક પ્રવૃત્તિઓમાં પણ રાષ્ટ્રીય જાગૃતિ માટેના પ્રયત્નો થયા તથા વિવિધ પરિબળોના કારણે ગુજરાતમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદનો ઉદય થયો.*

## 8.5 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **એકેશ્વરવાદ** | *ઈશ્વર એક જ છે એવો મત* |
| **હસ્તપ્રત** | *હાથથી લખેલી પ્રત, પાંડુલિપિ* |
| **સ્વદેશી** | *પોતાના દેશનું, સ્વદેશમાં થયેલું* |
| **રૈયત** | *જનતા, લોક* |

## 8.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (1) *ઈ.સ.*1864 2. (3)*સત્યપ્રકાશ* 3. (4) *ઈ.સ.* 1858 4. (1)*મહિપતરામ રૂપરામ* 5. (3) *નર્મદ* 6. (1) *ઈ.સ.*1913 7. (4) *ગુજરાત કેળવણી મંડળ* 8. (2) *માનવધર્મ સભા* 9.(1) *ઈ.સ.*1844 10.(2) *માનવધર્મ સભા* 11.(1)*ઈ.સ.*1848 12.(3) *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી* 13.(2) *અમદાવાદ* 14. (1) *ઈ.સ.*1875 15.(1) *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી* 16.(2) *ઈ.સ.* 1850 17. (1) *ઈ.સ.*1860 18. (2) *હિતેચ્છુપત્ર* 19. (1) *રાસ્ત ગોફ્તાર* 20.(1) *ઈ.સ.*1837 21.(1) *રણછોડલાલ છોટાલાલ* 22. (1) *ઈ.સ.*1860 23.(2) *ઈ.સ.* 1844 24. (1)*સુરત* 25.(2)*ઈ.સ.*1848 26.(1)*ઈ.સ.*1860 27.(3) *ઈ.સ.*1876 28. (1)*અમદાવાદ* 29.(3)*ઈ.સ.*1878 30. (1) *ઈ.સ.*1884 31.(1) *ઈ.સ.*1902 32. (1) *ઈ.સ.*1907 33.(3) *ઈ.સ.*1903 34. (1) *ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ* 35.(1) *વંદેમાતરમ* 36.(1) *સરદારસિંહ રાણા*

**સ્વાધ્યાય :**

1. *રાજકીય જાગૃતિમાં સાહિત્યના પ્રદાન વિશેની યાદી તૈયાર કરો.*
2. *રાજકીય જાગૃતિમાં સાહિત્યકારોનાનામની યાદી તૈયાર કરો.*
3. *સામાજિક અને ધાર્મિક સુધારણાના પ્રયત્નો વિશેનોંધ તૈયાર કરો.*
4. *રાજકીય જાગૃતિમાં પ્રદાન આપેલ સમાચાર પત્રોની યાદી કરો.*
5. *ગુજરાતમાં યોજાયેલ કોંગ્રેસના અધિવેશનો વિશેનોંધ લખો.*
6. *ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશેનોંધ લખો.*
7. *વિદેશમાં ગુજરાતી ક્રાંતિકારીઓની યાદી તૈયાર કરો.*

## 8.6 સંદર્ભ સૂચિ


1. *ધારિયા, રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ*-1 (1885 -1919), *યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*-1973, *સાતમી આવૃત્તિ* - 2014.
2. *દેસાઈ અક્ષયકુમાર આર., ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1973.
3. *શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ અને પરીખ પ્રવિણચંદ્ર ચીમનલાલ (સંપાદકો), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ, (ઈ.સ.*1914 *સુધીનો), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
4. *પારેખ સ્વ. હીરાલાલ ત્રિભોવનદાસ (મૂળ લેખક). સંપાદક- પારેખ મધુસુદન, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ,* 1976.
5. *કાદરી રીઝવાન, હિન્દી રાષ્ટ્રીય મહાસભા અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતર – ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનો ઉદય અને વિકાસ,* 1885-1922, *પશ્વ પબ્લિકેશન, અમદાવાદ,* 2001.
6. *રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*- 1974, *બીજી આવૃત્તિ*- 1998.
7. *દેસાઈ શાંતિલાલ મ., રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*- 1972, *બીજી આવૃત્તિ*- 1994.
8. *સૂરત ઈતિહાસ દર્શન ભાગ*-2 (*ઈ.સ.*1801*થી ઈ.સ.* 1947), *સૂરત નગરપાલિકા,* 2004.

# એકમ : 9 ગુજરાતમાં સ્વતંત્રતા આંદોલન ઈ.સ.1857 થી 1920

:: રૂપરેખા::

**9.0 ઉદ્દેશ્યો**
**9.1 પ્રસ્તાવના**
**9.1 સુરતમાં આવકવેરા વિરોધી આંદોલન – 1860**
**9.2 સુરતમાં લાયસન્સ વિરોધી આંદોલન – 1878**
**9.3 ભરૂચમાં તળાવિયાઓનું બંડ – 1885**
**9.4 ખંભાતનો બળવો - 1890**
**9.5 સ્વદેશી ચળવળ અને ગુજરાત**
**9.6 હોમરુલ ચળવળ**
**9.7 વિરમગામની જકાતબારી**
**9.8 મિલ મજૂર આંદોલન- 1918**
**9.9 ખેડા સત્યાગ્રહ – 1917-18**
- **તમારી પ્રગતિ ચકાસો**

**9.10 સારાંશ**
**9.11 ચાવીરૂપ શબ્દો**
**9.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**9.13 સ્વાધ્યાય**
**9.14 સંદર્ભ સૂચિ**

## 9.0 ઉદ્દેશ્યો

*આ એકમના ઉદ્દેશ્યમાં ગુજરાતમાં સ્વતંત્રતા આંદોલન ઈ.સ.1857 થી 1920નો અભ્યાસ કરવાનો છે. જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે.*

- *ગુજરાતમાં થયેલ સ્વતંત્રતા સંગ્રામના આંદોલનના કારણોની સમજ કેળવાશે.*
- *સુરતના આવકવેરા આંદોલન વિશે માહિતી પ્રાપ્ત કરશે.*
- *મિલ મજૂર આંદોલન વિશે જાણકારી પ્રાપ્ત કરશે.*
- *ગુજરાતમાં થયેલ આંદોલનની રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેની ભૂમિકા સ્પષ્ટ કરશે.*

## 9.1 પ્રસ્તાવના

*ભારતમાં વિવિધ પ્રકારે અંગ્રેજોના આર્થિક શોષણ તથા અત્યાચારો વધી ગયા હતા. તેના કારણે તેમની ગુલામી અને શોષણનો અનુભવ તો તેમને હવે થવાનો હતો. 1757 થી 1857ના પુરા સો વર્ષમાં અંગ્રેજોએ ભારતને પાયમાલ કરી નાખ્યું. ઉદ્યોગ ધંધા પડી ભાંગ્યા. કે બંધ થયા. આર્થિક રીતે ભારતને પાયમાલ કરી તેની સાંસ્કૃતિક અને સામાજિક ધરોહરને તોડી નાંખી. મૂળ તો વ્યાપારી પ્રજાને કારણે અંગ્રેજોએ સમગ્ર ભારતની વહીવટી જવાબદારી ન લેવા કુશળતાથી આ જવાબદારી સ્થાનિક રાજા રજવાડાઓને પોતાના ખંડિયા રાજા બનાવીને તેમની ઉપર સોપી દીધી. આમ, આ મુઠ્ઠીભર અંગ્રેજ લોકો સમગ્ર ભારત પર રાજ કરવા માંડ્યા. અને ભારતીય પ્રજાને જ સ્થાનિક પ્રજાની સામે ધરીને નિરાંતે વહીવટ કરવા માંડ્યા. જ્યા અંગ્રેજોની સીધી સતા હતી ત્યાં પણ જેવા અમલદાર એવો રાજ્ય વહીવટ કાયદાના બંધન હોવા છતાં કેટલાક અંગ્રેજ અમલદારોની તુમાખી અને તિરસ્કાર પ્રજાને અકળાવનારી હતી. અને આજ અકળામણ અને અસંતોષમાંથી જ સ્વમાન સાચવવા અને અન્યાયી કરવેરા સામે વિરોધ કરવા લોકોએ પ્રયત્નો કર્યા. જેમાં સૌથી પહેલો લોકોનો સામુહિક અસંતોષનો અનુભવ એટલે ઈ.સ. 1857નો પહેલો સ્વાતંત્ર્ય સંગ્રામ. હા તેની ઘણી બધી નબળાઈઓ જેવી કે નેતાગીરીનો અભાવ, આયોજનમાં ખામી, ઉત્તમ સાધનોનો અભાવ ને કારણે તેમાં નિષ્ફળતા મળી પરંતુ પ્રજાની આ સ્વાધીનતાની ઝંખનાના કારણે જ તેમાંથી રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ. ગુજરાતમાં પણ આ આઝાદીના નારા ને બુલંદ કરતી કેટલીક મહાત્મા ગાંધી કે જે મિ.ગાંધી તરીકે હજુ તો દક્ષિણ આફ્રિકામાં કાળા ગોરાના ભેદ માટેના આંદોલનો ચલાવતા હતા. તેના પહેલા પણ સુરતમાં આવકવેરા વિરોધી આંદોલન, લાયસન્સ વિરોધી આંદોલનો થયા. અને તેમાં અંગ્રેજ સરકારને નમતું જોખવું પડ્યું. તો સાથે સાથે ભરૂચના તળાવિયાઓનું બંડ, ખંભાતનો બળવો જેવા બંડો પણ થયા. તે પણ આજ રાષ્ટ્રીય જાગૃતિની ભાવનાના કેટલાક ઉદાહરણો હતા. તો મહાત્મા ગાંધી ઈ.સ. 1915મા ભારત આવ્યા અને પોતાના રાજકીય ગુરુની સલાહ પછી ભારતના પરિભ્રમણ પછી છેવાડાના લોકો સાથે સંબંધ જોડી આ લોકોના શોષણ સામે તેમણે વિરમગામ લાઈનદોરીના નામે જકાત આકારણી સામે લડતના પગરણ કર્યા. જે છેક ભારત આઝાદ થયું ત્યાં સુધી આવી લડતો ચલાવતા રહ્યા. અમદાવાદનો સાબરમતી આશ્રમ એ સ્વાધીનતા સંગ્રામનો કેન્દ્ર બિંદુ રહ્યો. આ યુનિટમાં ગુજરાતમા ગાંધીના આગમન પહેલા અને ગાંધીના આગમન પછીના ગુજરાતમાં વિવિધ સ્વાતંત્ર્ય સંગ્રામના આંદોલન થયા તેના વિશે વિસ્તૃત ચર્ચા આ પ્રમાણે છે.*

## 9.1 સુરતમાં આવકવેરા -વિરોધી આંદોલન- 1860

*સુરતમાં આવકવેરા વિરોધી આંદોલન થયું તેના પહેલા પણ બે વાર મહત્ત્વના આંદોલન સુરતમાં થયા હતા. એક મીઠા વેરા વિરોધ આંદોલન 1844 માં અને નવા*

*તોલમાપનો વિરોધ 1848માં જે મહત્ત્વની ઘટનાઓ હતી. તેના પછી સુરતમાં 29 મી નવેમબર 1860 ના રોજ આવકવેરા સંદર્ભે સુરતના લોકોએ સરકાર સામે આંદોલન કર્યું હતું. આ અંદોલનનો પ્રારંભ સુરતના બુરહાનપુર ભાગોળથી અને એ વિસ્તારના મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ આવકવેરા પત્રક નહિ ભરવાનું એલાન કર્યું. અને જયા સુધી આવકવેરા પાછો ખેંચી લેવામાં નહિ આવે ત્યા સુધી દુકાનો બંધ રાખી હડતાલ પાડવાની જાહેરાત કરી હતી. ત્યાંથી આવકવેરા આંદોલનનો પ્રારંભ થયો. સુરતમાં અસંતોષ વ્યાપક ન બને તે માટે સરકારે પોલીસની વ્યવસ્થા કરી તેમાં ઘોડે સવાર અને પાયદળનો સમાવેશ થતો હતો. સરકારનો આશય એ તોફાનકારોમાં ભય બતાવી અસંતોષના આંદોલનને નિષ્ફળ બનાવવાનો હતો. પરંતુ સરકારના આ પ્રકારના પગલાથી બજારમાં વિશેષ ઉતેજના ફેલાઈ લોકો વધુને વધુ ભેગા થતા ગયા. સરકારનું દમન છતાં દુકાનો બંધ રહી અને સરકારે દુકાનો બંધ રાખનારને વેપારીઓને ધરપકડ શરુ કરી. 30 જેટલા વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી. અને મેજીસ્ટ્રેટની કસ્ટડીમાં લઈ જવાયા. સરકારે ટોળાને વિખેરવા માટે હુકમ કર્યો. પરંતુ તે લોકો વિખેરાયા નહિ અને પોલીસે લાઠીમાર શરુ કર્યો. પરિણામે થોડીવારમાં બજારમાં સુમસામ થઈ ગયું. ધરપકડ કરનાર 30 જેટલા દુકાનદારોમાંથી પાંચને છોડી મુકવામાં આવ્યા. તેમાં એકને 50 નો દંડ કરવામાં આવ્યા. અને 24 વ્યક્તિઓને છ માસની સખત કેદની સજા ફરમાવી. સુરતમાં બનેલી આ ઘટનાને અખબારોમાં પ્રચાર થયો. તેમાં બોમ્બે ટાઈમ્સમાં સુરતની ઘટનાની ટીકા થઈ. આ સુરતનું આવકવેરા વિરોધી આંદોલન પણ ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામના આંદોલનમાં મહત્ત્વનું આંદોલન હતું.*

## 9.2 સુરતમાં લાયસન્સ વિરોધી આંદોલન – 1878

*સુરતમાં 1878માં લાયન્સસ ટેક્સ વિરોધી આંદોલન થયું હતું. તેમાં સરકારે 1878માં લાયસન્સ ટેક્સ નામનો નવો કર નાખ્યો હતો. તેમાં દેશના મોટા ભાગના વિસ્તારમાં દુકાળને લીધે તારાજી સર્જાઈ હતી. અને એમાં સરકારને થયેલા ખર્ચને પહોંચી વળવા સરકારે આ વેરો નાખ્યો હતો. આ વેરાનો વિરોધ કરવા સુરતમાં લાયસન્સ ટેક્સ વિરોધ આંદોલનનો આરંભ 17મી માર્ચ થી થયો હતો. સુરતના વેપારીઓ ભેગા થઈ પાંચ દિવસ સુધી શાંત હડતાલ પાડી હતી. સુરતના વેપારીઓ તરફથી 1878ની 1લી એપ્રિલથી હડતાલનું એલાન અપાયું. જેથી ચાર દિવસ હડતાલ ચાલુ રહી. શહેરની દુકાનો અને ધંધા બંધ રહ્યા. 4થી એ શહેરના લોકો વિશાળ મેદાનમાં એકત્ર થયા. ત્યારે કલેકટરે કહ્યું પહેલા દુકાનો ખોલો પછી અરજી આપો તો સરકાર તેના પર વિચારણા કરશે. પણ આ જવાબથી સંતોષ થયો નહિ. લોકો 2જી એપ્રિલે જાફરઅલી મિલ પર અને બીજા કારખાના અને રેલવ બંધ કરાવવાના પ્રયાસો થયા. પોલીસોએ લોકોને રેલવે સ્ટેશન વગેરે સ્થળેથી સમજાવીને પાછા વાળ્યા. ૫મી એપ્રિલે વાતાવરણ તંગ બન્યું. સરકારે સખતાઈ બતાવી. હડતાલમાં ભાગ લેનારા તથા અન્ય લોકો પર દમનનીતિ આચરવામાં આવી. ગોળીબાર કરવામાં આવતા ત્રણ જણા માર્યા ગયા. બે જણા ઘાયલ થયા. આખરે આંદોલનને*

*સખતાઈથી દાબી દેતા, ટોળા વિખેરાયા મોટાભાગની દુકાનો ખુલી ગઈ પછી ભાગલેનારાઓને પકડી એમના પર કામ ચલાવી જુદા જુદા પ્રકારની શિક્ષાઓ કરવામાં આવી. શિક્ષાત્મક પગલા તરીકે સુરત શહેરના લોકોના ખર્ચે પાંચ વર્ષ સુધી વધારાનો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો. અને અંતે 1886માં લાયસન્સ ટેક્સને આવકવેરામાં ફેરવવામાં આવ્યો.*

## 9.3 ભરૂચમાં તળાવિયાઓનું બંડ – 1885

*ભો.જે.વિદ્યાભવન દ્વારા પ્રકાશિત ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ 8 બ્રિટિશકાળમાં ઉલ્લેખ કર્યા મુજબ અંગ્રેજ સરકારે વિવિધ પ્રયત્નો કરેલા તેમાં ભરૂચમાં તળાવિયાઓ જે પંચમહાલમાં ભીલોને મળતા આવતા. આદિવાસી જાતિના લોકોને સુધારવા અને એમને ખેતી વ્યવસાયમાં જોડવા માટેના પ્રયત્નો કરેલા. અંગ્રેજોએ ખરાબાની જમીનને વિકસાવવા માટે નાણાં ખર્ચ પણ કરેલો. પરંતુ તળાવિયા લોકોની મૂળભૂત પ્રકૃતિમાં ફેરફાર ન થયો. તેમાં લખા ભગત અને બીજો એક ભગતે ભેગા મળીને લોકો વચ્ચે એવી વાત વહેતી મૂકી કે માતાએ તેઓને અલગ રાજ્ય સ્થાપવા વચન આપ્યું છે. તેમાંથી એક જૂથ રચાયું. એટલે કે બે ભગતોની આગેવાની હેઠળ ભરૂચના કલેકટર વિલિયમ એલનને મળવા ગયા. પરંતુ કલેકટર મળ્યા નહિ. પરંતુ તેઓ શહેર તરફ આગળ જવા નીકળ્યા. ત્યારે રસ્તામાં બી.બી.એન્ડ સી.આઈ રેલવે નો પોલીસ સુપ્રિટેન્ડન્ટ ડબલ્યુ બી. પ્રેસ્કોટ પોતાની ગાડીમાં બેસી શહેરમાં પાછો ફરતો હતો. તે આ ટોળા પાછળ આવી પહોચ્યો. પોતાને જવા માટે રસ્તો કરી આપવા માટે તે ગમે તેમ બોલવાનું શરુ કર્યું. એટલે ટોળું વિફર્યું. અને એના પર તૂટી પડ્યું. તેને માર માર્યો અને ટોળું આગળ ગયું. ટોળાએ નજીકમાં આવેલી પોલીસ ચોકી લુંટી. ચોકીના હથિયાર છીનવી લીધા ત્યારબાદ પોલીસ અને તળાવિયાઓ વચ્ચે સંઘર્ષ થયો તેમાં ગોળીબાર થયો. તેમાં પાંચ તળાવિયા મૃત્યુ પામ્યા અને કેટલાક ઘવાયા. પોલીસે બીજીવાર ગોળીબાર કરતા તળાવિયાઓ ત્યાથી નાસી ગયા. કેટલાક લોકોને પોલીસે પકડી લીધા અને લખા ભગત તેમજ બીજા ભગતને ફાંસીની સજા ગુનાવાળી જગ્યાએ જ આપવામાં આવી. બાકીના લોકોને હદપારની કે કેદની સજા આપવામાં આવી. ભરૂચના તળાવિયાઓનું બંડ પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ફાળો રહેલો છે.*

## 9.4 ખંભાતનો બળવો- 1890

*ગુજરાતમાં નાના મોટા અનેક બળવાઓ થયા તેમાં ખંભાતનો 1890નો બળવો પણ મહત્ત્વનો છે. ખંભાતના બળવાની બાબતમાં જોઈએ તો જયારે 1890માં ખંભાતમાં બ્રિટિશ મુલક પ્રમાણે મહેસૂલમાં સુધારો થવાની ખેડૂતોને આશા હતી. પણ રાજ્યે રૈયતવારી પદ્ધતિ દાખલ ન કરી. અને ઉલટું મહેસૂલનો દર વધાર્યો. લોકોમાં આ દર વધાર્યો એના કારણે તીવ્ર અસંતોષ ફેલાયો અને દીવાનના પગલા સામે બળવો કર્યો. અમદાવાદથી લશ્કરી ટુકડી બોલાવીને તે દબાવી દેવાયો. આ બનાવ હતો તે 1890માં બન્યો હતો. ખંભાતમાં બળવાખોરોએ ઘેરો ઘાલ્યો હતો. એટલે કે ખંભાતનો બળવો પણ*

*આઝાદીની લડત માટે એક મહત્ત્વના બળવા તરીકે નોંધાય છે.*

## 9.5 સ્વદેશી ચળવળ અને ગુજરાત

*વીસમી સદીના પ્રારંભમાં લોર્ડ કર્ઝનના જુલમી કારભારે ભારતની લડાયક શક્તિને જાગૃત કરી. કર્ઝનના આવા વલણથી સ્વદેશી ચળવળ વધુ જામી. ગુજરાતે પણ આ ચળવળમાં ભાગ લીધો. સ્વતંત્રતા માટેની જુદી જુદી ચળવળો તો ચાલતી હતી. તેમાં પણ ગુજરાતની ભૂમિકા મહત્ત્વની રહી હતી. જ્યારે અમદાવાદમાં 'સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળી' ની 1876માં સ્થાપના કરવામાં આવી હતી. આ મંડળી સ્થાપવાનો ઉદ્દેશ્ય એ હતો કે વધતા જતા કાપડ અને અન્ય ઉદ્યોગને ટેકો આપવાને માટે શરૂઆત કરી હતી. તેમાં ખાસ કરીને અંબાલાલ સાકરલાલ, રણછોડલાલ છોટાલાલ, પ્રેમાભાઈ હેમાભાઈ, મણીભાઈ જશભાઈ વગેરે લોકોએ આગેવાની લીધી હતી. તે સમયથી સ્વદેશીને પ્રોત્સાહન આપવા માટેના વિચારોનો પ્રચાર અમદાવાદમાં શરુ થયો હતો. સ્વદેશી ચળવળનું ભેટ નડિયાદ, અમદાવાદ, સુરત અને ભાવનગર જેવા શહેરોમાં વિશેષ હતું. 1906માં અમદાવાદમાં રીચી રોડ પર એક મકાનમાં સ્વદેશી ચળવળ અંગે વિદ્યાર્થીઓની સભા મળી હતી. તેમાં વંદેમાતરમનું રૂપાંતર ગાવામાં આવ્યું હતું. તેમાં જીવનલાલ દેસાઈ તેમાં ભાષણ કરેલું અને ચળવળ અંગે જરૂરી તમામ મદદ કરવા જણાવેલું. આ સમયમાં વિરમગામ તાલુકાના દેકાવાડા ગામમાં એક સભા ભરાઈ હતી. એજ રીતે માંડલ ગામમાં પણ સભા ભરાઈ. આ સભામાં કેટલીક બાબતો પર ભાર મુકવામાં આવ્યો હતો. તેમાં સ્વદેશી ખાંડ વાપરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ સભાઓમાં વણિકોએ પણ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્વદેશી ચળવળ બંગાળમાં શરુ થઈ અને પછી દેશભરમાં વ્યાપી. તેમાં ગુજરાતનું પ્રદાન મહત્ત્વન રહ્યું. સ્વદેશીની પ્રવૃત્તિથી ગુજરાતમાં દેશી ઉદ્યોગોનો પ્રારંભ અને વિકાસ થવા માંડ્યો. ત્યારથી શરુ થઈ ગઈ હતી. જ્યારે 1905માં દેશભરમાં સ્વદેશી ચળવળ ચાલી તેમ કાપડથી માંડી કેસર સુધીની ચીજો સ્વદેશી વાપરવી એવો પ્રચાર સારી રીતે થયો. સુરતમાં રેશમના વેપારીઓએ પણ ભાગ લીધો. વડોદરા અને સંખેડામાં તાલુકામાં સ્વદેશી વસ્તુઓ ખાસ કરીને દેશી ખાંડ વાપરવાના ઠરાવો થયા હતા. સ્વદેશીની ચળવળ સુરત, પંચમહાલ, નડિયાદ, ભાવનગર, અમદાવાદ વગેરે શહેરોમાં સ્વદેશીનું પ્રચાર પ્રસારનું કાર્ય થયું હતું. સાથે સાથે ગામડાઓમાં પણ તેનો પ્રચાર વધ્યો હતો. શાંતિલાલ દેસાઈ લિખિત પુસ્તક 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત'માં જણાવ્યા પ્રમાણે ગુજરાતની રાજકીય અસ્મિતાની જાગૃતિનો આ કાળ હતો. એટલે સ્વદેશી ચળવળ સાથે પ્રજાકીય કેળવણી સંસ્થાઓ સ્થાપવાની સ્વદેશીના વિચાર અને વ્રતનો પ્રચાર કરવાની, હુન્નર ઉદ્યોગ અને વિજ્ઞાનના શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિઓ સાંકળવામાં આવી હતી. સુરત અને અમદાવાદમાં મહિલા વિદ્યાલયો શરુ થયા. ચરોતર એજ્યુકેશન સોસાયટીની સ્થાપના થઈ. તથા સુરતમાં કોલેજ વગેરે પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો. શિવપ્રસાદ રાજગોર કૃત 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' માં ઉલ્લેખ પ્રમાણે સ્વદેશી ચળવળના અમદાવાદના અગ્રણીઓમાં કૃપાશંકર પંડિત મુખ્ય હતા. સ્વદેશીમિત્ર મંડળની*

*સ્થાપનામાં દી.બા.અંબાલાલ, નગીનદાસ સંઘવી, ડૉ.હરિપ્રસાદ દેસાઈ, પ્રો.જેઠાલાલ સ્વામિ નારાયણ, મગનભાઈ ચતુરભાઈ બેરિસ્ટર, પ્રિતમરાય વ્રજરાય વગેરે મુખ્ય હતા. આ સંસ્થા પોળે પોળે ફરીને સ્વદેશી કિર્તનો યોજતી હતી. પ્રેમાભાઈ હોલમાં સભાઓ યોજાતી. કવિ નર્મદાશંકર, હરીલાલ ધ્રુવ વગેરેના રાષ્ટ્રપ્રેમ જગવતા ગીતો ગવાતા હતા. આવી જ રીતે ભાવનગરમાં સ્વદેશી માલ વાપરવાની ઝુંબેશ કરનાર ભીખાભાઈ વકીલ, ગુલાબરાય વકીલ, ચંદ્રશંકર દવે, રેવાશંકર પંડયા હતા. ઘોઘાને દરવાજે દશા શ્રીમાળીના વંડામાં વારંવાર વ્યાખ્યાનો યોજાતા હતા. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ફરીને વ્યાખ્યાનો અને ગીતો દ્વારા લોકોમાં જાગૃતિ લાવી હતી. સ્વદેશી ચળવળ જયારે 1905માં બંગાળના ભાગલાના કારણે શરુ થયેલી તેની અસર સમગ્ર દેશમાં થઈ. તેમાં ગુજરાતમાં સ્વદેશી ચળવળ દરમ્યાન ઉપરોક્ત પ્રવૃત્તિઓ થઈ હતી. અને ગુજરાતે સ્વદેશી ચળવળ દરમ્યાન કરેલી પ્રવૃત્તિઓ રાષ્ટ્રની ચેતના જાગૃતતા માટે પણ મહત્ત્વનું ગણી શકાય. કારણ કે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતની ભૂમિકા અગ્રેસર રહી હતી. સ્વદેશીની ભાવનાની પાછળ સ્વાભિમાન અને આત્મગૌરવ પણ સમાયેલા હતા. આ સમય દરમ્યાન સ્વદેશી ઉદ્યોગોને પણ સારા પ્રમાણમાં ઉતેજન મળ્યું. આ સ્વદેશી ચળવળ દરમ્યાન થયેલા બહિષ્કારની અંગ્રેજી વેપાર પર વિનાશક અસર થઈ હતી.*

## 9.6 હોમરુલ ચળવળ

*હોમરુલ ચળવળ એટલે હિંદીઓ પોતાનું રાજ પોતે કરે તેવું સ્વરાજ પ્રાપ્ત કરવાની ચળવળ એવો અર્થ થાય. આ ચળવળ એ હિન્દ સ્વરાજ્યની ચળવળ હતી. એની બેસન્ટે ૨૫મી સપ્ટેમ્બર 1915માં મુંબઈમાં મળેલ રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં હોમરુલ લીગ ની સ્થાપના માટેનો ઠરાવ મુક્યો. પરંતુ અધિવેશનમાં પ્રમુખ સર સત્યેન્દ્ર સિંહાએ મહાસભાના ચાલુ બંધારણ મુજબ તેનું ધ્યેય સુધારા દ્વારા માત્ર જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનું હોઈને ડૉ.બેસન્ટના આ ઠરાવને કાનૂન બહાર ઠરાવ્યો. ડૉ.એની બેસન્ટે મહાસભાથી અલગ એવી સ્વતંત્ર લીગની રચના કરવાનો નિર્ણય લીધો. ડૉ. બેસન્ટે સપ્ટેમ્બર 1916માં વિધિસર રીતે હોમરુલ લીગની સ્થાપના કરી. બીજી તરફ તિલક મહારાજે 1915માં મુંબઈમાં રાષ્ટ્રવાદી નેતાઓની પરિષદ ભરી. અને 1916માં 'હોમરુલલીગ' ની સ્થાપના કરી. તિલક મહારાજે 28 એપ્રિલ 1916ના રોજ હોમરુલ લીગની સ્થાપના કરી હતી. તેના પ્રમુખ તરીકે જોસેફ બેરિસ્ટર, મંત્રી તરીકે એન.સી.કેલકર તથા સભ્યો તરીકે જી.એસ.ખાપડે, બી.એસ.મુંજે અને આર.પી.કરંડીકરણની વરણી થઈ. ગુજરાતમાં હોમરુલ લીગનું કાર્ય મુંબઈના ગુજરાતી નેતાઓ જેવા કે ઉમર સોબાની, જમનાદાસ દ્વારકાદાસ, મનસુખભાઈ માસ્તર, મહમદ અલી ઝીણા, કનૈયાલાલ મુનશી વગેરેએ ઉપાડી લીધું. આ ચળવળ માટે ગુજરાતમાં અનેકવાર મુલાકાત લીધી. ગુજરાતમાં હોમરુલ ચળવળમાં ખાસ કરીને ગુર્જરસભાના ચંદ્રશંકર પંડ્યા, બેરિસ્ટર નૃસિંહ વિભાકર, કનૈયાલાલ મુનશી, મનસુખભાઈ માસ્તર વગેરેએ ગુજરાતમાં આંદોલનોને આગળ ધપાવ્યું હતું. આ આંદોલન અંગે સુરત,*

*અબ્રામા, કછોલી, જંબુસર, ભરુચ, આમોદ, નડિયાદ, આણંદ, ઉમરેઠ, ચિખોદરા, ચકલાસી, ગોધરા, દાહોદ વગેરે સ્થળોએ અનેક સભાઓ થઈ હતી. અમદાવાદમાં દસ હજાર માણસોની ગાંધીજીના પ્રમુખપણા નીચે એકત્ર થયા હતા. એની બેસન્ટની ધરપકડના વિરોધમાં ભરાયેલી સભામાં ડૉ.હરિપ્રસાદ દેસાઈ, મગનભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, અનસુયાબેન વગેરે જોશીલા ભાષણો કર્યા હતા. 1917માં એની બેસન્ટ કોંગ્રેસના પ્રમુખ બન્યા. લોકમાન્ય તિલકે હોમરુલ આંદોલનની સફળતા માટે સત્યાગ્રહનો માર્ગ અપનાવવાની કરેલી રજુઆતને પછીથી ગાંધીજી રાષ્ટ્રીય લડતોનો પાયો નાખ્યો હોવાનું કહી શકાય. આમ, 1916 થી 1918-19 ના વર્ષોમાં હોમરુલ ચળવળે દેશમાં અને ગુજરાતમાં જાગૃતિ લાવવાનું અને સ્વરાજ્યની લડત માટે લોકોને તૈયાર કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું.*

## 9.7 **વિરમગામની જકાતબારી**

*ગાંધીજીએ ગુજરાતમાં પ્રથમ સત્યાગ્રહની શરૂઆત વિરમગામની જકાતબારીથી કરી. ગાંધીજીનું 1915માં દેશમાં આગમન થયું. ગુજરાતમાં સ્થાનિક સત્યાગ્રહો ઘણા બધા થયા તેમાં ગાંધીજી જ્યારે 1915માં દક્ષિણ આફ્રિકાથી મુંબઈ આવ્યા ત્યાંથી ગોપાલકૃષ્ણ ગોખલેના કહેવાથી તેણે પુણે ગયા. ત્યાંથી શાંતિનિકેતન જવાના હતા. ત્યાં જતા પહેલા એમણે રાજકોટ અને પોરબંદર જવા રેલવે માર્ગે નીકળ્યા. માર્ગમાં વઢવાણ સ્ટેશને પ્રજાસેવક તરીકે ઓળખાતા મોતીલાલ દરજીએ ગાંધીજીને વિરમગામની લાઈનદોરી (જકાત-તપાસણી) અને એને અંગે થતી લોકોની મુશ્કેલીઓ વિશે વાત કરી. ગાંધીજીને મળી વિરમગામની જકાતબારીનો ત્રાસ દુર કરવા તેમણે વિન્રમતાથી વિરમગામની જકાત અંગે વેઠવી પડતી હાડમારીઓની ફરિયાદો સાંભળી અને કંઈક કરવું એવો એમણે સંકલ્પ કર્યો. ગાંધીજી ગોધરામાં મળેલ ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખ તરીકે 1917માં ચૂંટાતા. તેમણે બેઠકમાં વિરમગામની લાઈનદોરી નાબુદ કરાવવા ઠરાવ કર્યો. ગાંધીજી સૌ પ્રથમ મુંબઈના ગર્વનરને મળીને કેસની વિગત સમજાવી. પરંતુ આ પ્રશ્ન મધ્યસ્થ સરકારના જકાત અને રેલવે ખાતાને સ્પર્શતો હોઈને ગાંધીજીએ વાઈસરોય લોર્ડ ચેમ્સ ફર્ડને મળવાનો પ્રસંગ આવ્યો. ત્યારે ગાંધીજીએ રૂબરૂ રજૂઆત કરી, ચર્ચા કરી. ટૂંક સમયમાં જ વિરમગામ આગળની જકાત રદ થવાની જાહેરાત સરકારે કરી. અને આ જીત એ સત્યાગ્રહના પાયારૂપ માની. આમ વિરમગામની જકાતબારી ની સમસ્યા દૂર કરવામાં સફળતા મેળવી હતી.*

## **9.8 મિલ મજૂર આંદોલન- 1918**

*સ્વતંત્રતા સંગ્રામના વિવિધ આંદોલનો ગુજરાતમાં થયા તેમાં મિલ મજૂર આંદોલન અમદાવાદમાં થયું હતું. ગાંધીજીએ સત્યાગ્રહનો સફળ પ્રયોગ એટલે અમદાવાદ મિલ મજૂરોની પચ્ચીસ દિવસ ચાલેલી હડતાલ. ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે હિંદને વિવિધ રીતે અને વિવિધ ક્ષેત્રોમાં સત્યાગ્રહનો પ્રત્યક્ષ પરિચય કરાવવાની*

મહેચ્છા લઈને હિંદના કિનારે ઉતર્યા હતા. અમદાવાદ મિલ મજૂરોના પ્રશ્ન માટે જે લડત થઈ તે સત્યાગ્રહની ભાવનાથી લડાઈ હતી. તેને ગાંધીજીના મંત્રી મહાદેવભાઈ દેસાઈએ 'ધર્મયુદ્ધ' તરીકે વર્ણવી છે. પ્રથમ વિશ્વયુદ્ધમાં હિંદને સામેલ કરવામાં આવ્યું હતું. તેથી મોઘવારી ઘણી વધી હતી. મજૂરોને ઓછા પગારે કામ કરવું પડતું હતું. 1917ના ચોમાસામાં અમદાવાદમાં પ્લેગ (મરકી) નો રોગ વધ્યો હતો. તેથી ઘણા મજૂરો ઘણા મજૂરો શહેર છોડીને જતા રહેલા. તે સમયે મજૂરો શહેર છોડી ન જાય તે માટે મિલ માલિકોએ 70 થી 80 ટકા જેટલું પ્લેગ બોનસ આપવામાં આવ્યું. પ્લેગનો ઉપદ્રવ ઓછો થયા પછી તે બંધ કરવાનું વિચાર્યું. આ બંધ કરવાના કારણે મજૂરોમાં પ્રશ્ન ઊભો થયો. તેના કારણે મજૂરોની પગાર વધારાની માંગણી લાંબા સમય થી થતી હતી. આ પ્રશ્નએ મિલમાલિક અંબાલાલ સારાભાઈના મોટા બહેન અનસુયા બહેન ને ગરીબોની સેવા કરવાની ધગશના કારણે પ્રશ્નો સમજ્યા. અનસુયાબેન એ પોતાના સગા ભાઈની જોડે લડવાનું હતું. અનસુયાબહેને ગાંધીજીને તાર કરતા તેઓ અમદાવાદ આવ્યા. અને મજૂરોની લડતનું સુકાન સંભાળી લીધું. ગાંધીજીએ મિલ માલિકો પર યોગ્ય દબાણ લાવવાને બદલે શાંતિ સમાધાનનો માર્ગ શોધવા માંડ્યો. 'સત્યના પ્રયોગો' માં ગાંધીજીએ ઉલ્લેખ કર્યો તે મુજબ ગાંધીજીએ મજૂરોને હડતાલ પાડવાની સલાહ આપી. આ સલાહ આપતા પહેલા મજૂરોના અને મજૂર આગેવાનોના પ્રસંગમાં સારી રીતે આવ્યો. તેમને હડતાલની શરતો સમજાવી. તેમાં શાંતિનો ભંગ ન જ કરવો, જે કામે ચડવા માંગે તેના ઉપર બળજબરી ન કરવી, હડતાલ ગમે તેટલી લંબાય તો એ તેમણે દૃઢ રહેવું. ને પોતાનો પૈસો ખૂટે તો બીજી મજૂરી મેળવી ખાવા જોગ કમાવું. આ શરતો આગેવાનો સમજ્યા અને તેમણે કબુલ રાખી. મજૂરોની જાહેર સભા થઈ. તેમણે ઠરાવ કર્યો કે પોતાની માંગણીઓનો સ્વીકાર ન થાય તથા યોગ્યતા અયોગ્યતાની તપાસ કરવા પંચ ન નિમાય ત્યાં સુધી તેમણે કામ પર ન જવું. ગાંધીજીએ જાહેર કહ્યું કે હડતાલનું સુખદ પરિણામ ન આવે ત્યાં સુધી તેઓ ઉપવાસ કરશે. ગાંધીજીની આ પ્રતિજ્ઞાની જાહેરાત થી મજૂરો પર તત્કાલ જ ભારે અસર થવા પામી. તેઓ સાવધ થઈ ગયા. ફરી મજબુત બનવાના શપથ લેવા લાગ્યા. પરિણામે શેઠિયાઓએ ગાંધીજી સાથે તેમના ઉપવાસ દરમિયાન મસલત ચલાવી. છેવટે તેમણે પંચ નીમવાની વાત સ્વીકારી અને આચાર્ય આનંદશંકર ધ્રુવને પંચ નીમવામાં આવ્યા. તપાસ પંચ નીમવામાં આવ્યું. તેમાં ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, શંકરલાલ બેંકર, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ જગાભાઈ, શેઠ ચંદુલાલ અને પ્રમુખ તરીકે કલેક્ટર હતા. ગાંધીજીએ 35 ટકા મોઘવારી ભથ્થું સૂચવ્યું તો કેટલાક મજૂરો અને આગેવાનોએ 50 ટકાની માંગણી કરી. મિલ માલિકો 20 ટકાથી વધુ આપવા સહમત ન હતા. કટોકટી સર્જાતા મિલ માલિકોએ મજૂરોની માંગણી  ન સ્વીકારી કામબંધી જાહેર કરી. આથી ગાંધીજીએ મજૂરોને હડતાલ પર જવાની સલાહ આપી. હડતાલના એકવીસમાં દિવસે અને ઉપવાસના ચોથા દિવસે એટલે કે 19 માર્ચ 1918ના રોજ પ્રશ્નનો ઉકેલ આનંદશંકર ધ્રુવના એક વ્યક્તિના બનેલા પંચ દ્વારા લાવવા સમજુતી થઈ. પંચે 35 ટકા વધારો વાજબી જાહેર કર્યો. મજૂરોની માંગણી અને મિલ માલિકોનું વલણ બંને

*સચવાય એવી રીતે નક્કી કરી આપી. માલિકોએ મજૂરોને મીઠાઈ વહેંચી. એકવીસ દિવસે સમાધાન થયું. સમાધાન થઇ સમાધાનીનો મેળાવડો થયો. તેમાં માલિકો અને ઉત્તર વિભાગના કમિશનર હાજર હતા. ડૉ.શાંતિલાલ મ. દેસાઈ લિખિત રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત પુસ્તકમાં ઉલ્લેખિત મજૂર ચળવળના સિદ્ધાંતોમાં જોઈએ તો ઝઘડો ઉભો થાય. એટલે બંને પક્ષે વાટાઘાટ કરવી, ઝઘડા દરમ્યાન બંનેએ વાજબી માંગણી નક્કી કરવા પ્રથમ પૂરી તપાસ કરીને જ તે નક્કી કરવી, વાટાઘાટ સફળ ન થાય તો પંચ નીમવા, હડતાલ દરમ્યાન પૂરી શાંતિ જાળવવી યોગ્ય સમાધાન માટેના પ્રયાસ ચાલુ રાખવા વગેરે પાયાના સિદ્ધાંતોનો અમલ થયો. મહાદેવ દેસાઈ એ તેને 'ધર્મયુદ્ધ' તરીકે આ ચળવળને વર્ણવી છે. આ ચળવળ પૂર્ણ થઈ અને પ્રશ્નનું સમાધાન થયું. તેનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે અમદાવાદના મિલમાલિકો અને મજૂરો વચ્ચે જયારે જયારે વિવાદ સર્જાય ત્યારે લવાદ નિમવાની પરંપરા શરુ થઈ.*

*આમ, ગુજરાતના ઈતિહાસમાં અમદાવાદના મિલમજૂરોના પ્રશ્નનો અંત સત્યાગ્રહ દ્વારા થયો. અને લોકોમાં નવી ચેતના જાગી. મહાત્મા ગાંધીજીએ ચળવળનું સુકાન સંભાળી એ માલિકો અને મજૂરો વચ્ચેના લાંબા સમયના પ્રશ્નનો ઉકેલ લાવ્યો. અને અંતે ગાંધીજીની જીત થઈ જે સફળ સત્યાગ્રહ રહ્યો.*

## 9.9 ખેડા સત્યાગ્રહ – 1917-18

*ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ માટે થયેલા રાષ્ટ્રીય આંદોલનમાં ખેડાની લડત એ મહત્ત્વની લડત હતી. ગાંધીજીનું ભારતમાં આગમન થયું તેમાં વિવિધ ઘટનાઓ બની જેવી કે ચંપારણ સત્યાગ્રહ, વિરમગામની જકાતબારી, અમદાવાદના મિલ માલિકો મજૂરોનો પ્રશ્ન અને ખેડા સત્યાગ્રહ થયા. તેમાં ખેડા સત્યાગ્રહએ ખેડા જિલ્લાના ખેડૂતોનો સત્યાગ્રહ હતો. આઝાદીની લડતમાં ખેડા જિલ્લાનું અનેરું મહત્ત્વ રહેલું છે. 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીએ નોંધ્યું છે કે ખેડા જિલ્લાના દુષ્કાળ જેવી સ્થિતિ હોવાથી મહેસૂલ માફ કરાવવાને સારું ખેડાના પાટીદાર મથી રહ્યા હતા. આ બાબતમાં શ્રી અમૃતલાલ ઠક્કરે તપાસ કરી રિપોર્ટ કર્યો હતો. ખેડા સત્યાગ્રહની શરૂઆત થવા પાછળ ઈ.સ.1917માં ખેડા જિલ્લામા વરસાદ વધુ પડ્યો એટલે કે અતિવૃષ્ટિ થઈ. સામાન્ય રીતે જોઈએ તો ખેડા જિલ્લામાં 30 ઈંચ આસપાસ વરસાદ થાય તે સારો વરસાદ કહેવાય. પરંતુ તેને બદલે 1917માં 30 ઈંચ વરસાદને બદલે 70 ઈંચ વરસાદ થયો. એના કારણે ચોમાસું પાક અને ઢોર માટે એ ઘાસચારો નિષ્ફળ ગયો. એટલે લીલો દુકાળ પડ્યો. સરકારની નીતિ અને મહેસૂલી કાયદા મુજબ 25 ટકાથી ઓછો પાક થાય તો સરકારે તે વર્ષ પુરતો મહેસૂલ ઉઘરાવવાનું મોકૂફ રાખવું. આમ છતાં સરકારી અમલદારોએ મોકૂફ રાખ્યું નહિ. ખેડાના ખેડૂતોના આ પ્રશ્ન બાબતે ખેડા જિલ્લાના કઠલાલ ગામના મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ વગેરે ગાંધીજી અને વલ્લભભાઈનું આ બાબતે ધ્યાન ખેંચ્યું. શંકરલાલ દ્વારકાદાસ પરીખે 'ખેડાની લડત' પુસ્તકમાં ઉલ્લેખ કર્યા મુજબ ખેડા જિલ્લામાં સાધારણ રીતે 25 થી 30 ઈંચ વરસાદ પડે છે. પણ 1917માં ચોમાસામાં 70*

*ઈંચ વરસાદ પડ્યો જેના કારણે ચોમાસું પાક નિષ્ફળ નીવડ્યો. આગોતરા વાવેતરવાળાને ડૂંડામા અનાજના કણ ભરાયા પણ વરસાદના સતત વરસવાથી ડુંડા કોહવાઈ ગયા. તેના પછી વરસાદ શરુ રહ્યો. તો કેટલાક ખેડૂતોએ ફરીથી વાવેતર કર્યા પરંતુ વરસાદ લાંબા સમય સુધી શરુ રહેવાના કારણે બીજી વખત વાવેતર પણ નિષ્ફળ ગયું. જ્યારે હોમરુલ લીગની નડિયાદમાં શાખા હતી. તેની મારફત મોટી સંખ્યામાં ખેડૂતોની સહીઓવાળું નિવેદન મુંબઈ સરકારને આપવામાં આવ્યું. અને 22 નવેમ્બર 1917ના રોજ નડિયાદના સંતરામ મંદિરમાં દરબાર ગોપાલદાસ ના પ્રમુખપદે મોટી હાજરીવાળું ખેડૂત સંમેલન મળ્યું. આ સંમેલનમાં મહેસૂલ ઓછું કરી ખેડૂતોને રાહત મળે તે માટે સરકારને રજૂઆત કરી. આ માટે વિઠ્ઠલભાઈ તથા ગોકળભાઈ પારેખ 12 ડિસેમ્બર 1917ના રોજ ખેડૂતોના પ્રશ્નોની જાત તપાસ માટે આવ્યા. આ બંને લોકોએ 15 ડિસેમ્બર 1917ના રોજ કલેકટરને મળીને ચાલુ વર્ષે મહેસૂલ માફ કરવામાં આવે તેવી વાત કરી. ગાંધીજી જ્યારે અમદાવાદ આવેલા હતા ત્યારે ખેડા જિલ્લાના કાર્યકરોએ વાત કરી. તેવા સમયમાં 15મી જાન્યુઆરી 1918ના રોજ શ્રી કૃષ્ણલાલ દેસાઈ અને દાદાસાહેબ માવળંકર કમિશનરને મળ્યા. વિવાદ થયો. તેમ છતાં અધિકારીઓના મહેસૂલ ઉઘરાવવાના જુલમો ચાલુ રહ્યા. ગાંધીજી ખેડા આવી વલ્લભભાઈ તે મારફતે તપાસ કરાવી અને પૂરી ખાતરી થતાં તેમણે સરકાર અને પ્રજાકીય ગૃહસ્થમંડળના બનેલા પંચની માંગણી કરી. અનેક પત્ર લખ્યા અને પછી પૂરતી ચર્ચા વિચારણા કર્યા બાદ સત્યાગ્રહ કરવાનો નિર્ણય લીધો. ગાંધીજીએ સત્યાગ્રહ કરવા ખેડૂતોને કહેવામાં આવ્યું. આ સત્યાગ્રહ માટે ગાંધીજીએ ગુજરાત સભાના સભાસદો, મંત્રીઓ, ખેડા જિલ્લાના કાર્યકર્તાઓની ટુકડીઓ પાડી. આ ટુકડીઓને જુદા જુદા તાલુકાઓના પાકની ચોક્કસ માહિતી ભેગી કરવા મોકલી. આ રીતે ખેડા સત્યાગ્રહની લડતનું પ્રથમ મંડાણ શરુ થયું. ખેડા જિલ્લાના 600 ગામો પૈકી લગભગ 400 જેટલા ગામોમાં પાકની તપાસના આંકડા મેળવવામાં આવ્યા. આ આધારભૂત વિગતો મળ્યા પછી ગાંધીજીને ખાતરી થઈ કે પાક ઓછો ઉતર્યો છે. અને ખેડૂતોની લડત સાચી છે. તેમણે ગર્વનરના ખાનગી મંત્રીને પત્ર દ્વારા જાણ કરી. આમ છતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો. ગાંધીજીના સમજાવટના બધા પ્રયત્નો નિષ્ફળ જતા છેવટે સત્યાગ્રહનો આરંભ કરવામાં આવ્યો.*

*ખેડાની લડતની કેટલીક બાબતોની ચર્ચા કર્યા બાદ વાસ્તવિક સત્યાગ્રહની શરૂઆત 22મી માર્ચ 1918ના રોજ ખેડા જિલ્લાના તમામ ખેડૂતોની એક સભા નડિયાદમાં ભરવામાં આવી. ગાંધીજીએ બધાને ખુલ્લી રીતે સલાહ આપી કે પોતાનું સ્વમાન જાળવવાની ખાતર તેમજ રૈયત જૂઠું બોલતી નથી. તે સાબિત કરવાની ખાતર લોકોએ પોતાની ખુશીથી પૈસા ભરવા નહિ એ જરૂરનું છે. ગુજરાત સભાના કેટલાક સભ્યો અને અમદાવાદ, મુંબઈ વગેરે સ્થળેથી આવેલા લોકો તથા સભાના દરેકને સલાહ આપવી તે મારી ફરજ છે. તેમ જણાવેલું. ભાષણમાં સત્યાગ્રહની અનિવાર્યતા, તે અંગે લેવાની પ્રતિજ્ઞા, જાનમાલનું જોખમ, જેલ જવાની તૈયારી વગેરે બાબતો સમજાવી. તે*

દિવસે 200 જેટલા લોકોએ પ્રતિજ્ઞા પર સહી કરી. અને પ્રતિજ્ઞા લેનારની સંખ્યા પણ વધતી ગઈ. આ લડતમાં દેશભરમાંથી નેતાઓ ખેડા આવી પહોચ્યા. 30 માર્ચ 1918ના રોજ વલ્લભભાઈએ નડિયાદની મોટી સભામાં કહ્યું કે લડતથી આખો દેશ સળગી ઉઠશે, દુઃખ સહન કર્યા વિના સુખ મળતું નથી. પ્રજા સ્વમાની અને નીડર બને. ગાંધીજીના આ ઉદ્દેશથી લડત શરુ થઈ છે. તેમણે લીધેલ પ્રતિજ્ઞા છેવટ સુધી પાળશો તો જિલ્લા કે દેશ ઉપર નહિ સારા વિશ્વ પર મહાન ઉપકાર થશે. સત્યાગ્રહીઓને પ્રોત્સાહન આપવા માટે વિઠ્ઠલભાઈ પટેલ, ઠક્કરબાપા, શેઠ માવજી ગોવિંદજી, શેઠ લક્ષ્મીદાસ લવજી, નારણદાસ પુરુષોતમદાસ વગેરે આવી પહોચ્યા. સુરત થી કલ્યાણજી મહેતા પણ આવી પહોચ્યા. અમદાવાદના ડૉ. હરિપ્રસાદ દેસાઈ મહેમદાવાદ તાલુકામાં ફરીને ખેડૂતોને સત્યાગ્રહનું મહત્ત્વ સમજાવતા હતા. ખેડાની લડત ચાલુ હતી. બીજી તરફ સરકારનો અત્યાચાર સતત વધતો હતો. તેમ છતાં ખેડાની પ્રજાને ગાંધીજી અને વલ્લભભાઈએ તૈયાર કરેલી એટલે સરકારી અત્યાચાર સામે નમી નહિ. સરકાર જે ઢોરો જપ્ત કરતી તેને હરાજ કરતી. પણસોરા ગામમાં બે ખેડૂતોની ભેંસો પકડીને તાલુકા મથક આણંદ લાવ્યા. હરાજીમાં કોઈએ ભાગ ન લીધો સરકારે ભેંસો ખાટકીને વેચવાનો પ્રયત્ન કર્યા. આવી રીતે લોકોને સતત સરકાર હેરાનગતિ કરતી હતી. આ ખેડાના સત્યાગ્રહ સમય દરમ્યાન એક કિસ્સો બન્યો તે હતો ડુંગળીચોરનો આ કિસ્સામાં ખેડૂતોને પ્રોત્સાહન આપવા અંતે અને ખાસ ડરી ગયેલાઓને પ્રોત્સાહન દેવા માટે એક અયોગ્ય રીતે જપ્ત થયેલા ખેતરના તૈયાર થયેલો ડુંગળીનો પાક હતો. તે મોહનલાલ પંડ્યાની આગેવાની નીચે ઉતારવાની ગાંધીજીએ સલાહ આપી. ગાંધીજીની દષ્ટિએ તે કાયદાનો ભંગ થતો નહોતો પણ જો થતો હોય તોય જરા જેટલી મહેસૂલને સારું આખા ઉભા પાકની જપ્તી એ કાયદેસર હોવા છતાં નીતિ વિરુદ્ધ છે ને ચોખ્ખી લૂંટ છે. તેવી રીતે થયેલી જપ્તીનો અનાદર કરવાનો ધર્મ છે. મોહનલાલ પંડયાએ ખેતરની ડુંગળી ઉતારવાનું બીડું ઝડપ્યું. તેમની ધરપકડ પણ થઈ. તેઓ જેલ જઈ આવ્યા પછી લોકોએ તેમનું સ્વાગત કર્યું અને તેમને ડુંગળીચોરની ઉપમા આપી. આમ,ડુંગળીચોર મોહનલાલ પંડ્યા નો જેલમાંથી છુટકારો થયો આ પ્રસંગે દાદાસાહેબ માવળકર, વલ્લભભાઈ પટેલ અને લડતના અનેક આગેવાનોએ હાજરી આપી. સત્યાગ્રહનો અંત આવ્યો.

ખેડાની લડતનો અંત એ રીતે આવ્યો કે નડિયાદ તાલુકાના મામલતદારે જણાવ્યું કે જો સારી સ્થિતિવાળા પાટીદારો મહેસૂલ ભરી આપે તો ગરીબનું મહેસૂલ મુલતવી રહે. આ બાબત ગાંધીજીએ લેખિતમાં કબુલાત માંગી અને મળી. મામલતદાર પોતાના તાલુકાને સારું જ જવાબદારી લીધી. આખા જિલ્લાની જવાબદારી કલેકટર જ લઈ શકે. ગાંધીજીએ કલેકટરને પૂછ્યું તેમનો જવાબ પણ મળ્યો. કલેકટરે એવો હુકમ આપ્યો. તેથી ગાંધીજીએ પ્રતિજ્ઞામા એ જ વસ્તુ હતી તેથી હુકમ થી સંતોષ માન્યો. ખેડાની લડત પરિણામની દષ્ટિએ નહિ પણ સિદ્ધાંતની દષ્ટિએ મહત્ત્વની બની રહી.

*આમ, ખેડા સત્યાગ્રહ દરમ્યાન વિવિધ લોકોની આગેવાની અને માર્ગદર્શન થકી પૂર્ણ થયો. તેમાં ખેડાનો સત્યાગ્રહ થાય તે માટે ખેડૂતોને આંદોલન માટે બળ પૂરું પાડવામાં આવ્યું. ગાંધીજીએ ખેડાની લડતનું સુકાન સંભાળ્યું હતું. આ આંદોલન ગાંધીજીની વિચારસરણી અને લડાઈની પદ્ધતિ હતી. સમાજના વિવિધ વર્ગો વચ્ચે સહકાર અને સહયોગ સાધીને ન્યાય અર્થ વ્યવસ્થાની રચનાના હિમાયતી હતા. ખેડાના સત્યાગ્રહે દેશના સ્વાતંત્ર્ય આંદોલનમાં પણ મહત્ત્વની ભૂમિકા રહી.*

- **તમારી પ્રગતિ ચકાસો**

1. *સુરત આવકવેરા વિરોધી આંદોલન* 1860 *ની ચર્ચા કરો.*

2. *ભરૂચમાં થયેલ તળાવિયાઓના બંડ વિશે નોંધ લખો.*

3. *ખંભાતના બળવા વિશે ચર્ચા કરો.*

4. *સ્વદેશી ચળવળમા ગુજરાતની ભૂમિકા સ્પષ્ટ કરો.*

5. *હોમરુલ ચળવળની ગુજરાતમાં થયેલ પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરો.*

6. *મિલ મજૂરોના આંદોલન વિશે ચર્ચા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

7. *ખેડાની લડત વિશે વિસ્તૃત ચર્ચા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

- **બહુવિકલ્પીય પ્રશ્નો**

1. *સુરતમાં આવકવેરા વિરોધી આંદોલન ક્યારે થયું હતું ?*

1. *ઈ.સ.*1860 2. *ઈ.સ.*1870

3. *ઈ.સ.*1880 4.*ઈ.સ.* 1890

2. *ઈ.સ.* 1860*માં સુરતમાં કયું આંદોલન થયું હતું ?*

1. *મીઠા કર વિરોધી આંદોલન* 2. *આવકવેરા વિરોધી*

3. *લાયસન્સ વિરોધી* 4. *ઉપરનામાંથી કોઈ નહિ*

3. *સુરતમાં લાયસન્સ વિરોધી આંદોલન ક્યારે થયું હતું ?*

1. *ઈ.સ.* 1878 2. *ઈ.સ.* 1879

3. *ઈ.સ.* 1880 4. *ઈ.સ.* 1881

4. *ઈ.સ.* 1878*માં સુરતમાં કયા કારણથી આંદોલન થયું હતું ?*

1. *મીઠા વેરા માટે* 2. *આવકવેરા માટે*

3. *જકાત માટે* 4. *લાયસન્સ માટે*

5. *ભરૂચમાં તળાવિયાઓનું બંડ કયારે થયું હતું ?*

1. *ઈ.સ.*1885 2. *ઈ.સ.* 1886

3. *ઈ.સ.*1887 4. *ઈ.સ.* 1888

6. *ભરૂચમાં તળાવિયાઓના બંડની આગેવાની કોણે કરી હતી ?*

1. *મુળા ભગત* 2. *કોરા ભગત*

3. *જગા ભગત* 4. *લખા ભગત*

7. *ખંભાતનો બળવો ક્યારે થયો હતો ?*

1. *ઈ.સ.* 1890 2. *ઈ.સ.* 1891

3. ઈ.સ. 1892 4. ઈ.સ. 1893

8. સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળની સ્થાપના ક્યા આગળ કરવામાં આવી હતી ?

1. સુરત 2. વડોદરા

3. ભરૂચ 4. અમદાવાદ

9.સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળ ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

1. ઈ.સ. 1875 2. ઈ.સ 1876

3. ઈ.સ. 1877 4. ઈ.સ. 1878

10. એની બેસન્ટે રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં હોમરુલ લીગની સ્થાપના માટેનો ઠરાવ કયારે મુક્યો હતો ?

1. ઈ.સ. 1915 2.ઈ.સ.1916

3. ઈ.સ.1917 4. ઈ.સ. 1918

11.ઈ.સ. 1915નું રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન ક્યા આગળ ભરાયું હતું ?

1. અમદાવાદ 2. સુરત

3. કલકત્તા 4. મુંબઈ

12. તિલક મહારાજે મુંબઈમાં રાષ્ટ્રવાદી નેતાઓની પરિષદ કયારે ભરી હતી ?

1. ઈ.સ.1914 2. ઈ.સ 1915

3. ઈ.સ. 1916 4. ઈ.સ.1917

13. એની બેસન્ટે વિધિસર રીતે હોમરુલ લીગની સ્થાપના કયારે કરી હતી ?

1. સપ્ટેમ્બર 1916 2. ઓક્ટોમ્બર 1916

3. નવેમ્બર 1916 4. ડિસેમ્બર 1916

14. એની બેસન્ટ કોંગ્રેસના પ્રમુખ કયારે બન્યા ?

1. ઈ.સ 1915 2. ઈ.સ. 1916

3. ઈ.સ. 1917 4. ઈ.સ. 1918

15. મિલ મજૂર આંદોલન કયારે થયું હતું ?

1. ઈ.સ. 1915 2. ઈ.સ. 1916

3. ઈ.સ. 1917 4. ઈ.સ. 1818

16. મિલ મજૂર આંદોલનને 'ધર્મયુદ્ધ' તરીકે કોણે ગણાવ્યું ?

1. ગાંધીજી 2. મહાદેવ દેસાઈ

3. કલ્યાણજી મહેતા 4. વલ્લભભાઈ પટેલ

17. નડિયાદના સંતરામ મંદિરે દરબાર ગોપાલદાસ ના પ્રમુખ પદે ખેડૂત સંમેલન ક્યારે મળ્યું હતું ?

1. ઈ.સ. 1917 2. ઈ.સ. 1916

3. ઈ.સ 1918 4. ઈ.સ. 1919

18. 22મી માર્ચ 1918ના રોજ ખેડા જિલ્લાના તમામ ખેડૂતોની સભા કયા આગળ ભરવામાં આવી હતી ?

1. બોરસદ 2. આંકલાવ

3. ખંભાત 4. નડિયાદ

19. ખેડા સત્યાગ્રહ વખતે ડુંગળીચોર નું બિરુદ કોને મળ્યું હતું ?

1. મોહનલાલ પંડ્યા 2. વિઠ્ઠલભાઈ પટેલ

3. કલ્યાણજી મહેતા 4. મહાદેવભાઈ દેસાઈ

20. 30 માર્ચ 1918ની નડિયાદની સભા કોણે સંબોધી હતી ?

1. વિઠ્ઠલભાઈ પટેલ 2. વલ્લભભાઈ પટેલ

3. મહાદેવ દેસાઈ 4. મોહનલાલ પંડ્યા

## 9.10 સારાંશ

આમ, સમગ્ર રીતે ઈ.સ.1857 થી 1920 સુધીના સ્વાતંત્ર્ય આંદોલનની રૂપરેખા જોઈએ તો સુરતના આવકવેરા આંદોલન થી લઈને છેક 1920ની અસહકારની ચળવળ સુધીના દરેક વખતે ગુજરાતની પ્રજાએ મક્કમ રીતે અન્યાયનો પ્રતિકાર કરી સરકારને નમવાની કે તેની ભૂલ સુધારવાની ફરજ પાડી છે. જયારે ગાંધીજી ભારતમાં ૧૯૧૫માં આવ્યા અને ગુજરાતને જ્યારે કર્મભૂમિ બનાવી અંગ્રેજ સરકાર સામે રાષ્ટ્રીય લડતના મંડાણ માંડયા પછી તો ગુજરાતની પ્રજામાં એક અનોખી રાષ્ટ્રીય ભાવનાની ઝલક એ મિલ મજૂર સત્યાગ્રહ હોય, ખેડા સત્યાગ્રહ કે બોરસદ સત્યાગ્રહ હોય કે પછી અસહકારનું કે સ્વદેશી આંદોલન હોય ગુજરાતે સમગ્ર રાષ્ટ્રને એક નવો માર્ગ રાષ્ટ્રીય લડત માટે બતાવ્યો છે. જેની અંદર આ લડતોના કારણે નવી પરંપરાઓ જેવી કે લવાદ (પંચ) નિમવાની કે મહાજન પરંપરા દ્વારા પ્રજાના ઉદ્યોગકારો સાથેની સમસ્યા હલ કરવાના તેમજ આ સંસ્થાઓની મદદ લઈ રાષ્ટ્રીય આંદોલનમા લોકોને જાગૃત કરવાની એક નવી પરંપરા શરુ થઈ. જે સમય જતા એક ગુજરાતની આગવી પરંપરા બની રહી.

## 9.11 ચાવીરૂપ શબ્દો

**સ્વદેશી** પોતાના દેશનું, સ્વદેશમાં થયેલું

**બંડ** બળવો, હુલ્લડ

**બહિષ્કાર** બહાર કાઢી મુકવું તે, વાપરવા સામે મનાઈ કરવી એ

**હોમરુલ** પ્રજાનું લોકશાહી શાસન, સ્વરાજ્ય

## 9.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.(1) *ઈ.સ.*1860 2. (2) *આવકવેરા વિરોધી* 3.(1)*ઈ.સ.* 1878 4. (4) *લાયસન્સ* 5. (1) *ઈ.સ.*1885 6. (4) *લખા ભગત* 7.(1) *ઈ.સ.*1890 8.(4) *અમદાવાદ* 9. (2) *ઈ.સ.*1876 10.(1)*ઈ.સ.*1915 11.(4) *મુંબઈ* 12. (2) *ઈ.સ.*1915 13.(1) *સપ્ટેમ્બર* 1916 14. (3)*ઈ.સ.*1917 15.(4) *ઈ.સ.*1918 16.(2) *મહાદેવ દેસાઈ* 17. (1) *ઈ.સ.*1917 18.(4) *નડિયાદ* 19. (1) *મોહનલાલ પંડ્યા* 20.(2) *વલ્લભભાઈ પટેલ*

## 9.13 સ્વાધ્યાય

1. *સુરતમાં આવકવેરા આંદોલનમા કેવા કેવા વેરા નાખવામાં આવ્યા હતા તેની યાદી તૈયાર કરો.*

2. *ગુજરાતમાં* 1857 *થી* 1920 *દરમ્યાન થયેલ વિવિધ આંદોલની યાદી તૈયાર કરો.*

3. *ગુજરાતમાં થયેલ આંદોલન વિશે ચાર્ટ તૈયાર કરો.*

4. *ખેડાના સત્યાગ્રહમાં ભૂમિકા ભજવનાર વ્યક્તિઓની યાદી તૈયાર કરો.*

5. *મિલ મજૂર આંદોલનના પ્રશ્નો વિશે નોંધ લખો.*

## 9.14 સંદર્ભ સૂચિ


1. *ધારિયા, રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ*-1 (1885 -1919), *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*-1973, *સાતમી આવૃત્તિ* - 2014.
2. *ગાંધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પુનઃમુદ્રણ,* 2012.
3. *શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ અને પરીખ પ્રવિણચંદ્ર ચીમનલાલ (સંપાદકો), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ*-8, *બ્રિટિશકાલ, (ઈ.સ.*1914 *સુધીનો), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
4. *પારેખ સ્વ. હીરાલાલ ત્રિભોવનદાસ (મૂળ લેખક). સંપાદક- પારેખ મધુસુદન, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ,* 1976.
5. *કાદરી રીઝવાન, હિન્દી રાષ્ટ્રીય મહાસભા અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતર – ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનો ઉદય અને વિકાસ,* 1885-1922, *પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,* 2001.
6. *રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*- 1974, *બીજી આવૃત્તિ*- 1998.
7. *દેસાઈ શાંતિલાલ મ., રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*- 1972, *બીજી આવૃત્તિ*- 1994.
8. *સૂરત ઈતિહાસ દર્શન ભાગ*-2 (*ઈ.સ.*1801 *થઈ ઈ.સ.* 1947), *સૂરત નગરપાલિકા,* 2004.
9. *દેસાઈ મહેબૂબ, ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના ( છ જિલ્લાના સંદર્ભમાં), મહેબૂબ દેસાઈ, ભાવનગર,* 2001.
10. *ખંભોળજા હરિહર, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ તેજ અને તવારીખ (કોંગ્રેસ – ઐતિહાસિક ભુમિકા, વિચારધારા), હરિહર ખંભોળજા, ગાંધીનગર,* 2006.
11. *શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ અને પરીખ પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, આઝાદી પહેલા અને પછી* (1915 *થઈ* 1960), *ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*-1987, *પુનઃમુદ્રણ,* 2011.
12. *પરીખ શંકરલાલ દ્વારકાદાસ, ખેડાની લડત, રાષ્ટ્રીય સાહિત્ય કાર્યાલય, અમદાવાદ,* 1922.

# એકમ : 10 ગાંધીયુગીન ગુજરાતના સ્વતંત્રતા આંદોલન

:: રૂપરેખા::


10.0 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 ગુજરાતના સત્યાગ્રહો
10.2.1 ખેડા સત્યાગ્રહ - 1918
10.2.2 બોરસદ સત્યાગ્રહ -1923-24
10.2.3 બારડોલી સત્યાગ્રહ -1928
10.3 રાષ્ટ્રીય આંદોલનોમાં ગુજરાત
10.3.1 અસહકાર આંદોલન - 1920-22
10.3.2 સવિનય કાનૂનભંગની ચળવળ
10.3.2.1 દાંડીકૂચ
10.3.3 હિંદછોડો આંદોલન – 1942
- તમારી પ્રગતિ ચકાસો
10.4 સારાંશ
10.5 ચાવીરૂપ શબ્દો
10.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
10.7 સંદર્ભ સૂચિ


## 10.0 ઉદ્દેશો

**આ પ્રકરણના અભ્યાસ પછી જાણી શકશો.**

- *ગુજરાતના સત્યાગ્રહો, ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ*
- *રાષ્ટ્રીય ચળવળોમાં ગુજરાત - અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગની ચળવળ અને હિંદ છોડો આંદોલન*

## 10.1 પ્રસ્તાવના

*ગાંધીયુગ એટલે ઈ.સ. 1915 થી ઈ.સ. 1948 સુધીનો સમય. ઈ.સ. 1915માં ગાંધીજી સ્વદેશ પરત આવ્યા ત્યારથી ઈ.સ. 1948માં તેમના મૃત્યુ પર્યંતનો સમય ગાંધીયુગ તરીકે ઓળખાય છે. આ સમય દરમિયાન તેમણે રાજકીય કે રાષ્ટ્રીય ઉપરાંત સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાહિત્યિક વગેરે ક્ષેત્રમાં ક્રાંતિ આણી.*

*સત્ય અને અહિંસાને વરેલા ગાંધીજીએ અસહકાર અને સત્યાગ્રહના શસ્ત્રો અને રચનાત્મક કાર્યો દ્વારા પ્રજામાં જાગૃતિ આણી. દક્ષિણ આફ્રિકામાં સફળ થયેલા સત્યાગ્રહના શસ્ત્રનું પ્રયોગ ક્ષેત્ર હિન્દ બન્યું. દેશની સ્વતંત્રતા માટે તેમણે અનેક આંદોલનો કર્યા. આ એકમમાં ગાંધીયુગીન ગુજરાતના સ્વતંત્રતા આંદોલનો - સત્યાગ્રહોનો અભ્યાસ કરીશું.*

## 10.2 ગુજરાતના સત્યાગ્રહો

*ગુજરાતમાં થયેલા સત્યાગ્રહો આ મુજબ છે.*

### 10.2.1 ખેડા સત્યાગ્રહ 1918 :

*ખેડા જિલ્લામાં ઈ.સ. 1917માં અતિવૃષ્ટિ થવાથી પાક નિષ્ફળ ગયો છતાં સરકારી અધિકારીઓ મહેસૂલ માફ કરવા તૈયાર થયા નહીં, આથી મોહનલાલ પંડયા અને શંકરલાલ દ્વારકાદાસ પરીખની પ્રેરણાથી સહીઓવાળી અરજી મુંબઈ સરકારને મોકલવામાં આવી. આની નકલો ગાંધીજી અને ગુજરાત સભાના મંત્રીઓને પણ મોકલી. વિઠ્ઠલભાઈ પટેલે અને ગોકળદાસ પારેખે જિલ્લાના અનેક ગામોનો પ્રવાસ કરી જાત માહિતી પ્રાપ્ત કરી. ગુજરાત સભાના મંત્રીઓ દાદાસાહેબ માવળંકર અને કૃષ્ણલાલ દેસાઈ પણ આ અંગે કમિશ્નર પ્રેટને મળ્યા. ગાંધીજી ચંપારણથી મુંબઈ આવ્યા. તેઓ બોમ્બે પ્રેસિડેન્સી એસોસિએશન તરફથી સર દિનશા વાચ્છાની સરદારી નીચે પ્રતિનિધિમંડળમાં સામેલ થઈ ગવર્નરને મળ્યા અને સ્વતંત્ર પંચ નીમવાની માંગણી કરી, ત્યારબાદ કમિશ્નર મિ.પ્રેટને પત્ર દ્વારા પરિસ્થિતિ સમજાવવાના પ્રયાસો કર્યા.*

*ગાંધીજીએ કાર્યકર્તાઓની ટુકડી મોકલી તપાસ કરાવી. લગભગ 400 ગામોની પાક તપાસના આંકડા મેળવ્યા.ગાંધીજીએ પણ ખેતરોમાં ફરીને તપાસ કરી અને નિર્ણય પર આવ્યા કે પાક ચાર આનાથી ઓછો થયો છે. તેમણે ગવર્નરના ખાનગી મંત્રીને પત્ર દ્વારા કર મુલતવી રાખવા અથવા પંચ દ્વારા તપાસ કરવા જણાવ્યું, પણ સરકારી અધિકારીઓ નહીં માનતા ગાંધીજીએ સત્યાગ્રહ કરવાનો નિર્ણય લીધો. તેમણે ખેડૂતોની સભામાં સત્યાગ્રહ કરવાની આવશ્યકતા, તે માટે લેવાની પ્રતિજ્ઞા, તેમાં રહેલા જોખમો, કારાવાસ ભોગવવાની તૈયારી વગેરે બાબતો વિગતે સમજાવી. ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, મોહનલાલ પંડ્યા, શંકરલાલ પરીખ વગેરે આગેવાનોએ ખેડૂતોનો જુસ્સો જાળવીને દૃઢ નિર્ધાર ધરાવતા કર્યા. આ કારણે સરકારની ધમકીઓ, જપ્તીઓ તથા જુલ્મ સામે ખેડૂતો મક્કમ રહ્યા. તેમનાં ઢોરઢાંખર, વાસણ, માલ-સામાન અને પાક પણ જપ્ત કરવામાં આવતા.*

*લોકોના મંદ પડવા લાગેલા જુસ્સાને ટકાવવા અને પ્રોત્સાહન માટે ગાંધીજીએ મોહનલાલ પંડ્યાને અયોગ્ય રીતે જપ્ત થયેલા ખેતરમાંથી ડુંગળીનો પાક કાપી લાવવાની સલાહ આપી. આ કાર્ય કરતાં મોહનલાલ અને તેમના સાથીઓને સજા થઈ. આ પ્રસંગથી તેમને ડુંગળીચોરનું બિરૂદ મળ્યું.*

*ગાંધીજી બિહારથી ઉત્તરસંડા આવ્યા. ત્યાંના મામલતદારે જણાવ્યું કે, સારી સ્થિતિવાળા ખેડૂતો મહેસૂલ ભરે તો ગરીબોનું મહેસૂલ મુલતવી રાખવામાં આવશે, પણ તે તાલુકા પૂરતી હોવાથી જિલ્લા માટે કલેક્ટરને પૂછાવતા તેમણે એવો જ હૂકમ આપ્યો અને આ લડતનો અંત આવ્યો. આ લડતથી ખેડૂતોમાં જાગૃતિ અને નીડરતા આવી. લોકોની ત્યાગ શક્તિની પરખ થઈ અને વલ્લભભાઈ નેતા તરીકે બહાર આવ્યા. ખેડા સત્યાગ્રહ હિંદનો પ્રથમ સત્યાગ્રહ હતો જેમાં ખેડૂતોએ સીધો ભાગ લઈ સરકારનો સામનો કર્યો અને આપભોગનો ઉત્તમ નમૂનો દેશ સમક્ષ રજૂ કર્યો.*

### 10.2.2 બોરસદ સત્યાગ્રહ -1923-24

*બોરસદ તાલુકામાં બહારવટિયાઓનો ત્રાસ હતો. સરકાર એ ત્રાસ દૂર કરી શકી નહીં. પ્રજા બહારવટિયાઓને મદદ કરે છે અને છૂપાવે છે તેથી એ ત્રાસ દૂર થતો નથી, એવો આક્ષેપ સરકારે પ્રજા પર કર્યો. તેણે બહારવટિયાઓને પકડવા વધારાની પોલીસ મૂકી. એનો ખર્ચ પ્રજા પાસેથી વસુલ કરવા રૂ.* 240074*નો વેરો નાંખ્યો.* 104 *ગામોના પુખ્ત વયના લોકો પર માથાદીઠ રૂ* 2-7-0 *લેખે વેરો નાંખ્યો. લોકોએ આ દંડને હૈડિયાવેરોનું નામ આપ્યું હતું. પ્રજાએ સરદારને ફરિયાદ કરી. તેમણે પ્રાંતિક સમિતિની સભા બોલાવી અને તપાસ કરી અહેવાલ રજૂ કરવા મોહનલાલ પંડ્યા અને રવિશંકર મહારાજને કામ સોંપ્યું. તપાસ અહેવાલમાં જણાવવામાં આવ્યું કે સરકાર હૈડિયાવેરો નાંખીને લોકોને દંડે છે. પ્રાંતિક સમિતિએ સત્યાગ્રહ કરવાનો ઠરાવ કર્યો અને હૈડિયાવેરો ન ભરવાની લોકોને સલાહ આપી. તાલુકામાં થાણા નાંખી સ્વયંસેવકો ગોઠવવામાં આવ્યા. સરદારે લડતની સમજૂતી આપતા લોકોએ પોતાની મક્કમતાની ખાતરી આપી. સરકારે દંડ ન ભરે તો જપ્તીઓ કરવા માંડી. જપ્તીઓ માટે અમલદારો આવતા દેખાય એટલે સ્વયંસેવકો નગારૂ વગાડતા અને લોકો ઘરે તાળાં મારી સીમમાં ચાલ્યા જતા અને અમલદારોને વિલા મોઢે પાછા ફરી જવું પડતું. લડત દરમિયાન સરકાર જ પોતે ઊભા કરેલા બહારવટિયાઓને કેવી રીતે મદદ કરે છે અને એના માટે જિલ્લા અમલદારે કેવો સરક્યુલર બહાર પાડ્યો છે તેની નકલ જ યંગ ઈન્ડિયામાં મહાદેવભાઈએ છાપી. સરદાર વલ્લભભાઈએ મુંબઈમાં બોરસદની લડત અંગેના ભાષણમાં સરકારના કરતૂતો બહાર પાડ્યા. વર્તમાનપત્રોમાં આ ભાષણ જોઈને મુંબઈના ગવર્નર લેસ્લી વિલ્સને ગૃહમંત્રી સર મોરિસ હેવર્ડને બોરસદ મોકલી તપાસ કરાવી પ્રેસ નોટ બહાર પાડી અને પોલીસ ટુકડીઓનો ખર્ચ પ્રજા પર ન રાખતાં વધારાનો વેરો પાછો ખેંચી લીધો અને વસૂલ થયેલો દંડ પાછો આપ્યો. આમ, બોરસદ સત્યાગ્રહમાં પ્રજાનો વિજય થયો.*

### 10.2.3 બારડોલી સત્યાગ્રહ -1928 :

*મુંબઈ ઈલાકામાં દર* 30 *વર્ષે જમીન મહેસૂલની આકારણીમાં સુધારો-વધારો કરવામાં આવતો. બારડોલી તાલુકો આ ઈલાકાનો એક ભાગ હતો. આ તાલુકાની આકારણી* 1896*માં થઈ હતી અને* 1926*માં ફેર આકારણી કરવાનો સમય આવ્યો. આ*

કાર્ય કલેક્ટર જયકર કે જે સેટલમેન્ટ ઓફિસર હતા તેમણે કર્યું. આ અંગેના અહેવાલમાં 30 ટકાનો વધારો સૂચવાયો હતો જે અન્યાયી લાગવાથી બારડોલી કોંગ્રેસ તાલુકા સમિતિએ નરહરિ પરીખના પ્રમુખપદે એક સમિતિ નીમી. જેણે તપાસ કરી નવજીવનમાં આ અન્યાયી મહેસૂલ વધારા અંગે લેખમાળા લખી. આથી સેટલમેન્ટ કમિશ્નર એન્ડરસન ગણોતને પાયામાં રાખી નવું ધોરણ અપનાવ્યું અને 29 ટકાનો વધારો સૂચવ્યો. સરકારે બંને અહેવાલોના આધારે 22 ટકાનો વધારો મંજૂર રાખ્યો.

લોકો તરફથી અરજીઓ, પ્રતિનિધિમંડળો અને ધારાસભ્યોની રજૂઆતનું કોઈ પરિણામ આવ્યું નહીં, તેથી કુંવરજીભાઈ, મોહનલાલ પંડ્યા, કલ્યાણજીભાઈ સરદારને મળ્યા. લડત શરૂ કરતા પહેલાં સ્થાનિક કાર્યકરો અને આગેવાનોએ લોકોની ત્યાગ કરવાની તૈયારીની તપાસ કરી સમાચાર આપ્યા. ગાંધીજીની સંમતિથી સરદારે લડતનું નેતૃત્વ સંભાળ્યું.

સરદારે ગવર્નરને પત્ર લખી મહેસુલ વધારો પાછો ખેંચવા કે નિષ્પક્ષ પંચ રચવાની માંગણી કરી પણ જવાબ ન મળતા ખેડૂતોની પરિષદ બોલાવી. જેમાં મહેસૂલ વધારો અન્યાયી અને જુલ્મી છે તેની પંચ દ્વારા તપાસ ન થાય ત્યાં સુધી સરકારને મહેસૂલ ન ભરવાનો અને બધા કષ્ટો સહન કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. લડત માટે ઠેર ઠેર લોકસેવકોની છાવણીઓ નંખાઈ. લડતની ખબરો આપવા જુગતરામ દવેની જવાબદારી નીચે સત્યાગ્રહ પત્રિકા નીકળવા લાગી. અબ્બાસ તૈયબજી, ઈમામ સાહેબ, ડૉ.સુમંત મહેતા અને તેમના પત્ની શારદાબેન મહેતા, ડૉ.ચંદુલાલ દેસાઈ, રવિશંકર મહારાજ, મોહનલાલ પંડ્યા, ફૂલચંદભાઈ શાહ, બળવંતરાય મહેતા વગેરેએ જુદા જુદા મોરચા અને છાવણીઓ સંભાળી લીધા હતા. તેમની હાજરીથી લોકોનાં ઉત્સાહમાં વધારો થયો.

આ દરમિયાન સરકારે સરદારના પત્રનો જવાબ આપ્યો. સરકારની મહેસૂલી આંકણી અને વધારો વ્યાજબી છે વગેરેની સાથે સખત પગલા ભરવાની ધમકી આપી અને મહેસૂલ વસૂલાત માટે આકરા પગલાં ભર્યાં. સરકારે ધાક-ધમકી અને પ્રપંચથી મહેસૂલ ભરાવાના પ્રયત્નો કર્યા. મહેસૂલ ન ભરતાં લોકોની જમીનો જપ્ત કરી ખાલસા કરવામાં આવી. માલ-સામાન અને ઢોરોને જપ્ત કરવામાં આવ્યા. લોકોએ જપ્તીઓનો સામનો કરવા ઘરમાં તાળા મારી પૂરાઈ રહ્યા અને લડત આપવા લાગ્યા. સરકારે રવિશંકર મહારાજ, શિવાનંદ સ્વામી, ફૂલચંદભાઈ, અમૃતલાલ વગેરેની ધરપકડ કરી. ખેડૂતોને ખોટા આરોપો મૂકી જેલમાં પૂર્યા. સરકારના આવા પગલાંઓની અસર મુંબઈના ધારાસભ્યો પર થઈ. તેમણે રાજીનામાં આપ્યા. પટેલ અને તલાટીઓએ રાજીનામાં આપ્યા, આથી તાલુકાનું કામ અશક્ય બન્યું.

આ લડત સમગ્ર ગુજરાતની લડત બની ગઈ. નાણાંકીય સહાય પણ મળવા લાગી હતી. તા.12મી જૂનનો દિવસ બારડોલી દિન તરીકે ઉજવવામાં આવ્યો. ટાઈમ્સ સિવાયના બધા છાપાઓએ સરકારના વલણની ટીકા કરી. તેથી ગવર્નરે સત્યાગ્રહીઓને ધમકી આપી અને ભયંકર પરિણામો આવશે તેવી ચેતવણી આપી. સરદારે લડત ચાલુ

*રાખવા આદેશ આપ્યો. આ દરમિયાન ગવર્નરની કાઉન્સિલના સર ચુનીલાલે સમાધાન માટે તેમના નિવાસ્થાને વાટાઘાટો ચલાવી. જેમાં સરદાર વલ્લભભાઈ, મહાદેવભાઈ, સ્વામી આનંદ, દાદુભાઈ, મુનશી, શિવદાસાની હાજર રહ્યા. વાટાઘાટોને અંતે જપ્તીની જમીનો પાછી આપવી, સત્યાગ્રહી કેદીઓને છોડાવવા, બરતરફ તલાટીઓને પાછા લેવા, તપાસ સમિતિ નીમાય પછી મહેસૂલ ભરવાનું એમ સમાધાન થયું. માત્ર દમનના કિસ્સાઓની તપાસની માંગણી સ્વીકારાઈ નહીં. સરકારે બ્રુમ ફિલ્ડ અને મેક્સવેલ - બે સભ્યોનું બનેલું તપાસપંચ નીમ્યું. તેણે બારડોલી અને ચોર્યાસી તાલુકાની તપાસ કરી અને જમીન મહેસુલમાં સવા છ ટકાથી વધારો ન થવો જોઈએ એમ જાહેર કર્યું. આમ, આ લડતનો અંત પ્રજાની તરફેણમાં આવ્યો. આ પ્રશ્ને વલ્લભભાઈની કુશળ નેતાગીરીના દર્શન થયા અને તેઓ સરદાર નામે ઓળખાયા. સરદાર આ બારડોલીના વિજય પછી ગુજરાત કે મુંબઈ પ્રદેશના જ નહીં પણ સમગ્ર દેશના નેતા બન્યા. આ લડતથી ખેડૂતોને આર્થિક લાભ પ્રાપ્ત થયો અને પ્રજાનો આત્મવિશ્વાસ વધ્યો. ગાંધીજીની સત્યાગ્રહની વાત માત્ર આદર્શમય જ નથી પણ પૂરેપૂરી વ્યવહારું છે તેની પ્રતીતિ બધાને થઈ.*

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

**1. ખેડા સત્યાગ્રહ પર નોંધ લખો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**2. બારડોલી સત્યાગ્રહની ચર્ચા કરો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**3. જોડકાં જોડો.**

| | |
|---|---|
| (1) *મોહનલાલ* | *(અ) 12મી જૂન* |
| (2) *બોરસદ સત્યાગ્રહ* | *(બ) ડુંગળી ચોર* |
| (3) *બારડોલી દિન* | *(ક) હૈડિયાવેરો* |

## 10.3 રાષ્ટ્રીય આંદોલનોમાં ગુજરાત

### 10.3.1 અસહકારનું આંદોલન - 1920 - 22 :

*જલિયાવાલા બાગનો હત્યાકાંડ, પંજાબ સરકારના અત્યાચારો, ખિલાફત અને અધૂરા મોન્ટફર્ડ સુધારાના વિરોધમાં અસહકારના આંદોલનનો પ્રારંભ થયો.* 4 *થી સપ્ટેમ્બર* 1920*ના રોજ કલકત્તામાં કોંગ્રેસની ખાસ બેઠક મળી. જેમાં ગાંધીજીએ રજૂ કરેલો અસહકારનો ઠરાવ પસાર થયો. ડિસેમ્બર* 1920 *માં નાગપુરમાં કોંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં અસહકારના ઠરાવને મંજૂર કર્યો. આ આંદોલન તા.*1*લી ઓગસ્ટ* 1921 *થી શરૂ થયું.*

*અસહકાર આંદોલનના મુખ્ય બે પાસાઓ હતા.* (1) *રચનાત્મક અને* (2) *નકારાત્મક. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સ્વદેશીને ઉત્તેજન, ચરખાં દ્વારા હાથ કાંતણ અને હાથ વણાટના ગૃહઉદ્યોગ તરીકે પુનઃ સ્થાપના, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી, રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની સ્થાપના વગેરેનો સમાવેશ થતો હતો. નકારાત્મક કાર્યક્રમમાં ધારાસભા, અદાલતો તથા સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કાર, સરકારી ખિતાબો, માનચાંદ, હોદ્દાઓ, સરકારી નોકરીઓ, સરકારી સંસ્થા કે અર્ધસરકારી સંસ્થાના સભ્યપદ, સમારંભો વગેરેનો ત્યાગ, પરદેશી કાપડ કે ચીજોના અને કોઈ પણ પ્રકારની સરકારી સેવાના બહિષ્કાર વગેરનો સમાવેશ થતો હતો.*

*આ આંદોલન દરમિયાન સમગ્ર ગુજરાતમાં દારૂબંધી, સ્વદેશીનો પ્રચાર, વિદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ જોરશોરથી ચાલી. દારૂના પીઠાં અને વિદેશી માલની દુકાનો પર પિકેટિંગના કાર્યક્રમો થતા હતા. જેમાં સ્વયંસેવકોની સાથે સ્ત્રીઓ, વિપર્થીઓ ઉત્સાહથી ભાગ લેતા. લાઠીમાર, પથ્થરમારો અને હેરાન-પરેશાન કરવા છતાં તેઓ અહિંસક રહીને કાર્ય કરતા હતા.*

*અમદાવાદમાં તા.*18*મી સપ્ટેમ્બર,* 1921*ના રોજ સ્વદેશી ખાદીના પોશાકમાં આશરે ત્રીસ હજાર લોકોનું સરઘસ શહેરમાં નીકળ્યું. જેણે ખાનપુર દરવાજે વિદેશી કાપડનો ઢગલો કર્યો. બાજુમાં સભા થઈ વલ્લભાઈએ ભાષણ કર્યું અને એ ઢગલાને આગ ચાંપી.*

*સૌરાષ્ટ્રના દેશી રાજ્યોમાં વિદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી માલના પ્રચારનું કાર્ય જોરશોરથી ચાલ્યું હતું. આ સંદર્ભમાં વઢવાણ, ભાવનગર, તળાજા, પોરબંદર, ધ્રાગંધ્રા, અમરેલીમાં જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની ફુલચંદભાઈ શાહ અને શિવાનંદજીએ આ ચળવળને ઉપાડી લીધી હતી. દાહોદમાં કાંતણ-વણાટ, સણસોલી અને સુરતમાં વિદેશી કાપડ બહિષ્કારની પ્રવૃત્તિ થઈ હતી. પંચમહાલ જિલ્લામાં દારૂબંધી માટે પિકેટીંગ કરવામાં આવ્યું.*

*તા.*17 *નવેમ્બર* 1921 *ના રોજ ભારતની મુલાકાતે આવેલા પાટવી કુંવર પ્રિન્સ ઑફ વેલ્સના વિરોધમાં અમરેલી શહેરમાં હડતાળ પડી હતી. શિહોરમાં બજારો બંધ રાખવામાં આવ્યા હતા. ઘોડાગાડીવાળાઓએ પણ હડતાળ પાડી હતી.*

તા.18મી ઓક્ટોબર, 1920 ના રોજ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ગાંધીજીએ કરી. અમદાવાદ, સુરત, વડોદરાની કૉલેજના કેટલાક અધ્યાપકોએ રાજીનામાં આપ્યા. સુરતની હાઈસ્કૂલોમાંથી લગભગ 890 વિદ્યાર્થીઓ અને અમદાવાદની ગુજરાત કૉલેજના 35 વિદ્યાર્થીઓએ સરકારી શિક્ષણ સંસ્થાઓનો બહિષ્કાર કર્યો. રાજકોટ, ભાવનગર, વઢવાણ, ધાંગધ્રા, વડોદરા વગેરે રાજ્યોમાં પણ સરકારી શિક્ષણનો બહિષ્કાર થયો. અમદાવાદ, સુરત અને ભરૂચની હાઈસ્કૂલોએ સરકારની માન્યતા ફગાવી દીધી. અમદાવાદ, નડિયાદ અને સુરતની નગરપાલિકાઓએ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે સરકારનો અસહકાર કર્યો હતો. પંચમહાલ, સુરત, ખેડા વગેરે જિલ્લાના શિક્ષકો, તલાટીઓ વગેરેએ રાજીનામાં આપ્યાં. અમદાવાદમાં વલ્લભભાઈ પટેલ, ગ.વા.માવલંકર, કૃષ્ણલાલ દેસાઈ સહિત નડિયાદ, ગોધરા, મોડાસા, સુરતમાંથી વકીલાતનો ત્યાગ કર્યો.

સૌરાષ્ટ્રમાં રાયસાંકળી અને ઢસાના રાજવી દરબાર ગોપાળદાસ દેસાઈએ અસહકારની લડતમાં ભાગ લીધો હતો. તેથી બ્રિટિશ સરકારે તેમની જાગીરો જપ્ત કરી હતી. ટિળક સ્વરાજ્ય ફંડ માટે કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા, દયાળજી નાનુભાઈ દેસાઈએ પોતાની તમામ મિલકત અર્પણ કરી અને ડૉ. ચંદુલાલ મણિલાલ દેસાઈ (છોટે સરદાર) એ 50,000 ની રકમ અર્પણ કરી. મીઠુંબહેન પીટિટ, જ્યોત્સનાબહેન શુક્લ, નંદુબહેન કાનુંગા, ભક્તિલક્ષ્મી ગોપાળદાસ દેસાઈ (ભક્તિબા), મૃદુલાબહેન સારાભાઈ, શારદાબહેન મહેતા વગેરે બહેનોએ લડતમાં ભાગ લીધો હતો.

ઈ.સ. 1921માં અમદાવાદમાં મળેલા કોંગ્રેસના અધિવેશનમાં અસહકારનો મુખ્ય ઠરાવ રજૂ થયો અને બારડોલીમાં સવિનય કાનૂનભંગની લડત શરૂ કરવાનો નિર્ણય લીધો. તા.૧લી ફેબ્રુઆરી 1922ના રોજ ગાંધીજીએ વાઈસરોયને પત્ર લખીને જણાવ્યું કે, બારડોલીમાં પોતે સવિનય કાનૂનભંગની લડત કરવાના છે. રાજકીય કેદીઓને છોડી મૂકવા અને પ્રજાની સ્વરાજ્યની માંગણી સ્વીકારવા સાત દિવસનો સમય આપ્યો, પણ એ પહેલા ઉત્તરપ્રદેશના ચૌરીચૌરામાં હિંસક તોફાનો થયા, તેથી ગાંધીજીએ પ્રજા હજી અહિંસક લડત માટે તૈયાર નથી એમ માનીને સવિનય કાનૂનભંગની બારડોલીની લડત મોકૂફ રાખી. બારડોલીમાં 22મી ફેબ્રુઆરીએ મળેલી કોંગ્રેસની કારોબારી સમિતિએ સવિનય કાનૂનભંગની લડત મોકૂફ રાખવાનો ઠરાવ કર્યો અને સભા-સરઘસો, જાહેરસભાઓ વગેરે કાર્યક્રમો બંધ કરવા લોકોને અનુરોધ કર્યો અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં લાગી જવા જણાવ્યું. આમ,1920-22નું અસહકાર આંદોલન પૂર્ણ થયું. આ નિર્ણયથી યુવાવર્ગમાં હતાશા ફેલાઈ. સરકારે 13મી માર્ચ 1922 ના રોજ ગાંધીજીની ધરપકડ કરી છ વર્ષની કેદની સજા કરી.

### 10.3.2 સવિનય કાનૂનભંગની ચળવળ :

1929માં લાહોરમાં કોંગ્રેસનું અધિવેશન જવાહરલાલના પ્રમુખપદે મળ્યું. જેમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તા. 26મી જાન્યુઆરી 1930 નો દિવસ

પૂર્ણ સ્વરાજ્ય દિવસ (સ્વાતંત્ર્ય દિન) તરીકે ઉજવવાની લોકોને અપીલ કરી. આ સમયમાં ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદ ભરવાની યોજના સરકારે જાહેર કરી હતી. ગાંધીજીએ સંપૂર્ણ દારૂબંધી, લશ્કરી ખર્ચમાં પચાસ ટકાનો ઘટાડો, મીઠાવેરાની નાબૂદી, ઉચ્ચ અધિકારીઓના પગારમાં ઘટાડો, પરદેશી કાપડ પર સંરક્ષણાત્મક જકાત, રાજકીય કેદીઓની મુક્તિ વગેરે અગિયાર મુદ્દાઓ રજૂ કર્યા હતા. આ સ્વીકારાય તો જ પરિષદમાં ભાગ લઈ શકશે એમ જણાવ્યું હતું. વાઈસરોયે આ અંગે કોઈ બાંહેધરી ન આપી અને જણાવ્યું કે, સત્યાગ્રહ કે એવી બીજી પ્રવૃત્તિઓ સામે કાયદો અને વ્યવસ્થા જાળવવા બધાં જ પગલા લેશે.

અમદાવાદમાં તા. 14મી ફેબ્રુઆરીએ કોંગ્રેસની કારોબારીમાં સામુદાયિક સત્યાગ્રહનો ઠરાવ કર્યો. સત્યાગ્રહની તમામ રીતનો ઉપયોગ કરવાની અને લડત સંભાળવાની સંપૂર્ણ સત્તા ગાંધીજીને આપવામાં આવી. ગાંધીજીએ વાઈસરોયને આખરીનામું કહી શકાય તેવો પત્ર તા. 2જી માર્ચ 1930ના રોજ લખ્યો. જેમાં 12મી માર્ચે સત્યાગ્રહ શરૂ કરીશ એમ જણાવ્યું હતું. મીઠા પર નાંખવામાં આવેલી જકાત ગરીબ અને તવંગર સર્વને સરખી રીતે સ્પર્શતી હતી તેથી ગાંધીજીએ મીઠાને સત્યાગ્રહનું સાધન બનાવ્યું.

સત્યાગ્રહનો આરંભ સાબરમતી આશ્રમથી ગાંધીજી ૭૮ સૈનિકો સાથે કૂચ કરશે એમ નક્કી થયું. આ કૂચ માટે દાંડીની પસંદગી કરવામાં આવી હતી. બીજી બાજુ ગુજરાતને ઢંઢોળવામાં પરોવાયેલા સરદારની તા.7મી માર્ચે ધરપકડ કરવામાં આવી. દાંડીકૂચના સમાચાર દેશ-વિદેશમાં પ્રસર્યા હતા તેથી હજારો લોકોની સાથે અખબારોના ખબરપત્રીઓ, કેમેરાવાળા, પત્રકારો અને સ્વીટ્ઝરલેન્ડથી ગાંધીજીના ફોટા લેવા પત્રકારો અમદાવાદ આવ્યા હતા.

**10.3.2.1 દાંડીકૂચ :**

તા.12મી માર્ચે સવારે નારાયણરાવ ખરેએ 'શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિં,' 'હરિનો મારગ છે શૂરાનો' એ ભજનો ગાયા. સવારે 6.30 વાગે ગાંધીજીએ 78 સત્યાગ્રહી સૈનિકો સાથે પ્રયાણ કર્યું. કૂચના માર્ગ પરના ગામોમાં સભા ભરાતી. જેમાં ગાંધીજી મીઠાના કાયદાનો સવિનયભંગ સમજાવી, નવી નવી રીતે સ્વરાજ્યની લડતનું અને સત્યાગ્રહનું મહત્ત્વ સમજાવતા રહ્યા. તા.5મી એપ્રિલે સવારે આઠ વાગ્યે કૂચ દાંડી પહોંચી. છઠ્ઠી એપ્રિલે સવારે 6.30 વાગ્યે દરિયાકિનારે જામેલા મીઠાની ચપટી ગાંધીજીએ ઉપાડી મીઠાના કાયદાનો ભંગ કર્યો. તેમણે એ વખતે કહ્યું કે, 'બ્રિટીશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હું લૂણો લગાડું છું.' તે સાથે સમગ્ર દેશને સવિનય કાનૂનભંગ કરવાની છૂટ આપી. આ પછી દાંડી, કરાડી વગેરે સ્થળોએ જોરદાર ભાષણો કરવા માંડ્યા. છતાં સરકારે તેમની ધરપકડ ન કરી. ત્યાર બાદ ગાંધીજીએ ધરાસણાના અગર પર અહિંસક હલ્લો લઈ જવાનો નિર્ણય કર્યો એટલે તા. 5-5-1930ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી.

**દાંડીકૂચ સાથે સંકળાયેલી કેટલીક મહત્ત્વની બાબતો :**

- *ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી હતી કે, 'મારો જન્મ બ્રિટિશ સામ્રાજ્યનો નાશ કરવા માટે જ થયો છે. હું કાગડાના મોતે મરીશ. હું કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આ આશ્રમમાં પગ મૂકવાનો નથી.'*
- *દાંડીકૂચમાં 78 સૈનિકોની દેશના જુદા જુદા ભાગમાંથી પસંદગી થઈ હતી. જેમાં 38 સૈનિકો ગુજરાતના હતા.*
- *સેનાની ગાંધીજી સહિત 78 સૈનિકોએ દાંડીકૂચ આરંભી હતી. કૂચ દરમિયાન બીજા બે સૈનિકો જોડાતા કુલ સંખ્યા 81 થઈ હતી.*
- *ગાંધીજીની દાંડીકૂચ તા.12મી માર્ચે સાબરમતી આશ્રમમાંથી શરૂ થઈ અને તા.5મી માર્ચે દાંડીમાં પૂર્ણ થઈ. કુલ 24 દિવસમાં 241 માઈલની પગપાળા મુસાફરી કરી હતી.*
- *દાંડીકૂચના પડઘા ઈંગ્લેન્ડ, અમેરિકા, જાપાન અને બીજા દેશોમાં પડ્યા હતા.*

*ગાંધીજીની ધરપકડ બાદ અબ્બાસ તૈયબજી, નરહરિ પરીખ અને અન્ય નેતાઓએ ધરાસણાની લડત ચલાવી. સવિનય કાનૂનભંગની રાષ્ટ્રવ્યાપી લડતના ભાગરૂપે વિરમગામ અને ધોલેરામાં સત્યાગ્રહો થયા હતા. વિરમગામનું નેતૃત્વ મણિલાલ કોઠારીને અને ધોલેરાનું નેતૃત્વ અમૃતલાલ શેઠને સોંપાયું હતું. આ ઉપરાંત પાટડી, ખારાઘોડા, શાહપુરમાં સામુદાયિક સત્યાગ્રહો થયા. શાહપુરમાં રેવાશંકરભાઈની આગેવાની નીચે સત્યાગ્રહ થયો. પંચમહાલ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ મલાવ જંગલ સત્યાગ્રહ કરવામાં આવ્યો હતો.*

### 10.3.3 હિન્દ છોડો આંદોલન -1942 :

*તા.8મી ઓગસ્ટ,1942 ની મધરાતે મુંબઈમાં મળેલી કોંગ્રેસની મહાસમિતિએ અંગ્રેજોને હિંદ છોડવા અને એમ ન કરે તો અહિંસક દેશવ્યાપી આંદોલન કરવાનો ઠરાવ કર્યો. તેમાં ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે' નો મંત્ર આપી સત્યાગ્રહની તમામ રીતનો ઉપયોગ કરવા જણાવ્યું. 9મી ઓગસ્ટે સરકારે ગાંધીજી અને તમામ કોંગ્રેસી નેતાઓની ધરપકડ કરી. સભા, સરઘસ, હડતાલ, ભાંગફોડ દ્વારા પ્રજાએ જવાબ આપ્યો. પોલીસ થાણાં, સરકારી ચોરા, તાર-ટપાલ ઓફિસ, રેલવે પર હુમલા થયા. સરકારએ ગોળીબાર, લાઠીચાર્જ, ધરપકડ વગેરે દમનના પગલા લીધા, છતાં આંદોલન શમ્યું નહીં.*

- *નેતાઓની ધરપકડ અને હડતાળો : અમદાવાદમાં 17, સુરતમાં 40, પંચમહાલ, ખેડા, સૌરાષ્ટ્ર વગેરેમાંથી અનેક કોંગ્રેસી નેતાઓની ધરપકડ કરવામાં આવી. ગુજરાતની પ્રાંતિક, જિલ્લા, તાલુકા કોંગ્રેસ સમિતિઓને ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. અમદાવાદ અને સુરતની કાપડ મિલોએ સાડાત્રણ મહિનાની હડતાલ પાડી. અમદાવાદના વિદ્યાર્થીઓએ આઠ મહિનાની હડતાલ પાડી.*

ભાદરણ, ધર્મજ, આણંદ, સોજિત્રા, વસો, પેટલાદ, પીજ અને બોરસદની હાઈસ્કુલોના વિપર્થીઓએ હડતાલ પાડી. દાહોદ, ગોધરા, ડેરોલ, હાલોલ, કાલોલ વગેરે સ્થળે હડતાલો પાડવામાં આવી.

- સભાઓ અને સરઘસો : શાળા કોલેજો છોડી સભાઓ-સરઘસો વગેરે કાર્યોમાં જોડાયા. અમદાવાદમાં લૉ કૉલેજથી નીકળેલા આશરે બે હજાર વિપર્થીઓ અને વિપર્થીનીઓનું સરઘસ ગુજરાત કૉલેજમાં પ્રવેશતા ધ્વજધારી વિપર્થી વિનોદ કિનારીવાળા પર ગોળીબાર થતા શહીદ થયો. બીજા અનેક વિપર્થીઓ ઘવાયા. ખાડિયા ચાર રસ્તા પાસેથી થયેલા ગોળીબારમાં ઉમાકાન્ત કડિયા શહીદ થયો. રાષ્ટ્રીય વિપર્થી મંડળના ઉપક્રમે રાજકીય કેદી ફંડ એકઠું કરવામાં આવ્યું. વડોદરાથી 34 વિપર્થીઓ આણંદ અને આસપાસના ગામોમાં ચળવળનો પ્રચાર કરીને સાંજે પાછા ફરતા હતા ત્યારે અડાસ સ્ટેશન પાસે પોલીસોએ તેમના પર ગોળીબાર કરતા ત્રણ તરત જ અને બે પાછળથી શહીદ થયા કેટલાકને ગંભીર ઈજાઓ થઈ. મોડાસા, દાહોદ, ડેરોલ, ગોધરા, ખેડામાં સરઘસો કાઢવામાં આવ્યા. ડાકોરમાં નીકળેલા સરઘસ પર પોલીસે લાઠીમાર કર્યો. ગંભીરા, ભાદરણ વગેરેમાં સભાઓ ભરવામાં આવી.
- પત્રિકા પ્રવૃત્તિ : લોકોને લડતના સાચા સમાચારોથી વાકેફ રાખવા, ભવિષ્યના કાર્યક્રમો માટેની સૂચના આપવા અને લડતમાં ભાગ લેવાની પ્રેરણા આપવાના હેતુથી ગુપ્ત રીતે પત્રિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવતી. 'કોંગ્રેસ પત્રિકા', 'વિપર્થી પત્રિકા', 'આઝાદ ફોજ', 'તણખા' અને 'આઝાદી મિલિટરી ગેઝેટ' નામની પત્રિકા પ્રસિદ્ધ કરવામાં આવતી હતી. જે રાત્રે બાર વાગ્યા પછી સાઇક્લોસ્ટાઈલ કરવામાં આવતી હતી. જેને શહેરના સેંકડો યુવક-યુવતીઓ વહેંચવા જતા. દાહોદમાંથી 'આઝાદ પત્રિકા' પ્રગટ કરવામાં આવતી હતી. હરિપ્રસાદ પાઠક શહેરા તાલુકાના ગામોમાં પત્રિકા વહેંચતા હતા. વડોદરાથી અને અમદાવાદથી પત્રિકાઓ બીજા સ્થળોએ મોકલવામાં આવતી. સુરતમાં જૈન વિજયાનંદ અને દેશીમિત્ર પ્રેસમાં પત્રિકાઓ છપાતી. ગણદેવી, ધાનેરીમાં પત્રિકાઓ સાઈક્લોસ્ટાઈલ કરવામાં આવતી. અમરેલીમાં ક્રાંતિ પત્રિકા વહેંચવાના કાર્યમાં લાભશંકરની ધરપકડ કરી સજા કરી. સુરતમાં ડુપ્લિકેટિંગ મશીન, કોંગ્રેસના પોસ્ટરો અને સંખ્યાબંધ પત્રિકાઓ કબજે કરી હતી અને ત્રણ માણસોની ધરપકડ કરવામાં આવી હતી. ઉપરાંત પત્રિકાઓ સાઈક્લોસ્ટાઈલ કરવા અને વહેંચવાના આરોપ નીચે આઠની ધરપકડ કરી કેદની સજા કરવામાં આવી હતી. ઓલપાડના ગામોમાં પત્રિકાઓ વહેંચવાના ગુના માટે ચાર માણસોને કેદની સજા કરવામાં આવી હતી. દેથલી ગામમાંથી મોતીભાઈ પટેલની અને ડાકોરમાંથી ચતુરભાઈ સોમાભાઈની પત્રિકાઓ સહિત ધરપકડ કરવામાં આવી હતી. અમરેલીમાં લાભશંકર ત્રિવેદીના ઘરની જડતી લેતાં પત્રિકાઓ મળી આવતાં ચાર મહિનાની સખત કેદ અને દંડ કરવામાં આવ્યો.

- *ગુપ્ત પ્રવૃત્તિઓ : ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના આગેવાન છોટુભાઈ પુરાણીએ તેમના કાર્યકરોની મદદથી ભૂગર્ભ પ્રવૃત્તિનું આયોજન કર્યું હતું. તેમની અને ચંદ્રશંકર ભટ્ટની ટુકડીના કાર્યકરો ભૂગર્ભમાં રહીને ગુપ્ત પ્રવૃત્તિઓ ચલાવતા હતા. વડોદરામાં ગુજરાત અને સૌરાષ્ટ્રના ભૂગર્ભ કાર્યકરોની ગુપ્તસભા મળી હતી. જેમાં ભૂગર્ભ પ્રવૃત્તિનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો. સૌરાષ્ટ્રના ત્રણ યુવકોએ એમાં હાજરી આપી હતી.*
- *ભાંગફોડની પ્રવૃત્તિઓ : સમગ્ર ગુજરાતમાં અનેક સ્થળે તાર-ટેલિફોનના દોરડા કાપવામાં આવ્યા હતા. અમદાવાદમાં ઓગસ્ટ થી ડિસેમ્બર 1942 દરમિયાન 210 સ્થળે તાર કાપવામાં આવ્યા. અમદાવાદમાં પોલીસના લાઠીમાર અને ગોળીબારનો સામનો કરવા સેંકડો છોકરાઓ પોલીસ ચોકીઓ, પોલીસવાન, પોસ્ટ ઓફિસો અને હડતાળ ન પાડતી દુકાનો પર સખત પથ્થરમારો કરતા. આ ચળવળ દરમિયાન અમદાવાદમાં ૩૩ સ્થળે આગ લગાડવામાં આવી હતી. સુરત જિલ્લાના ગામોમાં લોકોએ ચોરામાં આગ લગાડી દફતર બાળી નાંખ્યું અને ટપાલપેટીઓનો નાશ કર્યો. જલાલપુર તાલુકામાં પોસ્ટ ઓફિસ બાળવામાં આવી. પંચમહાલ જિલ્લાના ગોધરા, જાફરાપુરા, ફુલપુરા તથા અગરવાડામાં આગ લગાડી દફતર બાળવામાં આવ્યું. ખેડા જિલ્લામાં કેટલાક યુવકોએ તાર-ટેલિફોનના દોરડાં કાપ્યા, ટપાલના થેલા લૂંટ્યા. ગામોના ચોરા અને સરકારી મકાનોને આગ લગાડી. રેલવેની ફીશપ્લેટો કાઢી નાંખી. પિપલાવ, મરાલા અને બોરસદના ચોરા બાળવામાં આવ્યા. રણાસર, નાંદોલી, શેખપુર અને મરાલાના મહેસુલના દફતરને બાળવામાં આવ્યું.*
- *રેલવેમાં ભંગાણ પ્રવૃત્તિઓ : પંચમહાલ જિલ્લામાં નેરોગેજ રેલવે ભંગાણ કરવામાં આવ્યું જેને લીધે એક માલગાડીનું એન્જિન અને ચાર વેગનો પાટા પરથી ઊથલી પડ્યા હતા. બારડોલી તાલુકાના ગામોમાં લોકોએ રેલવેના પાટા ઉખાડી નાંખ્યા. પુલોની ભાંગફોડ કરી અને તારનાં દોરડા કાપી નાંખ્યા. ટાપ્ટીવેલી રેલવે પરનું કહેરનું ફ્લેગ સ્ટેશન મકનજી પટેલની આગેવાનીમાં યુવાનોએ બાળી નાંખ્યું. વડોદરા રાજ્યના ચોરંદા ગામના અંબાલાલ ગાંધીના નેતૃત્વ નીચે લોકોના ટોળાએ ત્રણ કિ.મી. સુધી રેલવેના પાટા ઉખાડી નાંખ્યા.*
- *બોમ્બ પ્રવૃત્તિ : સરકાર પર દબાણ લાવવાના હેતુથી આ પ્રવૃત્તિ વિકસી હતી. કે.જી.પ્રભુ આ પ્રવૃત્તિના સૂત્રધાર હતા. ચળવળ દરમિયાન બોમ્બ ફૂટવાના, મળી આવવાના કે ફેંકવાના કુલ 66 બનાવો બન્યા હતા. પીંપરડીની પોળ અને જમાલપુર લાંબી શેરીમાં રાસાયણિક બોમ્બ બનાવતાં ધડાકો થયો. જેમાં નંદલાલ જોશી, નરહરિ રાવલ મર્યા અને પીયુષકાન્ત ચૌધરી અને શાંતિલાલ પટેલ ઘવાયા. બોમ્બ ફેકવા માટે લઈ જતાં નારણભાઈ પટેલ અને નાનજીકાલિદાસ શહીદ થયા. રાજકોટમાં સિનેમાથિયેટર, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં, ભાવનગરમાં મોટર ગેરેજ, કૉલેજ, પોસ્ટ*

*ઓફિસ, પુલ નજીકના સ્થળે, હાલોલની મોરખલા પોલીસ ચોકીમાં બોમ્બ ધડાકા થયાં હતા. ભરૂચમાં છોટુભાઈ પુરાણીના માર્ગદર્શન નીચે હાથ બોમ્બ, ટાઈમ બોમ્બ અને પ્રેશર બોમ્બ બનાવીને જુદા જુદા સ્થળોએ નાંખવામાં આવ્યા. વિશ્વામિત્રી-જંબુસર રેલવેના પાટા પર મૂકેલો પ્રેશર બોમ્બ ગાડી પસાર થતાં ફૂટ્યો હતો. નડિયાદ, ઉમરેઠ, ખેડા, બોરસદ અને વડોદરામાં કૉલેજ, હાઈસ્કૂલો, કલાભવનની વર્કશોપ અને ટપાલ પેટીઓમાં બોમ્બ ધડાકા થયા હતા તથા મહેસાણા, સિદ્ધપુર, શિનોરમાં પણ બોમ્બ ફાટ્યા હતા.*

1942*ના અંત ભાગમાં હિંદ છોડોનું વ્યાપક પ્રજાકીય આંદોલન ધીમું પડતા* 1943*માં તેનો અંત આવ્યો.*

- **તમારી પ્રગતિ ચકાસો - 2**

**1. અસહકારના આંદોલનની ચર્ચા કરો.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**2. સવિનય કાનૂનભંગની ચળવળ પર નોંધ લખો.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**3. હિંદ છોડો આંદોલન જણાવો.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**4. ખરાં-ખોટા જણાવો.**

(1) 1920*માં અમદાવાદમાં ગૂજરાત વિપપીઠની સ્થાપના થઈ.*

(2) *સવિનય કાનૂનભંગની ચળવળના મુખ્ય બે પાસા રચનાત્મક અને નકારાત્મક હતા.*

(3) *દાંડીકૂચ* 12*મી માર્ચે સાબરમતી આશ્રમમાંથી શરૂ થઈ.*

(4) *મલાવ જંગલ સત્યાગ્રહ ધરાસણામાં કરવામાં આવ્યો.*

## 10.4 સારાંશ

*દેશની સ્વતંત્રતા માટેના આંદોલનમાં ગુજરાતે આપેલું પ્રદાન આ પ્રકરણના અભ્યાસ પરથી જાણવા મળે છે. ગાંધીજીએ સ્વતંત્રતા આંદોલનોનું સ્વરૂપ બદલી નાંખ્યું. તેમણે સ્વતંત્રતા આંદોલનના અસહકાર, સવિનય કાનૂનભંગ, સત્યાગ્રહ અને અહિંસા - મુખ્ય પાયા આપ્યા. ગાંધીયુગીન સ્વતંત્રતા આંદોલનો પ્રજાકીય આંદોલનો બન્યા એ આ યુગની વિશેષતા હતી. આ આંદોલન માટે અનેક દેશભક્તોએ જીવન સમર્પિત કર્યા.*

## 10.5 ચાવીરૂપ શબ્દો

**ઢંઢોળવું** : *(જગાડવા માટે) ખૂબ હલાવવું*

**આકારણી** : *આકારવું તે, આંકણી*

**પિકેટિંગ** : *ધરણા, ચોકી, પહેરો ભરવો*

## 10.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- *જોડકાં જોડો.* (1 - *બ*) (2 - *ક*) (3 - *અ*)
- **તમારી પ્રગતિ ચકાસો - 2**
  **ખરાં-ખોટા જણાવો.**
  (1) *ખરું* (2) *ખોટું* (3) *ખરું* (4) *ખોટું*

## 10.7 સંદર્ભ સૂચિ


- *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ (સંપાદક), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*9*, શેઠ ભો.જે. અધ્યયન સંશોધન વિપભવન, આશ્રમરોડ અમદાવાદ વતી ગૂર્જર પ્રકાશન,* 202*, તિલકરાજ પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ, પહેલી આવૃત્તિ* -1987, *દ્વિતીય આવૃત્તિ-* 2011
- *શિવપ્રસાદ રાજગોર, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ* - 1998
- *શાંતિલાલ મ. દેસાઈ, રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ* - 1999
- *રમણલાલ કે. ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ-*2 (1920 *થી* 1964)*, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ* - 1911
- *પુરુષોત્તમ શાહ અને ચંદ્રકાન્ત શાહ, ચરોતર સર્વસંગ્રહ વિભાગ* - 1*,લોકમત પ્રકાશન લિમિટેડ, ડુમરાલ બજાર, નડિયાદ, પ્રથમ આવૃત્તિ - ઓગસ્ટ* - 1954

- માણેકભાઈ પટેલ- 'સેતુ', અમદાવાદ કથા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - 1996
- જયકુમાર શુક્લ, બેંતાલીસમાં ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ અને અમદાવાદ, પુનઃમુદ્રણ - ડિસેમ્બર 1992
- જયકુમાર શુક્લ, ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ અને અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - 1993
- જયકુમાર શુક્લ, બેંતાલીસમાં અમદાવાદ, પંચવટી મણિનગર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - 1988
- મહેબુબભાઈ દેસાઈ - સૌરાષ્ટ્રની સ્વાતંત્ર્ય ઝંખના, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ, ગાંધીમાર્ગ, અમદાવાદ, મે - 1997
- મહેબુબભાઈ દેસાઈ, ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - 2001
- ઈશ્વરલાલ ઈ.દેસાઈ (સંપાદક), દાંડીયાત્રા, સ્વાતંત્ર્ય ઈતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત, પ્રથમ આવૃત્તિ - જુલાઈ - 1972
- ઈશ્વરલાલ ઈ.દેસાઈ (સંપાદક), સ્વાતંત્ર્ય સંગ્રામ, સ્વાતંત્ર્ય ઈતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત, પ્રથમ આવૃત્તિ - માર્ચ - 1975
- ઈશ્વરલાલ ઈ.દેસાઈ (સંપાદક), આઝાદીના ઘડવૈયા, સ્વાતંત્ર્ય ઈતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત, પ્રથમ આવૃત્તિ - માર્ચ - 1973
- ઈશ્વરલાલ ઈ.દેસાઈ (સંપાદક), બારડોલી સત્યાગ્રહ, સ્વાતંત્ર્ય ઈતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત, પ્રથમ આવૃત્તિ - ઓક્ટોબર -1970
- ગુજરાત સંભારણાં, સ્વાતંત્ર્ય પર્વ, સુવર્ણ જયંતિ વિશેષાંક, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, 1998

## એકમ : 11

## સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય : ઈ.સ.1948 થી 1956

:: રૂપરેખા::

**11.0** ઉદ્દેશો

**11.2** પ્રસ્તાવના

**11.3** વિલીનીકરણ

- **11.3.1** સૌરાષ્ટ્રના રાજ્યોનું વિલીનીકરણ
- **11.3.2** જૂનાગઢ રાજ્યનું વિલીનીકરણ
- **11.3.3** પ્રાદેશિક એકીકરણ

**11.4** સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય

- **11.4.1** બંધારણ સભા અને ધારાસભા
- **11.4.2** પ્રધાનમંડળો
- **11.4.3** વહીવટીતંત્ર

**11.5** સૌરાષ્ટ્ર રાજ્યની આર્થિક સ્થિતિ

- **11.5.1** જમીન સુધારણા
- **11.5.2** ખેતી
- **11.5.3** ઉદ્યોગો
- **11.5.4** બૅન્કો
- **11.5.5** સહકારી પ્રવૃત્તિઓ
- **11.5.6** વાહન વ્યવહારના સાધનો
- **11.5.7** સંદેશા વ્યવહારના સાધનો

**11.6** સૌરાષ્ટ્ર રાજ્યની સામાજિક સ્થિતિ

**11.7** સૌરાષ્ટ્ર રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ

**11.8** સારાંશ

**11.9** ચાવીરૂપ શબ્દો

**11.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**11.11** સંદર્ભ સૂચિ

## 11. 0 ઉદ્દેશો

**આ પ્રકરણના અભ્યાસ પછી જાણી શકશો**

- *સૌરાષ્ટ્રના રાજ્યોનું અને જૂનાગઢ રાજ્યનું વિલીનીકરણ*
- *સૌરાષ્ટ્ર સ્વતંત્ર્ય રાજ્યની બંધારણસભા - ધારાસભા, પ્રધાનમંડળો અને વહીવટીતંત્ર*
- *સૌરાષ્ટ્ર રાજ્યની આર્થિક સ્થિતિ*
- *સૌરાષ્ટ્ર રાજ્યની સામાજિક સ્થિતિ*
- *સૌરાષ્ટ્ર રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ*

## 11.2 પ્રસ્તાવના

15*મી ઓગસ્ટ* 1947 *ના રોજ ભારત આઝાદ થતાં દેશી રાજ્યોના પ્રશ્નોના ઉકેલ માટે રિયાસતી ખાતાની સ્થાપના કરવામાં આવી હતી. કુલ* 562 *દેશી રાજ્યોમાંથી* 222 *સૌરાષ્ટ્રના હતા. તેના વિલીનીકરણ અંગે રિયાસતી ખાતાની યોજના સાથે રાજવીઓ સંમત થતાં સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય રચવામાં આવ્યું હતુ.*

## 11.2 વિલીનીકરણ

*રિયાસતી ખાતાના સચિવ તરીકે વી.પી. મેનન અને પ્રધાન તરીકે કોંગ્રેસના સરદાર વલ્લભભાઈ પટેલ અને મુસ્લિમ લીગના અબ્દુલ રબ નિસ્તાર હતા. લોર્ડ માઉન્ટબેટન, સરદાર વલ્લભભાઈ પટેલ અને વી.પી.મેનને* 40 *દિવસનાં સમયગાળામાં મોટા ભાગના દેશી રાજ્યો સાથે સંરક્ષણ, વિદેશનીતિ અને સંદેશા વ્યવહાર જેવા ત્રણ વિષયો અંગેના યથાસ્થિતિ કરાર અને જોડાણખત ઉપર સહી કરવામાં સફળતા મેળવી હતી. માત્ર હૈદરાબાદ, કાશ્મીર અને જૂનાગઢ રાજ્યોએ ભારત સાથે જોડાવાનો કરાર કર્યો નહતો.*

### 11.2.1 સૌરાષ્ટ્રના રાજ્યોનું વિલીનીકરણ :

*સૌરાષ્ટ્રમાં* 14 *સલામીવાળા રાજ્યો,* 17 *બિનસલામીવાળા રાજ્યો અને* 191 *નાનાં રાજ્યો કે તાલુકા મળી કુલ* 222 *રાજ્યો હતા. તા.* 15-1-48*ના રોજ ભાવનગરમાં જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના થઈ. સૌરાષ્ટ્રના રાજકીય આગેવાનો, સરદાર વલ્લભભાઈ, સચિવ વી.પી.મેનને રાજવીઓ સાથે મંત્રણા કરી અને નાનાં મોટાં બધા રાજ્યોનું એક સંયુક્ત રાજ્ય રચવાનો નિર્ણય લેવાયો. ભાવનગર અને ધ્રાંગધ્રાના રાજવીઓએ તેને સમર્થન આપ્યું. સરદાર વલ્લભભાઈએ માન અને મરતબો જળવાશે એવી ખાતરી આપતા નવાનગરના જામસાહેબ અને બીજા રાજ્યો તેમાં જોડાવા સંમત થયા. તા.*22-1-1948*ના રોજ રાજકોટમાં જૂની બ્રિટિશ કોઠીમાં સૌરાષ્ટ્રના બધા રાજવીઓ ભેગા થયા અને સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય રચવાના કરારપત્ર પર જૂનાગઢ સિવાયના રાજ્યોએ સહીઓ કરી. કરારપત્ર પર સલામીવાળા*

અને બિનસલામીવાળા રાજ્યોના રાજવીઓએ જ સહી કરવાની હતી. નાનાં રાજ્યો અને જાગીરોના શાસકોએ કબૂલાત ઉપર સહી કરવાની હતી.

**11.2.2 જૂનાગઢ રાજ્યનું વિલીનીકરણ :**

જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી. તેના પગલે માણાવદરે પણ પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો. માંગરોળના શેખે સ્ટેન્ડ સ્ટિલના કરાર પર સહી કરી આપી. જૂનાગઢમાં બહુમતી હિંદુ પ્રજા પર ત્રાસ શરૂ થયો અને લોકો હિજરત કરવા લાગ્યા. જૂનાગઢના તાબાના બાવન ગામો ધરાવતા બાબરિયાવાડના ગરાસદારોએ ભારત સંઘમાં જોડાવાના કરાર પર સહી કરી. જૂનાગઢે બાબરિયાવાડ કબજે કરવા લશ્કર મોકલ્યું. ભારત સરકારે લશ્કર મોકલી આપ્યું. આ દરમિયાન પ્રજાકીય લડતને વેગ મળ્યો. તા.25મી ઓગસ્ટે રાજકોટમાં મળેલી કાઠિયાવાડ રાજકીય પરિષદે એક સંરક્ષણ સમિતિ નિયુક્ત કરી. તા. 25-9-1947ના રોજ મુંબઈમાં મળેલી સભામાં જૂનાગઢની (કામચલાઉ સરકાર) આરઝી હકૂમતની રચના કરવામાં આવી. જેના પ્રમુખ શામળદાસ ગાંધી બન્યા. અન્ય પ્રધાનોમાં દુર્લભજી ખેતાણી, મણિલાલ દોશી, ભવાનીશંકર ઓઝા, નરેન્દ્ર નથવાણી, સુરગભાઈ વરુ અને શ્રીમતી પુષ્પાબહેન મહેતા હતા. જૂનાગઢને સ્વતંત્ર કરવા માટે રચાયેલી સેના લોકસેના કે મુક્તિફોજ તરીકે ઓળખાતી હતી. જેના સરસેનાપતિ રતુભાઈ અદાણી હતા.

ભારત સરકાર સાથે જોડાયેલા કાઠિયાવાડના દેશી રાજ્યોના રક્ષણ માટે સરકારે બ્રિગેડિયર ગુરુદયાલસિંઘના નેતૃત્વ નીચે કાઠિયાવાડ સંરક્ષક દળની રચના કરી હતી. સરકારે પોલીસ પગલાં લઈ તા.3-10-1947ના રોજ સરદારગઢ અને બાંટવા, તા. 23-10-47ના રોજ માણાવદર અને તા. 1-11-47ના રોજ બાબરિયાવાડ તથા માંગરોળ કબજે કરી ત્યાં મેનેજમેન્ટ સ્થાપ્યું. આ કાર્યથી આરઝી હકૂમતમાં ઉત્સાહમાં વધારો થયો. તેણે તા. 24-10-47 થી 10-11-47 સુધી માત્ર 18 દિવસમાં જૂનાગઢના 106 ગામો કબજે કરી લીધા.

જૂનાગઢના નવાબ કુટુંબ સાથે ૨૪મી ઓક્ટોબર 1947ના રોજ વિમાન માર્ગે કરાંચી નાસી ગયા હતા. દિવાન ભુટ્ટોએ જૂનાગઢ રાજ્યનો વહીવટ ભારત સરકારને સોંપી દેવાની લેખિત જાણ કરી. ભારત સરકાર વતી પ્રાદેશિક કમિશ્નર નિલમ બૂચે તા.9 નવેમ્બર 1947ના રોજ જૂનાગઢ પહોંચી તેનો કબજો લીધો. તા. 20-2-48ના રોજ જૂનાગઢ રાજ્ય ઉપરાંત સરદારગઢ, બાંટવા, માણાવદર, બાબરિયાવાડ અને માંગરોળમાં લોકમત લેવાયો. જેમાં બહુમત ભારત સંઘમાં જોડાવાની તરફેણમાં આવ્યો. તા.1 જૂન 1948ના રોજ ત્રણ સભ્યોની બનેલી કાઉન્સિલે પ્રાદેશિક કમિશ્નરની દેખરેખ નીચે વહીવટ કર્યો. સૌરાષ્ટ્રની બંધારણ સભા માટે જૂનાગઢ અને પાંચ રાજ્યોના ચૂંટાયેલા સભ્યોના નિર્ણય મુજબ સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યમાં જોડી દેવામાં આવ્યા.

**11.2.3 પ્રાદેશિક એકીકરણ :**

*સૌરાષ્ટ્ર રાજ્યની રચના થયા પછી સૌ પ્રથમ જુદા જુદા દેશી રાજ્યોના પ્રદેશો પોતાને હસ્તક કરવાની કામગીરી સરકારે કરી. સૌ પ્રથમ ભાવનગર, ચૂડા અને બજાણાના રાજ્યોએ અને સૌથી છેલ્લે નવાનગર (જામનગર) રાજ્યે પોતાનો વહીવટ સૌરાષ્ટ્ર રાજ્યને સોંપી દીધો. તા.*15-4-48 *સુધીમાં બધા રાજ્યો સોંપાઈ જતા સૌરાષ્ટ્ર રાજ્યનો ખરો વહીવટ શરૂ થયો. તેથી ૧૫ એપ્રિલનો દિવસ 'સૌરાષ્ટ્ર દિન' તરીકે ઉજવવાનું શરૂ થયું.*

**11.3 સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય :**

*સૌરાષ્ટ્રના દેશી રાજ્યોના એકીકરણ પછી* 15-2-48 *ના રોજ નવા રચાયેલા રાજ્યનું નામ 'કાઠિયાવાડનું સંયુક્ત રાજ્ય' રાખવામાં આવ્યું હતું. પરંતુ બીજે દિવસે* 16-2-48*ના રોજ તેનું નામ બદલીને 'સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય' રાખ્યું. જે પાછળથી તા.* 26-1-50 *થી 'સૌરાષ્ટ્ર રાજ્ય' રાખવામાં આવ્યું. જે છેક સુધી* 31-10-56 *સુધી ચાલુ રહ્યું. આ રાજ્યની કામચલાઉ રાજધાની રાજકોટને જ કાયમી રાજધાની રાખવામાં આવી.*

11.3.1 *બંધારણ સભા અને ધારાસભા :*

*નવેમ્બર* 1948*માં બંધારણ સભાની* 45 *બેઠકો માટે ચૂંટણી કરવામાં આવી. જેમાં કોંગ્રેસ પક્ષ* 41 *બેઠકો મેળવી વિજયી બન્યો. તા.*24-1-49*ના રોજ સૌરાષ્ટ્ર રાજ્યની બંધારણ સભા અસ્તિત્વમાં આવી. બંધારણ સભાની ચાર બેઠકો મળી હતી. બંધારણ સભાનું વિસર્જન કરી* 20-1-50 *થી સૌરાષ્ટ્રની ધારાસભામાં પરિવર્તિત કરવામાં આવી હતી. આ ધારાસભા માર્ચ* 1952 *સુધી રહી હતી. ફેબ્રુઆરી* 1952*માં સામાન્ય ચૂંટણીઓ યોજી* 60 *સભ્યોની ધારાસભાની રચના કરવામાં આવી. તા.* 19-01-50 *ના રોજ બંધારણ સભાની છેલ્લી બેઠકમાં હિંદની બંધારણ સભાએ ઘડેલા બંધારણને સ્વીકારવાનો ઠરાવ સર્વાનુમતે થયો હતો. હિંદના બંધારણમાં સૌરાષ્ટ્ર રાજ્યનો બી વર્ગના રાજ્યોમાં સમાવેશ કર્યો હતો.*

11.3.2 *પ્રધાનમંડળો*

*સૌરાષ્ટ્રના સંયુક્ત રાજ્યનો કારોબાર ચલાવવા માટે ત્રણ સભ્યોનું એક પ્રધાનમંડળ (રાજવી મંડળ) બનાવવામાં આવ્યું હતું. જેમાંથી રાજ્યના વડા તરીકે રાજપ્રમુખ અને ઉપરાજપ્રમુખ નિમાયા હતા. રાજપ્રમુખ તરીકે નવાનગરના જામસાહેબ અને ઉપરાજપ્રમુખ તરીકે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી નિમાયા હતા. ત્રીજા સભ્ય ધ્રાંગધ્રાના મહારાજા મયૂરધ્વજસિંહજી હતા. સૌરાષ્ટ્રની બંધારણ સભાએ ઘડેલું બંધારણ રાજપ્રમુખની મંજૂરીથી અસ્તિત્વમાં ના આવે ત્યાં સુધી કાયદો ઘડવાની સત્તા રાજપ્રમુખ પાસે રહેવાની હતી. કરારનામા જોગવાઈ નીચે*

*રચાયેલા મતદાર મંડળે સર્વાનુમતે શ્રી ઉ.ન.ઢેબરને કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ચૂંટ્યા. રાજપ્રમુખના આમંત્રણથી શ્રી ઉ.ન.ઢેબરે પોતાના પ્રધાનમંડળની રચના કરી.*

*સૌરાષ્ટ્રના પ્રથમ પ્રધાનમંડળમાં શ્રી ઉછંગરાય ઢેબર - મુખ્યમંત્રી, બળવંતરાય મહેતા - નાયબ મુખ્યમંત્રી, નાનાભાઈ ભટ્ટ - શિક્ષણમંત્રી, રસિકલાલ પરીખ - ગૃહમંત્રી, જગજીવન પરીખ - નાણાંમંત્રી, મનહરલાલ શાહ - વેપાર ઉદ્યોગ પ્રધાન હતા. ઈ.સ.*1952*ની ચૂંટણીમાં કોંગ્રેસને બહુમતી મળી. રાજપ્રમુખ જામસાહેબે શ્રી ઉછંગરાય ઢેબરને મુખ્યમંત્રી તરીકે અને અન્ય સાત પ્રધાનો - રસિકલાલ પરીખ, મનહરલાલ શાહ, જાદવજી મોદી, ગિરધરલાલ કોટક, દયાશંકર દવે, ઘનશ્યામલાલ ઓઝા, રતુભાઈ અદાણીની* 28-02-1952 *થી નિમણૂક કરી હતી. શ્રી ઉછંગરાય ઢેબરે મુખ્યમંત્રી તરીકે* 20-12-1954*ના રાજીનામું આપતા શ્રી રસિકલાલ પરીખ મુખ્યમંત્રી બન્યા. તેમના પ્રધાનમંડળમાં ગિરધરલાલ કોટક સિવાયના છ પ્રધાનો અને બે નાયબપ્રધાનો - શ્રીમતી જયાબહેન શાહ અને કેશવજીભાઈ પટેલ હતા. આ પ્રધાનમંડળ તા.* 01-11-1956*ના દિવસે સૌરાષ્ટ્ર રાજ્યનું દ્વિભાષી મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું ત્યાં સુધી હતું.*

11.3.3 *વહીવટીતંત્ર*

*બધા પ્રદેશો સૌરાષ્ટ્ર રાજ્યમાં જોડાઈ જતાં રાજ્યને પાંચ જિલ્લાઓમાં વહેંચી નાંખવામાં આવ્યું હતું.* (1) *ઝાલાવાડ જિલ્લો - વડુ મથક સુરેન્દ્રનગર* (2) *ગોહિલવાડ જિલ્લો - વડુમથક ભાવનગર* (3) *હાલાર જિલ્લો - વડુમથક જામનગર* (4) *મધ્ય સૌરાષ્ટ્ર જિલ્લો -વડુમથક રાજકોટ* (5) *સોરઠ જિલ્લો - વડુમથક જૂનાગઢ. જિલ્લાઓને* 18 *સબડિવિઝન,* 38 *તાલુકા,* 22 *મહાલ અને* 2 *પેટામહાલમાં વહેંચવામાં આવ્યા હતા.*

*દરેક જિલ્લાના વડા અમલદાર તરીકે કલેક્ટર નીમવામાં આવ્યા હતા. સબડિવિઝનમાં ડેપ્યુટી કલેક્ટર અને તેની નીચે તાલુકામાં મામલતદાર અને મહાલમાં મહાલકરી નિમાયા હતા. ગ્રામ પંચાયત પ્રવૃત્તિને વિકસાવવા માટે સૌરાષ્ટ્ર ગ્રામપંચાયત મધ્યસ્થ મંડળની સ્થાપના કરવામાં આવી હતી. પંચાયતોને એ, બી, સી એવા ત્રણ વર્ગમાં વહેંચવામાં આવી હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

**1. જૂનાગઢ રાજ્યના વિલીનીકરણ વિશે જણાવો.**

**2. ખાલી જગ્યા પૂરો.**

(1) *સૌથી છેલ્લે ...... રાજ્યે પોતાનો વહીવટ સૌરાષ્ટ્ર રાજ્યને સોંપ્યો.*

(2) *...... નો દિવસ સૌરાષ્ટ્ર દિન તરીકે ઉજવવાનું શરૂ થયું.*

(3) *બંધારણ સભાની ...... બેઠકો મળી હતી.*

(4) *સૌરાષ્ટ્ર રાજ્યનું ...... રાજ્યમાં વિલીનીકરણ થયું.*

## 11.4 સૌરાષ્ટ્ર રાજ્યની આર્થિક સ્થિતિ

### 11.4.1 જમીન સુધારણા :

*સૌરાષ્ટ્ર રાજ્યે તા.*15-4-48*ના રોજ એક ઘોષણા કરી. જે મુજબ 'ખેડે તેની જમીન'ના સિદ્ધાંત મુજબ ખાલસા જમીનના ખેડૂતોને કોઈ પણ પ્રકારના વળતર લીધા વગર જમીનના કબજા હક આપવામાં આવ્યા. રાજ્યમાં (વિઘોટી) રોકડ મહેસૂલની પદ્ધતિ દાખલ કરવામાં આવી અને બીજા* 90 *કરતા પણ વધારે કરવેરાઓ તથા અન્યાયી વેઠપ્રથા નાબૂદ કર્યા. વળી જમીનસુધારણાના કાયદાઓ* (1) *ગણોતિયા રક્ષક વટહુકમ, મે* 1948 (2) *સૌરાષ્ટ્ર જમીનદારો અને ગણોતિયા જમીન વિવાદ સમાધાન વટહુકમ,*1948 (3) *સૌરાષ્ટ્ર ગણોત રક્ષણ (સંશોધન) વટહુકમ,*1948 (4) *સૌરાષ્ટ્ર હંગામી હકાલપટ્ટી મુલતવી વટહુકમ,*1949 (5) *સૌરાષ્ટ્ર ઘરખેડ સમાધાન અને ખેતીવાડીની જમીનનો વટહુકમ, જુલાઈ* 1949 *અમલમાં મુક્યા.* 13-5-1950*ના રોજ સૌરાષ્ટ્ર કૃષિ સુધારા પંચ નીમ્યું. પંચની ભલામણોને અમલમાં મૂકવા ત્રણ કાયદાઓ* (1) *સૌરાષ્ટ્ર જમીન સુધારા ધારો* - 1951 (2) *સૌરાષ્ટ્ર બારખલી નાબૂદી કાયદો* - 1951 (3) *સૌરાષ્ટ્ર જાગીર પ્રાપ્તિ ધારો*-1952 *અમલી કર્યા.*

### 11.4.2 ખેતી :

*ઈ.સ.* 1951*માં સૌરાષ્ટ્રમાં કુલ વસ્તીના* 46.62 *ટકા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. સૌરાષ્ટ્રમાં જુવાર, બાજરી, ઘઉં, ચોખા, મકાઈ, ચણા, કઠોળ, શેરડી, તેલીબિયાં, કપાસ વગેરેનું ઉત્પાદન થતું હતું. અનાજની દૃષ્ટિએ ખાદ્યવાળુ રાજ્ય હતું. તેથી 'વધુ અનાજ ઉગાડો'ની ઝુંબેશ ઉપાડવામાં આવી હતી. પરવાના વિના અનાજની આયાત-નિકાસ તથા હેરફેર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વળી, જમીન સુધારણા, સિંચાઈ, સારા બિયારણ, ખાતર, સુધારેલા ઓજારો, પશુસંવર્ધન તથા અન્ય પગલાઓ દ્વારા ખેતી સુધારણા ક્ષેત્રે કામગીરી કરવામાં આવી હતી. પ્રથમ પંચવર્ષીય યોજનામાં ખેતીવાડી અને જળસિંચનને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રમાં* 1948-49 *અને* 1950-51 *માં દુકાળ પડ્યા હતા. જેના માટે દુકાળ નિવારણ રાહત નિધિની સ્થાપના કરવામાં આવી હતી.*

**11.4.3 ઉદ્યોગો :**

- *કાપડ ઉદ્યોગ ક્ષેત્રે ઈ.સ.* 1950 *માં અને* 1953*માં સૌરાષ્ટ્રમાં સુતરાઉ કાપડની* 11 *મિલો હતી. જે* 11 *હજાર લોકોને રોજી આપતી હતી. જામનગરમાં દિગ્વિજય વુલન મિલ* 1948*માં સ્થપાઈ હતી.*
- *સૌરાષ્ટ્રમાં મગફળી માંથી તેલ કાઢનારી લગભગ* 225 *જેટલી તેલ મિલો હતી. ખોળમાંથી તેલ કાઢવા માટેની સોલ્વન્ટ એક્સ્ટ્રેક્શન ઓફ ઓઈલ મિલ વરતેજમાં હતી. વનસ્પતિ ઘી બનાવવાના કારખાના ભાવનગર, મોરબી અને પોરબંદરમાં હતા.*
- *સૌરાષ્ટ્રમાં મીઠાના* 13 *કારખાના હતા. મીઠા ઉદ્યોગ માટેની તજજ્ઞ સમિતિએ આપેલા અહેવાલના અનુસંધાનમાં સૌરાષ્ટ્ર સરકારે પગલાં લીધા. તેથી* 18 *નવા કારખાના સ્થપાયા હતા.*1954*માં ભાવનગરમાં કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થઈ હતી.*
- *મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે સરકારે મત્સ્ય વિભાગની સ્થાપના કરી હતી. આ ઉપરાંત નિષ્ણાંતોને તાલીમ આપવાની યોજના કરવામાં આવી હતી. વેરાવળ બંદર શ્રેષ્ઠ મત્સ્ય બંદર ગણાય છે.*
- *જામનગર પાસેના સિક્કામાં સ્થપાયેલા સિમેન્ટના કારખાનાએ* 1948*થી ઉત્પાદન શરૂ કર્યું હતું.*
- *પોટરી ઉદ્યોગ ક્ષેત્રે* 1950*માં શિહોરમાં ખોડિયાર પોટરી વર્ક્સ સ્થપાયું. ચોરવાડમાં કાઠિયાવાડ ઈન્ડસ્ટ્રીઝ અને જામનગરમાં દિગ્વિજય ટાઈલ્સ એન્ડ પોટરી વર્ક્સ મુખ્ય હતા.*
- 1951*માં જામનગરમાં ન્યૂભારત એન્જિનિયરિંગ વર્ક્સ સ્થપાયું હતું. રાજ્યના ખનીજોના મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ શકે તેની શક્યતા વિચારવા સૌરાષ્ટ્ર માઈનિંગ એન્ડ ક્વૉરી ડેવલપમેન્ટ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.*
- *સૌરાષ્ટ્ર સરકારે નવેમ્બર* 1953*માં ત્રણ મંડળો - શ્રી સૌરાષ્ટ્ર ખાદી ગ્રામોપેગ મંડળ, શ્રી સૌરાષ્ટ્ર હાથશાળ મંડળ અને શ્રી સૌરાષ્ટ્ર નાના ઉદ્યોગ અને હુન્નરકલા મંડળની રચના કરી હતી. ઔપેગિક ઉત્પાદન ક્ષેત્રે* 1949 *થી* 1955 *ના વર્ષો દરમિયાન મહત્ત્વના બધા ઉદ્યોગોના ક્ષેત્રે નોંધપાત્ર વધારો થયો હતો.*
- *સૌરાષ્ટ્ર રાજ્યે* 1948*માં કારખાનાનો એક્ટ અને* 1949*માં ટ્રેડ યુનિયનનો કાયદો લાગુ કર્યો હતો. સૌરાષ્ટ્ર સરકારે મજૂરોના કલ્યાણ માટે અનેક કાયદાઓ ઘડ્યા હતા. કામના કલાકો, વેતન, રજાઓના ધોરણો, અકસ્માત થાય તો વળતરના કાયદાઓ, નિમણૂક, ફરજ મુક્તિ અંગેના કાયદા ઘડવામાં આવ્યા હતા. ઓગસ્ટ,* 1950*માં રાજકોટમાં રોજગાર વિનિમય કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી.*

**11.4.4 બેન્કો :**

*તા.*1-7-1950*ના રોજ ભાવનગર, રાજકોટ, પોરબંદર, પાલિતાણા, વડિયાની દરબાર બેન્કોનું વિલીનીકરણ કરી સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની રચના કરવામાં આવી હતી.* 1956*માં તેની કુલ બાવન શાખાઓ કામ કરતી હતી.*

**11.4.5 સહકારી પ્રવૃત્તિઓ :**

*સહકારી ખાતાની કરવામાં આવેલી રચના દ્વારા ખેતી વિષયક શરાફી મંડળીઓ કે વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવી હતી. પંચવર્ષીય યોજનાના પ્રારંભે સૌરાષ્ટ્રમાં કુલ* 689 *સહકારી મંડળીઓ હતી. સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા સરકારે સૌરાષ્ટ્ર રાજ્ય મધ્યસ્થ સહકારી બેન્ક લિમિટેડ અને સૌરાષ્ટ્ર સેન્ટ્રલ કો - ઓપરેટીવ લેન્ડ મોર્ટગેજ બેન્ક લિમિટેડ સ્થાપી હતી.*

**11.4.6 વાહન વ્યવહારના સાધનો :**

- *રસ્તાઓ :* 1948*માં કુલ* 3035 *માઈલના રસ્તા અને* 1956*માં* 5088 *માઈલના રસ્તા હતા.*
- *રેલવે : સૌરાષ્ટ્રની રેલવેમાં બ્રોડગેજ, મીટરગેજ અને નેરોગેજ એમ ત્રણ પ્રકારના હતા.* 1948*માં કુલ* 1400 *માઈલની રેલવેલાઈન હતી. નવેમ્બર* 1951*માં કેન્દ્ર સરકારે સૌરાષ્ટ્રની રેલવેનો કબજો લઈ તેને વેસ્ટર્ન રેલવે સાથે જોડી દીધી.*
- *બંદરો : બંદરોને પાંચ વિભાગમાં સંગઠન કરી એક કેન્દ્રીય બંદરી સંગઠન નીચે મૂકવામાં આવ્યા હતા. બંદરો ઉપરનો કસ્ટમનો વહીવટ જુલાઈ* 1948 *થી કેન્દ્ર સરકારને સોંપાઈ ગયો હતો. ફેબ્રુઆરી* 1950 *થી સમગ્ર સૌરાષ્ટ્રમાં એક સમાન પોર્ટ ચાર્જ નક્કી કરાયો હતો. સૌરાષ્ટ્રના બંદરોએથી થતી આયાતમાં લાકડું, કપાસિયા, અનાજ, દાળો, કોલસા, ખનીજતેલ, ખાંડ વગેરે અને નિકાસમાં મીઠું, સિમેન્ટ, ખોળ, તેલીબિયાં, મગફળીનું તેલ, ડુંગળી વગેરેનો સમાવેશ થતો હતો.*
- *હવાઈ માર્ગ : આઝાદી સમયે* 1947-48*માં સૌરાષ્ટ્રમાં કુલ છ એરોડ્રામ અને આઠ હવાઈ ઉત્તરાણપટ્ટીઓ હતી.* 1-4-1950 *થી બધા એરોડ્રામનો વહીવટનો કેન્દ્ર સરકારે સંભાળી લીધો હતો.*
- *રોડ ટ્રાન્સપોર્ટ : સૌરાષ્ટ્ર રાજ્ય સરકારે પ્રાદેશિક વાહનવ્યવહાર ખાતાની રચના કરી હતી.* 1956*માં સૌરાષ્ટ્ર રોડ ટ્રાંસપોર્ટ કોર્પોરેશનની કાયદાથી સ્થાપના કરવામાં આવી હતી. રાજ્યમાં પેસેન્જર બસ હતી. તે શહેર અને ગામડાને સગવડ આપતી હતી.*

**11.4.7 સંદેશા વ્યવહારના સાધનો :**

1948*માં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં દેશી રાજ્યોની દરબારી પોસ્ટ ઓફિસ રાજ્ય હસ્તક આવી હતી. ટપાલખાતાની નાની બચત યોજનાને રાજ્ય તરફથી ખાસ પ્રોત્સાહન અપાતું હતું. તા.* 1*લી એપ્રિલ* 1950 *થી ટેલિફોન તંત્ર કેન્દ્ર સરકારના તાર-ટપાલખાતાએ સંભાળી લીધું હતું.*

- **તમારી પ્રગતિ ચકાસો - 2**

**1.સૌરાષ્ટ્ર સરકારે કરેલી જમીન સુધારણાની માહિતી આપો.**

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

____________________________________________________________

**2. સૌરાષ્ટ્ર રાજ્યની ખેતી વિશે પાંચ વાક્યો લખો.**

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

____________________________________________________________

**3. ખરાં - ખોટા જણાવો.**

(1) *જામનગરમાં દિગ્વિજય વૂલન મિલ સ્થપાઈ હતી.*

(2) *વેરાવળનું બંદર શ્રેષ્ઠ મત્સ્ય બંદર ગણાય છે.*

## 11.5 સૌરાષ્ટ્ર રાજ્યની સામાજિક સ્થિતિ

1951*માં સૌરાષ્ટ્રનું કુલ ક્ષેત્રફળ* 21451 *ચો.મા. અને વસ્તી* 4137359 *હતી. જેમાં* 2094442 *પુરુષો અને* 2042917 *સ્ત્રીઓ હતી.* 1951*માં* 4342 *ગામડાઓ અને* 85 *શહેરો હતા. કુલ વસ્તીના* 66.3 *ટકા લોકો ગ્રામવાસીઓ અને* 33.7 *ટકા લોકો શહેરવાસીઓ હતા.* 1951 *ની વસ્તીગણતરી પ્રમાણે સૌરાષ્ટ્રમાં વસ્તીની ગીચતા દર ચોરસ માઈલે* 193 *હતી. સૌરાષ્ટ્રમાં પુરુષો અને સ્ત્રીઓ* 26.28 *ટકા અને* 10.46 *ટકા સાક્ષર હતા.*

*દેશના* 1947*માં ભાગલા પડ્યા ત્યારે સ્થળાંતર કરીને આવેલા નિર્વાસિતોની સમસ્યા ઊભી થઈ હતી. બીજા રાજ્યોની જેમ સૌરાષ્ટ્રમાં પણ* 59787 *નિર્વાસિતો આવ્યા હતા. તેમને જમવાની, રહેવાની, કામધંધાની સગવડ કરવા માટે કેમ્પ ખોલવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે તેમને આશ્રય આપવા માટે 'નિરાશ્રિત સમિતિ' નીમી હતી. સરકારે તેમને આવાસ, વેપાર, ખેતી, શિક્ષણ, તાલીમ અંગે મદદ કરી પુનઃ વસવાટમાં સહાય કરી હતી. અસ્પૃશ્યતાનિવારણ માટે અને અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગોની સામાજિક તથા આર્થિક સ્થિતિ સુધારવા સરકારે પગલાં લીધા હતા. સૌરાષ્ટ્ર સરકારે ડિસેમ્બર, ૧૯૫૩માં પછાત વર્ગ બોર્ડની રચના કરી હતી. પ્રથમ પંચવર્ષીય યોજના દરમિયાન પછાત વર્ગના કલ્યાણ માટે શિક્ષણ, મકાન, બાંધકામ, છાત્રાલયો, સ્કોલરશીપ, ધંધાકીય તાલીમ, ટ્યૂશન અને પરીક્ષા ફી, પોશાક, નર્સિંગ, ઈન્ડસ્ટ્રિયલ હોમ, આરોગ્ય સેવા વગેરે ક્ષેત્રે જાગવાઈ કરી હતી. અનુસૂચિત*

*જનજાતિના ઉત્કર્ષ માટે ભારત સરકારે મંજૂર કરેલી નિવાસી શાળા, છાત્રવૃત્તિ, આરોગ્ય જાળવણી અંગે મદદ વગેરે યોજનાઓ અમલમાં મૂકાઈ હતી. માલધારીઓના પુનર્વસન અને ઉત્કર્ષ માટે સૌરાષ્ટ્ર સરકારને કાર્યનિષ્ઠ સમાજસેવિકા પુષ્પાબહેન મહેતાનો સક્રિય સહકાર મળ્યો હતો. સરકારે મહિલા ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી. સૌરાષ્ટ્રમાં મહિલા ઉત્કર્ષ માટેની સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં પુષ્પાબહેન મહેતાનું યોગદાન નોંધપાત્ર છે. તેમને* 1954*માં સૌરાષ્ટ્ર સમાજ કલ્યાણ બોર્ડ અધ્યક્ષ નીમવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્ર રાજ્યની સરકારે વેશ્યાવૃત્તિ અને સ્ત્રી વિક્રયના દૂષણને અટકાવવા* 1952*માં કાયદો ઘડ્યો હતો. છૂટાછેડા અંગેનો અને દ્વિપત્ની પ્રતિબંધક ધારો વિધાનસભામાં પસાર કર્યો હતો.* 1954*માં જ્ઞાતિ બહાર મૂકવાની પ્રથા અટકાવવા વિધેયક પસાર કર્યું હતું. સરકારે સંધી અને મિયાણાઓના ઉપરનાં નિયંત્રણો હતા તે હટાવ્યા હતા.*

## 11. 6 સૌરાષ્ટ્ર રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ

**કેળવણી :** *ઈ.સ.*1947-48*માં પ્રાથમિક શાળાઓ* 2124, *તેમાં અભ્યાસ કરતા વિપર્થીઓ* 169140 *અને તાલીમ પામેલા શિક્ષકો* 843 *હતા. તે* 1955-56*માં અનુક્રમે* 3500, 400000 *અને* 3880 *થયા હતા. આ જ વર્ષમાં માધ્યમિક શાળાઓ- હાઈસ્કૂલો* 98, *વિપર્થીઓ* 42831 *હતા અને ચૌદ કૉલેજમાં* 2500 *વિપર્થીઓ અભ્યાસ કરતા હતા તથા પ્રૌઢ શિક્ષણ કેન્દ્ર* 13824 *હતા.* 1955*માં રાજકોટમાં અંધ, બહેરા, મૂંગા માટે મફત રહેવા, ભણવાની સગવડવાળી શાળા સ્થપાઈ હતી.*

*સૌરાષ્ટ્રમાં સણોસરામાં લોકભારતી, આંબલામાં ગ્રામ દક્ષિણામૂર્તિ, અલિયાબાડામાં ગંગાજળા વિપપીઠ, માંગરોળમાં શારદાગ્રામ સંસ્થા, રાજકોટમાં શામજી વેલજી વીરાણી હાઈસ્કૂલ, કડવીબાઈ વીરાણી કન્યા વિપલય વગેરે વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થઈ હતી.*

**પુસ્તકાલયો :** *સૌરાષ્ટ્ર રાજ્યની રાજધાની રાજકોટમાં એક પુસ્તકાલય સ્થાપવામાં આવ્યું હતું.* 1956*માં જિલ્લાઓના વડામથકોમાં જિલ્લા પુસ્તકાલય સ્થપાયા હતા.* 1948 *થી* 1956 *સુધી જિલ્લાઓમાં જુદા જુદા સ્થળોએ પુસ્તકાલયો સ્થપાયા હતા. ગામ વાંચનાલય માટે એકત્ર કરેલા લોકફાળા સામે સરકાર પણ તેટલી જ ગ્રાન્ટ આપતી હતી. પરિણામે ગામે-ગામે વાંચનાલયો શરૂ થયા હતા.*

**કલા :** 1953*માં રાજકોટમાં સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી નામની સ્વાયત્ત સંસ્થા સ્થપાઈ હતી. સરકારે સંગીત, નૃત્ય, નાટકના કલાકારોને સહાયરૂપ થવા દર વર્ષે પુરસ્કાર આપવાનું શરૂ કર્યું હતું. જે મુજબ માર્ચ* 1955*માં મુખ્ય પ્રધાનના હસ્તે કલાકારોને પારિતોષિકો અપાયા હતા.*

**પુરાતત્ત્વ :** *સૌરાષ્ટ્ર રાજ્યની રચના પછી પુરાતત્ત્વ ખાતાની રચના કરવામાં આવી હતી. જેના પ્રથમ વડા હરિલાલ આર.માંકડ અને પછી પી.પી.પંડ્યા નીમાયા હતા.*

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ખાતું, રાજ્યનું પુરાતત્વ ખાતું, વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને પૂનાની ડેક્કન કોલેજના વિદ્વાનોએ સૌરાષ્ટ્રમાં ઉત્ખન્ન કર્યા હતા. જેમાં રંગપુર, ઈંટવા-વિહાર, સોમનાથ મંદિર, વસઈ અને બેટ, અમરેલી, લાખાબાવળ અને આમરા, નગર ટીંબો (પ્રભાસ પાટણ) વગેરેનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર સરકારે સૌ પ્રથમ પ્રભાસપાટણમાં 1951માં મ્યુઝિયમની સ્થાપના કરી હતી. તેમાં પ્રભાસપાટણની સંસ્કૃતિનાં નમૂનાઓ સંગ્રહિત હોવાથી તેનું નામ પ્રભાસપાટણ મ્યુઝિયમ રખાયું છે.

**સોમનાથ મંદિરનું નવનિર્માણ :** ભારતના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો હતો. જૂના મંદિરના સ્થાને નવા મંદિરના બાંધકામ કરવા માટે જામસાહેબના પ્રમુખપદે સોમનાથ ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. જેના આશ્રયે મંદિરના નવનિર્માણની કામગીરી સ્થપતિ શ્રી પ્રભાશંકર સોમપુરાને સોંપાઈ હતી. તા.8-5-1950 ના રોજ સૌરાષ્ટ્રના રાજપ્રમુખ જામસાહેબ દિગ્વિજયસિંહજીના હસ્તે શિલાન્યાસ વિધિ થઈ. તા. 11-5-51ના રોજ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે મંદિરમાં જ્યોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

- **તમારી પ્રગતિ ચકાસો - 3**

**1. સૌરાષ્ટ્ર રાજ્યની સામાજિક સ્થિતિ વિશે જણાવો.**

_____________________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

_____________________________________________________________________

__________________________________________________________________

**2. જોડકાં જોડો**

| | |
|---|---|
| (1) અલિયાબાડા | (અ) પુસ્તકાલય |
| (2) રાજકોટ | (બ) ગંગાજળા વિપપીઠ |
| (3) પુરાતત્ત્વ ખાંતુ | (ક) જામ સાહેબ |
| (4) સોમનાથ ટ્રસ્ટ | (ડ) પી.પી.પંડ્યા |

## 11.8 સારાંશ

સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય તરીકેનું અસ્તિત્વ તા. 15-2-1948 થી તા.31-10-1956 સુધી એટલે કે 8 વર્ષ અને 8.5 મહિના સુધી રહ્યું. આ દરમિયાન તેણે વિવિધ ક્ષેત્રે સુધારાઓ અને પ્રજાકલ્યાણલક્ષી કાર્યો કરી નોંધપાત્ર વિકાસ સાધ્યો હતો. જેની આ પ્રકરણના અભ્યાસ પરથી જાણકારી મેળવી. તા. 1-11-1956ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યનો એક ભાગ બનતાં તેનાં સ્વતંત્ર રાજ્યનો અંત આવ્યો.

## 11.9 ચાવીરૂપ શબ્દો

*સ્ટેન્ડ સ્ટીલ કરાર* : *યથાસ્થિત કરાર, ના-ફેર કરાર.*

*સલામીવાળા રાજ્યો* :*બ્રિટિશ સરકારે મોટા રાજ્યોના રાજવીઓને તોપોની સલામી આપી સન્માન આપવાની પ્રથા શરૂ કરી હતી. આવા રાજ્યો સલામીવાળા રાજ્યો કહેવાતા.*

## 11.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

*ખાલી જગ્યા પૂરો.*

(1) *નવાનગર (જામનગર)* (2) 15 *મી એપ્રિલ*

(3) *ચાર* (4) *દ્વિભાષી મુંબઈ*

- **તમારી પ્રગતિ ચકાસો - 2**

*ખરાં - ખોટા જણાવો.* (1) *ખરું* (2) *ખરું*

- **તમારી પ્રગતિ ચકાસો - 3**

*જોડકાં જોડો*

*જવાબ :* (1-*બ*), (2-*અ*), (3 - *ડ*), (4 - *ક*)

## 11.11 સંદર્ભ સૂચિ


- *કુન્દનલાલ ધોળકિયા, સમયને સથવારે ગુજરાત,* 36 *ઓનલુકર બિલ્ડિંગ, ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ઓકટોબર,* 1991
- *શિવ પ્રસાદ રાજગોર, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કોલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1997, *દ્વિતીય આવૃત્તિ* - 1998
- *શિવ પ્રસાદ રાજગોર, ગુજરાત એક દર્શન, મહારાજા સયાજીરાવ વિશ્વ વિપલય વડોદરા, પ્રથમ આવૃત્તિ* - 1957
- *જયકુમાર શુક્લ, દેશી રાજ્યોનું વિલીનીકરણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃત્તિ* - 1989
- *મનુ રાવળ, ઉ.ન.ઢેબર એક જીવન કથા, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ, રાજકોટ, સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ, રાજકોટ, લોકસેવક શ્રી ઢેબરભાઈ સ્મારક ટ્રસ્ટ રાજકોટ, પ્રથમ આવૃત્તિ - નવેમ્બર* 1994
- *રતુભાઈ અદાણી, સોરઠની લોકક્રાંતિના વહેણ અને વમળ ભાગ* - 1, *માહિતીખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ત્રીજી આવૃત્તિ - જૂન* 1999

- હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ (સંપાદક), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, શેઠ ભોજે અધ્યયન સંશોધન વિપભવન આશ્રમરોડ અમદાવાદ વતી ગૂર્જર પ્રકાશન, 202, તિલકરાજ પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ, પહેલી આવૃત્તિ -1987, દ્વિતીય આવૃત્તિ- 2011
- રામલાલ પરીખ (સંપાદક), ગુજરાત એક પરિચય, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, 66મું અધિવેશન, ભાવનગર, જાન્યુઆરી-1961
- એસ.વી.જાની, સૌરાષ્ટ્રનો ઈતિહાસ ભાગ - 2, (1948 - 1956) દર્શક ઈતિહાસ નિધિ, 75, આસોપાલવ, થલતેજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - 2012

**એકમ : 12**

# ઈ.સ.1947 થી 1960 દરમિયાન બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાત

**:: રૂપરેખા::**

**12.0** ઉદ્દેશો
**12.1** પ્રસ્તાવના
**12.2** બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની રાજકીય સ્થિતિ
**12.2.1** બ્રિટીશ શાસન નીચેના પ્રદેશોનું અને દેશી રાજ્યોનું એકીકરણ
**12.2.2** રાજ્ય રચના
**12.3** રાજ્ય સરકારનું વહીવટીતંત્ર
**12.4** બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની આર્થિક સ્થિતિ
**12.4.1** જમીન વ્યવસ્થાની સુધારણા
**1 2.4.2** ખેતી
**12.4.3** ઉદ્યોગો
**12.4.4** વાહનવ્યવહાર
**12.5** બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની સામાજિક સ્થિતિ
**12.6** બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ
**12.7** સારાંશ
**12.8** શબ્દાવલિ
**12.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો
**12.10** સંદર્ભ

## 12.0 ઉદ્દેશો

*આ પ્રકરણના અભ્યાસથી જાણી શકાશે.*

- *બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની રાજકીય સ્થિતિ*
- *રાજ્ય સરકારનું વહીવટી તંત્ર*
- *બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની આર્થિક સ્થિતિ*
- *બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની સામાજિક સ્થિતિ*
- *બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ*

## 12.1 પ્રસ્તાવના

*1947ના ઓગસ્ટની 15મી તારીખે ભારત બ્રિટીશ શાસનમાંથી મુક્ત થયું, પરંતુ દેશી રાજ્યોના એકીકરણનો પ્રશ્ન વિકટ હતો. કચ્છ અને સૌરાષ્ટ્ર સિવાયનાં દેશી રાજ્યો અને બ્રિટીશ શાસન નીચેના પ્રદેશો પણ હતા. દેશી રાજ્યોને ભારત સંઘ સાથે જોડવાનું કપરું કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે કુશળતાપૂર્વક પાર પાડ્યું. આ પ્રકરણમાં આપણે બૃહ્દ મુંબઈ રાજ્ય હેઠળના ગુજરાતનો ઈ.સ. 1947 થી 1960 સુધીનો અભ્યાસ કરીશું.*

## 12.2 બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની રાજકીય સ્થિતિ

*આઝાદી પછી સૌ પ્રથમ દેશી રાજ્યોના પ્રશ્નને ઉકેલવામાં આવ્યો.*

### 12.2.1 બ્રિટિશ શાસન નીચેના પ્રદેશો અને દેશી રાજ્યોનું એકીકરણ :

- *બ્રિટીશ સરકારના સીધા શાસન નીચે ગુજરાતના પાંચ જિલ્લાઓ - અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત અને પંચમહાલ હતા. આ પાંચ જિલ્લા મુંબઈ રાજ્યની અંતર્ગત ગણાયા અને તેનો વહીવટ મુંબઈ રાજ્યની સરકારે સંભાળ્યો.*
- **ગુજરાતમાં** 16 *પૂર્ણ હકૂમતી અને* 127 *અર્ધ હકૂમતી અને બિન હકૂમતી રાજ્યો અને જાગીરોનો સમાવેશ થતો હતો. પૂર્ણ હકૂમતી રાજ્યોમાં રાજપીપળા, છોટાઉદેપુર, દેવગઢબારિયા, રાધનપુર વગેરે રાજ્યોનો સમાવેશ થતો હતો. જાગીરો અને તાલુકાઓના જોડાણની માંગણી કરતો ઠરાવ મહીકાંઠા પ્રજાસંઘે જાન્યુઆરી, 1948માં કર્યો. રાજપીપળાના મહારાજાના નિવાસ્થાને રાજાઓ સાથે લંબાણભરી ચર્ચાઓ થઈ. અંતે રાજપીપળાના મહારાજાએ એ રાજાઓ વતી તેમના રાજ્યોનું મુંબઈ રાજ્ય સાથે જોડાણ કરવાની સંમતિ આપી. જોડાણના દસ્તાવેજો પર રાજાઓએ સહીઓ કરી. 10 મી જૂન 1948ના રોજ મુંબઈ સરકારે આ રાજ્યોનો વહીવટ સંભાળી લીધો. અર્ધ હકૂમતી અને બિન હકૂમતી રાજ્યોના રાજાઓએ પણ તેમના પ્રદેશો મુંબઈ રાજ્ય સાથે જોડવાના કરારપત્ર પર સહીઓ કરી. ભારત સરકાર વતી પ્રાદેશિક કમિશ્નરે આ એકમોનો વહીવટ મુંબઈ રાજ્યને સોંપ્યો.*
- **દાંતા** - *ગુજરાતની ઉત્તરે આવેલા દાંતા રાજ્યના મહારાજાએ યુવરાજની તરફેણમાં સ્વેચ્છાએ ગાદી ત્યાગ કર્યો. નવા રાજાએ 15મી ઓક્ટોબર 1948 ના રોજ વિલિનીકરણના કરાર પર સહી કરી અને 6ઠ્ઠી નવેમ્બરે મુંબઈ સરકારે તેનો વહીવટ સંભાળી લીધો.*
- **ડાંગ** - *ડાંગ પ્રદેશમાં આઝાદી પૂર્વે 14 રાજાઓની સત્તા હતી. તેનો વહીવટ આહવાના ડેપ્યુટી પોલિટિકલ એજન્ટ કરતા હતા. 19-1-48 ના રોજ આ પ્રદેશને મુંબઈ રાજ્ય સાથે જોડી દીધો. ડાંગ મરાઠી ભાષી હોવાનો રાજકીય સ્તરે લેવાયેલા*

નિર્ણયનો વિરોધ થયો. છેવટે તેને અલગ જિલ્લો બનાવવામાં આવ્યો અને સ્વતંત્ર કલેક્ટરનું પ્રશાસન ગોઠવવામાં આવ્યું.

- **આબુ** - આબુ ગુજરાતની સાથે અનુબંધ ધરાવતો પ્રદેશ હતો. વાંસવાડા, ડુંગરપૂર, ઝાબુઆ, અલી રાજપુર રાજ્યોની ગુજરાતી ભાષી પ્રજા ગુજરાત સાથે જોડાણ ઈચ્છતી હતી, પણ આબુ અને દેલવાડા તહસીલનો ભાગ મુંબઈ રાજ્ય સાથે જોડી તેને બનાસકાંઠામાં મૂકવામાં આવ્યો. ૩૧ ઓક્ટોબર 1956 સુધી તે ગુજરાત સાથે જોડાયેલા રહ્યા પછી ફરીથી તેને રાજસ્થાનમાં મૂકવામાં આવ્યું.
- **વડોદરા** - વડોદરાના મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડે જોડાણખતમાં સહી કરી આપી પણ જૂનાગઢના નવાબે તેમના રાજ્યને પાકિસ્તાન સાથે જોડાયેલું જાહેર કર્યું. આ સંજોગોમાં પ્રતાપસિંહે સરદાર વલ્લભભાઈ પટેલને 2જી સપ્ટેમ્બર, 1947ના રોજ એક પત્ર લખી જણાવ્યું કે, સમગ્ર ગુજરાત અને કાઠિયાવાડમાં કાયદો અને વ્યવસ્થા તથા શાંતિ જળવાય તેની જવાબદારી લેવા વડોદરા રાજ્ય નીચેની શરતો એ તૈયાર છે. (1) ભારત સરકાર મહીકાંઠા, રેવાકાંઠા, સાબરકાંઠા, પાલનપુર, પશ્ચિમ ભારતનાં રાજ્યો અને ગુજરાત રાજ્યો પર જે સત્તા ભોગવે છે તે વડોદરા રાજ્યને સોંપે. (2) કટોકટીના સંજોગોમાં ભારત સરકાર વડોદરા રાજ્યને લશ્કરી મદદ કરે. (3) વડોદરાના મહારાજાને ગુજરાત અને કાઠિયાવાડના રાજા તરીકે જાહેર કરવા, જેથી તેમને સર્વોપરી સત્તા મળે. (4) વડોદરા રાજ્ય ભારત સરકારના વફાદાર મિત્ર રહે અને સંરક્ષણ, વિદેશની બાબતો, વાહન વ્યવહારને લગતી બાબતોમાં પોતાની ફરજ બજાવશે, એટલે વડોદરા ભારત સરકારના એક આવશ્યક અંગ તરીકે ચાલુ રહેશે.

આ પત્રના જવાબમાં સરદાર વલ્લભભાઈએ વડોદરાની મદદ નકારી અને પ્રદેશ વિસ્તારવાની મહત્વાકાંક્ષા તેમને માટે આફત નોતરશે તેવી ચેતવણી આપી. રાજ્યમાં જવાબદાર સરકાર માટેની ચળવળે વેગ પકડ્યો. આથી વી.પી.મેનન, દરબાર ગોપાળદાસ અને સર પ્રતાપસિંહ વચ્ચે થયેલી મંત્રણા બાદ વચગાળાનું પ્રધાનમંડળ રચવા કબૂલ થયા. ડૉ. જીવરાજ મહેતાને વચગાળાની સરકારના વડા તરીકે નીમ્યા પણ, બીજા પ્રધાનોના નામ નક્કી કર્યા વગર મહારાજા યુરોપ જતા રહ્યા. રાજ્યની તિજોરીમાંથી મોટી રકમો અને ઝવેરાત ઉપાડી લીધા હતા, તેથી ડૉ. જીવરાજ મહેતાએ ધારાસભા બોલાવી. જેમાં 58માંથી 51 સભ્યો હાજર હતા. તેમણે બે ઠરાવો પસાર કરી, મહારાજાએ પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો હોવાથી ગાદી ત્યાગ કરવા જણાવ્યું અને રૂપિયા સાડા ત્રણ કરોડથી વધારે વેડફી નાંખેલી રકમની તપાસ કરવા માટે એક સમિતિ નીમવા ભારત સરકારને વિનંતી કરી. આની જાણ મહારાજાને થતાં યુરોપથી પાછા આવ્યા. સરદાર અને વી.પી.મેનન સાથે મળીને મંત્રણાઓ કરી. આખરે 31મી જાન્યુઆરી, 1949ના દિવસે પ્રતાપસિંહે એમના રાજ્યના મુંબઈ રાજ્ય સાથેના જોડાણ અંગેનો નિર્ણય કર્યો. તા. 21મી માર્ચ, 1949 ના દિવસે મુબંઈ સરકારે રાજ્યનો વહીવટ સંભાળી લીધો.

**12.2.2 રાજ્ય રચના :**

*આઝાદી પછી સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાયનું ગુજરાત મુંબઈ રાજ્યમાં ભળ્યું. ડિસેમ્બર, 1953માં નિમાયેલા રાજ્ય પુનર્રચના પંચનો અહેવાલ ઓક્ટોબર, 1955માં પ્રકાશિત થયો. નવી રાજ્ય રચનામાં 14 રાજ્યો બનાવાયા હતા. મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ત્રણ રાજ્યોના બદલે દ્વિભાષી રાજ્ય (મરાઠી ભાષા અને ગુજરાતી ભાષા) નો સ્વીકાર થયો. તા. 1-11-1956ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એક થયા પરંતુ પ્રજાનું ગુજરાત રાજ્યનું સ્વપ્ન સાકાર ન થયું અને મહાગુજરાતનું આંદોલન થયું. આ આંદોલનની વિગતવાર માહિતી યુનિટ-13માં આપવામાં આવી છે. દ્વિભાષી મુંબઈ રાજ્ય 1-11-1956 થી 30-4-1960 સુધી રહ્યું. તા.1-5-1960ના રોજ મહારાષ્ટ્ર અને ગુજરાત બે અલગ રાજ્યોની રચના થઈ. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ.જીવરાજ મહેતા અને પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગ નિયુક્ત થયા.*

**12.3 રાજ્ય સરકારનું વહીવટીતંત્ર :**

*ભારત આઝાદ થયું ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાયનું ગુજરાત મુંબઈ રાજ્યનો એક ભાગ હતું. 1950માં દેશનું બંધારણ અમલમાં આવ્યું તે પહેલા રાજ્યોના મુખ્ય પ્રધાનો રાજ્યમાં વડાપ્રધાન કહેવાતા. શ્રી બાલાસાહેબ ખેર તે રીતે પંતપ્રધાન હતા. મુંબઈ રાજ્યમાં ધારાસભાના બે ગૃહો હતા. વિધાનસભા અને વિધાન પરિષદ. દ્વિભાષી મુંબઈ રાજ્યની વિધાન સભામાં કુલ 397 સભ્યો હતા. જેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના 132 સભ્યો હતા. જેઓ 1960 ના રાજ્ય પુર્નરચનાના કાયદા હેઠળ ગુજરાતની વિધાનસભાના સભ્યો બન્યા.*

*રાજ્યના બંધારણીય વડા તરીકે ગવર્નર નીમવામાં આવ્યા. રાજ્યને જિલ્લાઓમાં, પેટા વિભાગોમાં, તાલુકા કે મહાલોમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. જિલ્લાનો વહીવટી વડો કલેકટર અને ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ હતો અને પેટા વિભાગમાં સબડિવિઝનલ મેજીસ્ટ્રેટ હતા. નગર અને ગ્રામ એમ બે સ્થાનિક અંગો હતા. મોટા નગરોમાં કોર્પોરેશન અને નાના નગરોમાં મ્યુનિસિપલ કમિટીઓ અને બોર્ડઝ રચવામાં આવ્યા હતા. ગ્રામ પંચાયતો ઉપરાંત જિલ્લા કે તાલુકા બોર્ડઝ ગ્રામમાં વસતી પ્રજાની જરૂરિયાતનું ધ્યાન રાખવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.*

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

**1. આઝાદી પછી દેશી રાજ્યોનું થયેલું એકીકરણ સમજાવો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**2. ખાલી જગ્યા પૂરો.**

**(1)** *ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ............ બન્યા.*

**(2)** *મુંબઈ રાજ્યમાં ધારાસભાના ............ ગૃહો હતા.*

**(3)** *રાજ્યના બંધારણીય વડા તરીકે ............ નીમવામાં આવ્યા.*

## 12.4 બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની આર્થિક સ્થિતિ

### 12.4.1 જમીન વ્યવસ્થાની સુધારણા :

*ગુજરાતમાં જમીન વ્યવસ્થાની સુધારણાનો કાર્યક્રમ મુખ્યત્વે છ વિભાગમાં વહેંચવામાં આવ્યો.* (1) *વચગાળાના વર્ગની નાબૂદી અને તાલુકદારી, ઈનામદારી, ભાગીદારી, મલેકી, મેવાસી તથા ઈનામી જેવા સત્તા પ્રકારની નાબૂદી* (2) *ગણોતધારો, શાહુકારધારો વગેરે કાયદાઓ દ્વારા ગણોતિયાઓને સંરક્ષણ અને તેમને માલિક બનાવવાની જોગવાઈ* (3) *જમીન ધારણ કરવા ઉપર ટોચમર્યાદા મૂકીને ફાજલ જમીનોની નવેસરથી વહેંચણી* (4) *ટુકડા જમીનોનું એકત્રીકરણ* (5) *સહકારી ખેતી* (6) *જમીન મહેસૂલના વહીવટીતંત્રના સુધારા.*

*આમ,*1937 *થી* 1960 *સુધીના* 23 *વર્ષ દરમિયાન ગણોતિયાઓને રક્ષણ આપવાથી માંડીને તેને જમીનનો પૂરેપૂરો કબજેદાર માલિક બનાવવાની પ્રક્રિયા પૂરી થઈ હતી.*

### 12.4.2 ખેતી :

1951*માં તળગુજરાતમાં એક કરોડ ચાલીસ લાખ એકર જમીનમાં ખેતી થતી હતી. ઈ.સ.* 1958-59*માં કુલ વિસ્તારના* 52.47 *ટકા વિસ્તાર જમીનમાં ખેતી થતી હતી. ખેડાણ નીચેની જમીન પૈકી* 53.30 *ટકામાં અનાજનું અને* 46.70 *ટકામાં રોકડિયા પાકોનું વાવેતર થયું હતું. અનાજમાં બાજરી, જુવાર, ડાંગર, ઘઉં, મકાઈ, ચણા, કઠોળ ઉપરાંત કપાસ, મગફળી, તમાકુ, શેરડીનો પાક થતો હતો. ઈ.સ.* 1953-54*માં* 23.59 *લાખ ટન અને ઈ.સ.*1958-59*માં* 24.14 *લાખ ટન અનાજ પાક્યું હતું. મગફળી, તમાકુ, રૂ અને અનાજનું ઉત્પાદન વધ્યું હતું, પરંતુ અનાજની ખાધ રહેતી હતી. પ્રથમ પંચવર્ષીય યોજના પહેલાં સિંચાઈ માટે હાથમતી, મેશ્વો અને ખારી નદીની નહેરો બંધાયેલી હતી. બીજી યોજનાના અંતે* 1960-61*માં* 176572 *એકર જમીનમાં નહેરો દ્વારા સિંચાઈ થઈ. આ વર્ષમાં ગુજરાતમાં કુલ જમીન પૈકી* 6.2 *ટકા જમીનને સિંચાઈનો લાભ મળતો હતો.*

*ઈ.સ.*1951*માં તળ ગુજરાતમાં* 62.16 *ટકા, સૌરાષ્ટ્રના* 46.62 *ટકા અને કચ્છના* 42.3 *ટકા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. જે સમગ્ર ગુજરાતની કુલ વસ્તીના* 57.4 *ટકા લોકો ખેતી દ્વારા રોજગારી મેળવતા હતા. કૅપ્ટન મૉહિતેના રિપોર્ટ પરથી મુંબઈ સરકારે સહકારી ખેતીને વ્યવસ્થિત અને પદ્ધતિસર વિકસાવવાની યોજના કરી. ગુજરાતમાં તે માટે થયેલા પ્રયત્નોના લીધે* 1954-55 *સુધીમાં કુલ* 83 *સહકારી ખેતી*

મંડળીઓ નોંધાઈ. સર્વ પ્રકારની ખેતી વિષયક સહકારી મંડળીઓ ઈ.સ. 1959-60માં 5801 હતી.

ગુજરાતમાં ખેતીની સાથે પશુપાલન આનુષાંગિક વ્યવસાય છે. 1956ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતનું પશુધન 133.1 લાખ હતું. કાંકરેજ અને ગીર ઓલાદના ગાય, બળદ તથા સુરતી, મહેસાણી અને જાફરાબાદી ઓલાદની ભેંસો દેશભરમાં ઉત્તમ ગણાય છે.

**12.4.3 ઉદ્યોગો :**

આઝાદી પછી ઔદ્યોગિક નીતિમાં પરિવર્તન આવ્યું. પ્રથમ પંચવર્ષીય યોજના દરમિયાન ખેતી, સિંચાઈ તથા યંત્ર સંચાલન શક્તિને અને બીજી પંચવર્ષીય યોજના દરમિયાન મુખ્ય અને પાયા ઉદ્યોગોને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું.

**કાપડ ઉદ્યોગ :** અમદાવાદમાં 1950માં 74 મિલો હતી. અમદાવાદ સિવાય ગુજરાતમાં 27 મિલો હતી. ભરૂચ, સુરત, નડિયાદ, વીરમગામ, ખંભાત, વડોદરા, સિદ્ધપુર, કલોલ, પેટલાદ, નવસારી, કડી, બિલિમોરા, દહેગામમાં મિલો હતી. 1947માં અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ એસોસિએશન - અટીરા અસ્તિત્વમાં આવ્યું.

ગરમ કાપડ ઉદ્યોગ મોસમી છે. મૂળ ગુજરાતમાં વડોદરામાં દિનેશ વૂલન મિલ ઈ.સ. 1948માં સ્થાપવામાં આવી. ધાબળા, રગ, ગેબરડીન, શાલ વગેરે વિવિધ જાતનું કાપડનું ઉત્પાદન કરવામાં આવતું.

**મત્સ્ય ઉદ્યોગ :** મૂળ ગુજરાતમાં 1947-48માં 3956 ટન માછલી પકડવામાં આવી હતી. 1959-60માં ગુજરાતના સાગર કિનારે 2.6 કરોડ રૂપિયાની કિંમતની 85000 ટન માછલીઓનું ઉત્પાદન થયું હતું. જેમાં 85 ટકાની નિકાસ કરવામાં આવી હતી.

**મીઠા ઉદ્યોગ** : આઝાદી પછી આ ઉદ્યોગનો વિકાસ થયો હતો. એનું ઉત્પાદન 1960 સુધી 16 લાખ ટન થયું હતું. સમગ્ર દેશના મીઠાનાં ઉત્પાદનમાંનો 50 ટકા ભાગ ગુજરાત ધરાવે છે. જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છનો ભાગ મુખ્ય છે.

**સિમેન્ટ ઉદ્યોગ :** ખેડા જિલ્લામાં 1951માં સેવાલિયા પાસે સિમેન્ટનું એક કારખાનું શરૂ કરવામાં આવ્યું હતું. 1954માં તેનું ઉત્પાદન 195414 ટન હતું. નડિયાદ, બોરિઆવી, પેટલાદ, બોરસદ, આણંદ વગેરે સ્થળોએ સિમેન્ટના પાઈપો બનાવવાના કારખાના હતા. વલ્લભવિદ્યાનગરમાં નળ બનાવવા માટેના યંત્રોથી ચાલતું કારખાનું હતું. અમદાવાદમાં પણ આવા કારખાના હતા.

**ધાતુ ઉદ્યોગ :** મૂળ ગુજરાતમાં અમદાવાદમાં 78 મિલ હતી. મિલના યંત્રોના ભાગો બનાવવા માટે અમદાવાદમાં 75 જેટલા કારખાનાઓ હતા. સુરત, વલસાડ અને નડિયાદમાં પણ કારખાના હતા. ટ્રંક બનાવવાના ઉદ્યોગના કારખાના મૂળ ગુજરાતમાં અમદાવાદમાં 18, સુરતમાં 6, વડોદરામાં 5, ભરૂચમાં 4, ગોધરામાં 2 ઉપરાંત

નડિયાદ, ઝાલોદ, વલસાડ, પાટણ, મહેસાણા, આણંદ, ચાણસ્મા, વિસનગર, ગાંધીધામ, વેરાવળમાં 1 હતા. કબાટ અને તિજોરી બનાવવાના કારખાના અમદાવાદ, સુરત, નડિયાદ, આણંદ, વલસાડ, ભરૂચ, દેવગઢ બારિયા, વાડાસિનોર, ડાકોર, ગોધરા, પાટણ, વિસનગર, ઝાલોદ, ચાણસ્મામાં હતા. બાલદીઓ અને ટબ બનાવવાના કારખાનાઓ અમદાવાદમાં હતા. દેશી અસ્ત્રા, કાતર બનાવવાનો ઉદ્યોગ ઉમરેઠ અને વડનગરમાં, ચપ્પુ અને સૂડી બનાવવાનો ઉદ્યોગ ઓલપાડ અને પાટણમાં ચાલતો હતો. તાંબા-પિત્તળના વાસણો બનાવાના ઉદ્યોગના મહત્ત્વના કેન્દ્રો અમદાવાદ, નડિયાદ, વિસનગરમાં હતા.

**લક્કડકામ ઉદ્યોગ :** ખરાદીકામના ઉદ્યોગમાં ગોધરા, ઈડર, અમદાવાદ, લુણાવાડા, પાલનપુર, બાલાસિનોર, મોડાસા, સંતરામપુર, સંખેડા વગેરે સ્થળો અગત્યનાં કેન્દ્રો હતા. લાકડાની પુતળીઓ બનાવવા અંગે દ્વારકા, વડતાલ, અમદાવાદ વગેરે સ્થળો જાણીતા હતા. મોટરનું બોડી બાંધવાનું કારખાનું અમદાવાદ, વડોદરા, સુરત, નડિયાદ, ભાવનગર, રાજકોટમાં હતું. ફર્નિચર બનાવવા માટે અમદાવાદ, વડોદરા, સુરત, સંખેડા, વલસાડ અને પાટણ મહત્ત્વના કેન્દ્રો હતા. અમદાવાદમાં બાવીસ મોટા અને પંચોતેર નાના કારખાનાં હતા.

આ ઉપરાંત તેલનો ઉદ્યોગ, ડેરી ઉદ્યોગ, બીડી અને છીંકણી બનાવવાનો ઉદ્યોગ, રસાયણ ઉદ્યોગ, સાબુ ઉદ્યોગ, માટી ઉદ્યોગ, કાગળ ઉદ્યોગ વગેરે નોંધપાત્ર હતા.

### 12.4.4 વાહન વ્યવહાર :

મૂળ ગુજરાતમાં 1948 પહેલા દસહજાર માઈલના રસ્તા હતા. જેમાંથી ત્રણ હજાર માઈલનાં રસ્તાઓ બધી ઋતુઓમાં કામ આપી શકે તેવા હતાં. 1950-51માં 4310 માઈલના પાકા અને 3715 માઈલના કાચા રસ્તા હતા. જે 1955-56માં વધીને 5060 માઈલના પાકા અને 593 માઈલના કાચા રસ્તા થયા હતા. ગુજરાત રાજ્યની સ્થાપના પૂર્વે મુંબઈ રાજ્ય રોડ કોર્પોરેશન, સૌરાષ્ટ્ર રોડ કોર્પોરેશન અને કચ્છ રોડ કોર્પોરેશન એમ ત્રણ કોર્પોરેશન હતા. તા. 1-5-60ના રોજ આ ત્રણેને જોડીને ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યું.

## 12.5 બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની સામાજિક સ્થિતિ :

ઈ.સ.1951 ની વસ્તી ગણતરી પ્રમાણે મૂળ ગુજરાતની કુલ વસ્તી 11396789 અને દર ચોરસ માઈલે વસ્તીની ગીચતા 343.6 હતી. 1951માં મૂળ ગુજરાતમાં 5884779 પુરુષો અને 5512010 સ્ત્રીઓ હતી. દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા 937 હતી. મૂળ ગુજરાતમાં 1951ની વસ્તી ગણતરી પ્રમાણે 2919262 લોકો શહેરોમાં અને 8477527 લોકો ગામડામાં રહેતા હતા. કુલ 147 શહેરો અને 12999 ગામડાં હતા. મૂળ ગુજરાતમાં કુલ વસ્તીના 25.6 ટકા લોકો શહેરોમાં અને 74.4 ટકા લોકો

*ગ્રામ્ય વિસ્તારમાં વસતા હતા. મૂળ ગુજરાતમાં* 2617778 *પુરુષો અને* 1847876 *સ્ત્રીઓ સાક્ષર હતી.*

*આઝાદીની સાથે સ્થળાંતર કરી આવેલા નિર્વાસિતોનો પ્રશ્ન ઊભો થયો.* 1951*ની વસ્તી ગણતરી મુજબ* 156677 *આવેલા નિર્વાસિતોમાંથી ગુજરાતમાં* 84891, *સૌરાષ્ટ્રમાં* 59787 *અને કચ્છમાં* 11999 *નિર્વાસિતો આવ્યા હતા. નિર્વાસિતો માટે અમદાવાદના સરદારનગર વસાહત, વડોદરા, રાંદેર, સુરત, નવસારી, બિલિમોરા વગેરે સ્થળોએ વસાહતો ઊભી કરવામાં આવી. ઉપરાંત ધંધા માટે લોન, ઔપૈગિક તાલીમની સંસ્થાઓ દ્વારા તાલીમ આપીને તેમને પ્રસ્થાપિત કરવામાં આવ્યા.* 1953*માં કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડની સ્થાપના થઈ. આના અનુસંધાનમાં નિમાયેલી એક સમિતિએ રજૂ કરેલા અહેવાલના આધારે પ્રત્યેક રાજ્યમાં સમાજકલ્યાણ બોર્ડની રચના થઈ. શહેરોમાં થતું કાર્ય* 1954 *થી ગામડાઓમાં શરૂ કર્યું. જેમાં બાલવાડી, પ્રૌઢશિક્ષણ, સમાજશિક્ષણ, આરોગ્ય સેવા વગેરે કાર્યોનો સમાવેશ થતો હતો.* 1960 *સુધીમાં લોકકલ્યાણ અર્થે ગુજરાતમાં સરકારી અને બિનસરકારી સંસ્થાઓ કાર્ય કરતી હતી. તા.* 29*મી જાન્યુઆરી* 1953*ના રોજ શ્રી કાકાસાહેબ કાલેલકરની અધ્યક્ષતા નીચે પછાત વર્ગ આયોગ કમિશન નીમવામાં આવ્યું. જેણે બે વર્ષને અંતે* 1955*માં માર્ચની* 31*મી તારીખે અહેવાલ રજૂ કર્યો. દ્વિભાષી મુંબઈ રાજ્યે આર્થિક સ્થિતિનું નવું ધોરણ દાખલ કર્યું હતું. રૂ.*1200/- *થી ઓછી વાર્ષિક આવક છે તેને અન્ય પછાત વર્ગમાં ગણી શિક્ષણમાં ફી માફી વગેરેની સવલતો આપવામાં આવી હતી. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે કેન્દ્રમાં કમિશ્નર નીમી ખાસ જોગવાઈઓ કરવામાં આવી, તેના આધારે રાજ્યમાં એમના કલ્યાણ માટે અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી. ઈ.સ.*1955*માં અસ્પૃશ્યતાનિવારણ ધારો પસાર કરવામાં આવ્યો હતો.*

*આઝાદી પછી જ્ઞાતિ સંસ્થાની પકડ ઢીલી પડી. આંતરજ્ઞાતિય લગ્નનો વિરોધ લગભગ શમી ગયો. મા-બાપ કે વડીલો દ્વારા યોજાતા આવા લગ્નમાં જ્ઞાતિજનો હાજરી આપતાં થયા. બાળલગ્ન અને વિધવાલગ્નના પ્રશ્નો હળવા થયાં હતા.*

- **તમારી પ્રગતિ ચકાસો - 2**

**1. બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની આર્થિક સ્થિતિની ચર્ચા કરો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**2. બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની સામાજિક સ્થિતિ જણાવો.**

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 12.6 બૃહદ મુંબઈ રાજ્ય હેઠળની ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ

**કેળવણી :** 1947 *થી* 1960 *ના ગાળામાં કેળવણીનો પ્રચાર અને વિષય વૈવિધ્યમાં વધારો થયો. આઝાદી પૂર્વે વડોદરા રાજ્યમાં કિન્ડર ગાર્ટન સ્કૂલો ચાલતી હતી. આઝાદી પછી આવા* 100 *જેટલા બાલમંદિરો ચાલતા હતા. મૂળ ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત વગેરે મોટા શહેરોમાં બાલમંદિરોની સંખ્યા વધારે હતી. ધીમે ધીમે નાના શહેરોમાં પણ બાલમંદિરો - બાલવાડી ખોલવાની પ્રવૃત્તિ વધી હતી. પૂર્વ પ્રાથમિક શાળાના શિક્ષકોને તૈયાર કરવાના ત્રણ અધ્યાપન મંદિર વડોદરા, અમદાવાદ અને ભાવનગરમાં હતા.*

*પ્રાથમિક શિક્ષણમાં મૂળ ગુજરાતમાં શાળાઓની સંખ્યા* 7685 *અને વિપર્થીઓની સંખ્યા* 994860 *હતી.* 1947 *પછી પાયાના શિક્ષણને સરકારે પ્રોત્સાહન આપ્યું છે. સરકારે પ્રાથમિક શિક્ષણમાં નઈ તાલીમ અર્થાત્ પાયાની કેળવણીને સ્વીકારી છે. આ શાળાઓમાં કાંતણ, વણાટ, બાગકામ, ખેતી, સુથારીકામ, કાર્ડબોર્ડ વગેરેનો ઉદ્યોગ દાખલ કરવામાં આવેલ છે. અનેક ખાનગી પ્રાથમિક શાળાઓ પણ ચાલે છે. મુંબઈ સરકારની નીતિ* 500 *થી વધારે વસ્તીવાળા દરેક ગામોમાં શાળા ખોલવાની હતી, તેથી ઓછી વસ્તીવાળા ગામો માટે મુબંઈ સરકારે પ્રવાસી શિક્ષકવાળી શાળા, ગ્રુપ શાળા વગેરેની યોજના કરી હતી.* 1000 *થી વધારે વસ્તીવાળા ગામોમાં અને વડોદરા રાજ્યની ફરજિયાત શાળાઓમાં* 7-11 *ની વયના બાળકો માટે ફરજિયાત શિક્ષણ કરવામાં આવ્યું. ઈ.સ.*1960-61*માં કુલ* 18512 *શાળા અને* 1820569 *વિપર્થીઓ થયા હતા.*

*માધ્યમિક શાળાઓમાં વિવિધ અભ્યાસક્રમો રાખવામાં આવ્યા હતા.* 1947*માં માધ્યમિક શાળાઓની સંખ્યા* 438 *હતી. જે* 1950-51*માં* 533 *અને* 1960-61*માં* 1099 *થઈ હતી. મધ્યસ્થ સરકાર તરફથી મદદ આપીને જિલ્લા દીઠ બહુહેતુક શાળાઓ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત લાયબ્રેરી અને ઈતર સાધનો માટે ગ્રાન્ટ આપવામાં આવતી હતી.* 1957-58*માં ગુજરાતમાં મિશ્ર શાળાઓમાં* 61 *ટકા કન્યાઓ શિક્ષણ લેતી હતી એ નોંધપાત્ર છે.* 1957 *થી વિવિધલક્ષી શાળાઓ અને પોલિટેકનિક સંસ્થાઓ શરૂ થઈ.*1954 *થી દેશમાં શિક્ષણ સાથે એન.સી.સી.ની યોજના દાખલ થઈ.*

*અમદાવાદમાં* 1952*માં એ.જી.ટીચર્સ કૉલેજ શરૂ થઈ.* 1954-55*માં વિનયન, વિજ્ઞાન અને ધંધાદારી શિક્ષણ આપતી કૉલેજો સંખ્યા* 22 *હતી. જે* 1960-61*માં* 96 *ની થઈ હતી. જેમાં* 40 *વિનયન - વિજ્ઞાનની અને* 38 *વ્યાવસાયિક શિક્ષણની હતી. અમદાવાદમાં* 1947*માં એલ.એમ.ફાર્મસી કૉલેજ, વલ્લભવિપનગરમાં* 1948*માં બિરલા વિશ્વકર્મા વિપલય શરૂ થયું હતું. વડોદરામાં* 1949*માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, અમદાવાદમાં* 1950*માં ગુજરાત યુનિવર્સિટી, વલ્લભવિપનગરમાં* 1956*માં સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી સ્થપાઈ. પ્રૌઢ શિક્ષણને વ્યાપક બનાવી*

1948માં સમાજ શિક્ષણ નામ આપ્યું અને તેની રચવામાં આવેલી પ્રાદેશિક સમિતિના મંત્રી કલ્યાણજીભાઈ મહેતા હતા.

**સ્થાપત્ય :** સ્થાપત્યના ક્ષેત્રે ધાર્મિક સ્થાપત્યોમાં નવાં મંદિરો બંધાયા. જેમાં અમદાવાદમાં વેદમંદિર અને રાધાવલ્લભનું મંદિર, અટલાદરાનું સ્વામીનારાયણ મંદિર વગેરેનો સમાવેશ થાય છે. નાગરિક સ્થાપત્ય ક્ષેત્રે નગર આયોજન અને બાંધકામમાં પરિવર્તનો આવ્યા. મકાનોના બાંધકામમાં સિમેન્ટ, કોંક્રિટ અને લોખંડનો ઉપયોગ વધ્યો. શહેરો અને નગરોમાં નવી ઢબના મકાનો અને સાર્વજનિક મકાનો બંધાવા લાગ્યા. જેમાં ટાઉનહોલો, હોસ્પિટલો, મ્યુઝિયમો, જાહેર પુસ્તકાલયો, છાત્રાલયો વગેરેનો સમાવેશ કરી શકાય. અમદાવાદના ટાઉનહોલ અને અમદાવાદ ટેક્સટાઈલ રિસર્ચ એસોશિએશન - અટીરાનો સમાવેશ કરી શકાય.

**શિલ્પકલા :** શિલ્પકલા ક્ષેત્રે પરંપરાગત ચાલુક્ય શૈલીના શિલ્પજ્ઞાતા તરીકે પ્રભાશંકરભાઈ, અમૃતલાલ સોમપુરા અને રેવાશંકરભાઈ જાણીતા છે. કાંતિભાઈ પટેલે ઘડેલા મૂર્તિશિલ્પો ભાવ અને કલાની અભિવ્યક્તિથી પ્રશંસા પામ્યા છે.

**ચિત્રકલા :** ચિત્રકલાક્ષેત્રે આઝાદી પછી આધુનિક યુગ શરૂ થયો. વિદેશ ગયેલા ગુજરાતના કલાકારો અને કલાના વિપર્થીઓને નવા વિચાર અને દૃષ્ટિ સાંપડ્યા અને તેઓ અમૂર્ત કલા તરફ આકર્ષાયા. અમદાવાદમાં રસિકલાલ પરીખના આચાર્યપદ નીચે સી.એન.કલા વિપલય શરૂ થયું. જેમાં ચિત્ર શિક્ષકની તાલીમ ઉપરાંત ઉચ્ચ કલાના અભ્યાસક્રમો, માટીકામ અને વ્યાપારીકલાના અભ્યાસક્રમો પ્રથમવાર ગુજરાતમાં શરૂ થયા.

**સંગીત :** સંગીત ક્ષેત્રે 1948માં અમદાવાદમાં ભારતખંડે સંગીત મહાવિપલયની સ્થાપના થઈ. જે 1958માં બંધ થઈ. શ્રી કૃષ્ણરાવ તેંડુલકરે અમદાવાદમાં 1954માં ગુજરાત સંગીત મહાવિપલયની સ્થાપના કરી. શ્રી રામચંદ્ર ખરે અને માધુરીબહેન ખરે એ પિતા સ્વ. પંડિત નારાયણ મોરેશ્વર ખરેની સ્મૃતિમાં અમદાવાદમાં ભારતીય સંગીત વિપલય 1956માં શરૂ કર્યું. ગુજરાતની સંગીત શીખવતી વિવિધ સંસ્થાઓની પરીક્ષાઓનું સંચાલન કરતી બૃહદ ગુજરાત સંગીત સમિતિ 1957 માં સ્થપાઈ.

**નૃત્યકલા :** નૃત્યકલા ક્ષેત્રે આઝાદી પછી મોટા શહેરોમાં રાસમંડળીઓ કે ગરબા મંડળીઓ શરૂ થઈ. આ મંડળીઓએ ગુજરાતી ગરબાઓનું નવું સ્વરૂપ સર્જ્યું. લોકનૃત્યોમાં પ્રાદેશિક વૈવિધ્ય ઘણું છે. શ્રીમંત કુટુંબોમાં શાસ્ત્રીય નૃત્યોની તાલીમ આપવાની પરંપરા વિકસી હતી. શ્રીમતી મૃણાલિની સારાભાઈએ અમદાવાદમાં 1949માં 'દર્પણ' નામની સંસ્થા શરૂ કરી.

**પત્રકારત્વ :** 1950માં ગુજરાતમાં 16 દૈનિક વૃત્તપત્રો અને 40 સાપ્તાહિકો હતા. 1959ના વર્ષને અંતે ગુજરાતમાં નાના-મોટા 27 દૈનિકો હતા. તા.31-12-59ના દિવસે દેશમાં કુલ 7651 વૃત્તપત્રોમાંથી ગુજરાતી 522 વૃત્તપત્રો હતા. ગુજરાતી વૃત્તપત્રો અને સામયિકો દેશમાં પ્રાદેશિક ભાષામાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતા હતા. જૂના મુંબઈ રાજ્યમાં વૃત્તપત્રો અને સામાયિકો કુલ 1685 પ્રગટ થતાં હતા. તેમાં એક જ ભાષામાં

*સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધારે ગુજરાતી ભાષામાં જ* 517 *પ્રગટ થયા હતા. ફેલાવાની દૃષ્ટિએ ગુજરાતી દૈનિક વૃત્તપત્રોનું સ્થાન છઠ્ઠું હતું. વધારે ફેલાવો ધરાવતા ગુજરાતી દૈનિકોમાં ગુજરાત સમાચાર, સંદેશ, જનસત્તા, જયહિંદ - એ ચાર ગુજરાતમાં અને મુંબઈ સમાચાર, જન્મભૂમિ, પ્રજાતંત્ર - એ ત્રણ મુંબઈમાં છે.*

- **તમારી પ્રગતિ ચકાસો - 3**

**1. બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ ગુજરાતની કેળવણી અંગે નોંધ લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

____________________________________________

**2. ખરાં-ખોટા જણાવો.**

(1) *શ્રીમતી મૃણાલિની સારાભાઈએ અમદાવાદમાં દર્પણ નામની સંસ્થા શરૂ કરી.*

(2) *તા.* 31-12-59*ના દિવસે દેશમાં* 522 *વૃત્તપત્રો હતા.*

(3) *ગુજરાતી દૈનિક મુંબઈ સમાચાર ગુજરાતમાં છે.*

## 12.7 સારાંશ

*આઝાદી પછી* 1947 *થી* 1960 *સુધીનો સમય ગુજરાત માટે તમામ ક્ષેત્રે મહત્ત્વનો રહ્યો. બૃહદ્ મુંબઈ રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાયનાં ગુજરાતનો સમાવેશ થતો હતો.* 1-11-56*ના રોજ દ્વિભાષી રાજ્યની રચના થતાં સૌરાષ્ટ્ર અને કચ્છ મુંબઈ રાજ્યમાં વિલિન થયાં. રાજ્ય પુનર્રચના પ્રશ્ને મહાગુજરાત આંદોલન થયું અને ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. બૃહદ મુંબઈ રાજ્ય હેઠળ* 1947 *થી* 1960 *સુધી ગુજરાતના વિવિધ ક્ષેત્રની સ્થિતિ અંગે આ પ્રકરણમાં અભ્યાસ કર્યો.*

## 12.8 ચાવીરૂપ શબ્દો

**તહસીલ** : *જમીન મહેસૂલ, તાલુકો*

## 12.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

*ખાલી જગ્યા પૂરો.*

(1) *ડૉ. જીવરાજ મહેતા* (2) *બે* (3) *ગર્વનર*

**તમારી પ્રગતિ ચકાસો - 3**

2. *ખરાં-ખોટા જણાવો.*

(1) *ખરું* (2) *ખોટું* (3) *ખોટું*

## 12.10 સંદર્ભ સૂચિ


- *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ (સંપાદક), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, શેઠ ભોજે અધ્યયન સંશોધન વિપભવન આશ્રમરોડ અમદાવાદ વતી ગૂર્જર પ્રકાશન,* 202, *તિલકરાજ પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ, પહેલી આવૃત્તિ* -1987, *દ્વિતીય આવૃત્તિ*- 2011
- *શિવપ્રસાદ રાજગોર, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1997, *દ્વિતીય આવૃત્તિ* - 1998
- *શિવપ્રસાદ રાજગોર, ગુજરાત એક દર્શન, મહારાજા સયાજીરાવ વિશ્વ વિપલય વડોદરા, પ્રથમ આવૃત્તિ* - 1957
- *જયકુમાર શુક્લ, દેશી રાજ્યોનું વિલિનીકરણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, પ્રથમ આવૃત્તિ* - 1989
- *કુન્દનલાલ ધોળકિયા, સમયને સથવારે ગુજરાત,* 36 *ઓનલુકર બિલ્ડિંગ, ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ઓકટોબર,* 1991
- *રામલાલ પરીખ, ગુજરાત એક પરિચય, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ,* 66 *મું અધિવેશન, ભાવનગર, જાન્યુઆરી* - 1961

# એકમ : 13 મહાગુજરાત આંદોલનની ઘટના અને નેતાઓ

:: રૂપરેખા::


**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 રાજ્ય પુનર્રચના**

**13.3 મહાગુજરાત આંદોલન પૂર્વેની પ્રવૃત્તિઓ**

**13.4 મહાગુજરાત આંદોલનની ઘટનાઓ**

**13.4.1 મહાગુજરાત આંદોલનનો પ્રારંભ અને પ્રસાર**

**13.4.2 જનતા કરફ્યુ**

**13.4.3 મહાગુજરાત જનતા પરિષદ**

**13.4.4 સમાંતર સભા**

**13.4.5 મશાલ સરઘસ**

**13.4.6 ચૂંટણી**

**13.4.7 શહીદ સ્મારકની લડત**

**13.4.8 શહીદ સ્મારક સત્યાગ્રહ**

**13.5 દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન**

**13.6 ગુજરાત રાજ્યની રચના**

**13.7 મહાગુજરાત આંદોલનના નેતાઓ**

**13.8 સારાંશ**

**13.9 ચાવીરૂપ શબ્દો**

**13.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**13.11 સંદર્ભ સૂચિ**


## 13.0 ઉદ્દેશો

**આ પ્રકરણના અભ્યાસ પછી જાણી શકશો.**

- *રાજ્ય પુનર્રચના*
- *મહાગુજરાત આંદોલન પૂર્વેની પ્રવૃત્તિઓ*
- *મહાગુજરાત આંદોલનની ઘટનાઓ*
- *દ્વિભાષી રાજ્યનું વિભાજન અને ગુજરાત રાજ્યની રચના*
- *મહાગુજરાત આંદોલનના નેતાઓનું પ્રદાન*

## 13.1 પ્રસ્તાવના

આઝાદી પછી સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય બન્યું. કચ્છ કેન્દ્ર શાસિત બન્યું અને બાકીનું ગુજરાત મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યું. એક જ ભાષા ગુજરાતી હોવા છતાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એક રાજ્યમાં નહતાં. ૧૯૫૬માં દ્વિભાષી રાજ્ય રચના ગુજરાતને મળી. જેની સામે સ્વયંભૂ પ્રજામાં વિરોધ પ્રગટ્યો અને આંદોલન કર્યું. જે મહાગુજરાત આંદોલન તરીકે ઓળખાયું.

## 13.2 રાજ્ય પુનર્રચના

1948માં સૌરાષ્ટ્રના રાજ્યોનું વિલીનીકરણ થયું ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે સંકેત આપ્યો હતો કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત મળીને એક ગુજરાત રાજ્ય થઈ શકે. 1948માં નિમાયેલા ધાર કમિશને જણાવ્યું કે, ભાષાવાર પ્રાંત રચના ઉચિત નહીં ગણાય. 1949માં જે.વી.પી. સમિતિએ આપેલા અહેવાલમાં થોડા વર્ષો માટે નવા પ્રાંત રચવાનું મોકૂફ રાખવાનું અને ભાષાવાર પ્રાન્ત રચના થાય તો મુંબઈ એક અલગ એકમ તરીકે રચવામાં આવે એમ સૂચવ્યું.1953માં ફઝલઅલીના પ્રમુખપદે રાજ્ય પુનર્રચના પંચની નિમણૂક થઈ. તા.10-10-1955ના રોજ તેનો અહેવાલ પ્રકાશિત થયો. જેમાં મુંબઈ રાજ્યમાંથી કર્ણાટકનો ભાગ કાઢીને મરાઠાવાડ, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારો ભેળવીને મુંબઈ રાજ્યની ભલામણ કરવામાં આવી હતી. વિદર્ભ માટે અલગ રાજ્યની રચના સૂચવવામાં આવી હતી. તા. 25-10-1955ના રોજ મહેમદાવાદ મુકામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ મળી. જેમાં મહારાષ્ટ્ર, મુંબઈ અને ગુજરાત એમ ત્રણ રાજ્યો બને એવો અભિપ્રાય વ્યક્ત થયો હતો. તા.9-11-55ના રોજ કોંગ્રેસની કારોબારી મળી. જેમાં ત્રણ રાજ્યોની માંગણીને સ્પષ્ટ કરતો ઠરાવ કર્યો હતો. આ જાહેરાત પછી મુંબઈ અને મહારાષ્ટ્રમાં તોફાનો ફાટી નીકળ્યા. વડાપ્રધાને આકાશવાણી ઉપરથી પ્રવચન કરી જાહેર કર્યું કે, મુંબઈ શહેરને અલગ વહીવટ નીચે મૂકવામાં આવશે. સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનું ગુજરાતનું અલગ રાજ્ય થશે. વિદર્ભ અને મહારાષ્ટ્ર સહિતનું મહારાષ્ટ્ર રાજ્ય થશે. આવી સ્પષ્ટ જાહેરાતને ગુજરાતના તમામ અખબારોમાં પ્રથમ પાને મોટા મથાળામાં લાલ અક્ષરોમાં 'જય જય ગરવી ગુજરાત, દીપે અરુણ પ્રભાત' કાવ્ય સાથે પ્રગટ કર્યા અને વડાપ્રધાનની જાહેરાતને આવકાર આપ્યો, પણ મુંબઈ અને મહારાષ્ટ્રમાં તોફાનો પ્રસરતા ગયા. આના પરિણામે મહારાષ્ટ્ર અને ગુજરાતની પ્રજા વચ્ચે ઊભાં થયેલાં વેરઝેરનો ભોગ મુંબઈના ગુજરાતીઓને બનવું પડ્યું. કોંગ્રેસ કારોબારીના અનુસંધાનમાં લોકસભામાં રાજ્ય પુનર્રચનાનો ખરડો રજૂ થયો. જેમાં 232 સભ્યોએ દ્વિભાષી મુંબઈ રાજ્યની રચનાની ભલામણ પર સહીઓ કરી અને ત્રણ રાજ્યોની રચનાના નિર્ણયમાં ફેરફાર થયો અને દ્વિભાષી રાજ્ય રચનાનો સ્વીકાર થયો. તા.7-8-56ના રોજ ગુજરાતના તમામ અખબારોમાં પ્રથમ પાને સમાચાર આવ્યા કે મુંબઈના દ્વિભાષી રાજ્યની રચના થઈ છે. ગુજરાતની પ્રજાને આ

*છેવટના નિર્ણયની ખાતરી થતાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા અને પ્રજામાં અસંતોષ વ્યાપક બન્યો.*

## 13.3 મહાગુજરાત આંદોલન પૂર્વેની પ્રવૃત્તિઓ

*તા.* 17/18 *એપ્રિલ* 1948*ના દિવસોમાં મુંબઈમાં કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે મહાગુજરાત સંમેલન મળ્યું. જેમાં ગુજરાતી બોલતી બધી પ્રજાનું મહાગુજરાત તરીકે સુસંગઠિત એકીકરણ કરવાનો મક્કમ નિર્ધાર જાહેર કરવામાં આવ્યો. મુંબઈ રાજ્યના પંત પ્રધાન શ્રી બી.જી.ખેર અને મોરારજીભાઈએ ડાંગનો પ્રવાસ કર્યો અને ડાંગની ભાષા મરાઠી હોવાનું જણાવ્યું. જેનો વિરોધ ગુજરાતના વિભિન્ન અગ્રણીઓએ કર્યો. આ જાગૃતિના પરિપાકરૂપે ઈ.સ.*1951*માં સર પુરુષોત્તમદાસની આગેવાની નીચે મહાગુજરાત સીમા સમિતિ રચાઈ. જેની પરિષદ વલ્લભવિપનગરમાં મળી. જેમાં ઉત્તરે અરવલ્લી પહાડથી આબુપ્રદેશ, ડુંગરપુર, વાંસવાડા, પૂર્વમાં પશ્ચિમ ખાનદેશ અને દક્ષિણે ડાંગ અને ઉમરગામ સુધીનો પ્રદેશ ગુજરાત છે એમ સૂચવાયું. વલ્લભવિપનગરના સર્જક શ્રી ભાઈલાલભાઈ પટેલના પ્રયાસોથી તા.* 29/30 -11-1952*ના રોજ મહાગુજરાત પરિષદ મળી. જેના પ્રમુખ અમદાવાદના જાણીતા ધારાશાસ્ત્રી હિંમતલાલ શુક્લ અને ઉપપ્રમુખ ઈન્દુલાલ યાજ્ઞિક હતા.* 1952*ના ડિસેમ્બરમાં ગુજરાત સાહિત્ય પરિષદના અઢારમાં અધિવેશનમાં દિવાનબહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી દ્વારા મહાગુજરાતની માંગણી કરતો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. અમદાવાદ જિલ્લા વકીલ પરિષદ તા.* 1-1-1953*ના દિવસે અમદાવાદમાં ગુજરાતના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી વામનરાવ ધોળકિયાના પ્રમુખપદે મળી હતી. જેમાં મહાગુજરાતની રચનાની માંગણી કરતો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.*

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

**1. રાજ્ય પુનર્રચના પંચ વિશે ચાર વાક્યો લખો.**

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

**2. મહાગુજરાત આંદોલન પૂર્વે થયેલી પ્રવૃત્તિઓની માહિતી આપો.**

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

**3. જોડકા જોડો.**

(1) *ફઝલઅલી* — *(અ) મહાગુજરાત પરિષદ*

(2) *સર પુરુષોત્તમદાસ* — *(બ) રાજ્ય પુનર્રચના પંચ*

(3) *હિંમતલાલ શુક્લ* — *(ક) મહાગુજરાત સીમા સમિતિ*

## 13.4 મહાગુજરાત આંદોલનની ઘટનાઓ

*વિપર્થીમિત્રો મહાગુજરાત આંદોલનની ઘટનાઓ આ મુજબ છે.*

### 13.4.1 મહાગુજરાત આંદોલનનો પ્રારંભ અને પ્રસાર :

07-08-1956*ના રોજ દ્વિભાષી રાજ્યની ઘોષણાથી ચિંતાતુર થયેલાં કૉલેજના વિપર્થીઓનું એક જૂથ કોંગ્રેસ ભવન પર પહોંચ્યું અને આગેવાનો સાથે ચર્ચા કરી. આઠમી તારીખના વર્તમાનપત્રોમાં દ્વિભાષી રાજ્યની રચનાના ઠરાવની સત્તાવાર જાહેરાત થઈ. કૉલેજના વિપર્થીઓએ હડતાળ પાડી. આ દિવસે ડૉ. શેલત જેના પ્રમુખ પદે હતા તે રાષ્ટ્રીય વિપર્થી સમિતિ તરફથી લૉ કૉલેજના મેદાનમાં વિપર્થી આગેવાનોની સભા મળી. જેમાં મહાગુજરાતની સિદ્ધિ માટે ભાવિ લડતનો કાર્યક્રમ ઘડવા પંદર વિપર્થીઓની મહાગુજરાત પગલા સમિતિ રચવામાં આવી. બપોરે મહાગુજરાત ઝિંદાબાદ, અમારે જોઈએ મહાગુજરાત વગેરે સૂત્રોચ્ચાર કરતો મોરચો કોંગ્રેસ ભવન પહોંચ્યો. કોંગ્રેસના નેતાઓ અને વિપર્થીઓ વચ્ચે શાબ્દિક બોલાચાલી શરૂ થઈ. સશસ્ત્ર પોલીસને જોતાં ઉગ્ર મિજાજી યુવકોએ પથ્થરબાજી કરી અને પોલીસે ચેતવણી આપ્યા વિના ગોળીબાર કર્યો. જેમાં પોલીસે કરેલા ગોળીબારમાં પૂનમચંદ, કૌશિક, સુરેશ ભટ્ટ અને અબ્દુલભાઈ માર્યા ગયા. સોએક ઘવાયા. એ દિવસે સાંજે લાલદરવાજાના મેદાનમાં યોજાયેલી જાહેરસભામાં ગોળીબાર થતાં બે ને ઈજા થઈ. જેમાંથી એકનું મૃત્યુ થયું. ગોળીબારના સમાચાર શહેરમાં ફેલાતા પથ્થરમારો, ભાંગફોડ, આગ અને ગોળીબાર થતા રહ્યાં. સભા-સરઘસ પર પ્રતિબંધ જાહેર થયો.* 144*મી કલમ લાગુ કરી અને કરફ્યુ જાહેર થયો. અમદાવાદના ગોળીબારના સમાચાર બહારગામ ફેલાતા આ જ દિવસે નડિયાદ, આણંદ, વડોદરા, મહેસાણા, રાજકોટ વગેરે શહેરોમાં હડતાળ પડી.*

*અમદાવાદના રાષ્ટ્રીય વિપર્થી મંડળ (જેના મંત્રી હરિહર ખંભોળજા, હરિપ્રસાદ વ્યાસ, પ્રબોધ રાવળ હતા.) અને મહાગુજરાત વિપર્થી સમિતિએ દ્વિભાષી રાજ્ય રચનાનો અને ગોળીબારનો વિરોધ કર્યો તથા એક અદાલતી કમિશન નીમવા માંગણી કરી. વકીલ મંડળે સભા બોલાવી ગોળીબારના વિરોધનો ઠરાવ કર્યો અને ગોળીબારની તપાસ કરવા વામનરાવ ધોળકિયાના પ્રમુખપદે પાંચ સભ્યોની એક કમિટી નીમી. આઠમી તારીખે નેનપુર આશ્રમમાં રહેલા ઈન્દુલાલ યાજ્ઞિકે આ કાયદાને નામંજૂર કરવાની અરજીઓ પર ગુજરાતના હજારો લોકોની સહીઓ લઈને તે રાષ્ટ્રપતિને મોકલવાની વિનંતી કરી. નવમી તારીખે વિપર્થી સમિતિએ બોલાવેલી સભામાં ઈન્દુલાલ યાજ્ઞિકે સમગ્ર જનતાને ગાંધીજીના શાંતિમય માર્ગે લડત ચલાવીને*

*અચૂક વિજય મેળવવાની ખાતરી આપી. નવમી તારીખે પોલીસ અને પ્રજા વચ્ચે સંઘર્ષ ચાલુ રહ્યો. જેમાં કાન્તિલાલ પરમાર, હીરાલાલ વોરા, વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી અને ગુલામહુસેન મોમીન ગોળીબારનો ભોગ બન્યા. દસમી તારીખે થયેલા ગોળીબારમાં બે મુસ્લિમ યુવાનો મૃત્યુ પામ્યા. 10મી તારીખના અખબારમાં સમાચાર પ્રસિદ્ધ થયા કે નડિયાદ, વડોદરા, ભાવનગર, પાલનપુર, અમરેલી, કલોલ, બાવળા, આણંદ, રાજકોટ વગેરે સ્થળોએ વિપર્થીઓમાં દેખાવો થયા હતા અને ગોળીબારની તપાસ કરતાં ઠરાવો થયા હતા. જૂનાગઢ, સાયલા, ડાકોર, બોટાદ, બોરસદ, પાટડી, ભૂજ વગેરે સ્થળોએ દેખાવો અને લાઠીચાર્જ થયા હતા. આમ, ગુજરાતભરમાં આ આંદોલન પ્રસર્યું હતું.*

**13.4.2 જનતા કરફ્યુ**

*તા.19મી ઓગસ્ટે મોરારજીભાઈ દેસાઈની સભાનો શાંતિમય પ્રતિકાર કરવા જનતા કરફ્યુ પાળવામાં આવ્યો. જનતા કરફ્યુમાં પ્રજા જ સ્વયંભૂ કરફ્યુ પાળે. ઘરમાં રહે અને બહાર ના નીકળે.પોતાના ધંધા રોજગાર, નોકરી બધુ બંધ રાખી સભાનો સમય પૂરો ના થાય ત્યાં સુધી કોઈપણ બહાર ના નીકળે. જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવા પણ બહાર નીકળે નહીં. સાંજે લાલદરવાજા ખાતે મોરારજીભાઈ દેસાઈની જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભા સમયે થોડાં કોંગ્રેસી આગેવાનો અને સેવાદળના સૈનિકો હતા. આ પરિસ્થિતિની જાણ મોરારજીભાઈ દેસાઈને કરવામાં આવતા તેઓ સભાસ્થાને આવ્યા નહીં અને ઉપવાસ જાહેર કર્યા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની બેઠકમાં તેમણે જણાવ્યું કે, હું ગુજરાતને હિન્દુસ્તાનના ભલા માટે હોડમાં મૂકવા તૈયાર છું. હું હિન્દુસ્તાનને ગુજરાતને માટે હોડમાં મૂકવા તૈયાર નથી. મેં મારા વિચારો ખાનગી રાખ્યાં નથી. તા.૨૬મી ઓગસ્ટે સાંજે લાલદરવાજાના મેદાનમાં મોરારજીભાઈ દેસાઈની જાહેરસભાનું આયોજન થયું.અમૃતલાલ શેઠના હાથે મોસંબીનો રસ લઈ પરણાં કર્યાં.*

**13.4.3 મહાગુજરાત જનતા પરિષદ**

*આંદોલનને વ્યવસ્થિત સંસ્થાનું સ્વરૂપ આપવા માટે ગુજરાતભરના અગ્રણી નાગરિકોનું એક સંમેલન બોલાવવામાં આવ્યું. તા.9-9-56ના દિવસે દોલતખાનામાં આવેલી ઔદિચ્યોની વાડીમાં બોલાવાયેલા સંમેલનમાં ઈન્દુલાલ યાજ્ઞિકે પ્રમુખ સ્થાન લીધું. તેમણે પ્રવચનમાં જણાવ્યું કે,મહાગુજરાતની લડતમાં ખભેખભો મિલાવીને આપણો અવાજ બુલંદ બનાવીશું તો આપણો જય નિશ્ચિત છે. પછી શહીદોને અંજલિ આપવામાં આવી. ગોળીબારના બનાવોની અદાલતી તપાસની માંગણી કરવામાં આવી. મહાગુજરાત હાંસલ કરવું વગેરે ઠરાવો થયા અને મહાગુજરાત નાગરિક પરિષદને બદલે મહાગુજરાત જનતા પરિષદ નામ રાખવામાં આવ્યું. જેમાં જુદા જુદા પક્ષોના પરિબળો હતા. મહાગુજરાત માટે ચળવળ કરનાર પ્રજાસમાજવાદી પક્ષ અને સામ્યવાદી પક્ષના સભ્યો, દ્વિભાષી રાજ્યના નિર્ણયથી રાજીનામું આપી છુટા થયેલાં કોંગ્રેસ પક્ષના*

*આગેવાનો ઉપરાંત બીજા કાર્યકરો અને અગ્રણીઓ જોડાયા હતા. તા.1લી થી 8મી ઓક્ટોબર સુધી મહાગુજરાત સપ્તાહ તરીકે અને 8મી ઓક્ટોબરનો દિવસ શહીદ દિન તરીકે ઉજવવાનું ઠરાવ્યું હતું.*

**13.4.4 સમાંતર સભા :**

*તા.2જી ઓક્ટોબરે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ ગુજરાતની મુલાકાતે આવવાના હતા. આ દિવસે અમદાવાદમાં તેમની જાહેરસભા રાખવામાં આવી હતી. તેની સામે જનતા પરિષદે સમાંતર સભા યોજવાનું ઠરાવ્યું હતું. તા. 2-10-56ના દિવસે બે સભાઓ થઈ. લાલદરવાજાના મેદાનમાં વડાપ્રધાનની સભા મળી. બરાબર આ જ સમયે લૉ કૉલેજના મેદાનમાં સમાંતર સભા ચાલતી હતી. સાબરમતીના ત્રણે પુલથી લૉ કૉલેજ સુધી માનવમેદનીના કારણે વાહનવ્યવહાર સ્થગિત થઈ ગયો હતો. સભાની શરૂઆતમાં જય જય ગરવી ગુજરાત, દિન ખૂન કે હમારે, યારો ન ભૂલ જાના, કવિ પ્રદીપનું સિસક રહી ગાંધી કી ધરતી, બીગડ ગઈ જબ બાત, કવિ દિવ્ય સોલાનું હે ... ગરવી મહાગુજરાત, શમણું તારું ભાંગિયું વગેરે ગીતો ગવાયા. સભામાં ઈન્દુલાલ યાજ્ઞિક, હિંમતલાલ શુક્લ, સનત મહેતા, પુરુષોત્તમદાસ પટેલ, હરિહર ખંભોળજા વગેરેએ પ્રવચનો કર્યા.*

**13.4.5 મશાલ સરઘસ :**

*દ્વિભાષી મુંબઈ રાજ્યનો પ્રારંભ તા.1લી નવેમ્બર 1956ના રોજ કાળી ચૌદસના દિવસે થયો હતો. મહાગુજરાત જનતા પરિષદે 1લી નવેમ્બરનો દિવસ વિરોધી દિન તરીકે મનાવવા હાકલ કરી હતી. ઉપરાંત ધનતેરસના દિવસે મશાલ સરઘસ કાઢવું, ઘરઆંગણે મહાગુજરાતનો નકશો દોરવો, દારૂખાનું ફોડવું નહીં વગેરે કાર્યક્રમો આપ્યા.*

*ધનતેરસે રાતે મશાલ સરઘસ કાઢવામાં આવ્યું જેમાં ચાંદીની મશાલ સાથે ઈન્દુલાલ યાજ્ઞિક મોખરે હતા. મહાગુજરાત તરફી અને ગોળીબાર વિરોધના સૂત્રો સાથે સરઘસ નીકળ્યું. આવા નાના-મોટાં સરઘસો અન્ય વોર્ડમાંથી પણ નીકળ્યા હતાં. તા.8-11-56ના રોજ શહીદ દિને શહીદોની સંખ્યા મુજબ 24 સ્વયંસેવકોની એક ટુકડી એવી બે ટુકડીઓએ કોંગ્રેસ ભવન આગળ શહીદ સ્થળે પુષ્પાંજલિ કરતાં પોલીસે પકડી. જો કે રાત્રે છોડી મૂકવામાં આવી.*

**13.4.6 ચૂંટણી :**

*જનતા પરિષદના પ્રમુખ પદની થયેલી ચૂંટણીમાં ઈન્દુલાલ યાજ્ઞિક ચૂંટાઈ આવ્યા હતા. વળી, અમદાવાદ શહેર સમિતિના પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, સહમંત્રી, કોષાધ્યક્ષને ચૂંટવામાં આવ્યા. બધા જિલ્લામાંથી મળીને મહાસમિતિના 30 સભ્યો ચૂંટવામાં આવ્યા. તા.29/30-12-56ના રોજ જનતા પરિષદનું અધિવેશન મળ્યું. જેમાં મહાગુજરાતની રચના, શહીદ સ્મારક, ગોળીબારની તપાસ વગેરે ઠરાવો*

*સર્વાનુમતે થયા. પરિષદમાં 24 સભ્યોની કારોબારીની ચૂંટણી પણ સર્વાનુમતે કરી અને પાર્લામેન્ટરી બોર્ડના સાત સભ્યોના નામ મંજૂર થયા.*

*ઈ.સ. 1957માં દેશની બીજી સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. જેમાં મહાગુજરાત જનતા પરિષદે ભાગ લીધો. ચૂંટણીના પરિણામોમાં જનતા પરિષદનો વિજય અમદાવાદ શહેર અને જિલ્લાઓ, મહેસાણા જિલ્લો અને ખેડા પૂરતો જ સીમિત રહ્યો. લોકસભાની પાંચ બેઠકો પરિષદે મેળવી. જેમાં ઈન્દુલાલ યાજ્ઞિક, પુરુષોત્તમદાસ પટેલ, ફતેસિંહજી ડાભી, કરસનદાસ પરમાર અને બેરિસ્ટર મોતીસિંહ ઠાકોર ચૂંટાયા. વિધાનસભાની 29 બેઠકો પરિષદે મેળવી. જેમાં ડૉ. ગણપતરામ પટેલ, બ્રહ્મકુમાર ભટ્ટ, જયંતિ દલાલ, અહમદમિયાં શેખ વગેરે ચૂંટાયા હતા.*

**13.4.7 શહીદ સ્મારકની લડત :**

*તા.8-8-58ના રોજ કોંગ્રેસ હાઉસ સામે શહીદ સ્મારક રચવાનું ઠરાવ્યું. આ દિવસે બપોરે બે શહીદ સ્મારક સાથે વિશાળ સરઘસ મણિલાલ મેન્શનથી નીકળી ટ્રાફિક સર્કલ પહોંચ્યું. શહીદો અમર રહોના નારા વચ્ચે ઈન્દુલાલ યાજ્ઞિકના હસ્તે મોટું સ્મારક મૂકાયું. પછી પાછળથી ફૂટપાથની કિનારી પર નાનું સ્મારક મૂકાયું. આ પછી લાલદરવાજાના મેદાનમાં સભાના રૂપમાં ફેરવાઈ ગયું. જેમાં ઈન્દુલાલ યાજ્ઞિકે પ્રવચન કર્યું. કલોલ અને નડિયાદમાં પણ શહીદ સ્મારક રચાયા. તા.12-8-58ના રોજ સવારે અમદાવાદ, કલોલ અને નડિયાદમાં રચવામાં આવેલા સ્મારકો ઉઠાવી લીધાં. આ સમાચાર ફેલાતાં તોફાનો થયા અને શહેરના મોટાભાગના વિસ્તારમાં કરફ્યુ નાંખી દેવામાં આવ્યો.*

**13.4.8 શહીદ સ્મારક સત્યાગ્રહ :**

*તા.17-8-58ના રોજ શહીદ સ્મારક સત્યાગ્રહ શરૂ થયો. આ દિવસથી દરરોજ સવારે આઠ વાગે સત્યાગ્રહીઓની એક ટુકડી માણેકચોક - તિલક મેદાનથી નીકળી પ્રતિબંધિત હુકમોનો ભંગ કરીને શહીદ સ્મારકના સ્થળે જાય અને ધરપકડ થશે તો સ્વેચ્છાએ વહોરી લેવી એમ નક્કી થયું. નક્કી કરેલા કાર્યક્રમ મુજબ તારીખ 17 મી એ સવારે આઠ વાગ્યે પ્રથમ ટુકડી તિલક મેદાનમાં આવી. જેમાં ઈન્દુલાલ યાજ્ઞિક, બ્રહ્મકુમાર ભટ્ટ, કરસનદાસ પરમાર, બુલાખી નવલખા, ગોરધનભાઈ પટેલ, નલિનીબેન મહેતા, અબ્દુલ રઝાક શેખ વગેરે સાતની ટુકડી હતી. તેની કરફ્યુ અને 144મી કલમના ભંગ માટે ધરપકડ કરવામાં આવી. કોર્ટ નંબર - 4 ના મેજિસ્ટ્રેટે તેને 1 માસ અને 14 દિવસની સજા કરી. આ પ્રમાણે તા. 17-8-58 થી 1-4-59 સુધી 226 દિવસ સુધી ૨૨૬ ટુકડીઓએ સત્યાગ્રહ કર્યો. દરેક ટુકડીને પકડીને કોર્ટમાં રજૂ કરતાં સજા કરવામાં આવતી હતી. આ સત્યાગ્રહ ટુકડીઓમાં વકીલો, ડૉક્ટરો, શિક્ષકો, સુધરાઈ પ્રમુખો, ખેડૂતો, કામદારો, અગ્રગણ્ય વેપારીઓ અને બહેનો પણ જોડાઈ હતી. તા.20/21-12-58ના શનિવારે અને રવિવારે વિનોબા ભાવે અમદાવાદ આવ્યા હોવાથી બે દિવસ સત્યાગ્રહ મોકૂફ રાખવામાં આવ્યો હતો. આ અહિંસક શહીદ સ્મારક*

*સત્યાગ્રહનું સંચાલન જયંતિ દલાલ, ડૉ.ગણપતરામ પટેલ અને ડૉ. વાસુદેવ ત્રિપાઠીએ કર્યું હતું. સ્વતંત્ર ગુજરાત રાજ્યની રચના તો 01-05-1960 ના રોજ થઈ ગઈ. પરંતુ શહીદ સ્મારકનો પ્રશ્ન લટકતો જ રહ્યો હતો. સ્વતંત્ર રાજ્ય સ્થપાયા પછી પણ સ્થળ/ટ્રાફિક, ઊંચાઈ વગેરે પ્રશ્ને એકવાક્યતા ન સધાતા સ્મારક ન બન્યું. જે સ્મારક આખરે તા. 19-09-1968 ના રોજ ઈન્દુલાલ યાજ્ઞિકના હસ્તે ઉદ્દઘાટીત થયું ત્યારે સૌએ 'શહીદો અમર રહો'ના નારા લગાવ્યા ત્યારે સૌની આંખો ભિંજાઈ હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો - 2**

**1. જનતા કરફ્યુ પર નોંધ લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

____________________________________________

**2. સમાંતર સભાની માહિતી આપો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

____________________________________________

**3. શહીદ સ્મારક સત્યાગ્રહની ચર્ચા કરો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

____________________________________________

**4. ખરાં-ખોટા જણાવો.**

(1) *મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખપદે દાદુભાઈ અમીન હતા.*

(2) *દ્વિભાષી મુંબઈ રાજ્યનો આરંભ 1લી નવેમ્બર, 1956ના રોજ કાળીચૌદસના દિવસે થયો હતો.*

(3) *શહીદ સ્મારક સત્યાગ્રહ 325 દિવસ ચાલ્યો હતો.*

## 13.5 દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન

*મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી યશવંતરાવ ચવાણ કોંગ્રેસના મોવડી મંડળને મળ્યા અને આ પ્રશ્ને ફરી વિચારણા શરૂ કરવામાં આવી. તા. 24/25-9-1959ના રોજ નવી દિલ્હીમાં કોંગ્રેસ કારોબારીની બેઠક મળી. તા. 26-10-1959ના રોજ મુંબઈ રાજ્યની પુનર્રચના અંગે મદદ કરવા માટે નવ સભ્યોની એક સમિતિ કોંગ્રેસ પ્રમુખે નીમી હતી. જેમાં ગુજરાતના ઠાકોરભાઈ દેસાઈ પણ સભ્ય તરીકે હતા. આ સમિતિએ*

*સૂચવેલી ભલામણોના આધારે તા.3-12-1959ના રોજ મળેલી કોંગ્રેસ કારોબારીએ મુંબઈ રાજ્યના વિભાજનને સંમતિ આપી. વિભાજનની વિગતો પરસ્પર સમજૂતીથી કરવામાં આવી હતી.*

## 13.6 ગુજરાત રાજ્યની રચના

*તા.19-2-60ના રોજ મુંબઈ થી ઉચ્ચ અધિકારીઓની એક ટુકડી મુંબઈ થી અમદાવાદ આવી. તા. 19-4-60ના રોજ ભારતની સંસદે મુંબઈ રાજ્યના વિભાજનનું બિલ આખરી તબક્કામાંથી પસાર કરી દીધું. તા.23-4-60ના રોજ રાજ્યસભાએ વિસર્જનના બિલને મંજૂરી આપી. તા.25-4-60ના રોજ રાષ્ટ્રપતિએ મુંબઈ વિભાજનના ખરડા પર સહી કરી અને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયો. આ જ દિવસે ગુજરાતના નવા પ્રધાનમંડળના પ્રધાનો અને નાયબ પ્રધાનોની યાદી જાહેર કરવામાં આવી. જેમાં મુખ્ય પ્રધાન તરીકે ડૉ. જીવરાજ મહેતા નિયુક્ત કરવામાં આવ્યા. ગુજરાતના રાજ્યપાલ તરીકે હૈદરાબાદના શાહી કુટુંબના શ્રી મહેંદીનવાઝ જંગની નિમણૂક કરવામાં આવી. તા.1-5-60ના રોજ અમદાવાદમાં સાબરમતી ગાંધીઆશ્રમમાં ગુજરાતના પ્રધાનમંડળની સોગંદવિધિ થઈ અને ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આ આંદોલનમાં જનસત્તા, નવગુજરાત, જનતંત્ર - દૈનિકો ઉપરાંત મહાગુજરાત, જય મહાગુજરાત તેમજ અન્ય પત્રોનું પ્રદાન નોંધપાત્ર છે.*

## 13.7 મહાગુજરાત આંદોલનના નેતાઓ

*મહાગુજરાત આંદોલન સાથે જોડાયેલા નેતાઓનું મહત્ત્વનું યોગદાન નીચે મુજબ છે.*

**ઈન્દુલાલ યાજ્ઞિક :** *ઈન્દુલાલ યાજ્ઞિકને શ્રી ઉમાશંકર જોશીએ શ્રીમંત નગરીના ફકીર નેતા કહ્યા છે. તેઓ કિસાનો, કામદારો અને પીડિતો માટે જીવનભર ઝઝૂમ્યા. મહાગુજરાત આંદોલનની શરૂઆતથી જ તેઓ સક્રિય રહ્યા હતા. આ આંદોલન દરમિયાન સભાઓ, સરઘસો, જુદા જુદા સ્થળોએ જવું વગેરે કાર્યોમાં અગ્ર ભૂમિકા ભજવી. આ ઉપરાંત મહાગુજરાત જનતા પરિષદનું પ્રમુખપદ સંભાળ્યું, આંદોલનનું નેતૃત્વ કર્યું અને જેલની સજા પણ ભોગવી હતી. આંદોલન દરમિયાન ઈન્દુલાલ યાજ્ઞિકના મહત્ત્વના યોગદાનની ચર્ચા અગાઉ કરવામાં આવી છે. તેમના પ્રવચનની ભાષા અને રજૂઆત તળપદી હતા. 1957 ની લોકસભાની ચૂંટણીમાં અમદાવાદ શહેરમાંથી તેઓ ચૂંટાયા હતા. આ આંદોલનની આધારભૂત માહિતી તેમણે લખેલી આત્મકથા ભાગ-6 માંથી મળે છે. ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથાને સુરતની નર્મદ સાહિત્ય સભા તરફથી નર્મદ સુવર્ણચંદ્રક મળ્યો છે. ગુજરાત રાજ્યની સ્થાપના પછી મહાગુજરાત જનતા પરિષદની અમદાવાદ શહેર સમિતિએ અને અમદાવાદના નાગરિકો તરફથી તેમને માનપત્રો મળ્યા હતા.*

**બ્રહ્મકુમાર ભટ્ટ :** *બ્રહ્મકુમાર ભટ્ટ આ આંદોલનની શરૂઆતથી જનતા પરિષદના વિસર્જન સુધી સક્રિય રહ્યા હતા. તા. 8-8-56ના રોજ રાયપુર ચકલામાં વિપર્થીઓની સભાને સંબોધી હતી. જાહેરસભાઓમાં પ્રવચનો કર્યા હતા. જનતા કરફ્યુ, મશાલ સરઘસ, સમાંતર સભા, શહીદ સ્મારકની લડત, શહીદ સ્મારક સત્યાગ્રહ વગેરેમાં સક્રિય રહી આંદોલનમાં યોગદાન આપ્યું. જેલની સજા પણ ભોગવી હતી. મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખપદના માટે ઈન્દુલાલ યાજ્ઞિકની સંમતિ લેવાનું કાર્ય તેમણે કર્યું હતું. મુંબઈ વિધાનસભાની ચૂંટણીમાં ખાડિયામાંથી તેઓ ચૂંટાયા હતા. આ આંદોલન અંગે તેમણે 'લે કે રહેંગે મહાગુજરાત' નામનું પુસ્તક લખ્યું છે. આંદોલનને ટેકો આપવા માટે નવગુજરાત દૈનિક શરૂ કરવા નવગુજરાત પ્રા.લિ.નામની સ્થપાયેલી સંસ્થાના નાણાંકીય પ્રશ્નો પણ તેમણે સંભાળ્યા હતા. નવગુજરાતને તેમના પિતા રણછોડભાઈએ પ્રોવિડન્ડ ફંડના પાંચ હજારમાંથી એક હજાર રૂપિયા આપ્યા હતા. આ આંદોલનમાં તેમની સક્રિયતામાં કુટુંબીજનોનો પણ સાથ-સહકાર હતો.*

**રતિલાલ ખુશાલદાસ :** *રતિલાલ ખુશાલદાસ મહાગુજરાત આંદોલન શરૂ થયું ત્યારથી તેમાં જોડાયા હતા. તા.8-8-56ના રોજ સાંજે તેમના પ્રમુખપદે જાહેરસભા યોજાઈ હતી. જેમાં તેમણે અને બ્રહ્મકુમાર ભટ્ટે ભાષણ કર્યા હતા. વિપર્થીઓના રોષને સંગઠિત સ્વરૂપમાં વાચા આપવાનો નિર્ણય તેમના બંગલામાં લેવાયો હતો. જે મહાગુજરાત વિપર્થી સમિતિનું કેન્દ્ર બની ગયો. તેમના ઘરે સમિતિના કેટલાંય અગ્રેસરો અને કાર્યકરો રહેતા, જમતા, સૂતા, ચર્ચા-વિચારણાં કરતા. કમિટીમાં બેસી ઠરાવો-નિવેદનો કરતાં. મહાગુજરાતની લડતમાં આર્થિક જવાબદારી ઉપાડનાર રતિલાલ હતા.*

**દિનકરભાઈ મહેતા :** *દિનકરભાઈ મહેતા અને શ્રીમતિ નલિનીબેન દિનકરભાઈ મહેતાએ વજુભાઈ શુક્લની આગેવાની નીચેની ટુકડીમાં ભાગ લઈ સત્યાગ્રહ કર્યો હતો. શહીદ સ્મારક સત્યાગ્રહમાં બીજે દિવસે 18-8-58ના રોજ દિનકરભાઈ મહેતાના નેતૃત્વ નીચે ટુકડી નંબર - 2 એ સત્યાગ્રહ કર્યો હતો. જેને કોર્ટે 1 માસ 14 દિવસની સજા કરી હતી. તેઓ જનતા પરિષદના ઉપપ્રમુખ અને પાર્લામેન્ટરી બોર્ડમાં સભ્ય હતા. મહારાષ્ટ્રની સમિતિએ નીમેલી સમિતિ સાથે વાટાઘાટો કરવા માટે સમિતિ અને સલાહકાર સમિતિ નીમી હતી. જેમાં સલાહકાર સમિતિમાં ત્રણ સભ્યોમાં તેઓ પણ હતા. તેમણે જાહેરસભામાં પ્રવચનો પણ કર્યા હતા. તેમણે પરિવર્તન અને આત્મકથા ભાગ-૨ ઉપરાંત અન્ય પુસ્તકો લખ્યા છે. દિનકરભાઈ મહેતાના પત્ની શ્રીમતિ નલિનીબહેન મહેતા પણ આ આંદોલનમાં સક્રિય હતા.*

**જયંતિભાઈ દલાલ :** *જયંતિભાઈ દલાલ જનતા પરિષદના મહામંત્રી હતા. અટકાયતી ધારા હેઠળ બાવીસ અગ્રેસરો અને કાર્યકરોની ધરપકડ કરી જેલની સજા કરી હતી. તેમાં તેઓ પણ હતા. મુંબઈ વિધાનસભાની ચૂંટણીમાં કાલુપૂર બેઠકમાંથી તેઓ ચૂંટાઈ આવ્યા હતા. શહીદ સ્મારક સત્યાગ્રહની અહિંસક લડતનું સંચાલન જયંતિભાઈએ અને ડૉ.ગણપતરામ પટેલે કર્યું હતું. કોટવાલ પંચ સમક્ષ રજૂઆત કરવા ધારાશાસ્ત્રીઓની*

*ટીમને ઝીણી ઝીણી વિગતોમાં મદદરૂપ બન્યા હતા. સરઘસો અને જાહેરસભાઓમાં સામેલ થઈ પ્રવચનો કર્યા હતા. 'જગભેરૂ જયંતિ દલાલ' નામના પુસ્તકમાંથી તેમના વ્યક્તિત્વનો પરિચય મળે છે. તેમના પત્ની શ્રીમતિ રંજનબહેન દલાલ પણ આંદોલનમાં સક્રિય હતા. શહીદ સ્મારક સત્યાગ્રહમાં તા. 21-8-58ના રોજ તેમના નેતૃત્વ નીચે ટુકડી નંબર પાંચે સત્યાગ્રહ કર્યો હતો. જેને કોર્ટે 1 માસ 20 દિવસની સજા કરી હતી.*

**પુરુષોત્તમદાસ પટેલ :** *દાસકાકા નામથી પ્રસિદ્ધ પુરુષોત્તમદાસ પટેલ મુંબઈ વિધાનસભામાં ચૂંટાયા હતા.1957ની ચૂંટણી માટે આયોજન કરવા બોલાવાયેલી સભામાં તેમણે રાજકીય અનુભવના નિચોડરૂપ પક્ષની રૂપરેખા આપી અને તેમણે સૂચવેલા પક્ષનું નામ જનતા પરિષદ રાખ્યું. તેના પાંચ ઉપપ્રમુખોમાં તેઓ પણ ચૂંટાયા હતા.મુંબઈ રાજ્યની તમામ આવક કોયના યોજનામાં વપરાઈ ગઈ અને ગુજરાતની યોજનાઓ માટે નાણાં ફાળવી શકાયા નહીં. આ અંગેની હકીકત તેમણે મહેસાણાની જાહેરસભામાં રજૂ કરી. 1957માં મહેસાણા જિલ્લાની લોકસભાની બેઠક જીતી ગયા હતા. મુંબઈ વિભાજનનું બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું તે સમયે છ સભ્યોની નોંધમાં ડાંગ, ઉમરગામ, નવાપુર વગેરે ગામો ગુજરાતમાં જાય તેનો વિરોધ કર્યો, પરંતુ આ પ્રદેશ ગુજરાતનો છે એવી પુરુષોત્તમદાસ પટેલે નોંધ મૂકી તે ઐતિહાસિક દસ્તાવેજ બની ગઈ. તેમના પ્રયાસથી ગુજરાતના પ્રદેશો મહારાષ્ટ્રમાં જતાં બચી ગયા. તેમણે ધારાસભા, પાર્લામેન્ટમાં રજૂ કરેલા પ્રશ્નોની છણાવટ રાષ્ટ્રધર્મ અને ખેડૂત નામના બે અઠવાડિક વર્તમાનપત્રોમાં કરી હતી.*

**ડૉ.ગણપતભાઈ પટેલ :** *ડૉ.ગણપતભાઈ પટેલ જનતા પરિષદના કોષાધ્યક્ષ તરીકે સર્વાનુમતે ચૂંટાયા હતા. પાંચ ચૂંટાયેલા ઉપપ્રમુખોમાં તેઓ પણ હતા. શહીદ સ્મારક રચવા વ્યવસ્થા કરવા માટે નીમાયેલી કમિટીમાં તેઓ હતા. તેમણે જાહેરસભાઓમાં પ્રવચનો કર્યા હતા અને સરઘસોમાં પણ ભાગ લીધો હતો. તેઓ મુંબઈની વિધાનસભાની ચૂંટણીમાં એલિસબ્રિજમાંથી ચૂંટાઈ આવ્યા હતા.*

**મહેન્દ્રભાઈ દેસાઈ :** *મહેન્દ્રભાઈ દેસાઈ સ્વાતંત્ર્યસેનાની દરબાર ગોપાળદાસના પુત્ર છે. તેમના તંત્રી પદે મહાગુજરાત નામનું પત્ર પ્રગટ થતું હતું, પણ આ નામનું બીજું પત્ર હોવાથી જય મહાગુજરાત નામે પ્રગટ થવા લાગ્યું. તેમની આગેવાની નીચે વસોથી મરજીવા સત્યાગ્રહીઓની ટુકડી ચંડોળા તળાવ સુધી આવી હતી, જેને પોલીસે રોકી પણ તેમને છોડી મૂકવામાં આવ્યા. દ્વિભાષી રાજ્યના વિરોધમાં મુંબઈની ધારાસભા આગળ સત્યાગ્રહ કરતાં મહેન્દ્રભાઈનાં મહાગુજરાતવાદી 41 ભાઈઓ - બહેનો પકડાયા હતા. તેઓ મુંબઈ વિધાનસભાની ચૂંટણીમાં નડિયાદમાંથી વિજયી થયા હતા. તેમણે પણ સભા, સરઘસ અને પ્રવચનો દ્વારા સક્રિય ભૂમિકા ભજવી હતી.*

**હરિહરભાઈ ખંભોળજા :** *હરિહરભાઈ ખંભોળજા અમદાવાદના રાષ્ટ્રીય વિપર્થી મંડળના મંત્રી હતા. મહાગુજરાત વિપર્થી સમિતિની અગાઉ ચર્ચા કરવામાં આવી છે. તેઓ જનતા પરિષદના મંત્રી તરીકે ચૂંટાયા હતા. તેમણે જાહેરસભાઓમાં પ્રવચનો*

*કર્યા. શહીદ સ્મારક સત્યાગ્રહમાં તા.* 20-8-58*ના રોજ તેમના નેતૃત્વ નીચે ટુકડી નંબર* 4 *એ સત્યાગ્રહ કર્યો. કોર્ટે તેને* 1 *મહિનો* 14 *દિવસની સજા કરી હતી.*

**હરિપ્રસાદભાઈ વ્યાસ :** *હરિપ્રસાદભાઈ વ્યાસની આગેવાની નીચે તા.* 8-11-56*ના રોજ* 24 *સ્વયંસેવકોની એક ટુકડી શહીદ સ્થળે પુષ્પાંજલિ અર્પણ કરવા ગઈ હતી. જેને પોલીસે પકડી લીધી હતી. જો કે પાછળથી છોડી મૂકવામાં આવી હતી. તેમણે જાહેરસભાઓમાં ભાષણો કર્યા હતા.*

**પ્રબોધભાઈ રાવળ :** *પ્રબોધભાઈ રાવળ જનતા પરિષદની શહેર સમિતિના મહામંત્રી પદે ચૂંટાયા હતા. તેમણે જાહેર પ્રવચનો કર્યા હતા. અટકાયતી ધારા હેઠળ તેમની પણ ધરપકડ કરી જેલની સજા કરી હતી. તેઓ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયા હતા.*

**એહમદમિયાં શેખ :** *એહમદમિયાં શેખ જનતા પરિષદની શહેર સમિતિના ઉપપ્રમુખ તરીકે અને પાર્લામેન્ટરી બોર્ડમાં સભ્ય તરીકે ચૂંટાયા હતા. મહારાષ્ટ્રની સમિતિએ નીમેલી સમિતિ સાથે વાટાઘાટો કરવા માટે નિમાયેલી સમિતિના ત્રણ સભ્યોમાંના એક તેઓ પણ હતા. તેમણે જાહેરસભાઓમાં પ્રવચનો કર્યા હતા. શહીદ સ્મારક સત્યાગ્રહમાં તા.* 19-8-58*ના રોજ તેમના નેતૃત્વ નીચે ટુકડી નંબર - ત્રણે સત્યાગ્રહ કર્યો. જેને કોર્ટે* 1 *માસ* 14 *દિવસની સજા કરી.*

**વલ્લભવિદ્યાનગરના શ્રી ભાઈલાલભાઈ** *(ભાઈકાકા) આ આંદોલન પૂર્વે મહાગુજરાત અંગે સક્રિય રહી પ્રજા જાગૃતિનું કાર્ય કર્યું. તેઓ આ આંદોલનના સૂત્રધાર હતા. તેમનું માર્ગદર્શન મેળવવા માટે ઈન્દુલાલ યાજ્ઞિક વલ્લભવિદ્યાનગર જતા હતા. આ આંદોલનમાં અમદાવાદ કેન્દ્ર સ્થાને હતું, પરંતુ તેની ભૂમિકા ડાંગને બચાવવાના પ્રશ્નથી થઈ. ડાંગમાં ઘેલુભાઈ નાયક અને છોટુભાઈ નાયકની કામગીરી મહત્ત્વની હતી. આ ઉપરાંત દાદુભાઈ અમીન, રામચંદ્ર અમીન, જી.આઈ.પટેલ, સનત મહેતા વગેરે નેતાઓનું અને પ્રજાનું આ આંદોલનમાં મહત્ત્વનું યોગદાન છે.*

- **તમારી પ્રગતિ ચકાસો - 3**

**1. દ્વિભાષી મુંબઈ રાજ્યના વિભાજન પર ચાર વાક્યો લખો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

______________________________________

**2. મહાગુજરાત આંદોલનમાં નેતાઓનું પ્રદાન જણાવો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

______________________________________

**3. ખાલી જગ્યા પૂરો.**

(1) *દ્વિભાષી મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન ......... હતા.*

(2) *......... ના દિવસે ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું હતું.*

(3) *ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથાને ......... ચંદ્રક મળ્યો છે.*

## 13.8 સારાંશ

*ભાષાવાર રાજ્ય રચના માટે થયેલું મહાગુજરાત આંદોલન સ્વયંભૂ લોક આંદોલન હતું. જેને સર્વમાન્ય લોકનેતા ઈન્દુલાલ યાજ્ઞિક મળ્યા. ત્રણ વર્ષ, આઠ મહિના અને ચોવીસ દિવસ સુધી ચાલેલા આ આંદોલનના પરિણામે તા.1લી મે,* 1960 *ના દિવસે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ અને એક જ ભાષા - ગુજરાતી બોલતાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ગુજરાતમાં ભળ્યા.*

## 13.9 ચાવીરૂપ શબ્દો

**ધાર કમિશન** : *શ્રી એસ.કે.ધાર ચેરમેન, શ્રી પન્નાલાલ, શ્રી જગત નારાયણ સભ્ય.*

**જે.વી.પી. સમિતિ** : *પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. પટ્ટાભી સીતારામૈયા*

## 13.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - 1**

*જોડકા જોડો.* (1-*બ*) (2-*ક*) (3-*અ*)

**તમારી પ્રગતિ ચકાસો - ૨**

*ખરાં-ખોટાં જણાવો.* (1) *ખોટું* (2) *ખરું* (3) *ખોટું*

**તમારી પ્રગતિ ચકાસો - 3**

**ખાલી જગ્યા પૂરો.**

(1) *શ્રી યશવંતરાવ ચવાણ* (2) 1*લી મે* 1960 (3) *નર્મદ સુવર્ણચંદ્રક*

## 13.11 સંદર્ભ સૂચિ


- *ઈન્દુલાલ યાજ્ઞિક, આત્મકથા ભાગ* -6, *અરૂણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ, અંત્યોદય ભવન, રેલવે પોલીસ પરેડ ગ્રાઉન્ડ સામે, રાવપૂરા, વડોદરા, પ્રથમ આવૃત્તિ,* 1973, *પુનઃમુદ્રણ, એપ્રિલ-* 2011
- *બ્રહ્મકુમાર ભટ્ટ, લે કે રહેંગે મહાગુજરાત,* 1987, *ફાફડાની પોળ, સારંગપૂર, અમદાવાદ,*
- *અપેક્ષા મહેતા, મહાગુજરાત એક ચળવળ* (1956-60), *જ્ઞાનમંદિર પ્રકાશન,* 1760, *ગાંધીરોડ, બાલાહનુમાન પાસે, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2015
- *કુન્દનલાલ ધોળકિયા, સમયને સથવારે ગુજરાત,* 36 *ઓનલુકર બિલ્ડિંગ, ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર,* 1991
- *ડૉ.માણેકભાઈ પટેલ 'સેતુ', અમદાવાદ કથા, ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-* 1996
- *ધનશ્યામ પંડિત અને ધનવંત ઓઝા (સંપાદક), શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સ્મારક ગ્રંથ, મહાગુજરાત સેવા ટ્રસ્ટ, રામબલિ બિલ્ડિંગ, મિશન રોડ, ભદ્ર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ*
- *મંગુભાઈ પટેલ, કર્મયોગી દાસકાકા, સર્વ વિપલય કેળવણી મંડળ, કડી, ઉત્તર ગુજરાત* – 1990
- *શિવપ્રસાદ રાજગોર, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1997, *દ્વિતીય આવૃત્તિ* - 1998
- *હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ (સંપાદક), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ*-9, *શેઠ ભોજે અધ્યયન સંશોધન વિપભવન આશ્રમરોડ અમદાવાદ વતી ગૂર્જર પ્રકાશન,* 202, *તિલકરાજ પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ, પહેલી આવૃત્તિ* -1987, *દ્વિતીય આવૃત્તિ-* 2011
- *રઘુવીર ચૌધરી અને અન્ય (સંપાદક), જગભેરુ જયંતિ દલાલ, સ્મૃતિ સમિતિ, ગુજરાત સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઓગસ્ટ*-1986
- *રામલાલ પરીખ (સંપાદક), ગુજરાત એક પરિચય, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ,* 66*મું અધિવેશન, ભાવનગર, જાન્યુઆરી*-1961
- *એસ.વી.જાની, સૌરાષ્ટ્રનો ઈતિહાસ ભાગ* - 2, (1948 - 1956) *દર્શક ઈતિહાસ નિધિ,* 75 *આસોપાલવ, થલતેજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ* - 2012

**એકમ : 14**

# આધુનિક ગુજરાતના ઘડવૈયા સયાજીરાવ ગાયકવાડ, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, ગોંડલ નરેશ ભગવતસિંહજી

**:: રૂપરેખા::**

**14.0** ઉદ્દેશ્યો

**14.1** પ્રસ્તાવના

**14.2** સયાજીરાવ ગાયકવાડ

- **14.2.1** સયાજીરાવ ગાયકવાડના રાજકીય સુધારા
- **14.2.2** સયાજીરાવ ગાયકવાડના આર્થિક સુધારા
- **14.2.3** સયાજીરાવ ગાયકવાડના સામાજિક સુધારા
- **14.2.4** સયાજીરાવ ગાયકવાડની શિક્ષણ વ્યવસ્થા
- **14.2.5** દલિતોના ઉદ્ધારક સયાજીરાવ ગાયકવાડ
- **14.2.6** આદિવાસીઓના ઉદ્ધારક સયાજીરાવ ગાયકવાડ
- **14.2.7** સાહિત્ય અને કલાના પોષક સયાજીરાવ ગાયકવાડ
- **14.2.8** પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા સયાજીરાવ ગાયકવાડ

**14.3** મહાત્મા ગાંધીજી

- **14.3.1** પ્રારંભિક જીવન
- **14.3.2** ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં
- **14.3.3** ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં ગાંધીજીનું પ્રદાન
- **14.3.4** ગાંધીજીનું સાહિત્ય

**14.4** સરદાર વલ્લભભાઈ પટેલ

- **14.4.1** પ્રારંભિક કારકિર્દી
- **14.4.2** ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરદાર વલ્લભભાઈનું પ્રદાન
- **14.4.3** નિર્વાસિતોનો પ્રશ્ન
- **14.4.4** દેશી રાજ્યોના વિલીનીકરણમાં ફાળો

**14.5** ગોંડલ નરેશ ભગવતસિંહજી

- **14.5.1** ભગવતસિંહજીના પ્રજાકીય સુધારા
- **14.5.2** ભગવતસિંહજીના આર્થિક સુધારા
- **14.5.3** ભગવતસિંહજીના રાજકીય સુધારા
- **14.5.4** ભગવતસિંહજીના શૈક્ષણિક સુધારા
- **14.5.5** ભગવતસિંહજીના આરોગ્ય વિષયક સુધારા

14.5.6 ભગવદ્ગોમંડલના સર્જક ભગવતસિંહજી

14.6 સારાંશ

14.7 ચાવીરૂપ શબ્દો

14.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

14.9 બહુવૈકલ્પિક પ્રશ્નો

14.10 સ્વાધ્યાય

14.11 સંદર્ભ સૂચિ

## 14.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી વિશે જાણી શકશો.*
- *અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલનો પરિચય મેળવશો.*
- *ગુજરાતની વડોદરા નગરીને સંસ્કાર નગરી બનાવનાર મહારાજા સયાજીરાવ વિશે જ્ઞાન પ્રાપ્ત કરશો.*
- *ગોંડલના પ્રજાપ્રેમી અને આદર્શ રાજવી મહારાજા ભગવતસિંહજી વિશે જ્ઞાન મેળવશો.*

## 14.1 પ્રસ્તાવના

*આધુનિક ગુજરાતના ઈતિહાસમાં અનેક મહાપુરૂષો થઈ ગયા, જેમાં ભારતની પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિનો પ્રાણ ફૂંકી અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીજી અખંડ ભારતના શિલ્પી અને ભારતને એકસૂત્રતામાં બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલ. ગુજરાતમાં જ્ઞાનપ્રચાર, કલાપ્રચાર, ગ્રામસુધાર, અંત્યજોદ્ધાર, નારીવિકાસ કરનાર મહારાજા સયાજીરાવ તથા ગુજરાતના આદર્શ રાજવીઓમાં તથા તેમની સાદાઈ માટે જાણીતા ગોંડલ નરેશ ભગવતસિંહજીના નામ તેમાં મોખરે છે. આપણે પ્રસ્તુત પ્રકરણમાં આ ચાર મહાનુભાવો વિશે પરિચય મેળવીએ.*

## 14.2 સયાજીરાવ ગાયકવાડ

*મહારાજા સયાજીરાવનો જન્મ 11 માર્ચ, ઈ.સ.1863માં થયો હતો. તેઓ મહારાજ કઈ રીતે બન્યા તે વાત રસપ્રદ છે. ઈ.સ.1870માં વડોદરાના મહારાજા ખંડેરાવનું અવસાન થયું. તેમને એકમાત્ર પુત્રી તારાબાઈ હતી. ખંડેરાવના ભાઈ મલ્હારરાવે વડોદરાની ગાદી મેળવવા તારાબાઈનું ખૂન કરાવવાની યોજના બનાવી પરંતુ આ વાતની જાણ અંગ્રેજોને થતાં તેમણે તારાબાઈને વર્ષાસન બાંધી આપી*



*સર સયાજીરાવ ગાયકવાડ*
*https://images.app.goo.gl/1TfBnTrBM67YUZqP6*

*પૂના મોકલી દીધાં. મલ્હારરાવને વડોદરાની ગાદી તો મળી પરંતુ તેમના અયોગ્ય વહીવટના કારણે અંગ્રેજ સરકારે તેમને પદભ્રષ્ટ કર્યા. આવા સંજોગોમાં ગાદીવારસનો પ્રશ્ન ઊભો થતા સિંહાસન માટે કાવાદાવા શરૂ થયા.*

*અંગ્રેજોએ નક્કી કર્યું કે કોઈ એવા જ બાળકને રાજા બનાવવો જેને યોગ્ય શિક્ષણ અને તાલીમ આપી શકાય. આ સમયે નાસિક પાસે કવળાણે ગામના કાશીરાવ નામના ખેડૂત રહેતા હતા. અંગ્રેજોએ રાજા માટે તેમના પુત્ર ગોપાળરાવ અને તેના ભાઈની પસંદગી કરી. બંન્ને ભાઈઓને વડોદરા બોલાવવામાં આવ્યા અને અંગ્રેજોની હાજરીમાં જમનાબાઈએ ગોપાળરાવને પસંદ કરી ઈ.સ.1875માં "સયાજીરાવ" તરીકે ગાદીએ બેસાડ્યા. આ વાતની જાણ સયાજીરાવના હરીફોને થતા તેમણે સયાજીરાવ નાની જાતિના છે તેવી વાત ફેલાવી હતી.*

*રાજા બન્યા બાદ અંગ્રેજોએ ગોપાળરાવને ઉત્તમ શિક્ષણ અને તાલીમ આપ્યા. અંગ્રેજ આઈ.સી. એસ. અધિકારી એફ. એ. એચ. ઈલિયટે મહારાજાને લિબરલ ફિલોસોફી, ઈતિહાસ, ભૂગોળ, પૉલિટિકલ ઈકૉનોમી, ગણિત અને અંગ્રેજી શીખવ્યાં. સયાજીરાવના ઘડતરમાં માતા જમનાબાઈ તથા દીવાન સર ટી. માધવરાયનો ફાળો સવિશેષ રહેલો છે. સયાજીરાવનું લગ્ન તાંજોરની રાજકુમારી ચીમનાબાઈ સાથે થયું હતું. ઈ.સ.1881ની 24 ડિસેમ્બરના રોજ સયાજીરાવનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. મહારાજા સયાજીરાવ પોતે ગામડાંઓમાં જતા અને સામાન્ય પ્રજા અને ખેડૂતો કે ગરીબ ઘરો સાથે વાતચીત કરી તેમના સુખ-દુ:ખની માહિતી મેળવતા. પરિણામે તે લોકોમાં પ્રિય બનતા ગયા.પશ્ચિમી કેળવણીથી આધુનિક વિચારસરણી ધરાવતા સયાજીરાવે મહત્વના સુધારાઓ કર્યા. આપણે તેનો પરિચય મેળવીએ.*

**14.2.1 સયાજીરાવ ગાયકવાડના રાજકીય સુધારા**

*મહારાજા સયાજીરાવે રાજ્યનો કારભાર સારી રીતે ચલાવવા માટે ધારાસભાની પદ્ધતિ મુજબ દરેક જિલ્લામાંથી ચૂંટી કાઢેલા સભાસદોનું એક સલાહકાર મંડળ બનાવ્યું હતું. ઈંગ્લેન્ડની પ્રિવી કાઉન્સિલની જેમ એક ન્યાયસભાની સ્થાપના કરી જૂના કાયદાઓમાં સુધારા કરી પ્રજાને યોગ્ય ન્યાય મળી રહે તેવી વ્યવસ્થા દાખલ કરી હતી. સ્થાનિક સ્વરાજ્ય ક્ષેત્રે પ્રાંત પંચાયતો, ગ્રામપંચાયતો અને સુધરાઈની સ્થાપના કરી. ગામડાંઓમાં દવાખાનાં ખોલ્યાં, પાણીની તંગી દૂર કરવા યોજના બનાવી, રેલવેનો વિસ્તાર વધાર્યો તથા સ્વદેશી હુન્નર ઉદ્યોગોની સ્થાપના માટે પ્રયત્નો કર્યા. સયાજીરાવે રાજ્ય વહીવટની ભાષા તરીકે ગુજરાતી ભાષાને સ્થાન આપ્યું હતું. પ્રજાને આજવા સરોવરનું પાણી નળ મારફતે મળે તેવી વ્યવસ્થા મહારાજ સાહેબે ઈ.સ.1892માં કરાવી. સયાજીરાવના સમયમાં દર પાંચ માઈલે દવાખાનું, વિશ્રાંતિગૃહો, 2000 વધુ સહકારી મંડળીઓ, 68000 પાકા કૂવા, 8023 તળાવોનું નિર્માણ થયેલું હતું.*



**સયાજીરાવ ગાયકવાડે બંધાવેલું આજવા સરોવર**
https://images.app.goo.gl/iTe9GRbRB6CLMSKfA

### 14.2.2 સયાજીરાવ ગાયકવાડના આર્થિક સુધારા :

*મહારાજા સયાજીરાવે રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવા માટે મહત્વના પ્રયાસો કર્યા. સૌ પ્રથમ સમગ્ર રાજ્યની જમીન માપણી કરાવી બિનજરૂરી કર રદ કર્યા. ખેડૂતોને સિંચાઈ માટે કૂવાઓ, તળાવોની વ્યવસ્થા કરી. ઈ.સ.1900ના છપ્પનિયા દુકાળ સમયે સયાજીરાવે પ્રાંતોમાં રાહતકાર્યો શરૂ કરાવ્યાં, ખેડૂતોની લોન માફ કરી. રાજ્યના યુવાનોની રોજગારી માટે ત્રિભુવનદાસ ગજ્જર સાથે મળી 'એલેમ્બિક' જેવી ઉદ્યોગ સંસ્થાની સ્થાપના કરી. યુવાનોને ઔદ્યોગિક શિક્ષણ માટે જાપાન અને જર્મની મોકલ્યા. ઈ.સ.1882માં મહારાજાસાહેબે 'બરોડા કોટન સ્પિનિંગ વિવિંગ મિલ્સ'ની સ્થાપના કરી. દક્ષિણ ગુજરાતના યુવાનોને રોજગારીના હેતુથી ગણદેવીમાં ખાંડનું કારખાનું શરૂ કર્યું. રાજ્યની પ્રજા માટે ધિરાણની વ્યવસ્થાના હેતુથી મહારાજા સાહેબે ઈ.સ.1908માં બેંક ઓફ બરોડાની સ્થાપના કરી.*

### 14.2.3 સયાજીરાવ ગાયકવાડના સામાજિક સુધારા :

*18મી અને 19મી સદીમાં બાળલગ્નોની પ્રથા હતી. વળી આ સમયે બાળમરણનું પ્રમાણ પણ વધારે હતું. તેથી નાની ઉંમરમાં જ કેટલીય કન્યાઓ વિધવા બની જતી હતી. આવી બાળવિધવાની સ્થિતિ દયાજનક હતી.તેથી સયાજીરાવે ઈ.સ.1902માં "વિધવા વિવાહ કાયદો" અમલી બનાવ્યો. આ કાયદાના અમલથી કેટલીય બાળકન્યાના જીવનમાં સુધારો આવ્યો હતો. સયાજીરાવે સમાજમાં બાળલગ્નો અટકાવવા માટે ઈ.સ.1904માં "બાળલગ્ન નિષેધ કાયદો" અમલી બનાવ્યો. કાયદા મુજબ લગ્ન માટે વરની ઉંમર 18 વર્ષ અને કન્યાની ઉંમર 14 વર્ષ નક્કી કરવામાં આવી હતી. કાયદાનો ભંગ કરનારને 500 રૂપિયા દંડ ફટકારાતો. ઈ.સ.1938માં સજામાં સુધારો કરવામાં આવ્યો અને કાયદાનો ભંગ કરનારને 1000 રૂપિયા દંડ અને એક વર્ષની સજા કરવામાં આવતી. આ કાયદાથી રાજ્યમાં બાળલગ્નોનું પ્રમાણ ઘટ્યું હતું. સયાજીરાવ આધુનિક વિચારસરણીમાં માનનારા હતા. તેમણે ઈ.સ.1908માં 'ઐહિક લગ્નનો કાયદો' (સિવિલ મેરેજ) અમલી બનાવ્યો હતો. આ કાયદા મુજબ પોતાના રાજ્યમાં જે યુગલો નાત, જાત, વાડા, જ્ઞાતિ વગેરેના બંધન વગર લગ્ન કરવા ઈચ્છતા હોય તેમના માટે લગ્નની વ્યવસ્થા રાજ્ય દ્વારા કરવામાં આવતી. એટલું જ નહીં લગ્ન બાદ જીવનજરૂરિયાતની વસ્તુઓ પણ રાજ્ય તરફથી આપવામાં આવતી હતી. આ સમયે દરેક જ્ઞાતિના જ્ઞાતિ પંચો હતાં. આ પંચો નાની નાની બાબતોમાં ભૂલ કરતા લોકો અને તેમના કુટુંબોને જ્ઞાતિ બહાર કરી દેતા. આ કુટુંબો સાથે જ્ઞાતિના અન્ય લોકો વ્યવહાર રાખતા ન હતા. આવો લોકોની પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી. સયાજીરાવે ઈ.સ.1911માં "જ્ઞાતિવાસ નિવારણ નિષેધ" નામનો કાયદો પસાર કરીને જ્ઞાતિપંચોના નિયમો પર અંકુશ મૂકી દીધો. આ કાયદા મુજબ કોઈપણ જ્ઞાતિપંચ કોઈપણ વ્યક્તિને જ્ઞાતિબહાર મૂકી શકતું નહીં અને જો કાયદાનું ઉલ્લંઘન કરે તો તેને કડક સજા કરવામાં આવતી. આ કાયદાથી જ્ઞાતિબહાર થયેલા લોકોને પુનઃ જ્ઞાતિમાં સ્થાન મળ્યું. ઈ.સ. 1901માં સયાજીરાવે અનાથગૃહ સંબંધી નિયમ*

દાખલ કરીને રાજ્યના ગરીબ,નિરાધાર,અનાથ લોકોને રાજય તરફથી રહેવા તથા ખોરાકની સુવિધા મળી રહે તે માટે અનાથગૃહોની યોજના અમલી બનાવી. વળી, તેમણે પોતાના રાજ્યમાં પડદા પ્રથાનો રિવાજ નાબૂદ કર્યો. સયાજીરાવના સામાજિક સુધારા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી માટે પરોપકારી સભાએ તેમને 'પતિતપાવન'ની ઉપાધિ આપી હતી.

**14.2.4 સયાજીરાવ ગાયકવાડની શિક્ષણ વ્યવસ્થા :**

સયાજીરાવે વડોદરા રાજ્યમાં ઈ.સ.1881માં શાળાઓની શરૂઆત કરી હતી. ઈ.સ.1892માં તેમણે જર્મની અને ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો, ત્યાંની શિક્ષણવ્યવસ્થા જોઈ તેમણે વડોદરા રાજ્યમાં મફત અને



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

https://images.app.goo.gl/5x2tU6WKD6wwLjrt8

ફરજિયાત શિક્ષણનો પ્રયોગ અમરેલી પ્રાંતમાં કર્યો. તે મુજબ સાત થી ચૌદ વર્ષનાં તમામ છોકરા- છોકરીઓને શાળામાં જવાની ફરજ પાડવામાં આવી. રાજ્ય તરફથી વિદ્યાર્થીઓને નોટ, સ્લેટ, પેન, પેન્સિલ જેવી તમામ વસ્તુઓ મફતમાં આપવાની વ્યવસ્થા કરવામાં આવી. જે વિદ્યાર્થી નિયમિત શાળામાં આવે તેને પ્રોત્સાહન ઈનામ મળે અને જે સતત ગેરહાજર રહે તેના વાલીને દંડની વ્યવસ્થા કરવામાં આવી. ઈ.સ.1906માં મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો સમગ્ર વડોદરા રાજ્યમાં લાગુ કરવામાં આવ્યો. રાજ્યની કન્યાઓને શિક્ષણ મળી રહે તે હેતુથી કન્યાશાળાઓ શરૂ કરવામાં આવી. વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની વ્યવસ્થા પણ રાજ્ય તરફથી કરવામાં આવતી. વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં પુસ્તકાલયો અને વાંચનાલયો શરૂ કરવામાં આવ્યાં. રાજ્યના શિક્ષકોની તાલીમ માટે 'પ્રાયમરી અને સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજ'ની સ્થાપના કરી. રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ માટે 'વર્નાક્યુલર કૉલેજ'ની સ્થાપના કરવામાં આવી. ઈ.સ.1879માં વડોદરા કૉલેજ અને ઈ.સ.1886માં 'બરોડા સાયન્સ કૉલેજ'ની સ્થાપના કરી. આ બધામાં શિરોટચ સમી 'મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી'ની પણ સ્થાપના કરી. પરિણામે વડોદરા રાજ્યમાં શિક્ષણનું સ્તરં વધવા પામ્યું હતું.

### 14.2.5 દલિતોના ઉદ્ધારક સયાજીરાવ ગાયકવાડ



ડૉ.ભીમરાવ આંબેડકર
https://images.app.goo.gl/nfPUAebK325FzAf26

*જે સમયમાં દુર્ગારામ,નર્મદ,મહિપતરામ જેવા પ્રખર સમાજ સુધારકો આદિવાસી અને અનુસૂચિત જાતિ સુધી પહોંચી શક્યા ન હતા તેવા સમયમાં વિકાસની યોજનાઓ ઘડીને તેને અમલમાં મૂકનાર સયાજીરાવ હતા. આ સમયે વડોદરા રાજ્યમાં અંત્યજોની સામાજિક,આર્થિક પરિસ્થિતિ ખરાબ હતી. સયાજીરાવે આ સ્થિતિ સુધારવા પ્રયાસો કર્યા. તેમણે અંત્યજ બાળકો શિક્ષણ મેળવી શકે તે હેતુથી સૌ પ્રથમ વાર ઈ.સ.1887માં પાટણમાં અંત્યજ શાળાની શરૂઆત કરી. જેમાં 40 અંત્યજ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો. ત્યારબાદ વસો, વડનગર અને રાજ્યમાં અનેક જગ્યાએ અંત્યજ શાળાઓ શરૂ થઈ. ઈ.સ.1909 સુધીમાં 336 અંત્યજ શાળાઓ શરૂ કરવામાં આવી. અંત્યજ વિદ્યાર્થીઓને અભ્યાસનું સારૂં વાતાવરણ મળી રહે તે માટે વડોદરા, પાટણ, નવસારી, અમરેલીમાં વસ્તીગૃહો ઊભા કરવામાં આવ્યાં. આ વસ્તીગૃહોમાં વાંચનાલયો, પુસ્તકાલયોની પણ વ્યવસ્થા હતી. અંત્યજ વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ મેળવી શકે તે માટે એંગ્લો વર્નાક્યુલર સ્કૂલમાં પ્રવેશ માટે વ્યવસ્થા કરવામાં આવી. દલિત વર્ગોમાં વિવાહ સંસ્કાર  માટે ધાર્મિક ક્રિયા કરવાવાળા પુરોહિત-ગરોળા બ્રાહ્મણો માટે ઈ.સ.1913માં મોટી પાઠશાળા શરૂ કરી હતી.*

*પોતાના રાજ્યમાં જ્ઞાતિવાદ દૂર થઈ શકે તે માટે સયાજીરાવે અનેક પ્રયત્નો કર્યા જેવા કે, અંત્યજ વિદ્યાર્થીઓને પોતાનાં વાહનોમાં શાળાએ લઈ જવા, રાજમહેલના મેળાવડાઓમાં અંત્યજ આગેવાનોને બોલાવવા, અંત્યજો માટે મિજબાની ગોઠવવી વગેરે. સયાજીરાવે સરકારી વહીવટના કાગળો પર લખતા અંત્યજ શબ્દો દૂર કરી નવા શબ્દ પ્રયોગ શરૂ કર્યા. જેમ કે વણકરવાસ, વાલ્મિકીવાસ વગેરે. ઈ.સ.1932માં અંત્યજોને જાહેર કૂવા,તળાવો,મકાનોનો ઉપયોગ કરવાનો અધિકાર અપાયો. ઈ.સ. 1913થી વડોદરાની ધારાસભા, સેનેટ અને ગ્રામપંચાયતોમાં અંત્યજ પ્રતિનિધિઓને સ્થાન અપાયું.*

*અંત્યજોની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમને ઔદ્યોગિક તાલીમ અને ગૃહ ઉદ્યોગોની તાલીમ આપવામાં આવી. કલાભવનમાં અંત્યજોને કાપડવણાટ, કપડા સફેદ કરવા, છાપકામ, સુથારીકામ, ઈલેક્ટ્રીકલ કામ, વગેરેની તાલીમ આપવામાં આવી. સયાજીરાવે રાજ્યમાં સહકારી ખાતાની સ્થાપના કરી સહકારી મંડળીઓના સહયોગથી ચર્મકેન્દ્રો, કાપડવણાટ કેન્દ્રોની શરૂઆત કરી. રાજ્યના અંત્યજ કર્મચારીઓ માટે પ્રોવિડન્ટ ફંડની વ્યવસ્થા શરૂ કરવામાં આવી. આમ, સયાજીરાવે પોતાના રાજ્યમાં અંત્યજોની સ્થિતિ સુધારવા ઉત્તમ પ્રયાસો કર્યા હતા.*

*અંત્યજ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપીને પરદેશ અભ્યાસ માટે મોકલ્યા જેમાં એક નામ ડૉ.ભીમરાવ આંબેડકરનું છે. ડૉ.આંબેડકરની પ્રગતિ અને ઉન્નતિમાં સયાજીરાવનું*

*યોગદાન રહેલું છે. પરિણામે ડૉ. આંબેડકરે પોતાનો પીએચ.ડી. ગ્રંથ મહારાજા સયાજીરાવને અર્પણ કરીને (તેમને યાદગાર બનાવી દીધા.) સયાજીરાવના દલિતોત્થાન કાર્યની પ્રશંસા ડૉ.મદનમોહન માલવિયા, જ્યોતિબા ફૂલે, મહાદેવ ગોવિંદ રાનડે સહિત દેશના અનેક લોકોએ કરી હતી.*

### 14.2.6 આદિવાસીઓના ઉદ્ધારક સયાજીરાવ ગાયકવાડ

*બ્રિટિશ યુગની શરૂઆત થઈ ત્યારે પણ આદિવાસીઓને "જંગલી જાતિ" અને "ક્રિમિનલ ટ્રાઈબ્સ" તરીકે જ ઓળખવામાં આવતા. આ સમયે દક્ષિણ ગુજરાતમાં ચૌધરી, ગામીત, વારલી, દૂબળા, ઢોડિયા, કૂંકણા આદિવાસીઓની પરિસ્થિતિ દયાજનક હતી.સયાજીરાવે તેમના કર્મચારીઓને સોનગઢ, વ્યારા અને મહુવા તાલુકામાં મોકલ્યા. આદિવાસીઓનો સામાજિક અને આર્થિક સર્વે કરાવ્યો અને તેના આધારે ઈ.સ.1883માં સોનગઢમાં અને ઈ.સ.1886માં વ્યારામાં અને ઈ.સ.1892માં મહુવામાં આદિવાસીઓ માટે શાળાઓ અને છાત્રાલયો સ્થાપ્યાં. વિદ્યાર્થીઓ માટે મફત ખાવાનું, કપડાં અને અન્ય સગવડો રાજ્ય તરફથી આપવામાં આવતા. આદિવાસીઓમાં રહેલાં વિવિધ દૂષણો જેવાં કે, ભૂતપ્રેત, ડાકણ, દારૂ, તાડી વગેરે દૂર કરવા માટે સયાજીરાવે મહત્વના સુધારા કર્યા. સયાજીરાવે પ્રેમાનંદ ધોળીદાસ પટેલ નામના કેળવણી અધિકારીને જમીનના માપણી કાર્ય માટે દક્ષિણ ગુજરાત મોકલ્યા. તેમણે આદિવાસીઓની વચ્ચે રહી તેઓના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનો અને આદિવાસી કહેવતો, લોકકથાઓ, ઉખાણાં, રમતોનો અભ્યાસ કર્યો. વર્ષો બાદ તેઓ વડોદરા પાછા ફર્યા અને પોતાનો રિપોર્ટ મહારાજાને સોંપ્યો. આ રિપોર્ટ જોઈ મહારાજા ખૂબ ખુશ થયા. સયાજીરાવે ઈ.સ. 1901માં આ રિપોર્ટ 'નવસારી પ્રાંતની કાળીપરજ' શીર્ષક સાથે પ્રસિદ્ધ કરાવ્યો. ઈ.સ.1914નો સર્વે સેટલમેન્ટ રીપોર્ટ જોતા જણાય છે કે 76 આદિવાસીઓને વડોદરા રાજ્યએ શિક્ષક અને સરકારી અધિકારી બનાવ્યા હતા.*

### 14.2.7 સાહિત્ય અને કલાના પોષક સયાજીરાવ ગાયકવાડ :

*મહારાજા સયાજીરાવના સમયમાં ચિત્રકળા, મૂર્તિકળા, સંગીતકળાને ઘણું જ પ્રોત્સાહન*



https://images.app.goo.gl/ftkTKVMvJQYxYxii9



https://images.app.goo.gl/7DZQr8yXRMAqayMY7



https://images.app.goo.gl/HVCc7ywKe8qUnio8A

લક્ષ્મીવિલાસ પેલેસ, કલાભવન, ખંડેરાવ માર્કેટ

મળ્યું. કીર્તિમંદિર, ન્યાયમંદિર, ખંડેરાવ માર્કેટ, લક્ષ્મીવિલાસ પેલેસ, વડોદરા કૉલેજ, કલાભવન , મ્યુઝિક કૉલેજ, સ્ત્રી અધ્યાપન મંદિર, સયાજી હોસ્પિટલ, સંગ્રહાલય જેવી ભવ્ય ઈમારતોનું નિર્માણ સયાજીરાવના સમયમાં થયું.વડોદરામાં સંગીત મહાવિદ્યાલયની શરૂઆત કરી. સંગીતકલાના વિકાસ માટે મૌલાબક્ષ, ફૈયાઝખાં, ભાસ્કર ભુવા જેવા સંગીતકારો તથા ચિત્રકલાના વિકાસ માટે નંદલાલ બોઝ અને રાજા રવિવર્માને વડોદરા બોલાવી સંગીત અને ચિત્રકલા ક્ષેત્રે વિકાસ કર્યો. સાહિત્યના વિકાસ માટે પ્રાચ્ય વિદ્યામંદિરની સ્થાપના કરી. રાજ્યના કાર્યની માહિતી લોકોને મળી રહે તે હેતુથી 'આજ્ઞાપત્રિકા'નું પ્રકાશન કરાવ્યું હતું. મનુભાઇ મહેતાના દીવાનપદે 'ગાયકવાડ ઓરિએંટલ પ્રકાશન શ્રેણી'નો પ્રારંભ કરાવ્યો. ઈ.સ.1931માં 'સયાજીશાસનશબ્દકલ્પતરૂ' કોશ પ્રસિદ્ધ કરાવ્યો. ઉપરાંત 'સયાજી સાહિત્યમાળા' અને 'સયાજી બાલજ્ઞાનમાળા' નામની ગ્રંથમાળા શરૂ કરાવી. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ મહારાજા સયાજીરાવે યોગદાન આપ્યું હતું.

### 14.2.8 પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા સયાજીરાવ ગાયકવાડ :

સયાજીરાવે પોતાના વિદેશપ્રવાસના અનુભવોને આધારે રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિ શરૂ કરાવી. ઈ.સ.1910માં વડોદરામાં મધ્યવર્તી પુસ્તકાલય અને પુસ્તકાલય ખાતાની સ્થાપના કરી. રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિના વિકાસ માટે મોતીલાલ અમીનની નિમણૂક કરી. વિલ્યમ બોર્ડનને રાજ્યના ગ્રંથાલય નિયામક તરીકે નિમ્યા. રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ માટે 4 વર્ષ સુધી રૂ.20 હજારની રકમ ફાળવવામાં આવી. પરિણામ સ્વરૂપ કેટલાંય ગામડાંઓમાં પુસ્તકાલયો શરૂ થવા પામ્યાં. સયાજીરાવની આત્મકથા 'માઝી સંસારયાત્રા'(મારી સંસારયાત્રા)માં ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. સયાજીરાવનું અવસાન 6 ડિસેમ્બર ,1939માં થયું.

### ક) તમારી પ્રગતિ ચકાસો

**(1) નીચેનાં જોડકાં જોડો**

| વિભાગ – અ | વિભાગ-બ |
|---|---|
| 1) ગોપાળરાવ | A) પુસ્તકાલય પ્રવૃત્તિ |
| 2) ઍલેમ્બિક | B) વડોદરા |
| 3) મોતીલાલ અમીન | C) સયાજીરાવનું મૂળનામ |
| 4) ઈ.સ.1902 | D) ત્રિભુવનદાસ ગજ્જર |
| 5) લક્ષ્મીવિલાસ પેલેસ | E) વિધવાવિવાહ કાયદો |

2. મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશે પરિચય આપો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 14.3 મહાત્મા ગાંધીજી

### 14.3.1 પ્રારંભિક જીવન :

*મહાત્મા ગાંધીજીનો જન્મ 2 ઓક્ટોબર,1869ના રોજ ગુજરાત રાજ્યના પોરબંદરમાં વૈષ્ણવ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ કરમચંદ અને માતાનું નામ પૂતળીબાઈ હતું. પ્રાથમિક શિક્ષણ પોરબંદરમાં મેળવ્યા બાદ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી ઈ.સ.1887માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી પહેલું સત્ર પૂરું કર્યા પછી ઈ.સ.1888માં લંડન ગયા. ઈ.સ.1891માં બૅરિસ્ટર થઈ ભારત પાછા ફર્યા. બાળપણમાં શ્રવણની પિતૃભક્તિ અને હરિશ્ચંદ્ર નાટકની ગાંધીજીના જીવન પર ઊંડી અસર થઈ પરિણામે તેમણે જીવનમાં હંમેશા સત્ય બોલવાનો સંકલ્પ કર્યો. ગાંધીજીના બાળપણના પ્રસંગોમાં બીડી પીવાનો તેમજ માંસ ખાવાનો પ્રયોગ જાણીતા પ્રસંગો છે. દેખાદેખીમાં કરેલી આ ભૂલના કારણે માતા પિતા આગળ જૂઠુ બોલવાને કારણે તેમને અસહ્ય પશ્ચાતાપ થયો. પિતાને ચિઠ્ઠી લખી ભૂલ કબૂલ કરી. પિતાએ તેમને અશ્રુભીની આંખે માફ કર્યા. આમ, પિતા પાસેથી તેઓ અહિંસાનો પ્રથમ પાઠ શીખ્યા હતા. ગાંધીજીનાં લગ્ન ઈ.સ.1883માં કસ્તૂરબા સાથે થયાં હતાં.*

### 14.3.2 ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં :



દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી

https://en.wikipedia.org/wiki/Mahatma_Gandhi#

*પોરબંદરના શેખ અબ્દુલ્લાનો કેસ ગાંધીજીને મળ્યો અને તે લડવા માટે તેઓ દક્ષિણ આફ્રિકા ગયા. નાતાલની કોર્ટમાં પ્રથમ હિંદી વકીલ તરીકે તેમને પ્રવેશ મળ્યો. આ સમયે દક્ષિણ આફ્રિકામાં રંગભેદના કારણે હિંદીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જે તેમના નાગરિક અધિકારો, વ્યાપારી હિતો અને મિલ્કતના હક્કો જેવી મૂળભૂત બાબતો સાથે સંકળાયેલી હતી. રોજિંદા જીવનમાં તેમને અનેક અપમાનો સહન કરવાં પડતાં. જેવાં કે,*

- *કોઈપણ જાતના ભેદ વિના દરેક ભારતીયને કુલી કહીને જ બોલાવવામાં આવતા.*
- *ફૂટપાથ પર ભારતીયોને ચાલવાની મનાઈ હતી.રાત્રે હુકમ વિના બહાર નીકળવાની મનાઈ હતી.*
- *રેલગાડીના પ્રથમ અને દ્વિતીય ડબ્બાઓમાં યાત્રા કરી શકતા ન હતા.*
- *હોટલોમાં ભારતીયોને પ્રવેશવાની મનાઈ હતી.*

- *ટ્રાન્સવાલમાં ભારતીયોને રહેવા માટે અને વેપાર કરવા માટે જે જગ્યા આપવામાં આવી હતી તે તંદુરસ્તી માટે ભયજનક હતી.ત્યાં પાણી અને વીજળીની વ્યવસ્થા કે ગટર વ્યવસ્થા કરવામાં આવી નહોતી.*

*રંગભેદની નીતિનો અનુભવ ગાંધીજીને આફ્રિકા પહોંચતા જ થઈ ગયો. ડરબનના ન્યાયાલયમાં બેઠેલા યુરોપિયન ન્યાયાધીશે ગાંધીજીને પોતાની પાઘડી ઉતારી નાખવાનો હુકમ કરતા ગાંધીજીએ તેમ કરવાનો ઈન્કાર કરી વિરોધ દર્શાવતા ખંડની બહાર ચાલ્યા ગયા. આ જ પ્રમાણે પ્રિટોરિયા જવા માટે ગાંધીજી પાસે પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં તેમને વાનવાળા ડબ્બામાં જઈ બેસવાનું કહેવામાં આવ્યું. તેમણે તેમ કરવાનો ઈન્કાર કર્યો ત્યારે જબરજસ્તીથી ડબ્બાની બહાર ફેંકી દેવામાં આવ્યા. નાતાલની સરકારે ભારતીય વસાહતીઓ પાસેથી મતાધિકારનો હક છીનવી લેતો કાયદો પસાર કરતા ગાંધીજીને સંઘર્ષ કરવાની ફરજ પડી.*

*ગાંધીજીએ નાતાલમાં રહેતા ભારતીયોને એકસૂત્રે બાંધવા ઈ.સ.1893માં 'ઈન્ડિયન નાતાલ ઓર્ગેનાઈઝેશન' નામની સંસ્થાની સ્થાપના કરી. નાતાલની વિધાનસભા બિનયુરોપિય દેશોની વ્યક્તિના મતદાનનો અધિકાર છીનવી લેતું બિલ પસાર થતા ગાંધીજીએ સત્યાગ્રહની શરૂઆત કરી. પોતાના વિચારો ફેલાવવા 1903માં 'ઈન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિક શરૂ કર્યું. 1904માં 'ફિનિક્સ આશ્રમ'ની સ્થાપના કરી. ઈ.સ.1906માં ટ્રાન્સવાલ સરકારે પ્રત્યેક ભારતીય વ્યક્તિને નોંધણી કરાવવાનું અને તેના નોંધણી ફોર્મ પર આંગળાની છાપ આપવાનું ફરજિયાત કર્યું. આમ ન કરનારને દેશનિકાલની સજા આપવાનું નક્કી કરાયું. ગાંધીજીએ આ કાયદાનો વિરોધ કર્યો જેથી તેમને બે મહિનાની સાદી જેલની સજા થઈ હતી. વળી, 1913માં દક્ષિણ આફ્રિકાની સર્વોચ્ચ અદાલતે જે લગ્નો ખ્રિસ્તી ધર્મવિધિથી થયાં ન હોય, જેની નોંધણી થઈ ન હોય તેવા લગ્નો ગેરકાયદેસર જાહેર કર્યાં. તેમાંથી પેદા થયેલાં સંતાનો પણ ગેરકાયદેસર જાહેર કર્યાં. ગાંધીજીએ આ કાયદાનો ઉગ્ર વિરોધ કર્યો. કાયદાનો વિરોધ કરવા ટ્રાન્સવાલ કૂચ પણ શરૂ કરી. ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. પરંતુ આંદોલનમાં કોઈ પ્રકારની ઓટ આવી નહીં. છેવટે સરકારે ભારતીય રીતિરિવાજ મુજબના લગ્નો મંજૂર કર્યા. મજૂર પરનો ત્રણ પાઊન્ડનો કર દૂર કર્યો. બિનયુરોપિયનોને મતાધિકાર અપાયો. છેવટે આ સત્યાગ્રહમાં સફળતા મેળવી ગાંધીજીએ ભારત તરફ આવવા પ્રયાણ કર્યું.*

### 14.3.3 ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં ગાંધીજીનું પ્રદાન :

*ઈ.સ.1915માં પરત આવી ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી ભારતનો પ્રવાસ કર્યો. લોકોની સ્થિતિ જોઈ. બ્રિટિશ સરકારના અન્યાય અને શોષણ જોઈ તે અંગે લડત આપવા માટે અમદાવાદના કોચરબમાં જીવણલાલ બેરિસ્ટરના મકાનમાં તા.25/05/1915ના રોજ આશ્રમની સ્થાપના કરી. ગાંધીજીના સાદગીભર્યા જીવન અને ઉત્તમ વિચારોથી અનેક લોકોનું ધ્યાન તેમના તરફ ખેંચાવા માંડ્યું. જેમાં વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ વગેરે હતા. આ સમયે હિંદમાંથી દક્ષિણ આફ્રિકા મોકલાતા*

મજૂરોની ગિરમિટ પ્રથા રદ કરવા સરકાર સામે લડત ઉપાડી અને આ પ્રથા રદ કરી પ્રથમ વિજય મેળવ્યો.

14.3.3.1 ચંપારણ અને ખેડા સત્યાગ્રહ :

ઈ.સ.1917માં બિહારના ચંપારણ જિલ્લામાં ખેડૂતોને ફરજિયાત પોતાના ખેતરોમાં ગળીનું વાવેતર કરવું પડતું. 1916ના લખનૌ અધિવેશનમાં ચંપારણના ખેડૂતોએ ગાંધીજીને ચંપારણ આવી આ પ્રશ્ન હલ કરવા માટે વિનંતી કરી. ગાંધીજીએ ગળીના ફરજિયાત વાવેતરની "તીનકથિયા પદ્ધતિ" સામે સત્યાગ્રહની શરૂઆત કરી અને આ પ્રથા રદ કરાવવામાં સફળતા મેળવી. ઈ.સ.1918માં અમદાવાદમાં મિલ- માલિકો અને મજૂરો વચ્ચે થયેલા આંદોલનમાં મધ્યસ્થી કરી મિલ કામદારોના પગારમાં 35 ટકાનો વધારો કરાવી લડતમાં સફળતા પ્રાપ્ત કરી.



ખેડા સત્યાગ્રહ સમયે ગાંધીજી
https://en.wikipedia.org/wiki/File:Gandhi_Kheda_1918.jpg

ઈ.સ.1917માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે સમગ્ર પાક નાશ પામ્યો. સરકારી નિયમ એવો હતો કે પાક ચાર આનીથી ઓછો ઊતર્યો હોય તો મહેસૂલ ન ઉઘરાવવું છતાં સરકારે મહેસૂલ ઉઘરાવવાનું શરૂ કરતાં ગાંધીજીના નેતૃત્વમાં 22 માર્ચ, 1918ના રોજ ખેડા સત્યાગ્રહનો પ્રારંભ થયો. સરકારે પણ ઘર,જમીન, ઢોરઢાંખરની જપ્તી કરી દમનનો કોરડો વિંઝવા માંડ્યો. ગાંધીજીએ છેવટ સુધી પ્રજાને સત્યાગ્રહમાં ટકાવી રાખી. છેવટે સરકાર સાથે સમાધાન થયું અને સત્યાગ્રહમાં ખેડૂતોનો વિજય થયો. આ સત્યાગ્રહમાંથી ભારતમાં ગાંધીયુગની શરૂઆત થઈ.

14.3.3.2 અસહકાર આંદોલન :

ઈ.સ.1919માં 'નવજીવન' અને ત્યારબાદ 'યંગ ઈન્ડિયા' જેવાં સાપ્તાહિકો શરૂ કરીને રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામમાં નવો સંચાર કર્યો. ઈ.સ.1920માં રૉલેટ એક્ટ, જલિયાંવાલા બાગ હત્યાકાંડ, ખિલાફત આંદોલન વગેરે કારણોથી ગાંધીજીએ અસહકારની ચળવળ શરૂ કરી. આ ચળવળની અસર દેશભરમાં એવી તો થઈ કે વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓમાં ભણવાનું છોડી દીધું, પરિણામે ગૂજરાત વિદ્યાપીઠ જેવી રાષ્ટ્રીય સંસ્થાઓની શરૂઆત થઈ. વિદેશમાંથી માલનો બહિષ્કાર કરવામાં આવ્યો, પરિણામે સ્વદેશી ચીજવસ્તુઓનો આગ્રહ વધ્યો. કેટલાય લોકોએ સરકારી નોકરીઓમાંથી રાજીનામાં આપી દીધાં. ઠેર ઠેર વિદેશી કાપડની હોળીઓ કરવામાં આવી. બીજી તરફ સરકારે પણ લડતને દબાવી દેવા સભા,સરઘસો પર લાઠીચાર્જ, ધરપકડો કરી. પરંતુ લડતનો જુવાળ જ એવો હતો કે લોકોએ ધરપકડો વ્હોરી જેલો ભરી દીધી. પરંતુ તા.5

ફેબ્રુઆરી,1922ના રોજ બિહારના ચૌરીચૌરા ગામમાં પોલીસ ચોકીને સળગાવવામાં આવી જેમાં ૨૨ જેટલા પોલીસ મૃત્યુ પામ્યા.આ ઘટનાની જાણ ગાંધીજીને થતાં તેમણે આ લડત "હિમાલય જેવડી મોટી ભૂલ" ગણાવીને પૂર્ણ જાહેર કરી દીધી. લડત બાદ ગાંધીજી પર રાજદ્રોહના આરોપસર મુકદમો ચલાવી છ વર્ષની સજા ફરમાવી.

14.3.3.3 *સવિનય કાનૂનભંગની ચળવળ*



**દાંડીકૂચમાં ગાંધીજી**
https://images.app.goo.gl/4ZztLuK2nfFFwbKy6

ઈ.સ.1925માં લાખો ગરીબોને રેંટિયા દ્વારા રોજી આપવા 'અખિલ ચરખા સંઘ'ની સ્થાપના કરી. ઈ.સ.1930માં ગાંધીજીએ સરકારે મીઠા પર નાંખેલો કાયદો તોડવા સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો. 12 માર્ચ,1930ના રોજ અમદાવાદ સાબરમતી આશ્રમથી પોતાના 81 જેટલા સાથીઓ સાથે તેમણે દાંડીયાત્રા આરંભી. 241 માઈલની મુસાફરી કરી 25 દિવસ બાદ તેઓ દાંડી પહોચ્યા. 6 એપ્રિલ, 1930ના રોજ દાંડીના દરિયાકાંઠેથી ચપટી મીઠું ઉપાડી સરકારના કાયદાનો ભંગ કર્યો તે સાથે જ ભારતમાં સવિનય કાનૂનભંગની લડત શરૂ થઈ. આ ચપટી મીઠાએ વિરાટ બ્રિટિશ સલ્તનતમાં લૂણો લગાડ્યો. ચપટી મીઠાની આ લડત વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ. સરકારે ગાંધીજીની ધરપકડ કરી પરંતુ સમગ્ર દેશમાં ઠેર ઠેર મીઠાના કાયદાનો ભંગ થવા લાગ્યો. વિદેશી કાપડની હોળીઓ થઈ, સભાઓ, સરઘસો, રાષ્ટ્રીય દિવસોની ઉજવણી, બહિષ્કાર, પિકેટિંગ વગેરે જેવા કાર્યક્રમો દ્વારા લડત ચાલુ રહી. આ સમયનો ગુજરાતમાં થયેલો ધરાસણા સત્યાગ્રહ જાણીતો છે. જેમાં પોલીસે અનેક સત્યાગ્રહીઓ પર બેફામ લાઠીચાર્જ કર્યો હતો. લોકોને હસતા મુખે માર ખાતા જોઈ વિશ્વ પણ દંગ થઈ ગયું હતું.



**મીઠાના કાયદાનો ભંગ કરતા ગાંધીજી**
દેસાઈ,નારાયણભાઈ.
**મારું જીવન એ જ મારી વાણી ,દ્વિતીયખંડ-સત્યાગ્રહ, પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર,** અમદાવાદ, ૨૦૦૩.

14.3.3.4 *હિંદ છોડો ચળવળ*



હિંદ છોડો લડતનું આહ્વાન કરતા ગાંધીજી

દેસાઈ,નારાયણભાઈ.

**મારૂં જીવન એ જ મારી વાણી** ,દ્વિતીયખંડ-સત્યાગ્રહ, પ્રથમ આવૃત્તિ,નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ,

*ઈ.સ.1931માં ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમેવ પ્રતિનિધિ તરીકે ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા પરંતુ ત્યાં તેમને નિરાશા સાંપડી. દલિતોના પ્રશ્ને યરવડા જેલમાં ઉપવાસ શરૂ કર્યા. છેવટે ડૉ.આંબેડકર સાથે પૂના કરાર થતા આ પ્રશ્ને સમાધાન થયું. સમગ્ર દેશમાં અસ્પૃશ્યતા નિવારણ તથા હરિજન ઉદ્ધારના કાર્યક્રમો આપ્યા. આદર્શ ગામડાં કેવાં હોય તે માટે ગ્રામોદ્ધારનો સિદ્ધાંત આપ્યો. ઈ.સ.1939માં બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થતાં ઈંગ્લેન્ડે ભારતીય નેતાઓની સલાહ વગર જ હિંદને વિશ્વયુદ્ધમાં જોડી દીધું. તેના વિરૂદ્ધમાં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત કરી. પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહીનું માન વિનોબા ભાવેને મળ્યું. સમગ્ર દેશમાં અનેક લોકોએ સત્યાગ્રહમાં ભાગ લઈ ધરપકડો સ્વીકારી. બીજી તરફ ઑગસ્ટ ઓફર, ક્રિપ્સ મિશનની નિષ્ફળતા વગેરે જેવાં કારણોને લઈ તા.8 ઑગસ્ટ, 1942ના રોજ ગાંધીજીએ હિંદ છોડો લડતનું એલાન આપી "કરેંગે યા મરેંગે"નું સૂત્ર આપ્યું. લડત શરૂ થાય તે પહેલાં જ તેમની ધરપકડ કરી આગાખાન મહેલમાં નજરકેદ રાખવામાં આવ્યા જ્યાં તેમના જીવનસંગિની કસ્તૂરબા અને રહસ્યમંત્રી મહાદેવ દેસાઈનું અવસાન થયું. ભારતના તમામ નેતાઓની ધરપકડ થતાં હિંદ છોડો આંદોલન પ્રજાના હાથમાં આવ્યું અને હિંસક બન્યું . સરકારે લડતને દબાવી દેવા માટે ભયંકર દમનચક્ર ચલાવ્યું જેનો વિરોધ કરવા બાપુએ જેલમાં જ ઉપવાસ શરૂ કર્યા.*

*ઈ.સ.1946માં મુસ્લિમ લીગે અલગ પાકિસ્તાનની માંગણી ઉગ્ર બનાવી જેથી સમગ્ર દેશમાં હુલ્લડો ફાટી નીકળ્યાં. મુસ્લિમ લીગે તા.16 ઑગસ્ટે,1942ના રોજ "સીધાં પગલાંનાં દિવસ" (ડાયરેક્ટ એક્શન) તરીકે જાહેર કર્યો. આ દિવસે પૂર્વ બંગાળમાં કોમી રમખાણો થયાં. ગાંધીજી પૂર્વ બંગાળના નોઆખલીમાં દુ:ખી લોકોને સાંત્વના આપવા, હિંદુ મુસ્લિમ ઐક્ય સ્થાપવા તથા શાંતિના સંદેશ સાથે ગામડે ગામડે પગપાળા ફરી વળ્યા. તેમણે દેશના ભાગલા પાડવાની તથા દ્વિરાષ્ટ્રના સિદ્ધાંતની યોજના સ્વીકારી નહી પરંતુ છેવટે તેમનો પ્રયોગ સફળ ન થયો. 15 ઑગસ્ટ,1947ના રોજ ભારત આઝાદ થયું પરંતુ તે ખંડિત હતું તેનો રંજ તેમને રહ્યો.*

**14.3.4 ગાંધીજીનું સાહિત્ય**

*ગુજરાતી ગદ્યને તેમણે નવું ચેતન અને તાજગીભરી નવી દિશા આપી. 'સત્યના પ્રયોગો' તેમની અનોખી આત્મકથા છે. આ વિરલ,નિખાલસ આત્મકથા માત્ર ગુજરાતી સાહિત્યને જ નહી પરંતુ વિશ્વ સાહિત્યને અનોખું પ્રદાન છે. ઉપરાંત 'મારો જાતઅનુભવ', 'સર્વોદય', 'યરવડા', 'અનુભવ નીતિનાશને માર્ગે','ગીતાબોધ',*

*'આરોગ્યની ચાવી', 'કેળવણીનો કોયડો', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' વગેરે તેમનાં પુસ્તકો છે. ગાંધીજીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ 'ગાંધીજીનો અક્ષરદેહ' ભાગ 1 થી 90માં પ્રગટ થયો છે. આટલી વિપુલ સંખ્યામાં પોતાના વિચારોની મૌલિક કે લેખિત સ્વરૂપે અભિવ્યક્તિ કદાચ વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં ભાગ્યે જ હશે.*

*ઈ.સ.1948ના જાન્યુઆરીએ તેમની હિન્દુ- મુસ્લિમ પ્રત્યેના સમભાવી દ્રષ્ટિકોણથી ઉશ્કેરાઈને કોઈકે તેમની પર બૉંબ ઝીક્યો પણ તેઓ બચી ગયા. પરંતુ 30 જાન્યુઆરી,1948ના રોજ સાંજની પ્રાર્થનાસભામાં જતા નાથુરામ ગોડસેની ગોળીએથી તેઓ વીંધાયા અને 35 મિનિટ બાદ અવસાન પામ્યા. આમ એક મહાજ્યોતિનો વિલય થયો.*

**ખ) તમારી પ્રગતિ ચકાસો**

**1. નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

1. *ગાંધીજીનાં માતાનું નામ ___________ હતું.*
2. *દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ ___________ માં ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી હતી.*
3. *અસહકારની લડત ___________ ચૌરીચૌરાની ઘટનાને કારણે બંધ રહી.*
4. *હિંદ છોડો લડતમાં ગાંધીજીએ ___________ સૂત્ર આપ્યું.*
5. *સવિનય કાનૂનભંગની લડત ઈ.સ. ___________ માં શરૂ થઈ.*

**2. મહાત્મા ગાંધીજીનો પરિચય દસ લીટીમાં આપો.**

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
____________________________________________

## 14.4 સરદાર વલ્લભભાઈ પટેલ

### 14.4.1 પ્રારંભિક કારકિર્દી



**વિદ્યાર્થી અવસ્થામાં વલ્લભભાઈ પટેલ**

દેસાઈ,અશોક (સંપા), રાજદફ્તર,સરદાર પટેલ વિશેષાંક, નિયામક,ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સેક્ટર17, ગાંધીનગર. 2001.

*સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ખેડા જિલ્લાના કરમસદ ગામમાં તા.31 ઓક્ટોબર, 1875માં થયો હતો. તેમના પિતા ઝવેરભાઈ સ્વામિનારાયણ પંથને વરેલા અને રાષ્ટ્રપ્રેમી હતા. તેમના માતા લાડબાઈ સૌમ્ય સ્વભાવના અને આદર્શ ગૃહિણી હતાં. વલ્લભભાઈએ પોતાનું પ્રાથમિક શિક્ષણ કરમસદ, પેટલાદ અને નડિયાદમાંથી પૂર્ણ કર્યું હતું. વલ્લભભાઈએ વડોદરાની હાઈસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી. વલ્લભભાઈને વકીલાતના વ્યવસાયમાં જવાની ઈચ્છા હોવાથી ઈ.સ.1900માં તેમણે ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી નડિયાદ અને ત્યારબાદ ગોધરામાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. આ સમય દરમિયાન તેમનું લગ્ન ઝવેરબા સાથે થયું હતું. ઈ.સ.1902માં વલ્લભભાઈએ ગોધરા છોડી બોરસદ આવી વકીલાત શરૂ કરી. બોરસદમાં પ્રખ્યાત અને સફળ વકીલ તરીકે વલ્લભભાઈએ સારી એવી ખ્યાતિ મેળવી. વલ્લભભાઈ દરેક કેસનો અભ્યાસ ઝીણવટપ*



**વકિલાતના વ્યવસાય સમયે વલ્લભભાઈ પટેલ**

દેસાઈ,અશોક (સંપા), રાજદફ્તર,સરદાર પટેલ વિશેષાંક, નિયામક,ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સેક્ટર17, ગાંધીનગર, 2001.

ૂર્વક કરતા. પોતાના અસીલને બચાવવા પૂરેપૂરો પ્રયત્ન કરતા. પરિણામે ફોજદારી ગુનાઓના કેસોમાં વકીલ તરીકે વલ્લભભાઈનું નામ ખૂબ પ્રસિદ્ધ બન્યું. વલ્લભભાઈનું સ્વપ્ન ઈંગ્લેન્ડ જઈ બૅરિસ્ટર થવાનું હતું. ઈંગ્લેન્ડ જવાની તૈયારી પણ કરી લીધી પણ અંત સમયે તેમણે પોતાના પાસપોર્ટ પર પોતાના મોટાભાઈને ઈંગ્લેન્ડ મોકલી ભાતૃપ્રેમનું ઉદાહરણ રજૂ કર્યું. એટલું જ નહી કુટુંબની જવાબદારી પણ તેમણે ઉપાડી લીધી. ઈ.સ.1906માં વિઠ્ઠલભાઈ બૅરિસ્ટર થઈ સ્વદેશ પાછા ફર્યા. આ સમય દરમિયાન ઝવેરબેનની તબિયત બગડી. વલ્લભભાઈ સારવાર માટે તેમને મુંબઈ લઈ ગયા. પરંતુ પોતાના એક કેસની સુનાવણી દરમિયાન તેમને પત્ની ના અવસાનના સમાચાર મળ્યાં. પત્ની ના નિધનનું દુઃખ ભૂલી પોતાના સંતાનોની જવાબદારી મિલ વિલ્સન નામની ખ્રિસ્તી મહિલાને સોંપી ઈ.સ.1910માં વલ્લભભાઈ બૅરિસ્ટર થવા માટે ઈંગ્લેન્ડ ગયા. ઈંગ્લેન્ડમાં કઠોર પરિશ્રમ કરી બૅરિસ્ટરનો અભ્યાસ દોઢ વર્ષમાં પૂર્ણ કર્યો. ઈ.સ.1913માં વલ્લભભાઈ સ્વદેશ પરત ફર્યા અને અમદાવાદમાં વકીલાત શરૂ કરી. થોડા જ સમયમાં તેમણે વકીલાતમાં નામના મેળવી. આ સમયે તેમનો પોશાક પૂર્ણપણે પાશ્ચાત્ય પદ્ધતિનો હતો. સૂટ, બૂટ અને માથા પર સહેજ ત્રાંસી હેટ તેઓ પહેરતા. આ સમયે ગુજરાત ક્લબ અમદાવાદના પ્રતિષ્ઠિત ભદ્ર લોકોનું સ્થળ હતું. વલ્લભભાઈ આ ક્લબના સભ્ય હતા. એકવાર ક્લબ માં વલ્લભાઈ પત્તાની રમત રમી રહ્યા હતા ત્યાં જ કોઈ વાત લાવ્યું કે બહાર ગાંધી નામના માણસ આવ્યા છે અને તેમનું ભાષણ ચાલુ છે. ઘણા લોકો ગાંધીને સાંભળવા બહાર આવ્યા જેમાં વલ્લભભાઈ પણ હતા. વલ્લભભાઈ ગાંધીને જોતા પળવારમાં જ તેમના વ્યક્તિત્વથી ઓઝપાઈ ગયા.તેમના વિચારોથી વલ્લભભાઈ મનોમન ખેંચાયા અને તેમણે ગાંધીના શિષ્ય બનવાનો નિર્ધાર કર્યો.



બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલ
દેસાઈ,અશોક (સંપા),
રાજદફ્તર,સરદાર પટેલ વિશેષાંક,

ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં સરદાર વલ્લભભાઈ પટેલનું પ્રદાન

14.1.2.1 ખેડા સત્યાગ્રહ

વલ્લભભાઈના જીવનમાં જાહેર જીવનનો પ્રથમ પ્રસંગ ગોધરા રાજકીય પરિષદનો બન્યો. આ પરિષદમાં બનેલી કાર્યકારી સમિતિના તેઓ પ્રમુખ બન્યા. ઈ.સ.1917માં ખેડા જિલ્લમાં એક મહત્વનો પ્રસંગ બન્યો. જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે પાક ઓછો ઊતર્યો હતો. કાયદો એવો હતો કે પાક ચાર આનીથી ઓછો ઊતર્યો હોય તો મહેસૂલ માફ કરવું પરંતુ સરકાર મહેસૂલમાફીના પક્ષમાં ન હતી. ખેડાના આગેવાનોએ આ વાતની જાણ ગાંધીજીને કરી અને તેમણે સરકારની સામે ખેડા સત્યાગ્રહનો પ્રારંભ




ખેડા સત્યાગ્રહ સમયે ઉપસેનાપતિ વલ્લભભાઈ પટેલ

કરાવ્યો. વલ્લભભાઈએ આ સત્યાગ્રહમાં સક્રિય રીતે ભાગ લીધો. કેટલાક ગામોમાં જઈ પાક અંગેની જાત તપાસ કરી. સત્યાગ્રહની શરૂઆત થતા ગામડાંઓ, સભાઓ અને ભાષણો દ્વારા લોકોને બળ પૂરૂં પાડ્યું. ખેડાના કલેક્ટર મિ.પ્રેટે બોલાવેલી ખેડૂતનો સભામાં ખેડૂતો તરફથી તમામ પ્રશ્નો જવાબો આપ્યા. છેવટે સરકાર સાથે સમાધાન થતાં સત્યાગ્રહ સફળ રહ્યો. આ સત્યાગ્રહથી ગાંધીજીને વલ્લભભાઈ જેવા સેનાપતિ મળ્યા.

14.4.2.2 અસહકાર આંદોલન

ઈ.સ.1920માં મહાત્મા ગાંધીએ શરૂ કરેલી અસહકાર ચળવળમાં વલ્લભભાઈએ ઝંપલાવ્યું. વલ્લભભાઈના નેતૃત્વમાં અમદાવાદમાં હડતાલો પડી, વિશાળ સરઘસ નીકળ્યું જે સાબરમતીના પટમાં સભામાં ફેરવાઈ ગયું. વલ્લભભાઈએ પોતાની ધારદાર વાણીથી લોકોને લડત માટે પ્રોત્સાહન પૂરૂં પાડ્યું. વલ્લભભાઈનાં ભાષણોથી કેટલાય વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓનું ભણતર છોડી દીધું, વકીલોએ વકીલાત છોડી, કેટલાય લોકોએ સરકારી નોકરીઓનો ત્યાગ કર્યો. ઠેર ઠેર વિદેશી કાપડની હોળીઓ થઈ, સ્વદેશી વસ્તુઓનો આગ્રહ વધ્યો. લડત દરમિયાન ગાંધીજીની ધરપકડ થતાં અમદાવાદમાં તોફાની ફાટી નીકળ્યાં ત્યારે વલ્લભભાઈએ રમખાણકારોને શાંત પાડી પોલીસને મદદ કરી. પોલીસે પણ સ્વીકાર્યું કે વલ્લભભાઈના સહકાર વિના શહેરમાં શાંતિ સ્થાપવી અશક્ય હતી. અસહકારના આંદોલન દરમિયાન સરકારે અમદાવાદ મ્યુનિસિપાલિટી હસ્તકની શાળાઓની ગ્રાન્ટ બંધ કરી ત્યારે વલ્લભભાઈએ શાળાઓમાં શિક્ષણકાર્ય વ્યવસ્થિત ચાલે તેવી વ્યવસ્થા કરી. ઈ.સ.1924 થી 1928 દરમિયાન વલ્લભભાઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહ્યા. તેમના સમયગાળા દરમિયાન શહેરમાં સફાઈ, પાણી-પુરવઠો,રસ્તા,દીવાબત્તી,આરોગ્ય જેવી અનેક બાબતોમાં જાતે ધ્યાન આપી લોકસેવાનું કાર્ય કર્યું. વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ, ચિનાઈ પ્રસૂતિગૃહ,કાંકરીયાનું નવું રૂપ, બગીચાઓ વગેરે તેમના સમયમાં બન્યાં.

14.4.3.3 નાગપુર,બોરસદ અને બારડોલી સત્યાગ્રહ



**નાગપુર ઝંડા સત્યાગ્રહમાં વલ્લભભાઈ પટેલ**

દેસાઈ,અશોક (સંપા), રાજદફતર,સરદાર પટેલ વિશેષાંક, નિયામક,ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સેક્ટર17,

નાગપુરમાં 13 એપ્રિલ,1923ના રોજ ભારતના રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢવામાં આવ્યું. જિલ્લા ન્યાયાલય પાસે આ સરઘસ પર પોલીસે લાઠીચાર્જ કર્યો. સ્વયંસેવકોને મારી રાષ્ટ્રધ્વજ છીનવી લીધો પરિણામે વલ્લભભાઈના નેતૃત્વમાં ઝંડા સત્યાગ્રહ શરૂ થયો. વલ્લભભાઈએ સત્યાગ્રહની વ્યૂહરચના નિર્ધારિત કરી. તેમણે કયા પ્રાંતને ક્યારે કેટલા સ્વયંસેવકો મોકલવાના તેનું

*સમયપત્રક નક્કી કર્યું. કસ્તૂરબા ગાંધીની આગેવાની નીચે સ્ત્રીઓની ટુકડી તૈયાર કરી. 109 દિવસ આ સત્યાગ્રહ ચલાવ્યો. સરકારે અંદાજે 2000 જેટલા સત્યાગ્રહીઓને જેલમાં પૂર્યા. છેવટે ગૃહપ્રધાને વલ્લભભાઈને રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢવાની મંજૂરી આપી અને સત્યાગ્રહ સફળ થયો.*

*આ જ સમય દરમિયાન બોરસદ તાલુકામાં બહારવટિયાઓના ત્રાસથી સરકારે વધારાની પોલીસ મૂકી જેનો તમામ ખર્ચ પ્રજા પર નાખ્યો. આ વેરો 'હૈડિયાવેરો' તરીકે ઓળખાય છે. બોરસદ તાલુકાની પ્રજાએ વલ્લભભાઈના નેતૃત્વમાં સત્યાગ્રહની શરૂઆત કરી.ઈ.સ.1924માં સરકારે 'હૈડિયાવેરો' રદ કરતા સત્યાગ્રહ સફળ થયો. ઈ.સ.1927માં ગુજરાતમાં મહાજળપ્રલય વખતે ગામડે ગામડે ઘૂમીને તેમણે કરેલી રાહતની વ્યવસ્થાથી સરકાર પણ હેરત પામી ગઈ.*



***બારડોલી સત્યાગ્રહની સફળતા બાદ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ***

*ઈ.સ.1928માં બારડોલી તાલુકામાં સરકારે મહેસૂલમાં 30 ટકાનો વધારો કર્યો જેની સામે લોકોએ વલ્લભભાઈના નેતૃત્વમાં સત્યાગ્રહની શરૂઆત કરી. બારડોલી સત્યાગ્રહે વલ્લભભાઈના વ્યક્તિત્વની અસલ લાક્ષણિકતાઓ પ્રજાપ્રત્યક્ષ કરી. તેમનું આયોજન, કાર્યકુશળતા, શિસ્તપ્રેમ અને તેમાંય તળપદી પણ સામાના હૃદય સોંસરવી ઊતરી જાય તેવી ચોટદાર ભાષાનો પ્રયોગ કરવાની તેમની શક્તિ વગેરેના કારણે પ્રજામાં તે લોકપ્રિય બન્યા. બારડોલીના ખેડૂતોને સંબોધતા તેઓએ જણાવેલું કે, "હું ગુજરાતના ખેડૂતોની રગેરગમાં અને હાડેહાડમાં સ્વતંત્રતાની હવા પૂરવા માંગુ છું." અને તેથી પોતાની આગવી કુશળતાથી વલ્લભભાઈએ લડત ચલાવી હતી કે તેની કદરરૂપે તેમને 'સરદાર'ના બિરુદથી નવાજવામાં આવેલા. ત્યારબાદ સમગ્ર દેશની જનતાના સરદાર બની રહ્યા.*



**યરવડા જેલ**

દેસાઇ,અશોક (સંપા), રાજદફ્તર,સરદાર પટેલ વિશેષાંક, નિયામક,ગુજરાત

### 14.4.3.4 સવિનય કાનૂનભંગની લડત

*ઈ.સ.1930ની 7મી માર્ચે દાંડીકૂચ શરૂ થાય તે પહેલા રાસ ગામેથી સરદાર પટેલની ધરપકડ થઈ. જેનો વિરોધ સમગ્ર દેશમાં થયો. 26 જૂને તેઓ છૂટ્યા અને સવિનય કાનૂનભંગની લડતમાં જોડાઈ ગયા. મુંબઈની એક સભામાં આપેલા*

ભાષણના કારણે સરકારે પુનઃ તેમની ધરપકડ કરી 9 મહિના કારાવાસની સજા ફટકારી જો કે ગાંધી-ઈર્વિન કરાર થતા તેમને છોડી મૂકવામાં આવ્યા

ઈ.સ.1931માં સરદાર પટેલ કૉંગ્રેસના અધ્યક્ષ બન્યા. આ સમયે દેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ખૂબ વધવા પામી હતી. લાલા લજપતરાય અને ભગતસિંહની શહીદીના કારણે દેશમાં લોકોનો અસંતોષ વધવા લાગ્યો હતો. આવા સમયે સરદારે ગામડાંઓ ખૂંદીને લોકોને સ્વતંત્રતાની લડતમાં ટકાવી રાખ્યા. લંડનમાં ગોળમેજી પરિષદો નિષ્ફળ ગઈ અને ગાંધી-સરદારની ધરપકડ થઈ. બન્નેને સાથે યરવડા જેલમાં રાખવામાં આવ્યા હતા. આ જેલવાસ દરમિયાન તેમના માતા તથા મોટાભાઈ વિઠ્ઠલભાઈનું અવસાન થયું. વિઠ્ઠલભાઈનો મૃતદેહ મુંબઈ લાવવામાં આવ્યો. તેમની અંતિમક્રિયા નિમિત્તે વલ્લભભાઈને છોડવા પ્રજા તરફથી જોરદાર માંગણી થઈ. સરકારે અમુક શરતોને આધીન વલ્લભભાઈને છોડવાની મંજૂરી આપી. આ શરતો વલ્લભભાઈને માન્ય ન હતી. તેમણે હૈયે પથ્થર મૂકીને સ્વમાનભંગ થવા કરતા જેલમાં રહેવાનું પસંદ કર્યું

સરદાર પટેલની વ્યૂહરચના અને કાર્યશક્તિના કારણે ઈ.સ.1937ની ચૂંટણીઓમાં 8 પ્રાંતોમાં કૉંગ્રેસની સરકારો બની. ઈ.સ.1938ના હરિપુરા કૉંગ્રેસ અધિવેશની સફળતામાં સરદાર પટેલનો ફાળો મહત્વનો હતો. ઈ.સ.1939માં બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થતાં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો સરદાર પટેલે અમદાવાદથી સત્યાગ્રહ આદરી ધરપકડ વ્હોરી. જેલમાંથી જ્યારે છૂટ્યા કોમી રમખાણોમાં સપડાયેલાં અમદાવાદને સરદાર પટેલે પોતાની કુનેહબુદ્ધિથી ઉગારી લીધું.

### 14.4.3.5 હિંદ છોડો લડત અને ભારતના ગૃહપ્રધાન

ઈ.સ.1942માં હિંદ છોડો લડત શરૂ થતાં જ સરદાર પટેલની ધરપકડ કરી તેમને અહમદનગરની જેલમાં રાખવામાં આવ્યા. નેતાઓની ધરપકડો થતા આ આંદોલન પ્રજાના હાથમાં આવ્યું અને તેણે હિંસક સ્વરૂપ લીધું. 1000 દિવસ જેલમાં રહ્યા બાદ ઈ.સ.1945માં સરદાર પટેલને છોડવામાં આવ્યા. ભારતના પ્રથમ વડાપ્રધાનપદ માટે નહેરૂ અને સરદારનાં નામો ચર્ચાતા હતાં. કૉંગ્રેસના લગભગ બધા જ પ્રાંતીય નેતાઓ અને બાર પ્રદેશ કમિટીઓએ સરદારના નામની દરખાસ્ત કરી હતી અને સરદારને વડાપ્રધાન બનાવવાના પક્ષમાં હતા. નહેરૂનું નામ કોઈ પ્રદેશ કમિટીએ સૂચવ્યું ન હતું. પરંતુ કોઈક કારણસર માત્ર ગાંધીજીના એક બોલે સરદાર વલ્લભભાઈએ પોતાનું નામ પાછું ખેંચી લઈ ભારતના સર્વોચ્ચ પદનો અધિકાર જતો કર્યો હતો. ઈ.સ.1946-47માં જવાહરલાલ નેહરૂના વડાપ્રધાન પદ હેઠળ બનેલી વચગાળાની સરકારમાં સરદાર પટેલ ગૃહપ્રધાન બન્યા. ઈ.સ.1946માં મુંબઈની સરકાર સામે નૌકાદળના સૈનિકોએ બળવો કરી કેટલાંક યુદ્ધજહાજો કબ્જે કર્યાં. સરદાર પટેલની મુત્સદ્દીગીરીના પ્રતાપે આ બળવો સમાપ્ત થયો હતો.

ભારતમાં આવેલા કેબિનેટ મિશનનો મુસ્લિમ લીગે વિરોધ કરી દેશભરના મુસ્લિમોને પાકિસ્તાન મેળવવા માટે સીધાં પગલાં દિન ઉજવવાની હાકલ કરી જેના કારણે બંગાળ, બિહાર અને પંજાબ જેવાં રાજ્યોમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં. વલ્લભભાઈ પટેલે આ તોફાનો રોકવાના અથાક પ્રયત્નો કર્યા. ભારતના વાઈસરોય માઉન્ટ બેટને જવાહરલાલ નહેરૂ અને સરદાર પટેલને પોતાની યોજના સમજાવી અલગ પાકિસ્તાન માટે મનાવી લીધા. છેવટે ભારતના ભાગલા થઈને જ રહ્યા. જે અંગેના પ્રત્યાઘાત આપતા સરદાર વલ્લભભાઈએ જણાવ્યું કે મને લાગ્યું કે આપણે ભાગલા સ્વીકારીશું નહી તો હિંદ અનેક ટુકડાઓમાં વિભક્ત થઈ જશે અને તેનો સંપૂર્ણ વિનાશ થશે. 15 ઑગસ્ટ,1947ના રોજ ભારત આઝાદ થયું અને સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ બન્યા.

### 14.4.3 નિર્વાસિતોનો પ્રશ્ન

ભારતનું વિભાજન થતાં પાકિસ્તાનમાંથી હિંદુઓ અને શીખો જ્યારે ભારતમાંથી અનેક મુસ્લિમોએ સ્થળાંતર કર્યું. ભારતમાં આવતા નિર્વાસિતોને સમાવવાનો પ્રશ્ન વિકટ હતો. સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની કુનેહબુદ્ધિથી આવા અનેક નિર્વાસિતો માટે રાહતશિબિરો શરૂ કરાવી. સરદારના પ્રયાસોથી એક જ વર્ષમાં ભારત સરકારે તમામ નિર્વાસિતોને વિવિધ પ્રદેશોમાં વસાવી સમસ્યાનું સમાધાન કર્યું હતું.

### 14.4.4 દેશી રાજ્યોના વિલીનીકરણમાં ફાળો

ભારતમાં આઝાદી સમયે કુલ 565 રજવાડાં હતાં. આ રજવાડાંઓને ભારતસંઘમાં સામેલ કરવા એ મોટો પ્રશ્ન હતો. દેશી રાજ્યોના વિલીનીકરણની જવાબદારી સરદાર પટેલને સોંપવામાં આવી. સરદારે તમામ રજવાડાંઓને સંરક્ષણ, વિદેશ સાથેના સંબંધો અને વાહન વ્યવહારની બાબતમાં ભારત સંઘમાં જોડાવાની અપીલ કરી. અન્ય બાબતો માટે દેશી રાજ્યોને સ્વાયત્તતા જાળવવાની ખાતરી પણ આપી. પરિણામે આઝાદી પહેલાં જ ત્રાવણકોર,ભોપાલ,ઈન્દોર,વડોદર જેવાં રાજ્યોએ જોડાણખત પર સહી કરી ભારતસંઘમાં જોડાઈ ગયા.



જૂનાગઢની જાહેરસભામાં સરદારશ્રીને સન્માનતા આરજી હકૂમતના સરનસીન શામળદાસ ગાંધી

દેસાઈ,અશોક (સંપા), રાજદફ્તર,સરદાર પટેલ વિશેષાંક, નિયામક,ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સેકટર17,

સૌરાષ્ટ્રના જૂનાગઢ રાજયના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાનું જાહેર કર્યું પ્રજાએ તેનો વિરોધ કર્યો. સરદાર પટેલે શામળદાસ ગાંધીના નેતૃત્વમાં આરઝી હકૂમતને જૂનાગઢ મોકલી. જૂનાગઢની પ્રજાએ આરઝી હકૂમતને સહકાર આપ્યો પરિણામે થોડા જ

સમયમાં જૂનાગઢનો કબજો લીધો. નવાબ પાકિસ્તાન નાસી ગયા. આમ, જૂનાગઢમાં લોકમત લઈ ઈ.સ.1948માં ભારતસંઘમાં જોડી દેવામાં આવ્યું.


દક્ષિણ ભારતનું હૈદરાબાદ રાજ્ય વિસ્તાર અને વસ્તીની દ્રષ્ટિએ દેશી રાજ્યોમાં સૌથી મોટું રાજ્ય હતું. તેની ચારેબાજુ ભારતની સરહદો હતી છતાં હૈદરાબાદનો નિઝામ પાકિસ્તાન સાથે જોડાવાની ઈચ્છા ધરાવતો હતો. સરદાર પટેલે હૈદરાબાદના નિઝામને ભારતમાં જોડાવા ઘણું સમજાવ્યા પરંતુ તે માન્યા નહીં. હૈદરાબાદના કાસિમ રીઝવીએ હિન્દુઓની પજવણી શરૂ કરી. સરદાર પટેલે મેજર જે .એન. ચૌધરીની આગેવાની હેઠળ હૈદરાબાદમાં લશ્કર મોકલ્યું. 17/03/48ના રોજ લશ્કરે હૈદરાબાદ કબજે કર્યું. નિઝામે બિનશરતી શરણાગતિ સ્વીકારી. આમ, હૈદરાબાદને ભારતસંઘમાં જોડી દેવામાં આવ્યું.



**હૈદરાબાદના નિઝામનું સ્વાગત ઝીલતા સરદાર પટેલ**

દેસાઈ,અશોક (સંપા), રાજદફ્તર,સરદાર પટેલ વિશેષાંક, નિયામક,ગુજરાત રાજ્ય અભિલેખાગાર. સેક્ટર17. ગાંધીનગર. 2001.

ભારતનું સરહદી રાજ્ય કાશ્મીર ભારત કે પાકિસ્તાન જોડાયું ન હતું. કાશ્મીરમાં મુસ્લિમોની વસ્તી વધુ હતી તેથી પાકિસ્તાન તેને પોતાની સાથે જોડી દેવાની ઈચ્છા ધરાવતું હતું. પાકિસ્તાન કબાલીઓએ ઓચિંતો હુમલો કાશ્મીર પર કર્યો તેથી કાશ્મીરના રાજા હરિસિંહે ભારત સરકારની મદદ માંગી. સરદાર પટેલે તેમને ભારતસંઘમાં જોડાવા જણાવ્યું. રાજા હરિસિંહે સંઘમાં જોડાવાનું સ્વીકાર્યું. સરદારે તાત્કાલિક વી.પી.મેનનને કાશ્મીર મોકલી હરિસિંહ પાસે ભારતસંઘના જોડાણખત પર સહી લેવડાવી. કાશ્મીર ભારતમાં જોડાતા સરદાર પટેલે વાયુસેના મારફતે શ્રીનગરમાં લશ્કર મોકલ્યું. કર્નલ રણજિતરાયની સરદારી હેઠળ લશ્કરી ટુકડીએ દુશ્મનોને પાછા હટાવ્યા. પાકિસ્તાની કબાલીઓએ કબજે કરેલા વિસ્તાર પર પાકિસ્તાને અધિકાર સ્થાપિત કરી દીધો. સરદાર પટેલે લશ્કરી કાર્યવાહી કરવાનું નક્કી કર્યુ પરંતુ જવાહરલાલ નહેરૂ આ પ્રશ્ન યુનોમાં લઈ ગયા. જે આજે પણ હલ થઈ શક્યો નથી.



*ભારતના ભાગલા અને ત્યારબાદ રજવાડાંઓના વિલીનીકરણની સમસ્યાને લઈ વલ્લભભાઈ એટલા વ્યસ્ત બની ગયા કે તેમના સ્વાસ્થ્ય પર અસર થઈ. 30 જાન્યુઆરી,1948ના દિવસે ગાંધીજીની હત્યા થઈ. આ ઘટનાની મોટી અસર સરદાર પટેલ પર થઈ. 15 ડિસેમ્બર,1950ના રોજ મુંબઈ ખાતે તેમને હૃદયરોગનો હુમલો થયો અને ત્યારબાદ ચિરનિદ્રામાં પોઢી ગયા.*

**ગ) તમારી જાતે ચકાસો.**

(1) *નીચેનાં વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો.*

1. *વલ્લભભાઈનો જન્મ 31 ઓક્ટોબર,1875ના રોજ થયો હતો.*
2. *બોરસદ સત્યાગ્રહ બાદ વલ્લભભાઈ પટેલને 'સરદાર'નું બિરૂદ મળ્યું હતું.*
3. *વલ્લભભાઈ પટેલ દાંડીકૂચના સભ્ય હતા.*
4. *આઝાદ ભારતના પ્રથમ ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલ હતા.*
5. *સરદાર પટેલે આરઝી હકૂમત દ્વારા હૈદરાબાદને ભારતસંઘમાં સામેલ કર્યું.*

2. *સરદાર વલ્લભભાઈ પટેલ વિશે સંક્ષિપ્તમાં જાણકારી આપો.*

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
______________________________________________

## 14.5 ગોંડલ નરેશ ભગવતસિંહજી

*ઈ.સ.1880 બાદ ગુજરાતમાંથી કેટલાક રાજાઓએ વિદેશનો પ્રવાસ કરી ત્યાંની પ્રગતિશીલ વિચારસરણી અનુસરીને પોતાના રાજ્યમાં સુધારા કર્યા તેમાં ભગવતસિંહજીનું નામ મોખરાનું છે. તેમનો જન્મ 24 ઓક્ટોબર, ઈ.સ.1865માં ધોરાજીમાં થયો હતો. તેમના પિતાનું નામ સંગ્રામસિંહ અને માતાનું નામ મોંઘીબા હતું. તેમણે નવ વર્ષની ઉંમરે રાજકોટની રાજકુમાર કૉલેજમાંથી અભ્યાસ કર્યો હતો. ભગવતસિંહજીના લગ્ન ચાર રાણીઓ સાથે થયા હતા, જેમાં ધરમપુરના મહારાણાની પુત્રી નંદકુવરબા, વાંકાનેરના રાજ સાહેબની ભત્રીજી નાનાબા, મીણાપુરવાળાના કલ્યાણસિંહજીના કુંવરી બાઈસાહેબ, તથા ચુડાના ઠાકોર સાહેબના કુંવરી નાનાબા. ચાર વર્ષની વયે જ ભગવતસિહંજીના પિતાનું અવસાન થતા રાજ વહીવટ બ્રિટિશ શાસન હેઠળ મુકાયો હતો.*



ગોંડલ નરેશ ભગવતસિંહજી

Shree Bhavatsinhji The maker of Modern Gondal, Nihal singh, Golden jubilee committee, 1934.

ઈ.સ.1884, 25 ઑગસ્ટના રોજ ભગવતસિંહજી વયસ્ક થતાં ગોંડલ રાજ્યના રાજા તરીકે તેમનો રાજ્યભિષેક થયો. ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, પેરિસ, બ્રસેલ્સ, હેમબર્ગ,મિલાન, વેનિસ વગેરે સ્થળોની મુલાકાત લીધી, પ્રવાસ દરમાયન લખેલી ડાયરી ઈ.સ. ઉચ્ચ અભ્યાસ માટે 1885માં 'The Journal of a visit England` નામથી પ્રસિદ્ધ થઈ. ઈ.સ.1885માં ભગવતસિંહજી મુંબઈ યુનિવર્સિટીના ફેલો તરીકે નિમાયા. ઈ.સ.1887માં મહારાણી વિક્ટોરિયાના સુર્વણ મહોત્સવમાં ભગવતસિહંજીને આમત્રિત કરવામાં આવ્યા જ્યા તેમને K.C.I.E.(Knight Commander of the Indian Empire)નો ખિતાબ આપવામાં આવ્યો.ઈ.સ. 1883માં ભગવતસિંહજી ઉચ્ચ અભ્યાસ માટે યુરોપ ગયા. તેમણે સ્કૉટલેન્ડની એડિનબરો યુનિવર્સિટીમાંથી મેડિકલની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. 1895માં તેમણે આ જ યુનિવર્સિટીમાંથી 'આર્યુવેદનો સંક્ષિપ્ત ઈતિહાસ' નામનો નિબંધ લખીને એમ.ડી.ની પદવી તથા 'એ હિસ્ટ્રી ઑફ મેડિકલ સાયન્સ' પર નિબંધ લખીને ડોક્ટરેટ (Ph.D.)ની ડિગ્રી મેળવી હતી. ઈંગ્લેન્ડની ઑક્સફર્ડ યુનિવર્સિટીએ તેમને "ડૉક્ટર ઓફ સિવિલ લોઝ"ની માનદ ડિગ્રી આપી હતી. તેમનું લગ્ન નંદકુંવરબા સાથે થયું હતું. ઈ.સ.1884, 25 ઑગસ્ટના રોજ ગોંડલ રાજ્યના રાજા તરીકે તેમનો રાજ્યભિષેક થયો. યુરોપના પ્રવાસ દરમિયાન ભગવતસિંહજીએ પ્રજાની સુખાકારી માટે જે સુવિધાઓ જોઈ, જેવી કે દવાખાનાં, શાળાઓ, છાપખાનાંઓ, કારખાનાં વગેરે ગોંડલમાં સ્થાપવાનો તેમણે નિશ્ચય કર્યો.

### 14.5.1 ભગતસિંહજીના પ્રજાકીય સુધારા

ગોંડલ રાજ્યનો મુદ્રાલેખ "सज्प्र च सत्य" (સૌથી પહેલાં ગોંડલ) તેવો હતો. હતો. આ મુદ્રાલેખનું પાલન કરી ભગવતસિંહજીએ પોતાના રાજ્યમાં મહેલો, સહેલગાહ, શિકાર અને મોજશોખના ખર્ચાને બદલે વધારાનો મોટો ભાગ લોકપયોગી કાર્ય માટે થાય તેવા પ્રયત્નો કર્યા. ભગવતસિંહજીએ ઈ.સ.1884માં ઘરવેરો માફ કરી પ્રજાને ઘરનો માલિકીહક આપ્યો. રાજકારોબારની સરળતા ખાતર અને પ્રજાના હિત માટે ટેલિફોનની સ્થાપના કરી. મહારાજ સાહેબે રાજ્યમાંથી પડદાપ્રથા અને દૂધપીતીનો રિવાજ નાબૂદ કર્યો. ઈ.સ.1899ના દુકાળ સમયે ભગવતસિંહજીએ પ્રજા માટે આશ્રમો અને દવાખાનાં શરૂ કરાવ્યાં. રાજ્યની પ્રજાને રોજી મળે તે માટે વેરી તળાવ, પાનેલી તળાવ, ભવ્ય સંગ્રામજી હાઈસ્કૂલ, ગોંડલી પરનો પુલ વગેરેનું બાંધકામ શરૂ કરાવ્યું. મહારાજસાહેબે નહેરો તથા નળ દ્વારા ખેતરો અને ખેડૂતોને પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરી. ખેડૂતોને નવા કૂવા ગાળવા માટે બળદ, ઘાસ કે ખેતીના ઓજારો માટે ઉદાર રકમો ધીરવામાં આવી. ઘાસચારાની તંગી દૂર કરવા તમામ વીડીઓ સાર્વજનિક ઉપયોગ માટે ખુલ્લી મૂકી. ઈ.સ.1903માં નિરાધાર બાળકોના ભરણપોષણ, રક્ષણ અને કેળવણી માટે ભગવતસિંહજી બાલાશ્રમની સ્થાપના કરવામાં આવી. રાજ્યમાં પશુપક્ષીઓ સલામત રહે તે માટેના પ્રયત્નો કર્યા. ગાય અને દૂધાળાં ઢોરોના થતા વધને અટકાવીને તેમનુ સંવર્ધન કર્યુ હતું. મહારાજ સાહેબના રાજઅમલની સુવર્ણ જયંતિ પ્રસંગે રાજ્યમાં કાયમ માટે

*શિકાર માટે પ્રતિબંધ મૂકી દેવામા આવ્યો હતો. ઈ.સ.1903 થી 1933 સુધી તેમણે રાજ્યમાં નિશાળો, દવાખાનાં, સડકો, રેલવે,પુલો, દીવાબત્તી, જાહેર બાંધકામો, બાગબગીચા, ફુવારા અને જળાશયો બંધાવી પ્રજાનું હિત સાધ્યુ હતું.*

*ઈ.સ.1939ના દુષ્કાળ સમયે પણ મહારાજસાહેબે પરદેશથી પશુઓ માટે ઘાસચારો મંગાવી રક્ષણ કર્યું હતું. લોકોની રોજગારી માટે ધોરાજી હાઈસ્કૂલ, ઉપલેટા કન્યાશાળા, ગામેગામ લેવલિંગ, રસ્તાઓ, કૂવાઓ ઉંડા કરવાં વગેરે જેવા કાર્યો હાથ ધરવામાં આવ્યાં હતા.મહારાજ સાહેબના સમયમાં ઢસા થી જામજોધપુર, જેતલસર થી રાજકોટ અને કુંકાવાવ થી બગસરા રેલ્વે લાઈન નાંખવામાં આવી હતી.*

**14.5.2 ભગવતસિંહજીના આર્થિક સુધારા**

*ગોંડલ રાજ્યમાં મુખ્ય આવક જમીનવેરાની હતી. મહારાજ સાહેબે ખેડૂતો પર કરનો બોજો વધે નહી તે રીતે વિઘોટી (મહેસૂલ) પ્રથા દાખલ કરી. ખેડૂતો પાસેથી કોઈપણ ભેટ કે કિંમત લીધી વગર તેમને ઘર અને જમીનના અઘાટ હક આપવામાં આવ્યાં પરિણામે ખેડૂતો જમીનના માલિકો બન્યાં. ખેડૂતોને સિંચાઈની વ્યવસ્થા માટે મહારાજ સાહેબે ગોંડલ અને પાનેલીમાં તળાવો, નહેરો, કૂવાઓ બંધાવ્યાં. ગામેગામ પાકા રસ્તાઓ બનાવી કોઈ જગ્યાએ ગાડુ ખૂંચી જવાપણું રહેવા દિધુ ન હતું. ઉપરાંત કોશવેરો, દાતરડાવેરો, પાટડાવેરો, કારજવેરો વગેરે જેવા કુલ 50 થી પણ વધારે વેરાઓ નાબૂદ કર્યાં. ખેડૂતો માટે ખેતીવિષયક વર્ગો શરૂ કરાવ્યાં.*

*ભગવતસિંહજીએ ખેતીની સાથે સાથે વેપાર અને હુન્નરઉદ્યોગોનો પણ વિકાસ કર્યો તેમણે વેપારમાં આયાત, નિકાસ, ઉત્પન્ન, નાકાવેરો વગેરે જેવા વેરાઓ નાબૂદ કર્યાં. ઈ.સ.1893માં ખેતી અને હુન્નરઉદ્યોગને ઉત્તેજન માટે ગોંડલમાં કૃષિકળા અને ઉદ્યોગોનું પ્રદર્શન યોજ્યું. ગોંડલમાં કલાકારીગરી અને હુન્નરઉદ્યોગની વૃદ્ધિ માટે એક હુન્નરશાળાની સ્થાપના કરી. મહારાજ સાહેબના સમયમાં ગોંડલમાં જીનિંગ પ્રેસ, કૉટન પ્રેસ, લોખંડનું કારખાનું, સિમેન્ટ સાબુ, બરફ, ઓઈલ મિલ,ચામડા રંગવા, પ્લાસ્ટરનાં પૂતળાં અને ગાલીચા વગેરે જેવા કુલ પચાસ જેટલા કારખાનાઓ સ્થપાયા હતા. ગોંડલના ગાલીચાની માંગ દેશવિદેશમાં રહેતી હતી. ભગવતસિંહજીના આર્થિક સુધારાના કારણે રાજ્યની આવક ઈ.સ.1934માં રૂ. 78,53,816 હતી.*

**14.5.3 ભગવતસિંહજીના રાજકીય સુધારા**

*મહારાજ સાહેબે ગોંડલનું શાસન સંભાળતા જ તેમણે દરબારી ગેઝેટ બહાર પાડવાની શરૂઆત કરી. ગરાસિયા માટે ભાયાતી કોર્ટની સ્થાપના કરી. નવું જંગલખાતુ ખોલી, વૃક્ષારોપણ દ્વારા વૃક્ષોનો વધારો કર્યો. પોલીસ ખાતામાં જમાદાર, ફોજદાર પોતાના વ્યવસાયમાં પ્રવિણતા કેળવે તે માટે અભ્યાસક્રમ નક્કી કરી પરીક્ષાઓ દાખલ કરી. સ્થાનિક જરૂરીયાત પ્રમાણે ખાસ ધારા ઘડવા ઉપરાંત સંસ્થાનમાં ન્યાયી અદાલતો સ્થાપીને પ્રજાને ન્યાયવ્યવસ્થાનો લાભ આપ્યો. ગોંડલમાં જુગારનુ દૂષણ મોટું હતું મહારાજ સાહેબ રાજ્યમાં જુગાર રમવા પર પ્રતિબંધ મુકી પાયમાલ થતી પ્રજાને ઉગારી*

*લીધી. આ તેમની રાજ્ય પ્રત્યેની અંગત કાળજીનો દાખલો છે. બીજા વિશ્વયુદ્ધ સમયે જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ ખૂબ વધી ગયા મહારાજસાહેબે આ ચીજોનું ભાવનિયમન દાખલ કરીને તેનો ચુસ્તપણ અમલ કરાવ્યો હતો.*

### 14.5.4 ભગવતિસિંહજીના શૈક્ષણિક સુધારા



મોંઘીબા કન્યાવિદ્યાલય
ગુજરાતી ભાષાનો મહાન જ્ઞાનકોશ ભગવદ્ગોમંડલ, પ્રવિણ પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ, રાજકોટ, 2007,

*ભગવતિસિંહજીએ ગુજરાતી અને અંગ્રેજી કેળવણી મફત કરી રાજયના દરેક ગામડામાં પ્રાથમિક શાળાઓ શરૂ કરી. ધોરાજીમાં સંગ્રામજી પાઠશાળા, કન્યાઓ માટે ધોરાજીમાં લેડી રે કન્યાશાળા, મોંઘીબા કન્યાવિદ્યાલય, ગરાસિયાના કુમારોને નવી પદ્ધતિથી શિક્ષણ મળે તે માટે ગોંડલમાં ગરાસિયા કોલેજ વગેરેની સ્થાપના કરવામાં આવી. આ શાળાઓના મકાનો રાજમહેલને શરમાવે તેવા સુશોભીત, સુંદર બગીચાવાળા અને વિદ્યાર્થીઓની સગવડ અને આરોગ્ય પૂરતી રીતે જળવાય તે રીતે બાંધવામાં આવ્યા હતા. સ્ત્રીઓની ઉન્નતિ માટે મહારાજ સાહેબે ઈ.સ.1919માં કન્યાઓ માટે મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો અમલમાં મુક્યો. કન્યાઓના શિક્ષણ માટે દેશમાં સ્ત્રી શિક્ષિકાઓની અછત હોવા છતાંય રાજયમાં પગારદાર સ્ત્રી શિક્ષિકાઓની નીમણૂંક કરવામાં આવી. રાજયમાં મેટ્રીક પાસ થનાર કન્યાઓને રૂ.500નો પુરસ્કાર તથા કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને શ્રી લીલાબા શિષ્યવૃત્તિ આપવાનું શરૂ કરાયું. ઈ.સ.1926થી મહારાજા સાહેબે રાજ્યની શાળાઓ માટે ખાસ ભાવનાવાળી વાચનમાળા તૈયાર કરાવી. બાળકોમાં સ્વદેશપ્રેમ, સ્વધર્મની ભાવના ખીલે, પોતાના બાપિકા ધંધામાં રસ પડે, તેવા ગુજરાતી અંગ્રેજીના સુંદર પાઠો સાથે પાઠયપુસ્તકમાળા વગેરે તૈયાર કરવામાં આવી. બાળકોને સારા સંસ્કાર અને શિક્ષણ આપી શકે તેવા શિક્ષકો તૈયાર કરવા માટે ગોંડલમાં અધ્યાપન મંદિરની પણ શરૂઆત કરવામાં આવી. બાળકોને શાળામાં શિક્ષણ ઉપરાંત વ્યાયામ, સંગીત, બાગાયત જેવા વિષયોનું જ્ઞાન આપવામાં આવતું.*

*રાજ્યના હોશિયાર વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણી માટે પૂનાની ફર્ગ્યુસન કોલેજમાં શિક્ષણ અને રહેવાની વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવતી.*

**14.5.5 ભગવતસિંહજીના આરોગ્યવિષયક સુધારા**



ગુજરાતી શાળા, ઉપલેટા

*ભગવતસિંહજીએ બ્રિટનમાં વિકસેલી મેડિસિનનો અભ્યાસ કર્યો હતો. પોતાના રાજ્યભિષેકના વર્ષે જ ભગવતસિંહજીએ ધોરાજીમાં ફર્ગ્યુસન હોસ્પિટલનો પાયો નાંખ્યો પ્રજાના આરોગ્ય માટે ભગવતસિંહજીએ ટ્રાવેલિંગ ડિસ્પેન્સરી શરૂ કરી. રાજ્યમાં આયુર્વેદિક મેડિકલ ડિપ્લોમાનો અભ્યાસક્રમ શરૂ કરાવ્યો. ગોંડલમાં હોસ્પિટલની સ્થાપના કરી આધુનિક સારવાર શસ્ત્રક્રિયાની સુવિધા શરૂ કરાવી. પોતાના પુત્ર ભૂપતસિંહજીની નિમણૂક રાજ્યના ચીફ મેડિકલ ઓફિસર તરીકે કરી. શીતળા અને કોલેરા જેવા રોગોની દવા વિદેશથી મંગાવવાની વ્યવસ્થા કરી. મહારાજ સાહેબે શહેરો અને ગામડાઓમાં દવાખાનાઓ બંધાવ્યાં તંદુરસ્તીને નુકશાન કરે તેવા કારખાના, ચમારકુંડ તથા દારૂખાનું વગેરે માટે ગામ બહાર યોગ્ય સ્થળો નક્કી કરવામાં આવ્યાં. પ્રજાના આરોગ્ય માટે સુંદર બગીચાઓ, રમતના મેદાનોનું પણ નિર્માણ કરાવ્યું.*

**14.5.6 "ભગવદ્ગોમંડલ" સર્જક ભગવતસિંહજી**




*ગુજરાતી ભાષા પ્રત્યે મહારાજાનો પ્રેમ એવો તો ઉત્કટ હતો કે તેમણે* 1 *ઓક્ટોબર,* 1928*થી "ભગવદ્ગોમંડલ" નામના બૃહત શબ્દકોષ શરૂઆત કરી ત્રણેક દાયકાઓની તપશ્ચર્યા કરીને નવ ખંડોમાં વહેંચાયેલ શબ્દકોશ આપણને મળ્યો. આ કોશનું ભાષા ભંડોળ વિશાળ અને ભવ્ય છે. તેમાં ગુજરાતી ભાષાના* 2,81,377 *શબ્દો છે. "ભગવદ્ગોમંડલ" નામનો ગુજરાતી શબ્દકોષ મહારાજાની સાહિત્ય સેવામાં સદાસર્વદા કીર્તિકલગીરૂપ છે.*

*ભગવતસિંહજીને દેશવિદેશમાંથી અનેક ચંદ્રકો મળ્યા હતા. જેમાં ભગવતસિંહજીને પ્રિન્સ ઓફ વેલ્સ* (1875), *ઈમ્પ્રેસ ઓફ ઈન્ડિયા ગોલ્ડ મેડલ* (1877), *ક્વિન વિક્ટોરીયા ગોલ્ડન જ્યુબિલી મેડલ* (1887), *દિલ્હી દરબાર* (1903), *કિંગ જ્યોર્જ* 6 *કોરનેશન મેડલ* (1937) *જેવા સન્માન મળ્યા હતાં. તેમનું અવસાન ઈ.સ.*1944*માં થયું હતું.*

**ધ) તમારી જાતે ચકાસો.**

**(1) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

1. *મહારાજા ભગવતસિંહજીએ ડોક્ટરેટની પદવી કઈ યુનિવર્સિટીમાંથી મેળવી હતી.*

2. *ગોંડલ રાજ્યનો મુદ્રાલેખ કયો છે.*

3. *ભગવતસિંહજીએ ગુજરાતી ભાષાનો કયો ગ્રંથ લખ્યો.*

4. *ભગવતસિંહજીને પ્રિન્સ ઓફ વેલ્સનું સન્માન કઈ સાલમાં મળ્યું.*

5. *ગોંડલ રાજ્યની મુખ્ય આવક કઈ હતી.*

**2. આદર્શ રાજવી ભગવતસિંહજી વિશે પરિચય આપો.**

## 14.6 સારાંશ

*ભારતની આઝાદીની ચળવળમાં મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનો ફાળો અમૂલ્ય છે. આ બંન્ને મહાનુભાવોએ રાષ્ટ્રીય આંદોલનને પ્રજાનું આંદોલન બનાવ્યું. તેમના અથાગ પ્રયાસોથી સફળતા મળી અને ભારત સ્વતંત્ર થયું. આઝાદી બાદ ભારતના 562 જેટલા દેશી રાજ્યોને પોતાની સામ,દામ,દંડ અને ભેદની નીતિ દ્વારા એક ભારત, અખંડ ભારત બનાવવાના વિરલ કાર્ય માટે સરદાર પટેલનું નામ ઈતિહાસમાં અમર છે. વડોદરા રાજવી સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં કરેલા રાજકીય, સામાજીક, આર્થિક, શૈક્ષણિક વગેરે સુધારાઓથી પ્રજાની ઉત્તમ સેવા કરેલી છે. તેમણે કરેલી પુસ્તકાલય પ્રવૃત્તિ, કલાભનવ દ્વાર સંગીત,ચિત્ર,નૃત્ય જેવી કલાઓનો વિકાસ વગેરેના કારણે આજે વડોદરા સંસ્કારનગરી તરીકે ઓળખાય છે. ગોંડલ જેવા નાના રાજ્યમાં વિવિધ પ્રજાકીય સુધારાઓ દ્વારા ગોંડલ નરેશ ભગવતસિંહજી પ્રજાની કરેલી સેવા નોંધનીય છે. રાજ્યમાં શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, ખેતી, ઉદ્યોગો વગેરેમાં આમૂલ પરિવર્તન લાવીને પ્રજાની સુખાકારીમાં વધારો કર્યો હતો. ભગવદ્‌ગોમંડલ જેવા શબ્દકોશની રચના કરીને મહારાજા ભગવતસિંહજીએ પોતાનું તથા ગોંડલનું નામ વિશ્વસ્તરે પ્રસિદ્ધ કર્યું છે.*

## 14.7 ચાવીરૂપ શબ્દો

**સર્વોદય** — *સમાજના છેવાડે પડી ગયેલાઓનો પ્રથમ ઉદ્ધાર*

**સત્યાગ્રહ** — *સત્ય માટે આગ્રહ, સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર આધારિત ગાંધીજી દ્વારા ચલાવાયેલું આંદોલન*

**દમનકારી** — *દબાવવા કે રોકવા માટે કરેલું કાર્ય*

**મધ્યસ્થી** — *વચ્ચે પડીને કોઈ વિવાદ અથવા વિરોધને દૂર કરવાનો પ્રયત્ન*

**સ્વદેશી** — *સ્થાનિક દેશમાં બનેલ*

**સવિનય કાનૂનભંગ** — *સરકારી કાયદાનો શાંતિપૂર્વકનો પ્રતિકાર*

## 14.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. *ઈ.સ.1919માં ગાંધીજીએ કયુ સામાહિક શરૂ કર્યું.*

(A) *નવજીવન* (B) *હરિજન બંધુ*

(C) *સર્વોદય* (D) *કેસરી*

2. *ગાંધીજીએ કઈ લડતને હિમાલય જેવડી મોટી ભૂલ ગણાવી છે.*

(A) *ખેડા સત્યાગ્રહ* (B) *અસહકાર ચળવળ*

(C) *હિંદ છોડો ચળવળ* (D) *ધરાસણા સત્યાગ્રહ*

3. *મીઠાના કાયદના ભંગ માટે ગુજરાતનો કયો સત્યાગ્રહ જાણીતો છે.*

(A) *ખેડા* (B) *બોરસદ*

(C) *બારડોલી* (D) *ધરાસણા*

4. *વલ્લભભાઈની ગાંધીજી સાથે પ્રથમ મુલાકાત ક્યા થઈ હતી.*

(A) *અમદાવાદ ક્લબ* (B) *ગુજરાત ક્લબ*

(C) *બેરીસ્ટર ક્લબ* (D) *પારસી ક્લબ*

5. *ઈ.સ.1942ની હિંદ છોડો લડત સમયે વલ્લભભાઈ પટેલ કઈ જેલમાં હતા.*

(A) *અહમદનગર* (B) *યરવડા*

(C) *આગાખાન* (D) *નાસિક*

6. *સયાજીરાવ ગાયકવાડનું મૂળનામ શું હતુ.*

(A) *ગોપાળરાવ* (B) *આનંદરાવ*

(C) *ભીમરાવ* (D) *મલ્હારરાવ*

7. *સયાજીરાવ ગાયકવાડે ભારતના કયા મહાન નેતાને શિષ્યવૃતિની મદદ આપી હતી.*

(A) *મહાત્મા ગાંધી* (B) *સરદાર પટેલ*

(C)*ડો.ભીમરાવ આંબેડકર* (D) *જવાહરલાલ નહેરૂ*

8. *સયાજીરાવ ગાયકવાડની આત્મકથાનું નામ શુ છે.*

(A) *સંસારયાત્રા* (B) *માઝી સંસારયાત્રા*

(C) *રાજયાત્રા* (D) *માઝી રાજયાત્રા*

9. *ભગવતસિંહજીએ ગોંડલમાં કયા વ્યસન પર પ્રતિબંધ મુક્યો હતો.*

(A) *દારૂ* (B) *જુગાર*

(C) *અફિણ* (D) *બીડી*

10. *ભગવતસિંહજીએ ગુજરાતી ભાષાનો કયો શબ્દકોશ લખ્યો હતો*

(A) *સાર્થ* (B) *ભગવદ્ગોમંડલ*

(C) *શબ્દમંડલ* (D) *ભાષામંડલ*

**જવાબો :**

**(1 - A), (2 - B), (3 - D), (4 - B), (5 - A),**
**(6 - A), (7 - C), (8 - B), (9 - B), (10 - B)**

## 14.9 સ્વાધ્યાય

1. ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિશે જાણકારી આપો.
2. અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ વિશે વિસ્તૃત નોંધ લખો.
3. મહારાજા સયાજીરાવ ગાયકવાડના સુધારાઓની જાણકારી આપો.
4. મહારાજા ભગવતસિંહજીના સુધારાઓ વિશે જાણકારી આપો.
5. વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસ, કલાભવન, ન્યાયમંદિર, ગોંડલ શહેર, પોરબંદરનું ક્રિર્તીમંદિર, સાબરમતી આશ્રમ, સ્વરાજ આશ્રમ, બારડોલી, સરદાર પટેલ મેમોરીયલ કરમસદ વગેરેની મુલાકાત ગોઠવો.

## 14.9 સંદર્ભ સૂચિ


1. સત્યના પ્રયોગો અથવા આત્મકથા, ગાંધી મોહનદાસ, નવજીવન પ્રકાશન મંદિર, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 2019.
2. ગુજરાતના ઘડવૈયા (સ્વ વિકાસની વિદ્યાપીઠ) ભાગ-2, ડૉ મકરન્દ મહેતા,અરૂણોદય પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 2013.
3. ગરવા ગુજરાતી, રજની વ્યાસ, ગૂર્જર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 1998.
4. ગુજરાતની અસ્મિતા, રજની વ્યાસ,અક્ષરા પ્રકાશન, તૃત્તિય આવૃત્તિ, અમદાવાદ, 2004.
5. સયાજીરાવ ગાયકવાડ, પોપટલાલ મંડાલી, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 2013.
6. મહારાજ સયાજીરાવ ત્રીજા, હસિત બૂચ, પ્રાચ્યવિદ્યા મંદિર, મહરાજા સયાજીરાવ વિશ્વવિદ્યાય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, 1988, વડોદરા.
7. Shree Bhavatsinhji The maker of Modern Gondal, Nihal singh, Golden jubilee committee, 1934.
8. ગોંડલ રાજ્યની પ્રજાની દષ્ટિએ શ્રી ભગવતસિંહજીના પચાસ વર્ષ, એ કે પાનવાલા, ગોંડલ પ્રજા સમિતિ, ગોંડલ, 1934.
9. ગુજરાતી ભાષાનો મહાન જ્ઞાનકોશ ભગવદ્દ્ગોમંડલ, પ્રવિણ પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ, રાજકોટ, 2007,
10. પ્રકરણમાં આપવમાં આવેલા ચિત્રો ગુગલ ઈમેજીશ તથા વિકીપીડીયામાંથી લેવામાં આવેલા છે.

# એકમ : 15

# ઈ. સ.1818 થી 1960 દરમિયાન ગુજરાતમાં શિક્ષણ, સાહિત્ય અને ભાષાનો વિકાસ

:: રૂપરેખા::


**15.0 ઉદ્દેશ્યો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 શિક્ષણ**

**15.2.1 જૂની શાળાઓ**

**15.2.2 શિક્ષણ પદ્ધતિ**

**15.2.3 વેતન પદ્ધતિ**

**15.2.4 નવી કેળવણી**

**15.3 ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનની ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય**

**15.3.1 મધ્યકાલીન ગુજરાતી ભાષાનું સાહિત્ય અને સર્જકો**

**15.3.2 અર્વાચીન સાહિત્ય સ્વરૂપો**

**15.3.3 ગુજરાતી બોલી**

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**15.4 સારાંશ**

**15.5 ચાવીરૂપ શબ્દો**

**15.6 તમારી જાતે ચકાસોના જવાબ**

**15.8 સ્વાધ્યાય**

**15.9 સંદર્ભો**


## 15.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનના શિક્ષણની માહિતી મેળવી શકશો.*
- *ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનના સાહિત્ય વિશે પરિચય મેળવશો.*
- *ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનની ગુજરાતી ભાષાના વિકાસ અંગેનું જ્ઞાન મેળવશો.*

## 15.1 પ્રસ્તાવના

*પ્રસ્તુત પ્રકરણમાં ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાન ગુજરાતના શિક્ષણ, સાહિત્ય તથા ભાષાના વિકાસની માહિતી આપવામાં આવી છે. જેમાં શિક્ષણ વિસ્તૃત સમજ આપવાના હેતુથી તેને બે ભાગમાં વહેંચવામાં આવેલું છે. જેમાં પ્રથમ ભાગમાં અંગ્રેજોના આગમન પહેલા ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અંગે સમજ આપવામાં આવી છે. જેમાં ગામઠી શાળાઓ, મદરેસાઓ, સંસ્કૃત પાઠશાળાઓ, આ શાળાઓની પ્રવેશપદ્ધતિ, તેમાં અભ્યાસ કરાવતા વિષયો, શિક્ષકો, શિક્ષણ પદ્ધતિ, વેતન પદ્ધતિ વગેરે બાબતોની સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. જ્યારે બીજા ભાગમાં અંગ્રેજોના આગમન બાદ શરૂ થયેલી નવી કેળવણી, અભ્યાસક્રમ શિક્ષકો, ફી પદ્ધતિ, અભ્યાસનું સમાપન વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવેલી છે.*

*ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનનાં ગુજરાતી સાહિત્ય તથા ભાષાના વિકાસની સમજ આપતા મધ્યકાલીન ગુજરાતી ભાષા સાહિત્ય, સર્જકો, અર્વાચીન ભાષા સાહિત્યના સ્વરૂપો, ગાંધીયુગીન સાહિત્ય તથા ગુજરાતી બોલી અંગેની વિસ્તૃત સમજ આપવાનો નાનો એવો પ્રયાસ કરવામાં આવેલો છે.*

## 15.2 શિક્ષણ

### 15.2.1 જૂની શાળાઓ :

*અંગ્રેજોના આગમન પહેલા હિંદમાં કેળવણીની પદ્ધતિ અનોખી હતી અને લાંબા સમયથી ચાલી આવતી હતી. આ શાળાઓ ગામઠી શાળા, ધૂળિયા નિશાળ કે પંડ્યાની શાળા તરીકે ઓળખાતી. આ શાળાઓ હિન્દુ સમાજના બાળકોને શિક્ષણ આપતી.*

*ગામઠી શાળાઓ માટે કોઈ નિર્ધારિત જગ્યા નહોતી. આ તમામ શાળાઓ માટે મોટે ભાગે હિન્દુઓમાં મંદિરનો ઉપયોગ થતો. કોઈ સ્થળે ગામના જમીનદાર કે પ્રતિષ્ઠિત વ્યક્તિના મકાનનો ભાગ શાળાના ઉપયોગ માટે અપાતો. ક્યારેક વાળંદ, ઘાંચી, કુંભારના મકાનમાં પણ શાળા બેસતી. ગામઠી શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ શિક્ષણ માટે જે જગ્યાએ બેસે તે શાળા કહેવાતી. જ્યાં સુધી જરૂર હોય ત્યાં સુધી આવી શાળાઓ ચાલતી અને જરૂરિયાત પૂરી થતાં બંધ થઈ જતી.R.,.1829માં ન્યાયખાતાએ કરેલી તપાસના આંકડા મુજબ એ સમયે અમદાવાદ, સુરત, ભરુચ,ખેડા જિલ્લામાં 282 જેટલી ગામઠી શાળાઓ હતી.*

15.2.1.1 *સંસ્કૃત પાઠશાળાઓ*

*હિન્દુ સમાજમાં ગામઠી શાળાઓ ઉપરાંત સંસ્કૃત પાઠશાળાઓ પણ ચાલતી. આ પાઠશાળાઓ હિન્દુઓની ઉચ્ચ શિક્ષણ સંસ્થા ગણાતી અને તેમાં પ્રાચીન પદ્ધતિથી કેળવણી અપાતી. સંસ્કૃત પાઠશાળાઓને સ્થાનિક આશ્રયદાતા કે રાજા રજવાડા તરફથી ખાસ મકાન બાંધી આપવામાં આવતું. આ પાઠશાળાઓને રાજા,નવાબ,જમીનદાર વગેરે*

ધનિક તેમજ ધાર્મિક વૃત્તિના નાગરિકો તરફથી આર્થિક સહાય મળતી. ગુજરાતમાં આવી અનેક પાઠશાળાઓ હતી. તેમાં અમદાવાદ, વડોદરા, પેટલાદ, ડભોઈ, ચાણોદ, ધમડાછા, શિનોર, નાંદોલ, કોલવડા, વિસનગર, વિજાપુર,ગણદેવી, વિરમગામ, પછેગામ, વલભપુર, ભાવનગર, જામનગર, પોરબંદર, જૂનાગઢ, માંગરોળ, પ્રભાસ, મોરબી, કચ્છ વગેરે મુખ્ય હતી.

### 15.2.1.2 મદરેસા

મુસ્લિમ સમાજના બાળકોને કેળવણી આપતી શાળા મદરેસા કહેવાતી જે આજે પણ ચાલે છે. આ શાળા મસ્જિદમાં બેસતી. ગુજરાતની ભૂમિ પર શાસન કરનાર રાષ્ટ્રકૂટ અને સોલંકીઓએ મુસ્લિમોને પ્રોત્સાહન આપ્યું એટલે એમના સમયમાં મદરેસાઓની સ્થાપના થઈ. સુલતાનોના સમયમાં સ્થપાયેલી મદરેસાઓમાં હિન્દુઓએ પણ પ્રવેશ મેળવ્યો હતો.

હજરત શેખ અહમદ ખટ્ટુના મૃત્યુ પછી સુલતાન મુહમ્મદ શાહ બીજાએ સરખેજમાં મકબરો બાંધી ત્યાં મદરેસા સ્થાપી. ત્યારબાદ પાટણ, અમદાવાદ, ભરુચ વગેરે સ્થળોએ મદરેસાની સ્થાપના થઈ. મૌલાના અબુ ઝફર નદવી સાહેબે એમના ગ્રંથ 'ગુજરાત કી તમદ્દુની તારીખ'માં ઔદ્યોગિક અને સંગીત સિવાયની 29 મોટી મદરેસાઓ ગણાવી છે. નહરવાલા પાટણમાં ખાનસરોવર અને કન્ટકે મરગૂલ મદરેસા, અમદાવાદના ઉસ્માનપુરામાં આવેલી શેખ મુહમ્મદ ઉસ્માન ઉર્ફે શમ્એ બુરહાનીની મદરેસા, શાહઆલમની મદરેસા, માંગરોળની મદરેસા, શાહ વજીહુદ્દીનની મદરેસા વગેરે તે સમયની જાણીતી મદરેસાઓ હતી.

મોટી મદરેસાઓ 'દારૂલ ઉલૂમ' કહેવાય છે જેનો અર્થ થાય છે 'વિદ્યાઓનું ઘર'. અમદાવાદ, ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, ભરુચ વગેરે જિલ્લાઓમાં દારૂલ ઉલૂમ પ્રત્યેનું વલણ પ્રબળ જોવા મળતું હતું.

### 15.2.1.3 શાળામાં પ્રવેશપદ્ધતિ :

શાળાએ બેસાડવાની વિધિ ભારતીય સોળ સંસ્કારમાંની એક ગણાય છે. સમાજમાં આ સંસ્કાર 'વિદ્યારંભ સંસ્કાર' કહેવાતો. સામાન્ય રીતે 6થી 14 વર્ષના બાળકોને પ્રવેશ અપાતો. ગામઠી નિશાળોમાં સામાન્ય રીતે સાત કે તેથી વધુ વર્ષનાં બાળકોને પ્રવેશ અપાતો.મોટા ભાગે ધનતેરસના દિવસે બાળકોનો શાળાપ્રવેશ થતો. આ રિવાજ 'પાટલો મંડાવ્યો' તરીકે ઓળખાતો. સારા મુહૂર્તવાળા દિવસે બાળકને જે શાળામાં મોકલવાનો હોય તે શાળાના પંડયાજી કે ગુરુજી અને બધા વિદ્યાર્થીઓ નવા વિદ્યાર્થીના ઘરે આવી પ્રાર્થના ગવડાવતા અને સરઘસાકારે ગામમાં ફરી નિશાળે આવતા. શાળામાં આવી શિક્ષક વિદ્યાર્થી પાસે સરસ્વતીનું પૂજન કરાવી ચોખા પૂરેલા મંડળ (વર્તુળ)માં આંગળી પકડીને બરું કે ચાંદીની કલમથી 'શ્રી ભલે' લખી અક્ષરજ્ઞાનની શરૂઆત કરાવતા. ત્યારબાદ બધા બાળકોને પતાસાં, ધાણી, દાળિયા કે મીઠાઈ વહેંચાતાં.

સંસ્કૃત પાઠશાળાઓ, ગામઠી કે ધૂળિયા નિશાળોમાં અધ્યયન માટે મુખ્યત્વે બ્રાહ્મણો આવતા. કોઈ પણ શાળામાં સ્ત્રીઓને અને કહેવાતા નીચલા વર્ગના બાળકોને પ્રવેશ મળતો નહીં. અસ્પૃશ્ય ગણાતા વર્ગના બાળકોનો આ વર્ગોમાં સમાવેશ કરાતો ન હોવાથી આ બાળકોને એમના ગોર 'ગરૂડા' ભણાવતા. શાળાઓમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓમાં મુખ્યત્વે હિંદુ સમાજના બાળકો હોય. તેમાં 30% બ્રાહ્મણ બાળકો સિવાય કણબી, સોની, વાણિયા વગેરે ઉજળિયાત કોમના બાળકોની સંખ્યા શાળાની કુલ સંખ્યાના 70% રહેતી.

15.2.1.4 મદરેસાની પ્રવેશપદ્ધતિ :

સામાન્ય રીતે ચારેક વર્ષના બાળકને મદરેસામાં પ્રવેશ અપાતો. સામાન્ય નાની મદરેસાઓમાં વર્ષ દરમિયાન ગમે ત્યારે બાળકને પ્રવેશ મળતો.મદરેસાઓમાં રમજાનના પવિત્ર માસ દરમિયાન રજા રહેતી. દારૂલ ઉલૂમમાં સામાન્ય રીતે રમજાન પછી નવું સત્ર શરૂ થાય એ વખતે જ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો. દારૂલ ઉલૂમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને ફરજિયાત દારૂલ ઉલૂમમાં રહેવું પડતું. સામાન્ય રીતે 250 થી 300 વિદ્યાર્થી દર વર્ષે કોઈ એક દારૂલ ઉલૂમમાં જુદા જુદા અભ્યાસ માટે પ્રવેશ મેળવતા. નાની કે મોટી કોઈ મદરેસામાં છોકરીઓને પ્રવેશ અપાતો નહિ. સારા ઘરની સ્ત્રીઓને તેમના ઘરમાં 'નાઝિર હકુરાન'ની તાલીમ અપાતી પરંતુ તેમાં ઉચ્ચારણ શુદ્ધિ જળવાતી નહોતી.

15.2.1.5 શાળાના શિક્ષકો

ગામઠી શાળાઓ અને સંસ્કૃત પાઠશાળાઓના શિક્ષકો મુખ્યત્વે બ્રાહ્મણો હતા. ક્યાંક વાણિયા, બ્રહ્મક્ષત્રિય શિક્ષકો અને પાલનપુર, વઢવાણ વગેરે સ્થળે જૈન ગોરજીઓ શિક્ષકનું કામ કરતા. બ્રાહ્મણો પેઢી દર પેઢી વારસાઈમાં આ કામ કરતા. સંસ્કૃત પાઠશાળાઓના શિક્ષકો બ્રાહ્મણ ગૃહસ્થો હતા. એમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીને પંડિત બનાવવાનો હતો.

શાળાના મુખ્ય મહેતાજી ચારથી પાંચ મદદનીશો રાખતા. તેઓ સૂર્યોદય પહેલા શાળામાં આવતા અને સાત વાગ્યા સુધીમાં કેટલા બાળકો આવ્યાં છે તેનું ધ્યાન રાખતા. એટલા સમય સુધીમાં જે બાળકો ન આવ્યા હોય તેમને લેવા માટે એક બે જણ નીકળી પડતા. આમ કલાકેક સુધી બાળકોને તેડી લાવવાનું કામ પૂરું થાય પછી શાળામાં પાછા આવી પોતાને જે બાળકો સોંપેલા હોય તેમને પોતાના હાથે પાટલી પર નવો પાઠ કે પાડા લખી આપતા. લખી આપતી વખતે તેઓ મોઢેથી બોલીને લખતા.મહેતાજી જે બોલતા તે વિદ્યાર્થીએ પણ બોલવું પડતું. શિક્ષકો વિદ્યાર્થીઓ પ્રત્યે ખૂબ પ્રેમ રાખતા.શિક્ષકો દરેક વિદ્યાર્થી તરફ કાળજી અને લક્ષ આપતા ને અભ્યાસમાં પ્રગતિનું ધ્યાન રાખતા. સામાન્ય રીતે શિક્ષકને વાચન, લેખન, હિસાબ, નામું, આંક વગેરે શીખવવાનું હોવાથી એનું જ્ઞાન પરિમિત હતું. તેઓ સુંદર લેખન તરફ વિશેષ ધ્યાન આપતા.

*સંસ્કૃત પાઠશાળાના અધ્યાપકો વિદ્વાન હતા. જેમાં વડોદરામાં સમર્થ યજ્ઞેશ્વર, મહાશંકર શાસ્ત્રી, અમદાવાદના ભાસ્કર શાસ્ત્રી, દીનાનાથ, નીલકંઠ શાસ્ત્રી, રામકૃષ્ણ હરખજી શાસ્ત્રી, હરિશંકર જોશી, ધમડાછાના કૌમુદી અને જ્યોતિષમાં નિષ્ણાત ભગવાન શાસ્ત્રી, ગણદેવીના ન્યાય પારંગત દયારામ શુક્લ, શિનોરના રંગીલદાસ, નડિયાદના રવિશંકર શાસ્ત્રી,નાંદોલના કરુણાશંકર જોશી, વિરમગામના આશાધર પંડિત, પાટણના અચલેશ્વર પંડિત, વૈકુંઠ જોશી, ગેરીતા-કોલવડાના નારાયણ શાસ્ત્રી, દલસુખ શાસ્ત્રી, વિસનગરના મગનલાલ જોશી, નારાયણ શાસ્ત્રી, ભાવનગરના ભાનુશંકર શાસ્ત્રી, જગન્નાથ,માંડવીના વિશ્વનાથ શાસ્ત્રી, ભૂજના દરબારી શાસ્ત્રી જેશંકર, જામનગરના હાથીભાઈ શાસ્ત્રી,પંડ્યા નરભેરામ, જૂનાગઢના કરુણાશંકર શાસ્ત્રી, એમના પુત્ર હરિદત્ત, હરિદત્તના પુત્ર વલ્લભજી આચાર્ય તથા પંડિત ગટ્ટુલાલજી,મોરબીના શીઘ્ર કવિ શંકરલાલ મહેશ્વર પંડિત વગેરે પ્રસિદ્ધ વાચસ્પતિઓ હતા.*

*મદરેસાઓમાં મૌલવી દ્વારા શિક્ષણ અપાતું.*

## 15.2.2 શિક્ષણ પદ્ધતિ :

15.2.2.1 *ગામઠી શાળા*

*સાતમે કે નવમે વર્ષે પ્રવેશ મેળવ્યા બાદ બાળકને એકડા શીખવવાથી શિક્ષણની શરૂઆત થતી. છ મહિના સુધી આંકડા શિખવ્યા બાદ કક્કો શરૂ થતો. કક્કો બરાબર આવડ્યા બાદ બારાખડીના પદ શીખવવામાં આવતાં. પદ શીખ્યા બાદ 'ક થી જ્ઞ' સુધીનાં ઉદાહરણાત્મક નામ શીખવવામાં આવતાં. આ સમય દરમિયાન ગણિતનો અભ્યાસ કરાવવામાં આવતો. શિક્ષક ગણિતમાં સાડા સાતના પાડા શીખવતા. તે જે વિદ્યાર્થીને આવડી જાય તેને શિક્ષક 'મોઢાના હિસાબની કૂંચીઓ' શીખવાડતા. સરવાળા,બાદબાકી,ગુણાકાર,ભાગાકારની સાથે હડાકારનો અભ્યાસ કરાવાતો. હડાકારમાં વર્ગમૂળ, ઘનમૂળ અને વર્ગ સમીકરણના દાખલા શીખવવામાં આવતા. હડાકાર જે વિદ્યાર્થી શીખી જાય તે પરિપૂર્ણ થયો ગણાતો. આ બધું 9 થી 13 વર્ષની ઉંમર સુધી શીખવવામાં આવતું.અભ્યાસ બાદ વિદ્યાર્થી શાહુકારની પેઢીએ બેસતો અને ત્યાં એક બે વર્ષ ઉમેદવારી કરી એ ગમે તે ધંધે વળગતો.*

*પ્રાચીન શાળા પદ્ધતિની એક ખાસિયત વડા નિશાળિયા મારફતે શિક્ષણ આપવાની પણ હતી. આ પદ્ધતિ પ્રમાણે વિદ્યાર્થીઓને બબ્બેની જોડીમાં વહેંચી દેવાતા. નવા દાખલ થયેલા વિદ્યાર્થીને એનાથી જ્ઞાનમાં આગળ એવા વિદ્યાર્થીની દેખરેખ નીચે મૂકવામાં આવતો. આ વડો નિશાળિયો નવા વિદ્યાર્થીના પાઠ તપાસતો, આગળ નવું શીખવવામાં મદદ કરતો અને સાંજે મુખ્ય શિક્ષક (ગુરુજી)ને એના પ્રગતિ અને વર્તન અંગે અહેવાલ આપતો. વર્ગને બદલે જોડીઓ કરવામાં આવતી હોવાથી શિક્ષકો વ્યક્તિગત ધ્યાન આપી શકતા. બેઠક વ્યવસ્થા પણ એવી રીતે કરવામાં આવતી કે હોશિયાર અને અભ્યાસમાં પાછળ વિદ્યાર્થીઓએ પાસે પાસે બેસતા.*

શાળાનો સમય સવારે સાતથી બપોરે અગિયાર વાગ્યા સુધી અને પછી બપોરે બેથી પાંચ વાગ્યા સુધીનો રહેતો. નિશાળે આવ્યા બાદ છોકરા પાટી પર ધૂળ નાખી પોતાને જે પાઠ લખવાનો હોય તે લખતા અને લખ્યા બાદ મહેતાજી, એમના મદદનીશ કે વડા નિશાળિયાને બતાવતા. પાટી લખવી દરેક વિદ્યાર્થીને ફરજિયાત હતી. આ પાટી પર આંક શિખનારા 'આંક', કક્કો ભણનાર 'કક્કો' કે 'બારાખડીનાં પદ', નામું ભણનાર 'નામું' અને હિસાબ ભણનાર 'સાડા સાતનો પા' લખતા હતા. જે છોકરો પાટી ન લાવે તેને મહેતાજી શિક્ષા કરતાં. દસેક વાગ્યાના સમયે મહેતાજી બધા વિદ્યાર્થીઓને હરોળમાં ઊભા રાખતા અને હાથમાં સોટી લઈને સવાયા, સવા, અઢી, પોણા ચાર, પાંચ એવી રીતે 'હજારે સવા સાડી બારસે' સુધી ઘાંટો પાડીને ભણાવતા. મોટી ઉંમરના વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂરો થવા આવતો ત્યારે તેમને એક હરોળમાં બેસાડવામાં આવતા અને મુખ્ય શિક્ષક પોતે એમને શીખવતા.

સાંજે પાંચ વાગ્યે સામાન્ય વિદ્યાર્થીને શાળામાંથી રજા મળતી. બાકીના હોશિયાર વિદ્યાર્થીને શિક્ષક પોતાની પાસે ઓટલે જુદા બેસાડતા. દસ પંદર વિદ્યાર્થીઓમાંથી ત્રણ ચાર કે બધાને નીચે ઊભા રાખી કોઈને 'ડંકાપલ્લવી' તો કોઈને 'કરપલ્લવી' પૂછતા. ડંકાપલ્લવીમાં એક નાનું ઢોલ(ડૂમકો) હાથમાં લઈ એને નાની લાકડી વડે ચોક્કસ પ્રકારે વગાડતા. એક વગાડે તો અમુક અક્ષર, અમુક રીતે વગાડે તો માત્રા, અમુક રીતે કાનો, અમુક રીતે મીડું એમ જુદા જુદા સંકેતો રહેતા. એમ ગોઠવેલી સંજ્ઞા પ્રમાણે ડૂમકો વગાડી ગમે તે વિદ્યાર્થીને પૂછતા. કરપલ્લવીમાં હાથના આંગળાની સંજ્ઞાથી પ્રશ્નો પૂછતા. પછી લીલાવતીના હિસાબ શીખવાતા. જેમાં સમીકરણ જેવા હિસાબ હતા. આ રીતે વ્યાજ જેવા હિસાબો મોઢે કરવાની તાલીમ આપતા. આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ ધ્વનિ અને દ્રષ્ટિના માધ્યમથી હિસાબો મોઢે રાખવાની સાથે સતર્કતાના ગુણ શીખતા. એવી રીતે મહેતાજી કેટલાક છોકરાઓને એકઠા કરી મોઢાના હિસાબ પૂછતા. શીખવેલી કૂંચીને આધારે જે વિદ્યાર્થી સવાલના તરત જ જવાબ આપતો તે કાબેલ ગણાતો. એવો વિદ્યાર્થી ગરીબ હોય તો ય પ્રતિષ્ઠા પામી વરવાપાત્ર ગણાતો અને એના વિવાહ થતા.

### 15.2.2.2 સંસ્કૃત પાઠશાળા

સંસ્કૃત પાઠશાળાઓમાં ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષા રાખી પ્રાચીન શિષ્ટ ભાષા સંસ્કૃતનો અભ્યાસ કરાવવામાં આવતો. સંસ્કૃત પાઠશાળામાં વિદ્યાર્થીઓ 12 કે તેથી વધુ વર્ષ રહી અધ્યયન કરતા.

સામાન્ય રીતે બ્રાહ્મણનો પુત્ર ઉંમર લાયક થાય એટલે આહ્નિક(આહનિક)નું શિક્ષણ ઘેર મેળવતો. ઉપનયનના સંસ્કાર બાદ તે ગુરુ પાસે રહીને વ્યાકરણ, કાવ્ય, ન્યાય, વેદાંત, જ્યોતિષ વગેરે વિષયોનો અભ્યાસ કરતો. સામાન્ય રીતે ત્રણથી ચાર વર્ષનો અભ્યાસક્રમ રહેતો. જેમાં વિદ્યાર્થીને તલસ્પર્શી અભ્યાસ કરાવાતો. વિદ્યાર્થીની શક્તિ પ્રમાણે તેને રુચતું જરૂરી જ્ઞાન ગુરુ આપતા. વધુ મહત્ત્વાકાંક્ષી શિષ્યને વધુ અભ્યાસ માટે કાશી જવું પડતું. શિક્ષણ આપવાની શરૂઆત શબ્દરૂપાવલી,ધાતુરૂપાવલી

અને સમાસચક્રથી થતી. ત્યારબાદ 'અમરકોશ'નો મુખપાઠ થતો. પાઠ્ય પુસ્તકોમાં સારસ્વત વ્યાકરણ મુખ્ય રહેતું. 'કૌમુદી', વેદાંતસાર,વેદાંત પરિભાષા, પંચદશી, શાંકરભાષ્ય, શ્રીભાષ્ય વગેરેનો અભ્યાસ વડોદરા જેવા મોટા શહેરોમાં થતો. છંદ માટે 'શ્રુતબોધ' ભણાવાતું. 'પાતંજલ મહાભાષ્ય' જેવા ગ્રંથો કાશીમાં જ શીખવાતા. અલંકારશાસ્ત્રમાં 'સાહિત્યદર્પણ', 'કાવ્યપ્રકાશ', 'કાવ્યપ્રદીપ' અને 'રસગંગાધર'નું મહત્ત્વ રહેતું. 'ચંદ્રાર્કી', 'જાતચંદ્રિકા', 'ગ્રહલાઘવ', 'કેશવી' અને 'સિદ્ધાંતશિરોમણિ' જ્યોતિષશાસ્ત્રના મુખ્ય પાઠ્ય પુસ્તક હતા. આયુર્વેદના અભ્યાસમાં ચરક, સુશ્રુત, શાર્ઙ્ગધરના ગ્રંથનું ખૂબ મહત્ત્વ રહેતું. કાવ્યાભ્યાસમાં 'મેઘદૂત','રઘુવંશ' અને 'કુમારસંભવ' લઘુત્રયી ગણાતા. 'કિરાતાર્જુનીય', 'શિશુપાલવધ' અને 'નૈષધચરિત્ર' બૃહતત્રયી મનાતા. નાટકોમાં 'અભિજ્ઞાનશાકુંતલ',' ઉત્તરરામચરિત', 'વેણીસંહાર', 'અનર્ઘરાઘવ','પ્રસન્નરાઘવ' તથા ગદ્યમાં 'કાદમ્બરી', 'વાસવદત્તા', 'ભરતચંપૂ' વગેરેનો પરિચય કરાવાતો. સ્મૃતિ સાહિત્યનો અભ્યાસ કરનારને મનુસ્મૃતિ મિતાક્ષરી પારાશરસ્મૃતિને વ્યવહારમયૂખના અભ્યાસથી શરૂઆત કરવાની રહેતી. તર્કસંગ્રહ, ન્યાયબોધિની, જાગદીશી, માથુરી, પંચલક્ષણી, ચતુર્દશલક્ષણી, ગદાધરી વગેરે ગ્રંથ ન્યાયશાસ્ત્રના માર્ગસૂચક સ્તંભો હતા. 'વૃત્તરત્નાકર', 'છંદોમંજરી', 'પિંગળસૂત્ર' વગેરે પાઠ્યપુસ્તકો છંદશાસ્ત્રના વધુ જ્ઞાન માટે ઉપયોગમાં લેવાતાં. સાંખ્યયોગના અભ્યાસ માટે 'પાતંજલ-યોગદર્શન','સાંખ્યતત્વકૌમુદી','સાંખ્યસૂત્ર' વગેરે પુસ્તકો મુખ્ય હતાં. વેદની સંહિતાઓ, બ્રાહ્મણો, સૂત્રો, આરણ્યકો, ઉપનિષદો સંસ્કૃત વિદ્યામાં મહત્ત્વનું સ્થાન ભોગવતાં. આ ઉપરાંત યજ્ઞયાગાદિના સંસ્કાર-સાહિત્યમાં ઋગ્વેદનાં 'સંસ્કાર-કૌસ્તુભ' ને 'નારાયણભટ્ટી', યજુર્વેદના 'ઋષિભટ્ટી' અને 'પ્રયોગદર્પણ', સામવેદનું 'પ્રયોગચિંતામણિ' અને અથર્વવેદનું 'પ્રયોગભાનુ' આવશ્યક ગ્રંથો ગણાતા. શ્રૌતકર્મમાં પોતપોતાના વેદના શ્રૌતસૂત્રને આધારે લખાયેલા પ્રયોગગ્રંથ વપરાતા. દર્શપૂર્ણિમાદિયાગ તથા નિત્યહોમ તરફ પૂરું ધ્યાન અપાતું. એ ઉપરાંત સ્માર્તકર્મમાં ઋગ્વેદનું આશ્વલાયન ગૃહ્યસૂત્ર, યજુર્વેદનું પારસ્કર ગૃહ્યસૂત્ર અને સામવેદનું ગોભિલ ગૃહ્યસૂત્ર પણ અભ્યાસનો વિષય હતાં.

આમ, તત્કાલીન સંસ્કૃત પાઠશાળાઓ હિન્દુઓની ઉચ્ચ શિક્ષણ સંસ્થા તરીકે કામગીરી બજાવતી હતી અને તેમાં વિદ્યાર્થીઓને તેમની રસરૂચિ અનુસાર ભારતીય સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણ અપાતું હતું.

### 15.2.2.3 મદરેસાની શિક્ષણ પદ્ધતિ

મદરેસાઓમાં નાનાં બાળકુરાન પઢવાનું શીખતા. જે 'નાઝિરહ કુર્આન ખ્વાની' કહેવાય છે. અરબીનું અક્ષરજ્ઞાન આપી, જોડણીનું પઠન કરતાં શીખવે તે 'નાઝિરહ ખ્વાની' કહેવાય છે. 'નાઝિરહ ખ્વાની'માં અરબી ભાષા અને એનો ભાવાર્થ શીખવવામાં આવતો નથી. અરબી લેખનનો સમાવેશ પણ આમાં થતો નથી. આઠેક વર્ષનું થયેલું બાળક કુરાનના ત્રીસ પારહ સરળતાથી વાંચતા શીખી જતું.

*બાળકને શરૂઆતમાં જે બાળપોથી ભણાવવામાં આવતી તે 'કાયદહ'કહેવાતી. મદરેસામાં ભણતા કોઈપણ બે બાળકનો સબક (અભ્યાસ પાઠ) એક રહેતો નહોતો. દરેકના સ્તર જુદા રહેતા. મૌલવી સાહેબ દરેકને એક એક કરી પોતાની પાસે બોલાવી સબક પઢાવતા. સ્તર જુદા રહેવાને કારણે વર્ગનું કોઈ પ્રયોજન રહેતું નહિ. કુરાન શીખી રહ્યા પછી થોડું પ્રાથમિક ધાર્મિક શિક્ષણ અપાતું.*

*દારૂલ ઉલૂમમાં આલિમ-ફાઝિલનો અભ્યાસક્રમ આઠ વર્ષનો રહેતો. મોટાભાગના વિદ્યાર્થી ટૂંકા ગાળામાં અભ્યાસ પૂરો કરી જતા રહેતા. સતત આઠ વર્ષ અભ્યાસ કરનાર વિદ્યાર્થીની સંખ્યા ઓછી રહેતી. કુરાનના ત્રીસ પારહ જેને મોઢે યાદ હોય તે "હાફિઝ" કહેવાતા. તે અભ્યાસક્રમ ત્રણ વર્ષનો રહેતો. આ અભ્યાસક્રમમાં કુરાન સિવાય અન્ય ગ્રંથોનો સમાવેશ કરવામાં આવતો નહી. આવો અભ્યાસક્રમ 'દર્સે નિઝામી'કે 'દર્સે નિઝામિય્યહ' તરીકે ઓળખતો. આ અભ્યાસમાં કોઈ ગ્રંથનો સંચય રહેતો નહી. તે એક ખાસ પ્રકારની તાલીમ કે અભિગમ હતો. શરૂઆતમાં મુલ્લા નિઝામુદ્દીને કે એમના શિષ્યોએ લખેલા ગ્રંથો એમાં ભણવાતા. પરંતુ મોટાભાગના ગ્રંથ પ્રાચીન કાળથી શીખવવામાં આવતા એ જ રહેતા. હાફિઝ સિવાયની પદવીઓ માટેના અભ્યાસક્રમમાં જુદાં જુદાં પાઠ્ય પુસ્તકો રહેતાં. મદરેસામાં વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ માટે કોઈ ફી લેવાતી નહોતી.*

#### 15.2.2.4 *અભ્યાસનું સમાપન*

*ગામઠી શાળામાં વિદ્યાર્થીના આંક પૂરા થાય ત્યારે 'ઊભો પાટલો કર્યો' એમ કહેવાતું. એ પાટલો નિશાળની દીવાલે ઊભો કરી બંધ કરવામાં આવતો. મહેતાજી નિશાળના છોકરાઓને પેલા વિદ્યાર્થીને ઘેર લઈ જઈ આંક બોલાવતા તથા 'મહેતાજીને પાઘડી પહેરાવો, છોકરાઓને છુટ્ટી અપાવો' એવી પંક્તિઓ ગાતા. બાળકો અભ્યાસ પછી પોતપોતાના બાપીકા ધંધે લાગતા. સંસ્કૃત પાઠશાળામાં તૈયાર થયેલા વિદ્વાનો જુદી જુદી પાઠશાળાઓમાં શિક્ષક કે આચાર્યની પદવી ભોગવતા.*

*મદરેસાઓમાં સતત આઠ વર્ષનો અભ્યાસ પૂરો કરનાર વિદ્યાર્થીઓ માટે 'જલસએ દસ્તારે ફઝીલત'નો કાર્યક્રમ રાખવામાં આવતો જે યુનિવર્સિટીના પદવીદાન સમારંભ જેવો રહેતો. ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને માથે શ્રેષ્ઠતાની પાઘડી બાંધી સન્માન કરવામાં આવતું. મદરેસાઓમાં આલિમ ઉપરાંત 'હાફિઝ', 'કારી', 'મુફસ્સિર', 'મુહદ્રિસ', 'મુફ્તી' જેવી પદવીઓ મેળવી શકાતી.*

### 15.2.3 વેતન પદ્ધતિ :

#### 15.2.3.1 *ગામઠી શાળાઓમાં વેતનપદ્ધતિ*

*ગામઠી શાળાઓમાં વેતન કે દરમાયા માટે માસિક નિયમિત રકમ આપવાની આજના જેવી વ્યવસ્થા નહોતી. તેમાં જુદા જુદા પ્રસંગે ગ્રામજનો શિક્ષકોને યથાશક્તિ દક્ષિણા આપતા. શાળામાં નવો વિદ્યાર્થી પ્રવેશે એ વિદ્યાર્થીને ઘેર લેવા જાય ત્યારે શિક્ષકને*

સવા શેર સાકરનો પડો, નાળિયેર અને શક્તિ પ્રમાણે ગુરુદક્ષિણા અપાતી. શાળામાં આવનાર દરેક વિદ્યાર્થી શિક્ષકને અનાજ, શાકભાજી કે રોકડા પૈસા આપે તેવો રિવાજ હતો. આથી વિદ્યાર્થીની હાજરીમાં શિક્ષક ચોકસાઈ રાખતો. સવારે જે વિદ્યાર્થી આવે તે મહેતાજી માટે એક કપડામાં અનાજ બાંધી લાવતા જે 'મુઠ્ઠી' નામે ઓળખાતું. દર પખવાડિયે દરેક વિદ્યાર્થી વારા પ્રમાણે બશેર અનાજ અને 4 પૈસાભાર ઘી શિક્ષક(ગુરુ) માટે લાવતા. અમુક અભ્યાસ પૂરો થયા બાદ હપ્તા પ્રમાણે શિક્ષકને પુરસ્કારરૂપે રોકડ રકમ આપવામાં આવતી.આથી તે અભ્યાસ પૂરો કરાવવા તરફ વધારે લક્ષ આપતો. આ રકમ જે તે વિદ્યાર્થીના માતાપિતાની આર્થિક સ્થિતિ અને સ્થાન પ્રમાણે રહેતી.

મદદનીશ મહેતાજીઓમાં પહેલાને વર્ષે દિવસે રૂ. 40 થી 50 સુધી, બીજાને રૂ. 25 થી 30 સુધી, ત્રીજાને રૂ. 20 સુધી અને ચોથાને રૂ. 15 સુધી પગાર આપવામાં આવતો. એ પગાર ઉપરાંત જે દાણા આવે એમાંનાં અડધા મુખ્ય મહેતાજીને ત્યાં જતા અને અડધા મદદનીશો વહેંચી લેતા હતા. દાણો મોટા ભાગે ઓછામાં ઓછો મણ દોઢ મણ જેટલો રહેતો. ધનતેરસના દિવસે જે વિદ્યાર્થીને પાટલો મંડાવે તેના પિતા તરફથી શિક્ષકને દક્ષિણા મળતી. પાટલો ઊભો કર્યા પછી બધા વિદ્યાર્થીને તેના ઘરે મૂકવા જતા ત્યારે શિક્ષકને પાઘડી અને રોકડ રકમ મળતી. જંબુસરમાં શિક્ષકને દર વર્ષે વિદ્યાર્થી દીઠ રૂ. 1/2થી રૂ. 6નો પુરસ્કાર મળતો. ખેડા જિલ્લામાં વિદ્યાર્થી સારે પ્રસંગે સારી સ્થિતિના લોકો પાસેથી ગુરુ માટે દક્ષિણા માંગી લાવતા. ખેડામાં વધારે વિદ્યાર્થી ધરાવતી શાળાના શિક્ષકોનો પગાર વધુમાં વધુ 150 રૂ. જેટલો રહેતો. સુરત જિલ્લામાં શિક્ષકોને કેટલીક જમીનની ઉપજ આપવામાં આવતી. અહીંના ગ્રામ પ્રદેશમાં બક્ષિશ સહિત પુરસ્કારની રકમ માસિક રૂ.3 જેટલી આપવામાં આવતી. સુરતમાં 50 વિદ્યાર્થીવાળી શાળાના શિક્ષકને માસિક રૂ.5 મળતા. ગામના કદ પ્રમાણે વર્ષે સરેરાશ ૫૦ રૂ. જેટલી રકમ મળતી. ભરુચ જેવા શહેરમાં માસિક રૂ.૩.૫ જેટલી રકમ મળતી. અમદાવાદમાં પટેલો તરફથી શિક્ષકોને નિર્વાહ માટે પસાયતાની જમીન આપ્યાના દાખલા છે.

ગામમાં કોઈને ત્યાં દીકરો જન્મ્યો હોય તો ગામના દરેક મહેતાજીને એને ત્યાં જવાનો રિવાજ હતો. જેને ત્યાં દીકરો જન્મ્યો હોય તે દરેક મહેતાજીને 1 રૂપિયો દક્ષિણામાં આપતા. આ પ્રસંગને બધા 'છુટ્ટી લેવા જવાનું' કહેતા. એ દિવસે બધા બાળકોને શાળામાં રજા રહેતી.

#### 15.2.3.2 સંસ્કૃત પાઠશાળાઓમાં વેતનપદ્ધતિ

ઘણી ગામઠી તેમજ સંસ્કૃત પાઠશાળાઓ જનસમાજની ધર્મભાવના પર નિર્ભર કરતી. તેથી પરોપકારની દ્રષ્ટિએ કે સેવાવૃત્તિથી ફી વિના ચાલતી. સંસ્કૃત પાઠશાળાઓને રાજાઓ, નવાબો, જમીનદારો, ધનિકો અને ધાર્મિક વૃત્તિના નાગરિકો તરફથી આર્થિક સહાય અને પ્રોત્સાહન મળતાં. પાઠશાળાઓના અધ્યાપકોને રાજારજવાડાંતથા ધનિકો

દ્વારા જમીન શીખવાનું કામ,અનાજ તથા રોકડ રકમ, કપડાં વગેરે પુરસ્કાર રૂપે મળતું. આના બદલામાં શિક્ષકો મફત શિક્ષણ આપતા. વિદ્યાર્થીઓને પણ રહેવા જમવાની મફત સુવિધા આપતા. વેદ શીખવવા માટે આ શાળાઓમાં દર વર્ષે રૂ.100 ના પગારથી અલગ શિક્ષક રોકવામાં આવતા.

### 15.2.3.3 મદરેસામાં વેતનપદ્ધતિઃ

દારૂલ ઉલૂમમાં શિક્ષકોને રહેવા જમવાનું મફત હતું.એ ઉપરાંત એમને માસિક પગાર અપાતો. કેટલાક દારૂલ ઉલૂમ દવાનો ખર્ચ પણ મદરેસા પોતે ભોગવતી. વર્ષે લાખ રુપિયાથી ઓછું બજેટ કોઈ મદરેસાનું રહેતું નહી. આ માટે સરકાર પાસેથી કોઈ ગ્રાન્ટ લેવામાં આવતી નહી. ધનિક મુસ્લિમો ખેરાત જકાત ફિતરહ અને સદકહ તેમજ ઈમદાદના રૂપિયા આવી મદરેસાઓને દર વર્ષે આપતા. સામાન્ય રીતે રમજાન માહિનામાં રોજા હોય ત્યારે જકાત કાઢવામાં આવતી. મદરેસાઓના અધિકૃત વ્યક્તિઓ પોતાની મદરેસાનો વાર્ષિક રિપોર્ટ લઈ શાબાન મહિનામાં ફાળો ઉઘરાવવા નીકળતા. આ વ્યક્તિઓ ‘સફિર’ કહેવાતા. શાબાનથી રમજાન સુધી આવા સફિરો ભારતના જુદાં જુદાં રાજ્યોમાં ફરી ફાળો એકઠો કરતા.

## ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. નીચેની ખાલી જગ્યાઓ પૂરો

1. સંસ્કૃત પાઠશાળાઓના આશ્રયદાતા __________હતા.
2. મોટા મદરેસાઓને __________ કહેવાતા.
3. બાળકને શાળા પ્રવેશ કરાવવાનો રિવાજ __________ તરીકે ઓળખાતો.
4. પાટી પર આંક શિખનાર “આંક” જ્યારે હિસાબ શિખનાર વિદ્યાર્થી__________ લખતો.
5. કુરાનના ત્રીસ પારહ જેને યાદ હોય તે __________ કહેવાતા.

2. અંગ્રેજોના આગમન પહેલાની શિક્ષણ વ્યવસ્થા વિશે પરિચય આપો.

### 15.2.4 નવી કેળવણી

*ઈ.સ.1855માં મુંબઈ રાજ્યમાં કેળવણી ખાતાનો જન્મ થયો. એ પહેલાં ખ્રિસ્તી મિશનરીઓએ નવી પદ્ધતિની શાળાઓ શરૂ કરી દીધી હતી. પરંતુ એમનું ધ્યેય ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનું હોવાથી નીચલા થરના લોકો સિવાય કોઈએ એનો લાભ લીધો નહી. ઈસ્ટ ઇન્ડિયા કંપની ઈ.સ..1813માં કેળવણી પાછળ વર્ષે એક લાખનો ખર્ચ કરતી હતી. ઈ.સ.1835માં મેકૉલેની નોંધ પ્રમાણે પાશ્ચાત્ય સાહિત્ય અને વિજ્ઞાનનો પ્રચાર કરવાનું ઠરાવવામાં આવ્યું. ઈ.સ.1854-55માં સર ચાર્લ્સ વૂડના ખરીતાની ભલામણથી કેળવણી ખાતાની સ્થાપના થઈ. ગરીબોની કેળવણી માટેની સંસ્થાઓ અને કેટલાક વિદ્વાન ધનિકોના દાનથી સુરત,ભરૂચ, અમદાવાદ, ખેડા, નડિયાદ, ધોળકા વગેરે સ્થળોએ શાળાઓ શરૂ થઈ. હેનરી એસ્ટન અને કર્નલ લેંગની સમજાવટ પછી સૌરાષ્ટ્રનાં રજવાડાંઓમાં શાળાઓ શરૂ થઈ. કવિ દલપતરામે પણ ભાવનગર, લીંબડી, વઢવાણ, વડોદરા વગેરે સ્થળોની મુલાકાત લઈ લોકોને શાળા ખોલવા સમજાવ્યા.ત્યારબાદ ઘણી શાળાઓની શરૂઆત થઈ. જૂની શાળાઓ શિક્ષક, ઘાંચી,કુંભાર,વાણિયા વગેરેના ઘરે,ધર્મશાળામાં કે દેવસ્થાને બેસતી એની જગ્યાએ નવી શાળાઓને સ્વતંત્ર મકાનની સગવડ મળી. આ સમયમાં શાળાઓમાં છોકરીઓને ભણવા માટે કોઈ જોગવાઈ નહોતી. તે ઘેર રહીને શિક્ષણ મેળવતી. ઈ.સ. ૧૮૧૮માં કન્યા કેળવણી માટે પ્રયત્નો શરૂ થયા.*

#### 15.2.4.1 *શાળાના શિક્ષકો:*

*નવી શિક્ષણ પદ્ધતિમાં પાશ્ચાત્ય વિજ્ઞાન અને સાહિત્યનો પ્રચાર કરવાનો હેતુ હોવાથી ગામઠી શાળાના શિક્ષકો તે માટે નિરૂપયોગી હોવાથી નવી કેળવણી પામેલા શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરવામાં આવી. તેમાં લેંક્કેસ્ટર કે મૉનિટર પદ્ધતિથી શિક્ષણ આપવાનું શીખવાતું. આ તાલીમ બે વર્ષની હતી, જે બદલ અમુક મુદત સુધી કામ કરવાની તાલીમાર્થીએ બાહેંધરી આપવી પડતી. ઈ.સ.૧૮૬૫ બાદ બે વર્ષની તાલીમવાળા શિક્ષકને મોટી શાળામાં અને એક વર્ષની તાલીમ મેળવનારા શિક્ષકને નાની શાળામાં નીમવાનું શરૂ થયું.*

*1870માં બહેનો માટે અમદાવાદમાં તાલીમ સંસ્થા શરૂ કરવામાં આવી. તેમાં શિક્ષકોની પત્ની ઓને પ્રવેશ અપાયો જેથી અન્ય લોકો કન્યા કેળવણી માટે પ્રેરાય. આ શાળામાં એક વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો. 1899માં અન્ડર ગ્રેજ્યુએટ શિક્ષકો માટે એસ.ટી.સી. પરીક્ષા શરૂ કરાઈ. જે.જે.સ્કૂલ ઓફ આર્ટ દ્વારા ચિત્ર શિક્ષકો માટે બે કલાકનો વર્ગ શરૂ કરાયો.*

#### 15.2.4.2 *શિક્ષણ પદ્ધતિ : (અભ્યાસક્રમ)*

*જૂની ગામઠી શાળાઓમાં લેખન,વાચન,અને ગણિતનું શિક્ષણ બેથી ત્રણ વર્ષ સુધી અપાતું હતું એના બદલે અભ્યાસક્રમમાં ભૂગોળ,ઈતિહાસ અને*



**કવિ દલપતરામ**
https://en.wikipedia.org/wiki/File:
Dalpatram_old_photo.jpg

ખગોળશાસ્ત્રને પહેલી વાર સ્થાન અપાયું. અંકગણિતની સાથે બીજગણિત અને ત્રિકોણમિતિનો અભ્યાસ દાખલ થયો. અગાઉ પાઠ્યપુસ્તકો નહોતા. બાળકો મૌખિક અભ્યાસ કરતા. નવી કેળવણીમાં

વર્ણમાળા, લિપિધારા, બોધવચન, ડોડસ્લીની વાર્તાઓ, ઈસપનીતિ, બાલમિત્ર, શિક્ષામાળા, ગણિત વગેરેના પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવવામાં આવ્યાં.શિક્ષણ ખાતાના જન્મ બાદ દલપતરામ, દુર્ગારામ, ભોગીલાલ વગેરેના સહકારથી વાચનમાળા અને અન્ય પુસ્તકો તૈયાર કરાવવામાં આવ્યાં. વિવિધ વિષયોનાં પાઠ્યપુસ્તક તૈયાર કરવા માટે રણછોડભાઈની નિમણૂક થઇ. એ કામ સફળતાપૂર્વક કરવાને કારણે તેમને ગુજરાતી કેળવણીના પિતા કહેવામાં આવે છે. ઈ.સ. 1901-1919 દરમિયાન અભ્યાસક્રમ ભારે બનાવાયો. પ્લેઈન – ભૂમિતિ, સૃષ્ટિ-જ્ઞાન, બાગકામ અને ચિત્રકામને અભ્યાસમાં સ્થાન અપાયું.

ઈ.સ.1887-88માં બાલવર્ગ દાખલ કરવામાં આવ્યો.1891 સુધી જીલ્લા લોકલ બોર્ડ વહીવટી વ્યવસ્થા સંભાળતું હતું. નિરીક્ષણ અને પાઠ્ય પુસ્તકોની પસંદગી સરકારી શિક્ષણખાતાને હસ્તક હતી. સરકારે પ્રાથમિક શિક્ષણની જવાબદારી સ્થાનિક સ્વરાજ્યને સોંપતા ઘણા કારણોસર શિક્ષણના વિકાસમાં ઓટ આવવા પામી હતી. ત્યારબાદ બાલવર્ગ અને પ્રાથમિક શિક્ષણની સાથે માધ્યમિક શિક્ષણ શરૂ થયું.

ઈ.સ.1834 થી અંગ્રેજી શીખવાની શાળાઓ શરૂ થઇ. ગુજરાતની સર્વ પ્રથમ અંગ્રેજી શાળા દલપતરામ ભગુભાઈ નામના સમાજ સુધારકે સુરતમાં શરૂ કરી. અંગ્રેજી શીખવાના ઘણા વર્ગો ત્યારબાદ શરૂ થયા. ઈ.સ.૧૮૪૦-૪૧માં સુરતમાં લોકોની માંગણીથી સરકારી હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી. માધ્યમિક શાળાઓ માટે હાઈસ્કૂલ શબ્દનો પ્રયોગ ઈ.સ.1885 સુધી થયેલો જોવા મળતો નથી. અંગ્રેજી ભાષાના અભ્યાસને ખૂબ મહત્ત્વ આપવામાં આવતું હોવાથી આ શાળાઓ ‘અંગ્રેજી શાળાઓ’ કહેવાતી. આ શાળાઓમાં 4 થી 6 વર્ષનો અભ્યાસક્રમ હતો. ઈ.સ.1871માં સાતમું ધોરણ ઉમેરાયું. સાતમા વર્ષને અંતે મેટ્રિક્યુલેશનની પરીક્ષા લેવાતી. એમાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર અપાતું.

ધોરણ 1 થી 3માં ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા ગણિત, સંસ્કૃત, ઈતિહાસ, ભૂગોળ જેવાં વિષયો શીખવવામાં આવતાં. માતૃભાષાને વિષય તરીકે પછીથી સ્થાન અપાયું. 1 થી 3 અને 1 થી 5 ધોરણ શીખવતી શાળાઓ ‘એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ’(એ.વી.સ્કૂલ) અથવા મિડલ સ્કૂલ કહેવાતી. એમાં 1 થી 5 ધોરણ સુધી અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવાતો. મુખ્ય ઉદ્દેશ કારકુનો તૈયાર કરવાનો હોવાથી તેના અભ્યાસક્રમમાં અંગ્રેજી વાચન-લેખન, વ્યવહારુ ગણિત, અંગ્રેજી પત્રલેખન, અંગ્રેજીમાંથી માતૃભાષામાં ભાષાંતર,બીજ ગણિતનો પ્રાથમિક અભ્યાસ,ઈંગ્લેન્ડ અને ભારતના ઈતિહાસની મહત્ત્વની વાતો અને ભૌતિકશાસ્ત્રના સામાન્ય જ્ઞાનને સ્થાન આપવામાં આવ્યું.

બંગભંગની ચળવળ અને ત્યારબાદ લોકજાગૃતિને કારણે દેશસેવકો દ્વારા નવી શાળાઓ શરૂ થઈ. એમાં અરવિંદ ઘોષની પ્રેરણાથી કેશવરાવ દેશપાંડેએ નર્મદા કિનારે ગંગનાથ વિદ્યાલય શરૂ કર્યું. એમાં સંસ્કૃત, વૈદિક ધર્મ, ગણિત, ચિત્ર, ભારતનો રાષ્ટ્રીય ઈતિહાસ, લશ્કરી તાલીમ, રમતગમત, વણાટકામ, ધાર્મિક શિક્ષણ જેવાં વિષયો શીખવાતા હતા. બ્રિટીશ સરકારે આ સંસ્થા બંધ કરવાની ફરજ પાડતા રાષ્ટ્રીય કેળવણીની હિમાયત કરતી દક્ષિણામૂર્તિ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી જેવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી.તેમાં હિન્દી ભાષા,શારીરિક કેળવણી અને ઉદ્યોગ,ચિત્ર,સંગીત વગેરે વિષયોને સ્થાન મળ્યું.

ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થા ગુજરાત પ્રૉવિન્શ્યલ કૉલેજ ઈ.સ.1861માં અમદાવાદમાં શરૂ થઈ એમાં કાયદો, પ્રમાણશાસ્ત્ર, ગણિત અને ચિત્રના વિષયોનું શિક્ષણ અપાતું હતું. વડોદરામાં શરૂ થયેલી કૉલેજમાં આર્ટ્સ, વિજ્ઞાન,કાયદો, સિવિલ એન્જિનિયરીંગ અને ખેતીવાડી ડિપ્લોમા કોર્સ શરૂ થયા.જેમાંથી કાયદો, ઈજનેરી અને ખેતીવાડીના અભ્યાસક્રમ પાછળથી રદ કરાયા.



કલાભવન, વડોદરા

શિક્ષકો માટે શરૂ થયેલ તાલીમવર્ગમાં અંગ્રેજી, સંસ્કૃત,ગુજરાતી, ઈતિહાસ, ભૂગોળ, અંકગણિત, બીજગણિત, યંત્રશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ત્રિકોણમિતિ, સરળ તત્વજ્ઞાન અને શિક્ષણકલાનું જ્ઞાન આપવામાં આવતું. શિક્ષણ લૉ, એલોપથી, ખેતીવાડી વગેરેના અભ્યાસ માટે ગુજરાતના વિદ્યાર્થી પૂના અને મુંબઈની સંસ્થામાં જતા. વડોદરાના કલાભવનમાં કલા, સ્થાપત્યવિદ્યા, સિવિલ અને મિકેનિકલ એન્જિનિયરિંગ, કેમિકલ ટેક્નૉલૉજી, વણાટકામ, ઘડિયાળ-દુરસ્તીનું જ્ઞાન અપાતું. આ સિવાય અમરેલી,નવસારી અને પાટણમાં હુન્નરશાળાઓમાં ધો-6ના અભ્યાસ ઉપરાંત રંગાટીકામ,વણાટકામ, સુથારીકામ તથા ભાષાનું શિક્ષણ આપવામાં આવતું.

કલાના શિક્ષણ માટે જમશેદજી જીજીભાઈના દાનથી શરૂ થયેલી જે.જે.સ્કૂલ ઓફ આર્ટ ગ્રેડ 1,2,3ની પરીક્ષા લેતી. ત્યારબાદ અહી પેઈન્ટિંગ મૉડલિંગ અને સ્થાપત્યના ડિપ્લોમા-કોર્સ શરૂ થયા. સંગીત માટે વડોદરા સિવાય ક્યાંય શિક્ષણ વ્યવસ્થા નહોતી.

15.2.4.3 *અભ્યાસનું સમાપન*

*શાળાના સાતમા વર્ષને અંતે મેટ્રિકની પરીક્ષા લેવાતી. એમાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર મળતું.1 થી 5 ધોરણમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર કારકુનની પરીક્ષામાં બેસી શકતા અથવા ઉચ્ચ ધોરણમાં બેસી આગળ અભ્યાસ કરી શકતા. અંગ્રેજોને વૈદ્યકીય અને ઈજનેર ખાતામાં નીચલી કક્ષાના કમ્પાઉન્ડર, ઓવરસિયર, મોજણીદાર વગેરેની જરૂરિયાત હોવાથી એમણે એ માટે પ્રબંધ કર્યો હતો.*

15.2.4.4 *ફી પદ્ધતિ અને અનુદાનની શરૂઆત*

*સર ચાર્લ્સ વૂડના ખરીતા પ્રમાણે નવી કેળવણી શરૂ થઈ તે પહેલા સ્થપાયેલી શાળાઓમાં વિદ્યાર્થીઓ પાસેથી નજીવી ફી લેવાતી હતી. એ ફીમાંથી અર્ધી રકમ શિક્ષકોને સારા પરિણામ માટે અપાતી. અર્ધી પાઠ્યપુસ્તકોની ખરીદી, શાળાની મરામત અને પુસ્તકાલય માટે ખર્ચાતી. ઈ.સ.1865માં મુંબઈ રાજ્યના કેળવણી ખાતાના વડા હાવર્ડની સૂચનાથી જમીન મહેસૂલના રૂપિયા દીઠ એક આનો લોકલ સેસ ફંડ કેળવણીના વિકાસ માટે લેવાની શરૂઆત થઈ. ઈ.સ.1869માં આ કર દરેક વિસ્તારને લાગુ કર્યો. આ કરનો ત્રીજો ભાગ પ્રાથમિક શિક્ષણ માટે અનામત રખાતો.*

*આવી.શાળાઓમાં ફીનું ધોરણ અંગ્રેજી શાળાઓ કરતાં ઓછું હતું. ઈ.સ.1882માં નિમાયેલા હન્ટર કમિશને આદર્શ શાળાની ભલામણ કરી. શાળાઓના ખાનગીકરણનો મુદ્દો મૂક્યો તથા એવી શાળાઓને ઉદારતાથી ગ્રાન્ટ આપવાની અને શાળામાં ફી વધારવાની ભલામણ કરી. આના વિરોધમાં દેશહિતચિંતક ગૃહસ્થોએ ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરી. લોર્ડ કર્ઝને માધ્યમિક શિક્ષણના ફેલાવાને અટકાવવા પ્રયત્ન કર્યો પણ તે અટક્યું નહિ. પ્રથમ વિશ્વયુદ્ધ પછી નાણાકીય તંગી ઊભી થતા ભારત સરકારની શિક્ષણ અંગેની ઉદાર નીતિમાં પરિવર્તન આવ્યું. અને પ્રાથમિક શિક્ષણના વિકાસ કાર્યક્રમમાં કાપ આવ્યો.*

*અર્વાચીન ઉચ્ચ શિક્ષણ માટેની પ્રથમ સંસ્થા ગુજરાત પ્રૉવિન્શ્યલ કૉલેજ અમદાવાદમાં રૂ.72,500ના વ્યાજસહિત લોકફાળાથી શરૂ થઈ. કૉલેજનો માસિક ખર્ચ રૂ.430 હતો. વડોદરાની કૉલેજમાં સત્ર દીઠ ફી રૂ.30, ભાવનગરમાં રૂ.24 હતી.*

**15.2.4.5 વેતન પદ્ધતિ**

*નવી કેળવણીમાં શિક્ષકોને દર માસે નિયમિત પગાર ચૂકવવામાં આવતો હતો. શિક્ષકનું પગારધોરણ રૂ.10-50નું હતું. 1901-19 દરમિયાન શિક્ષકોનો પગાર રૂ.40 થી માંડીને 60 સુધીનો હતો. આ સમયમાં નિયત પગારની જગ્યાઓની પ્રથા ચાલુ થઈ હતી.*

### ખ) તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(1) નીચેના વિધાનો વાંચી તે સાચા (√) છે કે ખોટા (X) તેની નિશાની કરો.**

1. *ઈ.સ.*1854-55*માં સર ચાર્લ્સ વુડના ખરીતાની ભલામણથી કેળવણી ખાતાની સ્થાપના થઈ.*
2. *ગુજરાતી કેળવણીના પિતા દલપતરામને કહેવાય છે.*
3. *ગુજરાતની સર્વપ્રથમ અંગ્રેજી શાળા સુરતમાં શરૂ થઈ.*
4. 1 *થી* 5 *ધોરણની શાળાઓ અપર સ્કૂલ કહેવાતી.*
5. *પ્રથમ વિશ્વયુદ્ધ બાદ પ્રાથમિક શિક્ષણમાં કાપ આવ્યો.*

**2. નવી કેળવણી વિશે સંક્ષિપ્તમાં જાણકારી આપો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 15.3 1818 થી 1960 દરમિયાનની ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય

*ઈ.સ.*1818 *થી અંગ્રેજી કંપની સરકારે ગુજરાત પર વર્ચસ્વ સ્થાપ્યું એ પછી ગુજરાતી શાળાઓનું પ્રમાણ વધ્યું અને અર્વાચીન કેળવણીનો યુગ શરૂ થયો. ઈ.સ.* 1818*માં ગુજરાતી ભાષાપ્રદેશ પર અંગ્રેજી સત્તા સ્થપાયા પછીના થોડા દસકાઓમાં અંગ્રેજી કેળવણી દ્વારા પશ્ચિમના સાહિત્ય અને વિચારસૃષ્ટિના સંપર્કે ગુજરાતી સાહિત્ય અને ભાષા પર નવી અસરો જન્માવી. પરિણામે આ સમયમાં મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો રચાવાના ચાલુ હતાં અને નવાં સ્વરૂપો રચાવાના પણ શરૂ થયાં. ગુજરાતી ભાષામાં રચાયેલાં આવા જૂનાં અને નવાં સ્વરૂપો અને સર્જકોનો પરિચય આપણે મેળવીએ.*

### 15.3.1 મધ્યકાલીન ગુજરાતી ભાષાનું સાહિત્ય અને સર્જકો :

*જૂનાગઢના બાબી રીયાસતના રણછોડજી દીવાન 'તારીખે - સોરઠ હાલાર' અને 'રુકાતે ગુનાગુન' નામના બે ફારસી ગ્રંથો આપે છે. આ સિવાય 'ચંડીપાના ગરબા'(*1822*), 'રામાયણના રામાવળા'(*1823*) અને અન્ય કૃતિઓ આપે છે. દયારામ મધ્યકાળના અંતિમ મહત્ત્વના સાહિત્યકાર છે. કવિ સમ્રાટ નાનાલાલ તેમણે 'બંસીબોલના કવિ' કહે છે.તેમણે આખ્યાન, અનેકવિધ પદ અને ગરબા તથા સંખ્યાબંધ મધુર ગરબીઓ રચી છે. વ્રજ અને ગુજરાતી ભાષામાં અનેક સિદ્ધાંતગ્રંથોની રચના કરી છે. ગેય પદ્ય પ્રકારો ખેડનાર એ એકમાત્ર કવિ કહી શકાય. 'સતસૈયા' વ્રજભાષામાં રચાયેલો ગુજરાતી વિવરણ સાથેનો અને 'પ્રશ્નોત્તરમાલિકા' ગુજરાતી ગદ્યમાં રચાયેલો ગ્રંથ છે. સહજાનંદ*

સ્વામીનાં વચનામૃતો કરતા દયારામનું ગદ્ય પ્રૌઢ છે. વિપુલ સર્જન કરનાર દયારામને સાહિત્યમાં ઉચ્ચ સ્થાન અપાવવા માત્ર તેમની ગરબીઓ પૂરતી છે.



સહજાનંદ સ્વામી

https://en.wikipedia.org/wiki/File:Lord_Swaminarayan_writing_the_Shikshapat

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામી શિષ્યસમુદાયને ઉપદેશ આપે છે એ ગદ્ય 'વચનામૃતો'માં સંગ્રહાયેલું છે. આ વચનામૃતો સરળ ગુજરાતી ગદ્યનો ઉત્તમ

નમૂનો છે. તેમના પછી સ્વામિનારાયણ સંપ્રદાયના તેમના આઠ શિષ્યો (ભક્તકવિઓ) સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. બ્રહ્માનંદતેમાં પ્રથમ કોટિના કવિ ગણાય છે. 'બ્રહ્માનંદ કાવ્ય' શીર્ષકથી પદસંગ્રહ આપે છે. નિષ્કુળાનંદ 'ભક્તચિંતામણિ' નામે મહત્ત્વનો ગ્રંથ આપે છે. મુક્તાનંદ સ્વામી અનેક પદો ઉપરાંત 'રુક્મિણીવિવાહ' તથા 'ઉદ્ધવગીતા' ગ્રંથો ગુજરાતીમાં આપે છે અને અન્ય હિન્દીમાં રચેલા છે. પ્રેમાનંદ પ્રેમસખી કૃષ્ણલીલા, તથા સહજાનંદ સ્વામીના આધિદૈવિક સ્વરૂપને લગતા પદો અને પ્રેમલક્ષણા ભક્તિનાં પદ આપે છે. ભૂમાનંદે સહજાનંદ સ્વામીનું 'ઘનશ્યામ લીલામૃત ભાગ 1-2 કાવ્ય દોહા ચોપાઈમાં રચેલું છે. દેવાનંદ સ્વામીએ કૃષ્ણ અને સહજાનંદ સ્વામીને લગતાં પદ રચ્યાં છે. મંજુકેશાનંદસ્વામીએ માનવદેહની દુર્લભતા, સંસારની અસારતા, સ્ત્રી ધન વગેરેને કેન્દ્રમાં રાખી અનેક પદ રચ્યાં છે.

ભોજો ભક્ત ચાબખા સ્વરૂપથી જાણીતો છે. તેણે 43 ચાબખાઓમાં સમાજનાં દૂષણો પર પ્રહાર કર્યો છે.આ ઉપરાંત આખ્યાન, પ્રભાતિયાં, કક્કો, મહિના, ગરબો, ધૂન, પદ વગેરેની રચના પણ કરી છે. ગિરધર કવિ તેના 'રામાયણ'થી જાણીતો છે. 78 કડવાંમાં રચેલું 'કૃષ્ણલીલા' આખ્યાનકાવ્ય છે. એ સિવાય અન્ય પ્રકીર્ણ ગ્રંથોની રચના કરી છે. છોટમ કવિએ ભોળા ભીમની વાર્તા, અક્ષરમાળા, ભક્તિ ભાસ્કર, ભક્તિકલ્પતરુ, પ્રશ્નોત્તરમાળા, સાંખ્યસાર-યોગસાર, સુમુખ અને નૃસિંહકુંવર આખ્યાન, છોટમ કૃત કીર્તનમાળા,છોટમની વાણી ભાગ 1 થી 4 વગેરે કૃતિઓ આપી છે. 'ધર્મપ્રકાશગ્રંથ'નામની કૃતિ વ્રજ ભાષામાં રચેલી છે. તેમણે 400 જેટલાં પદ, 35 જેટલા જ્ઞાનકાવ્યો,વીસેક આખ્યાનો દ્વારા ગણનાપાત્ર પ્રદાન કર્યું છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાની કવિઓના આ છેલ્લા પ્રતિનિધિ હતા.

આ સિવાય મનોહરસ્વામી પાસેથી 'મનહરકાવ્ય' સંગ્રહ મળે છે. અવિનાશાનંદ, સેવકરામ, કૃષ્ણારામ, ગોવર્ધન, બાપુ ગાયકવાડ, જેઠારામ ભટ્ટ, યદુરામ, ઉત્તમરામ, હમીર, પ્રભાશંકર, ભવાનીશંકર, મંગળશંકર પંડિત, જશવંત વગેરે જૈનેતર સર્જકો પાસેથી ગણી ગાંઠી કૃતિઓ મળે છે. સમાંતર રૂપે જૈન સાહિત્ય અને

*ફારસી સાહિત્યનો પ્રવાહ પણ ચાલુ રહે છે. પરંતુ જૈન સાધુઓ દ્વારા સમૃદ્ધ રચનાઓની પ્રાપ્તિમાં ઓટ આવે છે.*

*આ સમયગાળામાં રણછોડજી દીવાન, રેવાશંકર, રંગીલદાસ, સારાભાઈ દિવેટિયા, છોટાભાઈ દિવેટિયા, ભોલાનાથ દિવેટિયા, સુંદરલાલ, હરિપ્રસાદ, દસ્તૂર રબાઠી,શેખ અહમદ રઝિયુદ્દીન,સૈયદ અહમદુલ્લાહ,કવિ બાલાશંકર કંથારિયા, દસ્તૂર ખુરશેદજી, આત્મારામ દીવાન પાસેથી ફારસી સાહિત્ય અને તેના ભાષાંતરો પ્રાપ્ત થાય છે.નશરવાન ટેહમૂલજી દૂરબીન પાસેથી 'ગુલજારે નસીહત' કાવ્ય સંગ્રહ મળે છે જે તે સમયની પારસી બોલીની રીતે મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે.*

**15.3.2 અર્વાચીન સાહિત્ય સ્વરૂપો :**

*અંગ્રેજી કેળવણીના પ્રતાપે ગુજરાતી સાહિત્યનો અર્વાચીન યુગ શરૂ થાય છે. ઈ.સ.1818 થી 1960 દરમિયાન ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગ, પંડિત યુગ અને ગાંધીયુગ એમ ત્રણ યુગનો સમાવેશ થાય છે. એમાં આખ્યાન, પદ, ભજન, ગરબા વગેરે મધ્યકાલીન સ્વરૂપોને બદલે પાશ્ચાત્ય સાહિત્યનાં ગઝલ, ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, સૉનેટ, કરુણપ્રશસ્તિ જેવાં કાવ્યપ્રકાર અને નાટક, વાર્તા, નવલકથા,નિબંધ,ચરિત્ર, આત્મકથા, પ્રવાસવર્ણન વગેરે ગદ્યસ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં. પોતાના માનુષી અનુભવો,પ્રતિભાવોને સર્જક વિના સંકોચ ગાતો થયો. વિવેચન ક્ષેત્રે પાશ્ચાત્ય વિવેચન-સિદ્ધાંતોની ઊંડી અસર થઈ. કવિતામાં આત્મલક્ષિતા આવતા પ્રણય,પ્રકૃતિ, દેશભક્તિ અને સમાજિક સુધારાનો પ્રવેશ થયો. આ પ્રકારનાં કાવ્યો ગુજરાતીમાં પહેલવહેલાં આપનાર સુધારક યુગનો કવિ નર્મદ હતો. સમાજની દીનદશાથી દુઃખી નર્મદ 'હિન્દુઓની પડતી' કાવ્ય આપે છે. ગુજરાતી સાહિત્યનો સર્વપ્રથમ શબ્દકોશ 'નર્મકોશ' નર્મદ પાસેથી મળે છે.તો ગુજરાતી સાહિત્યની પ્રથમ આત્મકથા 'મારી હકીકત' નર્મદ આપે છે. ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા આ યુગમાં નંદશંકર મહેતા પાસેથી 'કરણઘેલો' મળે છે. આ જ સમયમાં દેશાભિમાન અને ભારતભક્તિનાં જુસ્સાદાર કાવ્યો મળે છે. નર્મદ પાસેથી 'જય જય ગરવી ગુજરાત', હિંમતલાલ અંજારિયા સંપાદિત 'દેશભક્તિનાં કાવ્યો' અને 'વસંત વિનોદી', ચંદુલાલ પાસેથી 'સ્વદેશ ગીત'નું સંપાદન મળે છે. સંસારમાં ચાલતા કુરીવાજોને કેન્દ્રમાં રાખી સુધારાના આશયથી દલપતરામ પાસેથી'વેનચરિત્ર', ગુજરાતી સાહિત્યના પ્રથમ વિવેચક નવલરામ પંડ્યા પાસેથી 'બાળલગ્નબત્રીસી', નરસિંહરાવ પાસેથી 'વિધવાકાવ્યો', મહિપતરામ નીલકંઠ પાસેથી 'સાસુ-વહુની લડાઈ' જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે તો 'સધરો જેસંગ', 'વનરાજ ચાવડો', કરણઘેલો' વગેરે જેવી ઐતિહાસિક વિષયવસ્તુ ધરાવતી કૃતિઓ પણ પ્રાપ્ત થાય છે.નિબંધ સ્વરૂપનો વિકાસ કરવામાં પણ આ યુગનો વિશેષ ફાળો છે. કાલાનુક્રમે દલપતરામનો 'ભૂતનિબંધ' પ્રથમ ગણાય પણ નિબંધનું સ્પષ્ટ સ્વરૂપ નર્મદ 'મંડળી મળવાથી થતા લાભ' નિબંધમાં આપે છે. 'કવિ ચરિત્ર' દ્વારા નર્મદ પહેલું ચરિત્ર સ્વરૂપ આપે છે. ત્યારબાદ મહિપતરામ ગુણવત્તાની દ્રષ્ટિએ નોંધપાત્ર 'કરસનદાસ મૂળજીનું ચરિત્ર' લખે*

છે.દલપતરામ 'લક્ષ્મી' તથા સંસ્કૃત નાટ્ય રીતિ અને ભવાઈનો સમન્વય સાધી હાસ્યરસથી ભરપૂર 'મિથ્યાભિમાન' નાટક આપે છે. તો 'જયકુમારીનો વિજય', 'લલિતાદુખદર્શક', કજોડાં દુઃખદર્શક' વગેરે નાટકો આપીને રણછોડભાઈ ઉદયરામ દવે ગુજરાતીના સમર્થ આદિનાટ્યકાર તરીકે કાઠું કાઢે છે. ગુજરાતીમાં પહેલો પ્રવાસગ્રંથ આ જ યુગમાં મહિપતરામ નીલકંઠ પાસેથી 'ઈંગ્લેન્ડની મુસાફરીનું વર્ણન' 1864માં મળે છે. ત્યારબાદ કરસનદાસ મૂળજી પાસેથી 'ઈંગ્લેન્ડમાં પ્રવાસ' નામે સાડાચારસો પાનાંનો સચિત્ર ગ્રંથ મળે છે. આમ, નવાં સ્વરૂપોની પ્રથમ કૃતિઓ મોટા ભાગે સુધારક યુગમાંથી પ્રાપ્ત થાય છે. નવા વિષય સાહિત્યમાં પ્રવેશ્યા હોવા છતાં સંસાર સુધારો આ સમયના સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ હોવાથી આ યુગ સુધારક યુગ તરીકે ઓળખાય છે.



નવલરામ પંડ્યા
https://en.wikipedia.org/wiki/File:Navalram_Laxmiram_Pandya.jpg



મહિપતરામ નીલકંઠ
https://en.wikipedia.org/wiki/File:Mahipatram_Rupram_Nilkanth.jpg




કરશનદાસ મુળજી
https://en.wikipedia.org/wiki/File:Karsandas_Mulji.jpg

ભાષા અને સાહિત્યનો વિષય પણ અર્વાચીનકાળમાં જ પ્રથમ ખેડાય છે. નવી કેળવણી પછી ગંગાધર ફડકે પ્રથમ પુસ્તક 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' આપે છે પણ મરાઠી વ્યાકરણનું ભાષાંતર હોઈ અતિશય ખામી ભરેલું હોવાથી નર્મદ કૃત 'નર્મવ્યાકરણ' ગુજરાતીનો પહેલો પ્રમાણભૂત વ્યાકરણ ગ્રંથ ગણાય. ત્યારબાદ જોસેફ વાન સામરન ટેલર 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' પ્રગટ કરે છે. મહિપતરામ પ્રથમ વ્યુત્પત્તિ કોશ આપે છે.'ગુજરાતી ભાષાનો ઈતિહાસ' અને ' ઉત્સર્ગમાળા' એ બે શાસ્ત્રીય ગ્રંથ આપીને વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રી ગુજરાતી ભાષાના પ્રથમ ભાષાશાસ્ત્રીનું માન મેળવે છે.

અંગ્રેજી,સંસ્કૃત અને ફારસી સાહિત્યનાં અભ્યાસ પછી બહાર પડેલી વિદ્વાન પેઢી ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગનું આગમન કરે છે. પ્રાચીન-અર્વાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમના સંસ્કાર સમન્વય દ્વારા દેશોન્નતિ ઈચ્છતા ગોવર્ધનરામ 'પંડિતયુગમાં 'સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલ આપે છે. નર્મદ પછી ઊર્મિકાવ્ય ક્ષેત્રે નરસિંહરાવ દિવેટિયા 'કુસુમમાળા' જેવો નોંધપાત્ર સંગ્રહ આપે છે. ગુજરાતી સાહિત્યની સર્વ પ્રથમ હાસ્યકટાક્ષપ્રધાન નવલકથા 'ભદ્રંભદ્ર' રમણભાઈ નીલકંઠ આપે છે. સાથે 'રાઈનો પર્વત' જેવું સાહિત્યિક ગુણવત્તા ધરાવતું નાટક પણ આપે છે.આવાઅનેક સર્જકો ગુજરાતી સાહિત્યને પોતાની રીતે માતબર બનાવે છે.



**રમણભાઈ નીલકંઠ**
https://upload.wikimedia.org/wikipedia/commons/thumb/b/b9/Ramanbhai_Neelkanth.jpg/220pxRamanbhai_Neelkanth.jpg



**ત્રિભુવનદાસ લુહાર**
https://en.wikipedia.org/wiki/File:Tribhuvandas_Luhpg



**ઝવેરચંદ મેઘાણી**
https://en.wikipedia.org/wiki/File:Jhaverchand_Meghani_2013-12-02_00-21.jpg

ગાંધીજીનું ભારતમાં આગમન થતા સાહિત્યમાં મહત્ત્વનો વળાંક આવે છે. સુધારક યુગમાં ભાંખોડિયા ભરતું ગુજરાતી સાહિત્ય પંડિત યુગમાં યુવાન બને છે તો ગાંધીયુગમાં પરિપક્વતા ધારણ કરે છે. આઝાદીની લડતને દેશવ્યાપી બનાવવા માટે ગાંધીજી સાહિત્યને માધ્યમ બનાવે છે. કોશિયો પણ સમજી શકે એ રીતે સાહિત્ય સર્જન કરવા માટે સાહિત્યકારોને અપીલ કરે છે. અહીથી વિષય અને અભિવ્યક્તિની દ્રષ્ટિએ ગુજરાતી સાહિત્ય પોતાની રૂખ બદલે છે. દેશભક્તિ આ સમયમાં મુખ્ય આલેખ્ય વિષય બને છે. ગરીબ-વંચિત વર્ગની પીડા,શહેરી શ્રીમંત વર્ગને બદલે શ્રમજીવી વર્ગનું જીવન અને તેમની સમસ્યાઓને સાહિત્યમાં સ્થાન મળે છે. કલ્પનાનું સ્થાન વાસ્તવિકતા લે છે. 'યરવડાના અનુભવ', ઓતરાદી દીવાલો', બંદીઘર' જેવું જેલજીવનનું સાહિત્ય રચાય છે. રશિયાની સમાજવાદી ક્રાંતિ અને માર્ક્સવાદી વિચારસરણીની અસર હેઠળ સામાજિક અન્યાય સામે આક્રોશનું તત્વ સાહિત્યમાં પ્રવેશે છે. સુન્દરમનું 'ત્રણ પાડોશી' અને 'કોયા ભગતની કડવી વાણી', ઉમાશંકર જોશીનું 'જઠરાગ્નિ',શ્રીધરાણીનું 'પૂજારી પાછો જા', કરસનદાસ માણેકનું 'હરિનાં લોચનિયાં', મેઘાણીનું 'યુગવંદના' વગેરેમાં આવું ક્રાંતિગાન દેખાય છે. મુનશી 'ગુજરાતનો નાથ' લખે છે પન્નાલાલ 'માનવીની ભવાઈ' નવલકથાથી વિષયવસ્તુને નવી દિશા આપે છે. આ સમય દરમિયાન ગુજરાતી ભાષાનો જોડણીકોશ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તૈયાર થાય છે. મહારાજ ભગવતસિંહજી 'ભગવદગોમંડળ' તૈયાર કરાવે છે. ગુજરાત ખાતે ત્રણ યુનિવર્સિટીની સ્થાપના થતા સંશોધનો થવા લાગ્યા અને પુસ્તકો પ્રકાશિત થવાં લાગ્યાં. અનેક પારિભાષિક કોશ તૈયાર થયા. સમાંતરે અનુવાદ પ્રવૃત્તિનો પણ વિકાસ થયો.

**15.3.3 ગુજરાતી બોલી :**

મધ્યકાલીન અપભ્રંશ ભાષામાંથી અર્વાચીન સ્વરૂપ ધારણ કરી રહેલી ગુજરાતી ભાષા બંધારણની દ્રષ્ટિએ સો વર્ષ પહેલા સિદ્ધ રૂપ પામી ચૂકી હતી.પરંતુ ગુજરાતી ભાષા અને સાહિત્યને ઘડવામાં સુધારક યુગના સર્જકો અને નવી કેળવણી મહત્ત્વનો ભાગ ભજવનાર તત્વ બની રહે છે. સુધારક યુગમાં નર્મદ 18 વર્ષની વયે 'મંડળી મળવાથી થતા લાભ' નિબંધ લખે છે જે અર્વાચીન ગુજરાતી ગદ્યનો નમૂનો છે. અહીથી ઉત્તરોત્તર શિષ્ટ સ્વરૂપ ધારણ કરતી ગુજરાતી ભાષા પ્રદેશભેદે જુદાં જુદાં સ્વરૂપ દાખવે છે. 1818 સુધી ગુજરાતી આદ્ય સ્વરૂપનાં તત્વો જાળવી રાખે છે પણ ગુજરાતી બીબાં અને શિલછાપખાનાંઓ આવતા ગુજરાતીનાં સ્વરૂપ ઘડતરમાં ગતિ આવી. શિષ્ટ ભાષાના પ્રયોગોમાં પણ બોલીની અસર ક્યાંક ડોકિયાં કરી જાય છે.'ડોડસ્લીની વાતોનૂં ભાષાંતર'માં 'મલયૂ-મલીઉં, 'કહ્યું-કહીઉં','ધ્યાનમાં-ધીઆનમાં', 'ચાલ્યો-ચાલીઓ' જેવા શબ્દપ્રયોગો જોવા મળે છે.નર્મદ તેનાં લખાણોમાં છઉં,છૈયે જેવા પ્રાદેશિક બોલીના શબ્દો વાપરે છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સહાયક મંત્રી મગનલાલ વખતચંદ અમદાવાદનો ઈતિહાસ લખે છે જેમાં અમદાવાદમાં તે સમયે પ્રચલિત ભાષાનો નમૂનો આપે છે જે દયારામની ઉત્તરાવસ્થામાં લખાયેલા ગદ્ય કરતા સંસ્કારી છે. આ સમયની

ગુજરાતીમાં નાગર બોલીનો અણસાર જણાતો નથી. કેળવણી ખાતાના ઈન્સ્પેક્ટર ટી.સી.હોપે 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' 1858માં પ્રસિદ્ધ કર્યું તેની ભાષામાં માન્ય ગુજરાતી ભાષાની ઐતિહાસિક માંડણી જોવા મળે છે. હોપ વાચનમાળા પછી 'ગુજરાત શાળાપત્ર'માં ભાષાનો જે ઢાંચો શરૂ થયો તે માન્ય ભાષાનું નજીકનું ઉચ્ચારણ. સરકારી અને તાલુકા શાળાઓમાં ઝાલાવાડી શિક્ષકો વધારે હોવાથી માન્ય ભાષાનું સ્વરૂપ ઝાલાવાડની બોલીને વધારે નજીક રહ્યું. આ સમય દરમિયાન ગુજરાતમાં સુરતી, ચરોતરી, સૌરાષ્ટ્રી, પટ્ટણી જેવી જુદી જુદી પ્રાદેશિક બોલીઓ સમાંતરે વિકસતી રહી. પ્રદેશ તેમ જાતિ,જ્ઞાતિ,વ્યવસાય પ્રમાણે પણ જુદું જુદું શબ્દભંડોળ વિકસ્યું. માન્ય ભાષાનો વિકાસ કરવામાં અંગ્રેજોનો પણ મહત્ત્વનો ફાળો છે.અંગ્રેજી ભાષાના સંપર્કથી ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ પૂર્ણપણે વિકાસ પામ્યું.નવા રૂઢિપ્રયોગો અને વાક્યરચનાઓ પ્રવેશી.તેને કારણે ગુજરાતી ભાષાનું કાઠું મજબૂત બનવા લાગ્યું.

અર્વાચીન યુગમાં અરબી-ફારસી શબ્દોને બદલે અંગ્રેજી શબ્દો વપરાવા શરૂ થાય છે. બીજું લક્ષણ એ કે શબ્દને અંતે આવતા અને કેટલીક પરિસ્થિતિમાં મધ્યમાં આવતો સ્વર 'અ' ઉચ્ચારાતો નથી.જેમ કે, રમત્ , ઝટ્પટ્. આ યુગની ભાષામાં બહુવચન માટે મોટે ભાગે 'ઓ' પ્રત્યય પ્રયોજાય છે. જેમ કે, માણસો,ખુરશીઓ. આ સમયની ભાષામાં અનુનાસિકો જુદી જુદી રીતે ઉચ્ચારાય છે પણ લિપિમાં બિંદુ રૂપે જ આવે છે.

રાજકીય પરિબળોને કારણે અને શિક્ષણનો વ્યાપ વધતા ગુજરાતી ભાષામાં નવાં સ્વરૂપોની જેમ નવા શબ્દો પ્રયોજાવાના શરૂ થાય છે. અંગ્રેજી,અરબી,ફારસી સંસ્કૃત વિષયો નવી કેળવણીમાં દાખલ કરાયા હોવાથી ગુજરાતીમાં આ ચારે ય ભાષાના શબ્દો પ્રવેશતાં શબ્દભંડોળ સમૃદ્ધ બને છે. વહીવટી ભાષામાં અંગ્રેજી અને ફારસી શબ્દોનો પ્રયોગ વધે છે. સુધારક યુગમાં વપરાતાં ક્રિયારૂપોમાં પરિવર્તન આવે છે. વ્યાપારી ક્ષેત્રે પણ આ શબ્દોનો પ્રયોગ વધે છે. સંસ્કૃત તત્સમ શબ્દોના પ્રયોગ તરફનો ઝોક વધે છે.

## ગ) તમારી જાતે ચકાસો.

(1) *નીચેનાં જોડકાં જોડો*

| **વિભાગ – અ** | **વિભાગ-બ** |
|---|---|
| 1) ભોજા ભગત | A) નર્મકોશ |
| 2) નર્મદ | B) લક્ષ્મી |
| 3) દલપતરામ | C) વિધવાકાવ્યો |
| 4) કનૈયાલાલ મુનશી | D) ચાબખા |
| 5) નરસિંહરાવ દિવેટિયા | E) ગુજરાતનો નાથ |

2. *ગુજરાતી સાહિત્ય અને ભાષાના વિકાસ  વિશે તમારા શબ્દોમાં નોંધ લખો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 15.4 ઉપસંહાર

*આમ,* 1818 *થી* 1960 *દરમિયાન ગુજરાતી ભાષા અને સાહિત્યે નોંધપાત્ર પ્રગતિ દાખવી. ગદ્ય અને પદ્યએ નવાં તેજ અને શક્તિનો આવિર્ભાવ કરી પ્રયોગશીલતા અને શિલ્પવિધાનની સભાનતા કેળવી. એક પછી એક ચડિયાતાં સોપાન સર કરતાં કરતા સાહિત્યિક ધોરણોમાં સ્થાપિત થઈ. સમાંતરે શબ્દો, વાક્યરચના, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેથી સમૃદ્ધ બનતી ગઈ.*

## 15.5 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **રમઝાન** | *હિજરી સનનો નવમો માસ* |
| **ડંકાપલ્લવી** | *ઢોલના તાલના આધારે શબ્દો શીખવાડવાની રીત* |
| **કરપલ્લવી** | *હાથની આંગળીઓના આધારે ચોક્કસ સંજ્ઞાથી શબ્દો શીખવાડવાની રીત* |
| **ઉપનયન સંસ્કાર** | *બાળકને જનોઇ ધારણ કરાવી વિદ્યા અભ્યાસ માટે પ્રવેશ કરાવવાનો સંસ્કાર* |
| **નાઝીર ખ્વાની** | *અરબીનું અક્ષરજ્ઞાન આપી, જોડણીનું પઠન કરતા શીખવાડનાર* |
| **પારહ** | *પાઠ (કુરાનમાં આપવામાં આવેલા પવિત્ર પ્રકરણો)* |
| **કાયદહ** | *મદરેસામાં બાળકોને ભણવવામાં આવતી બાળપોથી.* |

## 15.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(*ક*). (1). 1.*રાજ-રજવાડા* 2. *દારૂલ ઉલૂમ* 3. *"પાટલો મંડાવ્યો"* 4. *"સાડા સાતનો પા"* 5. *"હાફિઝ"*

(*ખ*) (1). (1 – √) ( 2 - X) ( 3 - √) (4 – X) ( 5 - √)

(*ગ*) (1) (1 – D) ( 2 - A) ( 3 - B) (4 – E) ( 5 - C)

## 15.7 બહુવિકલ્પીય પ્રશ્નો

1. સુલતાન મહંમદશાહ-2જાએ ક્યાં મદરેસા બંધાવી હતી.

(A) સરખેજ (C) ચાંપાનેર

(B) મહેમદાવાદ (D) પાટણ

2. શિક્ષક વિદ્યાર્થીને આંગળી પકડીને કયો શબ્દ લખાવતા.

(A) શ્રી લક્ષ્મી (C) શ્રી ગણેશાય નમઃ

(B) શ્રી ભલે (D) શ્રી સરસ્વતી નમઃ

3. હાથનાં આંગળાની સંજ્ઞાથી પૂછાતા પ્રશ્નો કયા નામે ઓળખાતા.

(A) ડંકાપલ્લવી (C) સંજ્ઞા પલ્લવી

(B) અંગપલ્લવી (D) કર પલ્લવી

4. નીચેનામાંથી કઈ પદવી મદરેસમાંથી મળતી ન હતી.

(A)હાફિઝ (C) દર્સે નિઝામી

(B) કારી (D) મુફ્તી

5. ઈ.સ.1855માં નીચેનામાંથી કયા રાજ્યમાં કેળવણી ખાતાનો જન્મ થયો.

(A) મદ્રાસ (C) કલકત્તા

(B) મુંબઈ (D) દિલ્લી

6. નીચેનામાંથી કયા કવિને 'બંસીબોલ કવિ' કહેવાય છે.

(A) દયારામ (C) ન્હાનાલાલ

(B) ભોજા ભગત (D) કવિ છોટમ

7. 'કૃષ્ણલીલા' આખ્યાનકાવ્ય કેટલા કડવામાં રચાયેલું છે.

(A) 77 (C) 78

(B) 76 (D) 79

8. નર્મદની આત્મકથાનું નામ શું છે..

(A) સંસારયાત્રા (C) હકીકત મારી

(B) મારી હકીકત (D) યાત્રા સંસાર

9. કરસનદાસ મૂળજીએ કયો પ્રવાસગ્રંથ આપ્યો છે.

(A) ઈંગ્લેન્ડનો પ્રવાસ (B) અમેરીકાનો પ્રવાસ

(C) યુરોપનો પ્રવાસ (D) આફ્રિકાનો પ્રવાસ

10. 'સાસુ-વહુની લડાઈ' કૃતિ કયા સાહિત્યકારની છે.

(A) નવલરામ (B) દલપતરામ

(C) મહિપતરામ (D) દયારામ

**જવાબો :** (1 - A) (2 - B) (3 - D) (4 - C)
(5 - B) (6 - A) (7 - C)(8 - B)
(9 - A) (10 - C)

## 15.8 સ્વાધ્યાય

1. ભારતમાં અંગ્રેજોના આગમન પહેલાની શિક્ષણ વ્યવસ્થા વિશે નોંધ લખો.
2. અંગ્રેજોની નવી કેળવણીની જાણકારી આપો.
3. ગુજરાતી સાહિત્ય તથા ભાષાના વિકાસ અંગે સમીક્ષા કરો.
4. તમારી આસપાસ આવેલી સંસ્કૃત પાઠશાળા તથા મદરેસાની મુલાકાત લો.
5. ગુજરાતી ભાષા તથા સાહિત્યની વિસ્તૃત સમજ મેળવવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ વગેરેની મુલાકાત ગોઠવો.

## 15.9 સંદર્ભો


1. પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1984.
2. પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, આઝાદી પહેલા અને પછી (ઇ.સ.1915 થી 1960), ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,1987.
3. વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ, 2012.
4. રાજગોર, શિવપ્રસાદ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ,1974.
5. પ્રકરણમાં આપવામાં આવેલા ચિત્રો ગુગલ ઈમેજીશ તથા વિકીપીડીયામાંથી લેવામાં આવેલા છે.

# એકમ : 16 ઈ.સ.1818 થી 1960 દરમ્યાન ગુજરાતમાં કલા

:: રૂપરેખા::

**16.0** ઉદ્દેશ્યો

**16.1** પ્રસ્તાવના

**16.2** ચિત્રકલા

- **16.2.1** હસ્તપ્રતોની ચિત્રકલા
- **16.2.2** જન્મપત્રિકાઓમાં ચિત્રકલા
- **16.2.3** ધાર્મિક પટ્ટાઓમાં ચિત્રકલા
- **16.2.4** આખ્યાનો અને ચિત્રકલા
- **16.2.5** ભિત્તિચિત્રો
- **16.2.6** બ્રિટિશ સમયમાં ચિત્રકલા
- **16.2.7** ગુજરાતમાં કલાપ્રવૃત્તિ

**16.3** સંગીતકલા

- **16.3.1** સંગીત અને રાજ્યાશ્રય
- **16.3.2** રંગભૂમિનું સંગીત
- **16.3.3** ઈ.સ.1920 થી ઈ.સ.1960 સુધી ગુજરાતની સંગીતકલા

**16.4** નૃત્યકલા

- **16.4.1** ગરબો
- **16.4.2** ગરબી
- **16.4.3** રાસ
- **16.4.4** લોકનૃત્યો
- **16.4.5** શાસ્ત્રીય નૃત્યો

**16.5** નાટ્યકલા

- **16.5.1** નાટ્યગૃહોના બાંધકામ
- **16.5.2** નાટકમંડળીઓ
- **16.5.3** નાટ્યલેખકો, દિગ્દર્શકો અને નટો
- **16.5.4** ઈ.સ.1920 થી ઈ.સ.1960 સુધી ગુજરાતની નાટ્યકલા
- **16.5.5** રંગભૂમિનો અસ્ત
- **16.5.6** અવેતન રંગભૂમિ

**16.6** સારાંશ

**16.7 ચાવીરૂપ શબ્દો**
**16.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**16.9 બહુવૈકલ્પિક પ્રશ્નો**
**16.10 સ્વાધ્યાય**
**16.11 સંદર્ભ સૂચિ**

## 16.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *ઈ.સ.*1818 *થી ઈ.સ.*1960 *દરમ્યાનની ચિત્રકલા વિશે જાણી શકશો.*
- *ઈ.સ.*1818*થી ઈ.સ.*1960 *દરમ્યાનની સંગીતકલા વિશે પરિચય મેળવશો.*
- *ઈ.સ.*1818 *થી ઈ.સ.*1960 *દરમ્યાનની નૃત્યકલા વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ઈ.સ.*1818 *થી ઈ.સ.*1960 *દરમ્યાનની નાટ્યકલા વિશે જ્ઞાન મેળવશો.*

## 16.1 પ્રસ્તાવના


3 *જૂન* 1818*ના ગુજરાતમાંથી પેશવાઈનું પતન થયું અને બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ. પરિણામે ગુજરાતમાં શિક્ષણ, વાહનવ્યવહાર, તાર-ટપાલ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. દેશના જુદા જુદા પ્રાંતોની પ્રજાઓ વચ્ચેનું અંતર ઘટ્યું. વિજ્ઞાનની નવી શોધોના કારણે વહેમો, અંધશ્રદ્ધા, કુરિવાજો સમાજમાંથી દૂર થયા. પશ્ચિમના સાહિત્ય, વિજ્ઞાન અને સભ્યતાના કારણે ભારતીય પ્રજામાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે નવજાગૃતિ આવી. આ નવજાગૃતિની અસર કલાના વિવિધ ક્ષેત્રો પર થઈ. આજ દિન સુધી જે કલા ધર્માભિમુખ હતી તે હવે સમાજાભિમુખ બની. શિક્ષણના પ્રસારના કારણે લોકોમાં કલા પ્રત્યે નવો અભિગમ કેળવાયો. કલાનાં વિવિધ ક્ષેત્રો જેવાં કે ચિત્રકલા, સંગીતકલા, નૃત્યકલા, નાટ્યકલા વગેરે પૈકી આપણે સૌ પ્રથમ ચિત્રકલા અંગે વિસ્તૃત માહિતી મેળવીએ.*

## 16.2 ચિત્રકલા

*ગુજરાતનાં સૌરાષ્ટ્ર અને કચ્છનાં દેશી રજવાડાંઓએ ચિત્રકલાને રાજ્યાશ્રય આપ્યો એટલું જ નહીં તેના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું. ઉદાહરણ તરીકે જોઈએ તો રાજકોટના જ્યુબિલી બાગના સંગ્રહાલય માટે સાતમા એડવર્ડના રાજ્યારોહણન પોટ્રેઈટ માટે ઈંગ્લેન્ડના ખ્યાતનામ કલાકાર સર લ્યૂક ફિલ્ડ્ઝને ભાવનગર રાજ્યએ એક હજાર પાઉન્ડ ચૂકવેલા. જૂનાગઢના નવાબ મહાબતખાનજી બીજાના અમલ દરમ્યાન જર્મન ચિત્રકાર વાન રથ જૂનાગઢ આવેલો અને તેમની આકૃતિ બનાવી હતી. આમ, આ સમયની ચિત્રકલા આપણને જૈન હસ્તપ્રતોમાં, જન્મપત્રિકાઓમાં, ધાર્મિક પટ્ટાઓમાં,આખ્યાનો, ભિત્તિચિત્રોમાં આલેખાયેલી જોવા મળે છે. આપણે ક્રમાનુસાર તેનો પરિચય મેળવીએ.*

### 16.2.1 હસ્તપ્રતોની ચિત્રકલાઃ

*આ સમયની હસ્તપ્રતોની ચિત્રકલા હેમચંદ્ર જ્ઞાનમંદિર- પાટણ, શાંતિનાથ જૈન મંદિર-ખંભાત, ડહેલાનો જૈન ઉપાશ્રય- અમદાવાદ, દેવશાના પાડાનો ઉપાશ્રય- અમદાવાદ, આત્માનંદ સભા- ભાવનગર, શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર- અમદાવાદ વગેરે સ્થળોએ સંગ્રહિત છે. આ હસ્તપ્રતોમાં 'કલ્પસૂત્ર', 'શ્રીપાલરાસ', 'ચંદરાજાનો રાસ', 'માનતુંગ માનવતી રાસ' વગેરે મુખ્ય છે. આ હસ્તપ્રતોમાં વૃક્ષો, વનો, વનરાજિ, સ્ત્રી-પુરૂષોના વસ્ત્રો, આભુષણો, પશુ-પક્ષીઓ, પર્વતો, સમુદ્ર, વગેરેના ચિત્રો આલેખાયેલા છે. આમાંની ઘણી આકૃતિઓમાં મુઘલ અસર સ્પષ્ટ દેખાય છે. 'શ્રીપાલરાસ'ની હસ્તપ્રતમાંનું વહાણનું ચિત્ર ગુજરાતમાં વહાણવટા અંગેની માહિતી પૂરી પાડે છે. આ સમયની હસ્તપ્રતોનાં પાનાંઓના હાંસિયાઓનું પણ ચિત્રકારોએ આકર્ષક સુશોભન કરેલ છે, જેમાં હંસપંક્તિ વેલબુટ્ટી, હાથી, હરણ, ઘોડા, પોપટ, મોર અને ભૌમિતિક આકૃતિઓ આકર્ષક છે.*



શ્રીપાલ રાસકથાનું વહાણનું ચિત્ર

પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984.

### 16.2.2 જન્મપત્રિકાઓમાં ચિત્રકલાઃ

*આ સમયે તૈયાર કરવામાં આવતી જન્મપત્રિકાઓમાં નવ ગ્રહોનાં ચિત્રો જોવાં મળે છે. જેમાં સૂર્યને સાત ઘોડાના રથમાં, ચંદ્રને હરણની ગાડીમાં, ગુરૂને ઐરાવત પર, શુક્રને ઘોડા પર, શનિને મહિષ પર, રાહુને વાઘ પર અને કેતુને મચ્છના મુખમાં આલેખવામાં આવેલ છે. ઉપરાંત જન્મપત્રિકાઓમાં કુંડળીઓ માટે કલાત્મક ભૌમિતિક આકૃતિઓ તૈયાર કરી એમાં રંગ પૂરવામાં આવતો.*

### 16.2.3 ધાર્મિક પટ્ટાઓમાં ચિત્રકલાઃ

*અમદાવાદના લા.દ.ભારતીય સંસ્કૃતિ મંદિરમાં આવા ધાર્મિક પટ્ટાઓ સંગ્રહિત છે. જેના પરથી આ સમયની ચિત્રકલાનો ખ્યાલ આવે છે. જેમ કે, એક પટ્ટા પર રાજા ગોપીચંદના જીવનને લગતાં ચિત્રો છે. બીજા એક પટ્ટા પર જુદા જુદા ખંડ પાડીને પ્રસંગની ઉજવણીનાં દ્રશ્યોનું આલેખન કરવામાં આવ્યું છે. જેમાં નૃત્ય કરતા નર્તકો, સંગીતનાં સાધનો વગાડતાં સ્ત્રી-પુરુષો, સૌરાષ્ટ્રનું લોકપ્રિય બેડાનૃત્ય, અંગ કસરતના દાવ વગેરેનાં ચિત્રો આલેખાયેલાં છે.*

### 16.2.4 આખ્યાનો અને ચિત્રકલાઃ

*આ સમયમાં ગુજરાતી ભાષામાં લખાયેલાં આખ્યાનોની પોથીઓમાં પણ ચિત્રોનું આલેખન કરવામાં આવતું. આવી આખ્યાન કૃતિઓમાં પ્રેમાનંદ રચિત 'કુંવરબાઈનું મામેરું' મુખ્ય છે. આ આખ્યાનની ચિત્રિત હસ્તપ્રત અમદાવાદના લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં સંગ્રહિત છે. આ હસ્તપ્રતનાં ચિત્રો પરથી વેશભૂષા, અલંકારો, વાહનવ્યવહાર, રીતરિવાજનો ખ્યાલ આવે છે. પ્રેમાનંદની બીજી એક કૃતિ 'દશમસ્કંધ'ની હસ્તપ્રત ગુજરાત રાજ્ય દફતર ભંડારમાં સંગ્રહિત છે. જેમાં કુલ 365 ચિત્રો છે. દરેક કડવાંના પ્રસંગને અનુરૂપ ચિત્રોનું આલેખન છે. આ ચિત્રોમાં બકાસુરવધ, પૂતનાવધ, અઘાસુરવધ, નાગદમન જેવાં ચિત્રો મુખ્ય છે. એક ચિત્રમાં બાળકને પારણાંમાં સૂવાડેલું જોવા મળે છે. આ ચિત્ર પર સંખેડાની કાષ્ઠકલાકારીની સ્પષ્ટ અસર જોવા મળે છે. ચિત્રોની આસપાસ હાંસિયાની વેલબુટ્ટાની ભાત કલાત્મક લાગે છે.*

### 16.2.5 ભિત્તિચિત્રોઃ

*ભીતો પર ચિત્રો આલેખવાની પરંપરા આ સમયમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જોવા મળે છે. મહેલો, દેવાલયો, ધર્મશાળાઓ વગેરેની ભીતો પર ચિત્રો આલેખવામાં આવતાં હતાં. ખાસ કરીને રામાયણ-મહાભારત, ભાગવતપુરાણ, શિવપુરાણ, રાજસવારીનાં દ્રશ્યો, દેવ-દેવીઓ, રાજવીઓ વગેરેનાં ચિત્રોનું આલેખન આ ભિત્તિચિત્રોમાં જોવા મળે છે. તેથી તે "સલાટી ચિત્રકામ" તરીકે પણ ઓળખાય છે. આ સમયનાં ભિત્તિચિત્રો ભાવનગર પાસે શિહોરના રાજમહેલમાં, પાડરશીગા તાલુકો દામનગરના મંદિરો જામનગરના લાખોટા કોઠામાં, ભૂજના આયનામહેલમાં, કચ્છના તેરા ગામમાં  જોવા મળે છે. સૌરાષ્ટ્રનાં કેટલાંક ગામોમાં ઘરની ભીતો પર વેલબુટ્ટીઓ, પશુ-પક્ષીઓ, દેવ-દેવીઓ અને પ્રકૃતિનાં ચિત્રો આલેખાયેલાં જોવા મળે છે. કેટલાંક ગામોમાં લીપણ ઉપર પણ વિવિધ ચિત્રો આલેખાયેલાં જોવા મળે છે.*

*આ ઉપરાંત આ સમયની રંગભૂમિ, વિજ્ઞપ્તિપત્રો, જ્ઞાનચોપાટો, સ્વામિનારાયણ મંદિરો વગેરેમાંથી ચિત્રકલા અંગેની માહિતી પ્રાપ્ત થાય છે.*

### 16.2.6 બ્રિટિશ સમયમાં ચિત્રકલાઃ

*બ્રિટિશ સરકારે નવી કેળવણીમાં કલાશિક્ષણને મહત્ત્વ આપ્યું અને મુંબઈમાં ઈ.સ. 1857માં "સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટ"ની સ્થાપના થઈ. આ શાળામાં જે વિદ્યાર્થીઓ તૈયાર થયા તેમણે ગુજરાતમાં ચિત્રકલા શિક્ષણ દ્વારા કલાની પ્રતિષ્ઠા વધારી. ઈ.સ.1890માં વડોદરામાં કલાભવનની સ્થાપના થઈ પરંતુ તેમાં મુંબઈની સંસ્થાની જેમ પાશ્ચાત્ય પદ્ધતિથી કલા શિક્ષણ આપવામાં આવતું. આ કલાશાળાએ ભારતના અનેક કલાકારોને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં. કલાને ઉત્તેજન આપવાના હેતુથી ભારતીય અને યુરોપિયન*



**શ્રી. રવિશંકર રાવળ**

https://en.wikipedia.org/wiki/File:RavishankarRaval_1966.jpg

*શ્રીમંતોના સહકારથી ઈ.સ.1888માં "બોમ્બે આર્ટ સોસાયટી"ની સ્થાપના થઈ. ઈ.સ.1916માં આ સોસાયટીના વાર્ષિક કલાપ્રદર્શનમાં પ્રથમવાર એક ગુજરાતી કલાકાર શ્રી રવિશંકર રાવળને તેમના ચિત્ર "બિલ્વમંગળ" માટે સુવર્ણચંદ્રક મળ્યો હતો. આ સમય દરમિયાન એક મહત્ત્વનો બનાવ બન્યો. "કલકત્તા સ્કૂલ ઓફ આર્ટ"માં ઈ.બી.હેગલ આચાર્ય તરીકે જોડાયા. તેમણે ભારતીય પદ્ધતિની કલાશિક્ષા પર ભાર મૂક્યો. પરિણામે ત્યાંથી નંદલાલ બોઝ જેવા કલાકાર મળ્યા. બંગાળમાં થયેલા આ સુધારા મુજબ મુંબઈની સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં આચાર્ય ગ્લેડસ્ટન સોલોમને અભ્યાસક્રમમાં ભારતીય કલા, ભિત્તિચિત્રોને સ્થાન આપ્યું. પરિણામ સ્વરૂપ શ્રી જગન્નાથ મુરલીધર અહિવાસી જેવા કલાના વિદ્વાન મળ્યા. જેમણે અનેક વિદ્યાર્થીઓને ભારતીય કલાની તાલીમ આપી. પરિણામે યજ્ઞેશ્વર શુક્લ, દિનેશ શાહ, રસિક રાવળ, શ્યામવક્ષ ચાવડા, જમુ સંપત, કાંતિલાલ કાપડિયા, મનુ સુબેદાર જેવા કલાકારો ગુજરાતને મળ્યા.*

### 16.2.7 ગુજરાતમાં કલાપ્રવૃત્તિ



**રવિશંકર રાવળનું એક ચિત્ર**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા

*19મી સદીના અંતિમ ચરણમાં રાજા રવિવર્માના ચિત્રોની આકર્ષક શૈલી ગુજરાતમાં લોકપ્રિય થઈ. મહારાજા સયાજીરાવે રાજા રવિવર્મા પાસે રાજપરિવારનાં ચિત્રો કરાવ્યાં હતાં. આ ચિત્રશૈલીથી આકર્ષાઈ અમદાવાદના કલા શિક્ષક મગનલાલ શર્માએ "હિંદદેવી"નું ચિત્ર ચીતર્યું હતું જે ખૂબ લોકપ્રિય બન્યું. વડનગરના ફૂલચંદ નામના ચિત્રકારે રાજા રવિવર્મામાંથી પ્રેરણા લઈ "સીતા ભૂમિ પ્રવેશ" જેવાં ચિત્રો ભીત પર ચીતર્યાં હતાં. આ સમય દરમિયાન નવલકથા અને વર્તમાનપત્રોમાં ચિત્રો આપવાની પ્રથા શરૂઆત થઈ. પુરૂષોત્તમ માવજીની નવલકથા "સુરસાગરની સુંદરી", ભાવસિંહજી દ્વારા પ્રસિદ્ધ "સંગીત વિનોદ" ગ્રંથ તેનાં ઉદાહરણ છે. રવિશંકર રાવળે "ગુજરાત કલાસંઘ" અને "ભારત કલામંડળ" જેવી સંસ્થાઓ સ્થાપી જેણે પ્રદર્શનો, વ્યાખ્યાનો તથા કલાકારોને ઉત્તેજન આપવા માટે એક મંચની જરૂરિયાત પૂરી પાડી. ઈ.સ. 1924માં તેમણે "કુમાર" માસિકની શરૂઆત કરી. જેમાં તેમણે કલાકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી અનેક ચિત્રો, કલાકારોનો પરિચય, દેશ વિદેશની કલા વગેરે પર લેખો આપ્યા.*

*રવિશંકર રાવળના શિષ્યોમાં કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, પ્રમોદકુમાર ચેટરજી, સોમાલાલ શાહ, બંસીલાલ વર્મા, છગનલાલ જાદવ, ચંદ્રશંકર રાવળ વગેરેએ ચિત્ર અભ્યાસનો આરંભ કરી આગળ જતા સારી સિદ્ધિ પ્રાપ્ત કરી. સોમાલાલ શાહે ભાવનગરમાં ચિત્ર શિક્ષણ આપી માર્કંડ ભટ્ટ જેવા વિદ્યાર્થીઓ તૈયાર કર્યા જે આગળ જતા વડોદરામાં સ્થપાયેલી "લલિતકલા સંસ્થા"ના અધ્યક્ષ બન્યા હતા. આ સંસ્થાએ પણ અદ્યતન કલા શિક્ષણનું જ્ઞાન આપી જ્યોતિ ભટ્ટ, રમણિક ભાવસાર, શાંતિ દવે, જંયત પરીખ, હકુ શાહ જેવા વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. સોમાલાલ શાહે ધર્મકુમારસિંહજીના ગ્રંથ 'સૌરાષ્ટ્રના પંખીઓ' માટે સુંદર અને જીવંત જણાતાં અસંખ્ય ચિત્રો તૈયાર કર્યા. શ્યાવક્ષ ચાવડાએ ઈંગ્લેન્ડ જઈ ભારતીય કલાને ખ્યાતિ અપાવી. મોરારજી સંપતે મ્યુરલ ડેકોરેશનમાં નિપુણતા મેળવી. પોરબંદરના નારાયણ ખરેએ પેરીસની કલાશાળામાં દાખલ થઈ છવિચિત્રણાનું શિક્ષણ મેળવ્યું. તેમણે ગાંધીજી, કસ્તૂરબા, રવીન્દ્રનાથ ટાગોર, કવિ નાનાલાલનાં સુંદર તૈલચિત્રો તૈયાર કર્યા હતાં. સમયાંતરે ચિત્રની આધુનિક શૈલીનો જન્મ થયો. એક્સપ્રેશનિઝમ, ક્યુબિઝમ, ઓપ અને પોપ કલા, સાઈકેડેલિક કલા વગેર તેના પ્રકારો છે. કેટલાક ચિત્રકારોએ આ નવી શૈલી પણ અપનાવી અને ચિત્રો તૈયાર કર્યા. જેમાં રમણિક ભાવસારે રંગના અવનવા પ્રયોગો કર્યા, માનસિંહ છારાએ ટપકાં, છાંટણાં,લપેડા વગેરે દ્વારા ભાવીકરણ કલાના પ્રયોગો કર્યા, પીરાજી સાગરાએ ખીલા,પતરાં, જૂની કારીગરીની વસ્તુઓનો ઉપયોગ કરી ભાવીકરણ શૈલીનાં ચિત્રો આપ્યાં. જીવણ અડાલજાએ લોકકલાના તો છગનભાઈ મિસ્ત્રીએ પાળિયાઓનો અભ્યાસ કરી તેનાં ચિત્રો આપ્યાં. રવિશંકર રાવળની પ્રેરણાથી 'આકાર' નામનું કલામંડળ સ્થપાયું. હાલમાં કલાની અભિવ્યક્તિ અને પ્રેરણા પામવાના આશયથી અમદાવાદના યુવાનોએ પેઈન્ટર્સ ઓફ ટુ ડે, કન્ટેમ્પરરી પેઈન્ટર્સ, વિબ્ગ્યોર ગ્રુપ જેવાં મંડળો સ્થાપ્યાં છે. ઈ.સ.1961માં લલિતકલા એકેડેમીની સ્થાપના થતા અનેક કલાકારોને પુરસ્કાર આપી તેમનું સન્માન કરાયું છે.*



**શ્રી કનુ દેસાઈ**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી

**ક) તમારી જાતે ચકાસો.**

**1. નીચેની ખાલી જગ્યાઓ પૂરો**

1. *જર્મન ચિત્રકાર વાન રથ ___________ રાજ્યમાં આવ્યો હતો.*
2. ___________ *હસ્તપ્રત ગુજરાતમાં વહાણવટા અંગેની માહિતી પૂરી પાડે છે.*
3. *'દશમસ્કંધ'ની હસ્તપ્રત પર ___________ ચિત્રો આલેખાયેલાં છે.*
4. ___________ *માં સર જે. જે .સ્કૂલ ઓફ આર્ટની સ્થાપના થઈ.*

5. અમદાવાદના કલાશિક્ષક મગનલાલ શર્માએ___________ હિંદદેવીનું ચિત્ર દોર્યું હતું.

**2. ગુજરાતની ચિત્રકલાનો પરિચય દસ લીટીમાં આપો.**

## 16.3 સંગીતકલા

ગુજરાતમાં વૈષ્ણવ, શાક્ત અને જૈન ધર્મે ભક્તિસંગીતને સમૃદ્ધ કરવામાં જે ફાળો આપ્યો હતો તે પરંપરા બ્રિટિશ કાળમાં પણ જળવાઈ રહી. ગુજરાતનાં નાનાં મોટા નગરોમાં કથાકારો, માણભટ્ટો, ભજનિકો, ભરથરીઓ, ટહેલિયા પોતપોતાની રીતે લોકોમાં સંગીત દ્વારા ધર્મનો ઉપદેશ આપતા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયના દેવાનંદ સ્વામી તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ સમયમાં વૈષ્ણવ ધર્મમાં સંગીતની મહત્તા સ્વીકારાઈ હોવાથી પુષ્ટિમાર્ગી હવેલીઓમાં સંગીતને ઉચ્ચ સ્થાન અપાયું. હવેલી સંગીત ધ્રુપદ શૈલીનું હતું. દયારામની ગરબીઓ, પ્રેમાનંદ સ્વામીનાં ભજનો વગેરે રાજાઓના આશ્રયે રહેતાં મીર,લંઘા,ગાંધર્વ,ચારણ,ભાટ,તરગાળા જેવી કોમોએ લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતને જીવંત રાખ્યું હતું.

### 16.3.1 સંગીત અને રાજ્યાશ્રયઃ

ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક રાજવીઓએ પોતાના દરબારમાં ગાયકો અને વાદકોને રાજ્યાશ્રય આપ્યો હતો. વડોદરા અને ભાવનગરનો ફાળો સંગીતકલા ક્ષેત્રે વિશેષ છે. ઈ.સ.1886માં સયાજીરાવ ગાયકવાડે "સરકારી ગાયનશાળા"ની સ્થાપના કરી પ્રજા માટે સંગીતશિક્ષણની વ્યવસ્થા કરી. ગાયનશાળાનું સંચાલન ખાનસાહેબ મૌલાબક્ષને સોંપવામાં આવ્યું હતું. તેમણે પ્રથમવાર સ્વરલેખન પદ્ધતિની શરૂઆત કરી. તેમણે ગુજરાતના સંતો, કવિઓનાં ભજનો અને પદોને સ્વરબદ્ધ કર્યાં. તેમણે ઈ.સ.1888માં "સંગીતાનુભવ", 1891માં "બાલસંગીતમાલા", 1892માં "છંદોમંજરી" તથા "ભાગવત ગરબાવલી" વગેરે પુસ્તકો પ્રગટ કર્યાં.

ભાવનગરના મહારાજા ભાવસિંહજીના દરબારમાં ડાહ્યાલાલ શિવરામ નામના સંગીતના વિદ્વાન હતા. તેમણે "સંગીત કલાધર" નામનો ગ્રંથ લખ્યો. જેમાં તેમણે અવાજની ઉત્પત્તિ, અવાજની ખૂબી, અવાજની ગતિ તથા કોમળતાનું સવિસ્તર વર્ણન કરેલ છે. ઉપરાંત ભાવનગર દરબારમાં દલસુખરામ ભોજક, રામલાલ ગવૈયા,મણિલાલ નાયક, રહીમખાન, ચંદ્રપ્રભા જેવા ગાયકો પણ હતા. ગાયકવૃંદના સહકારથી ભાવસિંહજીએ સંગીતમાળાના ચાર ભાગ




વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

સારેગમના નોટેશન સાથે પોતાના નામથી પ્રસિદ્ધ કરાવ્યા હતા

વડોદરાની ગાયનશાળાને નાસરખાન જેવા મૃદંગાચાર્ય, ગોવિંદસિંહ જેવા તબલાવાદક, વસઈકર જેવા શહનાઈવાદક, ગુલાબસાગર જેવા સાજનવાદક શોભાવતા. વળી, આફતાબે મૌસિકી ઉસ્તાદ ફૈયાઝખાન જેવા ગાયકરત્નએ ગુજરાતને ગૌરવ અપાવ્યું. ધરમપુર રાજ્યના રાજકુમાર પ્રભાવદેવજી સંગીતના શોખીન હતા. તેમણે સંગીતશાળાની સ્થાપના કરી હતી અને "સંગીતપ્રકાશ" નામનો ગ્રંથ લખ્યો હતો. તેમના કાકા વિજયદેવજીએ "સંગીતભાવ" નામનો ગ્રંથ લખ્યો જે ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને ફ્રેન્ચ એમ ચાર ભાષામાં પ્રગટ થયો હતો. આ ગ્રંથ દુનિયામાં હિંદી સંગીત પરનો મહત્ત્વનો ગ્રંથ ગણાય છે.

ઉપરાંત સંતરામપુર, દેવગઢ બારીયા, પાલનપુર, બાલાશિનોર, ઈડર, લુણાવાડા, જામનગર, જૂનાગઢ વગેરે રાજ્યોમાં પણ સંગીતકલાનો વિકાસ થયેલો જોઈ શકાય છે. આમ, મધ્યકાલમાં જે સંગીતકલા મંદિરની ચાર દિવાલોમાં પુરાયેલી હતી તે દરબારમાં- પ્રજાના ચોકમાં આવી.

સંગીતક્ષેત્રે આ સમય દરમિયાન સુરતનું મોટું યોગદાન રહ્યું. રાગદારી સંગીત સાથે સંગીતાખ્યાનો અન હરિકથા કરનાર તરીકે સતારકર બુવા, દિનમણિશંકર બુવા, સીતારામ શાસ્ત્રી વગેર જાણીતા હતા. સંગીતના ભાગરૂપે સુરતમાં બેન્ડની પ્રવૃત્તિ વિકસી. અબ્દુલ રઝાકનું બેન્ડ ખૂબ જાણીતું બન્યું. બીજી તરફ ટકોરખાનાના ઢોલી પણ જાણીતા બન્યા. રાધા અને સોના જેવાં નામો રાસ ગાનાર તરીકે પ્રખ્યાત બન્યાં. ગરબા માટે કંસારા કોમ ખૂબ જાણીતી બની. કલ્યાણદાસજી, ચૂડગર ભાઈઓ, દીનસુખરામ જેવા સંગીતકારો પણ આ સમય દરમિયાન સુરતમાં થયા.

### 16.3.2 રંગભૂમિનું સંગીતઃ

ગુજરાતી રંગભૂમિ પણ સંગીતનું લોકપ્રિય પાસું હતું. નાટકમંડળીઓ પાસે પોતાના સંગીત માસ્તરો હતા જે કવિઓએ રચેલા ગીતોની તરજોને સ્વરબદ્ધ કરતા. નાટકમંડળીઓના નટોને સંગીતના સ્વરોનું જ્ઞાન આપવામાં આવતું. રંગભૂમિના આવા સંગીતાચાર્યોમાં પંડિત વાડીલાલ શિવરામ નાયકનું નામ મોખરાનું છે. તેમણે નાટક મંડળીના અનેક ગીતોને સ્વરબદ્ધ કર્યાં હતાં. આ ઉપરાંત વાડીલાલ ઉસ્તાદ, અમૃત નાયક, રામલાલ નાયક, પ્રભુલાલ દ્વિવેદી, રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ વગેરેનાં ગીતો ખૂબ લોકપ્રિય બન્યાં હતાં.



હેમુ ગઢવી

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

"હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે" - 'માલવપતિ મુંજ'.
"રે શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો" - 'અશ્રુમતિ'.
આ ગીતોની કવિતા અને તરજોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેનાં ગીતો વાગોળતાં આનંદ અને ઉલ્લાસ અનુભવાય છે.

### 16.3.3 ઇ.સ.1920 થી ઇ.સ.1960 સુધી ગુજરાતની સંગીતકલાઃ

19મી સદીની શરૂઆતથી ભારતીય સંગીત ક્ષેત્રે નવજાગૃતિ આવી. ગુજરાતનાં મુખ્ય શહેરોમાં સંગીત સંસ્થાઓ શરૂ થઇ. રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓએ અન્ય શિક્ષણ સાથે સંગીતને પણ આવકાર્યું. ઇ.સ.1920માં ગૂજરાત વિદ્યાપીઠમાં સંગીત વિષય સાથે સ્નાતકની પદવી આપવાનું શરૂ થયું. સંગીતશાસ્ત્રી નારાયણ મોરેશ્વર ખરેએ ગૂજરાત વિદ્યાપીઠ તથા અમદાવાદના સંગીત વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. તેમણે ગુજરાતી લોકગીતોને સ્વરબદ્ધ કર્યાં તેમજ "આશ્રમ ભજનાવલી"નું પ્રકાશન કર્યું.


**પંડિત ઓમકારનાથ ઠાકુર**
વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

ઇ.સ.1920 થી 1965 સુધી પંડિત ઓમકારનાથ ઠાકુરે પોતાની વિશિષ્ટ ગાયકી દ્વારા દેશ પરદેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું. તેમણે "સંગીતાંજલિ ભાગ 1 થી 6", "પ્રણવભારતી" તથા "રાગ અને રસ" જેવા સંગીતના ગ્રંથો આપ્યા. રાષ્ટ્રીય ચળવળ દરમિયાન સંગીતથી પ્રજાના જુવાળને ટકાવવા પં.વિષ્ણુ ખરે, ઓમકારનાથજી, ખરેજી વગેરેએ રાષ્ટ્રગીતોનું સ્વરનિયોજન કર્યું હતું.

બીજી તરફ પિંગળશી ગઢવી, ગોકુળદાસ રાયચૂરા, ઝવેરચંદ મેઘાણી, દુલાભાયા કાગ અને હેમુ ગઢવીએ ગુજરાત અને દેશમાં લોકસાહિત્ય અને લોકગીતોની પ્રતિષ્ઠા વધારી. વડોદરા બાદ અમદાવાદમાં "સંગીત વિદ્યાલય" સ્થાપના થઇ. જેમાં સંગીત અધ્યાપનનું કાર્ય કરતા રાવજીભાઇ પટેલ,પ્રાણલાલ શાહ,નટવરલાલ પરીખ,સુખરાજસિંહ ઝાલા વગેરેએ ગુજરાતી ભાષામાં સંગીતના અભ્યાસક્રમો ગુજરાતી ભાષામાં તૈયાર કર્યા. ઇ.સ.1948માં ચંપકલાલ નાયકે "ભાતખંડે સંગીત મહાવિદ્યાલય"ની સ્થાપના કરી. જે ઇ.સ.1958માં બંધ થયું.


**શિવકુમાર શુક્લ**
વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

સંગીત-નૃત્ય-નાટ્યના વિકાસ માટે કેન્દ્ર સરકારે "દિલ્હી સંગીત નાટ્ય અકાદમી"ની શરૂઆત ઇ.સ.1950માં કરી. દિલ્હી બાદ સૌરાષ્ટ્રમાં "સૌરાષ્ટ્ર સંગીત નાટક અકદામી"નામની સ્વાયત્ત સંસ્થા સ્થપાઇ જેણે સૌરાષ્ટ્રના જુદા જુદા

જિલ્લાઓમાં સંગીત, ભવાઈ અને લોકસાહિત્યનાં સંમેલનો યોજ્યાં. આ સંસ્થાએ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન મ્યુઝિક કૉલેજની શરૂઆત કરી. જેમાં અમુભાઈ દોશી, મુક્તાબેન વૈદ્ય જેવા અધ્યાપકોએ સેવા આપી. ઈ.સ.1961 થી ગુજરાત સંગીત નૃત્ય અકાદમીની શરૂઆત થઈ જેના વિકાસમાં સુરતના કંચનલાલ મામાવાલાનો ફાળો સવિશેષ હતો. તે પોતે સંગીતવિદ્યાના જ્ઞાતા અને અગ્રગણ્ય કલાકારોના માર્ગદર્શક હતા. સુરતના રમણલાલ મહેતા આકાશવાણી અમદાવાદમાં સંગીત વિભાગના પ્રોડ્યુસર હતા પછી તેઓ સંગીત નૃત્ય નાટક મહાવિદ્યાલય, વડોદરાના આચાર્ય બન્યા. તેમણે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં સંગીતનાં પુસ્તક લખ્યાં. આ જ વિદ્યાલયના ભરત વ્યાસ વીણા,મૃદંગ અને ધ્રુપદના વિદ્વાન અને સુધીરકુમાર સક્સેના તબલાના વિદ્વાન હતા. ઈ.સ.1945 થી 1965 સુધી યશવંતરાય પુરોહિત જે કિરાના ઘરાણાની ગાયકી અને શિવકુમાર શુક્લ જે મોરાદાબાદી ઘરાણાની ગાયકીના ઉસ્તાદ હતા. તેઓએ વિશ્વ ફલક પર સંગીત ક્ષેત્રે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સમયાંતરે સંગીત પરિષદો, જલસાઓ, રેડિયો વગેરેને પ્રોત્સાહન મળવા લાગ્યું. અમદાવાદ,રાજકોટ,વડોદરા વગેરે સ્થળોએ આકાશવાણી કેન્દ્રો શરૂ થયાં જેથી લોકગીત અને લોકસંગીતના કલાકારોને પ્રોત્સાહન મળવા લાગ્યું.


**ખ) તમારી જાતે ચકાસો.**

**(1) નીચેના વિધાનો વાંચી તે સાચા (√) છે કે ખોટા (ઠ) તેની નિશાની કરો.**

1. ઈ.સ.1886માં સયાજીરાવ ગાયકવાડે સરકારી ગાયનશાળાની સ્થાપના કરી.
2. ઈ.સ.1920માં ગુજરાત યુનિવર્સિટીએ સંગીત સાથે સ્નાતક પદવી આપવાની શરૂઆત કરી.
3. 'રાગ અને રસ' નામનો ગ્રંથ પંડિત ઓમકારનાથ ઠાકુરે લખ્યો.
4. યશવંતરાય પુરોહિત મોરાદાબાદી ઘરાણાની ગાયકીના ઉસ્તાદ હતા.
5. ડાહ્યાલાલ શિવરામ નામના સંગીતના વિદ્વાને "સંગીત કલાધર" નામનો ગ્રંથ લખ્યો..

2. ગુજરાતની સંગીતકલા વિશે સંક્ષિપ્તમાં જાણકારી આપો.

## 16.4. નૃત્યકલા



પગથી તીર છોડતી નર્તકી, પટચિત્ર, લા.દ.વિદ્યામંદિર, અમદાવાદ

પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો),

*બ્રિટિશ સત્તાની સ્થાપના બાદ ગુજરાતના રાજકીય અને સામાજિક જીવનમાં મોટું પરિવર્તન આવ્યું હતું. ગુજરાતની પ્રાચીન હસ્તપ્રતો, ધાર્મિક પટ્ટાઓ, જૈન અને હિંદુ મંદિરો વગેરેમાં વિવિધ નૃત્યો, નર્તકો, નર્તકીઓ, વાજિંત્રો વગેરે આલેખાયેલાં જોવા મળે છે. જેનાં પરથી ગુજરાતની નૃત્યકલા અંગે વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે. ગુજરાતનાં દેશી રાજ્યોએ પોતાનાં રાજ્યોમાં ચિત્રકારો, નૃત્યકારો, સંગીતકારો, ગાયકો અને વાદકોને રાજ્યાશ્રય આપી વિવિધ કલાઓને જીવંત રાખી હતી. આ રાજવીઓએ નૃત્ય, નાટક અને સંગીત જેવી કલાઓને રાજદરબારમાંથી પ્રજાની વચ્ચે જાહેરમાં મૂકી. પરિણામ સ્વરૂપ  કલાઓ પ્રજામાં મનોરંજનનું માધ્યમ બની. ગુજરાતમાં ગામેગામ ભવાઈ મંડળીઓ ફરતી હતી જે લોકનૃત્ય, સંગીત અને નાટકો દ્વારા મનોરંજન કરી પ્રજાને સંસ્કાર અને શિક્ષણ આપવાનું કાર્ય કરતી. ભવાઈ ઉપરાંત લોકોમાં ગરબા,ગરબી,રાસ, લોકનૃત્યો વગેરે લોકપ્રિય હતાં. લોકો ઉત્સવો અને ઋતુઓ પ્રમાણે નૃત્યો કરતાં. આપણે આવાં નૃત્યોનો પરિચય મેળવીએ.*

### 16.4.1 ગરબો:

*'ગરબો' એ આદ્યશક્તિ મહામાયાની પૂજાનું સ્વરૂપ મનાય છે. ગરબા સાથે શક્તિપૂજા જોડાયેલી છે. આસોના પ્રથમ નવ દિવસ નવરાત્રિ મહોત્સવ ઉજવાય છે. ગરબાનાં એક સ્વરુપમાં કાણાંવાળો માટીનો ઘડો જેમાં અંદર દીવો મૂકેલો હોય એ ગરબો માથે મૂકી કન્યાઓ ઘેર ઘેર જાય, ગરબો નીચે મૂકે અને ગાય. બીજાં એક સ્વરૂપમાં માતાજીની સ્થાપના થઈ હોય ત્યાં બેસીને સ્ત્રીઓ ગાય. નવરાત્રિમાં જ્યાં માતાજીનું સ્થાપન કરવામાં આવ્યું હોય તે સ્થળે સ્ત્રી-પુરૂષો એકઠાં થઈ શક્તિપૂજાની આરાધનારૂપે માતાની ભક્તિનાં ગીતો ગાતાં ગાતાં, તાળીઓથી તાલ આપતાં, લલિત અંગ મરોડ અને પગના ઠેકા સાથે વર્તુળાકાર ઘૂમતાં ઘૂમતાં ગરબા ગાય છે. આ ગરબાઓમાં અંબા મા, બહુચર મા, મહાકાળી મા વગેરે દેવીઓના ગરબા ગવાતા, જે આ પ્રમાણે છે.*



ગરબો

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી

**"મા તું પાવાની પટરાણી કે કાળી કાળિકા રે લોલ, મા તારો ડુંગરડે છે વાસ કે ચડવું દોહેલું રે લોલ"**

**"જય જય બહુચર બિરદાળી, જય જય અંબા ભવાની મોરી મા, રમો રમો આનંદે મોરી મા...."**

*સમય જતા શક્તિપૂજાના આ ગરબાઓના વિષયો બદલાયા છે. જેમાં સમાજ,ઋતુ, કૃષ્ણભક્તિના વિષયો ઉમેરાયા. ગીતો બદલવાની સાથે નૃત્ય પદ્ધતિ પણ બદલાઈ. એક કે બે તાળીથી ગવાતા ગરબામાં ત્રણ કે ચાર તાળી અને ધીમે ધીમે ચપટી ઉમેરાઈ. ત્યારબાદ ખંજરી, મંજીરા, દીવાની થાળી, બેડાં, દાંડિયા વગેરે વસ્તુઓનો ઉપયોગ કરી સ્ત્રીઓ ગરબા ગાવા લાગી. આજે ગરબામાંથી ગરબાનું મૂળ સ્વરૂપ લુપ્ત થતું જાય છે. શરૂઆતમાં સ્ત્રીઓ માતાજીના પાંચ ગરબા ગાતી જ્યારે આજે મોડી રાત સુધી ગરબા ચાલે છે.*

*આઝાદી બાદ મોટાં શહેરોમાં ગરબા મંડળો શરૂ થયાં જેણે ગરબાઓને નવું જ સ્વરૂપ આપ્યું. ગુજરાતી ચલચિત્રો અને આકાશવાણીના કાર્યક્રમોમાં ગરબાને સારૂં એવું મહત્ત્વ મળ્યું. હેમુ ગઢવી, અવિનાશ વ્યાસના ઘણા ગરબા પ્રચલિત થયા. શહેરોની પોળો કે શેરીઓમાં ગવાતા ગરબાઓએ આજે લંબગોળ આકાર ધારણ કર્યો છે. વૈવિધ્યપૂર્ણ વસ્ત્રપરિધાન, અદ્યતન મ્યુઝિક સિસ્ટમ, ગરબાનાં મોટાં મેદાનો, મેદાનો પરની જાહેરાતો, ગરબા ગાવા અને જોવાના ટિકીટના દર વગેરે જોતાં આજનું ગરબા નૃત્ય એક ફેશન પરેડ અને વ્યવસાય બની ગયેલો જણાય છે. લગ્ન. વાર્ષિક સમારંભો, સરકારી કાર્યક્રમો વગેરેમાં ગરબા કરવાની એક નવી પ્રણાલી વિકસી છે.*

**16.4.2 ગરબીઃ**



**ગરબી**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

*ગરબીની શરૂઆત ગુજરાતી કવિ દયારામે કરી હતી. સૌરાષ્ટ્રના વિસ્તારમાં 'ગરબી' વધારે પ્રચલિત છે. ગરબી પુરુષો દ્વારા ગવાતું અને રમાતું સ્વરૂપ છે. 'સ્ત્રીઓ લે તે ગરબો અને પુરૂષો લે તે ગરબી'. કાણાવાળા ઘડામાં દીવાને મૂકી તે ઘડાને એક માંડવામાં મૂકવામાં આવે જેને 'માંડવી' કહેવાય. પુરૂષો આ માંડવી માથે મૂકી સાદાં પગલાં અને તાળીઓથી સમૂહમાં ગીત ગાઈ ગોળ વર્તુળમાં રહી નૃત્ય કરે. સમયાંતરે તેમાં ફેરફાર થયા. આજે ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં ગરબી*

*પ્રચલિત છે. મોટાભાગે સ્ત્રીઓ જ ગરબી માથે ધારણ કરે છે. બાધા, માનતા, આખડી વગેરે પ્રસંગોમાં ગરબી રમવાનો રિવાજ પ્રચલિત બન્યો છે.*

**16.4.3 રાસઃ**

*ગુજરાતમાં રાસ પરંપરા પ્રાચીનકાલથી પ્રચલિત છે. રાસના મુખ્ય ત્રણ પ્રકાર છે. 'હલ્લીસક રાસ', 'તાલી રાસ' અને 'દંડ રાસ'. આજે 'દાંડિયારાસ' જ પ્રચલિત છે. બે હાથમાં દાંડિયા લઈને નર્તકો સામસામે જોડીમાં ગોળ વર્તુળાકારે ફરતા જાય અને દાંડિયા સામસામે ઠોકી જોડી બદલતા જઈ નૃત્ય કરતા હોય છે. રાસમાં ગવાતાં ગીતોનું ઉદાહરણ જોઈએ તો,*



**રાસ**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા,

*"ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર", "અમે મહિયારાં રે ગોકુળ ગામનાં"...વગેરે છે.*

*સૌરાષ્ટ્રના રાસ તાલ, લય, ગીત અને નૃત્યની દ્રષ્ટિએ દેશ - વિદેશમાં ખૂબ લોકપ્રિય બન્યા છે. આ રાસમાં પઢારો, કોળી, ભરવાડ, કણબી, મેર અને આહિર સમાજનો દાંડિયા રાસ ખૂબ પ્રચલિત છે.પઢારો 'મંજીરા રાસ' અને કોળીઓ 'મટકી રાસ' માટે જાણીતા છે. ભરવાડો દાંડિયાને બદલે પગના તાલ, અંગના આંચકા અને હાથના હિલોળા સાથે સામ સામે રાસ રમે છે. જે 'તાલીરાસ'નો એક પ્રકાર છે. કણબીઓ રાસ રમતા રમતા સ્વસ્તિક રચે, મંડળ રચે, ચોકડી કરે અને એક કરતા વધારે ફૂદરડીઓ ફરે છે. મેર લોકોના દાંડિયા રાસમાં ગીતો ગવાતાં નથી પણ એકથી વધુ ઢોલ અને શરણાઈઓ વાગતી હોય છે. તેઓ તલવારની જેમ દાંડિયા વીઝે અને ફુદરડી ફરતા હવામાં ઊંચા ઉછાળે છે.*



**ટિપ્પણી નૃત્ય**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

**1.4.4 લોકનૃત્યો**

*ગુજરાતનાં લોકનૃત્યોમાં પ્રાદેશિક વૈવિધ્ય ઘણું છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, પંચમહાલ વગેરે વિસ્તારોનાં લોકનૃત્યો*

*વિશ્વ ફલકમાં આગવું સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમ, નવરાત્રિ, દશેરા, હોળી જેવા ધાર્મિક તહેવારો, લગ્ન,પુત્રજન્મ જેવા સામાજિક પ્રસંગો, ખેતરમાં વાવણી,લણણી જેવા પ્રસંગોમાં વિવિધ નૃત્યોથી ગામના ચોક ઉભરાય છે. સૌરાષ્ટ્રમાં 'હમચો', 'ટીટોડો', 'તોપચી', 'લુવર' જેવાં નૃત્યો પ્રચલિત છે. 'ગોફ ગૂંથણ' અહીંનું વિશિષ્ટ નૃત્ય છે, જેમાં 'ગૂંથણી' એ નૃત્યનું મુખ્ય અંગ છે. ગુજરાતનાં નૃત્યોમાં નોખી ભાત પાડતું શ્રમજીવીઓનું નૃત્ય 'ટિપ્પણી' ખૂબ જાણીતું છે. જ્યાં કોઈ ઘર ચણાતું હોય ત્યાં તળની સપાટી કઠણ અને સમથળ કરવા ટિપ્પણીથી ટીપવામાં આવે છે. મજૂર સ્ત્રીઓ આ નૃત્ય કરતી વેળાએ ઢોલ સાથે ગાઈ તાલ બદ્ધ રીતે ટિપ્પણી જમીન પર પછાડતી નૃત્ય કરે છે.*



**જાગ નૃત્ય**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

*'માંડવી', 'જાગ' અને 'રૂમાલ' પણ ગુજરાતના જાણીતાં નૃત્યો છે. અમદાવાદ તથા તેની આસપાસના વિસ્તારમાં વસતો ઠાકોર સમાજ નવરાત્રિના ઉત્સવ દરમિયાન 'માંડવી' નૃત્ય કરે છે જેમાં સ્ત્રીઓ માથે 'માંડવી' રાખી ઢોલી સાથે ઘૂમતી નૃત્ય કરતી હોય છે. માંડવી જેવું બીજું એક 'જાગ નૃત્ય' છે જેમાં સ્ત્રીઓ માથા પર નાના જાગ લઈ વર્તુળાકારે આ નૃત્ય કરે છે. બનાસકાંઠા વિસ્તારમાં 'મેરાયો નૃત્ય' ગુજરાતમાં નૃત્યોમાં આગવી ભાત પાડતું નૃત્ય છે. ગુજરાતમાં વસતી કેટલીક આદિમ જાતિઓમાં 'લાકડીનૃત્ય', 'ઢોલનૃત્ય', 'હાલીનૃત્ય' અને 'ભાલા નૃત્ય' પ્રચલિત છે. છોટાઉદેપુરના કવાંટ તાલુકામાં યોજાતો 'ઘેર'નો મેળો વિશ્વકક્ષાએ પ્રચલિત છે. જેમાં આદિવાસી સ્ત્રી પુરૂષો 'ઘેર નૃત્ય' કરે છે. સૌરાષ્ટ્રના જાંબુર ગામમાં આવીને વસેલા આફ્રિકાના સીદીઓનુ 'ધમાલ નૃત્ય' પણ ખૂબ જાણીતું છે. સીદી સમાજ મુસ્લિમ હોવા છતાં હિંદુ દેવી દેવતાઓની ઉપાસના કરે છે. સુરત જિલ્લામાં વસતા દૂબળા આદિવાસી સમાજનું 'ઘેરૈયા નૃત્ય' તથા કૂંકણા આદિવાસી સમાજનું 'ભવાડનૃત્ય', 'થાળી નૃત્ય', 'માદડ નૃત્ય' જાણીતાં નૃત્યો છે. ઉપરાંત અન્ય આદિવાસી સમાજ જેવા કે વારલી, ગામીત, નાયક, નાયકડા, દોહેડિયા, બાવડિયા વગેરેનાં નૃત્યો પણ આગવી શૈલીનાં છે.*

### 16.4.5 શાસ્ત્રીય નૃત્યો :

*ગુજરાતમાં આઝાદી બાદ શાસ્ત્રીય નૃત્ય પ્રણાલીની શરૂઆત થયેલી જોવા મળે છે. ગુજરાતમાં દક્ષિણ ભારત, પૂર્વ ભારત અને ઉત્તર ભારતની નૃત્ય શૈલીનો પ્રવેશ થયો પરિણામ સ્વરૂપ વડોદરા અને સૌરાષ્ટ્રના પ્રદેશોમાં શાસ્ત્રીય નૃત્યના તાલીમ વર્ગો શરૂ થયા. ઈ.સ.1949માં વડોદરામાં મહારાજા સયાજીરાવે નૃત્યશાળા શરૂ કરી. ઈ.સ.1953માં રાજકોટમાં 'સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી' દ્વારા કથકનૃત્યના તાલીમ વર્ગો શરૂ થયા સાથે સાથે પાંચ વર્ષનો વિશારદ અભ્યાસક્રમ ઘડાયો હતો. ઈ.સ.1960 સુધીમાં ઝવેરીબહેનોનાં મણિપુરી નૃત્ય, દમયંતી જોશીનાં કથક નૃત્ય, પ્રફુલ્લા પટેલના ભરતનાટ્યમ્ નૃત્ય, સુબ્બુલક્ષ્મી અને લીલા ગડકર વગેરેનાં નૃત્યો રજૂ થયાં હતાં.*



**મૃણાલીની સારાભાઇ તથા મલ્લિકા સારાભાઇ**
વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

*આ સમય દરમિયાન શહેરોમાં શ્રીમંત અને ઉચ્ચ મધ્યમ વર્ગના કુટુંબોમાં શાસ્ત્રીય નૃત્યોની તાલીમ લેવાની સભાનતા કેળવાઈ. વડોદરા, રાજકોટ અને અમદાવાદમાં ભરતનાટ્યમ્, મણિપુરી, કથક, કુચીપુડી અને કથકલી વગેરે નૃત્યોનું શિક્ષણ શરૂ થયું. વડોદરામાં કુબેરનાથ તાંજોરકર, અંજલિબેન મેઢ, અમદાવાદમાં મૃણાલિની સારાભાઈ,ચાતુની પરિકર વગેરે નૃત્યવિદોએ જુદી જુદી સંસ્થાઓ દ્વારા નૃત્યની તાલીમ આપવી શરૂ કરી. શ્રીમતી મૃણાલિની સારાભાઈએ અમદાવાદમાં ઈ.સ.1949માં 'દર્પણ' નામની સંસ્થા શરૂ કરી. ઈ.સ.1960માં "ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી"ની સ્થાપના થતાં લોકનૃત્યમંડળીઓને અને શાસ્ત્રીય નૃત્યની તાલીમ આપતી સંસ્થાઓને ગ્રાન્ટ આપી નૃત્ય પરંપરાને જીવંત રાખવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ બની છે.*

**ગ) તમારી જાતે ચકાસો.**

**(1) નીચેનાં જોડકાં જોડો**

| વિભાગ – અ | | વિભાગ-બ |
|---|---|---|
| 1) | સીદી સમાજ | A) મણિપુરી નૃત્ય |
| 2) | ગરબી | B) મંજીરા રાસ |
| 3) | પઢારો | C) ધમાલ નૃત્ય |

4) ઝવેરીબહેનો D) દયારામ

5) મૃણાલિની સારાભાઈ E) દર્પણ

**2.** ગુજરાતની નૃત્યકલા વિશે પરિચય આપો.

______________________________________________

______________________________________________


______________________________________________

______________________________________________

______________________________________________

## 16.5 નાટ્યકલા

*19મી સદીમાં ગુજરાતના સામાજિક અને સાંસ્કૃતિક જીવનના ઘડતરમાં રંગભૂમિએ અગત્યનો ભાગ ભજવ્યો છે. ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ ભાતીગળ છે. જ્યારે નાટકશાળાઓ ન હતી ત્યારે ગામે ગામ ભવાઈ મંડળીઓ ફરતી હતી, જે લોકોને મનોરંજન દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય કરતી હતી. સમય જતા તેમાં વિકૃતિ આવી પરિણામે શિક્ષિત વર્ગમાં ભવાઈ પ્રત્યે એક પ્રકારની સૂગ ઊભી થઈ. રણછોડરામ ઉદયરામ જેવા સાક્ષરે ભવાઈ તથા ભવૈયાઓની સ્થિતિ સુધારવા નાટ્યપ્રવૃત્તિનો આરંભ કર્યો. આમ, કેટલાય વિદ્વાનો માને છે કે ભવાઈમાંથી અર્વાચીન ગુજરાતી નાટકનો જન્મ થયો. પરંતુ ચંદ્રવદન મહેતા અને નરસિંહરાવ દિવેટિયા આ મતનો વિરોધ કરે છે. ભવાઈમાંથી આવેલા કેટલાક નટો, ભવાઈ સંગીત વગેરેએ ઘણા નાટકોને સિદ્ધિ અપાવી તે વાત પણ સ્વીકારવા જેવી છે. બીજી એક વાત નોંધવા જેવી એ છે કે જ્યારે શરૂઆતમાં નાટકોમાં સ્ત્રીઓ ભાગ લેતી ન હતી ત્યારે કેટલાક પુરૂષોએ સ્ત્રી પાત્રોની ભૂમિકા ભજવી હતી દા.ત., જયશંકર સુંદરી ગુજરાતની રંગભૂમિને નાયક,ભોજક,બ્રાહ્મણ,બ્રહ્મભટ્ટ,મુસ્લિમ વગેરે જાતિના નટો તથા કુ.મેરી ફાઉન્ટેન, મોતીજા, મુન્નીબાઈ, મોતીબાઈ જેવી નટીઓએ પોતાના અભિનય અને સંગીત વડે સમૃદ્ધ કરી.*



**રણછોડરામ ઉદયરામ**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી

### 16.5.1 નાટ્યગૃહોનાં બાંધકામ :



**ઇ.સ.1904માં ગેઇટી થિયેટરમાં ભજવાયેલું 'કામલત્તા' નાટક**

https://upload.wikimedia.org/wikipedia/commons/thumb/6/6e/Bapulal_Nayak_and_Jaishankar_Bhojak_Sundari_in_the_play_Kamlata%2C_at_Gaiety_Theatre%2C_Mumbai%2C_1904.jpg/800px Bapulal_Nayak_and_Jaishankar_Bhojak_Sundari_in_the_play_Kamlata%2C_at_Gaiety_Theatre%2C_Mumbai%2C_1904.jpg

*19મી સદી દરમિયાન સુરતની બંદર તરીકે પડતી થઈ અને મુંબઈનો વિકાસ થયો. મુંબઈમાં અંગ્રેજોની વસ્તી સારા પ્રમાણમાં હતી. પોતાના મનોરંજન માટે અંગ્રેજોએ રૂ.14,025ના ફાળામાંથી ઈ.સ.1770માં ઑલિફિન્સ્ટન સર્કલ પર પ્રથમ થિયેટર બાંધ્યું જેનું નામ "બોમ્બે થિયેટર" રાખવામાં આવ્યું. જેમાં અંગ્રેજી નાટકો ભજવાતાં. જો કે કાર્યક્રમોમાં આર્થિક ખોટ આવતા આ થિયેટર જમશેદજી નામના પારસીએ ખરીદ્યું હતું. જે પાછળથી રૂ ભરવાની વખાર બની ગયું.અંગ્રેજોમાંથી પ્રેરણા લઈ પારસીઓએ એક નાટક મંડળી સ્થાપી. તા.23 ઓગસ્ટ,1853ના રોજ પારસી મંડળીએ ગ્રાન્ટ રોડની કોઈ નાટકશાળામાં "રૂસ્તમ અને સોરાબ" નાટક ભજવ્યું. આ નાટક જોઈ રંગભૂમિના ચાહક એવા જગન્નાથ શંકરશેઠે ગ્રાન્ટ રોડ પર ભારતનું પ્રથમ થિયેટર ઈ.સ.1842માં બંધાવ્યું. ત્યારબાદ ઈ.સ.1870માં વિક્ટોરીયા થિયેટરના પાયા મુંબઈમાં નંખાયા. તે જોઈ કુંવરજી નાઝરે "ગેઈટી થિયેટર" બંધાવ્યું. જ્યાં 'મુંબઈ ગુજરાતી નાટકમંડળી' ગુજરાતી નાટકો ભજવતી.*

*હવે અમદાવાદમાં નાટ્યગૃહોની શરૂઆત વિશે વાત કરીએ. અમદાવાદમાં જ્યારે થિયેટરો ન હતા ત્યારે નાટકો જ્ઞાતિની વાડીમાં ભજવાતાં. 'નાગોરી શાળાની વાડી', 'માનાભાઈની વાડી', 'બ્રહ્મચારીની વાડી' વગેરે વાડીઓમાં નાટકો ભજવાતાં. ઈ.સ.1888માં અમદાવાદની નગરશેઠ વંડાની વાડીમાં કેશવલાલ અધ્યાપકનું 'સંગીત લીલાવતી' નાટક ભજવાયું હતું. ઈ.સ.1894માં અમદાવાદના ઘીકાંટા વિસ્તારમાં શહેરનું પહેલું 'આનંદભવન થિયેટર' બંધાયું. જેમાં આ જ 'સંગીત લીલાવતી' નાટક ભજવાયું હતું. ઈ.સ.1898માં બ્રહ્મચારી વાડીમાં 'શાંતિભુવન થિયેટર' બાંધવામાં આવ્યું જ્યાં આજે અશોક સિનેમા આવેલું છે. છેલ્લે અમદાવાદમાં ઘીકાંટા વિસ્તારમાં 'ભારતભુવન થિયેટર' અને 'માસ્તર થિયેટર' બંધાયાં હતાં.*

*સૌરાષ્ટ્ર અને કચ્છના જે રાજાઓ નાટકના શોખીન હતા તેમની પોતાની નાટક શાળાઓ હતી. જેમ કે, લીબડીના ઠાકોરની આગવી નાટકશાળા હતી. જૂનાગઢના*

*નવાબ મહાબતખાનજી ત્રીજા રંગભૂમિના રસિયા હતા. કેટલાંક નાટકોમાં તેમણે પોતે ભૂમિકાઓ ભજવી હતી. જૂનાગઢમાં પોતાના રાજમહેલમાં સ્વતંત્ર નાટકશાળા બાંધી હતી. વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડ ડાહ્યાભાઈ ધોળશાજીનાં નાટકોના ચાહક અને પ્રશંસક હતા. એકવાર ડાહ્યાભાઈની નાટક મંડળીમાં આગ લાગતા મોટું નુકશાન થયું તો મહારાજા સયાજીરાવે તેમને મોટી રકમની મદદ કરી. આ મદદથી ડાહ્યાભાઈની નાટક મંડળી ફરીથી જીવંત બની તેથી તેઓ હંમેશા રંગમંચની ઝાલર પર લખતા કે 'સેનાખાસખેલ સમશેર બહાદુર મહારાજ સયાજીરાવ ગાયકવાડ આશ્રિત.'*

**16.5.2 નાટકમંડળીઓ :**

*આપણે જોયું કે ઈ.સ.1853માં મુંબઈ ખાતે પારસી નાટક મંડળીની શરૂઆત થઈ. આ મંડળીની સ્થાપનામાં દાદાભાઈ નવરોજી, જહાંગીરજી વાચ્છા, ડૉક્ટર ભાઉ દાઉ, સોરાબશાહ મુસનો ફાળો મહત્ત્વનો હતો. ત્યારબાદ ઈ.સ.1861માં કુંવરજી સોરાબજી નાઝરે "એલ્ફિસ્ટન ડ્રામેટિક ક્લબ"ની સ્થાપના કરી જેમાં મુંબઈના પારસી જજીસ, ડૉક્ટર્સ, બેરિસ્ટર્સ હતા. આ સંસ્થાએ મુંબઈના બોરી બંદર પાસે જગ્યા મેળવીને "ગેઈટી થિયેટર" બંધાવ્યું. જેમાં ઘણાં અંગ્રેજી નાટકો ગુજરાતી ભાષામાં રજૂ થયાં. ઈ.સ.1853 થી 1860 સુધી 25 જેટલી ગુજરાતી નાટક મંડળી અસ્તિત્વમાં આવી, જેના માલિકો પારસી હતા. એમાં દાદાભાઈ*



**જયશંકર ભોજક 'સુંદરી'**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

*થૂથી, સોરાબજી ઓગરા, ખુરશેદજી બાલીવાલા મુખ્ય હતા. ત્યારબાદ 'આર્ય સુબોધ નાટક મંડળી', 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી', 'ગુજરાતી નાટક મંડળી', 'શ્રી અમદાવાદ ગુજરાતી નાટક મંડળી' વગેરે પ્રચારમાં આવી. ઈ.સ.1860 થી 1914 સુધી ગુજરાત-સૌરાષ્ટ્રમાં 200 જેટલી નાટક મંડળીઓ હતી. એમાં 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી', 'શ્રી દેશી સમાજ નાટક મંડળી', 'શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ', 'શ્રી આર્ય નાટક મંડળી' વગેરે મંડળીઓ હતી. આ મંડળીઓ પ્રજામાં મનોરંજન દ્વારા સંસ્કાર-સિંચન કરતી. ઈ.સ.1868-72ના ગાળામાં આ નાટક મંડળીઓએ 'કરણઘેલો', 'હરિશ્ચંદ્ર', 'ઓખાહરણ' જેવા નાટકો ભજવ્યાં હતાં.*

*નાટક મંડળીઓના માલિકોના રંગભૂમિ અંગેના ખ્યાલ ઘણા ઉચ્ચ અને આદર્શવાદી હતા. નાટક મંડળીમાં દાખલ થનાર નટની કાળજી લેવાતી, તેને યોગ્ય તાલીમ આપવામાં આવતી. આ બાબતની વિસ્તૃત માહિતી જયશંકર સુંદરીએ પોતાની આત્મકથા 'થોડાંક આંસુ : થોડાંક ફૂલ'માં આપી છે. આ નાટક મંડળીઓએ દેશ વિદેશમાં પોતાના નાટકો*

દ્વારા નામના મેળવી હતી. ઉદાહરણ તરીકે જોઈએ તો 'હરિશ્ચંદ્ર'નું ગુજરાતી અને 'હરિશ્ચંદ્ર'નું હિંદુસ્તાની અનુવાદિત નાટક દેશ વિદેશમાં ભજવાયું હતું.

### 16.5.3 નાટ્યલેખકો, દિગ્દર્શકો અને નટો :

આ સમય દરમિયાન ગુજરાતી રંગભૂમિને ઉત્તમ લેખકો, કવિઓ, દિગ્દર્શકો અને નટો મળ્યા. જેમણે ગુજરાતી રંગભૂમિને સમૃદ્ધ બનાવી. શરૂઆતમાં અંગ્રેજી અને સંસ્કૃત નાટકોનાં કથાવસ્તુ સાથે નાટકો ભજવાતાં. અંગ્રેજી કેળવણી બાદ નાટકોનું વિષયવસ્તું પૌરાણિક બન્યું. જેમાં રામાયણ, મહાભારત, નળ-દમયંતી, કૃષ્ણ-સુદામા જેવાં પૌરાણિક અને સધરા જેસંગ, સમ્રાટ ચંદ્રગુપ્ત, પૃથ્વીરાજ ચૌહાણ, વનરાજ ચાવડો, માલવપતિ મુંજ જેવાં ઐતિહાસિક પાત્રો પર ઐતિહાસિક નાટકો ભજવાવાં લાગ્યાં.



જયશંકર ભોજક અને બાપુલાલ નાયક 'સ્નેહ સરિતા' નાટકમાં ઇ.સ.1915

https://upload.wikimedia.org/wikipedia/commons/thumb/7/71/Bapulal_Nayak_and_Jaishankar_Bhojak_Sundari_in_a_play_Sneh-Sarita_in_1915.jpg/800px-Bapulal_Nayak_and_Jaishankar_Bhojak_Sundari_in_a_play_Sneh-Sarita_in_1915.jpg

સામાજિક નાટકો લખવાની શરૂઆત રંગભૂમિના પિતા રણછોડભાઈ ઉદયરામ દવેએ કરી. તેમણે 'લલિતાદુઃખદર્શક', અને 'જયકુમારી વિજય' નાટકો લખી સમાજ પર ધાર્યો પ્રભાવ પાડ્યો. આ બન્ને નાટકોએ રંગભૂમિ અને નાટકની દુનિયામાં વિક્રમ સર્જ્યો હતો. આ નાટકો બાદ અન્ય સામાજિક નાટકોમાં પાનાચંદ આનંદજીનું 'વ્યભિચાર ખંડન', કેશવલાલ મોતીલાલનું 'કજોડા દુઃખદર્શક', રૂપશંકર ગંગાશંકરનું 'વિધવા દુઃખદર્શક', નરભેરામનું 'બાળવિધવા રૂપવંતી દુઃખદર્શક' વગેરે રજૂ થયાં. આ નાટકોએ સમાજની રૂઢિઓ સામે બંડ ઉઠાવવામાં અને સમાજસુધારણામાં મોટો ફાળો આપ્યો. કવિ દલપતરામે'લક્ષ્મી' અને 'મિથ્યાભિમાન', નવલરામે 'ભટનું ભોપાળું', કવિ નર્મદે 'કૃષ્ણાકુમારી', મણિલાલ દ્વિવેદીએ 'કાન્તા', રમણલાલ નીલકંઠે 'રાઈનો પર્વત' જેવાં નાટકોમાં સામાજિક વસ્તુ લઈને સમાજસુધારાનો સૂર રજૂ કર્યો.

આ સમયના દિગ્દર્શકો નાટકની રજૂઆત અંગે ઊંડી સૂઝ ધરાવતા હતા. નાટકના રિહર્સલ વખતે અભિનય, સંગીત, ગીતો, વેશભૂષા, સિનસિનેરી વગેરેમાં ખૂબ ધ્યાન રાખતા. આવા નામાંકિત દિગ્દર્શકોમાં દાદાભાઈ થૂંથી, કેશવલાલ અધ્યાપક, વાઘજી ઓઝા, જયશંકર સુંદરી, રામલાલ નાયક મુખ્ય હતા. દિગ્દર્શકોની જેમ નાટકના લેખકો અને કવિઓ પણ રંગભૂમિના મહત્ત્વના અંગો હતા. આ સમય દરમિયાન આવા લેખકો, કવિઓમાં ડાહ્યાભાઈ ધોળશાજી, નથુરામ સુંદરજી, નારાયણ ઠક્કર, રસકવિ

*રઘુનાથ બ્રહ્મભટ્ટ, ફૂલચંદ શાહ, પ્રભુલાલ દ્વિવેદી, ગૌરીશંકર વૈરાટી ઈત્યાદિનાં નામ ઉલ્લેખપાત્ર છે.*

*આ સમયગાળાની 200થી વધારે નાટકમંડળીઓમાં જે નટોએ નાની મોટી ભૂમિકાઓ ભજવીને ખ્યાતિ મેળવી તેમની યાદી આપવી અશક્ય છે, છતાં કુમળી વયે નાટકમંડળીઓમાં પ્રવેશ કરી તાલીમ લઈ એમણે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી તેનાથી ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ ઉજમાળો બન્યો છે. આવા નટોમાં સોરાબજી ઓગરા, મૂળજી ઓઝા, અમૃત કેશવ નાયક, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક, વિઠ્ઠલદાસ નાયક, મોતીરામ બહેચર, માસ્ટર ભગવાનદાસ વગેરે નટોનો ઉલ્લેખ કરવો ઘટે. જ્યારે નટીઓમાં કુ.મિસ મેરી ફેન્ટન, મુન્નીબાઈ, કમળાબાઈ, મોતીબાઈ વગેરેનાં નામો મુખ્ય છે.*

*ગુજરાતી રંગભૂમિનું આકર્ષક અંગ તે એનું કોમિક અને સંગીત છે. રંગભૂમિ ઉપર ભજવાતાં પૌરાણિક ઐતિહાસિક કે સામાજિક નાટકનું કથાવસ્તુ પ્રેક્ષકોને પેટ પકડીને હસાવતું પણ ખરું. આમ, આ સમયગાળાની ગુજરાતની રંગભૂમિનું સરવૈયું જોતા જણાય છે કે એનું જમા પાસું ઘણું સમૃદ્ધ છે. ઈતિહાસની હકીકતો તપાસતા જણાય છે કે નાટક મંડળીઓના માલિકો કેવળ ધન કમાવાની વૃત્તિથી નાટકો રજૂ કરતા ન હતા પરંતુ પ્રજાની સંસ્કારભૂખ મનોરંજન દ્વારા સંતોષાય એની પણ કાળજી રાખતા હતા.*

### 16.5.4 ઈ.સ.1920 થી ઈ.સ.1960 સુધી ગુજરાતની નાટ્યકલા :

*ઈ.સ.1915 બાદ વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ વિભાગમાં નાટ્યવિદ્યાનો અભ્યાસ શરૂ થયો. સ્વતંત્રતા બાદ જૂના મુંબઈ રાજ્યમાં 'સંગીત-નાટક અકાદમી'ની સ્થાપના થઈ. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 'સંગીત નાટક અકાદમી'ની સ્થાપના થઈ. શ્રી ચંદ્રવદન મહેતા તેના નિયામક હતા. જયશંકરભાઈ ભોજક જૂની રંગભૂમિમાંથી નિવૃત થઈ ગુજરાત વિદ્યાસભામાં નાટ્ય વિદ્યામંદિરમાં નિયામક બન્યા. ઈ.સ.1915માં મહાત્મા ગાંધી પાછા ભારત આવ્યા અને તેમણે સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેની રાષ્ટ્રીય ચળવળ ઉપાડી. આ ઘટનાની અસર ગુજરાતી નાટકો પર પડી. આ સમયમાં પ્રભુલાલ દ્વિવેદીનું 'અરુણોદય', 'સર્વોદય', શિવકુમાર જોશીનું 'અંધારા ઉલેચો', મનહર વરતેજવાળાનું 'સ્વદેશસેવા' જેવાં નાટકો ભજવાયાં. ઉદાહરણ તરીકે 'સ્વદેશસેવા' નાટકનું એક ગીત જોઈએ. જે આ પ્રમાણે હતું,*

**"અમે સૌ એક ઝાડની ડાળ, નથી જુદાઈ અમે સૌ ભાઈ**
**હિંદુ મુસલમાન પારસી યહૂદી, ખ્રિસ્તી જાત અનેક**
**જુદી જુદી રહી છો અમારી પણ અંતર છે એક...."**

*આ નાટકોએ લોકોમાં રાષ્ટ્રભાવના, હરિજન ઉદ્ધાર, સ્વદેશી, સ્ત્રી સમાનતાના ગુણોનું સિંચન કર્યું.*

*ઈ.સ.1915 બાદ સુરતમાં 'સૂર્યપ્રકાશ થિયેટર', વડોદરામાં 'મોરબી થિયેટર', ભાવનગરમાં 'વિજયરંગ થિયેટર" બંધાયાં હતાં. આ સમયમાં જે નટો થયા તેમાં શિવલાલ ગિરધર ('કોમિક'), પ્રભાશંકર 'રમણી', બબલભાઈ માસ્ટર, ફતુજી મીર,*

*ચૂનીલાલ 'દુર્ગાદાસ', બલદેવદાસ પ્રભાશંકર ('કાળી કોયલ'), અમૃત જાની વગેરે હતા. જેમના સંવાદો અને ગીતોથી પ્રેક્ષકો પર ધારી અસર પડતી. આ સમયના દિગ્દર્શકોમાં પ્રાણસુખ 'એડિપોલો', ગોપાળજી ભોજરાજ, કાસમભાઈ મીર,શિવલાલ નાયક વગેરે હતા. જેઓ પોતાનાથી બનતો પુરૂષાર્થ નાટકની સફળતા માટે કરતા..*

### 16.5.5 રંગભૂમિનો અસ્ત :

*ગુજરાતી રંગભૂમિ સો વર્ષનું આયુષ્ય ભોગવી શકી ન હતી. તેના માટે કેટલાંક કારણો જવાબદાર હતાં. નાટક મંડળીઓની ગળાકાપ બિનતંદુરસ્ત સ્પર્ધા, દિગ્દર્શકોમાં દૂરંદેશીપણાનો અભાવ, ખર્ચાળ સેટિંગ્સ, ભભકાદાર પોશાક, પ્રકાશના ભપકા, નટ-નટીઓનો કૃત્રિમ અભિનય, માલિકોની વેપારીવૃત્તિ, ચલચિત્રોનું આક્રમણ વગેરેના કારણે ગુજરાતી રંગભૂમિનો મૃત્યઘંટ વાગ્યો. પરંતુ એ વાત સ્વીકારવી પડે કે ગુજરાતી રંગભૂમિએ ઐતિહાસિક, પૌરાણિક નાટકો રજૂ કરી પારસી મરાઠી અને હિંદી નટ નટીઓને એકત્ર કરી ગુજરાતમાં તથા ગુજરાત બહાર અને ભારતની બહાર નાટ્યકલાની- રંગભૂમિની જે સુવાસ પ્રસરાવી છે તે ગુજરાતી નાટ્યકલાનું ઉજ્જવળ પ્રકરણ છે.*

### 16.5.6 અવેતન રંગભૂમિ :



'મેનાગુર્જરી' નાટકનું એક દ્રશ્ય

પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984.

*ગુજરાતી રંગભૂમિનો અસ્ત થતા ઈ.સ.1930 બાદ મુંબઈ, અમદાવાદ, વડોદરા, રાજકોટ વગેરે સ્થળોએ અવેતન કલામંડળોનો જન્મ થયો. પરિણામે ગુજરાતની પ્રજાને શિષ્ટ સાહિત્યિક નાટકો માણવાની તક મળી. અવેતન રંગભૂમિની પ્રવૃત્તિ માટે પ્રથમ ભજવાયેલ નાટક 'અખો' હતું. મુંબઈમાં ભારતીય વિદ્યા ભવનના 'કલા કેન્દ્ર', 'ભટ્ટી સેવાસમાજ' દ્વારા અવેતન રંગભૂમિનાં નાટકો ભજવાતાં. અમદાવાદમાં ઈ.સ.1937 બાદ આ પ્રવૃત્તિ રંગમંડળ દ્વારા શરૂ થઈ. રંગમંડળ દ્વારા 'લોપામુદ્રા', 'ગીતગોવિંદ', 'મખ્ખીચૂસ', 'મળેલા જીવ' વગેરે નાટકો ભજવાયાં.જેનાં દ્વારા અરૂણ ઠાકોર, પી.ખરસાણી, મોહન ઠક્કર, દામિની મહેતા જેવા કલાકારો મળ્યા. રંગમંડળની જેમ ગુજરાત વિદ્યાસભાના નટમંડળ દ્વારા કેટલાંક નાટકો ભજવાયાં જેમાં 'રાઈનો પર્વત', ઢીંગલીઘર', 'મેનાગુર્જરી', 'મુદ્રારાક્ષસ' મુખ્ય છે. નટમંડળ દ્વારા દીના પાઠક, જશંવત ઠાકર, અરવિંદ પાઠક, પ્રાણસુખ નાયક જેવા*

કલાકારો મળ્યા. આમ, અમદાવાદમાં રંગમંડળ, નટમંડળ ઉપરાંત લોકનાટ્ય સંઘ, ગુજરાત કૉલેજ, એચ.એલ. કોમર્સ કૉલેજ, એલ.ડી.આર્ટસ કૉલેજ, રૂપકસંઘ વગેરેએ પોતાના નાટકો રજૂ કરી અવેતન રંગભૂમિને જીવંત રાખી.

વડોદરામાં અવેતન રંગભૂમિનું કાર્ય મ.સ.યુનિવર્સિટીના નાટ્યવિભાગ દ્વારા, કલા કેન્દ્ર અને ત્રિવેણી સંસ્થા તથા હંસાબેન મહેતા, રમણલાલ દેસાઈ, માર્કંડ ભટ્ટ દ્વારા થયું.



**જશંવત ઠાકર**

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

સુરતમાં અવેતન નાટ્ય કલા પ્રવૃત્તિ વિકસાવવામાં ચંદ્રવદન મહેતા,શિવપ્રસાદ લાલા, મધુકર રાંદેરિયા, વજુભાઈ ટાંક વગેરેનો ફાળો નોંધપાત્ર છે. સૌરાષ્ટ્રમાં 'સૌરાષ્ટ્ર કલા રસોત્સવ મંડળ' અને રમણલાલ યાજ્ઞિક, ડી.પી.જોશી, ગિજુભાઈ વ્યાસ વગેરે દ્વારા અવેતન નાટય કલાપ્રવૃતિ વિકસી. જૂની રંગભૂમિ સાથે સંકળાયેલી ધંધાદારી નાટ્ય મંડળીઓ પૈકી માત્ર બે જ દેશી નાટક સમાજ અને લક્ષ્મીકાંત નાટક કંપની જૂની ઢબનાં નાટકો રજૂ કરે છે.

હાલમાં સુશિક્ષિત વર્ગને નાટક, પ્રહસન, સંગીતરૂપક માટે અભિમુખતા છે. આજનો વર્ગ માત્ર નાટક જોવામાં જ નહી પરંતુ તેમાં અભિનય કરવા અને તેને માણવા માટે નાટ્યકલામાં રસ લેતો જોવા મળે છે.

**તમારી જાતે ચકાસો.**

**(1) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

1. અમદાવાદમાં પ્રથમ નાટ્ય થિયેટર કયું બન્યું?

2. પારસી નાટક મંડળીની શરૂઆત કયા વર્ષમાં થઈ?

3. *રંગભૂમિના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે?*

4. *મણિલાલ દ્વિવેદીએ કયું નાટક લખ્યું હતું?*

5. *અમદાવાદમાં અવેતન રંગભૂમિની શરૂઆત કઈ સંસ્થા દ્વારા થઈ?*

2. *ગુજરાતની નાટ્યકલા વિશે પરિચય આપો.*

## 16.6 સારાંશ

*ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના પછી સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે મોટું પરિવર્તન આવ્યું. વિજ્ઞાનની શોધો, શિક્ષણના પ્રસાર, વાહનવ્યહાર સંદેશાવ્યવહારનાં સાધનોનો વિકાસ વગેરેના કારણે સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે નવજાગૃતિ આવી. પરિણામે ચિત્રકલા, સંગીતકલા, નૃત્યકલા અને નાટ્યકલાનો નોંધપાત્ર વિકાસ થયો. ઈ.સ.1818 થી ઈ.સ.1960ના સમયગાળા દરમિયાન સંગીતકલા ક્ષેત્રે રાષ્ટ્રીય સંગીત મંડળ, ગાંધર્વ મહાવિદ્યાલય, સરસ્વતી સંગીત વિદ્યાલય, મ્યુઝિક કૉલેજ વડોદરા, બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ જેવી સંસ્થાઓની સ્થાપના થઈ. ચિત્રકલા ક્ષેત્રે સપ્તકલા ભાવનગર, કલાનિકેતન અમદવાદ, ગુજરાત કલાસંઘ, ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ વડોદરા, નિહારિકા મંડળ જેવી સંસ્થાઓની સ્થાપના થઈ. નાટ્યકલા ક્ષેત્રે રંગમંડળ અને*

નૃત્યકલા ક્ષેત્રે દર્પણ, રૂપકસંઘ જેવી સંસ્થાઓની સ્થાપના થઈ હતી. આ સંસ્થાઓ આજ દિન સુધી લલિતકલાઓના વિકાસ માટે અમૂલ્ય યોગદાન આપી રહી છે. લલિતકલાઓ ઉપરાંત રંગાટીકામ, છાપકામ, ભરતગૂંથણ,મોતીકામ, ધાતુકામ, અકીક ઉદ્યોગ, જરીક્સબ ઉદ્યોગ, માટીકામ, ખરાદીકામ વગેરે જેવી હુન્નરકલાઓનો પણ વિકાસ થયેલો જોવા મળે છે. ગુજરાતમાં ચિત્ર, નૃત્ય, નાટ્ય, સંગીતનો ઘણો વિકાસ આ સમયગાળામાં થયો હતો એમ નિઃશંક કહી શકાય. ગુજરાતી પ્રજાને સંસ્કારિતાનો ઓપ આપવામાં આ કલાઓના ખેડાણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

## 16.7 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **ભીત્તિચિત્રો** | *ભીતો પર દોરવામાં આવતાં ચિત્રો* |
| **પટ્ટાઓ** | *કાપડનાં લાંબાં ટુકડાં જેનાં પર ચિત્રો આલેખી શકાય.* |
| **કાષ્ઠકલા** | *લાકડામાંથી બનાવવામાં આવતી વિવિધ ચીજવસ્તુઓની કારીગરી* |
| **ભવાઈ** | *નાટ્યકલાનો એક પ્રકાર* |
| **નટ-નટી** | *ભવાઈમાં વેશ ભજવનાર કલાકારો* |
| **દિગ્દર્શક** | *નાટકનો મુખ્ય સૂત્રધાર, સંચાલક* |
| **પોથી** | *ચિત્રિત હસ્તપ્રત* |
| **ધ્રુપદ** | *એક પ્રકારની સંગીત પદ્ધતિ, હિન્દુ શૈલી* |
| **ખ્યાલ** | *એક પ્રકારની સંગીત પદ્ધતિ, મુસ્લિમ શૈલી* |
| **ઠુમરી અને ટપ્પા** | *લોકસંગીતના પ્રકાર* |

## 16.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(ક) (1). 1. *જૂનાગઢ*, 2. *શ્રીપાલરાસ*, 3. 365, 4. *મુંબઈ*, 5. *હિંદદેવી*

(ખ) (1). (1 – √), ( 2 - X), ( 3 - √), (4 – X), ( 5 - √)

(ગ) (1). (1 – C), ( 2 - D), ( 3 - B), (4 – A), ( 5 - E)

(ઘ) (1). 1. *આનંદભવન*, 2. *ઈ.સ.1853*, 3. *રણછોડભાઈ ઉદયરામ*, 4. *કાન્તા*, 5. *રંગમંડળ*

## 16.9 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *જન્મપત્રિકાઓમાં કેટલા ગ્રહોનાં ચિત્રો જોવા મળે છે ?*

(A) નવ (B) સાત

(C) છ (D) આઠ

2. રવિશંકર રાવળે નીચેનામાંથી કયું સામયિક શરૂ કર્યું ?

(A) પરબ (B) કુમાર

(C) નયામાર્ગ (D) શબ્દસૃષ્ટિ

3. રાજકુમાર પ્રભાતદેવજીએ સંગીતનો કયો ગ્રંથ લખ્યો?

(A) સંગીતભાવ (B) સંગીત કલાધર

(C)સંગીતપ્રકાશ (D) સંગીતાનુભવ

4. સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

(A) 1949 (B) 1948

(C) 1951 (D) 1950

5. નીચેનામાંથી કયું નૃત્ય શ્રમજીવીઓનું છે?

(A) મેરાયો (B) ટિપ્પણી

(C) લુવર (D) હમચા

6. બનાસકાંઠા વિસ્તારમાં કયું નૃત્ય જાણીતું છ`?

(A) ધમાલ (B) જાગ

(C) હાલી (D) મેરાયો

7. દયારામે સાહિત્યનો કયો પ્રકાર લખવાની શરૂઆત કરી?

(A) ગરબી (B) ગરબો

(C) છપ્પા (D) પદ

8. જયશંકરભાઈને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) કાળી કોયલ (B) કોમિક

(C) એડિપોલો (D) સુંદરી

9. દલપતરામે કયું નાટક લખ્યું ?

(A) કાન્તા (B) કૃષ્ણાકુમારી

(C) લક્ષ્મી (D) ગંગા

10. 'સર્વોદય' નાટક કોણે લખ્યું?

(A) પ્રભુલાલ દ્વિવેદી (B) મણિલાલ દ્વિવેદી

(C) શિવકુમાર જોશી (D) મનહરભાઈ વરતેજવાળા

જવાબો : (1 - A), (2 - B), (3 - C), (4 - D), (5 - B), (6 - D), (7 - A), (8-D), (9 - C), (10 - A)

## 16.10 સ્વાધ્યાય

1. ઈ.સ.1818 થી ઈ.સ.1960 સુધી ચિત્રકલાક્ષેત્રે થયેલા વિકાસની જાણકારી આપો.

2. ઈ.સ.1818 થી ઈ.સ.1960 સુધી ગુજરાતની સંગીતકલા વિશે વિસ્તૃત નોંધ લખો.

3. ઈ.સ.1818 થી ઈ.સ.1960 સુધી ગુજરાતની નૃત્યકલાના વિકાસની જાણકારી આપો.

4. ઈ.સ.1818 થી ઈ.સ.1960 સુધી ગુજરાતની નાટ્યકલાના વિકાસની જાણકારી આપો.

5. વડોદરાની ફાઈન આર્ટ્સ કૉલેજ, સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી, દર્પણની મુલાકાત ગોઠવો.

6. હસ્તપ્રતો, ગુજરાતી આખ્યાનો, ધાર્મિક પટ્ટાઓ માટે હેમચંદ્ર જ્ઞાનમંદિર-પાટણ, શાંતિનાથ જૈન મંદિર-ખંભાત, ડહેલાનો જૈન ઉપાશ્રય- અમદાવાદ, દેવશાના પાડાનો ઉપાશ્રય- અમદાવાદ, આત્માનંદ સભા-ભાવનગર, શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર- અમદાવાદની મુલાકાતનું આયોજન કરો.

## 16.11 સંદર્ભ સૂચિ


1. પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ. (સંપાદકો) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઈ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984.
2. પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ. (સંપાદકો) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, આઝાદી પહેલા અને પછી(ઈ.સ.1915 થી 1960), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1987.
3. વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.
4. રાજગોર, શિવપ્રસાદ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 1974.
5. રામાનુજ જાગૃતિ, રામાનુજ વી. આપણું ગુજરાત પ્યારૂં ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, 2017.
6. પ્રકરણમાં આપવમાં આવેલા ચિત્રો વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, પરીખ,રસિકલાલ. શાસ્ત્રી, હરિપ્રસાદ. (સંપાદકો) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઈ.સ.1914 સુધીનો), પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, આઝાદી પહેલા અને પછી (ઈ.સ.1915 થી 1960), ગુગલ ઈમેજીશ તથા વિકીપીડીયામાંથી લેવામાં આવેલા છે.

## એકમ : 17 ઈ.સ.1818 થી 1960 દરમિયાન ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય

:: રૂપરેખા::

17.0 ઉદ્દેશ્યો
17.1 પ્રસ્તાવના
17.2 ધાર્મિક સ્થાપત્ય
  17.2.1 હિંદુ અને જૈન મંદિરો
  17.2.2 સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો
  17.2.3 હવેલી મંદિરો
  17.2.4 મસ્જિદો
  17.2.5 પારસી અગિયારીઓ
  7.2.6 ખ્રિસ્તી દેવળો
  17.2.7 અન્ય સ્થાપત્ય
17.3 નાગરિક સ્થાપત્ય
  17.3.1 નગરો
  17.3.2 મકાનો
  17.3.3 જાહેર મકાનો
  17.3.4 હવેલીઓ
  17.3.5 રાજમહેલો
  17.3.6 બજારો
  17.3.7 20 મી સદીના પ્રારંભે નાગરિક સ્થાપત્ય
17.4 શિલ્પ
17.5 સારાંશ
17.6 ચાવીરૂપ શબ્દો
17.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
17.8 બહુવૈકલ્પિક પ્રશ્નો
17.9 સ્વાધ્યાય
17.10 સંદર્ભો

## 17.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *ઈ.સ.1818થી ઈ.સ.1960 દરમિયાનના ધાર્મિક સ્થાપત્ય વિશે જાણી શકશો.*
- *ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનનાં નાગરિક સ્થાપત્ય વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ઈ.સ.1818 થી ઈ.સ.1960 દરમિયાનની શિલ્પકલા વિશે પરિચય મેળવશો.*

## 17.1 પ્રસ્તાવના

*ઈ.સ.1818 પછીના ગુજરાતના સમયને સાંસ્થાનિક યુગ કહેવો યોગ્ય છે, કારણ કે આ સમયના ભારત પર બ્રિટિશ અમલની સંપૂર્ણ અસર જોવા મળે છે. બ્રિટિશ સામ્રાજ્ય પૂર્વે નવાબો, મનસબદારો અને મરાઠાઓના શાસન દરમિયાન રાજકીય સમૂહો વચ્ચે પરસ્પર આંતરિક સંઘર્ષ ચાલતો. પરિણામે અનેક ગામડાંઓ, શહેરો અને તેનાં સ્થાપત્યો નાશ પામ્યાં. બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના થતા આંતરિક સંરક્ષણની ભાવના પ્રસરી. પરિણામે ગુજરાતમાં સ્થાપત્ય સમૃદ્ધ થવા માંડ્યું. બ્રિટિશ સત્તાની સ્થાપના પછી ગુજરાતમાં અનેક જાણીતી હવેલીઓ, મંદિરો, દરબારગઢ વગેરેનું નિર્માણ થવા પામ્યું. બીજી એક બાબત નોંધવા જેવી એ છે કે બ્રિટિશ સત્તાની સ્થાપના થતાં ગૉથિક રૅનેસાં તથા નીઓ-ગોથિક શૈલીનાં તત્વોથી સભર એવા યુરોપિય સ્થાપત્યની અસર ગુજરાતી સ્થાપત્યમાં સાકાર થવા લાગી. પ્રસ્તુત પ્રકરણમાં આપણે ધાર્મિક સ્થાપત્ય જેવાં કે, હિંદુ અને જૈન મંદિરો, સ્વામિનારાયણ મંદિરો,હવેલીઓ,મસ્જિદો,પારસી અગિયારીઓ,ખ્રિસ્તી દેવળો અને નાગરિક સ્થાપત્યોમાં કેટલાંક શહેરોનાં સ્થાપત્યો, નગરો,મકાનો,જાહેર મકાનો,હવેલીઓ,રાજમહેલો,બજારો વગેરેની માહિતી મેળવીશું.*

## 17.2 ધાર્મિક સ્થાપત્ય

### 17.2.1 હિંદુ અને જૈનમંદિરોઃ

*આ સમય દરમિયાન અનેક હિંદુ અને જૈન મંદિરો મોટી સંખ્યામાં નિર્માણ પામ્યાં. આ સમયના મંદિરોમાં પરંપરાગત સ્થાપત્ય શૈલી જોવા મળે છે. આ કાલ દરમિયાન બંધાયેલા મંદિરો અમદાવાદ, જેતલપુર, વડતાલ. ધોલેરા, નડિયાદ પાટણ, શત્રુંજય, દ્વારકા, વગેરે સ્થળોએ આવેલાં છે. પ્રાપ્ય સાધનોના આધારે આ સમયનાં મંદિરો વિશેની કેટલીક છૂટીછવાઈ માહિતી નીચે પ્રમાણે રજૂ કરી શકાય.*

*અમદાવાદમાં એલિસ પુલની નીચે ગણેશબારીથી ઉત્તર દિશા તરફ જતા પંચમુખી મહાદેવનું મંદિર આવેલું છે. જે ઈ.સ.1834માં બંધાયું હતું. આ મંદિર પહેલા ઉત્તરાભિમુખ હતું તેને ઈ.સ.1968ના જીર્ણોદ્ધાર બાદ પશ્ચિમાભિમુખ કરાયું. મંદિરના ગર્ભગૃહમાં પંચમુખી શિવલિંગ સ્થપાયેલું છે.*



**હઠીસિંગ જૈનમંદિર,અમદાવાદ**

https://images.app.goo.gl/B9nvi2E67ASGkoMJ8

*અમદાવાદનું હઠીસિંગનું જૈન મંદિર ઈ.સ.1848માં રૂ.દશ લાખના ખર્ચે બંધાયું હતું. ગુજરાતના મંદિર સ્થાપત્યનો ઉત્તમ નમૂનો તેને ગણી શકાય.આ મંદિર ગર્ભગૃહ, ત્રિકમંડપ, સભામંડપ, શૃંગારચોકી અને દેવકુલિકાઓનું બનેલું છે. જૈન ધર્મના પંદરમા તીર્થંકર ધર્મનાથને સમર્પિત આ મંદિર બાવન જિનાલય પ્રકારનું છે. ગર્ભગૃહ પર ત્રણ શિખર છે. મંદિરનું શિખર 99અંડકોનું બનેલુ છે. મંદિરનો ગૂઢમંડપ બે મજલાનો છે. ગૂઢમંડપની ઉત્તર અને દક્ષિણ તરફ શૃંગારચોકીઓ આવેલી છે. સભામંડપનું વિતાન સંવર્ણા વડે અંલકૃત છે. મંદિરનો શિલ્પવૈભવ આકર્ષક છે. સ્તંભોના ટેકાઓના સ્વરૂપે પૂતળીઓનાં શિલ્પ મનોરમ છે. સ્ત્રીસહજ વિવિધ પ્રવૃત્તિઓમાં રત આ પૂતળીઓની અંગભંગિમાં વૈવિધ્ય વરતાય છે. સાદા રેતિયા પથ્થરમાં સુઘડ અને સૂક્ષ્મ શિલ્પકામ જોવા મળે છે.*

*અમદાવાદમાં ઝવેરીવાડમાં મહાવીર સ્વામીનું મંદિર શેઠ પ્રેમાભાઈ હેમાભાઈએ ઈ.સ.1849માં બંધાવ્યું. ઈ.સ.1856માં શેઠ મગનભાઈએ દોશીવાડાની પોળમાં અષ્ટપદજીનું મંદિર બંધાવ્યું. આ સિવાય ચોમુખજીની પોળમાં શેઠ મગનભાઈએ ચોમુખજીનું મંદિર(1866), ફતાશાની પોળમાં શેઠ ઉમાભાઈએ મહાવીર સ્વામીના મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું. અમદાવાદના રાયખડ વિસ્તારમાં આવેલું પ્રાર્થનાસમાજનું મંદિર ઈ.સ.1876માં બંધાયું.*

*વડોદરામાં રાધાવલ્લભ મંદિર (1835) અને રાવપુરામાં આવેલું શ્રી ભૈરવેશ્વર મંદિર(1836) બંધાયું. સયાજીરાવ-2જાના સ્મરણાર્થે તેમના પુત્ર ગણપતરામ ગાયકવાડે સર્વેશ્વર મહાદેવનું મંદિર(1911){ાં બંધાવ્યું હતું. ભરૂચમાં મોટાગણપતિ મંદિર (1860), શ્રી નરનારાયણ મંદિર (1867), શ્રીજી મંદિર(1884), સેખસાંઈજીનું મંદિર 1907માં બંધાયું હતું. સુરતમાં ગોડી પાર્શ્વનાથનું મંદિર(1826), ખંભાતમાં શ્રી અંબાજી મંદિર(1835) બંધાયું હતું. ઊંઝાનું કડવા પાટીદારોના માતા ઉમિયાનું મંદિર ઈ.સ.1858ના સમયનું છે. આ મંદિરનો ઘાટ જૈન મંદિરને મળતો આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું શ્રી વડવાળા મંદિર 19મી સદીના અંતનું જણાય છે.*

શત્રુંજય પર આ સમય દરમિયાન કેટલીક નવી ટૂંકો ઊભી કરવામાં આવી અને તેની પર કેટલાંક મંદિર બાંધવામાં આવ્યાં.જેમાં ખરતરવસહિની ટૂંક ઈ.સ.1836માં બંધાઈ જેના પર નરસી કેશવજી નાયકનું મંદિર આવેલું છે. ઈ.સ.1840માં બંધાયેલી હીમાભાઈ ટૂંક જેના પર પ્રસિદ્ધ નંદીશ્વરદ્વીપનું મંદિર આવેલું છે. આ ઉપરાંત દ્વારકામાં પ્રદ્યુમ્નજીનું મંદિર ઈ.સ.1860માં જામસાહેબ રણમલજીએ બંધાવ્યું. કચ્છ પ્રદેશના અંજારમાં આવેલું વૈષ્ણવ મંદિર(1813), લખતપથી 43 કિ.મી દૂર આવેલા આશાપુરા માતાનો મઢ(1819) આ સમય દરમિયાન બંધાયા હતા.

ઈ.સ.1914 બાદ જે હિંદુ મંદિર બંધાયાં તે દેરી સ્વરૂપે જોવા મળે છે. આ મંદિરો પ્રચલિત નાગર શૈલીમાં શિખર પદ્ધતિથી બંધાયાં હતાં જેમાં એક, બે કે ત્રણ ગર્ભગૃહ, તેની સામે ખુલ્લો સ્તંભયુક્ત મંડપ, ગર્ભગૃહ અને મંડપને જોડતો અંતરાલ અને મંડપમાં પ્રવેશવા માટે નાનો મંડપ, ગર્ભગૃહની ઉપર ઊંચું રેખાન્વિત શિખર અને મંડપ પર બેઠા ઘાટનો ઘુમ્મટ જોવા મળે છે. આ સમયમાં બંધાયેલાં મંદિરોમાં થાન પાસે નવું સૂરજ દેવ¤(1914), મહાદેવ મંદિર, કરનાળી(1924), ગીતામંદિર, અમદાવાદ (1941), બાલ હનુમાન મંદિર, લોદ્રા (1942), મોરબીનું મણિમંદિર, પ્રભાસપાટણનું સોમનાથ મંદિર, નડિયાદનું માઈ મંદિર , કંડલાનું નર્વાસિતેશ્વર મહાદેવનું મંદિર ગણાવી શકાય.



સોમનાથ મંદિર,પ્રભાસપાટણ
https://images.app.goo.gl/sM7mfrUcv6689XMZ7

સોમનાથ મંદિરનું નવસર્જન એ અર્વાચીન ભારતના ઈતિહાસની વિરલ ઘટના છે. આ મંદિર ખંડિત અવસ્થામાં હતું. સરદાર પટેલે 13/11/1947ના રોજ પ્રભાસ જઈ આ મંદિરના પુનઃનિર્માણ માટેની પ્રતિજ્ઞા કરી હતી. મંદિરના પુનઃનિર્માણ માટે જામસાહેબ દિગ્વિજસિંહજીના અધ્યક્ષપણા હેઠળ સોમનાથ ટ્રસ્ટ સ્થપાયું. મંદિરના સ્થપતિ તરીકે શ્રી પ્રભાશંકર સોમપુરાને જવાબદારી સોંપાઈ. સૌરાષ્ટ્રના પંતપ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબરના હસ્તે મંદિરની ખનનવિધિ તા. 19/04/1950 તથા તા. 08/05/1950ના રોજ, જામસાહેબના હસ્તે શિલાન્યાસ વિધિ તા.11/05/1951ના રોજ અને રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના હસ્તે તા.11/05/1951ના રોજ જ્યોતિર્લિંગની સ્થાપના થઈ. ઈ.સ.1962માં 'કૈલાસ મહામેરૂ પ્રાસાદ' રૂપે ભવ્ય મંદિર પૂર્ણપણે બંધાઈ રહ્યું હતું.

આ સમય દરમિયાન સંખ્યાબંધ જૈન મંદિરો નિર્માણ પામ્યાં અને અનેક મંદિરોનાં જીર્ણોદ્ધાર થયા. આ જીર્ણોદ્ધાર અને નવનિર્માણના કાર્યમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પ્રદાન સર્વાધિક રહ્યું. આ મંદિરોમાં તળાજા ડુંગર પરનું પાર્શ્વનાથનું મંદિર (સં.1980), મહુડીનું વીર ઘંટાકર્ણનું મંદિર (સં.1980), અમદાવાદનું શાંતિનાથનું મંદિર (સં.1988), પાલીતાણા તળેટીમાં ઋષભદેવનું મંદિર (સં.1999), શત્રુંજય પર મહાવીર સ્વામીનું મંદિર (સં.1995) વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

17.2.2 **સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો :**



સ્વામિનારાયણ મંદિર,કાળુપુર,અમદાવાદ

વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ,અમદાવાદ,2012.

*19મી સદીના પ્રથમ બે દાયકા સુધી સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના પ્રચાર અને પ્રસાર માટે સાધુ- સંતોના મંડળો સાથે અનેક ગામો અને નગરોમાં ઘૂમીને રાધાકૃષ્ણની ઉપાસના અને એકાંતિક ભક્તિનો ઉપદેશ આપ્યો અને લાખો લોકોને સંપ્રદાયના ભક્તિ માર્ગમાં જોડી દીધા. તેમણે ગુજરાતના વિવિધ ગામોમાં મંદિર બાંધવાનો, આચાર્યપદની સ્થાપનાનો અને સંપ્રદાયના શાસ્ત્રીય ગ્રંથ નિર્માણ કરવાનો એમ ત્રણ સંકલ્પ કર્યા હતા. આ સંકલ્પ અનુસાર તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રથમ મંદિર અમદાવાદના કાળુપુરમાં ઈ.સ.1822માં બંધાવ્યું. જેમાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓની સ્થાપના કરી. ત્યારબાદ મૂળી (જિ- સુરેન્દ્રનગર)માં શ્રી રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજ, ભૂજમાં શ્રી નરનારાયણ દેવ, વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ, જેતલપુરમાં શ્રી રેવતી બલદેવજી રાધાકૃષ્ણ, ધોલેરામાં શ્રી મદનમોહનજી અને રાધિકાજી, ધોળકામાં શ્રી મુરલી મનોહર, રાધિકાજી અને શ્રી હરિકૃષ્ણ મહારાજ અને છેલ્લે ગઢડામાં શ્રી ગોપીનાથજી અને રાધિકાજી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ વગેરેની મૂર્તિઓનું સ્થાપન કરીને મંદિરોનું નિર્માણ કરાવ્યું.*

*સ્થાપત્યની દ્રષ્ટિએ આ મંદિરોમાં નીચે મુજબની વિશેષતાઓ નજરે પડે છે.*

- *આ મંદિરો ત્રણ શિખરોવાળાં સાદાં મંદિરો છે. જે શિલ્પોથી અંલકૃત નથી.*
- *મંદિરના અંતરાલ મંડપ મોટા હોય છે. શૃંગાર ચોકીઓ સાદાં તોરણોથી સુશોભિત હોય છે. મંડપના સ્તંભો પર વિવિધ લોકવાદ્યો અને લોકવેશથી યુક્ત વાદ્યધારીઓ અને વાદ્યધારિણીઓ, રાસ રમતા કાન અને ગોપી જોવા મળે છે.*
- *મંદિરના અંતરાલમાં એક ઓરડો તૈયાર કરી સુખ શૈય્યા તૈયાર કરવામાં આવે છે. જેમાં એક કલાત્મક પલંગ પર ગાદલાં પાથરી શ્રી સહજાનંદ સ્વામીની ચિત્ર પ્રતિમા, ચાખડીઓ તેમની પ્રસાદીની વસ્તુઓ મૂકવામાં આવે છે.*
- *મંદિરના આચાર્ય, સંતોની રહેવાની વ્યવસ્થા મંદિર પ્રાંગણમાં જ કરવામાં આવે છે. તે માટે બે થી ચાર માળ સુધીની વિશાળ ઉત્તમ કાષ્ઠકોતરણીથી યુક્ત હવેલીની રચના ઉપરના બધાં જ મંદિરોમાં જોવા મળે છે.*
- *સમગ્ર મંદિર સંકુલને આવરી લેતો વિશાળ કોટ આ મંદિર સ્થાપત્યનું અંગ છે. કોટનાં પ્રવેશ દ્વારો સુંદર શિલ્પો, ભૌમિતિક અને ફૂલવેલની આકૃતિઓથી*

*અલંકૃત જોવા મળે છે. જેમાં અમદાવાદ, ગઢડા અને મૂળીના મંદિરોનાં દરવાજા કલાની દ્રષ્ટિએ દર્શનીય છે.*


- *મંદિરના ઘૂમટ અને કોટની દીવાલો સુંદર ભીતચિત્રોથી અલંકૃત છે. જેમાં ગુજરાતના રીત રીવાજો, ઉત્સવો, માન્યતાઓ, પહેરવેશ અને અલંકારો એમ લોકજીવનનાં વિવિધ પાસાંઓની ઝાંખી થાય છે.*

*આમ, સ્વામિનારાયણ સંપ્રદાયે ગુજરાતની સ્થાપત્યકલા, કાષ્ઠકલા અને ચિત્રકલાના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.*

### 17.2.3 હવેલી મંદિરો :

*આ સમય દરમિયાન વલ્લભાચાર્ય સંપ્રદાય (પુષ્ટિમાર્ગ)ના હવેલી મંદિરો પણ બન્યાં. આ સંપ્રદાયમાં ગુરૂનું સ્થાન ઘણું ઊંચું હોય છે. તમામ પૂજાવિધિ ગુરૂની હાજરીમાં જ થાય છે. આથી આ સંપ્રદાયનાં મંદિર અને ગુરૂના રહેઠાણની ઈમારતો સંયુક્ત સમૂહ રહેવાના મકાન જેવાં લાગતાં હોવાથી તે 'હવેલી મંદિર' તરીકે ઓળખાય છે. જામનગરના ગિરિધર મંદિર અને વડોદરાના નરસિંહજીના મંદિરમાં આ પ્રકારની રચના જોવા મળે છે. હવેલી મંદિરના દેવના નિવાસને રાજાના નિવાસ જેવો માનવામાં આવે છે તેથી રાજા ભોગવતો હોય તેવી સર્વ સેવાઓ દેવને અર્પવામાં આવે છે. આ માટે કેટલીક ધર્મવિધિઓ છે, જેવી કે સંગીતવાદન દ્વારા દેવને જગાડવા, સ્નાન કરાવવું, ભોજન કરાવવું વગેરે વગેરે. કેટલાંક હવેલી મંદિરોમાં પશુઓ માટેના તબેલા, જલક્રિડા માટે પાણીના કુંડ પણ જોવા મળે છે. મુખ્ય પ્રવેશદ્વારોને શાહી મહેલોની જેમ ગંજાવર દરવાજા હતા. આ બધી જુદી જુદી જરૂરિયાતોને ધ્યાને રાખી હવેલી મંદિરો બાંધવામાં આવે છે. ગુજરાતમાં જાણીતાં હવેલી મંદિરો જામનગર, વડોદરા, અને સુરતમાં બંધાયાં હતાં.*

### 17.2.4 **મસ્જિદો**



**પીર મોલઈ અબ્દુલ સાહેબનો કૂબો, ખંભાત**

પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984.

*આ સમય દરમિયાન જે મસ્જિદોનું નિર્માણ થયું તેમાં સુરતના વહોરા વિસ્તારમાં ઈ.સ.1840માં મસ્જિદ બંધાઈ જેના લાકડાના ઊંચા મિનારા ધ્યાન ખેંચે તેવા છે. જામશ્રી વિભાજી-બીજાના રાજ્યકાલ દરમિયાન તેમના રાણી મોટાં ધનબાઈએ જામનગરની જૂની જુમા મસ્જિદને મોટી કરાવી. આ જ મસ્જિદમાં તેમનો આરસપહાણનો રોજો આવેલો છે. વિભાજીનાં બીજાં રાણી રતનબાઈની મસ્જિદ શહેરની મધ્યમાં આવેલી છે ને એ મોટી મસ્જિદ તરીકે જાણીતી છે. તેના મિનારામાં 120 પગથિયાં છે.*

*ઈ.સ.1915 પછી અનેક પ્રાચીન મસ્જિદોનો જીર્ણોદ્ધાર થયો અને કેટલીક મસ્જિદો નવી બનવા પામી. જીર્ણોદ્ધાર થયેલી મસ્જિદોમાં પાટણની અન્જુમન-ઈ-ઈસ્લામ મસ્જિદ અને વિજાપુરની વહોરવાડની મસ્જિદ તેનાં ઉદાહરણ છે. નવી મસ્જિદોમાં અમદાવાદની જમાલપુર મોમીનવાડની મસ્જિદ(1933),ઉલ્લેખનીય છે. આ સમયે કેટલીક દરગાહો પણ બની જેમાં ભરૂચની અલાશાહ-અલ-કાદિરી-અલ-જિલાની દરગાહ, ખંભાતમાં પીર મોલઈ અબ્દુલ સાહેબનો કૂબો નોંધનીય છે. આણંદમાં ઈ.સ.1924-25માં મૌલવી ગુલાબનબીએ મસ્જિદ, યતીમખાનું અને મદ્રેસા કરાવ્યાં હતાં. આ સમયની મોટાભાગની મસ્જિદો મુઘલકાલથી ચાલી આવતી શૈલી અનુસાર બંધાઈ હોવાનું જણાય છે.*

17.2.5 **પારસી અગિયારીઓ :**

*આ સમય દરમિયાન ગુજરાતમાં વસતા પારસીઓએ કેટલીક અગિયારીઓ પણ બંધાવી હતી. સુરતમાં બે અગિયારી ઈ.સ.1823માં બંધાઈ જેમાં એક શહેનશાહી પારસીઓની અને બીજી કદમી પારસીઓની હતી. અમદાવાદના ખમાસા ચોકી પાસેના બુખારા મહોલ્લામાં શેઠ ખરશેદજી બહેરામજીએ ઈ.સ.1846માં એક દરગાહ બંધાવી જે ઈ.સ.1884માં આદરિયાનમાં વિકાસ પામી. જામનગરમાં ઈ.સ.1895માં ટહેમુલજી મિરઝાએ અગિયારી બંધાવી હતી.*

*ઈ.સ.1915 બાદ આતશે દરગાહ અને આતશે આદરાન નામે જાહેર સ્વરૂપની અગિયારીમાં વિકાસ થયો. ઈ.સ.1925માં અમદાવાદના ખમાસા ગેટ પાસે શેઠ અરદેશર ડોસાભાઈ વાડિયાજીએ "વાડિયાજી આદરાન" નામે અગિયારી બંધાવી.ઈ.સ.1933માં શેઠ ખરશેદજી બહેરામજી નાણાવટીએ "વકીલ અન્જુમન આદરાન" અગિયારી બંધાવી. મોટાભાગની અગિયારીઓનું બાંધકામ એક શૈલીનું જોવા મળે છે. અગિયારીમાં પ્રાર્થનાખંડ, કેબલો (અગ્નિખંડ), જસનગાહ (મરણોત્તર ક્રિયાઓની જગ્યા), પરસાળ, કસ્તીગાહ વગેરે જેવા ભાગો જોવા મળે છે. આ સમય દરમિયાન પારસીઓના "દખમા" (શબનિકાલ) માટે કેટલાક શાંતિમિનાર બંધાયા. આ દખમાની સ્થાપત્યકીય રચના નોંધપાત્ર છે. તે ટોચેથી ખુલ્લું હોય છે. તેની દીવાલો પથ્થરથી બનાવેલી અને ચૂનાથી ધોળેલી હોય છે. અંદરના ભાગમાં 90 મીટર પરિઘવાળી ગોળ પીઠિકા પથ્થરની લાદીથી આવૃત્ત હોય છે. વચલો ભાગ પોલો હોય છે. તેની ફરતે ત્રણ વૃત્તાકાર પાવીઓની હરોળો હોય છે. પાવીઓમાંથી નીકો કાઢેલી હોય છે. જેના દ્વારા શબનું પાણી ખાડામાં*

ભેગું થાય છે. નીકોના છેડે રેતીયો પથ્થર મૂકવામાં આવે છે જેથી શુદ્ધ પાણી ખાડામાં જમા થઈ શકે.

### 17.2.6 **ખ્રિસ્તી દેવળો :**

આ સમય દરમિયાન ખ્રિસ્તી ધર્મના રોમન કેથૉલિક અને પ્રૉટેસ્ટંટ એમ બંને સંપ્રદાયોનાં દેવળ ગુજરાતમાં બંધાયાં. રોમન કેથૉલિક સંપ્રદાયનું પ્રથમ દેવળ ભૂજમાં ઈ.સ.1836માં બંધાયું જેનું નામ "અવર લેડી ઓફ માઉન્ટ કાર્મેલ" છે. અમદાવાદમાં મીરજાપુર રોડ પર "અવર લેડી ઓફ માઉન્ટ કાર્મેલ" નામનું દેવળ ઈ.સ.1842 માં બંધાયું. હાલનું દેવળ ઈ.સ.1970માં બંધાયેલું છે. અમદાવાદના કેમ્પ વિસ્તારમાં ઈ.સ.1856માં એક દેવળ બંધાયું.રાજકોટમાં ઈ.સ.1859માં એક નાનું દેવળ ત્યારબાદ ઈ.સ.1863માં "ચર્ચ ઓફ ઈમેક્યુલિટ કન્સેપ્શન" નામનું દેવળ બંધાયું. ભરૂચમાં "અવર લેડી એફ હેલ્થ" નામનું દેવળ ઈ.સ. 1814માં બંધાયું. ત્યારબાદ ઈ.સ.1861માં પુનઃ નિર્માણ પામ્યું. જામનગરમાં ઈ.સ.1871, આણંદમાં ઈ.સ.1898માં દેવળ બંધાયાં હતાં. આ તમામ દેવળોના મુખભાગમાં પ્રવેશચોકીનો અભાવ જોવા મળે છે. તેની છત ત્રિકોણાકાર છે, બાંધકામ સ્તંભરહિત છે. પ્રવેશ પશ્ચિમ દિશાએ છે પ્રવેશની સામેનો છેડો ચાપાકાર છે. અહી "ઑલ્ટર" જ્યાં પવિત્ર વિધિ કરવામાં આવે છે તે આવેલું હોય છે. મધ્યમાં ભક્તજનો માટે બેસવાની લાકડાની પાટલીઓ ગોઠવાયેલી હોય છે.

આ સમય દરમિયાન ગુજરાતમાં બંધાયેલાં પ્રૉટેસ્ટંટ સંપ્રદાયનાં દેવળોમાં વડોદરાનું સેંટ જેમ્સનું દેવળ, ખેડાનું સેંટ જ્યોર્જનું દેવળ અને સુરતનું ક્રાઈસ્ટ દેવળ છે જે ઈ.સ.1825માં બંધાયાં. આ ત્રણે ય દેવળોની પ્રતિષ્ઠા બિશપ હેબરે કરી હતી. ખેડા અને સુરતનું દેવળ જ્યોર્જિયન શૈલીનું જ્યારે વડોદરાનું દેવળ ગોથિક શૈલીનું છે. અમદાવાદમાં મિરજાપુર રોડ પર રેંટીયાવાડી પાસે આવેલું ક્રાઈસ્ટ ચર્ચ ઈ.સ.1848માં બંધાયું. અમદાવાદનાં દેવળોમાં સૌથી જૂનું આ દેવળ છે. ભરૂચમાં ઈ.સ.1856માં બંધાયેલું સેંટ માથિઆસ દેવળ ગોથિક શૈલીનું છે. ઈ.સ.1860માં લંડન મિશન સોસાયટીએ બોરસદમાં એક દેવળ બાંધ્યું. ઈ.સ.1878માંઆણંદમાં આઈ.પી.મિશનનું દેવળ બંધાયું. છેલ્લે ઈ.સ.1882માં અમદાવાદના કેન્ટૉન્મેન્ટ વિસ્તારમાં સેંટ જ્યોર્જનું દેવળ બંધાયું. આ દેવળના મુખભાગની સામે પ્રવેશચોકી આવેલી છે. પ્રવેશદ્વારની જમણી બાજુએ બાપ્ટિઝમની વિધિ કરવાની જગ્યા છે. જેના પર સુંદર શિલ્પકામ જોવા મળે છે. પ્રવેશની પશ્ચિમ દિશાએ ઑલ્ટર અને ઑલ્ટરની પાછળની દીવાલમાં રંગીન કાચની બારીની રચના છે. બારીના કાચ પર ઈસુની આકૃતિ જોવા મળે છે જે સૂર્યનો પ્રકાશ આવતા ખૂબ સુંદર લાગે છે.



**ક્રાઈસ્ટ ચર્ચ, અમદાવાદ**

પરીખ,રસિકલાલ.

શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને

17.2.7 **અન્ય સ્થાપત્યો :**

*અન્ય સ્થાપત્યોમાં જોઈએ તો જામનગરમાં શીખોનું ગુરૂદ્વારા બંધાયું હતું, જેના બાંધકામના વર્ષની કોઈ માહિતી મળતી નથી.*

*જ્યારે ગુજરાતમાં વસતા યહૂદી સમાજનું એક કબ્રસ્તાન જૂના ડિસા, જિ. બનાસકાંઠાના કેન્ટોન્મેન્ટ વિસ્તારમાં બંધાયું હતું જ્યાં સહુથી જૂની કબર ઈ.સ.1886ની છે. અમદાવાદના દૂધેશ્વર રોડ પર એડવાન્સ મિલની પાછળના ભાગમાં યહૂદીઓનુ એક કબ્રસ્તાન આવેલું છે જેમાં સૌથી જૂની કબર ઈ.સ.1887ની છે. અમદાવાદના ખમાસા ગેટની સામેના વિસ્તારમાં પારસી અગિયારી પાસે આવેલું માગેન અબ્રાહામ સમગ્ર ગુજરાતમાંનું યહૂદીઓનું એકમાત્ર "સિનેગોગ" છે. જે ઈ.સ.1934માં બંધાયું હતું.*

**ક) તમારી જાતે ચકાસો.**

1. *નીચેની ખાલી જગ્યાઓ પૂરો*

1. *સુરેન્દ્રનગર જિલ્લામાં ___________મંદિર આવેલું છે.*
2. *સોમનાથ મંદિરની શિલાન્યાસ વિધિ___________ના હસ્તે થઈ હતી.*
3. *જામનગરનું ગિરધર મંદિર___________ પ્રકારનું છે.*
4. *પારસીઓનું સ્મશાનગૃહ___________ નામે ઓળખાય છે.*
5. *વડોદરામાં બિશપ હેબરે ___________ દેવળની પ્રતિષ્ઠા કરી હતી.*

**2. ગુજરાતનાં ધાર્મિક સ્થાપત્યોનો પરિચય દસ લીટીમાં આપો.**

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## 17.3 નાગરિક સ્થાપત્ય

*ઈ.સ.1818 થી ઈ.સ.1960 સુધીનાં નાગરિક સ્થાપત્યોમાં નગરો, રાજમહેલો, હવેલીઓ, બજારો, જાહેર મકાનો વગેરેનો સમાવેશ થાય છે. સમયના પરિવર્તન સાથે નાગરિક સ્થાપત્યોની બાંધકામ શૈલીમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. અત્રે આપણે નાગરિક સ્થાપત્યોની સમજ મેળવીએ.*

## 17.3.1 નગરો

*આપણે સૌ પ્રથમ ઈ.સ.1818 થી ઈ.સ.1914ના સમયગાળા દરમિયાન ગુજરાતના અમદાવાદ, સુરત અને વડોદરા જેવા નગરોમાં આવેલા પરિવર્તન વિશે પહેલા માહિતી મેળવીએ.*

### 17.3.1.1 **અમદાવાદ**

*મધ્યકાલીન ગુજરાતનો ઈતિહાસ તપાસતા જણાય છે કે અમદાવાદે પોતાની પ્રાચીન ઓળખ મધ્યકાળમાં ગુમાવી દીધી હતી. તેના પ્રાચીન વારસાને ગૌરવ અપાવે તેવું કંઈ રહ્યું હોય તો તે તેની પોળો અને ખડકીઓ છે. ઈ.સ.1817માં અમદાવાદ પર બ્રિટિશ સત્તાની સ્થાપના થઈ ત્યારે તે ભગ્ન અવસ્થામાં હતું. અંગ્રેજોએ શહેરના વેપારીઓ પર ખાસ વેરો નાંખી તે રકમમાંથી પ્રથમ તેના કોટનું સમારકામ કરાવ્યું. બીજી તરફ જેમ જેમ અમદાવાદની વસ્તી વધતી ગઈ તેમ તેમ કેટલીક વાડીઓ પણ બંધાવા લાગી. આ વાડીઓ એક હજાર વ્યક્તિઓની સગવડ સાચવી શકે તેવી હતી. એક આંકડા મુજબ ઈ.સ.1870માં અમદાવાદમાં ૬૪ વાડીઓ હતી. જે સમયાંતરે નાશ પામી. વાડીઓ ઉપરાંત કેટલીક હવેલીઓ(મોટા મકાનો) પણ બંધાઈ. તેમાંની કેટલીક હવેલીઓ આજે હયાત છે અને તે સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. આ હવેલીઓમાં શાહપુરમાં આવેલી લલ્લુ બહાદુરની હવેલી, દોશીવાડાની પોળ અને ફતાશાની પોળમાં આવેલી હઠીસિંહ કુટુંબની હવેલી, હાજાપટેલની પોળમાં આવેલ ટંકશાળની હવેલી, સાંકડી શેરીમાં આવેલ દિવેટીયા હવેલી વગેરે. પરંતુ સમયાંતરે નગરોની શૈલીમાં પરિવર્તન આવવા લાગ્યું હતું.*

### 17.3.1.2 સુરત

*ઈ.સ.1837ની આગમાં સુરત નાશ પામ્યું હતું. આગમાંથી ઊભાં થતાં સુરતને દશકાઓ લાગ્યા. આગ પછી સુરતમાં જે મકાનો બન્યાં તે મુંબઈ શૈલીનાં હતાં. જેનાં લક્ષણો જોઈએ તો લાકડાની સીડીના બદલે ચણેલી સીડી, મોટી બારીઓ, ચોરસ સ્તંભોના બદલે ગોળ સ્તંભ, ઓછી કાષ્ઠ કોતરણી વગેરે. કેટલાંક મકાનોની બાંધકામ શૈલી તો ગોથિક શૈલીને મળતી આવે છે. જેમાં ગોપીપુરા વિસ્તારની ઈમારતો ઉલ્લેખનીય છે. સુરતની મુઘલ સરાઈ અને બ્રિટિશ કોઠી જે આ સમયના સ્થાપત્યનો ઉત્તમ નમૂનો હતી પરંતુ કમનસીબે આઝાદી બાદ તેને તોડી પાડવામાં આવી. ઈ.સ.1837માં વહોરા સમાજનાં મકાનોનો વિસ્તાર 'ઝાંપા' તરીકે ઓળખાતો. સ્થાપત્યના વિશિષ્ટ અંગ ધરાવતા આ 'ઝાંપા' આજે પણ હયાત છે.*

**17.3.1.3 વડોદરા :**

વડોદરામાં ગાયકવાડી શાસનના પરિણામે અનેક ઈમારતો બંધાઈ. ગાયકવાડી શાસને અનેક વેપારીઓ, શરાફોને અને લશ્કરી સરદારોને વિશાળ ઈમારતો બાંધવા માટે આકર્ષ્યા. તેમાંની કેટલીક ઈમારતો આજે પણ ઊભી છે. આ ઈમારતોમાં સરકારીવાડા મુખ્ય છે. ગાયકવાડી શાસનમાં શાંતિ અને સમૃદ્ધિના પરિણામે મોટા કદના અને પ્રભાવશાળી અનેક નવા મહેલો બંધાયા. એમાં ઈ.સ.1856-70માં મકરપુરાનો મહેલ ખંડેરાવે બંધાવ્યો જે પાછળથી મલ્હારરાવે તોડી નંખાવ્યો. તેના બદલે તેમણે ઈ.સ.1870-75માં 'નઝરબાગ મહેલ' બંધાવ્યો. આ મહેલનું બાંધકામ રેનેસાં શૈલીનું હતું. સયાજીરાવે ઈ.સ.1878-90માં ભવ્ય 'લક્ષ્મીવિલાસ મહેલ' બંધાવ્યો જે અંગ્રેજી એન્જિનિયરોના માર્ગદર્શનમાં તૈયાર થયો હતો. આ મહેલ ઈન્ડો સારસેનિક શૈલીનો છે. પ્રસિદ્ધ શિલ્પી મિ.ચિશોલ્પ દ્વારા ઈ.સ.1880માં મકરપુરાનો નવો મહેલ બંધાયો હતો. મિ.ચિશોલ્પ દ્વારા જ વડોદરા કૉલેજ, ન્યાયમંદિર (1910), અને બરોડા મ્યુઝિયમની પિક્ચર ગેલેરીની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. ખંડેરાવ માર્કેટ આ જ સમયે બંધાયું.



લક્ષ્મીવિલાસ મહેલ, વડોદરા
https://images.app.goo.gl/ocxk3NAXhW2tMi8

મરાઠા વૈભવ દર્શાવતા મોટાં 'ભવ'(વાડા) આજે પણ દક્ષિણ-પૂર્વ દિશામાં જોવા મળે છે. આ વાડા મેરાદ, ફડનવીસ અને ઓઝે કુટુંબના છે. ગોપાલરાવ મેરાદે બંધાવેલું ગણપતિ મંદિર આજે પણ હયાત છે. રાવપુરામાં આવેલો તાંબેકર વાડો ઈ.સ.1849-54માં બંધાયો જે તેના ભિત્તિચિત્રો અને કાષ્ઠકલા માટે જાણીતો છે. ઈ.સ.1833-34માં બ્રિટિશ પ્રેસિડેન્સીનાં મકાનો બંધાયાં જે આજે પણ ઊભા છે.

**17.3.2 મકાનો :**

ઈ.સ.1818 પછીના સમયમાં અમદાવાદ, વડોદરા,પાટણ,સિદ્ધપુર,કપડવંજ,સુરત વગેરે શહેરોમાં સુંદર મકાનોનું નિર્માણ થયેલું જોવા મળે છે. સુરતમાં આવેલું વહોરા સૈયદ સાહેબનું મકાન તેનું ઉદાહરણ છે. આ મકાન અંદરના ભાગથી ખૂબ જ અલંકૃત છે. ભીતોનાં તાકાં કાચના વાસણોથી સુશોભિત છે. તે જ રીતે સુરતમાં આવેલાં પારસીઓનાં મકાનો પણ વિશેષ છે. આ મકાનોમાં જમશેદજી તાતા અને દાદાભાઈ નવરોજી કુટુંબનાં મકાનોનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ.

મધ્યમ વર્ગ અને શ્રીમંતોનાં મકાનો મેડીબંધ જોવા મળતાં. અંગ્રેજોના આગમન બાદ શ્રીમંતોએ બંગલા બાંધવાની શરૂઆત કરી. અંગ્રેજોનું આંધળું અનુકરણ કરીને ધનિકો પોતાના ઘરો અને રાજમહેલો રોમન શૈલી મુજબ બાંધવા લાગ્યા. સામાન્ય જનસમૂહનાં મકાનો બેઠા ઘાટનાં અને એક બે ઓરડાઓ, રસોડું અને ઓસરીનાં બનેલાં હતાં. ગામડાંઓમાં માટીનાં, દેશી નળિયાવાળાં મકાનો જોવા મળતાં. જ્યારે શહેરોમાં

*ઈંટ,ચૂનો અને પથ્થરનો ઉપયોગ કરી મકાનો બંધાતાં.ક્યાંક ક્યાંક બારણાં,ઝરૂખા અને પૂતળીઓનું આંખે વળગે તેવું કોતરકામ જોવા મળતું હતું.*

**17.3.3 જાહેર મકાનો :**

*ઈ.સ.1818 પછીના સમયગાળા દરમિયાન કેટલાંક જાહેર મકાનો બંધાયાની માહિતી મળે છે. ઈ.સ.1817-19માં કૅપ્ટન બેલન્ટાઈન દ્વારા યુરોપિય શૈલીમાં એક મકાન અમરેલીમાં બંધાયું હતું. જ્યારે ઈ.સ.1818ની આસપાસ કૅપ્ટન મેકમેર્ડો દ્વારા આધુનિક શૈલીમાં એક મકાન અંજારમાં બંધાયું હોવાની માહિતી મળે છે. આ જ સમય દરમિયાન કેટલાંક સંગ્રહાલયના મકાનો બંધાયાં હતાં, જેમાં ઈ.સ.1858માં રાજકોટમાં બંધાયેલું 'વૉટસન મ્યુઝિયમ', ઈ.સ.1877માં ભૂજમાં બંધાયેલ 'ભૂજ મ્યુઝિયમ', ઈ.સ.1890માં ભાવનગરમાં બંધાયેલ 'બાર્ટન મ્યુઝિયમ' અને વડોદરામાં બંધાયેલ સંગ્રહાલયનો ઉલ્લેખ કરી શકાય.*

*દેશી રાજ્યો અને અમદાવાદ, સૂરત, નડિયાદ, વગેરે શહેરોમાં અંગ્રેજ ઈજનેરોએ પ્રચલિત કરેલી શૈલીનાં અનેક બાંધકામો આ સમયમાં થયાં. અમદાવાદની ગુજરાત કૉલેજ, પ્રેમચંદ રાયચંદ કોલેજ,મ્યુનિસિપલ કચેરી, મહાલક્ષ્મી અધ્યાપન મંદિર,રાજકોટ,ગોંડલ, જૂનાગઢ, જામનગર, ધાંગધ્રા, વઢવાણ વગેરેની હાઈસ્કૂલોના મકાનો ગોથિક શૈલીના ફિક્કાં અનુકરણ જેવાં છે. મુંબઈ રાજ્યમાં બાંધકામ ખાતાના વડા વીટેટના આગમન બાદ બાંધકામની બધી શૈલીના ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમને મુંબઈની કલાશાળામાં સ્થાન મળ્યું. ત્યારબાદ ભારતીય શૈલીનો અભ્યાસ થવા લાગ્યો અને તેના અનુકરણની શરૂઆત થઈ. ઉપર્યુક્ત કલાશાળાના નિરીક્ષક બેટલીની સલાહથી કસ્તૂરભાઈએ પીરમશાહ રોડ પર આવેલી પોતાની વાડીની આગળનો દરવાજો શુદ્ધ ગુજરાતી સ્થાપત્ય શૈલીથી કરાવ્યો ત્યારબાદ બીજાઓએ તેમનું અનુકરણ કરવાનું શરૂ કર્યું. માત્ર ભાવનગરના મહારાજા તખ્તસિંહજીના શાસન દરમિયાન બાહોશ ઈજનેર પ્રોક્ટર સીમ્સે જૂની સ્થાપત્ય શૈલીનું અનુકરણ કરીને બાર્ટન લાઈબ્રેરી, ગંગામંદિર, હાઈકોર્ટ, તખ્તસિંહજી હોસ્પિટલ જેવાં સુંદર મકાનો આપ્યાં હતાં.*

**17.3.4 હવેલીઓ :**

*'હવેલી' એટલે શ્રીમંત નાગરિકોને રહેવાનું મકાન. આ હવેલીઓ નગરશેઠ, શરાફો અને દેસાઈઓ ખૂબ જ ખર્ચ કરીને બંધાવતા. હવેલી હંમેશા ખડકી કે પોળની અંદર બાંધવામાં આવતી તેથી તે મુખ્યમાર્ગથી દૂર રહેતી. હવેલીના બાંધકામનું આયોજન જોઈએ તો દરેક હવેલીના કેન્દ્રમાં ચોક બનાવવામાં આવતો. આ ચોક બંને બાજુએ બે વિભાગોમાં આખી ઈમારત વહેંચાઈ જતી. ચોકના આગળના ભાગે રવેશી, રવેશી સાથે પરસાળ અને એ પછી બે ઓરડા રાખવામાં આવતા. મુખ્યમાર્ગને અડીને પણ એક રવેશી બનાવામાં આવતી. તે પછી એક ખંડ રાખવામાં આવતો જે ખડકી કહેવાતો. ચોકની એક બાજુ નાની ઓરડીઓ રાખવામાં આવતી. ત્યાં રસોડું, પાણિયારૂં અને પૂજાનો ઓરડો રાખવામાં*

*આવતો. મકાનની પાછળનો ભાગ કુટુંબના વ્યક્તિગત ઉપયોગ માટે રાખવામાં આવતો. આગળનો ભાગ ધંધા કે વેપાર માટેની દુકાન તરીકે ઉપયોગમાં લેવાતો.*

*હવેલીઓમાં સ્તંભો, ઝરૂખા, ટેકાઓ અને છતો પર કાષ્ઠ કોતરણી કરવામાં આવતી. સમગ્ર ગુજરાતમાં આ કાષ્ઠ પર રંગ લગાવવામાં આવતો જ્યારે અમદાવાદમાં બેલ તેલ લગાવવામાં આવતું. કાષ્ઠ કોતરણીમાં ફૂલપત્તાંની ભાત, અપ્સરાઓ અને ગંધર્વોની આકૃતિઓ આલેખવામાં આવતી. આવી ગુજરાતની નોંધપાત્ર હવેલીઓમાં જોઈએ તો વડોદરામાં સરેશ્વર દેસાઈની હવેલી, હરિભક્તિ કુટુંબની હવેલી, લલ્લુ બહાદુરની હવેલી આવેલી છે.જ્યારે અમદાવાદમાં શાંતિદાસ ઝવેરીની હવેલી જે આગમાં નાશ પામી હતી. દોશીવાડ અને ફતાશા પોળમાં આવેલી હઠીસિંહની હવેલી, આસ્ટોડિયામાં આવેલી કાઝી કુટુંબની હવેલી, હાજા પટેલની પોળમાં આવેલી ટંકશાળની હવેલી, ખાડિયામાં આવેલી સારાભાઈ કુટુંબની હવેલી, ભરૂચમાં આવેલી દેસાઈ હવેલી વગેરેનો સમાવેશ થાય છે. હાલમાં હયાત અને સરકાર દ્વારા રક્ષિત બે હવેલીઓમાં એક વડોદરામાં આવેલી તાંબેડકરવાડાની હવેલી અને બીજી વસોમાં(જિ. ખેડામાં) આવેલી દરબાર ગોપાલદાસ સાહેબ અને વિઠ્ઠલદાસની હવેલી છે. આ હવેલીમાં ભવ્ય કાષ્ઠ કોતરણી, વિવિધ ભાગોમાં વૈષ્ણવ પુરાણ કથાનાં દ્રશ્યો, રાસલીલાનાં ચિત્રો જોવા મળે છે.તે સંપૂર્ણપણે સુરક્ષિત છે.*

**17.3.5 રાજમહેલો :**

*ગુજરાતમાં બ્રિટિશ સંરક્ષણના પરિણામે સૌરાષ્ટ્રમાં કેટલાક ભવ્ય મહેલો બંધાયા હતા.જેમાં ઈ.સ.1839 થી 1849ના સમય દરમિયાન રાજકોટ, ધ્રાંગધ્રા,જામનગર, પોરબંદર, ભાવનગર,મોરબી,વઢવાણ વગેરે સ્થળોએ મહેલો બંધાયા. ભૂજમાં આવેલો પ્રાગમલજીનો મહેલ કર્નલ વિલ્કિન્સ દ્વારા ઈ.સ.૧૮૬૫માં બંધાયો. ઈ.સ.1858-62ના સમયગાળા દરમિયાન જૂનાગઢનો રાજમહેલ બંધાયો હતો. ઈ.સ.1839-45ના દુકાળના સમયમાં જામનગરમાં રાહત કાર્ય માટે તળાવની મધ્યે લાખોટો-કોઠો નામની ઈમારત બંધાઈ હતી. સૌરાષ્ટ્રમાં બંધાયેલા તમામ મહેલોનાં બાંધકામમાં પથ્થરનો ઉપયોગ થયેલો છે. આ મહેલોમાં કોતરણીકામ ઓછું જોવા મળે છે. કેટલાક મહેલોમાં કાષ્ઠ કોતરણીકામ જોવા મળે છે. હળવદનો મહેલ કાષ્ઠ કોતરણીકામ માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં જાણીતો છે.*

*વડોદરા,પોરબંદર,રાજપીપળા,પાલનપુર અને મોરબીમાં આવેલા મહેલો અંગ્રેજ ઈજનેરોએ પ્રચલિત કરેલી શૈલી પ્રમાણે બંધાયા હતા.*

**17.3.6 બજારો :**

*ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના પછી કેટલાક રાજાઓએ યુરોપના પ્રવાસ કર્યા હતા. ત્યાં તેમણે સુંદર બજારો જોયા અને એવા બજારો પોતાના નગરોમાં બાંધવાની ઈચ્છા દર્શાવી. પરિણામે કેટલાંક નગરોમાં સુંદર બજારોનું નિર્માણ થયું. મોરબીનું બજાર અને વડોદરાનું ખંડેરાવ માર્કેટ આવાં બજારોના શ્રેષ્ઠ ઉદાહરણો છે.*

**17.3.7. 20મી સદીના પ્રારંભે નાગરિક સ્થાપત્ય :**

*ઈ.સ.* 1818 *થી ઈ.સ.* 1914 *સુધીના સમયગાળા દરમિયાન બંધાયેલાં નગરો, મકાનો,*



કીર્તિમંદિર, પોરબંદર
https://images.app.goo.gl/M1r53rd7FojPgsy3A

*જાહેર મકાનો, હવેલીઓ, રાજમહેલો, બજારોની ચર્ચા આપણે ઉપર કરી ગયા. પરંતુ* 20 *સદીના આરંભે નાગરિક સ્થાપત્યક્ષેત્રે નગરનિયોજન અને મકાન બાંધકામની બાબતમાં ભારે પરિવર્તન આવ્યું. ટેક્નોલોજીનો વિકાસ થતાં સ્થાપત્યક્ષેત્રે ઈજનેરી કલાનો પ્રવેશ થયો. સંખ્યાબંધ તાલીમ પામેલા શિક્ષિત સ્થપતિઓની વ્યાપક સેવાઓ મળવા લાગી. તેમણે દેશ વિદેશની વિવધ સ્થાપત્ય શૈલીઓ પ્રયોજી.* 20 *સદીના પ્રારંભથી ગુજરાતમાં ખાસ કરીને શહેરો અને નગરોમાં નવી ઢબનાં મકાન બનવા લાગ્યાં. જેમાં સ્ટીલનાં ચોકઠાં અને જૈક આર્ક પદ્ધતિએ ધાબા કરવાની શૈલી પ્રયોજવી શરૂ થઈ. નવા પદાર્થ તરીકે સિમેન્ટના પ્રયોગનો સ્વીકાર થયો. છે કે તે માત્ર ધાબામાંજ વપરાતો. અન્ય બાંધકામમાં ચૂનાનો ઉપયોગ થતો, પરંતુ સમય જતા ચૂનાનું સ્થાન સિમેન્ટે લીધું.* çk*ારીઓમાં કાચનો પ્રયોગ શરૂ થયો. ટેરઝો, ટાઈલ્સ, મારબલ, કાચની પેનલ્સ, બાથરૂમ-સંડાસમાં ટાઈલ્સ વગેરેનો પ્રયોગ વધવા લાગ્યો. મકાનની વંડીઓ, સીડીઓ અને લોખંડની બારીઓમાં સુશોભનનો પ્રયોગ વધવા લાગ્યો. ગામડાંઓમા પણ પાકાં ઈંટચૂનાનાં કે સિમેન્ટ કોંક્રીટનાં મકાનો બંધાવાં લાગ્યાં. એટલું જ નહી પણ મકાન બાંધવા માટેનાં દેશી નળિયાઓનું સ્થાન કોરૂગેટેડ પતરાં અને વિલાયતી(મેંગ્લોરી) નળિયાંઓએ લીધું.*



ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
https://images.app.goo.gl/W14QfkKcMW6iv4b67

*અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર જેવાં શહેરોમાં ઔદ્યોગિક વિકાસના કારણે વસ્તી વધવા લાગી પરિણામે સોસાયટીઓ રચવાની પ્રવૃત્તિ વધી. આ સોસાયટીઓમાં નવીન સ્થાપત્ય શૈલીનાં મકાનો તથા સાર્વજનિક મકાનો રચાવા લાગ્યાં. સાર્વજનિક ક્ષેત્રે અનેક ભવનો બન્યાં. જેમાં સિનેમાગૃહો, ટાઉન હોલ, શોપિંગ સેન્ટરો, બજારો, મ્યુનિસિપાલિટીનાં મકાનો, નિશાળો, કૉલેજો, ટાવરો, હોસ્પિટલો, જાહેર પુસ્તકાલયો, બેંકો વગેરેનો ઉલ્લેખ કરી શકાય. ઉપરાંત ભાવનગરના મહારાજાએ ચાચ (જિ.અમરેલી)માં બંધાવેલ મહેલ, વડોદરાનો શિવ મહેલ, ધોરાજીનું સુપેડીવાલા મેન્શન, પોરબંદરનું કીર્તિમંદિર, અમદાવાદનો ગાંધીઆશ્રમ, બારડોલી સ્વરાજઆશ્રમ, જામનગરનુ સૉલેરિયમ, બાલાચડી સૈનિક સ્કૂલ, મીરાંખેડી ભીલ આશ્રમ, સેન્ટ્રલ લાઈબ્રેરી, વડોદરા, મા.જે.લાઈબ્રેરી, અમદાવાદ,*

*ગુજરાત યુનિવર્સિટી, ટાઉન હોલ અમદાવાદ, અટીરા અમદાવાદ, સરદાર પટેલ ટાવર, આણંદ વગેરે સંખ્યાબંધ ભવનો આના દ્રષ્ટાંતરૂપે ગણાવી શકાય.*

*આધુનિક પદ્ધતિ અને ભારતીય પ્રણાલી પ્રમાણે બંધાતાં મકાનોની પદ્ધતિના ગુણદોષની ચર્ચા શ્રી વી.સી.મહેતાએ કરી છે. તેમણે ભારતીય પદ્ધતિની તરફેણ કરી છે. તેમના પુસ્તક 'ગૃહવિધાન'માં તેમણે મકાનના વિવિધ ભાગો, મકાન બાંધવાની પદ્ધતિઓ, સ્વચ્છતા અને હવાની અવરજવર વગેરે બાબતોની ચર્ચા કરી ભારતીય બાંધકામની શૈલીને આધુનિક પશ્ચિમી શૈલી કરતાં શ્રેષ્ઠ ગણાવી છે, પરંતુ તેમ છતાં અદ્યતન મકાનો સગવડની દ્રષ્ટિએ સારાં છે. સામાન્ય માનવીની જરૂરિયાતને લક્ષમાં લઈને મકાનોની રચના થાય છે. થોડાક ધનાઢ્યોના મકાનોને બાદ કરતાં તેમાં કલાનું દર્શન થતું નથી.*

**ખ) તમારી જાતે ચકાસો.**

**(1) નીચેના વિધાનો વાંચી તે 'ચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો.**

1. *ઈ.Mk.1858માં રાજકોટમાં વૉટ્સન મ્યુઝિયમ બંધાયું હતું.*
2. *'યાજીરાવ ગાયકવાડે વડોદરામાં નઝરબાગ મહેલ બંધાવ્યો.*
3. *ગોપાલરાવ મૈરાદે વડોદરામાં બંધાવેલું લક્ષ્મીમંદિર આજે હયાત છે.*
4. *મહાત્મા ગાંધીની સ્મૃતિમાં પોરબંદર ખાતે કીર્તિમંદિર બંધાયું.*
5. *ભૂજમાં આવેલો પ્રાગ મહેલ કર્નલ વિલ્કિન્સે બાંધ્યો હતો.*

**2. ગુજરાતનાં નાગરિક સ્થાપત્યો વિશે MktrûkÃíkમાં જાણકારી આપો.**

## 17.4 શિલ્પકલા

*ગુજરાતની શિલ્પકલાએ સલ્તનકાલમાં ઉત્કૃષ્ટ સ્વરૂપ જાળવી રાખ્યું હતું. મરાઠાકાલમાં પ્રાદેશિક કલા તરીકે પોતાની આગવી છાપ ઉપસાવી હતી. જેમાં તત્કાલીન સમાજજીવન, ધાર્મિક પરંપરાઓ, ઉત્સવો અને રિવાજો, વેશભૂષા અને અલંકારો વગેરે પાસાં અભિવ્યક્ત થતાં જોવા મળે છે. બ્રિટિશ કાલમાં શિલ્પકલામાં હવે પાશ્ચાત્ય અસર જોવા મળે છે. આ સમયની શિલ્પકલાનાં કેટલાંક લક્ષણો નીચે મુજબ છે.*



દ્વારપાલિકા,હઠીસિંહ મંદિર અમદાવાદ

પરીખ,રસિકલાલ.
શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ

- *આ સમયમાં પથ્થર, ધાતુ, કાષ્ઠ ઉપરાંત ચૂના-રેતીના મિશ્રણમાંથી બીબાં વડે ઢાળીને કલાકારો હાથથી ઘડેલી શિલ્પકૃતિઓ જોવા મળે છે.*
- *આ સમયે ગુજરાતની શિલ્પકલા પર યુરોપિય કે વિક્ટોરિયન કલાની અસર જોવા મળે છે. આ સમયનાં મંદિરો,મહેલો,હવેલીઓ,પ્રવેશદ્વારો વગેરેમાં જે વેશભૂષા,*

અલંકારો,હથિયારો,વાંજિત્રો વગેરેમાં સ્પષ્ટતઃ વિક્ટોરિયન કલાની અસર જોવા મળે છે.

- આ સમયની શિલ્પોની આકૃતિઓ સપ્રમાણ અને સૌંદર્યયુક્ત જોવા મળે છે. કલાનાં આધુનિક તત્વોનો આવિષ્કાર થતાં કલાકૃતિઓ વધુ વાસ્તવિક અને જીવંત બનતી જોવા મળે છે. માનવ-આકૃતિઓ, પશુ પક્ષીઓનાં શિલ્પોમાં આંખો, શરીરનાં અંગો વગેરે વધુ આબેહૂબ, કુદરતી અને માંસલ થવા લાગ્યાં. જે પણ યુરોપિયન કલાની અસરનું પ્રમાણ કહી શકાય.

હવે આપણે આ સમયની કેટલીક શિલ્પકૃતિઓના નમૂનાઓની ચર્ચા કરીએ.

અમદાવાદમાં હઠીસિંગનાં જૈન મંદિર આ સમયની શિલ્પકલાના ઉત્તમ નમૂનારૂપ છે. મંદિરના મંડોવર, પ્રવેશચોકીઓ, પ્રથમ મજલાના ઝરૂખા, સ્તંભો વગેરેમાં વિવિધ ભાગભંગિમાવાળી વાદ્યધારિણીઓ,યક્ષો,કિન્નરો, પક્ષીઓ વગેરેનાં અનેક પ્રકારનાં શિલ્પોથી સુશોભિત કરવામાં આવેલાં છે. શૃંગારચોકીઓની જાળીઓમાં ફૂલવેલની ભાતો આકારવામાં આવેલી છે જેમાં મુઘલ કલાની અસર જણાય છે. સિદ્ધપુરમાં






સિદ્ધનાથ અને અમરેલીમાં

નાગનાથ મંદિરો આ સમયના છે. સભાગૃહના ઘુમ્મટના ભાગમાં ઝુમ્મર અને દેવીઓની મૂર્તિઓ કોતરાયેલી જોવા મળે છે. મંદિરના પથ્થરના બારસાખનું કોતરકામ પણ સુંદર છે.

આ સમયમાં બંધાયેલાં સ્વામિનારાયણ મંદિરો પણ શિલ્પ,સ્થાપત્ય અને કાષ્ઠકલાના ઉત્તમ નમૂના છે. અમદાવાદના કાળુપુરના સ્વામિનારાયણ મંદિરની નર નારાયણ દેવની પાષાણ પ્રતિમા, ધોળકા મંદિરમાં આવેલી શિવ-પાર્વતીની પ્રતિમા, ધોલેરા મંદિરની શ્રીજી મહારાજની પ્રતિમા વગેરે કલાના ઉત્તમ નમૂના છે. અમદાવાદ સ્વામિનારાયણ મંદિરમાં મંડપ, ઘુમ્મટ, સ્તંભો પર સુંદર વાદ્યધારિણીઓનાં શિલ્પ ગોઠવાયેલાં છે. મૃદંગ બજાવતી વાદ્યધારિણીની આબેહૂબ આંખો,સપ્રમાણ દેહયષ્ટિ વલયાકાર કુંડલ,સ્તનપ્રદેશ સુધીની અર્ધી બાંયવાળી ચોળી, વગેરે ખૂબ આકર્ષક છે. મંદિરના પ્રવેશદ્વાર પર મરાઠી વેશભૂષા ધરાવતા બે દ્વારપાલોના શિલ્પોનું ચિત્ર રજૂ કર્યું છે. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં બંદૂક, માથે મરાઠી ઢબની પાઘ, નીચે સુંદર ભાતવાળા સુરવાલ, સાદા અલંકારો વગેરે એની બહાદુર સૈનિક તરીકેની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. સુરત સ્વામિનારાયણ મંદિરનો પણ આવો જ ભવ્ય દરવાજો છે જેના પર વિષ્ણુનું શિલ્પ કંડારેલું છે.



કૉરિન્થિયન શિલ્પયુક્ત મહોરો, સરકીવાડ,અમદાવાદ
પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984.



કૉરિન્થિયન શિલ્પયુક્ત મહોરો, સરકીવાડ,અમદાવાદ
પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984.

શિવ-પાર્વતીની પ્રતિમા, ધોળકા ચતુર્ભુજ કુબેરનું શિલ્પ, રાજુલા(જિ-અમરેલી) બ્રહ્માણી દેવીની મૂર્તિ, ચંડીસર(તા-દસક્રોઈ)

*ગિર સોમનાથ જિલ્લાના ગુપ્તપ્રયાગમાં આવેલી મહાપ્રભુજીની બેઠકની હવેલીનું પ્રવેશદ્વાર પણ હિંદુ મંદિરોના ઈલ્લિકા તોરણ,મુઘલ કમાન,ગોથિક સ્તંભો,મુઘલ ફૂલવેલની ભાત વગેરે કલાઓના સંયોજનથી સુશોભિત છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું દૂધરેજ ગામમાં રામાવત વૈષ્ણવ સંપ્રદાયનું શ્રીવટપતિ ભગવાન (વડવાળા)નું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. આ મંદિર ભારતીય-યુરોપિયન કલાનો અજોડ નમૂનો છે. ધ્રાંગધ્રાના સોમપુરા શ્રી લીલાધરે બાંધ્યું હતું. મંદિરના સ્તંભો વિક્ટોરિયન કલાના નમૂનારૂપ છે. મંદિરની ત્રણ પ્રવેશચોકી પર સિંહ,વૃષભ અને હાથીનાં શિલ્પો કંડારેલાં છે જે ગ્રીક-રોમન શિલ્પનો ભાસ કરાવે છે.ચંડીસર(તા-દસક્રોઈ,જિ-અમદાવાદ)માં બ્રહ્માણી દેવીની મૂર્તિ, રાજુલા(જિ-અમરેલી)માંથી ચતુર્ભુજ કુબેરનું શિલ્પ મળી આવેલું છે.*


*અમદાવાદની પોળો પણ ગુજરાતની શિલ્પકલાના નમૂનારૂપ છે. આસ્ટોડિયા ચકલામાં આવેલી ઢાળની પોળમાંના એક મકાનની પેરાફિટ પર ગોઠવેલાં કેટલાંક શિલ્પોમાંથી એક સુંદર યુવતીનું શિલ્પ, ધનાસુથારની પોળમાં આવેલ જૈન ઉપાશ્રયના મકાન પર બે સુંદર વિદેશી વાદ્યધારિણીઓનાં શિલ્પ, માણેકચોકમાં આવેલાં 'કેશવભવન'ની દીવાલો,ઝરૂખા અગાશી વગેરે પર કલાત્મક રીતે કંડારેલાં શિલ્પો, સારંગપુરમાં આવેલી સરકીવાડની પોળમાં હાથમાં ફૂલમાળા ધારણ કરી સ્વાગત કરવા ઊડતા ગાંધર્વો તેમજ વિદેશી માતા અને બાળકનું શિલ્પ, શાહીબાગ વિસ્તારમાં આવેલો શ્રી ચિનુભાઈ બૅરોનેટનો 'શાંતિકુંજ' બંગલો વગેરે શિલ્પકલાના નમૂનારૂપ છે.*



**વિજયવિલાસ મહેલ, માંડવી(કચ્છ)**
પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984

*આ સિવાય ગુજરાતના દેશી રાજાઓના સમયમાં બંધાયેલા કેટલાક મહેલો પણ શિલ્પકલાનાં ઉત્તમ ઉદાહરણ પૂરાં પાડે છે. વડોદરાનો લક્ષ્મીવિલાસ મહેલ, ડચ આકૃતિઓથી અલંકૃત માંડવી(કચ્છ) વિજયવિલાસ મહેલ, મોરબીનો વાઘજી મહેલ, વાંકાનેરનો રણજિતવિલાસ મહેલ વગેરે ખાસ ઉલ્લેખનીય છે. તેના ગોથિક-કૉરિન્થિયન શૈલીના ઊભી રેખાવાળા ગોળ સ્તંભ, તેના જુદા જુદા સ્થાપત્યકીય ભાગો પર ગોઠવેલા વિદેશી ચહેરા, વેશભૂષાવાળાં નાનાં શિલ્પ, પ્રાંગણના કલાત્મક ફુવારા, મહેલોના દીવાનખંડ, શયનખંડ વગેરેમાં ભારત-યુરોપિય કલાના નમૂનારૂપ મનોહર નરનારીઓનાં શિલ્પ આ મહેલોની ભવ્યતા સમૃદ્ધિ અને સુંદરતામાં વધારો કરે છે.મુંદ્રા(કચ્છ)નો નવલખો મહેલ તેની કાષ્ઠ કલાકારીગરી માટે પ્રસિદ્ધ છે.*

*આ સમયનાં મકાનોનાં પ્રવેશદ્વાર પણ વિદેશી અર્ધશિલ્પકૃતિઓ અને વિદેશી ફૂલવેલની ભાતોથી સુશોભિત કરવામાં આવતાં. ઉપરાંત ઘરમાં ઉપયોગમાં લેવાતાં લાકડાંનાં રાચરચીલાં,પટારા,પાણિયારાં, ઘંટીનાં થાળાં,પલંગ,ડામચિયાં, વગેરે પણ વિદેશી ભાતોવાળી અને ગુજરાતની પરંપરાગત ભાતોવાળી કોતરણીથી સુશોભિત કરવામાં આવતાં. મકાનના વિવિધ ભાગોમાં બારીઓનું સ્થાન ઘણું અગત્યનું હતું. હવાના આવન જાવન માટે બનાવાતી બારીઓ, તેની ફ્રેમ, ટોડલા વગેરે જુદી જુદી ભૌમિતિક ભાતોથી સુશોભિત છે. તેની ઓતરંગની મધ્યમાં પૂર્ણ કલશ કંડારેલો હોય છે. કેટલીક વાર શુભચિહ્ન તરીકે ત્યાં લક્ષ્મીજી,ગજલક્ષ્મી, ગણેશનાં શિલ્પ કંડારવામાં આવે છે. અમદાવાદ કાળુપુર સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં આવેલી હવેલી ગુજરાતની એકમાત્ર વિશિષ્ટ પ્રકારની હવેલી છે જે અનેક શિલ્પકૃતિઓથી સુશોભિત છે. તેમાં દાંતની બત્રીસી દર્શાવતા હનુમાનજી, પાઘ ધારણ કરેલા ગણેશજી, સિંહવ્યાલ, ગજવ્યાલ, પત્રાવલિ, ફૂલવેલની ભાતો, વાનરસમૂહ, યોદ્ધા વગેરે મુખ્ય છે. ઉપરાંત ધોલેરા,જેતલપુર,વડતાલ વગેરે મંદિરોની હવેલીઓ,સાધુ સંતોના આવાસો આ પ્રકારના વિવિધ શિલ્પોથી સુશોભિત છે.*



**કલાત્મક બારી,પિરાજી સાગરા સંગ્રહ અમદાવાદ**

પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો),



**શ્રદ્ધાંજલિ અર્પતા બાળકનું શિલ્પ, અમદાવાદ**

પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઇ.સ.1914 સુધીનો), ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,1984

ખ્રિસ્તીધર્મમાં લોકો પોતાના સ્વજનો સ્મૃતિમા તેમની કબરો પર સુંદર શિલ્પો કંડારતા હોય છે. અમદાવાદના કેમ્પ વિસ્તારમાં આવેલું પ્રૉટેસ્ટન્ટ ખ્રિસ્તીઓનું કબ્રસ્તાન આવાં કલાત્મક શિલ્પોથી છવાયેલું છે. હાથમાં માળા ધારણ કરી,ઘૂંટણ પર બેસી નતમસ્તક શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં બાળકનું શિલ્પ, દિવ્ય આત્માને સ્વર્ગમાં લઈ જવા આગમન થતું હોય તેવી શ્વેત વસ્ત્રધારી પરીઓનું શિલ્પ વગેરે ઉલ્લેખનીય છે. ગુજરાતના આદિવાસીઓના દેવો,રમકડાં,વાસણો,પોશાક વગેરેમાં પણ શિલ્પના નમૂના જોવા મળે છે. જેમકે, છોટા ઉદેપુર વિસ્તારના આદિવાસીઓના લાકડામાંથી બનેલા બાબલા દેવનું ચિત્ર ઉલ્લેખનીય છે.

ઈ.સ.1914 બાદ શિલ્પકલામાં કોઈ નવા ઉન્મેષ પ્રગટ્યા હોવાનું દેખાતું નથી. દેવમૂર્તિઓ પરંપરાગત શૈલીએ થતી પણ તેમાં ક્યાંય વસ્ત્રાભૂષણ નવીન ઢબે રજૂ કરવામા આવતાં. આ સમય દરમિયાન નેતાઓ તેમજ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિવિશેષો અને સાહિત્યકારોનાં પૂતળાં બનાવી તેને જાહેર સ્થાનોમાં મૂકવાનો પ્રચાર થયો. આવાં મૂર્તિશિલ્પો ઘણું કરીને પૂરાં કદનાં કે ઊર્ધ્વાર્ધ ધરાવતા કાંસાના કે પાષાણના બનેલાં છે. એમાં ઠેકઠેકાણે મૂકેલા ગાંધીજી, સરદાર પટેલ અને ડૉ.બાબાસાહેબ આંબેડકરનાં પૂતળાં વિશેષ નજરે પડે છે. શિલ્પના ક્ષેત્રે યુસુફઅલી ઘાલા અને કાંતિ પટેલે નામના પ્રાપ્ત કરી હતી. રસિકભાઈ તથા સોમાલાલ શાહે પ્રખ્યાત શિલ્પી વિનાયક કરમાકર સાથે ગોંડલમાં થોડા દિવસો ગાળીને શિલ્પકલામાં પ્રાવીણ્ય મેળવ્યું. સૌરાષ્ટ્રમાં દ્વારકા, જામનગર, રાજકોટ, મોરબી, ગોંડલ, ભાવનગર, પાલીતાણા, અમરેલી, વાંકાનેર, ઉપલેટા, ધોરાજી, ધ્રાંગધ્રા વગેરે ઠેકાણે ભૂતપૂર્વ રાજવીઓના પૂતળા મૂકવામાં આવ્યા છે. ચૌલુક્યશૈલીના શિલ્પના જ્ઞાતા તરીકે અમૃતલાલ સોમપુરા, રેવાશંકરભાઈ તથા પ્રભાશંકરભાઈ શિલ્પી તરીકે જાણીતા બન્યા.શ્રી જયંતિલાલ ઠાકર કાંસાની પ્રતિમાના વિધાનમાં કુશળ હતા તેમણે બનાવેલી ગાંધીજીની પ્રતિમા અમરેલી,કપડવંજ,સિદ્ધપુરમાં મૂકાયેલી છે. શ્રીમતી એસ્થર કાનન, શકુંતલા દેસાઈ, કાંતિભાઈ પટેલ આ સમયના જાણીતા શિલ્પીઓ હતા. શ્રી કાંતિભાઈ પટેલ સરદાર પટેલની વલ્લભવિદ્યાનગરમાં આવેલી પૂર્ણકદની પ્રતિમાના જનક છે. કાંતિભાઈ સોમપુરા અમદાવાદ શહિદ સ્મારકના નિર્માતા છે.

સૌરાષ્ટ્રમાં સોમનાથનું "કૈલાસ મહામેરૂપ્રાસાદ" મંદિર બાંધવાનું કાર્ય પ્રભાશંકરભાઈએ પૂર્ણ કર્યું. સોમનાથ મંદિરનો નૃત્યમંડપ સિવાયનો બધો ભાગ ચૌલુક્ય નાગરશૈલીનો છે. ઉપરાંત પ્રભાશંકરભાઈ સોમપુરા અને અન્ય સોમપુરા શિલ્પીઓએ પાલીતાણામાં શેત્રુંજય ઉપરનાં જૈન મંદિરો, પાટણના પંચાસરા પાર્શ્વનાથનું મંદિર, તારંગા અજિતનાથ મંદિર, શામળાજી મંદિરનું નવસંસ્કરણ અને આબુ તથા કુંભારીયાના મંદિરોમાં કામ કરીને તેમની કલાનું પ્રદશન કર્યું હતું. પ્રભાશંકરભાઈએ જૂના શિલ્પશાસ્ત્રના ગ્રંથોનું નવસંસ્કરણ કરવાનું કાર્ય પણ કર્યું. તેમણે "પ્રાસાદમંજરી", "દીપાર્ણવ", "ક્ષીરાર્ણવ" વગેરે જેવા ગ્રંથોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરી

*શિલ્પશાસ્ત્રની અમૂલ્ય સેવા કરી. તેમને ઇ.સ.૧૯૭૩માં ભારત સરકારનો પદ્મ શ્રી ઇલ્કાબ મળ્યો હતો.*

*આ સમયમાં ગીતામંદિર અમદાવાદ, નિરાશ્રિતેશ્વર મહાદેવ મંદિર આદિપુર, સૂરજ દેવળ મંદિર થાન, સ્વામિનારાયણ મંદિર, વિરસદ વગેરે સ્થળોએ બંધાયેલાં મંદિરોનાં શિલ્પો મોડર્ન આર્ટના નમૂનારૂપ છે. મકાનોમાં છત. બારી-બારણા, કઠેડા,વંડીઓમાં પણ શિલ્પ સજાવટ થવા લાગી, જ્યારે રાચરચીલામાં પરંપરાગત શિલ્પશૈલી વ્યક્ત થતી રહી.*

**ગ) તમારી જાતે ચકાસો.**

**(1) નીચેનાં જોડકાં જોડો**

| | વિભાગ – અ | વિભાગ-બ |
|---|---|---|
| 1) | *શિવ-પાર્વતીની પ્રતિમા* | A) *મોરબી* |
| 2) | *ઢાળની પોળ* | B) *પ્રભાશંકર સોમપુરા* |
| 3) | *સરદાર પટેલની પ્રતિમા* | C) *ધોળકા* |
| 4) | *પ્રાસાદમંજરી* | D) *અમદાવાદ* |
| 5) | *વાઘજી મહેલ* | E) *કાંતિભાઇ સોમપુરા* |

**2. ગુજરાતની શિલ્પકલા વિશે પરિચય આપો.**

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 17.5 સારાંશ

*બ્રિટિશ કાલ દરમિયાન ગુજરાતમાં શિક્ષણ, વાહનવ્યવહાર, તાર-ટપાલ વગેરે ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. દેશના જુદા જુદા પ્રાંતોની પ્રજાઓ વચ્ચેનું અંતર ઘટ્યું. જેથી બે પ્રાંતોની પ્રજાઓ વચ્ચે સાંસ્કૃતિક અને કલાના વિનિમય વધુ ઝડપી અન સરળ બન્યા. મરાઠા સમયમાં જે શિલ્પ અને સ્થાપત્યકલા ગુજરાતની પ્રાદેશિક સીમાઓ પૂરતી મર્યાદિત બની ગઇ હતી તે બ્રિટિશ કાલમાં વિકસેલી જોવા મળે છે. આ સમયની શિલ્પ-સ્થાપત્યકલામાં સ્થાનિક લોકકલાના તત્વો, પરંપરાગત વેશભૂષા, અલંકારો, ઉત્સવો અને લોકસંસ્કૃતિના વિવિધ પાસાં અભિવ્યકત થયેલાં જોવા મળે છે. આ સમયની*

*શિલ્પ-સ્થાત્યકલા પર વિદેશી વિક્ટોરિયન, ગોથિક શૈલીની અસર જોવા મળે છે. આઝાદી બાદ ગુજરાતના શિલ્પ અને સ્થાપત્યવિદોએ આ કલાઓને જીવંત રાખેલી જોવા મળે છે. આજના આધુનિક સમયમાં શિલ્પ અને સ્થાપત્યક્ષેત્રે બાલકૃષ્ણ દોશી, જશુબહેન, રાજેશ સાગરા,દેવાંગ વ્યાસ , રતિલાલ કાંસોદરિયા જેવા અનેક કલાકારો તેને સુશોભિત કરી રહ્યા છે.*

## 17.6 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **સ્ટકો** | *એક જાતનું પ્લાસ્ટર જેનાથી સપાટીને એકસરખી બનાવાય* |
| **વોલ્ટ** | *નળાકાર ઢોલક* |
| **ઝરૂખો** | *મકાનની દીવાલના આગળના ભાગની અગાસી* |
| **અંતરાલ** | *મંદિરના ગર્ભગૃહની આગળનો ભાગ* |
| **ભોગમંડપ** | *જ્યાં દેવની મૂર્તિ પધરાવવામાં આવે છે તે મંદિરનો સૌથી વધારે પવિત્ર ભાગ* |
| **પ્રાસાદ** | *મૂળ તો મંદિર માટે વપરાતો શબ્દ- તે દેવ કે માલિકની મહેરબાની માટે વપરાતો શબ્દ* |
| **મંડપ** | *ગર્ભગૃહની સામેનો વિશાળ ખુલ્લો ખંડ* |

## 17.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(*ક*) (1). 1. *શ્રીવડવાળા*, 2. *ડૉ.રાજેન્દ્રપ્રસાદ*, 3. *હવેલી*, 4. *દખમા*, 5. *સેંટ જેમ્સ*

(*ખ*) (1). (1 – √), ( 2 - X), ( 3 - X), (4 – √), ( 5 - √)

(*ગ*) (1). (1 – C), ( 2 - D), ( 3 - E), (4 – B), ( 5 - A)

## 17.8 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. હઠીસિંગનું જૈનમંદિર કેટલા જિનાલય પ્રકારનું છે?

(A) 52 (B) 72 (C) 62 (D) 82

2. નીચેનામાંથી કઈ વ્યક્તિ સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા?

(A) સરદાર પટેલ (B) જામસાહેબ દિગ્વિજસિંહજી

(C) કનૈયાલાલ મુનશી (D) ઉછરંગરાય ઢેબર

3. યહૂદીઓનું પ્રાર્થનાસ્થળ કયા નામે ઓળખાય છે?

(A) અગિયારી (B) દેવળ

(C)મસ્જિદ (D) સિનેગોગ

4. મલ્હારરાવે નીચેનામાંથી કયો મહેલ બંધાવ્યો?

(A) મકરપુરા મહેલ (B) નઝરબાગ મહેલ

(C) લક્ષ્મીવિલાસ મહેલ (D) કિર્તિમહેલ

5. કયો મહેલ કાષ્ઠ કોતરણી માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં જાણીતો છે?

(A) વડોદરા (B) પોરબંદર

(C) મોરબી (D) હળવદ

6. ગુજરાતમાં સ્વરાજ આશ્રમ ક્યાં આવેલો છે?

(A) અમદાવાદ (B) સૂરત

(C) બારડોલી (D) રાજકોટ

7. "ચતુર્ભૂજ કુબેર"નું શિલ્પ ક્યાંથી મળી આવેલું છે?

(A) રાજુલા (B) ચંડિસર

(C) ખંભાત (D) વડવાળા

8. વિદેશી માતા અને બાળકનુ શિલ્પ અમદાવાદની કઈ પોળમાં છે?

(A) ઢાળની પોળ (B) સરકીવાડ પોળ

(C) ધના સુથારની પોળ (D) હાજા પટેલની પોળ

9. *કાંતિભાઈ સોમપુરાએ બનાવેલું શહિદ સ્મારક ક્યાં આવેલું છે?*

(A) *સૂરત* (B) *વડોદરા*

(C) *અમદાવાદ* (D) *રાજકોટ*

10. *ઈ.સ.* 1973*માં પ્રભાશંકર સોમપુરાને ભારત સરકારનો કયો ઈલ્કાબ મળ્યો?*

(A) *પદ્મભૂષણ* (B) *પદ્મ શ્રી*

(C) *ભારતરત્ન* (D) *પદ્મવિભૂષણ*

*જવાબો :* (1 - A), (2 - B), (3 - D), (4 - B), (5 - D), (6 - C), (7 - A), (8 - B), (9 - C), (10 - B)

## 17.9 **સ્વાધ્યાય**

1. *ઈ.સ.*1818 *થી ઈ.સ.*1960 *સુધી સ્થાપત્યક્ષેત્રે થયેલા વિકાસની જાણકારી આપો.*
2. *ઈ.સ.*1818 *થી ઈ.સ.*1960 *સુધી ગુજરાતની શિલ્પકલા વિશે વિસ્તૃત નોંધ લખો.*
3. *વડોદરાની કલાશાળા, અમદાવાદની પોળો, સોમનાથ મંદિર, લક્ષ્મીવિલાસ પેલેસ, વડોદરા, પાલિતાણા, આબુ, દેલવાડા, તારંગા, પાટણ વગેરે જૈન તીર્થસ્થાનો વગેરેની મુલાકાત ગોઠવો.*

## 17.10 સંદર્ભ સૂચિ


1. *પરીખ, રસિકલાલ. શાસ્ત્રી, હરિપ્રસાદ. (સંપાદકો) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-8, બ્રિટિશકાલ (ઈ.સ.*1914 *સુધીનો), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,*1984.
2. *પરીખ, રસિકલાલ. શાસ્ત્રી, હરિપ્રસાદ. (સંપાદકો) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, આઝાદી પહેલા અને પછી(ઈ.સ.*1915 *થી* 1960), *ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,*1987.
3. *વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, પાંચમી આવૃત્તિ, અમદાવાદ,*2012.
4. *રાજગોર, શિવપ્રસાદ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ,*1974.

5. *રામાનુજ જાગૃતિ, રામાનુજ વી. આપણું ગુજરાત પ્યારૂં ગુજરાત, નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ,*2017.

6. *પ્રકરણમાં આપવમાં આવેલા ચિત્રો વ્યાસ રજની, ગુજરાતની અસ્મિતા, પરીખ,રસિકલાલ. શાસ્ત્રી, હરિપ્રસાદ.* (સંપાદકો) *ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*8, *બ્રિટિશકાલ (ઈ.સ.*1914 *સુધીનો), પરીખ,રસિકલાલ. શાસ્ત્રી,હરિપ્રસાદ.* (સંપાદકો) *ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*9*, આઝાદી પહેલા અને પછી (ઈ.સ.*1915 *થી* 1960), *ગુગલ ઈમેજીસ તથા વિકીપીડીયામાંથી લેવામાં આવેલા છે.*

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**